

દેરાંનાં મોડાં



આગમોદ્ધારક નિત્ય દર્શન

પ્રવચનકાર
આગમોદ્ધારક
આચાર્ય ભગવંત
શ્રી આનંદસાગર
સૂરીશ્વરજી
મ.સા.

પ્રકાશક: શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ-મુંબઇ

દેશના મહિમા દર્શન

* પ્રવચનકાર *

પ. પૂ. આગમોદ્ધારક શાસનશાર્દૂલ આચાર્ય
દેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

પ્રેરણાદાતા

પ. પૂ. પ્રશાન્ત તપોમૂર્તિ
આચાર્યભગવંત
શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી
મહારાજ સાહેબ

સંપાદક

પ. પૂ. સંગઠનપ્રેમી
ગણિવર્ય
શ્રી નિત્યોદયસાગરજી
મહારાજ સાહેબ

★

* પ્રકાશક *

શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ
ઠે. શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી
૭૭ એ, વાલકેશ્વર રોડ મુંબઈ-૬.

દેશના મહિમા દર્શન

સંયુક્ત સંસ્કરણ

નકલ ૧૦૦૦

મહા. સુદ ૫ સંવત ૨૦૩૮

ફેબ્રુઆરી ૧૯૮૨

કિંમત રૂ. ૨૫

સંકલન અને વ્યવસ્થા

લાલચંદભાઈ ખેતશીભાઈ શાહ (વણોદવાળા.)
બી. એ. (ઓનર્સ) બી. ટી., એસ. ટી. સી.
૧૬, શત્રુંજય સોસાયટી
શાન્તિવન બંગલોઝ પાસે
નારાયણનગર રોડ
પાલડી. અમદાવાદ-૩૮૦૦૦૭

પ્રકાશકીય નિવેદન

જૈન શાસનમાં ગુરૂનું અસાધારણ લક્ષણ "ધર્મોપદેશક" એવું આપેલું છે ધર્મગુરૂનાં વર્તન અને વાણી એક જ વસ્તુને સાધનારા હોય છે. એમનું વર્તન સાધુધર્મનું યથાર્થ પાલન કરવા માટે જ હોય છે અને તેવા વર્તનથી પોતાના આત્માને સંવર-નિર્જરાના માર્ગે ચઢાવી મોક્ષ પ્રાપ્ત કરવાનું લક્ષ્ય હોય છે. તેમના ઉપદેશનો હેતુ તેમના સમાગમમાં આવનાર જીવમાત્રને સાધુધર્મ અને શ્રાવકધર્મમાં જોડવાનો હોય છે, જેથી ક્રમે ક્રમે કર્મના બંધનથી મુક્ત બની જીવમાંથી જિન બની મોક્ષ મેળવવા તે ભાગ્યશાળી થાય.

આત્મા લઘુકર્મી બન્યો હોય, તો જ તેને વીતરાગની વાણી સાંભળવાની ઈચ્છા થાય, પરંતુ ઈચ્છા પછીય ગુરૂનો યોગ થવો અત્યંત દુર્લભ છે.

સદ્‌ભાગ્યે સેંકડો વર્ષો બાદ આત્માના તારેતારને રણઝણાટ શક્તિ પેદા કરે તેવાં તાત્ત્વિક, સાત્ત્વિક અને અર્થગંભીર પ્રેરક પ્રવચનો આપનાર પ. પૂ. આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ જેવા સદ્‌ગુરૂદેવ મળ્યા. અને તેઓશ્રીના જ વિદ્વાન શિષ્ય-પ્રશિષ્યોએ તેમની મહત્ત્વપૂર્ણ પ્રવચનોની નોંધ કરી, અનેક પુસ્તકોને **સિદ્ધચક્ર** પત્ર દ્વારા પ્રકાશિત કરાવી, તત્ત્વજ્ઞાનીની તૃષાને તૃપ્ત કરેલ હતી, પરંતુ તેમાંના ઘણાખરા પુસ્તકો અત્યારે અપ્રાપ્ય હતાં, અને તેમની અનેક સુજ્ઞ સદ્‌ગૃહસ્થો તથા તત્ત્વજ્ઞાનીની નિરંતર માગણી હતી, તેથી પ્રશાન્ત તપોમૂર્તિ પ. પૂ. આચાર્ય દેવેશ શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ. સાહેબ તથા તેઓશ્રીના અંતેવાસી શિષ્ય સંગઠન પ્રેમી ગણિવર્ય શ્રી નિત્યોદયસાગરજી મ. સાહેબનું-સંવત ૨૦૩૬નું ચાતુર્માસ અમારે ત્યાં વાલકેશ્વર થયું અને બાલમુમુક્ષુ દિપકકુમારને દીક્ષા આપ્યા બાદ તેમણે અમારું ધ્યાન પૂ. આગમોદ્ધારકનાં અપ્રાપ્ય સાહિત્ય પ્રતિ દોર્યું. અને પૂ. આગમોદ્ધારકશ્રીનાં વ્યાખ્યાનનાં તમામ પુસ્તકોનું ક્રમસર પુનઃમુદ્રણ કરવા પ્રેરણા આપી. તેઓશ્રીની પ્રેરણા અને શાસનપક્ષનો અનેક આચાર્ય ભગવંતોના આશીર્વાદથી **"શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ"**ની

સ્થાપના થઇ અને પ્રભાવતીબેન છગનલાલ સરકારે સંસ્થાના સ્થંભ બનવાનું સ્વીકારીને સંસ્થાને અનેરો ઉલ્લાસ ને ઉત્સાહ આપ્યો અને અનેક સંઘો, સંસ્થાઓ તેમજ ભાવિકોનો આર્થિક સહકાર પ્રાપ્ત થયો.

શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી તથા **શ્રી નિરંજનભાઇ ગુલાબચંદ ચોકશીના** સતત પ્રયત્નથી તેમજ અનેક પ્રતકૂળતા હોવા છતાં **શ્રી. લાલચંદભાઇ કે. શાહે** (વણોદવાળા) મુદ્રણ વગેરેની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી લીધી, તેથી અલ્પ સમયમાં જ "**પર્વ મહિમા દર્શન**" નામનું પ્રથમ દળદાર પુસ્તક સમાજને ચરણે ધર્યું અને આ દ્વિતીય પુસ્તક "**દેશના મહિમા દર્શન**" પણ અતિ અલ્પ સમયમાં જ સમાજને ચરણે ધરતાં અમે અતિ આનંદ અનુભવીએ છીએ. તેમજ "**આનંદ પ્રવચન દર્શન**" તથા **ષોડશક પ્રકરણ દર્શન** અલ્પ સમયમાં સમાજને ચરણે ધરવા શક્તિમાન થઇશું.

પ્રસ્તુત પ્રકાશન–દેશના સંગ્રહ ભા–૧ (વેજલપુર) તથા આગમોદ્ધારક દેશના સંગ્રહ (પૂના)–આ બન્ને પુસ્તકોનું નવું સંસ્કરણ

"દેશના મહિમા દર્શન" છે.

પ્રસ્તુત પ્રકાશન તથા મુદ્રણમાં પ્રેરણા આપનાર પૂ. આચાર્ય ભગવંત તથા તેઓશ્રીના શિષ્યોનો હાર્દિક આભાર માનીએ છીએ તથા આર્થિક સહાય આપનાર સંઘો તથા સદ્‌ગૃહસ્થો તેમજ કોઇપણ રીતે સહયોગ આપનાર મહાનુભાવો પ્રત્યે જેટલી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ તેટલી ઓછી છે. અત્યંત કાળજી રાખવા છતાં મુદ્રણદોષ કે દૃષ્ટિદોષથી રહી ગયેલ અશુદ્ધિનું સંશોધન કરી સુધારી વાંચવા વિનવું છું.

૭૭ એ, વાલકેશ્વર રોડ, મુંબઇ–૬
ફોન–૨૭૦૭૧૨, (ઓફિસ),
નં. ૮૧૬૮૬૮ (ઘર)

સંઘ સેવક
અમરચંદ રતનચંદ ઝવેરી



શાસન શાર્દૂલ આગમોદ્ધારક આચાર્ય દેવેશ
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબ

શાસન પ્રભાવક પ્રશાન્ત તપોમૂર્તિ આચાર્યદેવ
શ્રી દર્શનસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ



જન્મ : સં. ૧૯૫૪ જેઠ વદ ૭ ઘોળા (સૌરાષ્ટ્ર)
દીક્ષા : સં. ૧૯૮૬ જેઠ વદ ૧૪ ખંભાત
ગણિપદ : સં. ૨૦૦૮ કારતક વદ ૩ પાલીતાણા
ઉપાધ્યાય પદ : સં. ૨૦૨૨ મહા સુદ ૧૧ પાલીતાણા

સંપાદકીય

ચાહું સદા હું તુજ કને માણિક્ય જેવા રંગને
ને બીજ જેવા ચંદ્રમા સિત હેમ જેવા પંથને
દેવેન્દ્રથી પણ ઉચ્ચ એવા હંસ જેવા શોભતા
પામું દર્શને ચિદાનંદ કંચન સમ ધર્મને.

અનંત કાળથી સંસારમાં પરિભ્રમણ કરનાર અને જન્મ, જરા, મરણ સાથે આધિ, વ્યાધિ અને ઉપાધિઓની વિવિધ યાતનાઓ ભોગવનાર આ જીવાત્માને સમાધિમાં લઇ જનાર, અનંત શાન્તિ આપનાર, મોક્ષનો માર્ગ બતાવનાર, વિષયોનું વારણ કરનાર અને સ્વસ્વરૂપનું સાચું ભાન કરાવનાર ધર્મ એ જ આત્માનો ખરો મિત્ર છે; માટે જ કહ્યું છેઃ "ધર્મથકી દુઃખ સઘળાં નાશે, જાશે સઘળા કલેશ."

આ આત્માને અનેક વિષયોનું જ્ઞાન થયું, પણ સ્વ સ્વરૂપનું ભાન થયું નથી, એ જ અનંત સંસારનું મુખ્ય કારણ છે, **नाणकिरियाहिं मोक्खो**' શાસ્ત્રોના વચન મુજબ મોક્ષપ્રાપ્તિ માટે જીવનમાં સમ્યક્ જ્ઞાનની પ્રથમ જરૂર છે જ્યાં સુધી જ્ઞાનનો દીવો ન પ્રગટે, ત્યાં સુધી શાન્તિનો માર્ગ મળે નહિ. ભૌતિક જ્ઞાન તો અજ્ઞાન છે. તે આત્માને અધઃપતનના માર્ગે લઈ જાય છે, જ્યારે સમ્યક્ જ્ઞાન ચિરકાલીય કામ, ક્રોધ, મોહ, માયાના મળને દૂર કરે છે.

જે મહાપુરૂષે સમગ્ર જીવન સ્વાધ્યાય રૂપ અભ્યંતર તપમાં સમર્પણ કર્યું, સેંકડો વર્ષોથી જીર્ણ હાલતમાં પડેલા આગમોનું સંશોધન કર્યું અને મુદ્રણ કરાવ્યું તથા શિષ્યોને પાન કરાવ્યું, સૂક્ષ્મ વિષયોની છણાવટ કરી સંસારની સળગતી આગમાંથી ગણનાતીત આત્માઓને કલ્યાણપંથના કામી બનાવ્યા, એવા પ. પૂ. આગમોદ્ધારક શ્રી આચાર્યપ્રવર શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. સાહેબનાં પ્રવચનો તેઓ શ્રીના જ શિષ્ય-પ્રશિષ્યોએ (પ. પૂ. આ. શ્રી ચંદ્ર સાગર સૂરીશ્વરજી

મ. સા., પ. પૂ. આ. શ્રી કંચનસાગરસૂરીશ્વરજી મ. સા., પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી મ. સા., પૂ. પં. શ્રી અભયસાગરજી મ. સા., પૂ. પં શ્રી. સૌભાગ્યસાગરજી મ. સા., પૂ. ગણિશ્રી ચંદન સાગરજી મ. સા., પૂ. ગણિ શ્રી. ચંદ્રોદયસાગરજી મ. સા., મુનિપ્રવર શ્રી ગુણસાગરજી મ. સા., મુનિશ્રી અમરેન્દ્ર સાગરજી મ. સા., વગેરે અનેક મુનિવરોએ) અનેક સંસ્થાઓ અને સંઘો દ્વારા સાહિત્ય બહાર પડાવેલ, પરંતુ અત્યારે તેમાંના ઘણાં પુસ્તકો અપ્રાપ્ય છે અને કેટલાક અમુદ્રિત પણ છે. તેથી તત્ત્વ જિજ્ઞાસુઓ નિરાશા અનુભવી રહ્યા હતા.

મારા તારક ગુરૂદેવશ્રીની પ્રેરણાથી ગયા વર્ષે વાલકેશ્વર ચાતુર્માસ દરમ્યાન **"શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ"**ની સ્થાપના થઈ. પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી. હેમસાગરસૂરીશ્વરજી મ. સા., પૂ. આ શ્રી. દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા. અને પૂ. આ. શ્રી. કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સા. આદિ શાસનપક્ષના અનેક આચાર્યોના આશીર્વાદથી ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે પ્રસિદ્ધિને પામેલા, શાસનની અનેકવિધ સેવાઓ કરવાપૂર્વક અનેક સંસ્થાઓનું સુચારુ સંચાલન કરનાર, વર્ષો સુધી આગમોદ્ધારકશ્રીની વાણીનું પાલન કરનાર, આગમોદ્ધારકશ્રીની અનેક સંસ્થાઓમાં અગ્રગણ્ય સેવા આપનાર શ્રી અનુભાઈ ચીમનલાલ ઝવેરી, શ્રી. અમરચંદ રતનચંદ ઝવેરી, શ્રી શાન્તિચંદ્ર છગનભાઈ ઝવેરી, શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી, શ્રી નિરંજન ગુલાબચંદ ચોકસી, શ્રી મફતલાલ ઝવેરચંદ પંડિત અને શ્રી કુલચંદ જે. વખારીયા જેવા સુવિખ્યાત, ઉત્સાહી, કર્મઠ કાર્યકર્તાઓ આ સંસ્થાને પ્રાપ્ત થયા. અનેક સંઘો, સંસ્થાઓ ને વ્યક્તિઓ તરફથી આર્થિક સહકાર પ્રાપ્ત થયો. મુદ્રણ અંગેની તમામ જવાબદારી **શ્રી લાલચંદભાઇ કે. શાહ વણોદવાળાએ** સંભાળી લીધી, તેથી સ્વલ્પ સમયમાં જ સમાજને **પર્વ મહિમા દર્શન** નામનું પ્રથમ પુસ્તક સમર્પણ કરી શકયા. હવે આ બીજું પ્રકાશન **દેશના મહિમા દર્શન** જેમાં આગમોદ્ધારક દેશના સંગ્રહ પુના અને દેશના સંગ્રહ, વેજલપુર આ બન્ને પુસ્તકનું આ નવું સંસ્કરણ **દેશના મહિમા દર્શન** પ્રકાશિત થઈ રહેલ છે. અને થોડા સમયમાં આવા અન્ય બે દળદાર ગ્રન્થો પ્રકાશિત થશે. અલ્પ

સમયમાં જ આ સંસ્થાને સારો વેગ આપવામાં અનેક પુણ્યાત્માઓનો સારો સાથ અને સહકાર પ્રાપ્ત થયો છે. મારા દરેક કાર્યમાં સાથ આપનાર અને સહાયક બનનાર ગણિ શ્રી નરદેવસાગરજી મ.સા., ગણિ શ્રી અશોકસાગરજી મ. સા, ગણિ શ્રી કલ્યાણસાગરજી મ. સા., ગણિ શ્રી ચંદ્રાનન સાગરજી મ.સા., મુનિરાજ શ્રી કલ્પવર્ધન સાગરજી મ.સા., બાલ મુનિરાજશ્રી દિવ્યાનંદ સાગરજી મ. નો પૂર્ણ સહકાર પણ નોંધપાત્ર અને પ્રશંસનીય છે મુખપૃષ્ટ પરના ચિત્રનું માર્ગદર્શન મુનિશ્રી હેમચંદ્રસાગરજી મ. તરફથી સાભાર મળેલ છે

નિત્યોદય સાગર ગણિ

શ્રી શાન્તિનાથ જૈન દેરાસર, દાદર. મુંબઇ–૨૮
માગસર સુદ ૩ રવિ, ૨૦૩૮
૨૯–૧૧–૮૧ ગણિપદપ્રદાનદિન

卐

શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ તરફથી આગમોની ચાવી રૂપ પ્રકાશનો

પર્વ	મહિમા	દર્શન	૨૫–૦૦
દેશના	મહિમા	દર્શન	૨૫–૦૦
આનંદ	પ્રવચન	દર્શન	પ્રેસમાં
ષોડશક	પ્રકરણ	દર્શન	,,

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિનું નમ્ર નિવેદન

શ્રી આગમશાસ્ત્ર એ જૈન સાહિત્યનો મૂળ ભૂત ખજાનો છે. વીતરાગ પરમાત્માએ અર્થથી આપેલી દેશનાને ગણધર ભગવંતોએ સૂત્રબદ્ધ કરી ગૂંથી. તે વાણીને વિક્રમની પાંચમી શતાબ્દિમાં દેવર્દ્ધિ ગણિ ક્ષમા-શ્રમણે પુસ્તકારૂઢ કરી અને અનેક બહુશ્રુત જ્ઞાની ગીતાર્થોએ ચૂર્ણિ ટીકાઓ વગેરે લખી, તેમાં વૃદ્ધિ કરી,

આ આગમિક મહાપુરુષોની પરંપરામાં વીસમી સદીમાં આગમોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.નું નામ ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે, જેમણે હસ્તલિખિત આગમગ્રન્થોનું જીવનભર સંશોધન કરી સતત પરિશ્રમ કરી મુદ્રિત કરાવ્યા, એટલું જ નહિ કિંતુ તાત્ત્વિક વિચારણાથી ભરપૂર, તર્ક અને દલિલોથી યુક્ત શાસ્ત્રીય વિષયોનું ખૂબ જ ઊંડાણથી તલસ્પર્શી, આગમોની ચાવીઓ સમાન પ્રવચનો આપી અનેક આત્માઓનો ઉદ્ધાર કર્યો.

આવાં તાત્ત્વિક અને સાત્ત્વિક પૂજ્ય શ્રીનાં પ્રવચનો તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યોએ લખી, સંકલન કરી, પુસ્તક રૂપે પ્રકાશિત કર્યાં હતાં, પરંતુ તેમાંના ઘણાં આજે મળતાં નથી અને કેટલાંક અમુદ્રિત પણ છે. અનેક તત્ત્વજિજ્ઞાસુઓ આગમિક તાત્ત્વિક વાણીથી વંચિત ન રહે તે હેતુથી પ્ર. પૂ. શાસનપ્રભાવક પૂ. આચાર્ય દેવશ્રી દર્શનસાગર-સૂરીશ્વરજી મ. સાહેબ તથા તેઓશ્રીના શિષ્ય સંગઠ્ઠન પ્રેમી ગણિશ્રી નિત્યોદયસાગરજી મ. સાહેબની પ્રેરણાથી આગમોદ્ધારકશ્રીનાં તમામ પ્રવચનોને પુનઃમુદ્રણ કરવા

શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ

ની સ્થાપના કરવામાં આવી છે. શ્રેયસ્કરી આગમિક સેવાનો લાભ લેવા માટે નીચેની યોજનાઓ મૂકવામાં આવે છે. :-

રૂ. ૫૦૦૧ પાંચ હજાર એક આપનાર "**શ્રુત સમુદ્ધારક**" કહેવાશે ને ફોટો પુસ્તકમાં મૂકવામાં આવશે ને સંસ્થાના સર્વ પ્રકાશન તેમને ભેટ આપશે.

રૂ.–૨૫૦૧ પચ્ચીસો એક આપનાર **શ્રુતભક્ત** કહેવાશે ને તેમને સંસ્થાનાં તમામ પુસ્તક ભેટ આપશે.

રૂ.–૧૦૦૧ એક હજાર એક આપનાર **"આજીવન"** સભ્ય ગણાશે. ને તેમને સંસ્થાનાં તમામ પુસ્તક ભેટ મળશે.

રૂ.–૫૦૧ પાંચસો એક આપનાર **શ્રુત સહાયક** ગણાશે ને તેમને સંસ્થાનાં નવાં પ્રકાશનો ભેટ મળશે.

આવા મહાન કાર્યો પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજ સાહેબની પ્રેરણાથી, શ્રી સંઘો તથા દાનવીરોની સહાયથી જ થઈ શકે તેથી દાનવીરો આજે જ આપના તરફથી તથા શ્રી સંઘના જ્ઞાન ખાતામાંથી બને તેટલી વધુમાં વધુ રકમ મોકલી લાભ લેવા નમ્ર વિનંતી.

નિવેદક

"શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ" ટ્રસ્ટીગણ

૧ શ્રી અનુભાઈ ચીમનલાલ ઝવેરી	અમદાવાદ.
૨ શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી	મુંબઈ.
૩ શ્રી શાન્તિચંદ્ર છગનભાઈ ઝવેરી	સુરત
૪ શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી	મુંબઈ.
૫ શ્રી નિરંજન ગુલાબચંદ ચોકસી	મુંબઈ
૬ શ્રી મફતલાલ ઝવેરચંદ પંડિત	અમદાવાદ.
૭ શ્રી કુલચંદ જે વખારીયા	સુરત

'આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ' ના નામનો ડ્રાફ્ટ અથવા ચેક નીચેના સ્થળે રકમ મોકલી શકાશે.

૧ શ્રી અનુભાઈ ચીમનલાલ એન્ડ બ્રધર્સ
ઠે. ૫૦૩/૩, પાંચકુવા અમદાવાદ–૨
ફોન–૩૮૮૦૯૫

૨ શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી
૭૦૭, સ્ટોક એક્ષચેંજ ટાવર
શેર બજાર
દલાલસ્ટ્રીટ મુંબઈ–૪૦૦૦૨૩
ફોન–૨૭૦૭૧૨

૩ શાન્તિચંદ છગનભાઈ ઝવેરી
આગમોદ્ધારક સંસ્થા ગોપીપુરા
આગમમંદિરોડ, સુરત–૨
ફોન–૨૮૧૪૯

૪ શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી
ભાવના ફ્લેટ્સ
૩૩૬ કાલબા દેવી રોડ
મુંબઈ ૪૦૦૦૦૨
ફોન–૩૧૯૭૨૫

શ્રી. આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ સહાયક મહાનુભાવોનાં નામો

શ્રુતસમુદ્ધારક

શ્રી. પ્રભાવતીબેન છગનલાલ સરકાર– મુંબઈ–૬
,, વાડીલાલ સારાભાઈ ચંદ્રપ્રભસ્વામી–જૈન દેરાસર પ્રાર્થના સમાજ
શેઠ શ્રી. મોતીશાહ આદીશ્વર જૈન ટેંપલ ટ્રસ્ટ ભાયખલા
,, મોતીશાહ અમીચંદ સાકેરચંદ ચેરીટેબલ ટ્રસ્ટ–પાલીતાણા
,, ઝવેરચંદ પ્રતાપચંદ સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રય વાલકેશ્વર, મુંબઈ–૬
શ્રી. વિજયદેવસૂરસંઘની પેઢી, ગોડીજી મહારાજ જૈન દેરાસર ધર્માદાખાતાં મુંબઈ
,, મોતીઘરમકાંટા ઝવેરીભાઇઓ– મુંબઈ
,, ભવાનીપુર જૈન શ્વે. મૂ. સંઘ– કલકત્તા
શેઠ શ્રી. રતનચંદ ગુલાબચંદ જૈન ઉપાશ્રય સૂરત
ગણિ શ્રી. કલ્યાણસાગરજીની પ્રેરણાથી
શ્રી. મહાવીર જૈન શ્વે. મૂ. સંઘ–ઓપેરા અમદાવાદ,
ગણિશ્રી મહાયશ સાગરજીની પ્રેરણાથી
શેઠ શ્રી.ધીરજલાલ મોહનલાલ હ. અ.સૌ. તારાબેન ઘાંગધ્રાવાળા મુંબઈ
,, અમરચંદ રતનચંદ ઝવેરી– મુંબઈ
,, પુષ્પસેન પાનાચંદ રૂપચંદ ઝવેરી– ,,
,, નિરંજન ગુલાબચંદ ચોકસી– ,,
,, કુલચંદ જે. વખારીયા– સુરત
શ્રી મોતીશા લાલબાગ જૈન ચેરીટીઝ– મુંબઈ

શ્રુત ભક્ત

શ્રી. મીઠાભાઈ કલ્યાણચંદ ધર્મફંડ
(પ. પૂ. આ. શ્રી. ચિદાનંદ સાગરસૂરીશ્વર જી. મ.ની પ્રેરણા થી)

,, પાર્શ્વનાથ શ્વે. મૂ. સંઘ. ઘાટકોપર મુંબઇ
(પ. પૂ. ગણિશ્રી જિતેન્દ્રસાગરજી મ.ની પ્રેરણાથી)
શેઠ શ્રી. રતિલાલ પાનાચંદ ડેરોલવાળા, વડોદરા,
(પ. પૂ. ગણિ. ચંદ્રાનનસાગરજી મ.ની પ્રરણાથી)
શ્રી. શામળાની પોળ જૈન સંઘ અમદાવાદ.
શ્રી. મંછુભાઈ દીપચંદ ધર્મશાળા
પ. પૂ. સા. શ્રી. મૃગેન્દ્રશ્રીજી મ.ની પ્રેરણાથી
,, મંછુભાઈ દીપચંદ ધર્મશાળાની બહેનો તરફથી– સુરત
,, જૈન આનંદ પુસ્તકાલય– ,,
,; નાનચંદ ધન્નાજી ટ્રસ્ટ– ,,
,, શાન્તાક્રૂઝ જૈન સંઘ– મુંબઈ
,, મરીન ડ્રાઈવ પાટણ મંડળ– ,,

આજીવન સભ્ય

શ્રી. રિખવદેવજી મહારાજની પેઢી– ઝગડીયાતીર્થ
,, ગોવાલીયા ટેંક (આરાધના) જૈન સંઘ– મુંબઇ
,, કલ્યાણ પ્રાર્શ્વનાથ જૈન સંઘ, ચોપાટી ,,
શ્રી ઘાટકો પર મુનિસુવ્રત સ્વામી જૈન દેવસ્થાન પેઢી મુંબઈ

શ્રુતસહાયક

શ્રી. વેજલપુર જૈન સંઘ,
(પ. પૂ. આ. શ્રી. ચિદાનંદ સાગર સૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી.)
,, પરમાનંદ જૈન સંઘ, અમદાવાદ
(પ. પૂ. આ. શ્રી. કંચન સાગર સૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી.)
,, બીજોવા જૈન સંઘ, બીજોવા
(પ. પૂ. આ. શ્રી. વિજય ઇન્દ્રદિન્ન સૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી.)
,, ભાન્ડુપ જૈન સંઘ, મુંબઇ
(પ. પૂ. ગણિ. શ્રી. જીતેન્દ્ર સાગરજી મ.ની પ્રેરણાથી.)
,, મોઠાભાઈ કલ્યાણચંદ ધર્મફંડ કપડવંજ,
(પ. પૂ. ગણિશ્રી. નરદેવસાગરજી મ.ની પ્રેરણાથી.)

,, શ્વે. મૂ. તપગચ્છ સંઘ,
(પ. પૂ. ગણિશ્રી નરદેવ સાગરજી મ.ની પ્રેરણાથી.)
,, ખાનપુર જન સંઘ, અમદાવાદ
(પ. પૂ. ગણિશ્રી મહાયશ સાગરજી મ.ની પ્રેરણાથી.)
,, તીર્થરંજન વિહાર ખાનપુર, અમદાવાદ.
(સાધ્વીજી મ. શ્રી. ગુણોદયાશ્રીજીની પ્રેરણાથી.)
,, આદરિયાણા વીશાશ્રીમાળી જૈન સંઘ, આદરિયાણા.
,, પ્રીન્સેસ સ્ટ્રીટ લુહારચાલ જૈન સંઘ, મુંબઈ
(મુનિશ્રી કલ્પવર્ધનસાગરજીની પ્રેરણાથી.)
,, બોમ્બે મેટલ એન્ડ એન્જી. ટુલ્સ કંપની મુંબઈ
,, રાજસ્થાન જૈન સંઘ–ડોંગરી, મુંબઈ
(ગણિશ્રી ચંદ્રાનનસાગરજીની પ્રેરણાથી)
,, તપાગચ્છ જૈન સંઘ– જયપુર
(બાલમુનિશ્રી દિવ્યાનંદસાગરજીની પ્રેરણાથી.)
,, કાન્તિલાલ કાળીદાસ, શામળાની પોળ, અમદાવાદ
,, ચાણસ્મા જૈન મહાજન પેઢી. ચાણસ્મા
(મુનિશ્રી રાજતિલકસાગરજી મ.ની પ્રેરણાથી.)
શેઠ શ્રી કાન્તીલાલ જેકીશનદાસ વખારીયા સુરત
,, શ્રી અમૃતલાલ જેકીશનદાસ વખારીયા સુરત
શ્રી. સોજત જૈન સંઘ (સાધ્વીજી શ્રી. રત્નત્રયાશ્રીજી. મ.ની પ્રેરણાથી.)
,, લીંબડી જૈન સંઘ (મુનિશ્રી. ન્યાયવર્ધનસાગરજી મ.ની પ્રેરણાથી.)
,, નવરંગપુરા જૈન સંઘ, અમદાવાદ,
(સાધ્વીજી શ્રી પ્રવિણાશ્રીજી મ.ની પ્રેરણાથી.)



સાદર સમર્પણમ્



પૂજ્ય આગમોદ્ધારકશ્રીના અતિ ગંભીર પ્રવચનોને સાંભળીને લિપિબદ્ધ કરી તત્ત્વ જિજ્ઞાસુઓના માનસમાં પ્રકાશનો લીસોટો ચમકાવનાર, અનેક શાસ્ત્રીય ગ્રન્થોના અજોડ અનુવાદક.

સ્વ. ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ હેમસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના પવિત્ર કર કમલમાં.

"દેશના મહિમા દર્શન"

ગ્રન્થ સમર્પણ કરતાં ધન્યતા અનુભવું છું

આપનો કિંકર...

નિત્યોદયસાગર ગણિ

ગણિવર્ય શ્રી મહાયશસાગરજી મહારાજ સાહેબ



ગણિવર્ય શ્રી કલ્યાણસાગરજી મહારાજ સાહે



જન્મ : સં. ૧૯૯૮ પોષ વદી ૯
મૂળી (સૌરાષ્ટ્ર)

દીક્ષા : સં. ૨૦૧૯ મહા વદી ૫
કુમારડી (બિહાર)

ગણિપદ : સં. ૨૦૩૬ માગસર સુદ ૬
વિલેપાર્લા (મુંબઈ)

(અમદાવાદ નાગજી ભુદરની પોળ
જૈન સંઘ તરફથી)

પ્રવેશક

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ., એ.)

દેશના–દુનિયા દુઃખના દરિયામાં ડૂબેલી છે. આનો વાસ્તવિક ઉદ્ધાર કરવા માટે–એને સન્માર્ગે વાળવા માટે એકાંતે કલ્યાણકારી ઉપદેશની–**દેશનાની** આવશ્યકતા છે. આવી દેશના આપવા માટે તો સાચા અને સંપૂર્ણ જ્ઞાન અને ખરેખરા અનુભવથી અલંકૃત પુરુષોત્તમ જ યોગ્ય ગણાય. આ જ હકીકતને જૈનદૃષ્ટિ ચરિતાર્થ કરતી હોય એમ જણાય છે, કેમકે જૈનમંતવ્ય પ્રમાણે જૈનોના તીર્થંકરો, ધર્મ તીર્થના સ્થાપકો સર્વજ્ઞ બન્યા વિના કદી દેશના દેતા નથી. વળી તેઓ સર્વજ્ઞ બન્યા બાદ દરરોજ બે વાર ત્રણ ત્રણ કલાક સુધી યોજનગામિની વાણીરૂપ પાણીને વહેવડાવ્યા વિના પણ રહેતા નથી. વિશ્વવત્સલતા તો આપોઆપ જ પોતાનું કાર્ય કરે જ ને ? (કોઈ વ્યકિત ડૂબી જતી હોય અને એ કાંઠે ઊભેલા માણસના જોવામાં આવે તો ડૂબતી વ્યક્તિ બચાવવા માટે બૂમ પાડે ત્યાં સુધી એ થોડોક જ રાહ જુએ ?)

જૈનદર્શનમાં ગુરુને સ્વતંત્ર અધિકાર નથી. એમને તો તીર્થંકરે બતાવેલા જ માર્ગે ચાલવાનું છે. અસીલના કહ્યા વગર એની વકીલાત કરનારા તીર્થંકરના અને એમના ધ્યેય અને રાહ એક જ છે. આથી તો વિશ્વના કલ્યાણ માટે જેમ તીર્થંકરો દેશના દે છે તેમ ગુરુ પદે બિરાજતી વ્યક્તિએ પણ જૈનશાસનને વફાદાર રહી એ કાર્ય કરવું જ જોઇએ. આવી પરિસ્થિતિમાં પૂ. આગમોદ્ધારકને હાથે એમના સુદીર્ઘ દીક્ષાપર્યાયને લઇને અનેક વાર **દેશનાઓ** અપાઇ છે તે યોગ્ય જ થયું છે. આ દેશનાઓનું ભાષાદિ રૂપ બાહ્ય કલેવર ભલે કેટલીક વાર એક જ જણાય, પરંતુ એમાં રહેલ આત્મા તો ભિન્ન ભિન્ન સ્વરૂપે છે.

ધર્મ **'બતાવે'** છે, નહિ કે **'બનાવે'** છે. આ 'ત' અને 'ન' વચ્ચેનો ભેદ સમજવા જેવો છે.

અગ્નિપરીક્ષા–આગમોદ્ધારકની દેશના એટલે સામા પક્ષના વકીલને હાથે સાક્ષીની કરાતી ઊલટ તપાસ. એઓ જૈનદર્શનનાં

મંતવ્યો કેવળ રજુ કરે છે એમ નહિ, પરંતુ એના વિરોધી પણ જે રીતે એની પરીક્ષા ન કરે, તેવી એની આકરી પરીક્ષા કરે છે. પ્રાચીન અને નિષ્પક્ષપાતી મુનિવરોનું કર્તવ્ય ચાર્ટર ઐન્કનું–સો ટચનું સુવર્ણ છે. એ હકીકત એઓ એની અગ્નિપરીક્ષા કરી સિદ્ધ કરી આપે છે.

ગહન વિષયની છણાવટ–સૂક્ષ્મ નિગોદનું નિરૂપણ એ જૈન દર્શનની એક વિશિષ્ટતા છે. સાથે સાથે એનો એક અટપટો પરંતુ ખૂબ મહત્ત્વનો વિષય પણ છે, આવા ગહન વિષયને પણ લૌકિક દાખલા–દલીલ આપીને અજૈનો પણ સહેલાઈથી સમજી શકે એવી રીતે આગમોદ્ધારકે રજુ કર્યો છે.

અવળી રજૂઆત–સામાન્ય રીતે શ્રાવકો પણ જે સવાલ ઉઠાવતા અચકાય અને છડેચોક બોલતાં ડરે તેવી વાત પણ બેધડક રીતે આગમોદ્ધારક ઉપસ્થિત કરે છે. તેઓ શ્રી કહેતા કે સિદ્ધાન્તને અંગે સમાધાન હોય નહિ.

સમીકરણો—આગમોદ્ધારકે જૈન મંતવ્યો સમજાવવા માટે જાતજાતનાં રૂપકો યોજ્યાં છે, અને તેમ કરી વિવિધ સમીકરણો પૂરાં પાડયાં છે. જેમકે

ક્ષાયોપશમિક ભાવ=ટટ્ટુ. ક્ષાયિક ભાવ=ઘર દાન વગેરે=ધર્મરૂપ ઘોડાના ચાર પગ. સંસાર=અરણ્ય. કર્મ=વાઘ. આશ્રવ=લૂંટારો. પુણ્યજન્ય સુખ=વીંછી. મોક્ષ=મહોલાત. ધર્મ=ઘોડાગાડી. સંસાર=હડકાયું કૂતરું. આરંભપરિગ્રહ=મદિરા.

મુખ્ય સૂર—સમગ્ર વ્યાખ્યાનો–દેશના પાછળ એક જ ઉદ્દેશ રખાયો છે કે કર્મનું સ્વરૂપ સમજાવી સંસારી જીવોને મુક્તિનો માર્ગ બતાવવો કે જેથી એઓ સદાને માટે દુઃખથી મુક્ત બની શાશ્વત્ અને સાચા સુખના ભોક્તા બને.

ગોપીપુરા, સુરત તા. ૨૮–૩–૫૨. **હીરાલાલ ૨. કાપડિયા.**

૫. પૂ. આગમોદ્ધારક શ્રીનાં સ્મૃતિ પુષ્પો

આબાલ્યકાલાત્ શુભશીલશાલિનં જૈનાગમે કોવિદ સત્વશાલિનમ્
વિશ્વે સદા મંગલ કેલિ માલિનમ્ વન્દે સદાનંદસૂરિસાગરમ્

ભારત કૃષિપ્રધાન નહિ, પરંતુ ઋષિપ્રધાન દેશ છે, માટે જ આ દેશને **આર્યભૂમિ** કહેવાય છે. આર્યાવર્ત એટલે જ સંસ્કારોની ભૂમિ અને અહિંસા, તપત્યાગ, સંયમ અને શાન્તિનું તપોવન

આસ્તિકતાનો આદર્શ આ દેશમાં જ જોવા મળે છે ને તેથી જ આ દેશના કંકરને પણ શંકર કહેવાય છે....આ દેશમાં અનેક સંતો–મહંતો થયા અને સમર્થ કાર્ય, વિશિષ્ટ ગુણ અને પ્રતિભા–સંપન્ન વ્યક્તિત્વ વડે અજબ સૌરભ પ્રસારી, પ્રેરણાદાયી ચિરસ્મૃતિનો જવલંત ઇતિહાસ જગત સન્મુખ મૂકીને ગયા, તેથી જ શાસ્ત્રકારોએ **સાધવો કલ્પવૃક્ષા** સાધુઓને જ કલ્પવૃક્ષ કહ્યા. અને ગુરૂઓને બ્રહ્મા, વિષ્ણુ મહેશની ઉપમા આપીને તેમને પરબ્રહ્મ (મોક્ષ)નું કારણ માન્યા.

ગૂંડાને ગોડ બનાવનાર, રાખમાંથી રામ, કંકરમાંથી શંકર, શઠમાંથી સંત, જીવને જિનપદ અર્પણ કરનાર, મનુષ્યને મોક્ષનો માર્ગ બતાવનાર ભગવાન મહાવીરની વાણી જેમાં શબ્દસ્થ થઈ તે આગમોના ઇતિહાસમાં આગમોદ્ધારકશ્રીનું નામ અવિભાજ્ય છે.

आगमा चक्षुषा साधवः આ ન્યાયે એકલે જ હાથે જીવનભર અથાગ અને અખંડ પરિશ્રમ કરી તાડપત્રીય ગ્રન્થોને ઉધઈ અને જીર્ણતાથી નષ્ટ થતું બચાવવા તમામ આગમ ગ્રન્થોને સંશોધિત કરીને મુદ્રિત કરાવી ભંડારોમાં સુરક્ષિત બનાવ્યા અને આવા અપ્રાપ્ય ગ્રન્થને ઘરમાં વસાવી શકાય તેવા સુલભ કરાવ્યા ને ચિરકાલ ટકે તે માટે તામ્રપત્ર અને આરસ ઉપર કંડરાવી પ્રભુની વાણીને મંદિરની ટોચે સ્થાપિત કરી.

સદૈવ જ્ઞાન અને ધ્યાનમાં મસ્ત છતાં શાસનની આપત્તિમાં પ્રાણની પણ પરવા ન કરનાર પૂજ્યશ્રીનો જન્મ વિ. સં. ૧૯૩૧ના અષાઢ વદ ૦)) અમાસના કપડવંજ વીશા નીમા ગોત્રીય શેઠ મગનભાઈ તથા જમનાબેનને ત્યાં હેમચંદ્ર તરીકે થયો બચપણથી જ નીડર, ધાર્મિક સંસ્કારોથી યુક્ત અને ધર્મથી વાસિત એવા પુણ્યાત્માને આગમપ્રજ્ઞ શ્રી ઝવેરસાગરજી મ. સા.નો સંપર્ક થયો. સંસારથી ઉદ્વિગ્ન બની વિ. સં. ૧૯૪૭ના મહા સુદ ૫ના રોજ

સંયમ સ્વીકાર્યો, અને પછી **આનંદ સાગર** તરીકે જગવિખ્યાત થયા. અને માત્ર દશ મહિનામાં જ ગુરૂ-વિરહી થયા.

ગુરૂ ભગવંતની છેલ્લી ઈચ્છાને જ્વલંત કરવા શાસનનાં કાર્યોમાં, સંયમની સાધનામાં અને આગમની વાચનામાં મન લગાવી ગીતાર્થ બની ગયા. અને "**સાગરજી**"ના હુલામણા નામથી પ્રસિદ્ધ થઈ, સાગર જેવું અથાગ અને વિશાળ આગમસંશોધનનું કાર્ય એકલે હાથે શરૂ કર્યું, આગમોની સાત વાચના આપી, શિષ્ય-પ્રશિષ્ય તથા અન્ય સમુદાયના અનેક મુનિઓને વિદ્વાન બનાવ્યા. પીસ્તાલીશ આગમોનું મુદ્રણ, તામ્રપત્ર પર આલેખન તથા આરસપહાણ ઉપર કંડારણ કરાવવા સાથે ૧૭૫ ગ્રન્થોનું સંપાદન, ૧૬૬ કૃતિઓનું પ્રકાશન, ૧૫૦ પ્રકરણોનું સર્જન, ૨૦ હજાર શ્લોક પ્રમાણ હિન્દી સાહિત્યનું સર્જન, એંસી (૮૦) ગ્રન્થોમાં સંસ્કૃતમાં પ્રસ્તાવના લખી વીરશાસનમાં 'આગમોદ્ધારક' તરીકે વિખ્યાત થયા. અને આગમોદયસમિતિ, દેવચંદ લાલભાઈ પું. ફંડ, નગીનદાસ મંછુભાઈ ટ્રસ્ટ, જૈનાનંદ પુસ્તકાલય જેવી જ્ઞાનપ્રચાર માટે અનેક સંસ્થાઓ સ્થાપી, શ્રમણ-સંઘને આગમ વાંચતો, બોલતો ને સમજતો કર્યો. સુરત શહેરમાં જ વિ. સં. ૧૯૭૪ વૈ. સુદ ૧૦ના સૂરિપદને વર્યા.

અનેક ઉપાશ્રયો, પાઠશાળાઓ, ઋષભદેવ કેશરીમલ પેઢી જેવી સંસ્થાઓ, જિનમંદિરોની સ્થાપના કરાવવાપૂર્વક અંજનશલાકા-જિર્ણોદ્ધાર-તીર્થરક્ષા-ઉપધાનતપ-ઉજમણાં- છ'રીપાલિતસંઘ-બાલ-દીક્ષાઓ વગેરે અનેક શાસન પ્રભાવનાઓનાં ઉત્કૃષ્ટ કાર્યો કર્યાં. સાથે શાસન ઉપર આવતા અનેક આક્રમણોને એકલે હાથે દૂર કર્યા. આગમો-દ્ધારકશ્રીને મૃત્યુની આગાહી થતાં જ પોતાના મજબૂત હૃદયબળથી ૧૫ દિવસઅર્ધપક્ષાસને ધ્યાનદશામાં સ્થિર થઈ **क्षमाशत्रौ च मित्रे च यतीनां एव भूषणं** વીતરાગનું શરણું સ્વીકારી, સર્વજીવોને ખમાવી, એકત્વભાવમાં લય બની, નમસ્કાર મંત્રની ધૂન લગાવતા સુરતમાં જ સં.-૨૦૦૬ના વૈશાખ વદ પાંચમના બપોરે ૪ ક. ને ૩૨ મિનિટે કાલધર્મ પામ્યા.

नास्ति येषां यशकाये जरामरणजं भयम् ॥

દેહ વિલીન થયો પણ જીવનસુવાસ ને અક્ષરદેહે અમર થયા.


માગસર સુદ-૧૩, ૨૦૩૮, દાદર — ચંદ્રાનનસાગર ગણિ.

આમુખ

શ્રી સિદ્ધચક્ર સાહિત્યપ્રચારક સમિતિ મારફત પ્રસિદ્ધ થતા **'શ્રી સિદ્ધચક્ર' પાક્ષિકમાં આવેલ દેશનાઓ** પૂજ્ય ગુરુદેવ આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રી આનંદ સાગરસૂરીશ્વરજી** મહારાજની છે, તેથી તેમનો પરિચય આપવો જરૂરી છે. પૂજ્ય ગુરુદેવશ્રીના નામથી જૈન સમાજમાં કોઈ ભાગ્યે જ અપરિચિત હશે, જૈન સમાજના પરમ ઉપકારી, શાસનના પરમ પ્રભાવક પૂ. ગુરુદેવશ્રીની ઓળખાણ આપવી એ બાલચેષ્ટા છે, કિન્તુ તક પામીને એ પુણ્યપુરુષનું શાસનના ધુરંધર સૂરિપુંગવનું સ્મરણ થાય, તેમની ભક્તિ થાય એ અનુમોદનીય છે, કર્તવ્ય છે. શૈલાનાનરેશ–પ્રતિબોધક, સ્વ–પર–શાસ્ત્રરહસ્ય–નિષ્ણાત, જ્ઞાનવૃદ્ધ, પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદ-સાગરસૂરીશ્વરજી** મહારાજાએ જ શ્રી જૈન સમાજના પ્રાણોદ્ધારક વલ્લભ પૂજ્ય તીર્થને અંગે, સિદ્ધાંતને અંગે જ્યારે જ્યારે તેવા તેવા પ્રસંગો પ્રાપ્ત થયા, ત્યારે ત્યારે લેશ પણ વિશ્રાંતિ વિના કોઇની પણ પરવા વિના તેઓશ્રીએ એકલે હાથે પ્રભુશાસનની અપ્રતિમ સેવાઓ બજાવી, એવી સેવામાં જ જીવનને તન્મય બનાવ્યું. પ્રભુશાસનની વિજયપતાકા જ ફરકાવી. એમ તો તેઓશ્રીની અગણિત સેવાઓ વિદ્યમાન છે. તેઓશ્રીનું જીવન જ સેવાના પ્રતીક સમાન છે. અનેકવિધ સેવાઓમાં **આગમ સેવા** એ તેઓશ્રીનું પ્રધાનતમ આત્મીય જીવન છે. આગમના વાંચન–સંશોધન–પ્રકાશન આદિથી તો તેઓશ્રી **સાક્ષરશિરોમણિ** તરીકે સુપ્રસિદ્ધ હતા જ. છે જ. તેઓશ્રી જૈનશાસન ઉપર થતા સ્વ અને પરના આક્રમણોનો હરહંમેશ પ્રથમ પ્રતિકાર કરતા હતા. આ રીતે તેમનું આખું જીવન જૈનશાસનની સેવામાં જ વ્યતીત થએલું છે.

વળી પાલીતાણામાં ૨૫૦૦ લગભગ પ્રતિમાઓનો અંજનશલાકા મહોત્સવ થએલ. તેમાં ૪૦૦૦૦ માણસોની હાજરી હતી. અને મહા-મંગલકારી મહોત્સવના **૧૩ દિવસમાં પાલીતાણામાં કોઇનું ય મૃત્યુ થયું નહોતું**, મસાણ (સ્મશાન) બંધ, આ જ શાસનનો મહાન્ પ્રભાવ! આ બધું બનવું પૂર્વભવની મહાન્ પુણ્યાઈ હોય તો જ બને. બરોબર તેઓશ્રીના પુણ્યે જ બન્યું.

આવી જીવનપર્યંત આગમસાહિત્યસેવા, સંઘસેવા, તીર્થ-સેવા અને શાસનમાં અનેક ધાર્મિક પ્રસંગો-ઉદ્યાપનો, દીક્ષાઓ, પ્રતિષ્ઠાઓ કરાવનાર અને અંત સમયે પંચમકાળમાં અદ્વિતીય અંતિમ આરાધના કરનાર પૂજ્યપાદ, આગમવાચનાદાતા, આગમપુરૂષના ઉપદેશક, યુગ-પ્રધાન-સદૃશ મહાપુરુષે **પાલીતાણા**માં વિક્રમ સંવત્ ૧૯૯૯ના મહા વદ ૨ના રોજ આગમ-મંદિરમાં અનેક સંખ્યક પ્રતિમાજીઓની અંજન શલાકા અને **મહા વદ ૫**ના પ્રતિષ્ઠા કરાવનાર તથા **સૂરતમાં વિક્રમ સંવત્ ૨૦૦૪ના મહા સુદ ૩ શુક્રવારે** શ્રી વર્દ્ધમાનજૈનતામ્રપત્રાગમ મંદિરમાં બિરાજમાન પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા કરાવનાર અને સૂરપમાં શેઠ **મંછુભાઇ દીપચંદની ધર્મશાળામાં** વિક્રમ સંવત્ ૨૦૦૫ના ચાતુર્માસમાં પોતાનો અંતસમય જાણી અંતિમ આરાધના માટે **આરાધના-માર્ગ** નામના ગ્રંથની રચના કરનારા, **વિક્રમ સંવત ૨૦૦૬ના વૈશાખ સુદ પાંચમથી** પંદર દિવસ અનશન સ્વીકાર પૂર્વક અર્ધપદ્માસને મૌન અવસ્થામાં રહી તેમાં જ વિક્રમ સંવત **૨૦૦૬ના વૈશાખ વદ ૫ શનિવાર** સ્ટા. ટા. ૪ ક. ૩૨ મિ. અમૃત ચોઘડીએ પોતાના **અનન્ય-પટધર** ગચ્છાધિપતિ આચાર્ય-દેવશ્રી **માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજના સ્વમુખે ચતુર્વિધ સંઘની હાજરીમાં નમસ્કાર-મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં નિર્વાણ પામ્યા.



દેશનાનો દિવ્ય પ્રકાશ

પ. પૂ. પ્રાતઃસ્મરણીય મહાત્મા, દિવ્યાત્મા, આગમધર, આગમોદ્ધારક આચાર્ય ભગવંત શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ એટલે એક અતિ ભવ્ય વિરાટ વિભૂતિ–અને તેઓશ્રીએ જિન આગમ–સાગરમાં અવગાહન કરી, તેનું સંશોધન કરી, તેને વિશુદ્ધ સુવર્ણ બનાવીને પ્રકાશિત કર્યું અને તે ચિરસ્મરણીય બનીને અનેક ભવ્ય આત્માઓને પ્રેરણાના પિયૂષનું સહજ અને સરળ રીતે પાન થાય તે હેતુથી સુરત અને પાલીતાણામાં આરસપહાણ પર આગમો કંડારી મૂકાવ્યાં.

તેઓશ્રીએ જીવનભર અથાગ, અકલ્પ્ય પરિશ્રમ સહી, સતત કાર્ય મગ્ન રહી, જૈન સમાજ, જિન શાસન અને જિન આગમોની સેવા–ભક્તિ કરી....આવા મહારથી એટલે મેરુ પર્વત અને તેમને વિશે લખનાર કે બોલનાર મારા જેવા અતિ અલ્પતમ શું વિસાતમાં ? છતાંય પ. પૂ. પ્રાતઃસ્મરણીય શાંત તપોમૂર્તિ આચાર્ય ભગવંત શ્રી દર્શનસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા તેમના અનન્ય આજ્ઞાંકિત સંગઠ્ઠન પ્રેમી ગણિપ્રવર શ્રી નિત્યોદય સાગરજી મહારાજ સાહેબની પ્રેરણાથી ને કૃપાથી **શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિના** ભક્તિસભર શ્રેષ્ઠીવર્યોએ પૂ. શ્રીનાં પ્રવચનોનું સંકલન કરવા, યથાયોગ્ય વ્યાકરણીય કે ભાષાકીય શાબ્દિક રીતે વ્યવસ્થિત કરવાની જવાબદારી મને આપી તે માટે તેઓશ્રી દરેકનો હાર્દિક આભાર માનું છું.

મારી અતિ–અતિ અલ્પતમ સમજણથી પ. પૂ. શ્રી આગમોદ્ધારક રૂપી દીપકના પ્રકાશે અહીં તહીં નજીવા સુધારા કરવા પ્રયત્ન કર્યો છે. પરંતુ પ. પૂ. શ્રી આગમોદ્ધારકનાં પ્રવચનોનો લેશમાત્ર સૂર ન બદલાય તેની સંપૂર્ણ તકેદારી રાખી છે.

આવી વિરાટ વ્યક્તિના મુખેથી વહેતી વીતરાગ પરમાત્માની વાણી વારંવાર વાંચવા–ચિંતવવા ભાગ્યશાળી થયો છું. આ સંકલન પરથી મને થયું કે પૂ. શ્રીનાં વચનો કેવાં શાર્પ એન્ડ સ્વીટ! છતાં અતિ પ્રેરક, ને અસર કારક છે! શાસ્ત્રોનાં તત્ત્વોને સમજાવવા–આત્મ, સાત કરાવવા નિત્ય વપરાશના ચાલુ ઉદાહરણો આપ્યાં છે–ઉપમા, રૂપક, દૃષ્ટાંત, તથા અનેકવિધ અલંકારો વાપરેલ છે.

પ્રવચનો વાંચતી વખતે જાણે આપણે એ વ્યાખ્યાન સભામાં હોઈએ–વાર્તાલાપ ચાલતો હોય અને સંતોષનો આનંદ–ઉલ્લાસ અનુભવતાં હોઈએ એવું સહેજે અનુભવાય છે.

દેશનાઓમાં વિચાર–વસ્તુ–વિષયનું પુનરાવર્તન થતું જોવાશે. પરંતુ પુનરાવર્તનથી જ વિચાર મજબૂત બને છે અને આચારમાં પરિણમવા માટે સરળતા રહે છે. એક વિચાર રૂપી બીજનું પુનરાવર્તન થાય, તો તેની અસર ચિરસ્થાયી બને છે, અને એ આચાર રૂપી અંકુરમાં પલટાવે છે–તે આચાર ક્રિયા પછી ધ્યેય પ્રતિ મોક્ષ–માર્ગ પ્રતિ આત્મા પ્રગતિ કરી શકે છે.

આ સંકલનમાં જે કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તે માટે હાર્દિક ક્ષમા ચાહું છું અને જે આ. ભગવંતે, જે ગણિ પ્રવરે, જે ટ્રસ્ટીસાહેબોએ મને આ કાર્યમાં પ્રોત્સાહિત કર્યો, તે માટે તેઓશ્રીનો નમ્રતાપૂર્વક હાર્દિક આભાર માનું છું.

આથી તો મને જીવનમાં ઘણું પ્રાપ્ત થયું છે. કેટલીક મૂંઝવતી બાબતોના જવાબ મળ્યા છે–વિધિવિધાનનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થયું છે–જિનશાસનસાગરમાં રહેલ જ્ઞાનરત્નોનું અલ્પાંશ અવલોકન કરવા ભાગ્યશાળી થયો છું.

ક્ષમાયાચના સાથે–

પોષ સુદ પૂર્ણિમા, ૨૦૩૮ — વિનમ્ર

૧૬, શત્રુંજય સોસાયટી — **લાલચંદ ખેતશીભાઇ શાહના**

(વણોદ વાળા)

પાલડી અમદાવાદ–૭ — સવિનય વંદના

અનુક્રમણિકા

દેશના	વિષય	પાનું
૧	કુટુંબી પ્રત્યે શ્રાવકની સાંધ્ય ફરજ	૧
૨	સાધર્મિકની શ્રેષ્ઠતા	૫
૩	જન્મ કર્મની પરંપરા અને સમ્યક્ત્વ	૧૩
૪	દુર્લભ મનુષ્ય જીવનનો સદુપયોગ	૨૧
૫	કાર્યમાં વિઘ્ન અને સમ્યક્ત્વ	૩૩
૬	અપેક્ષાવાદ અને આત્મા	૪૩
૭	જડ અને ચેતન	૪૯
૮	જૈન શાસનની અદ્વિતીય વિશિષ્ટતા	૫૮
૯	જૈન દેવ અને જૈનેતર દેવ	૬૬
૧૦	આસ્તિક અને નાસ્તિક	૭૪
૧૧	જૈન પર્વો અને તહેવારોની વિશિષ્ટતા	૮૦
૧૨	જૈનત્વનો વારસો	૮૬
૧૩	સમકિતિ આત્મા	૯૦
૧૪	ચાર ભાવના	૯૭
૧૫	ધર્મની પરીક્ષા	૧૦૧
૧૬	સાહિત્યનું સાધ્ય	૧૧૪
૧૭	ધર્મની પરીક્ષા	૧૨૬
૧૮	હિતબુદ્ધિ અને સમ્યક્ત્વ	૧૪૦
૧૯	અનુમોદનના પ્રકાર	૧૫૨
૨૦	આત્માની આગાદી	૧૫૯
૨૧	પરીત્તસંસારીનાં લક્ષણો	૧૬૬
૨૨	મૌન એકાદશીનું પર્વ	૧૭૪
૨૩	મનુષ્યકર્તવ્ય	૧૮૫
૨૪	મનુષ્યભવરૂપી કલ્પવૃક્ષ	૧૯૪

૨૫	શ્રાવકકુળની મહત્તા	૧૨૦
૨૬	નીતિ–ન્યાયને જણાવનાર તે 'નર'	૨૦૭
૨૭	વિશ્વ બંધુત્વ	૨૧૪
૨૮	'હું' એટલે કોણ?	૨૨૦
૨૯	આત્માના પ્રકાર	૨૨૮
૩૦	આત્માનું સ્વરૂપ	૨૩૮
૩૧	ઓરમાન પુત્ર જેવો ધર્મ	૨૪૬
૩૨	સ્વરૂપથી ધર્મનું લક્ષણ	૨૫૫
૩૩	ધર્મ અને બુદ્ધિ	૨૬૪
૩૪	મનુષ્યભવની સફળતા	૨૭૬
૩૫	મનુષ્યગતિ જ મોક્ષની નિસરણી	૨૮૫
૩૬	હાડકા ચાટવા જેવું દુનિયાનું સુખ	૨૯૧
૩૭	દુર્ગતિવિનાશક ધર્મ	૨૯૭
૩૮	શાસ્ત્રની શ્રેષ્ઠતા	૩૩૦
૩૯	ભગવંતની વાણી	૩૧૫
૪૦	પુણ્ય બાંધવાના ઉપાય	૩૨૨
૪૧	સર્વાંગસંપૂર્ણ સુખ	૩૨૫
૪૨	વરબોધિ	૩૩૮
૪૩	જગદ્‌ગુરુ	૩૪૬
૪૪	નિર્ભયતા	૩૫૫
૪૫	આરાધના	૩૬૪
૪૬	દ્રવ્ય ક્ષેત્ર અનેક ાળ આરાધના	૩૭૦
૪૭	ધર્મની મુખ્યતા	૩૮૦
૪૮	જ્ઞાનની મુખ્યતા	૩૮૭
૪૯	શ્રવણ અને ધર્મજ્ઞાન	૩૯૭
૫૦	વૈરાગ્ય અને પુરુષાર્થ	૪૦૧
૫૧	સાધન અને સાધ્ય	૪૧૧
૫૨	ધર્મ અને ઇંદ્રિયો	૪૨૨
૫૩	મમત્વ અને વિરતિ	૪૩૧
૫૪	જ્ઞાન, દયા અને ક્રિયા	૪૪૨

卐 પ્રાપ્તિ સ્થાન 卐

(૧) શેઠ શ્રી અમરચંદભાઈ
રતનચંદભાઈ ઝવેરી
૭૭/એ વાલકેશ્વરરોડ
મુંબઈ–૬.

(૨) શ્રી આગમોદ્ધારક સંસ્થા
ગોપીપુરા, આગમમંદિર
રોડ **સુરત**

(૩) સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

(૪) શ્રી જશવંતલાલ
ગીરધરલાલ
દોશીવાડાની પોળ
અમદાવાદ

(૫) સરસ્વતી પુસ્તકભંડાર
હાથીખાના રતનપોળ
અમદાવાદ–૧.

(૬) શ્રી સેવન્તીલાલ જૈન
મહાજનગલી ઝવેરીબજાર
મુંબઈ–૨.

તથા

અન્ય પ્રતિષ્ઠિત જૈન બુકસેલર્સ

મુદ્રક
શ્રી જગદીશચંદ્ર સી. શાહ
પલક ટાઈપ સેટર
નગરશેઠનો વંડો અમદાવાદ.

આગમ અને તેની અવિચ્છિન્નતા.

સકલ જૈન જનતાને આ તો ધ્યાનમાં જ છે કે જૈનશાસનનું મુખ્ય ધ્યેય મોક્ષની પ્રાપ્તિ સિવાય બીજું કાંઇ નથી. જો કે અન્યમતવાળાઓ પણ જેનાથી ઉન્નતિ અને મોક્ષની સિદ્ધિ થાય તેને ધર્મ કહે છે, અને જૈનશાસ્ત્રકારો પણ તે જ પ્રમાણે મોક્ષ અને સ્વર્ગની સિદ્ધિને કરનાર એટલે સ્વર્ગ અને અપવર્ગને દેનાર ધર્મ છે એમ કહી ધર્મના સ્વર્ગ અને મોક્ષ બન્ને ફળો જણાવે છે. છતાં જૈનશાસ્ત્રકારે સ્વર્ગને ઉદ્દેશ તરીકે નહિ જણાવતાં ખેતીમાં પરાળ થાય તેની માફક માત્ર આનુષંગિક જણાવેલ છે, એટલું જ નહિ, પરંતુ જિનેશ્વર મહારાજના કોઇપણ શાસ્ત્રમાં દેવપણું, ઇંદ્રપણું, ચક્રીપણું કે રાજાપણા વગેરે માટે ધર્મક્રિયા કરવાનું જણાવાયું નથી, જો કે શુદ્ધધર્મના આચરણથી દેવપણું વગેરે પ્રાપ્ત થાય છે. અને શાસ્ત્રકારો પણ તપ સંયમથી દેવતાપણું, સમ્યક્ત્વથી વૈમાનિકપણું, એક દિવસના ચારિત્રથી પણ વૈમાનિકપણું, ઉપશમશ્રેણિમાં કાળ કરવાથી લવસપ્તમ દેવપણું વગેરે જણાવી ધર્મનું ફળ સ્વર્ગ છે એમ જણાવે છે. વળી શ્રી જિનેશ્વર મહારાજની પૂજા, સામાયિક, પૌષધ અને શ્રાવકપણાથી પણ દેવપણું થવાનું જણાવે છે. પરંતુ તે બધાં ફળોને તેઓ પરાળની માફક આનુષંગિક ફળ તરીકે જણાવે છે, એટલું જ નહિ, પરંતુ એ સ્વર્ગાદિપ્રાપ્તિરૂપ આનુષંગિક ફળને જેઓ મુખ્ય ફળ તરીકે ગણે તેને સમ્યક્ત્વ થયેલું નથી એમ ચોક્કસપણે ગણે છે, અને તેવા જીવોને મિથ્યાત્વીની દશામાં ગણે છે, અને એ જ કારણથી શાસ્ત્રકારો પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવા જેવી એક નાની ક્રિયામાં પણ સર્વ પાપના નાશદ્વારા મોક્ષરૂપી ફળ જણાવે છે. ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જે કાળમાં મોક્ષની પ્રાપ્તિ થવાની યોગ્યતા હોય, તે જ વખતે જૈનધર્મને માનનારાઓએ મોક્ષનો ઉદ્દેશ રાખવો એમ નથી, પરંતુ પાંચમા આરા જેવા મોક્ષપ્રાપ્તિ નહિ

થઇ શકે તેવા પણ વખતમાં ધર્મની ક્રિયા મોક્ષના ઉદ્દેશથી જ કરવાની છે, અને તેથી જ શાસ્ત્રકારો મોક્ષબુદ્ધિથી થતી ધર્મની આરાધના માટે આઠ ભવોનું નિરંતરપણું માને છે.

એ અપેક્ષાએ વર્તમાન પાંચમા આરામાં પણ દરેક ભવ્ય-આત્માએ સર્વકર્મના ક્ષયરૂપી મોક્ષનો ઉદ્દેશ રાખીને દેશવિરતિ કે સર્વવિરતિ ધર્મમાં પ્રવર્તવાનું હોય છે તે ધર્મ અન્યમતની અપેક્ષાએ ભલે એકલા તત્ત્વજ્ઞાન સ્વરૂપ કે ક્રિયાસ્વરૂપ ભલે હોય, પરંતુ જૈન-ધર્મની અપેક્ષાએ એકલી ક્રિયામાં પૂર્ણ ધર્મ નથી. તેમજ એકલા જ્ઞાનમાં પણ ધર્મ નથી, કિન્તુ જૈનધર્મની અપેક્ષાએ તો જગતમાં જેમ રથમાં બે ચક્ર જોઇએ અને તે બન્ને સરખાં જ હોવાં જોઇએ. તેવીજ રીતે જ્ઞાન અને ક્રિયા બન્ને હોવા સાથે બન્નેની સરખાવટ હોવી જોઇએ.

આ કારણથી શ્રી જૈનશાસનમાં દ્વાદશાંગીની ઉત્પત્તિ સાથે જ સંયમધર્મરૂપી ક્રિયાની પ્રવૃત્તિ માનવામાં આવી છે અને પાંચમા આરાના છેડે સંયમધર્મની સ્થિતિ માનતાં છેલ્લાં દુઃપ્પસહસૂરિને શ્રી દશવૈકાલિક વગેરે આગમના જાણકાર માન્યા છે અને તેથી જ તેમને સંયમધર્મવાળા પણ માન્યા છે. એટલે સંયમધર્મના વ્યુચ્છેદની સાથે જ શ્રુતધર્મનો વિચ્છેદ માનવામાં આવ્યો અને શ્રુતધર્મના વ્યુચ્છેદની સાથે જ સંયમધર્મનો વ્યુચ્છેદ માનવામાં આવ્યો, એટલે શ્રુતધર્મ અને સંયમધર્મની પ્રવૃત્તિ જેમ સાથે થાય, તેમ નિવૃત્તિ પણ સાથે જ થાય. માટે સંયમધર્મની કે જૈનધર્મની જેને જેને રક્ષા કરવી હોય તેને શ્રુતધર્મની પ્રવૃત્તિમાં પ્રથમ નંબર રાખવો જોઇએ. આ વાત જેઓના ધ્યાનમાં હોય તેઓ ભગવાન જિનેશ્વર મહારાજે અર્થથકી પ્રવર્તાવેલા અને ભગવાન ગણધર મહારાજે સૂત્રથકી ગૂંથેલા આગમને જૈનધર્મના આધાર તરીકે માનવામાં કદી પણ કચાશ રાખશે નહિ.

આ વસ્તુ જ્યારે વિચારવામાં આવશે ત્યારે મહારાજા કુમારપાળે મંત્રી વસ્તુપાલ તેજપાલે અને સંગ્રામસોની વગેરે ભાવિક શ્રાવકોએ

શાસ્ત્રોદ્ધારને માટે પુષ્કળ દ્રવ્ય કેમ ખરચ્યું તે સમજી શકાશે, અને તે સમજવામાં આવશે તો કોઇપણ શ્રદ્ધાળુ મનુષ્ય શ્રુતધર્મ એટલે આગમની અવિચ્છિન્નતા માટે કટિબદ્ધ થયા સિવાય રહેશે નહિ. ધ્યાન રાખવું કે ખુદ ગણધરમહારાજના સંયમ અંગીકારની વખતે જ ઇંદ્ર અને દેવતાઓથી જે સુગંધિ ચૂર્ણ અને પુષ્પની વૃષ્ટિ ગણધર-મહારાજના મસ્તકે દ્વાદશાંગીરૂપી આગમની અનુજ્ઞા–વખતે કરવામાં આવી છે અને શાસ્ત્રાકારોએ સ્થાને સ્થાને લખી છે. આ વાતને ધ્યાનમાં લેનાર સુજ્ઞ મનુષ્ય આગમ ઉપર જરૂર અવિચલ પ્રીતિ ધારણ કરી તેની રક્ષાને માટે તન, મન અને ધનથી કટિબદ્ધ થશે.



આ જીવે અનાદિથી બાહ્ય પદાર્થોમાં સુખ માટે પ્રયત્ન કર્યો છે પણ તમે કોઈ એવા નવા છો કે જે અનાદિ સંસાર ને બાહ્યપદાર્થમાં સુખના યત્ન, એ બેયને છોડીને ભવિજીવોને સતત ધર્મને આપો છો.

સંસારમાં ભમતા સર્વે જીવો સુખ-દુઃખથી થતી વેદનાને અનુભવે છે પણ બીજા દેવો તેને મૂળને જાણતા નથી.

श्री आगमोद्धारकस्तुत्यकष्टम्

अर्हच्छासनसिन्धुनायक समुल्लासक्षपाधीश्वरान्
स्फुर्जद्भक्तिनिकायसंभृतमनो–भव्याब्जबोधारुणान् ।
वर्यश्रेष्ठगुणैस्सदोदकनिधे–र्गाम्भीर्यजिष्णूनपि
श्री आनन्दपयोधि सूरिप्रवरान् भक्त्या स्तुमः सद्गुरून् ॥१।

ज्ञानध्यानतपः सुसंयमगण स्तोमप्रभाभ्राजित–
नम्रानेक परःशतव्रतिवर–व्रातार्चिताङ्घ्रियान् ।
प्रोद्दामप्रतिभातिरस्कृत पर–व्यूहाँश्चसुज्ञानिनः
श्री आनन्दपयोधि सूरिप्रवरान् भक्त्या स्तुमः सद्गुरून् ॥२॥

आत्मीयाप्रतिमस्फुरत्प्रतिभयो–द्धारकृतो यैर्वरैः
सर्वज्ञ प्रथिता खिलागमऽऽमहा माणिक्यगम सज्छेवधैः ।
येऽदुश्चागमवाचनां प्रशमिनां सज्ज्ञान संवृद्धये
श्री आनन्दपयोधि सूरिप्रवरान् भक्त्या स्तुमः सद्गुरून् ॥३॥

सम्यग्ज्ञान कजोल्दवप्रभा प्राग्भार भकत्यार्चितान्
राकानिर्मलचन्द्र शुभ्रवदन द्युत्या जनाहृदाददान् ।
श्री सर्वज्ञसुशासनस्य च सदा–रक्षाविधा वुद्यतान्
श्री आनन्दपयोधि सूरिप्रवरान्–भक्त्या स्तुमः सद्गुरून् ॥४॥

श्री जैनागमतत्त्वचारू विशद–व्याख्बोध सब्दोधित–
शैलाणाधिप सेव्यमानचरण–द्वन्द्वांस्तपो मण्डितान् ।
स्याद्वादान्वित तत्वबोधकथन व्युत्पन्ना प्रज्ञावतः
श्री आनन्दपयोधि सूरिवृषभान्–भक्त्या स्तुमः द्सगुरून् ॥५॥


श्रीसिद्धाचलसंज्ञिताचलवरा–धो भूमिकायां तथा,
श्रीमत्सूर्यपुरे वराऽऽगमजिन–प्रासाद निर्भापकान् ।
रक्षायैच तथाऽऽगमाः सदुपले–ताम्रे च यैः स्थापिताः
श्री आनन्दपयोधि सूरिवृषभान् भक्त्या स्तुमः सद्गुरून् ॥

सव्वेराब्धि मुनीन्द वाग्मिसविधे वैराग्यतो दीक्षितान्
येषां दिक्षुविदिक्षु चामलयशो–व्याप्तं महीमण्डले ।
प्रान्ते सूर्यपुरे समाधिसहित–ध्यानस्थस्वर्गामिनः
श्री आनन्द षयोधिसूरिवृषभान् भक्त्या स्तुमः सद्गुरून् ॥

सन्माणिक्यसमश्च चन्द्ररुचिरः हेमाच्छ सुसंयमः
श्री देवेन्द्रनुतश्च हंससुभगः सद्धर्शनो धर्मभृत् ।
कान्त्या कञ्चन जित्तथैव च चिदा–नन्दायमानः सदा
श्री आनन्द पयोधिसूरिवृषभश्चिरं जीयाद्भूतले ॥

रचचिता

परम शासनप्रभावकाचार्यप्रवरश्रीमद्
देवेन्द्रसागरसूरिवर्य शिष्य गणि श्री नरदेवसागरः



કુટુંબી પ્રત્યે શ્રાવકની સાંધ્ય–ફરજ

દેશના ૧

जिणधम्मो उ जीवाणं, अपुव्वो कप्पपायवो ।
सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥

કુટુંબ દેશના

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન દેવેન્દ્રસૂરિજી મહારાજ પોતાના મુખે શ્રાવકોનાં કર્ત્તવ્યો જણાવે છે : "શ્રાવકે સાંજે કુટુંબ એકત્ર કરી ધર્મોપદેશ આપવો જોઈએ," કારણ પોતે તેઓને ધર્મ કરતાં રોકયા છે. અમુકનાં ઉઘરાણી દુકાનાદિ કાર્યો સોંપ્યાં. એટલે કે–વ્યાખ્યાન સાંભળવાના વખતે જુદાં જુદાં કાર્યો સોંપ્યાં. આડકતરી રીતે. કુટુંબ-વર્ગને ધર્મ સાંભળતાં અટકાવ્યો. જે ધર્મ પામી શકત, તે વખતે તેને રોકયો. 'બધાંને લઈને ઉપાશ્રયે બેસે તો નિર્વાહ શી રીતે ચાલે ?' ત્યારે શું કરવું ? તે માટે જે વ્યાખ્યાનમાં ધર્મ સાંભળ્યો હોય, તે સાંજે કુટુંબને સંભળાવવો.

સેનાધિપતિ કહે કે–લશ્કર મારું કહ્યું નથી માનતું, તે વાત અસંભવિત નથી, પણ તેમાં સેનાધિપતિની નાલાયકી. લશ્કરને કબજામાં ન રાખે તો સેનાધિપતિ શાનો ? માટે તેમાં વાંક સેનાધિપતિનો છે.

માસ્તર કેટલાક દિવસથી છોકરાને ઘેર ભણાવે છે. એક દિવસ છોકરો કહે છે કે– 'સાંજે આવો ત્યારે આઠ આનાનાં પાન લેતા આવજો.' 'અરે....! હું નોકર છું કે મને આ કામ સોંપે છે ?' શેઠને માસ્તર કહે છે કે–મારું રાજીનામું લો, મારી કિંમત ન થાય ત્યાં નોકરી ન કરવી. 'શું થયું ?' એમ શેઠ પૂછે છે. તમારા દીકરા આમ કહે છે કે 'આવો ત્યારે આઠ આનાનાં પાન લેતા આવજો.' શેઠ કહે છે કે–'આ વાતની મને ખબર પડી હોત તો હું તમને રજા આપત.' પાંચ પાંચ વરસમાં માસ્તરે છોકરાને આટલો જ કેળવ્યો ને ? જે છોકરો માસ્તર પાસે ભણ્યો,

તે માસ્તરની કિંમત ન સમજી શકયો, તો તે માસ્તરે શું ભણાવ્યું ?' તેમ લશ્કરનો માલિક ફરિયાદ કરે કે–'મારા કબજામાં લશ્કર નથી.' તો તે સેનાધિપતિની નાલેશી છે.

માટે બાળકોનો મનુષ્યજન્મ બગડે, પાપના રસ્તામાં તે જાય, તે બધો દોષ માબાપના અથવા કુટુંબના આગેવાનને માથે છે. માલિક મહેનત કરે ને કુટુંબ ન સુધરે તો આગેવાન દોષિત નથી; માટે દરેક શ્રાવકને અંગે ફરજ તરીકે જણાવ્યું છે કે–'સાંજે આખા કુટુંબને એકઠું કરી ધર્મોપદેશ આપવો.' કુટુંબી જનોને પ્રથમ ધર્મમાં સ્થિર કરવા, પછી ધર્મનો મહિમા જણાવવો. સ્થિર કરવા માટે આ ગાથા દેવેન્દ્રસૂરિ પોતાના મુખે જણાવે છે. એટલે કે શ્રાવક આમ પોતાના કુટુંબને કહે છે, આ ઉપદેશનો વિધાયક શ્રાવક. **'जिणधम्मो उ जीवाणं'**

કિંમતી ચીજની નકલ હોય.

જગતમાં ધર્મ એક નથી, અનેક છે. દુનિયામાં કોઈપણ નકલી ધૂળ બનાવતો નથી. કોઈ નકલી લોઢું, તાંબું બનાવતો નથી. ચાંદી, સોનું, હીરા, મોતી, નોટો, રૂપિયા નકલી બનાવે છે. શું ધૂળ, લોઢું, તાંબું ના કહે છે, કે મને નકલી ન બનાવીશ ? જે વસ્તુ કિંમતી છે તેની જ દુનિયા નકલ કરે છે.

વસ્તુ વધારે કિંમતી તેમ તેની નકલો વધારે. અણસમજુ નકલોથી ગભરાય. જેણે સાચો પદાર્થ લેવો છે તેણે તો નકલીથી બચવું જોઈએ. પદાર્થ કિંમતી હોય તેમ દુનિયામાં તેની નકલો હોય છે. એક વસ્તુથી ઘણી વસ્તુ આવે, તો તે વસ્તુ કિંમતી હોય. એક રૂપિયાના ૧૬ આના હાલ ૧૦૦ પૈસા આવે તો રૂપિયો કિંમતી. એક ધર્મથી શું શું મળે છે ? મનુષ્યપણું, નિરોગીપણું આદિ તમામ ધર્મથી મળે છે, તો ધર્મ કિંમતી છે. તે ધર્મની નકલો ઘણી મળવાની. જેની વધારે નકલો છે તે જ કહી આપે છે કે આ ધર્મવસ્તુ કિંમતી છે. ધર્મ કિંમતી છે તો જ તેની નકલ ઘણી થવાની.

હવે જૈન ધર્મ અસલ કે નકલ ? તેનો શો પુરાવો ? આપણે દરેક ધર્મવાળાને પૂછીએ કે ધર્મ કરાય છે શા માટે ? તો દરેક ધર્મવાળાને આ વાત બરાબર કબૂલ છે, કે **ધર્મ આત્મકલ્યાણ માટે જ**

કરવામાં આવે છે. સર્વ એ વાતને તો મંજૂર કરવાના કે ધર્મ આત્મકલ્યાણ માટે જ કરાય છે.

તો કલ્યાણ શામાં છે ?

જંજાળ માયાના ફાંસામાંથી જેટલા બચાય, ક્રોધાદિક ઓછા થાય, ઇન્દ્રિયોનો કબજો મેળવવામાં કલ્યાણ, માનસિક વેગો પર કબજો-અંકુશ મેળવવામાં કલ્યાણ.

જ્યારે આ વાત નક્કી થઈ તો એવો કયો ધર્મ છે, કે જે સર્વથા ઇન્દ્રિયોના તેમજ મન, વચન, કાયાના કાબૂને આગળ કરે છે, અને ક્રોધાદિકને મંદ કરવાના ઉપાય બતાવે છે ?

જિનેશ્વર મહારાજના ધર્મ સિવાય ઉપરોક્ત ધ્યેય કોઈ રાખી શકતું નથી. બીજાઓએ પરમેશ્વર શા માટે માન્યા ? હવા-ઝાડ, પહાડ, પાણી બનાવી આપ્યાં તેથી પરમેશ્વર માન્યા. જેને આત્મકલ્યાણનું લક્ષ્ય નથી, તેવાને દેવ માન્યા. **વીતરાગ સર્વજ્ઞને દેવ માન્યા હોય તો માત્ર જૈનોએ.** પૌદ્ગલિક પદાર્થ આપનાર કે હરનારને તેમણે દેવ તરીકે માન્યા નથી. વીતરાગતા, સર્વજ્ઞતા, અને ક્ષીણમોહનીયને અંગે દેવપણું માન્યું છે.

કુળ, જાતિ, દેવ, ગોત્ર કે ગામને નામે ગુરુ માન્યા નથી. પાંચે પાપને પરિહરનારા ત્યાગી ગુરુ જોઈએ, જેઓ કલ્યાણને માર્ગે ચઢે અને બીજાને ચઢાવી શકે. તેમ બીજાઓએ કન્યા, ખેતર દેવું તેમાં ધર્મ મનાવ્યો **જૈનોએ ત્યાગ, વૈરાગ્ય, સંવરમાં ધર્મ માન્યો.** આવો જૈનધર્મ હોવાથી કુટુંબી પોતાના કુટુંબને જણાવે છે કે 'આપણે જે જૈનધર્મ પામ્યા છીએ, એ જૈનધર્મ-કલ્પવૃક્ષ જેવો છે.'

બીજો ધર્મ પામવો સહેલો છે, પરંતુ જૈન ધર્મ પામવો કઠીન છે. આ જીવ અનંતી વખત જુગલિયામાં જઈ આવ્યો છે, ત્યાં અનંતી વખત કલ્પવૃક્ષ પામ્યો છે, પણ જૈનધર્મરૂપી કલ્પવૃક્ષ પામ્યો નથી. તેમ શાથી ? ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અસંખ્યાતી વખત પમાય છે, તેમ આ જીવે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ લીધું હશે તો ? વાત ખરી; પરંતુ ભણેલો ભૂલી જાય તે ફરી તૈયાર કરવા બેસે, અને નવો તૈયાર

કરવા બેસે,–એ બેમાં ફરક છે કે નહીં ? જો તેમાં ફરક છે, તો પ્રથમ સમ્યક્ત્વ પામી વમે ને પછી ફેર સમ્યક્ત્વ પામે તો ઊંચી દશાનું સમ્યક્ત્વ પામે. એ સ્થિતિ હોવાથી માનવું પડે છે કે આપણે તો પહેલવહેલા જ ધર્મ પામીએ છીએ. નહીંતર કોઈ ઊંચી દશા હોત. આ જ કારણથી સમ્યક્ત્વ પહેલાં અપૂર્વકરણ રાખ્યું છે.

ઘણા ભાગે નવા સમ્યક્ત્વ પામનારા; નવા ધર્મ પામનારા ઘણા ઓછા હોય છે. આ ધર્મનો લાભ અપૂર્વ છે. કલ્પવૃક્ષ અનંતી વખત આ જીવને મળ્યાં છે, પણ જૈનધર્મ આ જીવનને મળ્યો નથી. **કલ્પવૃક્ષ પૌદ્ગલિક ચીજ માટે કામ લાગે છે. ધર્મ આત્મક તેમજ પૌદ્ગલિક બંને સુખ આપી શકે છે.** કલ્પવૃક્ષ ભોગવનારા યુગલિયા કાળ કરી દેવલોકમાં જાય તો યુગલિયાથી વધારે આયુષ્યવાળા દેવલોકમાં ન જાય. અહીં ત્રણ પલ્યોપમ આયુ હોય તો ત્યાં ત્રણથી વધારે નહીં.

ધર્મ એવું કલ્પવૃક્ષ છે કે જેનો આશ્રિત, નવ વરસની જિંદગીમાં ૩૩ સાગરોપમની સર્વાર્થસિદ્ધિની સ્થિતિ પણ મેળવી શકે ! કલ્પવૃક્ષમાં માગો તે જ મળે, વગર માગ્યે ન આપે. ધર્મકલ્પવૃક્ષ પાસે માગવું ન પડે. તમારી ચિંતવનમાં ન હોય તેવી ચીજ પણ આપે છે ! બધા દેવલોકો દઈ શકે છે. કોઈ જગ્યાએ એવું સ્થાન નથી કે તમને ત્યાં ગર્ભાવાસાદિક જેવું દુઃખ હોય જ નહીં તેવી સિદ્ધિમાં જે સુખ છે તે અનંતા પુદ્ગલપરાવર્ત જાય તોપણ ઓછું થવાનું નહીં. સિદ્ધિસુખ મેળવ્યું તે મેળવ્યું જ, જવાનું જ નહીં !

દુનિયામાં તો જે બધું મેળવ્યું તે છોડવાનું જ. ૧૪ રાજલોકમાં જ્યાંથી મેળવો ત્યાંથી છોડવું જ પડશે–છોડવું જ પડે, જ્યારે મોક્ષ પછી છોડવાનું જ નહિ ! તેથી **અપૂર્વ સ્થાન મોક્ષ છે.** મોક્ષમાં કોઈપણ આત્મગુણ ઓછો થાય નહીં. તેવા મોક્ષ ને દેવલોક આપનાર હોય તો માત્ર ધર્મ જ છે ! તે પણ જિનેશ્વર ભગવંતે કહેલો જ ! તેવા ધર્મમાં હંમેશાં દૃઢ રહેવું જોઈએ. એ સમજી જેઓ કુટુંબને ધર્મમાં સ્થિર કરશે તે આ ભવ–પરભવમાં કલ્યાણ પામી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.

સાધર્મિકની શ્રેષ્ઠતા

દેશના ૨

अन्नन्नदेसाण समागयाणं, अन्नन्न जाईइ समुब्भवाणं ।
साहम्मियाणं गुणसुट्ठियाणं, तित्थंकराणं वयणं ठियाणं ॥

શ્રા. દિ. કૃ.

સાધર્મિક ભક્તિ.

શાસ્ત્રકાર મહારાજા શ્રી દેવેન્દ્રસૂરિજી, જીવોના ઉપકાર માટે શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથ રચતાં–શ્રાવકે કેવી રીતે ધર્મક્રિયા કરી દિવસ સફળ કરવો તે વાત જણાવી. આ જ કારણથી તમારે પડિક્કમણામાં 'विवरीय परुवण' બોલવું પડે છે. શ્રાવકને સભાખંધી, વ્યાખ્યાનની જ રજા નથી. **સાધુમાં પણ દરેક સાધુને વ્યાખ્યાનનો અધિકાર નથી.** ધર્મ નિરૂપણ કર્યો જિનેશ્વર મહારાજે, પણ શ્રાવકોને ઢંઢેરો–દેશનાધિકાર જણાવ્યો નથી. જો કે શહેનશાહી ઢંઢેરો બધાને જાણવાનો છે, છતાં તે ઢંઢેરો સંભળાવે કોણ? શેરીફ સંભળાવે. તેમ ધર્મ નિરૂપણ કર્યો જિનેશ્વર મહારાજાએ, પણ તે ધર્મ સાધુ જ બીજાને સંભળાવે. તે ધર્મ જાહેર કરવાની યોગ્યતા શ્રાવકમાં નથી.

જિનેશ્વર મહારાજના ધર્મને નિરૂપણ કરવાને માટે સાધુ જ યોગ્ય છે. આશ્રવ રોકનાર, સંવર પેદા કરનાર, મોક્ષ સિદ્ધ કરનાર એવો ધર્મ જિનેશ્વરનો છે. તેથી હેમચંદ્ર મહારાજાએ કહ્યું કે–'આ લાંબું લાંબું પીંજણ છે.' આમ કહેવામાં શાસ્ત્રો ઉપર તેમનો અનાદર નથી, પણ શાસ્ત્રોમાં ઘણું સૂક્ષ્મ વિવેચન છે એમ તે કહે છે. કપાસ હોય તો પીંજણ થાય, હવાનું પીંજણ નહીં થાય. તેમ "આશ્રવ સદા હેય, સંવર સદા ઉપાદેયઃ" જેમ 'ઘી–ખીચડી'ના બે શબ્દ છે તેમ જૈનશાસનના બે શબ્દ છે. પછી એનો વિસ્તાર ગમે તેટલો થાય.

જે જે કર્મબંધનનાં કારણો તે બધાં આશ્રવ હોવાથી છોડવા લાયક છે. કર્મ રોકવાનાં કારણ તેનું નામ સંવર, તે જ આદરવા

લાયક છે. આ જ વાત ધ્યાનનાં આવશે, ત્યારે સામાયિક પારું, તે વખતે ગુરુમહારાજ **पुणोऽवि कायव्वम्** અર્થાત્ ફરી સામાયિક કરવા લાયક કહે છે. એ પછી **'आयारो न मोतव्वो'** આ પાયું પણ સામાયિકનો આદર હવે ન છોડીશ. પારતી વખતે પણ કઈ છાયા? જૈનશાસનનું આ જ મુષ્ઠિજ્ઞાન છે. જે જે કર્મ બાંધવાનાં કારણો તે છોડવા લાયક, ને જે જે કર્મ છોડવાનાં કારણો તે આદરવા લાયક. આ મુષ્ઠિજ્ઞાનનો જ એ પછી વિસ્તાર છે. આશ્રવને રોકયો. સંવર શું કરે છે? સંવર તપસ્યારૂપી બળને ઉત્પન્ન કરે છે. સંવર નિર્જરા લાવશે.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે—

आश्रवः सर्वथा हेयो, उपादेयश्चसंवरः,
आश्रवो भवहेतुः स्यात्संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्चनम् ॥

જૈન શાસનના બે જ શબ્દો: **આશ્રવો સર્વથા છોડવા લાયક છે, સંવર આદરવા લાયક છે.** તેથી સામાયિક પારવાનો દાખલો આપ્યો. ધર્મ કોણ કરે? આશ્રવ-સંવર જાણે તે ધર્મ કરે, કર્મ આવતાં રોકવાનાં કારણો જાણી શકે-જાણે તે જ ધર્મ કરી શકે. આત્માને જાણનારા ફક્ત કેવળજ્ઞાની. આથી જિનેશ્વરે કહેલ તે જ તત્ત્વ.

તમને જિનેશ્વર કયારે કહેવા આવ્યા? ભલે પોતે આપણને કહેવા નથી આવ્યા; પણ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-ત્રણે પોસ્ટમેન (ટપાલી) કહે છે. પોસ્ટમેનને ખાતે ચેક આવ્યો હોય તો જમે નથી કરતા. તેમ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ, ભગવાનના પોસ્ટમેન. જિનેશ્વરે જે તત્ત્વો બતાવ્યાં તે જ તત્ત્વો આચાર્યાદિ કહે છે.

અરિહંત મહારાજે કહેલું છે તે અપેક્ષાએ સાચું માનીએ છીએ. જિનેશ્વરે કહેલો ધર્મ નિરૂપણ કોણ કરે? આચારકલ્પ જાણનાર, નિશીથ સૂત્ર જાણનાર જ સાધુ. જો તેવા સાધુ ધર્મ-પ્રરૂપણા કરી શકે, તો પછી શ્રાવકને વિપરીત પ્રરૂપણાનું પડિક્કમણું શાનું? તો તે માટે દેવેન્દ્રસૂરિ મહારાજ જણાવે છે કે-આપણાં કુટુંબને આપણે કામમાં રોકયું, ધર્મ વખતે બીજું કામ ભળાવ્યું, તો ધર્મનો અંતરાય કહેવાય કે નહીં? અરે! એ તો અન્યાયને નોતરું! ન્યાય કરનારને

બીજા કામમાં જોડી દો એટલે અન્યાયને નોતરું દીધું ગણાય. બીજાને બીજા કાર્યમાં રોકો એટલે એ ધર્મ કરી શકે નહીં. કપડાં મેલાં થવાના જાણ્યાં છતાં પહેરવાં પણ પડે અને ધોવાં પણ પડે.

શ્રાવકની ફરજ છે કે–જે ધર્મની પ્રતીતિ થઈ, તે સાંજે કુટુંબની આગળ તેનું સ્વરૂપ સમજાવે, તેમાં વિપરીત પ્રરૂપણા થઈ હોય તેની हुं मिच्छामि दुक्कडं दउं छुं. વ્યાખ્યાન સાંભળનારની ફરજ થઈ કે–સાંજે પોતાના કુટુંબને એકઠા કરી ધર્મોપદેશ આપે. મારવાડી, પંજાબી, ગુજરાતી વગેરે પોતાની નાતજાતવાળા છે; છતાં તે તે દરેકમાં દેશને અંગે સરખા સંસ્કારો પાડવામાં આવે છે. દેશના સંસ્કાર પાડવા જાત નાત વગેરે જોવાય છે. જેમ લશ્કરમાં યોદ્ધા જુદા જુદા દેશના હોય તોપણ માત્ર જીત આપણી થાય તેટલું જ સાધ્ય હોય. તમે સાધર્મિકના સમાગમમાં આવો, સાધર્મિક મળે ત્યારે અન્ય અન્ય જુદા દેશોથી આવેલ સાધર્મિકો, અન્ય અન્ય જાતિઓ અને અન્ય અન્ય ન્યાતિઓના હોય તો પણ તે બધા સાધર્મિક બંધુ જ ગણાય. જેમ જય મેળવવાના મુદ્દાથી એકઠા થએલા સૈનિકો ભલે જુદા જુદા દેશના હોય, જુદી જુદી જાતના હોય, પરંતુ તેમાં દેશ તરીકે, કુળ તરીકે ભેદ રખાય તો લશ્કર જીતી શકે નહીં. દેશ, જાતિ, કુળભેદને જયમાં એક બાજુ મૂકવાં પડે. તે દેશ જાતિ કુળ છોડી દેતાં નથી. પણ કાર્યમાં ભેદ રાખવામાં આવે તો જીતનું કાર્ય સફળ બનાવી શકે નહીં.

એક વાત સર્વ ધર્મિષ્ઠોએ લક્ષમાં રાખવાની છે. 'આપણે મોહમલ્લને જીતવાને માટે સૈનિક છીએ.' સૈન્યમાં જનરલ કર્નલ અને સૈનિકો હોય પણ ધ્યેય બંનેનું એક જ હોય. મોહને તજવા માટે તૈયાર થએલા સૈનિકો કોણ ? જૈનશાસન માનનારા. તે સૈનિકોમાં દેશ, જાતિ, કુળનો ભેદ આડો આવી શકે નહીં. રાજાની વફાદારી કરનારા, રાજને વફાદાર રહેનાર બધા રાજ્યના સેવકો છે. એવી રીતે અહીં **જેઓ જિનેશ્વરના ધર્મને માનનારા છે તે બધા સાધર્મિકો છે. સમાન ધર્મથી પ્રવૃત્તિ કરનારા બધા સાધર્મિકો છે.**

जैनधर्मविनिर्मुक्तो मा भुवं चक्रवर्त्यपि
स्यां चेटो दरिद्रोऽपि जनधर्माधिवासितः ॥

જૈનધર્મના સંસ્કાર વગર એક વખત છ ખંડ, ૧૪ રત્નો, નવે નિધાન મળી જાય તો પણ તે પરિણામે સુંદર નથી. જૈનધર્મના સંસ્કાર વગરનો ચક્રવર્ત્તી પણ ન થાઉં. **જૈનધર્મ સહિત ગુલામપણું ચાહે છે, પણ જૈનધર્મ રહિત ચક્રવર્તિપણું ચાહતો નથી.**

હું દરિદ્ર થઉં. દરિદ્રપણાની આશંસા કે નિયાણું નથી કરતો. નવ નિયાણામાં એવું પણ નિયાણું ચાલ્યું છે. નવ નિયાણામાં એવો પણ પ્રકાર ચાલ્યો છે. કોઈ દીક્ષા લેવા તૈયાર થાય છે. કુટુંબી, રિદ્ધિનાં બંધનો નડે છે. ભવાંતરમાં પણ આવાં બંધનો હશે, તો નડશે; માટે 'ભવાંતરમાં કુટુંબ, રિદ્ધિ ન હોય તેવા સ્થાને જન્મવું, જેથી દીક્ષામાં મને કોઈ ન રોકે.' આ નિયાણું દીક્ષાની ભાવનાએ કર્યું છે. દીક્ષામાં કેટલા વચમાં આડા આવતા હશે? આવા પણ 'હું ગુલામ થઉં' એમ નિયાણું નથી કરતા. તેટલા માટે નિયાણાના પ્રકારો છે, તેમ અહીં પણ 'અપિ' શબ્દ મૂક્યો ને ધર્મનો પ્રભાવ જણાવ્યો. ગુલામ પણ થઉં. 'ગુલામ જ થઉં' તેમ નહીં. આકાશવૃત્તિનું જીવન હોય તેવા પ્રસંગે ગુલામી પણ કબૂલ, પણ એક વસ્તુ થાય તો-'જૈન ધર્મની વાસનાવાળો થાઉં, જૈન ધર્મ વગરનો ચક્રવર્ત્તી પણ ન થાઉં.' અહીં જૈનધર્મની આટલી પ્રબળતા મુખ્યતા બની.

કુટુંબમાં જન્મેલા જીવો તે તમારા સાધર્મિકો શાથી? જિનેશ્વર મહારાજનો જે ધર્મ આપણે માનીએ છીએ તેને તેઓ માનતા હોવાથી તે આપણા સાધર્મિકો છે.

સાધર્મિકોનો પ્રતાપ.

તમે જે ધર્મ પામ્યા છો, પામો છો, પામી શકશો તે સાધાર્મિકોના જ પ્રતાપે. મોટું શહેર હોય ને એકલો શ્રાવક હોય તો તે દહેરાસર, સાધર્મિકોનો લાભ મેળવી શકે? દહેરાસરનો, સાધુનો, સાધર્મિકોનો લાભ સાધર્મિકોના જ પ્રતાપે **મળે છે, એટલા માટે કહે છે** કે એ તમને ધર્મમાં કેટલા મદદકર્તા-સહાયક છે તે ધ્યાનમાં લો. સાધર્મિક નામધારી નથી. પોતે ગુણવાન બનવા અને પોતાને ગુણવાન બનાવવા દરેક ઇચ્છે છે; પણ શાસ્ત્રકાર કહે છે કે **બીજાને ગુણવાન માનતા શીખ.** બીજાના ગુણોની કિંમત અધિક

ગણે તે જ માર્ગમાં આવી શકે. માટે કહે છે કે–રાજગૃહીમાં કાળા મહેલમાં ધર્મી પેઠા–અને ધર્મીના મહેલમાં બધા પેસી ગયા અને એ પાછા દુનિયાને અધર્મી કહેવા તૈયાર થાય છે! શાસ્ત્રકાર કહે છે કે–પોતાને અધર્મી માને તે જ ધર્મી.

પોતાના અલ્પ અધર્મને મોટું રૂપ આપે તે ધર્મી.

આ સ્થિતિ હોવાથી બારવ્રતધારી શ્રાવકો કાળા મહેલમાં પેઠા. "અમારો પ્રમાદદોષ ખરેખર ભયંકર છે." આ માનનારા કાળા મહેલમાં પેઠા હતા. તેઓ પોતાના અવગુણો જોતા ને ટાળવા તૈયાર થતાં સામાયિકમાં પ્રતિજ્ઞા કરી, સમ્યગ્દર્શનાદિ ત્રણ સ્વરૂપ જેમાંથી નિપજે તે મારે કરવું, પાપ વ્યાપારો બધા છોડું છું. 'કરેમિ ભંતે સામાઇયં' બસ. 'તસ્સ ભંતે૦' જે મેં જ્ઞાનાદિનાં૦ કાર્યો ન કર્યાં હોય, સાવદ્ય કાર્યો કર્યાં હોય, તેનું પ્રતિક્રમણ, નિંદન, ગર્હન કરું છું. "કરેલાં પાપમય આત્માને વોસિરાવું છું." કરેલાં પાપોનું નિંદન–ગર્હન ન કરે તેનું સામાયિક બને ખરૂં?

આત્મા ગુણ માટે પ્રતિજ્ઞા કરે છે. નવી પ્રતિજ્ઞા કોની સફળ? જે ભવિષ્યના, ભૂતના દોષો પ્રતિક્રમણ, નિંદન, ગર્હન, કરવાવડે કરીને વોસિરાવે તેની જ ભવિષ્યની પ્રતિજ્ઞા સફળ છે. બીજા બધા અવગુણો હોય તો પણ તેનામાં જે અંશે ધર્મ રહ્યો છે તે ધ્યાનમાં લો. નહીંતર છદ્મસ્થ આચાર્ય, ઉપાધ્યાયને શી રીતે માની શકાય? તેઓ વીતરાગ સર્વજ્ઞ નથી થયા છતાં તેમનામાં મહાવ્રત ધર્મ જબરજસ્ત છે, તેથી તેમને માનીએ છીએ. જિનેશ્વર મહારાજને શરણે આવ્યો તે ઘેલોગાંડો પણ જિનેશ્વર જેવો જ. રાજાનો પટ્ટો બાંધી આવે તો પણ તે રાજા જેવો જ ગણાય. પટ્ટાવાળામાં કશી અક્કલ નથી. છતાં રાજાનો હુકમ ઝટ માની લેવો પડે છે, તો જેણે જિનેશ્વરનો પટ્ટો લીધો છે–'હું જૈની' એમ કહે છે, તેની સાથે ભેદ કેમ રખાય?

મેતારજ મુનિને સોનીએ વાઘર–ચામડાની દોરી ભીંજાવીને માથે વીંટી તડકે ઊભા રાખી મારી નાંખ્યા. મુનિ જેવી ઉત્તમ વ્યક્તિને વાઘર વીંટી મારી નાંખ્યા. એવા ભદ્રિક જીવને વાઘર વીંટી તડકે ઊભા રાખી ઘાતકીપણે મારનાર એ મનુષ્ય સાધુનો વેશ પહેરને બેસે

છે. શ્રેણિકના સુભટો આવ્યા. 'બારણાં ઉઘાડ.' 'ધર્મલાભ' બોલે છે. સુભટોથી ત્યાં કંઈ ન થયું. 'ધર્મલાભ' બોલનાર સામે રાજના કોઈ નોકરથી સત્તા ન ચલાવાય.

ખૂનમાં મુનિમહારાજ, તે પણ શ્રેણિક રાજાના જમાઈ! તેનું ખૂન-આવું જુલ્મી કાર્ય છતાં સત્તાવાળાઓને થંભી જવું પડ્યું. મગધ દેશના માલિકને પોતાને તે સ્થળે આવવું પડે છે. જમાઈ-એક સાધુ અને તેનું ખૂન, શ્રેણિકે દ્વાર ખોલવા કહ્યું ત્યારે 'ધર્મલાભ,' શ્રેણિક કહે-'ગુનો માફ છે, બોલ,' બોલ્યું, બનાવ બન્યો, આ સાધુ-પણું છોડ્યું તો આખા કુળને ઘાંચીની ઘાણીએ પીલીને મારી નાંખીશ. મારા જમાઈ તથા સાધુમહારાજનું ખૂન કર્યું છતાં આ ધર્મલાભ ને વેશના પ્રતાપે છોડું છું. આખા રાજ્યમાં ધર્મનું કેટલું સન્માન હશે? સાધર્મિકો કેવી સ્થિતિએ ગણાતા હશે?

દરેક જીવ સાથે સંબંધો અનંતી વખત મેળવ્યા પણ સાધર્મિક તરીકેનો સંબંધ હજુ મળ્યો નથી. જે સાધર્મિકો જિનેશ્વર મહારાજનો ધર્મ માને છે, તે ધર્મના ગુણમાં જેઓ રહેલા છે, તેઓ વ્યાખ્યાન સુણતાં હોય, ત્યાં પ્રભાવના હોય, તો પતાસા લેવા એકઠા થયા છે તેમ કહો છો: પણ વૈષ્ણવના મંદિરે ચાંદીના વાડકા વહેંચે ત્યાં કોઈ જાય છે? પતાસાં આલંબન ભલે હોય. નવા જોડાય, ધર્મને પામે, ધર્મનાં બે અક્ષરો સાંભળે એટલે ધર્મમાં જોડાય. આથી જ **ભાવના સર્વ કર્મને નાશ કરનારી કહી છે, છતાં તેના કરતાં પણ પ્રભાવના અધિક કહી છે.** પગથીયે માત્ર ચડ્યો તો પણ ધન્ય ભાગ્ય. અનંતીપુણ્યની રાશીએ મનુષ્યપણું મળે તેવી પુણ્યની રાશી એકઠી કરી હોય ત્યારે અહીં પગથીએ ચડે. તેને ગુણ થવાની દિશા તરફ આપણું લક્ષ્ય નથી. એથી જ પતાસાની કિંમત ગણી, ગુણના લાભની કિંમત ન ગણી.

પોતાને જૈની કહેવડાવનારા પણ કયાં મળવાના છે? જે ગુણીઓ, ધર્મિષ્ઠો, સાધર્મિક તરીકે કહેવડાવનારા ગમે તેવા હોય; પરંતુ તેઓ અંશેય તીર્થંકરની આમન્યામાં આજ્ઞાને સમજનારા છે. નહીંતર 'ભગવાન ગયા ભડકે' તેમ કોઈ જૈન બોલ્યો? **તીર્થંકરના વચનમાં**

જે સ્થિર છે, તેવા સાધર્મિકોની ભક્તિ સર્વ પ્રકારે કરવી જોઇએ, અવશ્ય આ આપણું કર્તવ્ય છે. આવા સાધર્મિકની ભક્તિ જિનેશ્વરની ભક્તિને અંગે સાવદ્ય નહિ જ કરું, નિરવદ્ય જે કરું એવું કાંઈ વિચારો છો? ચાંદીનાં નિરવદ્ય ફૂલ મૂકું. સાવદ્ય સચિત્ત ફૂલ શા માટે મૂકું? તેમ વિચારતા નથી. તેમ શ્રાવકની 'ભક્તિ,' તે જ ધ્યેય હોવું જોઈએ.

સાધર્મિકને પહેરામણી

આચાર્ય મહારાજા દેવેન્દ્રસૂરિજી મહારાજ શ્રાદ્ધદિન-કૃત્યમાં પહેલી ગાથામાં સાધર્મિકોની ભક્તિ કેવી રીતે કરવી? તે જણાવતાં કહે છે કે– તેમાં દેશ, કુળ, જાતિનો ભેદ અવકાશ પામવો ન જોઈએ. સાધર્મિકમાં માત્ર જિનેશ્વરની માન્યતા, ગુણમાં મજબૂત, વર્તન સમાન જોઇએ. જિનેશ્વરનો ધર્મ અને તે આધારે જ પ્રવૃત્તિ, ગુણમાં નિશ્ચલપણું જોવું. આ જોઈને સાધર્મિકોની ભક્તિ કરવી. તે કઈ રીતે કરવી?

પેથડશાહ તથા જાંજડશાહના અધિકાર સાંભળો છો? શ્રાવકે દરેક વર્ષે આખા વરસમાં એક વખત આખા સંઘને નિમંત્રણ કરવું ને પહેરામણી આપવી. બાળકને બાળકનો આખો વેશ, બાલિકાને તેનો જ વેશ હોય ને યુવાનોને પાઘડી સુધીનો વેશ. બધાને એને લાયકના વેશ આપવા તે પહેરામણી. 'પરિધાપનિકાપૂર્વક'–એ જ વાત અહીં કહે છે.


ઉત્તમમાં ઉત્તમ વસ્ત્રો લાવી દરેક સાધર્મિકોને આપવાં. તે સાધર્મિકભક્તિમાં એકલાં વસ્ત્ર આપવાં?

अन्नंच दुर्भिक्षादौ દુષ્કાળ વગેરે સમયે અનાજ ઘેર ઘેર મોકલવું તેનું નામ સાધર્મિક ભક્તિ. કેટલાકો નિરવદ્ય ભક્તિ જણાવે છે. શાસ્ત્રકાર અનાજ મોકલવા કહે છે. પાણી પીવાનું. કૂવા તળાવના પાણી બધાંને મળે છે. પણ જે જે વખતે પાણીની જરૂર હોય, તે તે વખતે બધી જાતનાં પાણીઓ પણ સાધર્મિકોને આપવાં તે પણ સાધર્મિક ભક્તિ છે. તેને નિરવદ્ય માનીએ તો સિદ્ધાચલજી ઉપર કેટલાક પરબ બેસાડશે, તો તેમને કેવા ગણવા.?

વસ્ત્ર, અનાજ, પાણી આપત્રા દ્વારાએ ભક્તિ થાય. દરેક જાતનું ભોજન, ખોરાક–ખાદિમ આપવાં. હવે ખાદિમમાં એલચી, સોપારી લવીંગ આપ્યું હોય તો તે ચાલે. ખાદિમમાં ફૂલો આપ્યાં તે પણ સાધર્મિકની ભક્તિ ! ગોટાઓ આપવા, નાગરવેલનાં, ડમરા વગેરેનાં પાંદડાં અને સોપારીઓ, વસ્ત્ર, અનાજ, પાણી, ખોરાક, ખાદિમ ઉપલક્ષણથી સ્વાદિમ આપવા દ્વારાએ સાધર્મિકોની ભક્તિ થાય છે. જે મનુષ્ય શ્રાવકપણું શોભાવા માંગતો હોય તેવા મનુષ્યને–(સારા શ્રાવકોને) આ કરવા લાયક લાગે. એમાં જે ખર્ચ થયું, તે ખર્ચને સફળ ગણે. સારા શ્રાવકોનો લહાવો આમાં છે. આથી જે જે ધર્મિષ્ઠ શ્રાવકો છે તેમણે પણ લગ્ન વખતે ઓચ્છવ માંડી ધર્મિષ્ઠોનું સન્માન કરવાનું. જે જે સારું શ્રાવકપણું ધારણ કરતા હોય તે બધા વસ્ત્રાદિદ્વારા ભક્તિ કરવા લાયક જ છે. તેવી ભક્તિ કોણે કરી ? આજ્ઞાનુસારી, અને શ્રદ્ધાનુસારી શ્રાવકોએ.

બધા આજ્ઞાનુસારી ન હોય. કેટલાક હેતુયુક્ત દૃષ્ટાંતથી સમજનારા હોય. તે માટે કહે છે કે-જેમ ભરતક્ષેત્રના માલિક પહેલા ચક્રવર્ત્તી એવા ભરત મહારાજાએ સાધર્મિક વાત્સલ્ય કર્યું, સાધર્મિકોની સમગ્ર ચિંતા, આખા કુટુંબનો બધો નિભાવ પોતે પોતાના માથા પર લઈ લીધો, અને બધા સાધર્મિકોનું વાત્સલ્ય કર્યું. તેમ દરેક શ્રાવકે, દરેક સાધર્મિકોનું વાત્સલ્ય કરવું જોઈએ.

આવી રીતે સાધર્મિકના વાત્સલ્યમાં લીન રહેશે તે આ ભવ–પરભવ કલ્યાણમાળા પહેરી મોક્ષસુખને વિશે બિરાજમાન થશે.



જન્મકર્મની પરંપરા અને સમ્યક્ત્વ

દેશના ૩

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્ર મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં જણાવી ગયા કે–'આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડ્યા કરે છે.'

આ વાત સાંભળીને સવાલ થશે કે, અમને આ ભવની, આ જન્મની ખબર નથી, તેને ગયા જન્મ કે ગયા ભવનાં બુદ્ધિ–જ્ઞાન ક્યાંથી હોય ? તેની પાસે અનાદિની વાત કરો તે ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું થાય. દરેક જાણે છે કે અમે જન્મ લીધો છે. પણ ત્યારે કયી દાયણ (નર્સ) હતી, તેનો ખ્યાલ આવે છે ? માતાનું દૂધ પીધું એ સર્વ જાણે છે પણ કોઈને તે યાદ આવે છે ? આ ભવની હકીકત પણ કોઇને ખ્યાલમાં નથી. ગર્ભની દશાનો ખ્યાલ કોઈને આવે છે ? આ ભવની તાજી અનુભવેલી વાત ખ્યાલમાં આવતી નથી, તો પછી ગયા જન્મ કે ગયા ભવની વાત શાની ખ્યાલમાં આવે ? તો પછી અનાદિની વાત કરો તે શી રીતે માનવામાં આવે ? તેથી અનંતા ભવની વાત કરો, નિરૂપણ કરો તે ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું છે.

કેટલીક વખત વિશેષ ખ્યાલમાં ન હોય તો પણ સામાન્ય વસ્તુ અક્કલથી સમજી શકાય છે. દાણો હાથમાં લીધો તે કયા ખેતરમાં કયા ખેડૂતે વાવ્યો ? બીજ કયાંથી લાવ્યા હતા ? તે સર્વ ખ્યાલમાં નથી. પણ ઉત્પત્તિ–શક્તિનો વિચાર કરીએ ત્યારે માનવું પડે કે અંકુર વગર બીજ ન હોય. તે અંકુર પણ બીજ વગર ન હોય.–ઉત્પત્તિ શક્તિ પહેલાંની છે. ભલે આપણે ખેતર, અંકુર, પૂર્વનું બીજ નથી દેખ્યું; છતાં તે શક્તિ અનાદિ માનવી પડે.

જ્યાં પરસ્પર કાર્યકારણભાવ હોય, સ્વતઃ કારણકાર્યરૂપ હોય, ત્યાં તે વસ્તુ અનાદિની હોય. બીજ અંકુરનું કારણ, અંકુર બીજનું

કારણ. આ પરસ્પર કારણકાર્યભાવ છે. સાથે જ પોતે કાર્યરૂપ અને કારણરૂપ છે. અંકુર પોતે કારણરૂપ અને કાર્યરૂપ છે. આ અંકુર આ બીજનું કાર્ય છે. એવી રીતે આ બીજ આ અંકુરનું કારણ છે. પરસ્પર કાર્યકારણરૂપ હોવાથી તેની પરંપરા અનાદિની માનવી પડે છે. નહિતર બીજ વગર અંકુર થઈ જાય છે એમ માનવું પડે, પણ તે માની શકાય નહિ. તેમજ અંકુર વગર બીજ થાય છે તેમ બની શકતું નથી, કોઈપણ સમજુ બેમાંથી એકે વાત કબૂલ કરે નહિ કે અંકુર વગર બીજ હોય, કે બીજ વગર અંકુર હોય.

તે બે વાતથી ઉત્પત્તિશક્તિનો વિચાર કર્યો ત્યારે અનાદિની પરંપરા માનવી પડી. જન્મ્યા પછી ભલે આ ભવમાં લાગીએ, પરંતુ તે પહેલાં કોઇ ભવમાં આત્મા હતો. યુક્તિદ્વારા જોનાર જોઈ શકે છે કે બીજ અને અંકુરની પરંપરા અનાદિની છે. અનાદિની પરંપરા ન માને તો બીજ વગર અંકુર માનવા પડે. તેથી જ બીજ–અંકુરની પરંપરા અનાદિની માનવી જ પડે છે. ખુદ શંકરાચાર્ય વ્યાસ–સૂત્રના ભાષ્યકાર, તેમને આ વાત કબૂલ કરવી પડી; "બીજઅંકુરન્યાયેન સંસારો અનાદિઃ ઉપપદ્યતે સંસારસ્ય અનાદિત્વ." એ પ્રમાણે તેમણે વ્યાખ્યા કરી છે.

યુક્તિથી આ ઘટે છે. સ્મૃતિમાં પણ સંસારનું અનાદિપણું મળે છે. "બીજાંકુરન્યાયેન સંસાર અનાદિ" બીજાંકુરન્યાયથી સંસાર અનાદિ છે. બીજ–અંકુરની પરંપરા અનાદિની છે. પહેલો અંકુર કહીએ તો વગર બીજે અંકુર માનવો પડે, જે પોતે કાર્ય-કારણરૂપ હોય; તેવી જ રીતે પોતે પણ કાર્યકારણરૂપ. એવી રીતે ત્રીજા નંબરમાં જે અંકુર છે, તે કારણકાર્યને પરસ્પર પણ કાર્ય તરીકે છે અને તે અનાદિથી છે એમ માનવું પડે.

હવે જીવને અંગે વિચારીએ. જન્મ અને કર્મ. જેમ બીજ દેખ્યું હતું, પણ અંકુર દેખ્યો ન હતો. તેમ જન્મ તો દરેકને પ્રત્યક્ષ છે ને? જન્મ પોતાનો પ્રત્યક્ષ છે તો જન્મનું બીજ પણ પ્રત્યક્ષ છે. જન્મ વિવિધતાવાળા દેખાય છે. ધાન્ય વિવિધતાવાળું દેખાય છે. બાજરી માટે બાજરીનો અંકુર લેવો પડે. આ બધા જીવો છતાં

આપણે અમુક સ્થિતિના મનુષ્ય લેખાઈએ, તેવો જન્મ લીધો, તેનું કારણ તેવાં કર્મ : તો હવે કર્મ કયાંથી થયાં ? પહેલો જન્મ હતો, ત્યાં કર્મ કર્યાં કે જેથી તેનાં ફળ તરીકે આ જન્મ થયો ? તે વિચારવું જ પડે. હવે તે જન્મ ભવિષ્યનાં કર્મોનું કારણ છે. **જન્મ સ્વયં કાર્ય અને કારણરૂપ પણ છે, અને કર્મ પણ ભૂત જન્મનું કાર્ય, અને ભવિષ્યના જન્મનું કારણ છે. અહીં જન્મ અને કર્મ પરસ્પર કાર્યકારણરૂપ છે** સ્વયં કારણકાર્યરૂપ હોય તેવાની પરંપરા અનાદિની માનવી પડે. ભલે માનવ આ ભવને સમજી શકતો ન હોય, ગયા ભવને જાણતો ન હોય, પણ આ ન્યાયે અનાદિપણાનો વિચાર કરી શકાય. યુક્તિથી વિચારીએ તો જન્મ અને કર્મની પરંપરા અનાદિની માનવી પડે. એટલે દરેક જીવ જે જે જન્મને ધારણ કરનારો છે, તે અનાદિથી જન્મ-કર્મ કરવાવાળો છે.

દરદની ભયંકરતા સમજો

હવે કોઈ કહે કે એટલી બધી ભાંજગડ શા માટે ? 'ધર્મ કરવો" એમ તમારે કહેવું છે, તો તે જ કહોને ? આ બધી વાત કરીને શું કામ છે ? નાક પકડવું છે તો સીધું પકડો. દ્રાવિડી પ્રાણાયામ શું કરવા કરો છો ?

વાત ખરી, અમારે ધર્મોપદેશ જ કરવો છે, પણ દરેકને જન્મ અને કર્મની પરંપરા લાગેલી છે. તેથી પ્રથમ તત્ત્વ સમજો. આપણે ઘેર નાનું બાળક ૭-૮ વરસનું હોય, ઝાડા થતા હોય, વૈદ્ય રોગનું સ્વરૂપ જાણીને સંગ્રહણી કહે છે, છોકરે તે સાંભળ્યું. પડોશીએ છોકરાને પૂછ્યું કે શું કહ્યું વૈદ્યે ? 'સંગ્રહણી'. છોકરાને રોગની ભયાનકતાની અસર નથી, એ તો માત્ર અનુવાદ કરે છે. બચ્ચાંને રોગની ભયંકરતા તેટલી અસર ન કરે, એ ભયાનકતા ન સમજવાથી તેને કડવી દવા દો તો નજર ચુકવીને તે ઢોળી નાખે. દવા કોના માટે છે ? છતાં કેમ ઢોળી ? એ જ કારણ. એને દરદની ભયાનકતા વસી નથી. તમારો દાબ હોય, જોર હોય તો દવા પીએ, નહિતર નજર ચૂકવીને ઢોળી નાંખે કે પછી વૈદ્ય ઉપર દ્વેષ કરે, તેના ઉપર ચીડાય. વૈદ્ય ઉપર બળ પણ વાપરે છે. તે

વૈદ્ય તેનો રોગ કાઢવા માટે દવા આપે છે. માબાપ તેનો રોગ કાઢવા દવા પાય છે, છતાં એમ કેમ? તેને દરદના ભયંકરપણાનું ભાન નથી. દરદીને દરદના ભયંકરપણાનું ભાન ન હોય ત્યાં લગી દરદનું દુઃખ સહેવાને તૈયાર, પણ ચરી પાળવાને તૈયાર ન થાય.

કયું દરદ આ જીવને છે? તે કહેવું છેઃ તે ખ્યાલમાં ન આવે ત્યાં સુધી ધર્મરૂપી દવા, અને ગુરુરૂપી દાક્તરનું સ્થાન ન સમજાય. કુપથ્ય ખાતાં રોકનાર વૈરી લાગે છે. શાથી? દરદની ભયંકરતા તેને ખ્યાલમાં નથી આવી તેથી. તેથી ભવરોગ કે દરદની ભયંકરતા સમજ્યા વગર ધર્મોપદેશ આપે તો તે વૈરી થાય. બાધા આપી, તો બોલશેઃ 'મહારાજે બાંધ્યા–સજ્જડ બાંધ્યા. છટકવાની બારી ન રાખી.' આ શબ્દો છોકરમતના છે. જીવ અનાદિના રોગને ભયંકર ન સમજે ત્યાં સુધી આ જીવ પણ બાળક જેવો છે. દુઃખો કાઢવાનું ઔષધ ધર્મ છે. ધર્મગુરુ બળાત્કાર કરનાર પુરુષ લાગે, જેને દરદનો ખ્યાલ ન હોય તેને માટે પહેલાં દરદ સમજાવવાની જરૂર છે. ધર્મરૂપી દવા શા માટે આપવી છે? ધર્મોપદેશકના એ દવાથી પોતાના આત્માનો રોગ નથી જવાનો. અનાદિના રોગને મટાડવા માટે તે ધર્મોપદેશ આપે છે. એ રોગની ભયંકરતાનો ખ્યાલ આવે ત્યારે જ ઔષધ અને તેના દેનાર ઉપર આદર થાય.

સંસાર આવો છે, તે દુઃખરૂપે ફળે છે, દુઃખાનુબંધી છે, દુઃખ સ્વરૂપ છે. સંસારફળ પણ દુઃખ છે, સંસારનો હેતુ પણ દુઃખનો છે. પરંપરાએ પણ દુઃખ. અનાદિ સંસારનું ય દુઃખરૂપપણું-દુઃખફળ-દુઃખ હેતુ જણાવી સંસારની ભયંકરતા જણાવવામાં આવે, ને શ્રોતાને માનવામાં તે આવે તો જ ધર્મરૂપી ઔષધમાં તે આદરવાળો થાય, ધર્મ આપનાર ગુરુ તરફ આદરવાળો થાય, તેના મૂળ પુરુષ તરફ પણ આદરવાળો થાય. ધર્મ ગુરુ અને પ્રવર્ત્તક, તે ત્રણ તરફ આદર થાય તે જ સમકિત આ ત્રણની મહત્તા મનમાં વસે તેનું જ નામ સમકિત.

મોક્ષની સડક પર અંતર ચિહ્નો

હવે બળદપણું મળ્યું. ઘાંચીનો બળદ ફરવામાં સમજે, કેટલું

ફર્યો ? કેટલું બાકી રહ્યું ? તેનો હિસાબ તેને ન હોય. એવી રીતે મિથ્યાત્વી દશામાં રહેલો જીવ સંસારમાં કેટલો કાળ ફર્યો ? કેટલો ફરશે ? તેનો પત્તો નથી. અહીં સમ્યક્ત્વ ન પામે ત્યાં સુધી તેને તે સ્થિતિ ! ઘાંચીનો બળદ એમ અહીં દરદ. તેના સમજાવનાર પ્રવર્ત્તકને ન સમજે, દેવ–ગુરૂ–ધર્મ ન સમજે ત્યાં સુધી ઘાંચીના બળદ જેવો તે ગણાય. ભવની ભયંકરતા, ધર્મઔષધની કિંમત, તે દેનારની કિમત, જિનેશ્વરદેવોની કિંમત કરવામાં આવે ત્યારે તેનો હિસાબ સમજાય.

જિનેશ્વરે મોક્ષમાર્ગ પ્રવર્તાવ્યો છે. મોક્ષમાર્ગ માટે કોઈ કહે કે આંધળીયા કરીને ચાલવાનું છે. આ મોક્ષનો માર્ગ એવો વિચિત્ર છે કે ભવઅટવીમાં કેટલું આવ્યા ને કેટલું બાકી રહ્યું તે ખબર ન પડે, તેમ મોક્ષના માર્ગમાં કેટલું આવ્યા ને કેટલું બાકી રહ્યું તે ખબર ન પડે. જ્યાં કોઈ કહેનાર નહિ. જંગલની, કે દરિયાની મુસાફરીમાં કેટલું આવ્યા ? કેટલું જવાનું ? તેનો પત્તો નહિ, તેમ આપણી તેવી જ પ્રવૃત્તિ છે. આપણે બધા મોક્ષ માટે પ્રવર્તીએ છીએ. કેટલું આવ્યા ? હવે કેટલું બાકી છે ? તેનો પત્તો નથી. ચાલ્યા છતાં કેટલું આવ્યા ? કેટલું બાકી ? તે ખબર ન પડે તેવી મુસાફરી કરનારને કહેવું શું ?

આપણે પણ મોક્ષના મુસાફર બન્યા, તો આપણે જંગલી જ ગણાઈએ. અહીં તો સ્થળે સ્થળે અંતરના માપ પથ્થર છે. ઠેઠ મોક્ષના સીમાડા સુધી છે. તે તમેઆવ્યા કેટલું ? જવાનું કેટલું બાકી છે, તેના માપ છે. પછી જે સડક ઉપર માઈલના માપ–આંક લખેલા છે તે સડક પર આંખ મીંચીને ચાલો તો ખબર ન પડે, તો તેમ વાંક સડકવાળાનો, માપ પથ્થરનો કે તમારો? મોક્ષમાર્ગને અંગે સ્થળે સ્થળે માપ જણાવનાર પથ્થર છે. તે ઉપર તમે નજર ન કરો તો શું થાય ? આપણે આંખો મીંચી અંધારી રાતે મુસાફરી કરીએ તો ?

કંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત્ત બાકી રહે ત્યારે સમકિત. વધારે સંસાર બાકી હોય તો સમ્યક્ત્વ ન થાય. વધારેમાં વધારે સમકિત પામીને પડી ગયેા એવેા જીવ જગતનાં જે જે મોટાં પાપ કહેવાય છે તે બધાંય પાપ કરી લે તો પણ તે અર્ધપુદ્ગલપરાવર્ત્તમાં મોક્ષે જાય, જાય ને જાય જ. એમ અહીં મોહની ૭૦ કોડાકોડ સાગરોપમ સ્થિતિ, તેમાં અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિ. તેથી આગળ બીજો માપ પથ્થર દેશ

વિરતિનો, જેમાં ૭ થી ૮ ભવે મોક્ષ. ૭–૮ ભવ મોક્ષે જવામાં બાકી હોય ત્યારે દેશવિરતિનો માપ પથ્થર, આઠ ભવમાં જ, જેની પરંપરા આરાધનામાં જ હોય તો તેને આઠ ભવ. સાધુપણું મળે તો આરાધના-વાળાને ત્રણ જ ભવ. વીતરાગપણું મળે તો તે જ ભવ. સર્વજ્ઞપણું મળે તો ક્રોડ પૂરવથી વધારે આંતરું ન હોય. આયોગીપણું આવ્યું હોય તો પાંચ હ્રસ્વાક્ષર જેટલો કાળ. એ માપ પથ્થર પર નજર કરીએ તો જાણકાર–મુસાફર બનીએ. એ સમ્યક્ત્વનો માપપથ્થર. માપ મોક્ષના માર્ગમાં શાસ્ત્રકારોએ કાઢ્યો છે. એનું જ નામ સમ્યક્ત્વ. એ જ માપ પથ્થર. એ જ સ્થળે સમ્યક્ત્વ. તે કોઈનું દીધેલું, લીધેલું, નથી, તેમજ કોઈથી કહેલું, ચોરેલું, હરાયલું થઈ જતું નથી.

આપણે કોઈને સમકિતી, મિથ્યાત્વી કહીએ તે લવારો છેઃ તે દેવા લેવાથી આવવાવાળી ચીજ નથી. પરિણતિ એ આવવાવાળી ચીજ છે. આત્મિક અરૂપી ગુણ છે, તે માટે જણાવ્યું. સંસારની દુઃખરૂપતા –દુઃખફળતા, દુઃખઅનુબંધીતા સમજે, તે દરદને ટાળનાર ધર્મ ઔષધ છે. ગુરુ ધર્મઔષધના દાતા છે. તેના પ્રવર્ત્તક દેવ છે. આ ત્રણેની પ્રતીતિ એનું નામ જ સમકિત.

દિગંબરોને ગરાસિયા માફક ચોરી કરતાં પણ નઆવડી.

શાસ્ત્રો ને શાસ્ત્રોને ઉડાવેલ દિગંબરો કહે છે કે આગમ એકે નથી. આમ કહી તેમણે બધાં આગમો ઉથાપ્યાં, છતાં કહે કે–અમે સમકિતી ! તે પોતાને સમકિતી હોવાનો દાવો કઈ રીતે કરે છે? ધર્મદાતાને ઉડાવનાર, ધર્મઔષધ મળ્યાનો દાવો શી રીતે કરી શકે? દારૂના ઘેનમાં ચકચૂર બનેલો શું ન બોલે? માતાને બાયડી, અને બાયડીને બહેન કહી દે. દારૂના ઘેનમાં ચકચૂર બનેલો વાસ્તવિક બોલવાનું શીખ્યો ન હોય. *કદાપિ વાસ્તવિક બોલી દે, પણ તે ડહાપણનું* વાક્ય ન બોલે, તેવાને શાસ્ત્રો નકામાં, હું કહું તે જ માનો. (દિગંબરને કહે છે)

તમારા આચાર્યે ગ્રંથો તૈયાર કર્યા–તે આગમના આધારે કે સ્વતંત્ર કલ્પનાથી? બારદાન પકડી રાખ્યું, માલ જવા દીધો. આગમ હતાં તે વખતે તમારા આચાર્યે ગ્રંથો કર્યા તો 'ગ્રંથો પકડી રાખ્યા ને સર્વજ્ઞનાં વચનો જવા દીધાં,' તિજોરી લુંટાવા દીધી, કાગળિયાંને

પકડી રાખ્યા. સર્વજ્ઞનાં વચનોનો સર્વથા વિચ્છેદ થવા દીધો. ઠાકોર-મલજીનો અનામત દાબડો જાય ને તમારી વીંટી ન જાય તો સામો શું ગણે? તેમ તેને સર્વજ્ઞનાં વચનની ચીંદરડી પણ ગઈ! તમારા નાના મોટા બધા ગ્રંથો રહી ગયા, તે વખતે આગમો ન હતાં? તે વિચ્છેદ થયાં હતાં તો તમારા આચાર્યે કયા શાસ્ત્રમાંથી લીધું?

શ્વેતામ્બરની મૂર્તિ, દેરાસર, તત્ત્વાર્થશાસ્ત્ર, 'નૌકાદૃશ જિને' કહી તમારું ખંડન, 'મૂર્ચ્છા પરિગ્રહ,' પૌષધના અતિચારો, શ્વેતામ્બરનાં–શાસ્ત્રો તેને 'અમારા હક્ક' કહો છો! અહીં ઉમાસ્વામિ મનાયા. તેમણે ઉમાસ્વામી માન્યા, ગૃહસ્થપણામાં ઉમા નામ હશે! સાધુ થયા ત્યારે સ્વામી કહો છો, તો તેમનું નામ ગૃહસ્થપણામાં ઉમા હતું? પરંતુ કહો કે ગરાસિયાની ચોરી પકડાયા વગર ન રહે.

એક ગરાસિયો શેઠના ઘર પાસે રહેતો હતો. તાકડો મળે તો શેઠને ઘેરથી ઘી ઉઠાવી લાવું. ગરાસિયો ઘરમાં પેસીને ઘી ચોરે છે. ઘી શિયાળાનું હોઈ, લચકો લઈ નીકળવું શી રીતે? ફેંટો બાંધતાં ફેંટાના છેડામાં ઘાલી દીધું, તે નીકળ્યો. ત્યાં શેઠ આવ્યા. પાડોશીને બીજું શું કહેવાય? 'હા, ઠાકોર મળવા આવ્યા હતા? બહાર ગયો હતો. તે કયાં ગઇ હતી?' 'સામા ઘરમાં શેઠાણી ગયા છે. હું તો સાતા પૂછવા આવ્યો હતો.' હવે પેલો ગરાસિયો સાતા પૂછવાની વાત કરે છે.

પોપટ પાળેલ હતો. તે પાંજરામાંથી પોપટ કહે છે કે–મારું કહ્યું કોઈ માનો રે, રે, ઠાકોરને કોઈ અડધો કલાક તડકે રાખો! રે!

શેઠજીથી સમજાયું નહિ. હવે આપણે શું કરવું? તમે સુખ-સાતામાં છોને? વાતો કરતાં કરતાં તે તડકે લઈ ગયો. પાંચેક મિનિટ થઇ એટલે તડકામાં ઘીનો લોચો પીગળ્યો ને રેલા ઉતર્યા! આ શું? ત્યાં બિચારાને ચોર તરીકે જાહેર થવું પડ્યું. ગરાસિયો ઘી ચોરે તે વાત કેટલો વખત છાની રહે? તેમ શ્વેતામ્બરના ગ્રંથોને ચોરે તે વાત કેટલો વખત છાની રહે? ઉમાસ્વામિ નામ રાખે તો ગૃહસ્થપણાનું નામ ઉમા આપવું પડે. ગરાસિયાની ચોરી તડકે તડફડી ઊઠી! દિગંબરો સર્વ શાસ્ત્ર અપ્રમાણ ગણી ધર્મને ચાહવાવાળા ગણાયા- જૈનમાંથી ઢુંઢિયા પણ ૩૨ આગમ માને, ૪૫ આગમ નહિ માને. તેમણે વળી ૧૩ તફડાવ્યાં. શાસ્ત્રને મારી નાંખે તેવાને સમકિતનું કયું ઠેકાણું?

માટે દુઃખરૂપ, દુઃખફળ, દુઃખહેતુવાળા સંસારનું ભાન થાય તેને આ દવા તે દરદ ટાળનાર છે. તેવા દાતાને પ્રવર્ત્તકની પ્રતીતિ થાય, ત્યારે દેવ-ગુરુ-ધર્મની પ્રતીતિ તે સમ્યક્ત્વઃ દર્શન-બોધ-પ્રવર્ત્તિ ત્રણેમાં સમ્યક્પણું રહેલું છે. ત્રણેમાં સમ્યક્પણું છતાં તમે સમ્યક્ત્વ શબ્દથી એકલી માન્યતા કેમ પકડો છો? તે પ્રશ્ન બદલ કારણ જણાવ્યું કે-મહાનુભાવ! જેને લીધે ઘરમાં લક્ષ્મી આવે, એક કુટુમ્બમાં ૧૦ કે ૧૧ બાળકો જન્મે, તેમાં જેનો જન્મ થાય ને લક્ષ્મી આવે, તે વખતે ભાગ્યશાળી કોને ગણીએ? છતાં એ મિલકતના માલિક આખું ઘર. ઘરમાં અગિયારે મિલકતના માલિક, છતાં ભાગ્યશાળી એક જ! એકના જન્મે જ લક્ષ્મી વધે છે. એકના પ્રવાસથી લક્ષ્મીમાં ધક્કો લાગે તેવા એકને ભાગ્યશાળી કહીએ છીએ. જેમ જેના જન્મે લક્ષ્મીની પ્રાપ્તિ, પ્રયત્ન ને લક્ષ્મીનો લાભ, તેમ જેના જવાથી ન્યૂનતા. જેના આવવાથી લક્ષ્મીની વૃદ્ધિ થાય, તેવાને ભાગ્યશાળી કહીએ તેમ ઘણા જ્ઞાનીઓમાંથી જેના જ્ઞાનમાં સમ્યક્પણું-પ્રવૃત્તિમાં સમ્યક્પણું તેને ભાગ્યશાળી કહીએ, પણ તે તેના નશીબનું નથી.

જ્ઞાનનું સમ્યક્પણું તેના નસીબનું નહિ. પ્રવૃત્તિમાં સમ્યક્પણું પ્રવૃત્તિનાં નસીબનું નહિ. નવ પૂર્વનું જ્ઞાન અભવ્યને, નવ ગ્રૈવેયકને. લાયકનું ચારિત્ર અભવ્ય પાળે છતાં સમ્યક્પણું નહીં. સમ્યક્પણું એ જ ચારિત્ર. જ્ઞાન સમ્યક્ આવે ત્યારે જ સમ્યગ્જ્ઞાન ને ચારિત્ર, બોધમાં સમ્યક્પણું ખરૂં પણ પારકું. બોધના પ્રભાવનું નહિ પણ સાચી માન્યતાના પ્રભાવનું સમ્યક્ત્વ છે. સાચી માન્યતા હોય તો જ સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર. જ્ઞાનના ને ચારિત્રના ઘરનું સમ્યક્પણું નહિ. બાળ તપસ્યા શાસ્ત્રીયજ્ઞાન એ બધું પણ જ્ઞાનને અજ્ઞાનરૂપ પણ હોય. સમ્યગ્ માન્યતા હોય તો જ આ બેનું સમ્યક્પણું. માન્યતાનું ઉલટાપણું થાય તો બોધ ને ચારિત્રનું ઉલટાપણું થાય.

હવે સમ્યક્પણું કોના આધારે? માન્યતાના આધારે. સમ્યક્પણું જ્ઞાનચારિત્રમાં કહ્યું છે. આ વાત કલ્પનાથી કરીએ છીએ, તેમ નહિ. શાસ્ત્રકારે એ વાત દૃઢ કરી છે. સમ્યગ્ માન્યતાને સમ્યક્ત્વ કહેવાય. હવે એ સમજી સમ્યક્ત્વને મજબૂત કરવાની કેટલી જરૂર છે અને તેની શોભા કરવા માટે કયા આભૂષણની જરૂર છે. તે અગ્રે.

દુર્લભ મનુષ્ય જીવનનો સદુપયોગ

દેશના ૪

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ શ્રી ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે-આ જગતમાં મિલકતની માલિકી-કબજો મળે, માલિકી-કબજો હોય પણ જેને મિલકતની દુર્લભતાનો ખ્યાલ નથી, સદ્વ્યવસ્થા કે તેના સદુપયોગ, દુરુપયોગનાં નુકશાનનો ખ્યાલ નથી, તેવાને તેની વ્યવસ્થા કરવાનો હકક મળતો નથી.

એક શેઠનો છોકરો સગીર હોય. કહો, તેની મિલકતનો માલિક કોણ ? તે સગીર છોકરો. છતાં તે કોઈને મિલકત વેચાતી આપે તો કાયદો કબૂલ કરે ? ભાડે આપે તો પણ કાયદો કબૂલ કરે ? તમારે ઘેરથી નાનો છોકરો રૂપીઓ લઈને મીઠાઈ લેવા જાય તો કંદોઈ મીઠાઈ આપે ખરો ? કેમ ? એ રૂપિયાને છોકરો સમજતો નથી. જે વસ્તુની મુશ્કેલીને સમજતો નથી, સદુપયોગના ફાયદાને, દુરુપયોગનાં નુકશાનને સમજતો નથી, તે વ્યવસ્થા કરવા લાયક નથી.

આ વાત ખ્યાલમાં રાખી વિચારો કે તમે મનુષ્યપણાના માલિક છો. તેમાં ભાગીદાર નથી, સ્વંતત્ર માલિક છો. તમારા કબજાની ચીજ છે. આ બે વાનાં છતાં પણ તમે મનુષ્યપણાની દુર્લભતા સમજી શકતા નથી. સદુપયોગનું ફળ, દુરુપયોગનું નુકશાન ન સમજે ત્યાં સુધી તેની વ્યવસ્થા કરવાનો તમને હક્ક નથી. આથી તમારી વસ્તુ-મનુષ્યપણું ઝૂંટવી લેવા અમે નથી માગતા. તમે મુશ્કેલી સમજો. રીસીવર છોકરાને કેળવણી આપી લાયક બનાવે. રીસીવર તેની મિલકત ઝૂંટવી લેવા નથી માગતો, તેમ મનુષ્યપણાને સમજનારો થાય તેવું ગુરુમહારાજ શાસ્ત્રજ્ઞાન આપી લાયક બનાવે. તેઓ કાંઈ ઝૂંટવી નથી લેતા.

શાસ્ત્રકાર જણાવે છે કે-મહાનુભાવ ! (શેઠને ઘેર છોકરો જન્મે, તેને બાપની મિલકત મળે પણ તેને મિલકત મેળવવાની મુશ્કેલીનો

ખ્યાલ ન આવે તેમ) અજ્ઞાની જીવને મનુષ્યપણું કેવી રીતે મળ્યું તેનો ખ્યાલ ન આવે.' પહેલવહેલી તારી કઈ દશા હતી ? અનંતા ગોઠીયા એકઠા કરતો હતો, એ બધાની સાથે મળીને રહેવાનું. એ બધાનું બળ મેળવી (નિગોદનું) એક શરીર મેળવવા તેઓ સાથે મહેનત કરતો હતો, ત્યારે ન દેખાય તેવું આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર કરી શકતો હતો.

ઉન્નતિ પહેલાંની આ સ્થિતિ હતી. સાથે અનંતા પ્રયત્ન કરે ત્યારે દેખાય નહિ તેવું શરીરમાત્ર બનાવી શકાતું.

જગતમાં બધે મકાન મિલકતમાં ભાગીદારી હોય પણ દુનિયામાં ખોરાકખાતામાં ભાગીદારી ન હોય. શરીરમાં, શ્વાસમાં, આહારમાં ભાગીદારી ન હોય, છતાંય તે ભાગીદારીમાં રહેવું પડ્યું હતું. અનંતા જીવો એકઠા ન મળે ત્યાં સુધી આહાર, શરીર, શ્વાસ નહિ. પહેલાની દરેક જીવના આ દશા હતી ! તેમાંથી ભવિતવ્યતાના યોગે કર્મ વધારે ન બંધાયાં. પહેલાંનાં તૂટ્યાં એટલે કંઈક આગળ વધ્યો. વચ્ચે આહાર શરીર, શ્વાસ, અનંતા કર્યા, પરંતુ માત્ર ફરક કેટલો ? કે દેખાય તેવું હવે શરીર મળ્યું. એમાંથી જ્યારે ઉત્ક્રાંતિ થઈ ત્યારે એક જ જીવે એક જ શરીર મેળવ્યું, તે પણ ન દેખાય તેવું ! તેમાંથી આગળ વધ્યો ત્યારે દેખાય તેવું શરીર મળ્યું. ત્યાં જ્ઞાન માનીએ તો સ્પર્શ જાણી શકે તેટલું જ જ્ઞાન, રસ જાણવાની તાકાત નથી, ઝાડને કડવું કે મીઠું પાણી સીંચો તે પણ પી લેશે. પરિણામ ગમે તે આવે. તેને રસનો વિષય જ નથી. રસનો વિષય હોય તે જ ખરાબ રસ છોડે ને સારો લે.

ક્ષયોપશમ કંઈક વધ્યો ત્યારે તે જીવ રસ જાણવાની તાકાતવાળો થયો. તેમાં સંખ્યાતા સાગરોપમો સુધી ભટકયો અર્થાત્ દરિયામાં પાણી ઉપર અથડાતી ચીજ કોઈવખત આમ, કોઈ વખત તેમ ફરે, તેમ આ જીવ પણ રસ જાણવાની તાકાતવાળો થયો, છતાં અથડાતો રહ્યો. આમ રખડતાં અનંતી પુન્યાઈ વધી ત્યારે ગંધ જાણવાની તાકાત મળી. તેથી અનંતી પુન્યાઈ મળી. એમ કરતાં અનંતી પુન્યાઈ વધી, ત્યારે રૂપ જાણવાની તાકાત મળી. પછી અનંતી પુન્યાઈ વધી ત્યારે શબ્દ

જાણવાની, પછી વિચાર કરવાની તાકાત મળી. નાના બાળકને કોહીનૂરની કિંમત ન હોય પણ સમજણો થાય ત્યારે તો કિંમત સમજવી જોઈએ ને? આટલી સ્થિતિએ આવ્યા, શબ્દ પારખવાની તાકાત વધારે છે. ભૂલા પડયાનો રસ્તો કૂતરા વગેરે જાણી શકે છે. એક ગામથી બીજે ગામ જવા માટે તે રસ્તો નહિ ભૂલે તેવી તેનામાં તાકાત છે. સ્પર્શ, રસ, ગંધ રૂપ, શબ્દ, વિચાર કરવાની પણ તાકાત તેનામાં છે. હાથી, ઘોડા, કૂતરામાં વિચાર કરવાની તાકાત છે.

પોષક કે પ્રતિસ્પર્ધી, શેરીનો કે બહારનો, ચોરકે શાહુકાર–તે સમજી શકે છે. તેમાં પણ મનુષ્યપણું મેળવવું મુશ્કેલ છે. તેના તેના કારણમાં કહેવું પડયું કે–**મનુષ્યપણું કોઇની મહેરબાનીથી મળેલી કે આપેલી ચીજ નથી. મનુષ્યપણું એ સ્વયં મેળવેલું** છે, સીધી દૃષ્ટિએ આપેલું હોય તો તેના ગુણ ગાઇએ. વેપારમાં બે પૈસા મળ્યાં તો તેનો યશ ઈશ્વરના માથે નાખ્યો. પણ આડકતરી રીતિએ વિચારીએ તો જેને પૈસા ન મળ્યા તેને તો ઈશ્વરની કફા મરજી ને? બે છોકરા બાયડીને મળે તો 'ઈશ્વરે આપ્યાં' એમ કહે છે, પણ મરણ થયું તો શું ઈશ્વરે લઈ લીધાં? તેમાં તેની કફા નજરને? તારા હિસાબે તેની મહેરબાની જણાવતાં અર્થ કયો થયો?

એક વકીલ પ્રેકટીસ માટે સોલીસીટરને ત્યાં આવ્યો છે. સોલીસીટરે તેની પરીક્ષા કરવા એક પ્રશ્ન કર્યો કે આટલી લીટી કરું છું---આ લીટીને કાપવી નાહ, વધારવી નહિ, અડકવું નહિ પણ તેને નાની કરી દેવી, શી રીતે! આવવાવાળો વકીલ અક્કલવાળો હતો. તેણે પેલી લીટીની પાસે મોટી લીટી કરી. અડકયા વગર, કાપ મેલ્યા વગર પોતે મોટી લીટી કરી એટલે પેલી લીટી આપોઆપ નાની થઈ ગઈ!

જો ઈશ્વરે બે છોકરા આપ્યા તો તેની ઉપર ઈશ્વર મહેરબાની કેમ નથી રાખતો? તો મનુષ્યપણું કોઈએ આપ્યું નથી, પણ આપણે મેળવેલું છે.

મનુષ્યપણું મેળવવાના ઉપાયો : સ્વભાવથી મંદકષાયો.

'पयईइ तणुं कसाओ दाणुरुई भज्जिम गुणे।'

અર્થ: પાતળા કષાયવાળો–મનના વેગો ઉપર કાબૂ ધરનાર.

મનના વેગો જાનવરને પણ છે. જાનવરને લોભ, ક્રોધ, ગુમાન નથી હોતા, તેમ નહિ. ક્રોધાદિ ચારે માનસિક વિકારો જાનવરમાં પણ રહ્યા છે. બધામાં રહ્યા છે, પરંતુ જે આવતી જિંદગીમાં મનુષ્ય થનાર હોય તે જીવ તેની ઉપર કાબૂ ધરનાર હોય. તે કાબૂ કયા સ્વરૂપનો ? વખત દેખી બધા કાબૂ ધરે છે રોટીવાળા રોટલો આપે એટલે કૂતરો પોતાના જીભ, પૂંછડું, ટાંટીઓ તાણે તો તેને પણ કરડતો નથી. કારણકે તે જીવાડનાર છે, રમાડનાર છે. બીજો કોઈ અડપલું કરે તો તેને કરડે. એક જગ્યાએ તેણે ગુસ્સો કબજામાં લીધો. **સ્વાર્થસિદ્ધિ માટે, સ્વાર્થપોષણ માટે જગત્ ક્રોધાદિક ઉપર કાબૂ રાખે છે,** પણ તેવા કાબૂથી મનુષ્યપણું ન મળે. સામો કલેક્ટર આવે, કલેક્ટરનો ધક્કો તમને વાગે, તમે 'માફ કરજો' કહો છો. માફી કલેક્ટરે માગવાની હતી પણ તેને એમ કહો તો ? 'મત બોલ માર આયગા,' એટલે આપણે સામેથી માફી માગીએ.

ધર્મ–દેરાસરની વાત લો. ધર્મક્રિયાને અંગે લો. માફીના પ્રસંગે ગૂનો છતાં 'હું કેમ માફી માગું ?' પહેલાં આપણે લેવા દેવા નથી. આપણને ધક્કો માર્યો છતાં સાહેબ, માફ કરજો, તો કાબૂ કયાં ? સ્વાર્થને હાનિ પહોંચે તે ધારીને માફી ઉપરથી માગી.

દોસી વાણિયા દુકાન પર ઘરાકને માલ આપે, ભાવ કહે. 'શેઠ, સાચું કહો, સાચું કહો,' ઘરાકે તેમ કહ્યું. તેનો અર્થ શો ? 'તમે જૂઠા બોલો છો.' તેમ કહે છતાં આંખ લાલ ન થાય. આટલો ફેરફાર. કેમ ભાઇ, આમ કેમ ? આ ગુસ્સાનું દૃષ્ટાંત દીધું. તેમ માન, માયા, લોભમાં પણ સમજવું. સ્વાર્થસિદ્ધિ માટે દરેક ક્રોધ ઉપર કાબૂ રાખે છે, પણ તેવા કાબૂથી મનુષ્યપણું ન મળે, સ્વભાવથી પાતળા કષાય હોય તો મનુષ્યપણું મળે. અમલદાર ઉપર ક્રોધ કરતાં પહેલાં તેનો ઉપરિ કાબૂ રાખે, તેમ ન્યૂનશક્તિવાળા સાથે પણ ક્રોધ ઉપર કાબૂ રાખવો જોઈએ.

ચાલ બેન, ચાલ.

સ્વભાવ માટે દૃષ્ટાંત : એક ગામમાં કુંભારણ રહે છે. જેઠ મહિનાનો વખત છે. ૧૨॥ વાગ્યા છે. ગધેડી ઉપર માટી નાખી શહેરમાં

આવે છે. ભૂખી, તરસી ગધેડી ધીમી ચાલે છે. પેલીને ઉતાવળે ચલાવવી છે. ડફણું મારે છે અને મોઢેથી 'ચાલ બેન, ચાલ' કહે છે ! સામેથી આવનાર મનુષ્ય આ સાંભળી વિચારે છે કે–આ શું ? તેણે તેને ઊભી રાખી. 'બેન, આ તું શા મુદ્દાથી બોલે છે ?' તેણીએ કહ્યું : 'કારણ છે. હું માટી ઉતારી બજારમાં જઈશ, માએ ત્યાં વાસણો વેચવા ગોઠવ્યાં હશે, તે વાસણો લેવા માટે ઠાકોર–શેઠની છોકરીઓ, બેનો આવશે. એક દામ લેવા માટે એકવીસ ઠામ ઊંચા નીચા કરશે. ટકોરા મારશે, કિંમતમાં હું બે જ પૈસા કહીશ છતાં તે દોઢ પૈસો કહેશે. પાંચ પાઈ કરતાં કલાક કરશે. તે વખતે હું "રાંડ! કમારજા ! લેવું હોય તો લે, નહીં તો ચાલતી થા" તેમ કહું તો શું થાય ? માટે સ્વભાવમાંથી 'રાંડ, કમારજા' શબ્દ જ કાઢી નાખ્યો છે. ગમે તેવી ટંટાવાળી સ્થિતિમાં પણ આવું બોલું, પણ બીજા હલકા શબ્દો ન બોલું.' આનું નામ તેણે શબ્દને સ્વભાવથી સુધાર્યા.

તેમ આત્મા ક્રોધાદિક ઉપર કાબૂ મેળવવા સ્વભાવથી કષાયો પાતળા કરી નાખે, કૃત્રિમ નહીં. નુકશાનમાં મૂળનું નુકશાન થાય ત્યારે વ્યાજ પણ છોડી દઈએ છીએ. નુકશાનના ભયે ગુસ્સા ઉપર, ગુમાન, પ્રપંચ, લોભ ઉપર કાબૂ મેળવાય છેઃ તેવા કાબૂથી મનુષ્યત્વ મળી ન જાય !

તો કયો કાબૂ **મનુષ્યપણું આપે છે ?**

ચારે કષાયો ઉપર કાબૂ મેળવાય, તો જ મનુષ્યપણું મળે. કયો કાબૂ?

કૂતરો ડાંગ દેખી કરડવા ન આવે તો **તે મનુષ્યપણું મેળવી લે ?** ગુસ્સા ઉપર કાબૂ તો મેળવ્યો પણ તે નુકશાનના ભયે ક્રોધ ઉપર કાબૂ મેળવ્યો, તેથી મનુષ્યપણું ન મળી જાય. કેમ ? સ્વભાવે અનર્થ થશે તે વિચારણા જ નહીં. ત્યારે સ્વભાવે જ માનસિકવિકારો ઉપર કાબૂ ધરવાનું થાય, તે જીવ આયંદે મનુષ્ય થઈ શકે; માટે સમજો કે આપણને મળેલું મનુષ્યપણું કેટલું મુશ્કેલ છે ? તે મુશ્કેલી પસાર કરી ત્યારે જ મનુષ્ય થયા. અફીણનાં વ્યસનવાળાને લાડુ, પેંડા જમાડો પણ અફીણ ન મળે તો તેને બધું લૂખું–નકામું લાગે.

જેને જે ટેવ પડી હોય તે તેમાં જ મસ્ત રહે. તમે

ગુસ્સા પર કાબૂ ન મેળવ્યો હોય તો તમે કયી ગતિમાં મસ્ત રહેવાના ? બાળક સર્પને રમાડે તો પણ સાપ ડંખ દઈ તેને મારી નાખવાનો. લાકડી મારે તોપણ તે લાકડીને ડંખે. તેનું શાસ્ત્ર જ એક. ગાય ભોળી જાત ગણાય છે. ગાયને અંગે વિચારીએ તો શીંગડું એ જ એના બચવાનો ઉપાય. તેને ગુસ્સો આવે તો તે શીંગડાથી જ મારે. પછી સ્ત્રી, બાળક કે વૃદ્ધ હોય ! બીજાને શું નુકસાન થાય તે જોવાનું જ નહીં.

જે પોતાના ગુસ્સાને સફળ કરવાનું શીખ્યો, તે કઈ ગતિને લાયક બને ? જ્યાં ગુસ્સાની હદ નથી, **ગુસ્સા–ગુમાન પર કાબૂ મેળવનારા ન હોય, તેવા જીવો સર્પાદિકની જાતિમાં ઉપજે.** તે પોતાના ગૂનાનું ફળ પોતે જ ભોગવે છે. ગુસ્સા–ગુમાન, પ્રપંચ કે લોભ ઉપર કબજો રાખ્યા વગર મનુષ્યજાતિમાં જન્મ લઈ શકાતો નથી, માટે શાસ્ત્રકારે કહ્યું છે કે– **મનુષ્યપણું મેળવનારો જીવ સ્વભાવે પાતળા કષાયવાળો હોવો જોઈએ.** આ તો મનુષ્ય ગતિને અંગે જણાવ્યું. જ્યાં જીવનનાં સાધનો ન મળે ત્યાં મનુષ્ય ગતિય શું કરે ? મનુષ્ય ગતિ જેવી વસ્તુ મળે છતાં તે ટકવાનાં સાધનો ન હોય તો ?

દાનરુચિ

મનુષ્યપણાનું જીવન એટલી બધી જરૂરીઆતથી ભરેલું છે કે તેટલી જરૂરીઆત બીજી કોઇ જગ્યાએ નથી. તમે પૃથ્વી વગર ઊભા રહી ન શકો. તમે પૃથ્વીની દરકાર રાખો, પૃથ્વીને તમારી શી દરકાર ? પાણી વગર તમે જીવી ન શકો, પાણીને તમારી દરકાર નહીં. હવા, અગ્નિ, વનસ્પતિમાં પણ આ વાત. હાથી, ઘોડા, ભેંસો, ગાયો, બધાની તમારે દરકાર. તમારું જીવન અનેક હાજતોથી ભરેલું છે. તેથી હાજતો પૂરી કર્યા વગર તમે જીવી શકો નહિ. તેથી **દાણરુઈ.** જે દેતાં શીખ્યો હોય તે જ મનુષ્ય થાય ને ? તેને બધી હાજતો પૂરી પડે નહીંતર તે જીવી શકે નહિ, બાળણપણમાં કે ગર્ભમાં કે જન્મતાં જ ચાલ્યો જાય.

જે હાજતોથી જીવવું છે તે હાજતો પૂરી પાડનાર કોણ ? પહેલા ભવમાં દીધેલા દાનનું પૂણ્ય જ હાજત પૂરી પાડે છે. દાન દેનારો નહીં પણ દાનરુચિ. **દાન અને દાનરુચિ જુદી વસ્તુ છે.** દાન દરેક દે છે, પોતાની સ્થિતિ જાળવવા માટે, લોકોના સહકાર માટે, લોકોના ભયથી દેવું તો પડે છે. પરંતુ તે દાનરુચિ ન ગણાય.

એક પાઠશાળાની કે પાંજરાપોળની ટીપ આવી. તેમાં મંગળભાઈએ રૂપિયા ૫૦૦) લખાવ્યા. હવે પાનાભાઈ સમજી ગયા કે હવે આપણને રૂપિયા ૪૦૦) થી નહીં છોડે. એટલે પાનાંભાઈ બોલવાની શરૂઆત કરે કે જુઓ આજનો વેપાર, આજના વેપારની શી દશા છે? **કાળી સાઇડ પોતાના હાથે રજુ કરે છે. પોતાને આવું કહેવા બીજો આવે તો પોતે** ચીડાય. પેલો ટીપ કરવાવાળો વસ્તુની જરૂરીઆત જણાવે છે, ત્યારે કહે કે-લખો. તેમાં પણ ૩૦૧થી શરૂઆત કરતાં ૩૫૦માં પતી જાય તો માનો કે ૧૫૦ બચ્યા, હાશ! આમાં ૩૫૦ નું શું શું થયું? એ ખાડામાં ગયા, એળે ગયા! ન આપ્યા, ન ભરાવ્યા તે બચ્યા; ત્યારે જે આપ્યા તેનું શું થયું? એ જગ્યાએ દાનરુચિવાળો હોય તો કહે કે-મને ૪૦૧ ભરવા ઠીક લાગે છે. તમે કહો તો થોડાક વધારે ભરું. આ છે દાનરુચિ. પહેલાં તેવી રુચિ વિના પણ ૩૫૦નું દાન તો થયું હતું; પણ તેમાં શું વળ્યું? એ તો શેકીને તમો વાવો છો.

એક ખેડૂત દાણા વાવવા ગયો. વરસાદ આવશે તો સડી જશે. લગીર ગરમ કરીને વાવીએ તો શરદી ન થાય. લાવને તાવડા પર ગરમ કરું? ગરમ કરીને વાવ્યા તેમ દાનવાળા સીધા ન વાવે. દાનરુચિ વગરના શેકીને વાવે. આ જે મનુષ્યપણું મેળવ્યું તે કયા ઝાડનું ફળ? સ્વભાવે પાતળા કષાયપણું રાખ્યું હતું, તેનું ફળ-મનુષ્યપણાના જીવનનું ફળ-દાનરુચિપણાનું ફળ છે. નહીંતર સાપ કે ઘો થાત.

મનુષ્ય શાથી થયા?

અહીંથી 'લઉં, લઉં'વાળાને દાનરુચિ નથી. ધન મળ્યા પછી હવે તે વાપરવાનું ભાગ્ય મેળવું તે દાનરુચિ. મળેલી લક્ષ્મી દાનમાં ઉપયોગી થાય તે તો લેખે ગણાય. તે દાનરુચિ કહેવાય. મળેલ લક્ષ્મીનું દાન, નહીંતર ભોગવટો ને છેવટે નાશ. નાશ છેલ્લો રસ્તો ન હોય, તો તમારી પેઢીઓ કેટલી થઇ? ગણતરી વગરની. હવે એક એક પેઢીવાળાએ એક એક રૂપીઓ સંઘર્યો હોત અને તેનો નાશ થયો ન હોત તો તમારી પાસે આજ કેટલા હોત? ગણી ન શકો તેટલી મિલકત હોત, છતાં તે કેમ નથી? તેનો નાશ થતો આવ્યો. પૈસા મેળવ્યા ખરા પણ તેનો નાશ થઈ જાય છે. પૈસાની ત્રણ ગતિ: **यो न ददाति** જે દઇ ન શકે અને

જે વાપરી પણ ન શકે, તેને નાશની ત્રીજી ગતિ. લક્ષ્મી ભાગ્યોદયે મળી તેથી ભાગ્ય કમાવાનું, તેને ખેદાનમેદાન કરું તો મારા જેવો કમનસીબ કયો ? આવો હોય તે જ મનુષ્યપણું મેળવવા લાયક થાય.

મધ્યમ ગુણો

આ બે મળ્યા છતાં મનુષ્યનું જીવન એ સામુદાયિક જીવન છે. જાનવર એકલું ઉછરે, ઝાડ એકલું પુષ્ટ થાય. મનુષ્ય એકલો જંગલમાં રહે તો તે ગાંડો થઈ જાય. જીવનમાં સહકાર માટે જ આ ત્રણ ગુણો જરૂરી છે. એ ત્રણ ગુણથી ઉત્તમ કે હીન ગુણવાળા હોય તે મનુષ્ય ન થાય. મધ્યમ ગુણવાળો જ મનુષ્ય થાય. આ ત્રણ ગુણો હોય તે જ મનુષ્યપણું મેળવી શકે. સ્વભાવે પાતળા કષાય, દાન અને રુચિપણું, આ ત્રણ વસ્તુના પેટે–સાટે ફળ તરીકે આપણને મનુષ્યપણું મળેલું છે.

જેમ સગીર છોકરાને કિંમતી નેકલેસ પહેરાવ્યો પણ તે કિંમતી છતાં તેની કિંમતનો ખ્યાલ તેને નથી. તમને મનુષ્યપણું કિંમતી મળ્યું, છતાં તેનો તમને ખ્યાલ નથી. તેથી તેની વ્યવસ્થા કરવાનો તમને હક્ક નથી. મનુષ્યપણાની મુશ્કેલીનો ખ્યાલ ધ્યાનમાં ન લઈએ તો મનુષ્યપણાની વ્યવસ્થા કરવાનો આપણને હક્ક નથી, માટે પહેલાં ખ્યાલમાં લો કે જગતમાં જીવો અનંતાનંત ભરેલા છે; પણ જે જીવો આ વસ્તુઓ મેળવી શકયા નથી તે મનુષ્ય થયા નથી.

કોઈની મહેરબાનીથી, દાનથી કે ઝૂંટવીને આપણે મનુષ્યપણું મેળવ્યું નથી, પરંતુ આ મનુષ્યપણું આપણા કર્તવ્યોનું ફળ છે. એ રીતે આ મનુષ્યપણું મહામુશ્કેલીથી મળ્યું એમ જાણ્યું એટલે તેની કિંમત જાણી, પણ તેનો સદુપયોગ, અનુપયોગ કે દુરુપયોગનાં પરિણામ ન સમજાય ત્યાં સુધી શું થાય ? નાના છોકરે રૂપિયો શબ્દ સાંભળ્યો પણ તે રૂપિયાનું છોકરો કરશે શું ? રૂપિયા માટે તે રિસાયો, બાપ થાકયો, બાપ સમજે છે કે–તેને આપવાથી રૂપિયો જશે. છેવટે કહે કે–લે, જા. એમ છોકરાને મુશ્કેલી પછી રૂપિયો મળ્યો ખરો, પણ તેને મુશ્કેલી માલુમ પડી. આટલું રોયો ત્યારે રૂપિયો મળ્યો છે, એમ તે સમજે છે; પણ તેનો ઉપયોગ શો કરવો ? તેનું તેને ભાન નથી ! એ

રીતે અહીં પણ મનુષ્યપણું રખડતાં રખડતાં મહામુસિબતે મળ્યું છે તે વાત ખરી પણ તેનો સદુપયોગ કર્યો ?

ચંદ્રહાસને તલવાર તો હાથ આવી પણ તેથી તેણે ઘાસ કાપ્યું! ને તેમાં પાછો તે અભિમાન કરે તો ? તલવારથી ઘાસ કાપવાનો ઉદ્યમ કરી તેમાં ગર્વ કરવાવાળો ચંદ્રહાસ મૂર્ખશિરોમણિ બને, તેમ મનુષ્યપણું ચંદ્રહાસની તલવાર જેવું અદ્વિતીય છે. **જે કાર્ય સમગ્ર નારકી, તિર્યંચો અને દેવતા મળી ન કરી શકે તેવું કાર્ય આ મનુષ્ય કરી શકે છે.** મનુષ્યજન્મ એટલો બધો સમર્થ છે કે–દેવતા. નારકી, તિર્યંચોથી–જે કાર્ય ન થાય તે કાર્ય એક મનુષ્યભવ કરી શકે જ છે ! કયું તે કાર્ય ? મોક્ષ સાધવાનું:

સમગ્ર કર્મરહિત થઈ સચ્ચિદાનંદ સ્થાને જવું તે કાર્ય નારકી, દેવતા કે તિર્યંચો કરી શકતા નથી, માત્ર મનુષ્યો જ તે કાર્ય કરી શકે છે. **મોક્ષ એ જ કર્મની ડખલગીરી વગરનું સ્થાન** છે, જેમાં કર્મ–પુદ્ગલ કે કોઇની ડખલગીરી નથી. આ જીવન છે, તે પણ જો શ્વાસને લાયકનો વાયુ મળે તો તે જીવન છે. એટલે **જીવન એ શ્વાસના પુદ્ગલોને આધીન છે** તેમ શ્રોત્રને લાયક પુદ્ગલો મળે તો શ્રોત્ર ! તેવી જ રીતે ચક્ષુ, નાસિકા, જિહ્વા વગેરેને લાયક પુદ્ગલો મળે તો ચક્ષુ આદિની કિંમત છે. આ રીતે પુદ્ગલોના રીસીવરપણામાં તમારે રહેવાનું. પુદ્ગલના તાબા વગરનું તમારું જીવન કયું ?

મનુષ્યજીવનનો સદુપયોગ, દુરુપયોગ અને અનુપયોગ તથા તેનાં ફળો.

જીવન તથા ઈન્દ્રિયો ગુલામી વગરના નથી. તો એ રીતે પારકાના આધારે જીવાઈ રહેલું ગુલામીવાળું જીવન શી રીતે મટવાનું ? આત્મા મોક્ષ સિવાય કોઈ જગ્યાએ આઝાદ બની શકતો નથી. શુદ્ધ આત્મા એ કે જેને કોઇની પરાધીનતા નથી. શરીર, ઈન્દ્રિય, તથા શ્વાસોશ્વાસની દરકાર એને નથી. **શુદ્ધ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, અક્ષય સ્થિતિવાળો છે.** આત્માની એવી સ્થિતિ બને ત્યારે આત્માની

સંપૂર્ણ આઝાદીઃ એવી સંપૂર્ણ સ્વતંત્રતાને ઓળખવાવાળો મનુષ્ય જ એવો મોક્ષ મેળવી શકે, સંપૂર્ણ આબાદી પણ મેળવી શકે, જ્યાં કોઈનીય કોઈ વાતે તાબેદારી-ડખલગીરી ન હોય, તે જ આઝાદી-તેવું સ્થાન તે મોક્ષ.

બાર વરસ દીલ્હી જઈ આવ્યા, ત્યાં વેપાર કર્યો પરંતુ એક પૈસો પણ કરનો ન ભર્યો. કેમ ? લાકડા ફાડવાનો વેપાર કરતા હતા. તેને કર ન હોય. તેમ અહીં આકાશાદિને કોઈની પરાધીનતા નથી, **જીવોને પુદ્ગલોની પરાધીનતા છે, તેને કર્મની ગુલામી છે.** ધર્માસ્તિકાય, આકાશ વગેરે કોઈને પણ પરાધીનતા નથી; તેમજ તેમને આબાદી ય નથી, કારણ કે તેમનામાં ચેતના નથી. **આત્માનાં જ્ઞાન-દર્શન-વીતરાગતા-વીર્ય સંપૂર્ણ હોય તેનું નામ આબાદીઃ** મનુષ્યો તે આબાદીને રોજ ટકાવી ન શકે, કારણ પોતે જ ટકવાવાળો નથી. મનુષ્યપણું વધુમાં વધુ દેશોનક્રોડ પૂર્વ સુધી જ આબાદી કરવાવાળું-ટકવાવાળું છે.

સંપૂર્ણ આઝાદી કે આબાદી ઉત્પન્ન કરનાર મનુષ્યપણું છે, એ વાત ખરી; પણ તે બેને ટકાવી રાખવાની તાકાત મનુષ્યમાં નથી. તે તાકાત મોક્ષમાં છે. અનંતા કાળ પહેલાં જે સિદ્ધ થએલા તેના જેવું જ ક્ષાયિક કેવલજ્ઞાન અત્યારના ઉત્પન્ન થએલા કેવલજ્ઞાનવાળા મનુષ્યમાં છે, પણ તેની સ્થિતિ સિદ્ધ જેવી નથી.

આ વસ્તુ જ્યારે ધ્યાનમાં લેવાશે ત્યારે માલુમ પડેશે કે **મનુષ્યપણું મોક્ષ માટે જ છે.** તેથી જ કહીએ છીએ કે-તે વહી તો જવાનું જ છે, એમાં મૂર્ખાઈ કરીએ તો કામ ન લાગે. કોઈનો કૂવો હતો. શેરીવાળાને પાણી ભરતાં તેણે બંધ કર્યાં કે 'કોઈએ અમારા કૂવામાંથી પાણી ન ભરવું.' પોતાને ઘેર લગ્ન આવ્યાં ત્યારે તેને પાણીની જરૂર પડીઃ પણ કૂવો વહેતો બંધ કર્યો હતો તેથી સેર બંધ થઈ હતી અને રોજ નીકળતું હતું તેટલું પાણી ન નીકળ્યું. નદીનો પ્રવાહ વહે જ જાય છે. પીઓ કે ન પીઓ તેથી રોકાઈ રહેવાનો નથી. આ મનુષ્યજીવનનો સદુપયોગ ન કરો તેથી તે પડી રહેવાનું નથી. તે તો દહાડે દહાડે ઓછું થવાનું છે.

મા જાણે કે-દીકરો મોટો થયો પણ આવરદામાં ઓછો થયો. આ વિચારી ક્ષણે ક્ષણે જવાવાળી ચીજમાંથી જેટલું મેળવાય તેટલું મેળવી લો. તેની કિંમત કરો. જેને શાસ્ત્રનું લક્ષ્ય ન હોય-શાસ્ત્રની દરકાર ન હોય-શાસ્ત્ર, શાસ્ત્ર તરીકે ન સમજે તેવાને મનુષ્યપણાની કિંમત બતાવવાનું કોઈ સ્થાન નથી. 'શાસ્ત્રો ફેંકી દેવા જેવાં છે,' તેવું માનનારને તો શાસ્ત્રો નકામાં છે.

૪૮ મિનિટની એક સામાયિકમાં ૬૨૫૬૨૫૬૨૫$\frac{૬}{૮}$ પલ્યોપમ દેવતાનું જીવન તમે મેળવી શકો છો. એક એક મિનિટે લગભગ બબ્બે ક્રોડ પલ્યોપમ દેવતાનાં આયુષ્યને મેળવી શકો છો ! પણ ક્યારે ? તેનો સદુપયોગ કરો જાણો ત્યારે: બે ક્રોડ પલ્યોપમ પ્રમાણ દેવઆયુષ્યને લાવનારી એક મિનિટ ઉપયોગી ક્યારે ? તેનો સદુપયોગ કરો ત્યારે અને શાસ્ત્ર માનો તો જ. શાસ્ત્ર માનવાં નથી. શાસ્ત્ર ફેંકવા છે, તેને મનુષ્યપણાના સદુપયોગની કિમત બતાવવાનો રસ્તો નથી. શાસ્ત્રની શ્રદ્ધાવાળાને આ વસ્તુ બતાવી શકાય છે.

હવે અનુપયોગવાળાને હાનિ અને દુરુપયોગવાળાને તેનું નુકશાન ધ્યાનમાં લઈએ: દાન, શીલ, તપ, ભાવમાં કે માર્ગાનુસારી કે દેશ-વિરતિ તેમજ સર્વવિરતિમાં ન સમજે તેણે તો જીવનનો અનુપયોગ કર્યો કહેવાય.

विनायकं प्रकुर्वाणो रचयामास वानरः ।

ખાવું, ઊંઘવું તે કરો છો, પણ તેટલા માત્રથી જીવનનો સદુપયોગ કર્યો ગણાય નહિ. કોઇકિહે: 'તેમાં પણ અનુપયોગ થતો નથી તેનું કેમ ?' વાત ખરી. મહાનુભાવ ! આ તારા ખાવા-પીવાના ઉપયોગોને ઉપયોગ કહીશ, તો જાનવરમાં કયો ઉપયોગ કહેશો-? જાનવર ખાય, પીએ, ઊંઘે, ભયથી બચવાનો ઉપાય કરે. સંતાનપાલનમાં તો જાનવરો પણ જાણે છે. જાનવરોનું તે કાર્ય છે. તે મનુષ્યપણાનાં કાર્યો નથી; માટે તે ઉપયોગ મનુષ્યને હોય તેમાં મનુષ્યપણાનો સદુપયોગ થતો નહિ હોવાથી તે અનુપયોગ જ છે.

હવે દુરુપયોગમાં:-મનુષ્યપણું મેળવી મહાઘાતકી, જુલ્મી, મહા

લોભી બની જગતને હેરાન કરનારા થયા, અને ચક્રવર્તી થઈ સાતમી નરકે ગયા; માટે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે 'મનુષ્યપણું તમારા કબજાનું છે,' એમ જણાવી તેનું ફળ ન સમજો ત્યાં સુધી તેની વ્યવસ્થા કરવા માટે તમે લાયક નથી, એમ જણાવે છે. સાચો રસ્તો મળે તો જ સદુપયોગ થાય. સર્વજ્ઞોવો પ્રવૃત્તિ કરે છે તે ઈષ્ટ ફળ આવશે એમ જાણી પ્રવૃત્તિ કરે છે, છતાં પ્રવૃત્તિનાં ફળ અનિષ્ટ પણ આવે છે. રસ્તો લેતાં ભૂલ થવાથી 'વિનાયકં પ્રકુર્વાણો રચયામાસ વાનરઃ' જેવી સ્થિતિ થાય છે.

બ્રહ્માજીએ ગણપતિની સૂંઢ બીજે સ્થાનકે (પાછળ) લગાડી. પ્રવૃત્તિમાં ફેર પડે તો વિનાયકના વાનરજી બને. પ્રવૃત્તિ, યોગ્ય ન થવાથી વાંદરો થયો. દરેક જણ ઈષ્ટ પ્રવૃત્તિ કરે છે, પણ રસ્તો સાચો ન લે તો ? માટે જો મનુષ્યે ઈષ્ટની સિદ્ધિ કરવી હોય તો તેણે ત્રણ વાતો કરવી જોઈએઃ પહેલાં તો ઈષ્ટની સિદ્ધિ કરવી છે. ઈષ્ટની સિદ્ધિ માટે સાધનોની પૂરેપૂરી તૈયારી કરવી છે. આ બે નિશ્ચય ન થાય ત્યાં સુધી ઈષ્ટની સિદ્ધિ શી રીતે થાય ? ભૂખ્યો છે, પેટ ભરવું છે ને ખોરાકને અડકવું નથી તો ભૂખ ભાંગે ખરી ?

જેમ ભૂખ ભાંગવાનો વિચાર છતાં, ખોરાક વગર ભૂખ ભાંગી શકે જ નહિ, તેમ ઈષ્ટની સિદ્ધિનાં સાધનો ન મળે તો ? માટે ઈષ્ટસિદ્ધિનાં સાધનો મેળવવાં તેનું જ નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. એ કોઈ ઝાડનાં ફળ જેવી ચીજ નથી. ઇષ્ટસિદ્ધિના નિયમને વળગે, સાધનોને વળગે અને તેનો અમલ કરે તે જ દર્શન, જ્ઞાન ને ચારિત્ર. હવે તેમ માન્યતા, બોધ અને પ્રવૃત્તિ એ બધામાં સમ્યક્પણું રાખ્યું; છતાં તે સમ્યક્ શબ્દ માત્ર માન્યતામા રાખ્યો. બોધ અને વર્તનને ન લગાડ્યો, તેનું કારણ ? હવે તે કેવી રીતે ? તે શાસ્ત્રકાર સમજાવશે. તે અત્રે વર્તમાન.

કાર્યમાં વિઘ્ન અને સમ્યક્ત્વ

દેશના ૫

કાર્ય કરનારે ત્રણ વસ્તુનો નિશ્ચય કરવો જોઇએ.

કાલિકાલસર્વજ્ઞ આચાર્યમહારાજ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે જગતમાં જેને પણ કાર્ય કરવાની ઇચ્છા થાય, તે દરેક મનુષ્ય કે જીવને ત્રણ વસ્તુ પ્રથમ નક્કી કરવી પડે છે. તે સિવાય કાર્યની સિદ્ધિ પામી શકાતી નથી. કયી ત્રણ વસ્તુ ? તે માટે સૂચવી ગયા કે–દરેક મનુષ્યે પોતે આરંભેલું કાર્ય ઉત્તમ છે કે નહિ ? તે નિશ્ચય કરવો. કાર્યનો નિશ્ચય કર્યા વગર કાર્યનાં સાધનો મેળવવા માટે મહેનત થાય તે દેખાવમાં સારી દેખાય, પણ પરિણામે ધપ્પો ખાનાર થાય.

બાઇએ ઘાઘરો સીવવા આપ્યો. દરજીએ બખીઓ દીધો. કપડું છે, સંચેથી બખીઓ દીધો, પણ ધપ્પો ખાધો. કેમ ? ગમે તે છેડા સાથે બખીઓ દીધો ! જેથી ઘાઘરો તૈયાર ન થયો. સોય–દોરો, મહેનત વગેરે બરાબર છે, પણ કાર્ય ન થયું. સોય–દોરો–સંચો વગેરેમાં ખામી નથી, છતાં ઉલટી ઉકેલવાની મહેનત વધી. છેડો મેળવવામાં ભૂલ્યો, ત્યાં શું થાય ?

કાર્ય માટે પ્રયત્ન કરે, કાર્ય માટે કુટુમ્બ, પૈસા વગેરેનો ભોગ આપે. માત્ર કાર્યની સુંદરતાનો વિચાર ન કર્યો હોય તો પરિણામ શું આવે ? માત્ર કાર્ય ધારીને કરેલી પ્રવૃત્તિ મનની મહેનતવાળી તો હોય, તનની મહેનતવાળી હોય, ધનના વ્યયવાળી હોય પણ તે નકામી, કારણ કે–કાર્યનું સુંદરપણું કઈ રીતે છે, તે નિશ્ચિત કર્યું ન હતું, માટે કાર્ય કરનારો પહેલાં પોતાના કાર્યને અંગે નિશ્ચય કરે કે–આ કાર્ય સુંદર છે ? અને કાર્યની સુંદરતાનો નિશ્ચય થાય ત્યારે એણે એ ખ્યાલ રાખવો કે–**'श्रेयांसि बहु विघ्नानि'**– સુંદરમાં સડો ઘાલનાર ડગલે ને પગલે મળે.

'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ' ના બીજો અર્થ

જાનવર સારા અનાજના ખેતરમાં પેસે, સડી ગએલામાં જાનવર પણ ન પેસે. સારા કાર્યમાં વિઘ્ન કરવા જગત તૈયાર છે, તેથી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ સરખા પણ લખે છે કે–'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ' કલ્યાણકારી કાર્ય હોય ત્યાં વિઘ્નો પ્રથમ કૂદી પડે છે. 'કલ્યાણકારી કાર્ય હાથ ધરું એટલે તેમાં હું વિઘ્નોને પ્રથમ નોતરું દઉં છું.' એ આ શ્લોકનો અર્થ.

કેટલાક આચાર્યો એમ કહે છે કે–'કલ્યાણકારી કાર્યોમાં વિઘ્નો આવે.' ત્યારે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજના ભત્રીજા શ્રી ચંદ્રસેનાચાર્ય કહે છે કે–'ઘણાં વિઘ્નવાળા હોય તે જ કલ્યાણકારી કાર્યો ગણાય.'

શાસ્ત્રોમાં સમકિત, જ્ઞાન, લાભ, ભોગ, ઉપયોગ વીર્ય, ચારિત્ર વગેરેનાં આવરણકર્મો સાંભળવામાં આવ્યાં, પણ મિથ્યાત્વાવરણી, કૃપણતાવરણીકર્મ કયાંય સાંભળ્યું ? કૃપણતા, અજ્ઞાન, મિથ્યાત્વને આવરણ કેમ નહીં ? તો ધ્યાનમાં લ્યો કે–ડાઘ ધોળાને, કાળાને ડાઘ કેવો? ડાઘ પડ્યો એટલે સમજવું કે તે ધોળું છે. ડાઘ પડવાનો ડર ધોળું હોય ત્યાં. આખું કાળું હોય ત્યાં ડાઘનો શું ભય ?

આત્માના જે ગુણો તે બધા આવરણવાળા. જ્ઞાન, દર્શન વગેરે આવરણવાળા, વીર્ય સુધીના અંતરાયવાળા, કર્મની ૧૫૮ પ્રકૃતિમાં અજ્ઞાન આવરણ એવી કોઈ પ્રકૃતિ નથી. મિથ્યાત્વ, અવિરતિ, અલાભાદિનાં આવરણ નથી. કૃપણતાદિ એ ચીજો છે, પણ કલ્યાણભૂત નથી. **'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ'** તેનો અર્થ ચંદ્રસેનાચાર્યે બહુ વિઘ્નત્વનો ઉદ્દેશ રાખી શ્રેયસ્ત્વનું વિધાન કર્યું. તેથી શ્લોકના ઉત્તરાર્ધમાં 'અકલ્યાણમાં પ્રવર્ત્તેલાને વિઘ્ન આવતું નથી' એમ કહ્યું. જેમાં ઘણાં વિઘ્નો આવે તે જ કલ્યાણકારી કામ.

બંને મુદ્દાને વળગીએ તો પણ એક અર્થ નક્કી છે, કે કલ્યાણકારી કાર્ય કરનારે સમજવું કે–વિઘ્નને હું નોતરું દઉં છું. ઋષભદેવજીને *અંતરાય હતો. ૮૩ લાખ પૂરવ સુધી અંતરાયે માથું ઊંચું ન કર્યું.*

દીક્ષા લીધી કે અંતરાય ઊભો થયો. તપસ્યા વરસની કરી ન હતી, વરસ લગી ગોચરી ન મળી–અંતરાયના ઉદયે.

ભગવાન મહાવીર મહારાજા ત્રીસ વરસ ગૃહસ્થપણામાં રહ્યા. અંગુઠાથી મેરુ કંપિત કર્યો. વેતાલને બાળપણમાં મુઠ્ઠીમાત્રમાં દબાવ્યો તેવા સમર્થ ભગવાનને દીક્ષા લીધા પછી તરત જ ગોવાળીઓ મારવા આવ્યો છે.

नाकारणं भवेत्कार्यं । अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानं ।

તેનું વર ત્રીશ વરસ સુધી કયાં ગયું હતું ? ગોવાળીઆને ત્રીશ વરસ સુધી વરની વસુલાત ન સૂઝી ! દીક્ષા લીધી તે જ દહાડે સૂઝી ! આ બે દૃષ્ટાંતથી નક્કી થાય છે કે–કલ્યાણકારી કાર્ય આરંભીએ એટલે વિઘ્નને નોતરું. રસોઈ કરીએ ત્યારે જ કાગડા કૂતરાનો ભય. રસોઈ ન કરતો હોય તેને કાગડા કૂતરાઓનો ડર હોતો નથી.

કલ્યાણકારી કામ કરનાર વિઘ્નોને નોતરું જ દે છે. વિઘ્નો આવવાનાં જ છે ને તેને તોડીને મારે કાર્યસિદ્ધિ કરવાની છે. દરેક કાર્ય કરનારને મુસિબતોને નોતરાં દેવાનાં હોય છે. કાર્ય કરનાર બનવું, કાર્ય કરતાં થવું તે પહેલાં એ નિશ્ચય કરવો કે હું મુસિબતોને–વિઘ્નોને–અંતરાયને નોતરાં દઉં છું.

ઉઘરાણી કોને ત્યાં ? કોથળીમાં નાણાં હોય તેને ત્યાં. લઈ શકાય તેમ ન હોય તેવા સામે કોઈ દાવો નથી કરતા. એવામાં જો તે કમાયો હોય તો બધા ઉઘરાણીએ આવે. કમાણીએ ઉઘરાણી કરનારને નોતરું દીધું. અહીં પણ જે કંઈ કાર્ય સારું હોય, તે સારું કાર્ય વિઘ્ન લાવનાર છે, મુસિબતોને નોતરું દેનાર છે. તો કાર્ય કરનારે હિંમત છોડી દેવી ? એ મુસિબતોના ડરે ઉત્તમ કાર્ય બંધ કરવાનું કોઈને હોતું નથી. 'મુસિબતોનો સામનો મારે કરવો, આડખીલીઓને વીણી વીણીને કાઢી નાખવી. પણ મારે કાર્ય કરવું.' એ નિશ્ચય હોય તો જ ઉત્તમ કાર્ય થઈ શકે દુનિયામાં પણ કાર્ય કરનારને વિઘ્નની સંભાવના રાખી, તે વિઘ્નને દૂર કરી કાર્ય કરવાનું હોય છે.

'नाकारणं भवेत्कार्यम्' કાર્યની સિદ્ધિ કારણાધીન છે. મુસિબતોને દૂર કરે તે કાર્ય નિશ્ચય.—જે કારણથી કાર્ય બને તે કારણો નિશ્ચિત કરવાં જોઈએ. તેવી જ રીતે કાર્યસિદ્ધિનાં સાધનોનો નિશ્ચય કરવો જોઈએ. સાધનોનો નિશ્ચય કર્યા વગર કાર્ય કરવા દોડયો જાય, તે પંજાબ જવાની ઇચ્છાવાળો મદ્રાસની ગાડીમાં બેસે તેવું થાય. ગાડીમાં બેઠો, રેલ ચાલી. મુસાફરી કરી; પણ હવે ડબલ ભાડું આપી ફરી મુસાફરી કરે ત્યારે પંજાબ પહોંચે.

સાધનો નક્કી કર્યા છતાં તેની રચના, અમલ નક્કી ન થાય તો ડબલ મુસિબતમાં મૂકાવું પડે. તે માટે કહે છે કે—જગતમાં કાર્ય કરનારને નિશ્ચય, તેનાં સાધનો, અને તેનો અમલ વગેરે પ્રથમ વિચારવું જોઈએ. તે વગર કાર્યસિદ્ધિ ન થઈ શકે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે—દુનિયાની વાત વિવાહ વગરની લાગતી હોય તો આ ત્રણ વાત જ હું કહેવા માંગું છું.

દાનનું ખરું રહસ્ય

'દાન' શબ્દથી જગતમાં કોણ અજાણ્યો છે? પરંતુ દાનનું રહસ્ય જેણે વિચાર્યું હોય તેને દાનની અપૂર્વતા માલૂમ પડે. દાનનું રહસ્ય એ છે કે 'પરને ઉપકાર કરનાર હું બનું, પરના ઉપકાર માટે મારી વસ્તુનો ભોગ આપું.' એ પ્રથમ નિશ્ચય થાય તે દાન આપે. ઉમાસ્વાતિજી કહે છે કે **अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानं** બીજાના ઉપકાર માટે પોતાની વસ્તુનો ભોગ આપવો—અર્પણ કરવી તેનું નામ દાન.

કોઈને કહીએ કે—દશ શેર દહીં લાવજે, પણ તે દહીંની મટકી લાવ્યો. મટકી મંગાવી ન હતી દહીં મંગાવ્યું હતું. મટકી મંગાવી ન હતી તેમ કહો તો તે મૂર્ખ ગણાય. દહીં લાવવાની વાત થઈ, એટલે તેનું વાસણ લાવવાનો હુકમ થઈ ગયો, વાસણ વગર દહીં લવાય જ કેવી રીતે? બીજાના ઉપકારની દૃષ્ટિ જણાવી એટલે સ્વાર્થનો ભોગ આપોઆપ થઈ જવાનો. બીજાનાં કલ્યાણની દૃષ્ટિ વગર બીજાનાં કલ્યાણ માટે આપણે શાના તૈયાર થઈએ? આપણે 'કોઇકનું પડે ને મને જડે' તેમાં મોજ માણનારા હતા. 'મારા ભોગે, મારી

મારી વસ્તુના ભોગે, બીજાને ઉપકાર થાય તે માટે હું મારું અર્પણ કરું. મારાપણાનો ભોગ આપી બીજાને ઉપકાર કરવા હું તૈયાર થઉં.' એ વાત તેમાં ન હતી.

અનાદિકાળથી દૃષ્ટિ કયી હતી? 'હું આખા ગામનું ખાઉં. મારું ખાય તેનું નખોદ જાય.' દાન ગુણ આવ્યો ત્યારે 'મારું ખવડાવવું પણ તેને લાભ થાય–તેનો ઉદ્ધાર કરું' એ ભાવના આવી. દૃષ્ટિનો પલટો કેવો થયો? મારા ભોગે–મારા સર્વસ્વના અર્પણે બીજાનું કલ્યાણ થાય. જેમ દાનનું સ્વરૂપ સાંભળ્યા પછી જ્ઞાનની અપૂર્વતા સમજવામાં આવે છે, તેમ જગતને અંગે ત્રણ ચીજો બતાવી: કાર્ય કરવાનો નિશ્ચય, તેનાં સાધનો અને અમલનો નિશ્ચય. આ ત્રણ વસ્તુ બને તો જ કાર્ય બની શકે, અને તેનું જ નામ સમ્યગ્‌દર્શન, જ્ઞાન અને ચરિત્ર. તે માટે પ્રસિદ્ધ શબ્દો કહું છું; **સમ્યક્‌ત્વ એટલે સ્વાર્થનો ભોગ અને પરોપકારની પરાયણતા**

દાનનું સ્વરૂપ જાણ્યા પછી 'સમ્યક્‌ત્વ' શબ્દ ઘરગથ્થુ થઈ ગયો છે. ભંડારી આપ્યા કરે તેમ આપણે અનુકૂળ થઈએ ત્યારે સમકિતિ, અને પ્રતિકૂળ થઈએ તો મિથ્યાત્વી. એવા ઈલકાબો અનુકૂળતાએ પ્રતિકૂળતાએ દઈ દઈએ; પણ તેનું સ્વરૂપ સમજો. મારી વસ્તુના ભોગે પણ પરોપકાર કરું, તે દાનનું ઊંડું તત્ત્વ છે, તેમ સમ્યક્‌ત્વનું ઊંડું તત્ત્વ કયાં છે? 'સ્વાર્થપરાયણતાની જ્યાં પોક મૂકાય, ત્યાં ઊંડું તત્ત્વ છે.' પરમાર્થપરાયણતાને મોટી માનવામાં આવે ત્યાં પરોપકાર કરવો છે, તેમ નહીં, પણ બીજા પર ઉપકાર કરવો છે. એ વસ્તુ ઉપસ્થિત થાય. પોતાનો ભોગ અને બીજાનો ઉદ્ધાર. તે માટે પ્રસિદ્ધ શબ્દો; સમ્યક્‌ત્વ, જ્ઞાન, ચારિત્ર. પણ તેમાં જડ કઈ? દરેક સુંદરતાનો પક્ષ કરનારા છે.

પોતાનું કરેલું ખરાબ છે તેમ માનવા–કહેવા કોઈ તૈયાર નથી. ખરાબ ધારીને કોઇ કરવા તૈયાર થતું નથી, ધારણામાત્રથી સારા–ખરાબપણું થઈ જતું નથી. કોઇપણ પોતાની માન્યતાને ખરાબ માનવા તૈયાર નથી. દરેક પોતાની માન્યતાને સુંદર માનવા તૈયાર છે. દરેક

પોતાની ધારણા–વચન–કાર્યને સુંદર બનાવવા જ તૈયાર છે. સુંદરપણું સ્વભાવે–સ્વરૂપે રહેલું છે. સ્વભાવે સુંદરપણું હોય જ.

એક પદાર્થનો નિશ્ચય કરવો હોય, તેને જુદો પાડવા માટે બીજી વસ્તુ લાવવી પડે; અને એ જાતનો વિભાગ અલગ પાડો ત્યારે નિશ્ચયમાં આવી શકો.ઇતર અને સજાતિની વ્યાવૃત્તિ વગર પદાર્થનો શુદ્ધ નિશ્ચય થઈ શકે નહીં. બે વ્યાવૃત્તિ, આ બેથી ભિન્નપણું, તે નિશ્ચય. તેમ નિશ્ચય થયા વગર પદાર્થનો નિશ્ચય ન થઇ શકે. સમ્યક્ત્વને અંગે નિશ્ચય કરવાનો.

અનાદિ કાળથી આપણું ધ્યેય કયું છે ? કંચન, કામિની, કુટુમ્બ અને કાયા એ ચારનું. જાનવરમાં–દેવલોકમાં આ ચાર પકડયાં હતાં. આત્મા, એ ચારને જ સાધ્ય તરીકે ગણતો હતો. તેમ ગણતો ગણતો તે બિચારો 'ભટકતી પ્રજા' તરીકે રહ્યો.

ભટકતી પ્રજા.

ગામ બહાર લુહારીઆ આવે છે. તો તે કયા ગામના ? કોઇ ગામના નહીં. બે મહિના એક ગામમાં, તો બે મહિના બીજા ગામમાં. વર્ત્તમાનકાળમાં તેને આપણે 'ભટકતી પ્રજા' તરીકે ઓળખીએ છીએ, તેમ આપણે ય તે 'ભટકતી પ્રજા' જેવા છીએ. આપણે કોઈ જગ્યાએ બે ઘડી, વધારેમાં વધારે ૩૩ સાગરોપમ સ્થિરતા. આપણો સ્થિરવાસ કયી જગ્યા પર ? तं नत्थि कीर पएसो०

ચૌદ રાજલોકને શિક્ષિત તો કલ્પનામાં પણ નથી લાવી શકતો. અસંખ્યાત કોડાકોડ જોજને એક રાજ થાય, તેવા ઊર્ધ્વ, અધો, ૧૪ રાજને ઘન કરે તો સંખ્યા જબરી થાય. તેવા ૧૪ રાજલોકમાં વાળના અગ્રભાગ જેટલી જગ્યા પણ નથી કે–જ્યાં આ આત્મા નથી જન્મ્યો, નથી મૃત્યુ પામ્યો ! जत्थ सव्वे जीवा अणंतसो અનંતી વખત જ્યાં જન્મ્યા, મર્યા ન હોય તેવો–વાળના છેડા જેટલો પણ કોઈ ભાગ ૧૪ રાજલોકમાં મળે નહિ. તો પછી ભટકવાપણામાં આપણે શું બાકી રહ્યા ? એકેન્દ્રિયપણું લેવાનું !

આ લવારીયાની જાત તો દ્વારકા–જગન્નાથ–મુલ્તાન કે મદ્રાસ

વગેરેમાં જ ભટકતી જાત. આપણી તો ૧૪ રાજલોકમાં ભટકનારી જાત! આવી જાતને ભટકતી ન કહેવી તો શું કહેવું? તે ભટકતી જાત તો ભાગ્યશાળી છે કે–દલ્લો પેટીમાં લઈને સાથે લઈ જાય, આ આપણે તો એવી ભટકતી પ્રજા કે–જે મેળવ્યું તે ત્યાં જ મૂકયું, ને ચાલ્યા. કરોડો રૂપિયા મેળવે. લાખો સ્ત્રીઓ હોય તો પણ છોડવાનું. યાદવો માફક કરોડોનું કુટુમ્બ હોય તો પણ તે છોડવાનું. 'ભટકવું ને મેળવેલું મૂકીને ભટકવાનું' આ અનાદિકાળથી આપણે કર્યું.

હવે આપણે શો નિશ્ચય કરવો? 'મારે હવે ભટકવું નહીં ને મેળવેલી વસ્તુ મૂકવી નહીં.' આજ સમકિત, બીજું સમકિત નહીં. ભટકતાપણું છોડું. મિલકત એવી મેળવું કે તે છોડવી જ ન પડે. એ જ સમકિત. ભટકવું કયારે ન પડે? આયુષ્યના આધારે ગળું ન બંધાય તો ભટકવું ન પડે. કાયાના કાષ્ઠપિંજરામાં આપણે કેદ રહ્યા છીએ, ત્યાં સુધી ભટકવાનું છે. સિદ્ધશિલા પર પહોંચ્યા પછી આપણે તો ભટકવાનું નથી. જેવા ત્યાં ગયા, કે ત્યાંથી કદાપિ ખસવાનું નહીં. એવી મિલકત મેળવવા માટેનું લક્ષ્ય છે કે મરણાંતે પણ તે મિલકત છોડવી ન પડે. ત્યાં ગયા પછી ચોંટયા, પછી ખસવું ન પડે એવા સ્થાનની ઝંખના–તેનું જે નામ–સમકિત–એ જ મોક્ષ.

કર્મની ધુંસરી હોય ત્યાં જ ખાવાપીવાનું હોય.

મોક્ષમાં ખાવું, પીવું, પહેરવું, ઓઢવું નહીં. તેવા મોક્ષને શું કરવો? એમ કહો, તો સમજો કે–ઝિંદાબાદ પોકારો તો છો, પણ તમે ખાવા, પીવા, હરવાફરવાના જ રસિયા છો. જો એમ છે તો આઝાદી–આબાદી શબ્દ બોલવો તમને શોભતો નથી. તમારે તો "આઝાદી–આબાદી ભલે ન હોય પણ જે રાજ્યમાં ખાવાપીવા, હરવાફરવાની મોજ હોય તેવું રાજ્ય જોઈએ." એમ જ બોલવું જોઈએ. એક રીતે કહેવું પડશે કે–એ ખાવાપીવામાં વગેરેમાં ધૂળ પડી કે જેમાં આઝાદી–આબાદી ન હોય.

જેની ઉપર કર્મનો સોટો વીંઝાતો રહે, એવો આ સંસાર છે. તેમાં ખાવાપીવાના દિવસો છે પણ ત્યાં કર્મની ગુલામી છે. આથી સમજ્યા

હશો કે–કર્મની ધુંસરી હોય ત્યાં ખાવાપીવાનું છે. કર્મની ધુંસરી નથી ત્યાં ખાવાપીવાનું નથી. આ બેમાંથી જે પસંદ હોય તે બોલો. તમને મજા ખાવા પીવામાં છે? કર્મની ગુલામી કબુલ, પણ ખાવું પીવું મળવું જોઇએ, એમજને?

આઝાદીનો અર્થ સમજ્યા, દેશને અંગે આઝાદીનો વિચાર કર્યો, કે–તેમાં કોઇની ડખલ ન જોઈએ. આત્માની અંદર ડખલ કોઇની ન જોઇએ. આત્મા પોતે જ સ્વતંત્ર છે. **અક્કલ વગરની સ્વતંત્રતા તે સ્વચ્છંદતા. અણસમજુની સ્વતંત્રતા એ સ્વચ્છંદતા,** અજ્ઞાન-દશા ન હોય, તેમાં **કર્મ ન હોય અને તે જ મોક્ષ-કર્મ આડું ન આવે તેવી દશા.** તે છે સંપૂર્ણ છે લોકાલોકનાં જ્ઞાનવાળી દશા. તેમાં કર્મની આડખીલી નહીં.

આપણી મિલકત ઉપર અંકુશ. ઉત્પત્તિ–આવક–મિલકત ઉપર અંકુશ. તેના જેવી બીજી કયી ગુલામી? અહીં પણ મૂળ મિલકત કેવળજ્ઞાન–દર્શન છે. તેના ઉપર અંકુશ! મતિ આદિ જ્ઞાનો ઉપર પણ તેનો દાબ! સ્પર્શાદિ વિષયના જ્ઞાન ઉપર પણ તેની બાંહેધરી! તેની બાંહેધરી એ જ સ્પર્શ–રસ–ગંધ–રૂપ–શબ્દનું જ્ઞાન. કર્મની બાંહેધરીએ વિચાર કરી શકીએ તો તમારું શું? વિષયની પ્રવૃત્તિ તે પણ તેના કબજામાં! કહો, કેવી ગુલામી?

આવી ગુલામદશામાંથી છૂટવાનો જે નિશ્ચય તે ખરી આબાદી. ઉત્પાદન પારકા માટે કરાય તે આબાદી નહીં. ગાય ઘાસ ખાઇને દૂધ કરે તે પોતાને માટે નહિ, બીજાને માટે! આથી તો તે ઢોર. આપણે મેળવીએ તે દુનિયાદારીનાં-કર્મનાં પોષણ માટે, તેમાં આપણું કંઇ નહીં! તે નિશ્ચય, તે જ સમકિત. કર્મની આડખીલી ન હોય, જન્મ–જરા–મરણ મને નડે નહીં તેવું સ્થાન મેળવવાનો નિશ્ચય તે સમકિત. મારી આત્મસિદ્ધિ ખૂલ્લી રહે એવું સ્થાન મારે મેળવવું છે, આવા કાર્યનો નિશ્ચય તેનું જ નામ સમકિત. આ તો મોક્ષને જ નહીં પણ આત્માને, કર્મને, જન્માંતરોને નહીં માનનારાથી જુદાપણું થયું. જિનેશ્વર દેવ, શુદ્ધ ગુરુ, કેવળીકથિત ધર્મ માન્યો છતાં પેલા કરતાં વધારે મુશ્કેલીમાં આવ્યો! પણ એમ નથી. ઇતર પદાર્થોથી સોનાને

જૂદું પાડવામાં જેટલી મુશ્કેલી નથી, તેનાથી વધુ મુશ્કેલી પિત્તળથી સોનાને જૂદું પાડવામાં છે. તે વખતે કસોટીની જરૂર પડે.

દિગંબરથી લઇએ. તેઓ કહે છે કે–અમે જિનેશ્વરને દેવ માનીએ. બધા જૈનના ફાંટામાં દેવગુરુધર્મ સરખા આવવાના. એ સ્થિતિમાં તેના નિશ્ચયની મુશ્કેલી કેટલી ? મોક્ષ, આત્મા, બંધન માનતા ન હતા તેથી નિશ્ચય થયો; પણ મોક્ષાદિ માને છે, યાવત્ જિનેશ્વરને દેવ, સુસાધુને ગુરુ, શુદ્ધ ધર્મને ધર્મ માને છે. તેમનું કોઈ શાસ્ત્ર ધર્મ માનવા લાયક નથી, એમ કહે છે ? પણ તે વાત જૂદી છે. કારણ કે–તેમાં સાચા જૂઠાનો નિર્ણય શી રીતે થાય ? ઈતર ધાતુથી સોનાને જૂદું પાડવું તે સહેલું પડે છે, પણ પિત્તળથી જૂદું પાડવામાં મુશ્કેલી છે પણ મોતીને માણેક હીરાથી જૂદું પાડવામાં સહેલું છે, પણ પણ કલચરથી જૂદું પાડવામાં મુશ્કેલી છે. જિનેશ્વરને દેવ માને છતાં મીંડું, કારણ કે–તે શી રીતે પારખવા ? તે પારખવા માટે શાસ્ત્રકારને પ્રયત્ન કરવો પડે છે. શાસ્ત્રમાં કહેલાં લક્ષણવાળા હોય તે દેવ, આગમમાં લક્ષણ કહ્યાં તેવા લક્ષણવાળા તે ગુરુ અને ધર્મ. દેવને માનનારી દુનિયા હોય તેમ ગુરુ અને ધર્મને માનનારી હોય, પણ તે કોના કોના આધારે ? તે નક્કી થાય આગમના આધારે. આગમનો


તીર્થંકરોને, ગુરુઓને અને ધર્મને સાચી હીતે કોણે માન્યો ગણવો ? માત્ર ધારણાથી દેવ–ગુરુ–ધર્મનું સાચાપણું નહિ. આત્માના કલ્યાણની ઈચ્છાવાળો અને આગમને પ્રમાણ કરનારો આત્મા જ આગમમાં કહેલાં લક્ષણવાળા દેવને દેવ તરીકે માને. તે દેવે કહેલાં શાસ્ત્રધારે ગુરુ અને ધર્મ માને તો તે ગુરુ અને ધર્મ શુદ્ધ માન્યો ગણાય આ સાચા દેવ, ગુરુ અને ધર્મ.

આથી નક્કી કર્યું કે–જેણે આગમોને માન્યાં તેણે જ સાચા દેવ ગુરુ ધર્મને માન્યા. સંપૂર્ણ આડખીલી વગરનું સ્થાન, સંપૂર્ણ અખંડ રહેવાનું અખંડસ્થાન, કોઇકાળે જેમાં આડખીલી કે અપૂર્ણતા નહિ તેવું સ્થાન,– તે મોક્ષ માટે આગમના આધારે શુદ્ધ દેવ–ગુરુ-ધર્મનું આલમ્બન કરે તે સમકિતવાળા.

પ્રશ્ન થશે કે–' તો તો માન્યતામાં જ સમકિત કહી શકશો, બોધમાં સમકિત કહી શકશો નહિ; માટે બોધ અને વર્ત્તનમાં પણ સમકિત કહો.' પરંતુ માન્યતા એટલે સાધ્યનો નિશ્ચય, તેને જ અહીં સમકિત કહીએ છીએ, ચારિત્રમાં, વર્ત્તનમાં, જ્ઞાનમાં સમકિત માનીએ છીએ, પણ તે અહીં કહેતા નથી.

'વાણિયાનો છોકરો' બોલો છો, પણ ' વાણિયો છોકરો ' એમ કેમ નથી બોલતા ? બાપની જાત કહી એટલે છોકરાની જાત આવી ગઇ. તેમ સમ્યગ્જ્ઞાન ને ચારિત્ર તો છોકરાં છે, અને સમ્યક્ત્વ તો બાપ છે. સમ્યગ્દર્શન હોય તો જ જ્ઞાન અને ચારિત્ર કહેવાય, જ્ઞાનમાં, ચારિત્રમાં, સમ્યગ્પણું દર્શનનું ઉતરેલું છે. તેઓ પ્રશ્ન કરશે કે –'જ્ઞાનમાં સમ્યક્પણું, ચારિત્રમાં સમ્યક્પણું માનીએ છીએ ને ?'

વાત ખરી: છોકરો દત્તક લીધો પણ તેને મિલકત આપવાની નથી. દત્તક લીધો કબૂલ, અને દત્તક લીધો તે સાબિત થાય પછી દત્તક મિલકતનો હકદાર. દત્તક લીધો કબૂલ અને વારસો ન આપવો તે ઇમાનદારીને ન પાલવે. તમો કહેશો કે–આને અર્થ તો એ થયો કે 'જ્ઞાનમાં, ચારિત્રમાં સમ્યક્ત્વ માનવું છે, ને જ્ઞાનમાં, ચારિત્રમાં સમ્યક્ત્વ કહેવું નથી !' તો સમજો કે–ચારિત્રનું ત્યારે જ સમ્યક્ત્વપણું કે જ્યારે દર્શનમાં સમ્યક્પણું હોય, હવે તે કેવી રીતે ? તે આગે.



અપેક્ષાવાદ અને આત્મા

દેશના ૬

[સં. ૨૦૦૦ના ફા. વ. દ્વિતીય પ્રતિપદા શનિવાર સગરામપુરા–સુરત.]

[આજે ક્ષત્રિય–વણકર વર્ગના અગ્રેસર ગાંડાભાઇ કડીવાળાએ આ. પૂ. બહુશ્રુત મહાપુરુષને પોતાના આંગણે ભારે આડંબરથી પધરાવ્યા હતા. પોતાની કોમે જાહેર–મોટા રસ્તાઓને વિવિધ ધજાપતાકાઓ આદિથી અતિ રમણીય બનાવ્યા હતા. અતિશય ભપકાદાર, રોનકદાર, ભાતભાતનાં કાપડ–કિનારી જરીકામ વગેરે કિંમતી વસ્તુઓની કમાનો અને તોરણોથી શોભા કરી સગરામપુરાનાં રસ્તા, મકાનો, શેરીઓ અદ્‌ભુત શણગાર્યાં ! જે શોભાની અપૂર્વતાનો નજરે જોનાર જ અનુભવ કરી શકે, રસ્તામાં પૂ. આગમોદ્ધારક મહર્ષિના ઉપદેશથી જૈનધર્મી બનેલ તે કોમે ચોકખા–સારા–સાચા ઉત્તમ પ્રકારના કિંમતી મોતીના જ સાથિયા કરી ઉપર ગીનીઓ મૂકી, ગહુંલીઓ કરી કૃતાર્થતા અનુભવી હતી ! કેટલીક જગ્યાએ પાવલી–રૂપીઆ–બે આના–આના અને પૈસા આદિના સ્વસ્તિકો રચવામાં આવ્યા હતા, જે જોનાર આશ્ચર્યચકિત બન્યા હતા ! લોકોની ઠઠ અજબ હતી. ભારે આડંબરી સામૈયું શહેરમાં ત્રણ માઇલના ચક્કરમાં ફરીને સગરામપુરે ઉતર્યા બાદ પૂ. બહુશ્રુત મહાપુરુષે આ દેશનાનો પ્રારંભ કરેલ.]

आत्मवत् सर्वभूतेषु, सुखदुःखे प्रियाप्रिये ।
चिन्तयन्नात्मऽनिष्टाम्, हिंसामन्यस्य नाचरेत् ॥

વિવેકીઓને પ્રાપ્ત કરવા લાયક

શાસ્ત્રકાર કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમાન્ હેમચંદ્ર સૂરિજી મહારાજ ભવ્યોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–આ જીવને અનાદિકાળથી સુંદર પદાર્થો ગમે છે જો કે 'સુખ ગમે છે,'' એમ સામાન્ય રીતે કહેવાય છે, અને તેનું કારણ, સહુને દુઃખનો

અણુગમો હંમેશાં હોય છે. સૂતાં–જાગતાં–મુસાફરીમાં કે બેઠા હોય, તે દરેક અવસ્થામાં દરેકને સુખ જ ગમે છે, અને દુઃખનો અણુગમો રહે છે. એટલા માટે **'आत्मवत् सर्वभूतेषु'** કહે છે. એ વચનનો અર્થ:– 'પોતે મૂર્ખ હોય તો આખા જગતને મૂર્ખ સમજવું ? પોતે વિદ્વાન્ હોય તો બધાને વિદ્વાન્ અને રોગી હોય તો બધાને રોગી સમજવા ? પોતે દૂધપુરી ઉડાવે તો આખું જગત દૂધપુરી ઉડાવે છે ?' તેવી સમજવાવાળો થાણાની ગાંડાની ઈસ્પિતાલમાં શોભે. તેમ માનનારો એ મનુષ્ય બીજી જગ્યાએ નહીં શોભે, પણ થાણાની ઈસ્પિતાલમાં શોભશે.

મહાનુભાવ ! તે વચન કયી અપેક્ષાએ કહ્યું છે ? જગતમાં અપેક્ષાવાદ ન સમજે તેને એક વચન પણ બોલવાનો હક્ક નથી. અપેક્ષાને સમજો. આ ત્રણ આંગળામાં વચલીને નાની કે મોટી કહેવી ? પૂજા કરો છો તે અનામિકા આંગળીને નાની કહેવી કે મોટી કહેવી ? કનિષ્ઠાની અપેક્ષાએ મોટી, મધ્યમાની અપેક્ષાએ નાની. અપેક્ષાએ જ. એમાં નાના મોટા શબ્દો પરસ્પર વિરુદ્ધ છતાં અમુક અપેક્ષાએ તેનામાં નાના મોટાપણું છે, તેથી ગ્રંથકારોને તેનું નાની–મોટી એમ કહેવાને બદલે 'અનામિકા' કહેવું પડ્યું,

એ રીતે અપેક્ષા ન સમજે તેઓ **'आत्मवत् सर्वभूतेषु'** એ વાકય સમજવાને લાયક ન ગણાય. 'જેવો પોતાને આત્મા તેવો જગતનો આત્મા પણ તે કયી અપેક્ષાએ ? તે માટે કહ્યું કે–**'सुखे दुःखे प्रियाऽप्रिये'** છે. રોગી–નિરોગી, શાંત–અશાંતની અપેક્ષાએ સુખ–દુઃખ, પ્રિય–અપ્રિય નહીં, પરંતુ જેવું આત્માને સુખ વહાલું છે અને દુઃખ અળખામણું છે, તેવું અન્યને સુખ વહાલું છે અને દુઃખ અળખામણું છે, એ અપેક્ષાએ. તે સાંભળી–સમજી શું કરવું ? તે માટે સમજાવ્યું કે આ આ વસ્તુ સમજી એક જ કરવાનું કે–પોતાને મોટામાં મોટો ડર શાનો લાગે ? જીવનનો. તેથી જીવન બચાવવા માટે પોતાના જીવનની જેમ બીજા તરફ વર્ત્તવું.

મરતાંને કોઈ એમ કહે કે–"કાં તો ક્રોડ સોનેયા લે, અને કાં તો જિંદગી લે.' તો તે શું ગ્રહણ કરે ? દરેક જીવ, જિંદગીને જ ઈચ્છવાવાળો છે. પેપર જાણનારા, વાંચનારા જોઈ શકે છે કે રશિયાના

ઝારે, જર્મનીના કૈસરે, અફઘાનના સુલતાને, ઇરાનના શાહે, પોર્ટુગીઝ રાજાએ, સ્પેનની પાર્લામેન્ટે ગાદી છોડી દીધી હતી. શા માટે ગાદીઓ છોડી હતી? કારણકે તેમને જીવ વહાલો હતો. રશિયાના ઝારને રાજ્ય કરતાં પોતાનો જીવ વહાલો હતો, તેથી રાજીનામું આપી જીવ બચાવ્યો હતો.

જીવન એટલું બધું વહાલું છે કે–તે આગળ બધું તુચ્છ છે, તો જગતના જીવોને પણ પોતપોતાનું જીવન વહાલું છે. આ વાત ફળ તરીકે જણાવી. "જગતને સુખ વહાલું છે. દુઃખ અળખામણું છે," આ સિદ્ધાંત છતાં પણ આ સિદ્ધાંત, અપવાદ વગરનો છે, તેમ નહીં. અપવાદવાળો આ સિદ્ધાંત છે. જે વસ્તુ ગમી હોય, સુંદર લાગી હોય, ગમેલી સુંદર વસ્તુ માટે સુખનો ભોગ આપવા, ને દુઃખ સહન કરવા જીવ તૈયાર થાય છે. માટે જ શાસ્ત્રકારોએ સુંદરપણાંને પહેલું પ્રાપ્ત કરવા યોગ્ય ગણ્યું.

પહેલવહેલું વિવેકીઓને પ્રાપ્ત કરવા લાયક શું? જેમાં સુંદરપણું હોય તે પ્રાપ્ત કરવા લાયક. સુંદરપણાની ઈચ્છા દરેકને રહે તેમાં અપવાદ રહી શકતો નથી. સુંદરની સિદ્ધિ માટે દરેક જીવ મથે છે. એમાં અપવાદ નથી. સુખ માટે અપવાદ નથી, પરંતુ સુંદર મેળવવાની ચાહનામાં અપવાદ નથી. સારા ગમેલી ચીજ મેળવવામાં ચાહના! તેમાં **અપવાદ નથી.**

સુંદરપણું કોની ઉપર આધાર રાખે છે? દેખનારની બુદ્ધિ ઉપર. સુંદરપણાનો આધાર કોની ઉપર? સુંદરતાની તપાસ કરનારની બુદ્ધિ ઉપર. કીડી, મંકોડી સારા રસમાં, ગંધમાં સુંદરતા ગણે છે. સામાન્ય જગતના જીવો જેઓ મોહમાં મૂંઝાયા છે, તેઓ અને દારુમાં ચકચૂર બનેલા માનવીઓ સુંદર કઈ ચીજ, તે સમજી શકે નહીં. તેવી જ રીતે આ જગતમાં મોહની માયામાં મૂંઝાયેલા, મોહના ઘેનમાં છકેલા આત્માઓ, પોતાને માટે સુંદર શું છે, તેનો પરીક્ષા–નિર્ણય કરી શકતા નથી. આત્માને મેળવવા લાયક કયું સુંદર છે, તેનો આ જીવે ખ્યાલ પણ કર્યો નથી.

સુંદર શું? તે સમજવું, તે પહેલાં એક વાત ખ્યાલમાં લઈ લો. જે કોઇપણ તમારી ઉપર હુકમ બજાવે. જેમ કે–વૈદ્ય કહે કે–મરચું ના ખાશો.' એ વૈદ્યે હુકમ કર્યો: એ એના સ્વાર્થ માટે હુકમ નથી.

તમને મરવું ખાવા માટે નિષેધ કરે છે. તે નિષેધ જીવના પોષણ માટે નથી, પરંતુ જેઓ તમારી ઉપર એવા હુકમ કરનાર હોય–કે 'સ્વતંત્ર બનો અને પ્રાણ આપો.' તે હુકમ ક્ષમ્ય, પણ 'ગુલામ બનો અને પ્રાણ આપો' તે હુકમ કોણ સહન કરે ? જગતમાં તલવારના જોરે તણખલું પકડવું પડતું હોય તેવા વખતે ભલે આવા હુકમને માન આપો, પણ જેઓ મોહમાં મૂંઝાયા છે એવા ઉપર એવો હુકમ બજાવે તેને કોણ માન આપે ? મોહમાં મૂંઝાયેલા ઉપર તેવો હુકમ બજાવનાર કર્મ છે.

કર્મ આ જીવ ઉપર હુકમ બજાવે છે કે–'ગુલામ બન, ને પ્રાણ આપ.' સર્વ ગતિઓ ને સર્વ ભવ માટે તેનો એક સરખો હુકમ છે કે–ગુલામ બન ને પ્રાણ આપ. તારું કેવળજ્ઞાન ને કેવળદર્શન, વીતરાગપણું અને આત્માની શક્તિ મારા કબજામાં સોંપી દે ! આત્માની જે શક્તિ, તે જ્ઞાનદર્શનશક્તિ–માન્યતાની વર્તનની શક્તિ. યાવત્ આત્માની લેવા-દેવાની શક્તિ. પોતે પહેલાં લખાવીને પોતાને આધીન કરી લે છે !

વિપર્યાસ બુદ્ધિ–તારે તારી શક્તિ છે, એમ ગણવું જ નહીં. તારી શક્તિ ઉપર તો કર્મરાજાએ બુદ્ધિવિપર્યાસની કરવાલ ચલાવી છે. તારી કઈ શક્તિ છે તે તારે ન વિચારવું, એના જેવો બુદ્ધિવિપર્યાસ કયો ? મારું ભલું શામાં ? એમ વિચારવાની અને એવી રીતે વર્તવાની તાકાત ચોરી લે એવો એ બુદ્ધિ વિપર્યાસ છે પોતાની તાકાત અજમાવવા જાય તેવા ઉપર સોટા પડે તેવો કોણ ? મોહ. મોહ, આ જીવ ઉપર જોહુકમી ચલાવી તેને પોતાના સ્વરૂપનું, શક્તિનું, સાચી માન્યતાનું ભાન થવા ન દે; તો પછી તે સ્વરૂપાદિને જાહેર કરવાનો વખત તો ક્યાંથી જ હોય ?

આવો જુલમી કોણ ? મોહરાજા ! તેણે ગુલામીની ધુંસરીમાં બાકી રાખી ? એ કહે છે કે–પ્રાણ લઉં ! અને તે પણ જુલમનો પાર ન હોય તેવી સ્થિતિમાં મૂકીને ! તમને ગુલામ બનાવું ને પ્રાણ લઉં ! ભવોભવ જન્મ–જરા–મરણના ચક્કરમાં ફેરવું ! લાખો–સેંકડો–કરોડો વખત પ્રાણ લઉં ! આમ કર્મરાજાની જુલ્મી રીતથી તમને ગુલામ બનાવું ને તમારા પ્રાણ લઉં.! આના જેવી જુલ્મી રીતિ દુનિયામાં

ન હોય. "ગુલામ બનાવું ને પ્રાણ લઉં." તમારી રિદ્ધિને જાહેર કરવા ન દઉં. કર્મ પોતાની અપેક્ષાએ આત્માને દ્રોહી ગણે, અને જન્મ–જરા–મરણરૂપ ઘાંચીની ઘાણીમાં પીલે ! જે કર્મ આ જીવને ગુલામીની ધુંસરીમાં જોડી શકે, જે પીલે બેસવા ન દે. જન્મ–જરા–મરણની ઘાણીમાં પીલે; તે કર્મ કેટલું ક્રૂર ?

મનુષ્ય વિચારે કંઈ ને કુદરત કરે કંઈ ! મનુષ્યની ધારણા પ્રમાણે કાર્ય થતું હોય તો ચક્રવર્ત્તિના વંશમાં કેટલીય વંશપરંપરા સુધી ચક્રવર્ત્તિપણું રહેત ! પણ કુદરત કોઈ જૂદું જ કામ કરે છે. કર્મરાજા આમ આખા જગતને ગુલામ રાખવા માટે તૈયાર રહે છે; પણ કુદરત મનુષ્યપણું આપે છે, ત્યાં કર્મરાજાના ટાંટિયા કપાઈ જાય છે. આ જીવ, એકેન્દ્રિયાદિમાં જુલમ શું ચીજ, તે સમજતો જ નથી, તો તેને નિવારે કયાંથી ?

કુદરતે મનુષ્યપણામાં કર્મની પોલ ઉઘાડી પાડવાનું ગોઠવ્યું છે. કર્મનો છેદ કરવા માટે યંત્રો ગોઠવ્યાં છે. કર્મનાં હાડકાં બાળી નખાય એવું ષડ્યંત્ર બનાવ્યું છે. **શુદ્ધ ચિદાનંદસ્વરૂપ–આત્માની દશા મનુષ્યપણામાં જ મેળવાય છે.** કર્મનો સર્વથા નાશ કરો, સંપૂર્ણ આબાદી અને આઝાદી મેળવવાની દશા જો કોઈપણ જગ્યાએ હોય તો માત્ર મનુષ્યપણામાં જ છે, પરંતુ જે દેશ પોતાની પવિત્રતાને કારણે જગતની ટોચે ચડેલો હોય તેવા દેશમાં દ્રોહીઓ ન હોય તેવું નથી. દ્રોહી વગરનો કોઇ દેશ નથી. મારા દેશમાં દ્રોહીઓ ન હોય તો હું કાર્ય કરું, એ વિચારવાળો કાર્ય જ કરી શકે નહિ. દ્રોહીના ભયથી સાવચેત રહી, દ્રોહીને નિર્મૂળ કરી કામ તો કરવું જોઈએ.

આત્માને અંગે સમજાવ્યું કે–તું તો જવાબદાર ને જોખમદાર નથી બન્યો. કર્મ સત્તામાં મોક્ષવાદી પણ દેશમાં દ્રોહ કરનારો છે. દેશમાં પક્ષ દેખાડી દેશમાં વિપક્ષનું કાર્ય કરે, તેમ મોક્ષવાદી આત્માને–કર્મને માનીએ છીએ અને મોક્ષ માનીએ છીએ, એમ પક્ષ દેખાડીને કર્મસત્તાને તોડવાનું કાર્ય કરે. કર્મને માનનારા બનીને સમજાવે શું ? નથી તારી જવાબદારી ને નથી જોખમદારી, તો તેવા મનુષ્યના

પ્રયત્નનું ફળ શું ? તમારામાં જવાબદારી ને જોખમદારી ન હોય ને આખી પ્રજા લોહી રેડી દે, તેમાં શું વળે ? અહીં આત્માને અંગે કેટલાકો તરફથી એમ પણ સમજાવાયું છે કે-'આત્મા પોતાનાં કૃત્યો માટે જવાબદાર-જોખમદાર નથી !' આ કેવું વિચિત્ર ?

મુનિમે ૫૦૦૦ (પાંચ હજાર) રૂપિયા અવળા થાય તેવો વેપાર કર્યો. તેમાં જવાબદાર મુનિમ પણ જોખમદાર શેઠ ગણાય. કોની કોથળીમાં કાણું પડશે ? તેમ અહીં હું 'જવાબદારી અને જોખમદારી' બે શબ્દો લાગુ કરું છું.

જગતમાં એક જ એવો ધર્મ કે મત છે કે-જે જીવને જીવની જવાબદારી અને જોખમદારીમાં રાખે છે; જોખમદારી ભગવાનને શીર લગાડતો નથી. સદ્ગતિ-દુર્ગતિની જોખમદારી જીવની પોતાની છે, માબાપ-ભાઈભાંડુની જવાબદારી કે જોખમદારી નથી.

કહેવાનું તત્ત્વ એ છે કે-દુનિયાની અપેક્ષાએ સારો સ્પર્શ-નઠારો સ્પર્શ; તેમ રૂપ, રસ, ગંધ વગેરે તપાસવાનું, જડની અપેક્ષાએ સુંદરતા અસુંદરતા તપાસવાનું જાનવરમાં પણ છે. સ્પર્શાદિનું સારાસારપણું તપાસવાનું જાનવરમાં પણ છે. પરંતુ તેમાંનું મનુષ્યપણામાં કયું રજીસ્ટર થયું છે ? આત્માનું સુંદર-અસુંદરપણું તપાસવાનું રજીસ્ટર મનુષ્યપણામાં જ થયેલું છે. તેનું જ નામ સમ્યક્ત્વ. સારા-સુંદર-શોભનપણું, તેનું જ નામ. તેનું તત્ત્વ એ કે-સુંદરપણાને નિશ્ચિત કરોઃ કોઈપણ ઉપાયે આ સુંદરપણું મેળવવું જ છે. આત્માનાં સુંદરપણાને મેળવવા અહોનિશ પ્રયત્ન કરવો. તે સિવાય બીજું મારે ખપે નહિ. તે જ સમ્યક્ત્વ. એ જેને થાય તેને પાંચ વસ્તુ મેળવવાની રહે છે. તે કયી વસ્તુઓ ? સ્થૈર્ય-પ્રભાવના-ભક્તિ-પ્રભુશાસનમાં કુશળતા અને તીર્થસેવા. તે કેવી રીતે ? તે અગ્રે.



જડ અને ચેતન

દેશના ૭

[સં. ૨૦૦૦ ફા. વ. ૩ સોમવાર નેમુભાઈની વાડી સુરત.]

ભવજેલ

શાસ્ત્રકાર ભગવાન્ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે-આ જીવ, પોતાનાં સ્વરૂપને વિચારતો નથી. ભગવાન ગણધર મહારાજાઓ શાસનપ્રવૃત્તિ વખતે એક જ ઢંઢેરો જાહેર કરે છે. કયો? તમે જો કોઈપણ માર્ગ સમજવા માગો, આત્માની ઉન્નતિ સાધવા માંગો, તો પ્રથમ તમે ભવકેદમાંથી છૂટો. જેની ચારે બાજુ ભીંત હોય, દૃષ્ટિબંધ હોય, તેવાં સ્થાનને જેલ કહેવાય. મહેલની ચારે બાજુએ બારીઓ અને દરવાજા હોય, તેમ આ તમારો ભવ કેદખાનું છે કે મહેલ? તે સમજો. આ ભવ કેદખાના તરીકે હોય તો તેને મહેલ બનાવો. જે ભવની અંદરથી ગયા ભવની કે આવતા ભવની દૃષ્ટિ પહોંચાડાતી નથી, એવો ચારે બાજુની દૃષ્ટિબંધવાળો ભવ હોય ત્યાં તેને કેવું ગણવું? જેમાં બહાર દૃષ્ટિ ન જાય તેવાં સ્થાનને શું ગણીએ?

એ વિચારણા ન આવે કે-ગયા ભવમાં કોણ હતો? આવતા ભવમાં કોણ થઈશ? તેવી દૃષ્ટિ ન આવે તો તે ભવ કેવો ગણવો? બંધીસ્થાનને આપણે કેદ કહીએ છીએ. મહેલની અંદર ચારે બાજુની દૃષ્ટિ ખુલ્લી હોય. આપણો ભવ તે જેલ છે. જો આ ભવમાં, ગયા કે આવતા ભવનો વિચાર ન કરીએ તો મહેલ કયારે થાય કે જ્યાંથી ચારે બાજુ દૃષ્ટિ ફરી શકે?

શાસ્ત્રકાર તો ત્યાં સુધી કહે છે કે-વિચારશીલ કોને કહેવો? વ્યવહારદૃષ્ટિએ કોને વિચારશીલ ગણવો? લાંબી મુદતના વિચારવાળાને સંજ્ઞી કહે છે. તિર્યંચોમાં પંચેન્દ્રને, તેમજ નારકીને તથા મનુષ્યોને

સંજ્ઞી ભેદ માન્યો છે, પણ તે સંજ્ઞી ભેદ માત્ર વ્યવહારથી પ્રસિદ્ધિ માટે, સમજણ માટે.

વ્યાકરણકારોમાં સૂત્ર છે કે– 'स सत्य०' એટલે કે પહેલાં જૂઠા રસ્તામાં રહેવું જોઇએ. પછી સત્યમાં જવું. જેમકે–'ते अत्र' હોય તો સાચો નહિ, પરંતુ પછી 'तेऽत्र' તરીકે સાચું કરાયઃ તેમ 'मधु अत्र' પહેલાં મૂકવું પડે અને તે પછી 'मध्वत्र' કરવું પડે. એ પ્રમાણે વ્યાકરણકારોને પહેલાં અસત્ય રસ્તામાં રહેવું પડે; પરંતુ શાસ્ત્રકાર એ નથી માગતા.

શાસ્ત્રકારે વ્યહારમાં રહી પછી નિશ્ચયમાં જવાનું કહ્યું છે. હોળી વખતે નાનાં બચ્ચાંઓ દાનતના ખરાબ નથી, તેમને જુવાનીનો કેફ નથી. મશ્કરી મોઢાની કરે, અંતરની નહિ. અપશબ્દો બોલે તે માત્ર શબ્દથી કેમ? અંતઃકરણમાં અપક્રિયા નથી વસી. પરંતુ તે કોને શોભે? અજ્ઞાનીને. તેમ અધ્યાત્મને નામે 'હે આત્મા!' કર્યા કરે, અને વ્યવહારમાં 'મીંડું,' એ તો લવા પાદશાહ જેવું થાય.

અધ્યાત્મની વાતો કરનાર લવાભાઇ.

લવો પાદશાહ અધ્યાત્મની વાતો કરનારો. રાતના બાર વાગ્યા સુધી અધ્યાત્મની વાતો કરનારો. લવાની ટોળીમાં બેસનાર એક મનુષ્યને ગામ જવું પડ્યું છે. ઘરવાળી કહે છે કે–ઘરમાં ગોળની કાંકરી પણ નથી. તમે ગામ જાવ છો, પણ ગોળ વગર શું થાય? પોતાને વિચાર થયો કે 'રાતે બાર–એક વાગે ગોળ લેવા કયાં જવું?' બૈરીને એક રૂપિયો આપ્યો અને કહ્યું કે–'સવારે ગોળ લાવજે.'

બૈરીએ કહ્યું કે–'પણ હું માલ તોલમાં ન સમજું.'

ત્યારે પેલાએ કહ્યું–'તારે કંઈ પંચાત નહીં.'

બૈરી કહે છે કે–'કેમ?'

પેલો કહે છે કે–લવાભાઈને ગોળની દુકાન છે. રૂપિયો અને તપેલી મૂકીશ ને કોઈ સાથે 'ગોળ' એમ કહેવડાવીશ એટલે ભાવ, તોલ, માપ જોવું નહીં પડે.'

બૈરી સવારે લવાની દુકાને ગઈ. રૂપિયો ને તપેલી આપી, ને કહેવડાવ્યું. લવાએ જોયું કે ગ્રાહક સારું નરસું સમજે એવું નથી, તેથી જૂનો અને ખોરો ગોળ આપ્યો. પેલો બહારગામથી આવી જમવા બેઠો, ગોળ વિનાનું ફીકકું જેટલું ખરાબ ન લાગે તેટલું તે ખાણું ખરાબ લાગે. ખરાબ ગોળ જેમાં પડે તે બેસ્વાદ થાય. ઉલટી જેવું થાય. પેલો જમવા બેઠો, તેણે ખાધું એટલે મોં ખરાબ થઈ ગયું.

બૈરીને કહ્યું–'ચાખ.' બાઇએ ચાખ્યું. 'આ શામાં ગોટાળો? ગોળ તપાસી આવું?'

પેલો કહે કે–'લાવી છે કોને ત્યાંથી?'

બૈરી કહે–'લવાભાઈને ત્યાંથી.'

પેલો કહે–'પણ તેમાં તે કહિ તપાસવાનું હોય?' એમ કહી ગોળ તપાસવા ન દીધો, બૈરીએ બીજી વસ્તુઓ તપાસી.

બાયડી કહે છે કે–તમે ગોળ તપાસવાની ના કહો છો, પણ તપાસવા તો દો, એમ કહી ગોળ તપાસ્યો ને તે બોલી કે–ગોળમાં જ ગોટાળો છે.

પેલો કહેકે 'લાવી કોને ત્યાંથી?'

બૈરી કહે–લવાભાઈને ત્યાંથી. લવાભાઈ એ જ તોળી આપ્યો છે.

બૈરી ગોળ લેવા આવી ત્યારે લવાભાઈએ 'કોણ શું માગે છે?' એ જોયું નહિ હોય, કારણ કે–તે અધ્યાત્મી પુરુષ છે. ગમે તે આપી દીધું હશે. એમ માનીને ગોળની તપેલી લઇ લવાભાઈ પાસે પેલો આવ્યો. 'બૈરી કાલે સવારે તમારે ત્યાંથી આ ગોળ લઇ ગઇ હતી, તે જુઓ, માલ ફેર છે.'

લવાભાઈએ કહ્યું. '.અરર....! મને ખેદ થાય છે. મારી મહેનત પર પાણી ફરી વળ્યું! આટલી મારી સોબતમાં તમે રહ્યા, છતાં તમને હજુ કડવા મીઠાનો હજુ ભેદ રહ્યો? બાર બાર વાગ્યા સુધી ગોઠીમાં બેસનારા, બ્રહ્મની વાતો સાંભળારા તમે, હજુ કડવું મીઠું કરનારા રહ્યા? પેલો કહે કે–'મારી બુદ્ધિ તેવી નથી થઈ, પણ આખું કુટુમ્બ તેવું ઓછું હોય? માટે ગોળ બીજો આપો, અને બીજો ન હોય તો

રૂપિયો પાછો આપો. લવાભાઇ કહે–: 'નાંખ નાંખ ઉકરડે. વેપલો કરવા બેઠા છીએ કે શું ?'

તેવી રીતે કળિયુગમાં અધ્યાત્મને નામે લોકોને દોરનાર કઈ સ્થિતિમાં જાય છે ? કળિયુગમાં અધ્યાત્મવાદીઓ હોળીના બાળકો– ઘૈરૈયા જેવા હોય છે. ચિત્તની શુદ્ધિ રાખીને વચન અને કાયાની અશુદ્ધિ રાખો, તો તો હોળીના ઘૈરૈયામાં પણ કાયા અને વચનની અશુદ્ધિ સાથે મનની પણ અશુદ્ધિવાળા હો તો તો લવાભાઇ જેવા જ કે બીજા ?

શાસ્ત્રદૃષ્ટિએ અધ્યાત્મ

"આત્મકલ્યાણની બુદ્ધિએ ધર્મની ક્રિયા કરવાની છે. આ લોકના કે પરલોકનાં સુખની ઇચ્છાએ નહિ. કીર્તિ–વર્ણ–શ્લાઘા–પ્રશંસા માટે ધર્મક્રિયા ન કરવી પણ માત્ર કર્મ નિર્જરા માટે જ ધર્મકરણી કરવી" એમ જણાવવા માટે કહ્યું કે– **'आत्मानमधिकृत्य०'** કર્મક્ષય કરી આત્માને નિર્મળ કરવા માટે ધર્મ-ક્રિયા કરવી. જ્ઞાનાચાર, દર્શનાચારાદિ પાંચે આચારની પ્રવૃત્તિ, આચાર તે જ અધ્યાત્મ છે. વાતો અધ્યાત્મની ગમે છે, પણ પરમાર્થ સમજાયો નથી.

કર્મક્ષય માટે પાંચે આચારની પ્રવૃત્તિ, તે જ અધ્યાત્મ છે, નહીંતર ફાગણના ઘૈરૈયા જેવી દશા છે. ફાગણના ઘૈરૈયા (હોળી રમનારા) વચન અને વર્તનનાં ખરાબ પણ તેમને દાનત ખરાબ નથી. પણ જેઓ દાનત =પરિણામ, મન વચન કાયાથી ખરાબ અને અધ્યાત્મની વાતો કરે; તે કેવા સમજવા ? જેમાં ઉચ્ચાર, આચાર, વિચાર ત્રણેની શુદ્ધિ ન હોય, તેવાનાં 'હે આત્મા !' કથનનો શો અર્થ ! અધ્યાત્મ એનું નામ કે–જ્યાં કર્મની નિર્જરા હોય કર્મક્ષયની બુદ્ધિ રાખી જે ધર્મપાલન થાય તે જ અધ્યાત્મ છે.

દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા

હવે મૂળ વાત પર આવીએ. માત્ર દુનિયાદારીના વિચારો, ઉચ્ચારો. આચારો રહેલા હોય, વિષય. કષાય માટે જ ઉચ્ચારાદિ રહેલા હોય,

તેવાને ભવાંતરની દૃષ્ટિ થઇ, તેમ કહી શકાય નહીં. વ્યવહારમાં રહીને નિશ્ચયમાં જાય. 'ધર્મ' એટલે નિશ્ચય, અને વ્યવહાર એટલે દુનિયા, એમ ગણી લો છો;' તેમ નહીં. **જે કંઈપણ બાહ્ય આચારની ક્રિયાની ધાર્મિક પ્રવૃત્તિ તે વ્યવહાર અને તેમાં આત્માની જે પરિણતિ તે નિશ્ચય.** વ્યવહારમાં રહી નિશ્ચયમાં વધે, તેવી જ રીતે વ્યવહારમાં રહેવા ખાતર, વ્યવહાર સમજવા ખાતર, લાંબા કાળની વિચારણાવાળાને સંજ્ઞી કહ્યા, પણ તત્ત્વની દૃષ્ટિએ અમે તેને સંજ્ઞી ગણતા નથી. ભલે લાંબા કાળની વિચારણાવાળો હોય, આ ભવને અંગે કંચનાદિ માટે, સમૃદ્ધિ કુટુમ્બકબિલા માટે ભલે લાંબા વિચાર કરનારા હોય, તેને વિચારશીલ માનતા નથી.

શાસનની પ્રવૃત્તિ–શરૂઆત કરવાની વખતે સર્વજન સમક્ષ જાહેર કરે છે, કે–અમે કુટુમ્બાદિકના વિચાર કરનારાને સાચા સંજ્ઞી કહેતા નથી, પણ વસ્તુતઃ અમે તેને જ વિચારશીલ કહીએ છીએ કે–જે ક્ષયોપશમ સમ્યક્ત્વ ધારણ કરનારો હોય. 'હું કોઇક ભવમાં હતો, ને ત્યાંથી આવ્યો છું. અને આ ભવથી બીજે ભવ જવાનો છું.' આટલા વિચારવાળો હોય તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાએ સંજ્ઞી. એ જ શાસ્ત્રદૃષ્ટિએ સંજ્ઞી.

વ્યવહાર માત્રથી સામાન્ય વિચારવાળા સંજ્ઞી ખરા, પણ શાસ્ત્રદૃષ્ટિએ સંજ્ઞી કોણ?

જે ક્ષયોપશમ સમ્યક્ત્વ ધારણ કરનાર હોય તે. 'ગયા ભવમાંથી અહીં આવેલો છું, આ ભવમાંથી બીજા ભવમાં જનારો છું –' આ વસ્તુ જેને રમી રહી હોય તેને જ શાસ્ત્રકારો વિચારશીલ માને છે. અહીંથી આગળ ચાર ગતિમાંથી ગમે ત્યાં જવાનો છું. આવા વિચારવાળા હોય તેને જ અમે સંજ્ઞી–વિચારશીલ માનીએ છીએ. આ વિચાર ન આવે તેને અમે વિચારશીલ માનતા નથી. આ વાત દરેક ગણધર મહારાજા તીર્થની પ્રવૃત્તિ વખતે પ્રથમ જાહેર કરે છે. આ ઉપરથી એ નક્કી થયું કે આપણે ભટકતી પ્રજા છીએ.

લુહારીયા કરતાં પણ આપણી જાતની નપાવટતા.

લુહારીયાની જાત એક ગામથી બીજે ગામ ફર્યા જ કરે. તેને

ઘરબાર ન હોય. તે ભટકતી જાત કરતાં આપણી આ જાત ભૂંડી હોય છે. પેલી ભટકતી જાત, માલ ટોપલામાં નાંખી કે પોઢીયા ઉપર ભરી ગાડે લઇ જાય છે. માલ સાથે લઈને ફરવાવાળી ભટકતી જાત, જ્યારે આપણે માલ મૂકીને ભટકવાવાળી પ્રજા ! આખી જિંદગી દ્રવ્ય કરોડોનું ઉપાર્જન કર્યું. ચક્રવર્તી માફક લાખો સ્ત્રીઓ પરણ્યો. કુટુમ્બ યાદવો માફક મોટું ભેગું કર્યું. શરીર હજારો ગાઉનું મોટું કર્યું. તેમાંથી લઇ જવાનું શું ! સરવાળે શૂન્યનો વેપલો.

આખી જિંદગી વેપલો કર્યો. આ ચાર વસ્તુ મેળવવાંનો ધંધો કર્યોઃ કંચન, કામિની કુટુમ્બ અને કાયા. પછી સરવૈયામાં છેવટે સાથે શું આવવાનું ? કંચનાદિ ચારે અહીં મૂકીને જવાનું. હા, લુહારીયા કમાણી ટોપલામાં નાંખીને સાથે લઇ જાય. આપણે ખાલી હાથે જવાના. જન્મોજન્મ આપણે મહેનત કરી, આપણે વસ્તુ મેળવી, પણ બધું મેળવીને અહીં મૂકીને જવાનું ! માગેલું કેટલો વખત રહે ? વિવાહમાં માગેલું ઘરેણું કેટલા દિવસ રખાય ?

માગેલી વસ્તુના માલિક ન બનાય.

માગેલાના માલિક ન બનાય. ઘરની ચીજના માલિક બનાય. કંચન, કામિની, કુટુમ્બ, કાયા સાંયોગિક માગેલી ચીજ છે તે આત્માની ચીજ નથી; જ્યારે માગેલી ચીજ છે, ત્યારે તે ન રહે, તેમાં આશ્ચર્ય શું ?

કયી ચીજ સાથે રહે ?

પોતાની ચીજ હોય તે જ સાથે રહે. હંમેશાં માગેલી ચીજ ન રહે.

હવે પોતાની ચીજ કઇ? **પોતાની ચીજ સમજવી તેનું નામ સમકિત.** પરની ચીજ પર તરીકે. પોતાની ચીજ પોતાના તરીકે સમજવી તે જ સમકિત. મોક્ષ પામે ત્યાં પણ તે માથે ! શરીરનો સર્વથા નાશ થાય, મન, વચન કાયા, શ્વાસ, આયુ, નામ, ગોત્રનો નાશ થઇ જાય તો પણ એ ન ખસે.

વરની શોભા માગેલું ઘરેણું રહે ત્યાં સુધી, માગેલું ઉતરી જાય પછી વર ઉઘાડો. મન, વચન, કાયા, આપણી દુનિયાની અપેક્ષાએ

અંતરની ચીજ, પણ એ બધી ચીજ પુદ્ગલની મહે મેળવેલી. આત્માની ચીજ મન, વચન, કાયા નથી. શું કંચન, કામિની, કુટુમ્બ, કાયા આત્માની ચીજ છે? ત્યારે આત્માની ચીજ કઈ? તે જ સમકિત. વેદનીય કર્મ, નામ, ગોત્ર, આયુ, મન, વચન, કાયા ચાલ્યા જાય તો પણ જેમાં ન્યૂનતા ન આવે, તે જ તમારી ચીજ. તે વસ્તુને ઓળખો તો તમારી ચીજને ઓળખો. **જીવાદિ તત્ત્વની શ્રદ્ધા તે સમકિત.**

જડની જકડામણ.

ખરી રીતે જડ અને ચેતન–બે તત્ત્વ કહેવાં હતાં. નવ ને સાત તત્ત્વો શા માટે કહ્યાં? જડ અને ચેતન બે જ તત્ત્વો છે, પછી સાત ને નવ તત્ત્વ શા માટે? સાત ચીજો જુદી બતાવો તો ખરા! પુણ્ય ને પાપ જીવ અજીવથી જુદા બતાવો! તેમજ બંધ ને નિર્જરા, આશ્રવ ને સંવર, મોક્ષ ને જીવથી જુદા તો બતાવો? પછી તેને સાત કે નવ તરીકેની જુદાઈ કઈ રીતે કહો છો? જીવ અને અજીવ બેમાં જ તે સાત કે નવ તત્ત્વો છે. પછી નવ તત્ત્વ શા માટે કહ્યાં? જીવ અજીવનું જ્ઞાન શા માટે કરાવવું?

'સૂર્ય છે' એમ બોલો કે ન બોલો. બોલવાથી સૂર્ય નથી થયો, ન બોલો તો તે ભાગી જવાનો નથી. તેમ જીવ છે એ સર્વકાળ માટે જીવ છે. જીવ કહો યા તો ન કહો. માનો કે તો પણ તે જીવ છે તે છે જ. જેમાં તમારા કહેવાથી કંઈપણ ફરક પડતો નથી, જે વિધાનમાં કાંઈ બીજું કે નવું કરવાની, રોકવાની, કે પલટાવવાની તાકાત હોય તેવાં જ વિધાન કરાય. અહીં તમે જીવ તરીકે કહો અને અમે તેમ માનીએ; પરંતુ તેથી તમારા જ્ઞાનના પ્રભાવે નથી જીવપણું આવવાનું, નથી અજીવપણું થવાનું, તો શા માટે તે કહેવા જોઈએ?

જીવમાં જીવપણું સર્વકાળ માટે છે. અજીવપણું પણ સર્વકાળ માટે છે. પછી તેને સાત અને નવ તરીકે કહ્યા શા માટે? તો સમજો કે જડ અને ચેતન કહેવાનું કારણ એ જ કે ચેતન, જડમાં જકડાઈ ગયો છે. જડમાં જકડાયેલા જીવને જુદો પાડવાનું સમજાવવા માટે તે છે. આશ્રવ કર્મ

બાંધવાનાં કારણો સમજાવાય, ત્યારે જ જડમાં જકડાયાની સમજવટ થઈ શકે. જડમાં જકડાવાનું કારણ એ જ આશ્રવ, અને જ આંગે કર્ત્તવ્ય શું ? કર્ત્તવ્ય એ કે–જડમાં ન જકડાઈ એ, તે જ સંવર. જડમાં જકડાઈ એ નહીં તેવો રસ્તો તે સંવર, એટલું નહીં, પણ જકડાવવું એ પ્રકારનું હોય છે.

અગ્નિ સોનાને, ઘાને, મીણને પીગળાવે પણ સાથે હોય ત્યાં સુધી, અગ્નિ ખસી જાય પછી સોનું, મીણ, ઘી થીજી જાય. કેટલાક કારણોનો નાશ થાય તો પણ કાર્ય રહે. ભઠ્ઠીમાં ઘડાનું પાકાપણું, તે અગ્નિ ઓલાય તો પણ પાકાપણું ન ખસે.

જડના જકડામણના કારણોમાં વર્ત્યા, તો તે આગળ જતાં ઘણું નુકશાન કરશે. તે માટે બંધ તત્ત્વ માન્યું. જડની એ જકડામણ સોંસરવી નીકળવાની. જકડામણથી છૂટવાના પણ રસ્તા છે. તેનું જ નામ નિર્જરા. જકડામણ કદી થઈ ગઈ તો પણ તેથી છૂટી જવું તેનું નામ નિર્જરા. જકડામણ પણ એવી તોડો કે ફરી એવી જકડામણ થાય જ નહીં. નહીંતર કોઇપણ એવો સમય નથી કે જેમાં જકડામણ જીવ તોડતો નથી.

કેદમાં પડેલો કેદી દરરોજ કેદ કલ્પે છે, છ માંહનાની સજા થઈ. એક દિવસ ભોગવ્યો, એટલે તેટલી જેલ કાપી. કેદી દરેક દિવસે જેલ કાપે છે. જીવ દરેક સમય કર્મ કાપે છે, તેટલી નિર્જરા થાય છેઃ પણ અહીં તત્ત્વ તરીકે તેવી નિર્જરા લેવી છે કે–જે ભવિષ્યમાં અંશે પણ જકડામણ રહે નહીં અને નવી જકડામણ થાય નહીં.

શાસ્ત્રકારોને, આ જીવોને જડચેતનનું જ્ઞાન આપીને બેસી રહેવું નથી.


જકડામણ આગળ જીવોને કેવું નુકશાન કરે છે તે સમજાવવું છે. તે વગેરે સમજવું, તે જ સમકિત. જડ–ચેતન જાણવા સાથે જકડામણ રોકવાના–તોડવાના રસ્તા જાણવા, ફેર જકડામણ થાય નહીં તે જાણવું, તે વગેરે તત્ત્વોની માન્યતા તે જ સમકિત.

માન્યતાનું નામ સમકિત કેમ રાખ્યું ? જ્ઞાન સુંદર, વર્તમાન સુંદરપણું છતાં ત્યાં સમ્યક્ત્વ શબ્દ લાગુ ન કર્યો. સમ્યક્ ચારિત્ર

કહીએ છતાં ત્યાં સમ્યક્ત્વ શબ્દ એકલી માન્યતામાં લાગુ કરીએ છીએ માન્યતાના સમ્યક્પણા વગર જ્ઞાનનું સમ્યક્પણું નથી. વ્યવહાર દૃષ્ટિએ સમ્યક્ત્વ વગરનું જ્ઞાન તે સમ્યગ્ જ્ઞાન નથી. માન્યતામાં સમ્યગ્ હોય તો જ સમ્યગ્જ્ઞાન. નવ ગ્રૈવેયકપણાનું–કેવળીપણાના તોલનું ચારિત્ર હોય તો પણ તે ચારિત્ર સમ્યગ્ નથી. પણ સમ્યક્ત્વ સહિત ચારિત્ર હોય તો જ સમ્યક્ ચારિત્ર છે.

આમ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રપણું માન્યતાના પ્રભાવનું જ છે. આવો નિશ્ચય હોવાથી માત્ર માન્યતાને જ સમ્યક્ત્વ શબ્દ લગાડે છે. શુદ્ધ પદાર્થને મનાવવાવાળું–મનુષ્યને–જીવને વિચારશીલ બનાવવા વાળું એવું સમ્યક્ત્વ. મોટો થયો પછી નાગો ફરે તો તેનામાંથી માણસપણું ચાલ્યું નથી ગયું, પણ તે માણસ ન કહેવાય. તે ઢોર કરતાં પણ ગયો ! નગ્ન ઢોરને તરફથી દૃષ્ટિ ન ફેરવીએ, પણ તેના તરફથી તો દૃષ્ટિ જરુર ફેરવીએ. આભૂષણ, અલંકાર વગરનો મનુષ્ય દૃષ્ટિએ દેખવા લાયક નથી સમકિત શોભે કયારે ? અલંકારો, આભૂષણો હોય ત્યારે શોભે. તે માટે સમ્યક્ત્વનાં આભૂષણો કયાં ? તે અગ્રે—

જૈન શાસનની અદ્વિતીય વિશિષ્ટતા



[સં. ૨૦૦૦ ફા. વદ ૪. નેમુભાઈની વાડી. સૂરત]

'હું'નો વિચાર કરવાનું સ્થાન કયું ?

'હું'નો ખુલાસો નથી મેળવ્યો. મનુષ્યપણામાં આવ્યો છતાં 'હું'નો ખુલાસો અહીં ન મેળવીએ તો તે ખુલાસો ક્યાં મેળવીશું ? જાનવર, પશુપંખીના ભવમાં 'હું' પદનો ખુલાસો નહીં મેળવી શકીએ 'હું'નો ખુલાસો કયાં મેળવશો ? આંખ રત્ન ગણાય, જીવન તરીકે, આધાર તરીકે ગણાય પણ તેની ટેવને તેની પાસે રાખે. આખા જગતને જુએ, પરંતુ પોતાને ન જુએ. આંખમાં કણીઓ પડે તો આંખ ન જુએ. હીરા, મોતી, પન્ના, જુએ પણ પોતાને ન જુએ ! 'હું' કોણ એ વિચારે નહિ ! આખા જગતની ચિંતા-વિચાર કરે પણ પોતાનો વિચાર કરે નહીં કે મારી સ્થિતિ કેવી હતી ? ને હવે કેવી થશે ? તે વિચાર હું કરતો નથી.

ઘરનું બારણું, બારી, છાપરાનું આમ કરવું છે, છોકરા છોકરી પરણાવવા છે, કમાણી કરવી છે, એ વિચાર હું કરું છું. નાતવાળાઓ વિચાર કરે કે-આમ રિવાજ કરવો છે, આમ આવક-જાવક થાય છે, તેમ ગામવાળાઓ ગામ સંબંધી વિચારવાનું કહે, પણ 'હું'નો વિચાર કરવાનું સ્થાન કયું ?

બીજા બધા પદાર્થોના વિચારોનાં સ્થાનો છે. કંચન-ઘર-હાટ-સ્ત્રી -ચોરી વગેરેનો વિચાર કરવાનાં સ્થાન રાખ્યાં. કાયાનો વિચાર કરવા દવાખાનાં રસોડા રાખ્યાં, પણ 'હું'નો વિચાર કરવાનું સ્થાન કયું ? કાજીના કૂતરાનું મરણ થાય, તો ગામ આખું આભડવા આવે, પણ કાજીના મરણમાં કોઈ ન આવે. 'હું 'ના વિચારો કઈજગ્યાએ કર્યા ? માતા-પિતા-શેઠ-રાજા-પ્રધાન-સેનાપતિએ બધા છે, પણ તેમાંનાં કોઈ 'હું'નો વિચાર કરવાનું કહેતા નથી ! આ સંજોગમાં 'હું'નો વિચાર થાય શી રીતે ?

રૂપાની કિંમત શીખવે ત્યારે છોકરો જાણે. રૂપાની કિંમત નથી સમજાવી છોકરો રૂપાની પાટ ઉપર પિશાબ કરે, મોતીના ઢગલા ઉપર પિશાબ કરે. તેને કંઈ છે.? તેને કિંમતનું ભૂત પેઠું નથી. કિંમતીપણાનો સંસ્કાર એને પેઠો નથી. સોનું, મોતી, મણિ, આટલું કિંમતી છે! એમ એ બધું ઓળખાવ્યું એટલે તેની કિંમત જાણી; પણ 'હું' કેટલો કિંમતી? તે કોઈ એ ઓળખાવ્યું?

જગતની કિંમત ઓળખી, પણ પોતાની કિંમત ઓળખી, નથી. જગતના પદાર્થોની પરીક્ષા કરી. ખાટું–મીઠું–કાળું–ધોળું–એ બધા ગુણોનો વિચાર કર્યો. દુનિયાના પદાર્થોનો, તેના ગુણોનો વિચાર કર્યો પણ 'હું' અને તેના ગુણોનો વિચાર કયારે કર્યો?

ઉપાશ્રય–દહેરાનો અદ્વિતીય ચમત્કારિક પ્રભાવ હોય તો તે જ કે–'હું'નો તે અણઉકેલ કોયડો ઉકેલે છે. કારણ? જિનેશ્વરના મંદિરમાં શું છે? ભગવાનની મૂર્ત્તિ. વ્યવહારથી ભગવાનની મૂર્ત્તિ છે, પણ લગીર ઊંડા ઉતરો તો તે આપણા આત્માનો અરીસો છે.

જૈનો પણ અવતાર અને ઈશ્વર બંને માને છે. અન્ય મતવાળાઓ પણ તે બંને માને છે. અજૈનો પણ અવતાર અને ઈશ્વર બંનેની માન્યતા ધરાવે છે. જૈનો અવતારમાંથી ઈશ્વરની માન્યતા ધરાવે છે, બીજાઓ ઈશ્વરમાંથી અવતાર જણાવે છે. ઋિષભદેવજીનો ૧૩ મો છેલ્લો ભવ, તેમજ વીરનો ૨૭ મો છેલ્લો ભવ, એમ અવતાર–જન્મ જૈનો માને છે, પછી તેમાંથી આવી રીતે આત્માના ગુણો ઉત્પન્ન કર્યા. આમ ઈશ્વર થયા ત્યારે ઈશ્વરની મૂર્ત્તિ ઊભી કરી. તારે ઈશ્વર બનવું હોય તો એમ વર્તાય. બીજા ધર્મવાળાએ દેવ કેમ થવાય? તેવો રસ્તો બતાવ્યો છે? શૈવમાં, વૈષ્ણવમાં, કુરાનમાં, બાયબલમાં દેવ થવાનો રસ્તો નહીં, **દેવ થવાનો રસ્તો બતાવનાર જૈનશાસન જ.** અહીં તમે પણ દેવ થઈ શકો છો! અરિહંતરૂપે, સિદ્ધરૂપે પણ દેવ થઈ શકો છો. જૈનશાસન સિવાય દેવપણાને માટે છૂટ આપનાર કોઈપણ ધર્મ–મત નથી. જાતિ ભેદ, રંગભેદ જુલમ કરનાર ગણાય તો વ્યક્તિ સ્વાતંત્ર્યમાં તો પૂછવું જ શું? **કેવળ જિનેશ્વરનું શાસન એવું છે કે જેમાં દેવ થવાની છૂટ છે**

સરમુખત્યારવાળા પણ પોતાની પાછળ અનુગામી નીમે છે. હીટલરે

ગોરીંગને નીમ્યો. આ તે એક વ્યક્તિ છે. ત્યારે જિનેશ્વર ભગવાન, 'હું જ જિનેશ્વર છું અને રહું' એમ નહીં, તમે પણ જિનેશ્વર થઈ શકો છો, જિનેશ્વર થવા માટે સાધન બતાવે છે, પ્રેરે છે. જ્યાં દેવ થવાની છૂટ નથી, ત્યાં તેનાં સાધન, પ્રેરણા ક્યાંથી હોય? **કેવળ જિનેશ્વર ભગવાનનું શાસન એવું કે જેમાં સર્વને સમાન હક્ક મળે છે,** પછી લાયકાત ઓછી હોય તે દેવ ન થાય તો જૂદી વાત છે. અહીં બધાને લાયકાત પ્રમાણે ફળ મેળવવાની છૂટ છે, તમે દેવ થઈ શકો છો. એ કેવળ જૈનશાસન બોલી શકે છે. હું દેવ થયો, એ થયોઃ તમારે કોઈને દેવ થવાનું નહીં, તે બીજા મતમાં. અહીં તો બધાને છૂટ છે. અહીં વર્ણ-જાતિ-વ્યક્તિભેદ વગરે દેવ થવામાં નહીં.

સર્વ જીવોને સ્વતંત્ર થવાને માટે છૂટ આપનાર હોય તો કેવળ જૈન શાસન જ, કેમકે-જૈનો જ એ માન્યતાવાળા છે કે જીવ જ પોતાનાં કૃત્યો માટે જવાબદાર અને જોખમદાર છે. જૈન શાસન સિવાય જીવને જવાબદાર અને જોખમદાર ગણવા કોઈ મત તૈયાર નથી. 'अज्ञो जंतुरनीशः આ અજ્ઞાની જીવ, પોતાનાં સુખ દુઃખ માટે સમર્થ જ નથી. તે અજ્ઞાની છે, તે મૂર્ખ છે.

કોઈ મનુષ્ય, મૂર્ખમાં જવાબદારી મૂકે ખરો? એમ કહી એ લોકોએ જીવોને પહેલેથી જ અજ્ઞાની માની લીધા! કેટલી વખત માણસોને જવાબદારી, ને જોખમદારી જૂદાં પણ હોય છે, તમારે ખાતે ને તમારા જોખમે ન પણ હોય. જવાબદારી હોય અને જોખમદારી ન હોય તો કંઈ નહીં, પરંતુ આ તો જવાબદારી ને જોખમદારી બંને ન હોય!

નાના છોકરાના નામે વેપાર થાય તેમાં ખોટ જાય તો કોને જાય? જવાબદારી એજંટની, જોખમદારી શેરહોલ્ડરની. જવાબદારી ને જોખમદારી બંને જુદાં છે. પણ જૈનશાસન સિવાયના દર્શનવાળાઓએ પહેલેથી મીંડું મૂકી દીધું કે-આ અજ્ઞાન આત્મા, આમાં જાણે જ નહીં. જાણ્યા વગર જવાબદારી મૂકો નહિ. એનાં સારા કાર્યનું ફળ દેવલોક, ખરાબ કાર્યનું ફળ નરક. દેવલોક જાય તે ઈશ્વરની

પ્રેરણાથી. ઈશ્વર રિતો ગચ્છેત્, સ્વર્ગં વા નરકં વ્રજેત્ સ્વર્ગે જાય કે નરકે જાય તો પણ ઈશ્વરની મરજીથી જાય! જીવની મરજી શા કામની?

સુખદુઃખમાં કે સ્વર્ગનરકમાં જીવની સ્વતંત્રતા નહિ. સુખદુઃખમાં જીવની સ્વતંત્રતા નહિ. આની પુષ્ટિમાં તેમની દલાલ છે કે–"જીવનું કર્યું સુખ થાય તો સુખની અર્થી દુનિયામાં દુઃખ અને દુર્ગતિ લે કોણ? અને દુઃખ અને દુર્ગતિ થાય છે, તે તો ચોક્કસ છે; માટે દુઃખ અને દુર્ગતિ દેનાર કોઈ છે તો ખરો જ."પોતાની સ્વતંત્રતાએ જો સુખ, સ્વર્ગ મળી જાય તો નરકે જવા કોઈ તૈયાર ન હોય, માટે 'સુખ–દુઃખ, સ્વર્ગ–નરક પોતાની મરજીના નથી,' આમ કહેવાવાળાએ વિચાર કરવાની જરુર છે.

ઇંદ્રિયોની આધીનતા.

એક મનુષ્યને ઉધરસ થઈ છે. આખી રાત ઉજાગરો થાય છે.

વૈદ્યને બતાવ્યું. વૈદ્યે કહ્યું–'ઉધરસ સખત છે. તેલ મરચાંને અડવું નહિ. તેલનો લેપ સરખો પણ ન લેવો, દરદીને અને કુટુંબીઓને તે વાત સાચી લાગી. પોતે તેલમરચું ખાવાનું નુકશાન સમજ્યો છે. ન ખાવું તેવા નિશ્ચયમાં આવ્યો છે પણ કયાં સુધી? જમવા બેસે ને ફીકકું લાગે ત્યાં શું થાય? માબાપ અને પાસેવાળા તેલ મરચું ખાતાં રોકે, અને મન કહે કે–આ બોટું થાય છે, છતાં કેમ નથી રહેવાતું? વૈદ્યને વેરી જેવો ગણવામાં આવે છે. તમારા રોગને હઠાવવા માટે, રોગની વૃદ્ધિ અટકવવવા માટે, ચરી પળાવવાવાળો વૈદ્ય દુશ્મન જેવો લાગે છે?

મારી વહાલી, ચાર આંગળની દલાલણ જીભ દાટ વાળી દે છે. વેચનાર અને લેનાર આ હાથ અને પેટ, અને વચમાં દલાલણ જીભ, તેણે વચમાં દાટ વાળ્યો. ઉધરસ થઈ હોઈ છતાં તેલ મરચાં તરફ તેને દોર્યો. તમે જીભના ગુલામ થયા. તમે જીભના માલિક કે જીભ તમારી માલિક? દુનિયાદારીથી જીભ તમારી ગણાય, પણ આપણે વિચારીએ કે આપણે જીભના માલિક નથી, જીભ આપણી માલિક છે. જીભે દોરીને તેલ મરચાં ખવડાવવામાં નાંખ્યા.

એક રસનાના કબજામાં આવ્યા એટલે ભાન ભૂલ્યા, તો પાંચે ઇંદ્રિયના કબજામાં આવો ત્યારે શું થાય? તમે નિરોગી રહેવા ઇચ્છો છો પથ્ય ખાવું તે તમારા હાથની ચીજ છતાં કેમ પલટો થયો? તમારા ને તમારા વિચારો વચ્ચે ડખલગીરી કોણે કરી? ચાર આંગળની દલાલણની ડખલગિરિ વખતે ગુલામ બની જાવ તો પછી પાંચેની પંચાતમાં પટકાઈ જાવ તો શું થાય? પાંચેમાં સામટા પટકાઈ પડો, ત્યાં શું થાય? વસ્તુનો આવેશ તે તો પવન સાથે–વાયરા સાથે લડનારો એટલે તે મહા વઢવાડખોર ગણાય.

આપણે તો વાયરો પકડીને ચાલીએ છીએ. વિચારના વાયુને આધીન રહી આપણે ચાલીએ છીએ. વાયરો જેમ તણખલાને ઉપાડીને ઇચ્છે ત્યાં ફેંકે છે. 'હું–હું' કરી રહેવાવાળો આત્મા, ગુસ્સા–ગુમાન–પ્રપંચ– લોભના આવેશરૂપી વાયરાની પાછળ જાય. વાયરે ભમે ત્યાં શું થાય?

પાણીના વમળમાં ખલાસી પણ વહાણ હાથમાં રાખી શકતા નથી, વિમાનીઓ પણ હાથમાં વિમાન રાખી શકતા નથી. પછી આપણે આવેશના વાયરાની પાછળ ખેંચાઈએ તે આત્માનું શું થાય?

જે વાયરા પાછળ વહેતો રહેલો હોય, તેની ઇચ્છા કામ લાગે ખરી? વાયુના વેગમાં પડેલા પદાર્થનું અવસ્થાન નિયમિત હોય નહીં. ગુસ્સાદિકના વાયરામાં દોડે, તેનું અવસ્થાન નિયમિત શી રીતે રહે? પછી બીજાને દોષ દેવો નકામો છે. ચાર વેગોના વાયરા પાછળ ઘસડાઈએ પછી ફળ આપણે ભોગવવાં પડે તેમાં નવાઈ શી? કુપથ્ય કર્યું, એટલે ઉધરસ વધે. સાકર આપણે ખાઈએ અને મીઠાશ લગાડનાર બીજો જોઈએ. તે ન બને. પાપ પોતે કરે અને પાપનાં ફળ બીજો આપે, તે બને જ નહીં. પદાર્થનો સ્વભાવ ન સમજે, તેને આડાઅવળું બોલવું પડે. તેવી રીતે પુણ્યકર્મનો, પાપકર્મનો સ્વભાવ સમજે તેને પુણ્યથી થતી સદ્ગતિમાં બીજાને લાવવાની જરૂર ન સમજે. પાપથી થતી દુર્ગતિ–તેમાં બીજાને લાવવાની જરૂર નથી. **કરેલાં પુન્ય-પાપ, સ્વભાવે જ ફળ આપે છે.**

કાળીયા સાથે ધોળીયો બંધાય તો શું થાય?

એક વાર એક માણસ ક્ષૌરકામ કરવા બેઠો. વાયરો વાયો. નળીયું ખસ્યું, નીચે પડ્યું ને તેને વાગ્યું. તે શું ભગવાને કર્યું? ભૂંડામાં ભગવાનને રાખો તો તે વાત જુદી. **કાળીયા સાથે ધોળીયો બાંધે તો શરીરનો વાન ન પકડે પણ સાન પકડે.** તેમ અજૈનોના પરિચયમાં આવ્યા. તેમાં જૈનપણું નથી છોડ્યું, પણ તેની સાનમાં ગયા.

તમારે ઘેર છોકરો જન્મ્યો. અખંડ સૌભાગ્યવતીએ પુત્રરત્નને જન્મ આપ્યો. તેનાં લગ્ન લખો ત્યારેપણ 'ચિરંજીવી ભાઈ કલ્યાણનાં લગ્નનો અમે નિરધાર કર્યો છે.' એમ લખો! જ્યારે કાળોતરી (મેલો) લખો ત્યારે 'કલ્યાણભાઈ દેવગત થયા છે, લખતાં કલમ કંપે છે, બાયડી નાની છે, નાના છોકરાં નિરાધાર છે; પરમેશ્વરને ગમ્યું તે ખરું!' એ કેવી વિચિત્રતા? જન્મમાં અને લગ્નમાં પરમેશ્વરને ન ગોઠવ્યો પણ મર્યો ત્યારે પરમેશ્વરને ગમ્યું તે ખરું! પરમેશ્વરને કયાં ગોઠવ્યો? પરમેશ્વર શરીરધારી હોય તો તમારું કાર્ડ શું ન કરે? બદનક્ષી કરી તો શું કરે?

અજૈનને ત્યાં છોકરો જન્મે, ત્યારે કોઈક જીવ પુણ્યના ઉદયવાળો થએલો તે ભોગવવા માટે અવતર્યો છે, તેમ લખ્યું! જ્યારે જૈનપણાનો કાગળ કેવો હોય? પુણ્યોદયે મનુષ્યપણું પામ્યો, પણ અવિરતિ કર્મનો ઉદય છે, જેથી વિરતિ કરી શકતો નથી, એમજ લખે ને? પરણવામાં પણ મોહના ઉદયને લીધે સંસારમાં ઉતરવાનું થાય છે; તેમ કંકોત્રીમાં લખેને? તેમ લખ્યું?

જૈનધર્મ માનનારાને અંગે તમારે શું લખવું જોઇએ? માતા, પિતા, પુત્ર, જન્મ આપવા લેવામાં સ્વાધીન નથી. કલ્યાણીને કૂખે જન્મ થયો, પણ જન્મ આપ્યો છે? જન્મ આપવામાં કોઈ સ્વતંત્ર છે? **कर्तुं अकर्तुं अन्यथाकर्तुं प्रभु**'–બનાવવાની, ન બનાવવાની કે ઉલટું કરવાની શક્તિવાળો હોય તે જ કર્તા ગણાય. બાપમાં, માતામાં કે છોકરામાં:–ત્રણેમાંથી એકેયમાં એ સામર્થ્ય છે?

પરણાવવામાં તેના પરસ્પરના સંબંધ હોય તો જ સંબંધ થાય.

ધાર્યા જમાઈ કે કન્યા મળી જાય છે ? તો પછી–અમે લગ્ન નિરધાર્યાં છે, તે કઈ રીતે ? આ બધાં અપલક્ષણો કોના ઘરમાંથી શીખ્યા ? કહો કે અન્યમતવાળા પાસેથી શીખ્યા.

તમે દેરાસરે ઉપાશ્રયે જાવ છો પણ જૈનના સંસ્કાર ભૂંસી નાંખ્યા. છે, જૈનત્વ કયાં ! જન્મનારો-ભાગ્યના ઉદયવાળો તેથી અહીં આવ્યો છે, તો વિચારમાં આવ્યું ? પરણવાનું મહામોહનીને લીધે થાય છે, તો લખ્યું ? મરણ વખતો પણ 'આયુષ્ય પૂરું થાય તે જ મરે છે, આયુ બાંધ્યું. તેટલું જ ભોગવ્યું.'

દરેકનાં કર્મો દરેકને ભોગવવાં જ પડે છે, બે મથાળાની હુંડીમાં વગર લીધા ભોગવવા પડે પણ કર્મમાં તો કરેલાં જ ભોગવવા પડે છે, આયુ ટૂંકું બાંધેલું તેટલું જ ભોગવ્યું, તેમાં સ્નેહીઓ કોઈપણ બચાવ કરનાર નથી. અશરણ ભાવના મગજમાં જાગૃત રહેવી જોઈએ,' આવું લખાયું ?

નિરાધારપણું મગજમાં નથી આવતું ? આપણે પણ તેમાં જ છીએ. જીવમાત્રને નિરાધારપણું છે. કોઈ સંબંધી આધારવાળા થવાના જ નથી. ઊગતા ચાંદને દુનિયા નમે છે. આ જીવ તેની વાસના–સંજોગ –અનુકૂળતામાં રહે તો દુનિયા તેને ખમાખમા કરે. અજૈનોના પરિચયમાં જૈનપણું નથી છોડ્યું, પણ તેના સંગથી મરણમાં મારનાર ભગવાન લખવા માંડયા. આમ અન્યમતની રીતિએ ચાલવું ખોટું છે, છતાં તે વહેવારમાં રાખ્યું છે !


કૃષ્ણાર્પણમસ્તુ

વિષ્ણુની એક અનન્ય ભગત બાઈ વાસીદું બહાર નાંખતા કૃષ્ણાર્પણમસ્તુ. એમ બોલતી. એકવાર આમ વાસીદું નાંખતી હતી ત્યાં નારદજી નીકળ્યા. તેને ગુસ્સો ચડયો કે– મારા ભગવાનને કચરો આપે છે ? ચડી રીસ, અને બે લપડાક જડી દીધી. અખંડ બ્રહ્મચારી નારદજી બે લગાવે તો બાઈને શું થાય ? આ સ્થિતિમાં બાઈએ જે સ્વર, શબ્દ, હૃદય **કચરો નાંખતાં** હતાં, તે જ સ્વરાદિએ 'કૃષ્ણાર્પણમસ્તુ' બોલવું

ચાલુ રાખ્યું ! બે લપડાક પડી તેમાં પણ તે સ્વર–શબ્દ–હૃદય ન ભેદાયા ! કચરો નાખતી વખતે જે પ્રમાણે બોલાયું તે જ પ્રમાણે બે વાગી તોપણ તેવા જ શબ્દો બોલે છે !

'જણવાને જોરૂ, પરણવામાં પંડ ને મારવામાં ભગવાન !' હવે એવા મનુષ્યો શું માને ? ઈશ્વરમાંથી જ અવતાર માનેને ? અવતારમાંથી ઈશ્વર નહીં માને. નિર્મળમાંથી મલિન થવાનું માનનારા એ અવતારમાંથી ઈશ્વર માને છે. આદર્શ તરીકે કયી મૂર્ત્તિ હોય ? મલિન છતાં ભવિષ્યમાં નિર્મળ, તેવી જ મૂર્ત્તિ આત્માનો આદર્શ થઈ શકે. એ આદર્શ બનાવીએ તો 'હું'નો ખુલાસો થાય. આવા વીતરાગસ્વરૂપે શાંત સ્થિતિએ જે આત્મા છે તે 'હું' છું. આવી શાંત વીતરાગ સ્થિતિએ જ 'હું' છું, એ શિક્ષણ વીતરાગની મૂર્તિ સિવાય બીજે ન મળે.

'હું'નો આદર્શ દેખી સુદેવને દેવ, સાધુને ગુરુ અને તે દેવે બતાવેલ ધર્મને ધર્મ માને, તે જ સમકિતિ: મિથ્યાત્વી આત્મા તેઓ છે કે–જે પોતાના સમકિતનાં પડીકાનાં નામે વ્યવહાર કરે. એવાઓ એ વાતમાં વીતરાગને લાવે, તે વેશ્યાના ઘુમટા જેવું છે. આ રીતે તત્ત્વ બતાવ્યું. 'હું'પદનો આદર્શ મળે, 'હું'પદનો ખુલાસો–તેનો રસ્તો મળે ત્યાં જ ધર્મ મનાય, અને તે જ સમકિત. હવે તેનાં ભૂષણો કેવાં ? તે અગ્રે—



જૈન દેવ અને જૈનેતર દેવ

દેશના ૯

[સં. ૨૦૦૦ ના ફા. વદ ૫. નેમુભાઈની વાડી. ગોપીપુરા-સૂરત]

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે-દરેક જીવ જગતમાં સારાને ઈચ્છે છે. ખરાબ કોઈ ઈચ્છતું નથી. પોતે સારું કરતો હોય કે ન હોય તો પણ તે સારાને જ ઈચ્છે છે. સાચું કરવાવાળો પણ સારાને ઈચ્છે છે. ઈચ્છનારમાં સારી જ ધારણા હોય.

આખી દુનિયા સારા અને સાચાના જ ખપવાળી હોય છે તેમાં મતભેદ નથી; પરંતુ હેમચંદ્ર મહારાજ કહે છે કે-નાનાં બાળક માતા જોડે આવ્યાં હોય, માતા ઉપવાસનું પચ્ચક્ખાણ માગે; તે વખતે નાનાં બાળક બીસામાંથી ચણા ખાતાં જાય ને મેં પણ ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું, તેમ બોલે છે. નાનાં બાળક ઉપવાસને સારો ગણતા હોય, પરંતુ ઉપવાસ કોને કહેવાય તેની ગતાગમ બાળકને નથી. માત્ર માએ ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું એટલે 'મેં ઉપવાસ કર્યો' એમ તે કહે છે.

તો જેમ નાનાં બાળક અજ્ઞાનતાને લીધે ઉપવાસ પદાર્થને સમજતા નથી, પણ ઉપવાસનું સારાપણું સમજી 'મેં ઉપવાસ કર્યો' કહે છે, તેમ જગતમાં સુંદર પદાર્થનું સ્વરૂપ સમજે નહીં; અને બાંગ મૂકે કે-'મેં કર્યું તે સારું અને સાચું છે.' એ બાંગમાંથી બાકાત કોણ છે? કોઈ દૃષ્ટાંત તરીકે લઈએ, કોઈ બાકાત રહે છે? 'હું સાચું જ અને સારું જ કરવા માગું છું,' તેમ નહિ બોલવાવાળો એકે છે? તો પછી-સમ્યક્ત્વનો ઈજારો તમારે ત્યાં શી રીતે? બીજા બધા શાસનોને -મતોને મિથ્યાત્વી કહો છો અને જૈનદર્શન જ સમ્યક્ત્વવાળું કેમ?

સમ્યક્ત્વનો સીધો અર્થ તો 'સાચું અને સારું' છે ને? એટલે સારા-સાચાવાળા તમે જ છો એમ બતાવવા સાથે બીજાને ખરાબ શબ્દ ન કહેવો એવો તેનો રસ્તો કાઢયો.

અજ્ઞાન ભાઈને કોઈ પૂછે કે–તારે બાળક કેટલાં? પરમેશ્વરે બે આપ્યાં છે. પણ જેને નથી. જેને પરમેશ્વરે બાળક નથી આપ્યાં, તેનું શું? તેની ઉપર પરમેશ્વરે કૃપા નજર કરી છે ને? અર્થાપત્તિથી આવતા તે અર્થને ભલે ન બોલે, પણ આપોઆપ એ જ અર્થ સિદ્ધ છે, કે–જેને બાળક નથી આપ્યાં તેની ઉપર પરમેશ્વરની કૃપા મરજી છે, તેમ જ માનવું પડે. આ બોલવાવાળા અજ્ઞાની પુરુષે પરમેશ્વરને જાળમાં જકડી લીધો. પરમેશ્વરનું કામ આ છે ને? પણ ત્યાં ઊંડો વિચાર ન કર્યો.

જંગલીમાં જંગલી એવું કોઈ નથી કે–સાત વર્ષની અંદરના બાળકે કાર્ય કર્યું હોય તેને ગુનાહિત કહી સજા કરે. ઈશ્વર ગર્ભમાં મારે. ત્યાં પણ તેની સજા ચાલે. જન્મતાં તેની સજા ચાલે, જન્મતાં લૂલાં–લંગડાં–બહેરાં–આંધળાં થાય તો પરમેશ્વરની દયાળુતા ક્યાં?

આપણાં કર્મ પ્રમાણે તે બધું પરમેશ્વર કરે છે, તેમ માનીએ તો તાજાં કર્મને પરમેશ્વર ગુનાહિત નથી ગણાતા ને તેથી તેની અહીં તરત સજા નથી કરતા. બે વર્ષના છોકરાએ ચપ્પુ માર્યું. તેની ફરિયાદ કોઇ કરે છે? અરે! સાત વર્ષમાં કાર્ય થઈ પણ જાય તેને સરકાર ગુનાહિત કાર્ય ગણી સજા કરવા તૈયાર નથી.

માણસ અજ્ઞાનતા–અણસમજનો લાભ આપે છે. તે સ્થળે ઈશ્વર અણસમજનો પણ લાભ નથી આપતો. ઈશ્વર કર્મનું ફળ આપે છે તેમ માની લઈએ તો જીવને તો કર્મની જવાબદારી–જોખમદારી રહેતી જ નથી. સ્વભાવે રૂપ મળે છે, તેમાં પ્રશ્નને અવકાશ નથી. માતા-પિતા–પુત્રની કાયા જડ છે. જડને જવાબદારી–જોખમદારી નથી હોતી. ઈશ્વર અનંતી સમજણવાળો છતાં બાળક અજ્ઞાન, દુઃખી, આંધળાં ઉપર, લૂલાં–લંગડા ઉપર મહેર ન કરી શકે તો તે ઈશ્વરને કેવો ગણવો? કર્મ કર્યાનાં ફળ આપવાની વાતમાં ઈશ્વરને સમજવામાં તેની દયાળુતા ક્યાં? આપણે ઈશ્વરને કયા સ્વરૂપે માનવાની જરુર છે?

ખ્યાલ રાખવો કે–અનુકૂળ શબ્દો પણ અર્થાપત્તિથી પ્રતિકૂળતાને સિદ્ધ કરે છે. જેમ સારા શબ્દોમાંથી અર્થાપત્તિથી ખરાબ અર્થની ઉત્પત્તિ થાય છે. તેમ અમારા દેવને અંગે, ગુરુને અંગે, ધર્મને અંગે અમારામાં સમ્યક્ત્વ, તો અર્થાપત્તિએ જૈનેતર બધા મિથ્યાત્વવાળા ગણાય. વીતરાગદેવની માન્યતા સિવાયની બધી માન્યતાઓ મિથ્યાત્વ ગણાય. તમારા દેવને અંગે શાસ્ત્ર–ધર્મ, મત–દર્શનને અંગે જે છે તે આ સમ્યક્ત્વ.

સમ્યક્ત્વ શબ્દનો અર્થ સુંદરપણું. એમાં સુંદરપણું નક્કી કર્યું એટલે બીજામાં અર્થાપત્તિથી જ અસુંદરપણું. મિથ્યાત્વ શબ્દ ભયંકર લાગે તેથી તેને એક બાજુ મૂકીએ તો પણ અહીં સુંદરપણું એટલે બીજે અસુંદરપણું છે જ ! પ્રશ્ન થશે કે–બીજા દેવો, ગુરુઓ કે ધર્મોમાં–શાસ્ત્રોમાં–મતમાં–દર્શનમાં અસુંદરપણું શી રીતે કહી શકો છો ?

બીજા દેવોને જિનેશ્વરને વેશ પણ ભજવતાં ન આવડ્યો

દુનિયામાં ઉત્તમ નાટકિયો પણ વેશ બરાબર ભજવે છે. અકબર બને તો હિન્દુ હોય તો પણ મુસલમાની ડ્રેસ પહેરીને ઊભો રહે. શિવાજી અંગ્રેજ–પારસી કે મુસલમાન એકટર તરીકે હોય તો પણ શિવાજી આદિના વેશ વખતે હિંદુ આદિનો જ વેશ પહેરે. જેનું અનુકરણ કરવું હોય તેનો જ પહેરવેશ રાખે.

એક બહુરૂપી રાજા પાસે ગયો. પહેલે દહાડે રૂપ-વેશ દેખી રાજાએ તેને દાન ન આપ્યું. હેતુ એ હતો કે–અત્યારે દાન આપીશ તો બીજી કળા નહીં બતાવે. બીજે દિવસે બીજો વેશ પહેરી આવ્યો, રાજા ખૂશ થયા, છતાં દાન ન આપ્યું ! તેમ તે બહુરૂપીએ ૯૯ વેશ કાઢ્યા, છતાં રાજાએ દાન ન આપ્યું. રાજા અને સભા ખૂશ થાય છે, પણ દાન કોઈ નથી આપતું. રાજાનાં દાન વગર બીજા પણ દાન નથી આપતા. બીજા આપે તેમાં રાજાનું અપમાન ગણાય.

બહુરૂપી ગામાંતરમાં ફરતો ફરતો ધર્મશાળામાં ઉતર્યો. ત્યાં સાધુની ક્રિયા જોઈ–જોયા કરી. બરાબર તેની એકટીંગ શીખી લીધી. હવે સાધુ પાસેથી કળા લીધા છે, તે બતાવું. તે સાધુ બનીને આવ્યો,

સભાને ખૂશ કરીને કહ્યું કે-રાજાજી, હવે આ છેલ્લો વેશ છે. નહીં તર કાલે જઈશ, માટે આપવું હોય તો આપો. રાજાએ કહ્યું—ઊભો રહે. નોકરને કહ્યું કે-દશ હજાર રૂપિયા થાળમાં ભરીને લાવ. રાજા દશ હજાર રૂપિયા આપે છે. 'ઉં....હૂં' કરી બહુરુપી ચાલ્યો ગયો વેશ પલટીને આવ્યો. હવે જે આપવું હોય તે આપો. રાજાએ કહ્યું: 'તે વખતે કેમ ન લીધું. ? તે સાધુના વેશમાં લઉં તો તે વેશ લજવાય. હવે જે દેવું હોય તે દો. પછી રાજાએ દાન આપ્યું.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી કહે છે કે-જિનેશ્વર સિવાયના દેવો, નાટકીયા દેવ બનવાનું પણ શીખ્યા નથી. નાટકીયો દેવ બને તો દેવનું પૂરું સ્વરૂપ તો લે છે ! નામ તરીકે રામ-લક્ષ્મણ-સીતાની મૂર્ત્તિ હોય, રાધા કૃષ્ણની મૂર્ત્તિ હોય તો સંસારી સિવાય બીજું છે? દેવપણામાં સીતા-રાધાની મૂર્ત્તિ જોડે રાખીને બેસો છો ?

આરંભ પરિગ્રહમાં લીન રહે તે મોક્ષે જાય? ક્રોધાદિક, વિષયાદિકમાં ડૂબેલો મોક્ષે જાય તેમ કોઈ શાસ્ત્રકાર કહેતા નથી, **'शांतो दांतोमुमुक्षुः'** કહે છે. આત્માનો વિચાર કરવાને અધિકારી કોણ ? કોઈપણ મતવાળાએ-દર્શનવાળાએ એમ માન્યું નથી કે-ક્રોધાદિથી ભરેલો હોય તે આત્મવિચારણાને લાયક હોય. બધા દર્શનકારો એમ કહે છે કે દેવ શાંત, દાંત હોવા જોઇએ, દેવમાં ક્રોધાદિક શાંત થયેલા હોવા જોઈએ એમ તેઓ કહે છે. એ સ્થિતિ વગર આત્માનો વિચાર કરવાનો ન હોય. ક્રોધાદિકે ભરેલા દેવ, ધર્મ શી રીતે કહી શકશો ?

સન્માર્ગમાં પ્રવેશ કરવોહોય તેણે પ્રથમ શાંતિ રાખવી તથા ઇન્દ્રિયનું દમન કરવું જોઈએ અને ત્યાર પછી મોક્ષની જ અભિલાષા જોઈએ.

દરેક ધર્મવાળા ધર્મિષ્ઠ માટે, સન્માર્ગ ઇચ્છનારાઓ માટે, આ ત્રણ વસ્તુ રાખવા માગે છે તો **शांतो दांतो मुमुक्षुः** શાંત, ઇન્દ્રિયોનું દમન અને મોક્ષની જ અભિલાષા હોય. એ સિવાય માત્ર શાંતિની વાતોવાળો હોય તેને કેવો ગણવો ? જે ઇન્દ્રિયોને આધીન ન થયો હોય તે સન્માર્ગને લાયક ગણાય. મોક્ષ તરફ નજર નથી કરી તેવા માટે

કોઈ સન્માર્ગ કહે છે ? જ્યારે એ ત્રણ નહીં તો પણ દેવે પોતાનામાં તે ત્રણ વાનાં વેશ તરીકે તો દાખલ કરવા હતાંને ?

આ વાતને અનુલક્ષીને જ કહે છે કે–

वपुश्च पर्यंकशयं श्लथं च, दृशौ च नासा नियते स्थिरे च।
न शिक्षितेयं परतीर्थनाथैर्जिनेन्द्र! मुद्राऽपि तवान्यदास्ताम् ॥

હે જિનેંદ્ર ! અન્ય દેવો આપની મુદ્રા પણ ન કરી શકયા, બીજી વાત તો બાજુએ રહો; પરંતુ અન્ય દેવો તારો વેશ પણ ન શીખ્યા ! નાટકીયા પણ વેશ તો બરાબર કાઢે. રિદ્ધિ ને સત્તા નાટકીયાના ત્યાગમાં ન હોય. નાટકીયો પણ વેશ બરાબર કાઢયા વગર નાટકીયો નથી બનતો. જે પોતાના શરીરને પર્યંકાસને સ્થાપી ન શકે તે નાટકીયો દેવ પણ કયાંથી બને ? શરીર પણ સામાન્ય મનુષ્ય ગુસ્સામાં ન હોય તો સીધું હોય; આવેશમાં અક્કડ હોય **'श्लथं च शरीरं'** શાંત દેવનું શરીર શ્લથ–અક્કડાઈ વિનાનું હોય. કેવું **શ્લથ** ? પર્યંકાસને હોય એવું શ્લથ, અક્કડ નહીં. અંગ તો સીધાં રહેવાં જોઈએ. એક વખત નાટક તરીકે દેવ બન્યા હો તો પછી શરીર તો સીધું રાખવું હતું ને ? પગનું ઊંચાનીચાપણું નહોતું રાખવું.

'दृशौ'–વાંકી આંખો કોણ કરે ? ડાબી આંખ વિકૃત કરવી ન પાલવે. દૃષ્ટિ નાસિકાથી નિયત નહીં, જમણી કે ડાબી આંખનો કટાક્ષ નહિ ! એટલું જ નહીં પણ **'स्थिरे च'** બગલો માછલાંને પકડવા માટે નિયમિત સ્થિર ઊભો રહે, પણ માછલું ન દેખે ત્યાં સુધી. માછલું દેખે એટલે સ્થિર ન રહે. બિલાડી પણ ઉંદરને દેખતાંની સાથે સ્થિર ન રહે.

શાંત દેવની દૃષ્ટિ સદાને માટે નાસિકા ઉપર સ્થિર રહે.
આ તમારી મુદ્રા નાટકીયા તરીકે અનુકરણ કરનારાએ લેવી પડે. આટલું નાટકીયાપણું પણ બીજાઓ લઈ શકયા નથી, તેથી શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે–**'न शिक्षितेयं.'** એટલે કે–દેવપણાની મુદ્રા આકાર, વેશ, શરીરનો પહેરવેશ વગેરે પોતાને ય દેવ કહેવડાવનાર બીજાઓ

શીખ્યા નહિ, તો તેઓમાં વીતરાગદેવના બીજા ગુણોની આશા શી કરીએ ? સત્તા અને સાહ્યબીની આશા શી રીતે કરી શકાય ?

જે દેવોની અંદર દેવપણાનો નાટકીયો વેશ પણ નથી આવ્યો, તો તે દેવપણામાં અનંત જ્ઞાન, દર્શન અને વીતરાગતાની તો આશા શી રીતે રખાય ? કહેશો કે–'દેવમાં સુંદરપણું ન આવે તેમાં અમારે શું કરવું ? ચોકસી, પિત્તળનું પિત્તળપણું બતાવવા તૈયાર નથી, અને સોનાને સોના પ્રમાણે કહે ને કસ આપે તેને જ સોનાપણું માનીને બેસી રહેવું ?'

તેના સમાધાનમાં સમજો કે–સોનાને તપાસતાં સોનાનો કસ ન આવે તો ચોકસી તેને પિત્તળ કહે. તેમાં ચોકસી શું કરે ? સોનું પારખનાર સોનાને સોનું કહે, એટલે પિત્તળપણું બીજામાં સહેજે જાય. તેમાં ચોકસી, જવેરી દોષપાત્ર ન ગણાય. સોનાને લક્ષણથી નક્કી કર્યું પણ તેમ કરવામાં તેને દોષ નહીં. તેણે બીજાને પિત્તળ બનાવવા માટે સોનું નથી પારખ્યું, તેમ મોતી, હીરા પારખનારે તેના લક્ષણને અંગે 'મોતી છે' એમ જણાવ્યું. બીજાને ફટકીયા બનાવવા માટે નહીં. તેમ દેવની પરીક્ષા કરનારે દેવનું સુંદરપણું જણાવ્યું કે–'જે પર્યંકાસને રહ્યા હોય, શ્લથપણે શરીર રાખનારા હોય, દૃષ્ટિ નિયત અને સ્થિર રાખનાર હોય તે દેવ કહેવાય.'

કહેશો કે–'દરેકને સારાપણું ને સુંદરપણું ગમે છે. કોઈને બરાબપણું ગમતું નથી તો પછી તેવા દેવને જગત કેમ માની રહ્યું છે ? સમ્યક્ પણા વગરના દેવ કેમ મનાયા હશે ?

તો સમજો કે–ઘણાને અંધારે સવાશેર અક્કલ વહેંચાઈ. બ્રહ્માએ અક્કલ અંધારે વહેંચી. તેમાં હિસાબ કર્યો, ત્યારે ઘણાને પાશેર વધારે ગઈ. એટલે કે–ઘણાને એક શેર જ અક્કલ આપવાનો વિચાર કર્યો હતો, તેમાં સવાશેર ગઈ ! અંધારે અક્કલ વહેંચાઈ તેમાં સવાશેરના માલિક બધા બને. એકને જ સવાશેર આપવાની હતી છતાં બધા સવા શેરના માલિક થયા. તેમ અંધારાના પછેડા દેવાયા. તેમાં બહુ વાત કબૂલ થઈ.

અન્યને પૂછશો કે–તમારા ભગવાન બધા ઉપર સમભાવી છે. તો આવા કેમ ?

તો કહેશે કે–એ તો લીલા છે. આમ લીલાનાં અંધારામાં બધું ચલાવ્યું. આમ દેવનું શાન્તપણું, દાન્તપણું, તાત્ત્વિકપણું ન રહ્યું.

તો સમજો કે–લીલા લીલાના અંધારપછેડામાં દેવપણું વહેંચાયું. જૈનમતની જ બલિહારી છે, ઉત્તમતા છે કેજેણે દેવ માટે પણ લીલાનો પડદો ચીરી નાંખ્યો છે. જે રસ્તે ભવ્યને દોરવવા છે, તે જ રસ્તે પોતે ચાલ્યા છે. વીતરાગમાં આટલું બધું છતાં તેના દેવપણામાં સમ્યક્પણું ન કહીએ તો પછી આકારમાં જેણે શાંતિ, ઈન્દ્રિયદમનતા, મુમુક્ષુતા ધારણ કરી નથી તેને સમ્યક્પણું કેવી રીતે કહેવું? શી રીતે કહી શકાય? કોઈ જગ્યા પર કાંઈ મળવાની આશા હોય તો 'હાજી–હા' કહેવાય. અન્યથા 'હા જી હા' શી રીતે કહેવાય?

તો સમજો કે–જ્યાં ભય લાગે ત્યાં 'મત બોલ માર ખાયગા' એ સ્થિતિ હોવાથી ત્યાં પણ 'હાજી હા' કરવી પડે. સહવાસ હોય તો શરમથી 'હા જી હા' કરવી પડે. મનુષ્ય આશાથી, ત્રાસથી, સહવાસથી 'હા જી હા' કહી દેશે. આ ત્રણથી 'હા જી હા' પણું થઇ જાય, પણ અંદર ખાત્રી વગર મન કબૂલ નહિ કરે. પ્રમાણથી ખાત્રી થશે તો જ મન કબૂલ કરશે. દેવમાં સમ્યક્પણું કંઈક તો તપાસીએ ને? લીલાના પડદા પાછળ દેવપણાને સંતાડી દો, પછી કહો કે–દેવ માનોઃ તો શી રીતે દેવ માનવા?

" ઉઠો રે મોરારિ, તમારા વિના દહીંના મટકા કોણ ફોડશે? તમારા વગર ગોપીઓનાં ચીર કોણ ચીરશે રે!" તેવાને દેવ મનાવવા! બિચારી વેવલી ભક્તાણીઓ તેવું બોલે છે. તે સમજીને નથી બોલતી, પણ તે ભક્તિરાગમાં બોલે છે. અહીં પણ ભક્તાણીઓ બોલે છે ને–'ગુરૂજી માટે ચડી ચડી બેઠા, બોલાવ્યા બોલે નહિ, ગુરુજી માગે સોનાની ઠવણી તો ક્યાંથી વ્હોરાવીએ?' તેમ તે વેવલી ભક્તાણીઓ પણ તેવું બોલી દે છે. ભક્તિરાગમાં તણાયેલી તે અજ્ઞાન બાઈઓ જ તેવું બોલે છે તેમ નહિ, પરંતુ તેના પ્રખર વિદ્વાનો પણ એવું બોલે છે.

કારિકાવલીકાર મુક્તાવલી નામની ટીકા, દીનકરી રામરુદ્રી નામની ટીકાઓ છે. તેની અંદર મૂળમાં કહ્યું કે–

" नूतनजलधररुचये गोपवधूटिदुकूलचौराय ।
तस्मै कृष्णाय नमः, संसारमहोरुहस्य बीजाय ॥

–નવા વરસાદની જેવી શરીરની કાંતિ છે જેની એવા, તથા ગોપાળની જુવાન સ્ત્રીઓનાં પહેરવાનાં વસ્ત્રો ચોરવાવાળા અને સંસારવૃક્ષના બીજ સમાન એવા તે કૃષ્ણને નમસ્કાર." પેલી તો માત્ર વેવલી ભક્તાણીઓ ભક્તિથી ગાય છે, પણ અહીં તો તે દર્શનના વિદ્વાનો–પ્રખર વિદ્વાનો તેવું બોલે છે!

એવી જ રીતે મહાદેવને અંગે પણ કહેલ છે કે–

'भवो भवतु भव्याय, लीलाताण्डवपंडित ।

'લીલાથી નાટક કરવામાં નિપુણ એવા મહાદેવ તમારા કલ્યાણ માટે થાવ.' તે બધા એક જ બચાવ કરે છે. શું? લીલા લીલાનો જ પડદો. એ રીતે તેઓને દેવનું સ્વરૂપ, લીલાના પડદામાં કેમ નાખવું પડે છે? તે માટે હેમચંદ્રસૂરિ મહારાજને કહેવું પડ્યું કે–હે ભગવાન! તમારો વેશ–આકાર–સ્થિતિ વગેરેનું અન્ય દેવો અનુકરણ પણ ન કરી શકયા! અનુકરણ કરી શકાય તેવું પણ અનુકરણ કરી શકયા નહીં, પછી તેમાં સમ્યક્‌પણું શી રીતે ગણવું? એથી જ આપણે જ્યાં અજ્ઞાનનું આવરણ ખસી ગયું હોય, ત્યાં જ સમ્યક્‌પણાનો વ્યવહાર કરીએ છીએ. યાદવકુળના વંશવાળા કહીને ગુરુને નભાવવા માગીએ નહિ. આપણે ગુરુનું સમ્યક્‌પણું કયાં રાખીએ?

શાસ્ત્રાનુસારી હોય તેવાને જ ગુરૂ કહેવામાં અને બોટાને વોસરાવવામાં સમ્યક્‌પણું છે. આ શાસન, બોટાને વોસરાવવામાં લગીર પણ સંકોચ રાખતું હોત તો જમાલિ જેવાને વોસરાવત નહિ. એવાને પણ શાસને વોસિરે કઈ રીતે કર્યો હશે? શાસ્ત્રકારોએ કહેલું હોય તે સાચું.

તારમાં જે સમાચાર આવ્યા તે સાચા માન્યા, શાથી? ટેલિગ્રામની ઓફિસના ભરોસે. દુનિયાના વિષયોમાં તેના જાણકારનો ભરોંસો રખાય છે, તેમ અતીંદ્રિય–અલૌકિક પદાર્થોમાં પણ ભરોંસો તેના જાણનારનો હોય. આથી અતીન્દ્રિય પદાર્થોને જાણનારા સર્વજ્ઞના આગમો-સિદ્ધાંતોને માનીએ છીએ અને તેના આધારે દેવગુરુને માનીએ છીએ, તેથી આ ધર્મમાં સમ્યક્‌પણું ધારવું તે જ સમકિત. હવે તેને શોભાવવા માટે પાંચ આભૂષણો કહ્યાં છે, તે કેવી રીતે? તે અગ્રે.

દેશના ૧૦

આસ્તિક અને નાસ્તિક

કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં સહુને સારું ગમે છે, કોઈને પણ ખરાબ ગમતું નથી. પોતે ખરાબ કર્યું હોય તો તેથી ખસી જવા માગે છે, **સર્વને સારું ગમે છે. સર્વને સાચું ગમે છે.** નરસું કે ખોટું પોતે ભલે કરે, પરંતુ ગમવાને અંગે નિયમ કયો? દરેકને સારું–સાચું ગમે છે ને? પરંતુ સાચું કયાં રહ્યું છે?

આ જગતમાં 'વૈદ્ય ગાંધીનાં સહિયારા' તરીકે પ્રવૃત્તિ ચાલી રહી છે. શિવ, કુરાન વગરે મતો પોતપોતાને ગાય છે. શાસ્ત્રો શિવને, શિવે ભગવાનને ગાયા. ઈસુએ બાઈબલને, બાઈબલે ઈસુને ગાયા. તેમ જિનેશ્વર મહારાજને અંગે પણ કહી શકાય કે–આગમોએ જિનેશ્વરને ગાયા, જિનેશ્વરે આગમોને ગાયા. આમ પરસ્પર ભાવિતપણું થાય તેટલા માત્રથી સમ્યક્પણું માનવું?

હંમેશાં દુનિયામાં કહેવાય છે કે–'બોલતાની જીભ ન પકડાય.' શંકાકારની જીભને વ્યાખ્યાનકાર પકડી શકે નહિ. અને એ જ રીતે અહીં શંકા કરીએ કે–અહીં સમ્યક્ત્વ શી રીતે માનવું? તેમ પાછા ઉતરીએ તો શિવપુરાણમાં શિવનું સમ્યક્પણું. ભાગવતના વાકયમાં વિષ્ણુની અપ્રામાણિકતા છે? નહીં જ. એ એને વખાણે. આવી રીતે શંકાકારને 'સુંદરપણું ગમે છે. સારાપણું–સાચાપણું જગતને ગમે છે.' તે સિદ્ધાંતને અંગે કહે છે કે–'સાચાપણું અને સુંદરપણું શી રીતે ગણવું?

'સહુ પોતપોતાનાં ઘરમાં સાચા'. વાત ખરી પણ તારી શંકા પ્રમાણે–'કસોટીએ અને સોનાએ કસ કાઢયો. તે પરસ્પર બંને મળી ગયાં, તેથી કસ કાઢયો,' તેમ કોઈ કહે તો? સોનું અને કસોટી બે મળી

ગયાં, એમ કહી શકાય? એ તો ન કહેવાય. સોનું સ્વતંત્ર ધાતુ છે, કસોટી સ્વતંત્ર પથ્થર જાત છે, પથ્થર ને ધાતુની જાત બે પરસ્પર મળી ગયાં છે, એમ કહી શકાય નહીં. કલચર અને મોતીને જુદા પાડનાર યંત્ર તેમને જૂદાં પાડે, તેથી સાચા મોતી અને યંત્ર બંને મળી ગયાં છે,એમ કહી શકાય નહિ. એમ અહીં સર્વજ્ઞ ભગવાનો આગમોની પ્રરૂપણા કરે, સર્વજ્ઞને જ દેવ તરીકે નિરૂપણ કરે તેથી આગમ અને દેવ બે મળી ગયાં છે, તેમ કહી શકાય નહિ.

જૈનો જીવને માને છે, વૈષ્ણવો, શૈવો, મુસલમાનો ને ક્રિશ્ચિયનો પણ જીવને માને છે. પ્રાચીન કાળની અપેક્ષાએ નાસ્તિકો પણ જીવને માને છે. પછી ભૂતથી પેદા થયેલો માને. આસ્તિક અને નાસ્તિકની વ્યાખ્યા કઈ કરી? 'પરલોકાદિક નથી તેવી જેની બુદ્ધિ, તેનું નામ નાસ્તિક. 'પરલોકાદિક વસ્તુ છે.' તેવી બુદ્ધિવાળા અસ્તિક. આ સ્થળે વિચારીએ કે જગતમાં પ્રથમ આસ્તિક ઉત્પન્ન થયો કે નાસ્તિક? રાતદિવસ સજ્જન –દુર્જન વગેરે પરસ્પર અપેક્ષાવાળા છે. અનાદિના વિપરીતતાવાળાં છે.

નાસ્તિક શબ્દ શી રીતે બનાવવાના? ન + આસ્તિક બનાવો ત્યારે નાસ્તિક બને. પહેલાં આસ્તિકો જ હતા અને તે પછી તેમાંથી નાસ્તિક ઉત્પન્ન થયા છે. કોઈ પણ કુમત, નવો મત ઉત્પન્ન થાય, તેના મૂળમાં હેતુ હોવો જાઈએ. દુનિયા પરલોકની સાધના માટે–ત્યાગ માટે પ્રવૃત્તિ કરવા લાગી એટલે કામની પ્રવૃત્તિમાંથી દૂર રહેવા લાગી; પરલોકની પ્રધાનતાને અંગે કામથી દૂર રહેવા લાગી. આથી તે દુનિયા નાસ્તિકથી ખમાઈ નહીં. ઘણા એવાય હોય છે, કે પોતે દાન દઈ ન શકે, પણ બીજા દે તો પણ અંદરથી બળ્યા કરે,

મુખ મલીન કેમ?

મુખ પડી ગયેલું દેખી સ્ત્રી ભર્તારને પૂછે છે કે–મોઢું મલાન કેમ?

"કયા ગાંઠસે ગીર પડા? કયા કોંઇકું દીધ?
પ્રિયા પૂછે કંતકું, મુઢા કયું મલીન?"
"ના ગાંઠસે ગીર પડા, ના કોઇકું દીધ,
દેતાં દિખા ઓરકું, મુઢા હુવા મલીન."

બહારથી ધણીને ઢીલે મોઢે ઘેર આવેલ દેખી સ્ત્રી અનુમાનથી પૂછે છે કે ખીસ્સામાંથી કોઈને કંઈ આપી દેવાયું તેના પશ્ચાત્તાપથી મોં મલિન થયું છે, કે કાંઈ પાકીટમાંથી પડી ગયું છે તેથી મોં મલિન છે? મોં મલિન કેમ?

તેના ઉત્તરમાં ધણી કહે છે કે, **'ના ગાંઠસે ગીર પડા'** કારણ કે–એક પૈસો હોય તો સાત ગાંઠ દઉંને! **'ના કોઈ કું દીધ'** ખીસ્સામાં રાખું તો દેવાયને?

નારી કહે છે કે–તો મોઢું મલીન કેમ?

તો પતિ કહે છે **કે–દેતા દેખા ઓરકું મુઢા હુવા મલીન.** અન્તરમાં ફલાણો શેઠ દાન દઈ રહ્યો હતો, તેને દેખી એમ થયું કે–પરસેવાનો પૈસો આમ ઉડાડી દે છે! તે દેખી મારું મોં કરમાયું છે.

તેવી રીતે મિથ્યાત્વના જોરવાળા એવા હોય છે કે–પોતે કર્મના ભયંકર હુમલાથી ન બચે, પણ બીજા બચે તે પણ તેનાથી ખમાય નહીં. એ જ પ્રમાણે બીજાઓ ધર્મ–ત્યાગ–સંયમ–તપ કરે તે નાસ્તિકથી ન ખમાય. તે માટે નાસ્તિકે શરૂઆત કરી કે–

એતાવાન્ આ દેખાય છે તેટલું જ જગત છે. ઇન્દ્રિયોને વિષય તરફ પ્રવર્તાવવી એ જ ધર્મ, ઇન્દ્રિયોના વિષયોની પ્રાપ્તિ તે જ ધર્મ. આથી તેઓએ કહ્યું કે–**'तपांसि यातना चित्रा...संयमो भोगवंचना** કેદીઓ રાજાને આધીન હોવાથી કેદની પીડા ભોગવે છે. હાથે કરીને પીડા ભોગવનાર વર્ગ કયો? તપસ્યા કરનાર વર્ગ, જેનાથી બીજાઓ તપસ્યા કરે તે નથી ખમાતી. તેને અંગે તપસ્યા તો હાથે કરીને ઊભી થઈને? 'આવ કુહાડા પગ પર' એમ મારે. માટે કેદીઓ સત્તાને આધીન હોવાથી પીડા ભોગવે, પણ આ તો જાણી જોઈને હાથે પીડા વહોરનારા. સંયમ એ તો ભોગથી ઠગાવાનું. ઠગ લોકો, જેમ આપણા હાથે જ આપણું નુકશાન કરાવે તેમ સંયમ આપણે હાથે જ ભોગથી ઠગાવે છે.

અહીં નાસ્તિકોને ઉચ્છંખલ પ્રવૃત્તિ કરવી, ઢોરની પેઠે પ્રવર્તાવું તેમાં ધર્મની વચ્ચે હલકાપણું થાય. વિષયકષાય છોડવા પાલવતા

નથી. તેથી નાસ્તિકોએ આવો કિસ્સો ઊભો કર્યો કે–"ત્યાગ અને સંયમવાળાઓ પરાધીનપણે દુઃખ ભોગવે છે. તેવું કરીને તમે આત્માને ભોગથી વંચિત રાખો છો. કુટુમ્બ, રિદ્ધિ, છોકરા, બાયડી છોડીને નીકળો, તે તમારા હાથે દેશનિકાલની સજા જાણી જોઈને ભોગવો છો." આવું કહેનારા નાસ્તિકોને–બિચારાઓને બીજાને તપસ્યા–સંયમ કરતાં દેખી પેટમાં ફાળ થાય છે. તેવા પ્રકારના નાસ્તિકોએ પેદા થઈ 'અનેક પ્રકારની તપસ્યા તે પીડા છે, સંયમ તે ભોગવંચના છે!' આવી રીતે ઊભું કરવું પડ્યું.

નાકકટ્ટાની ટોળી.

બીજાનું ધર્મકૃત્ય ખમી શકાયું નહિ એટલે એક નાકકટ્ટાને નાકકટ્ટાની ટોળી ઊભી કરવી પડી. નાકકટ્ટો પોતે જ્યાં જાય ત્યાં નાચે. "ભગવાનને સાક્ષાત્ દેખું છું. નાક આડું હતું ત્યાંસુધી દેખતો ન હતો. ગયા પછી જ દેખાય છે." એમ નાચતો જાય ને કહેતો જાય. આજકાલ માર્ગથી ખસેલ **સ્થાનકવાસી**માંથી પણ ખસ્યા ત્યારે 'હવે મને સમ્યગ્જ્ઞાન થયું' એમ કાનજી સોનગઢમાં કહે જ છે ને? એક પગથિયું ચૂકી સ્થાનકવાસીમાં રહ્યા હતા, ત્યાં સુધી એક પગથિયું ચૂકયા. પછી સ્થાનકવાસીમાંથી નવો પંથ કાઢયો એટલે હવે નહીં ત્રણમાં કે તેરમાં જેવું થયું. નહિ શ્વેતામ્બરમાં,-નહિ સ્થાનકવાસીમાં કે નહિ દિગમ્બરમાં! અને મને જ્ઞાન થયું છે! નાક હતું ત્યાં સુધી ભગવાનનાં દર્શન થતાં ન હતાં. ગયા પછી મને જ્ઞાન થયું, હવે ભગવાનનાં દર્શન થાય છે!

ચોરોનું, જુગારીઓનું, રંડી વેશ્યાઓનું કદિ નખોદ ગયું? દેખીતા ખરાબ છતાં તેનું નખોદ જાય છે? હૈયાફૂટા આત્માઓ દુનિયામાં નથી એમ નહિ, હૈયાં ફોડનારા મળવા જોઈએ. પેલા નાકકટ્ટાને તેમ કહેતો જોઈને એક જણાને થયું કે આપણે ય નાક કપાવીએ! ત્રીજાએ દેખ્યું કે–એણે કપાવ્યું તેથી ત્રીજા ચોથા એમ હજારોએ નાક કપાવ્યું અને નાકકટ્ટાઓની ટોળી ઊભી થઈ! નાક ન કપાવે તો તે ઈશ્વરનાં દર્શનની બહાર!

આમ નાસ્તિકોનું છે. "તેઓ ધર્મપ્રેમી તપસ્યાને કર્મના ક્ષયનું સાધન માને, ધર્મને પરભવની બેંક માને. તે જૂની ઘરેડથી ઘસાએલા રૂઢીચુસ્તો ઓર્થોડોકસ આવા શબ્દો વાપરી માર્ગમાં રહેલાને ભરમાવે છે. આમ નાસ્તિકો ઉત્પન્ન થયા. 'હું'એ વસ્તુ એકેન્દ્રિય-માંથી પંચેન્દ્રિય ઢોરઢાંખરમાં પણ છે. ચેતના તરીકે તો તે બધામાં જીવ રહેલો છે; એમ માને છતાં પરલોકાદિ નથી એવી જેની બુદ્ધિ છે, તેનું નામ નાસ્તિક.

સંસારમાંથી તીર્થંકરોની ચોવીશીને અંગે અમુક કાળ જાય, તેથી તેને અંગે ઉત્પત્તિ માનવી પડે. આસ્તિકની હયાતિ પછી નાસ્તિકની ઉત્પત્તિ. કહેવું પડે કે–આસ્તિકો સદાના–અનાદિના સતત છે. પછી નાસ્તિકો છે. એવી જ રીતે અહીં બે દર્શનપણું સરખું. આસ્તિક દર્શન કહેવડાવે છે તેમ નાસ્તિક પણ દર્શન કહેવડાવે છે. નાસ્તિકો પણ જીવ માને છે, પરલોકાદિ નથી માનતા. શૈવ, વૈષ્ણવો, મુસલમાનો ક્રાઈસ્ટો જીવને માને છે. વર્તમાનકાળમાં બધા જીવને માને છે.

નવતત્ત્વ માને તેને સમકિત કહીએ છીએ, તો નવતત્ત્વોને કયો મત નથી માનતો? જીવ, જડ, પુણ્ય, પાપ, આશ્રવ, પાપ રોક-વાનું, પાપ જવાનું, વગેરે શું બીજાઓ નથી માનતા? જીવાદિક જાણે તેને સમકિત છે. તો કયા દર્શનવાળા નવતત્ત્વ નથી જાણતા–માનતા? નવતત્ત્વમાં કયું તત્ત્વ નથી માનતા? તમારે એને સમકિત નથી માનવા પણ એ લોકો નવતત્ત્વ નથી માનતા? શૈવો વૈષ્ણવો નવતત્ત્વ નથી માનતા, તેમ કહી નહિ શકો. તો પછી તે સમકિતી કેમ નહિ? તમે સમકિતના ઈજારદાર શા ઉપર? બીજાને મિથ્યાત્વની છાપ કયા કારણે આપો છો?

નાનું બાળક 'હીરો' શબ્દ બોલે છે. હીરો પદાર્થ લે છે, પેટીમાં મૂકે છે. તેનું રક્ષણ કરે છે. કોઇ લે તેની સાથે તે લડે છે. કાચનાં ઝુમરના કટકાને હીરા તરીકે લે છે, સાચવે છે, તો તે બાળક સાચો ઝવેરી ખરોને? હીરો લે ને સાચવે તે ઝવેરી. તો પેલો છોકરો ઝવેરી ખરોને? હીરા, શબ્દથી કોઈએ તણાવાનું નથી. હીરા પદાર્થને હીરો

કહેનારો હોવો જોઈએ. હીરાની ચેષ્ટા કરવામાત્રથી ઝવેરી ન કહેવાય, પણ તેની પરીક્ષા કરનારો હોવો જોઈએ. તેણે તો માત્ર હીરો શબ્દ વાપર્યો છે, હીરાનું ઠામઠેકાણું જાણતો નથી. ત્યારે સાચો હીરો હોય તેને હીરો કહે. તે કિંમતી હોવાથી તેને સંઘરે, તો તે ઝવેરી; તેમ જીવ પદાર્થને જીવ, એ શબ્દને બરાબર સમજનારો હોય અને તેને જ જીવ શબ્દ લાગુ કરે તેને જ અમો સુંદર કહેવા તૈયાર છીએ.

કેવળજ્ઞાનના ઉમેદવારને કેવળજ્ઞાન લાયક માનનારા છીએ. કૈવલ્ય સ્વરૂપ જીવને જૈન સિવાય કોઈ દર્શન જીવ રૂપે માનતું નથી. આથી જ્ઞાનાવરણી–દર્શનાવરણી માનવાં પડે. કેવળજ્ઞાન નથી થયું ત્યાંસુધી જ્ઞાનાવરણીથી વીંટળાએલો આ જીવ છે. તેવો જીવ જૈન સિવાય કોણ માને? 'હું જ્ઞાનાવરણી આદિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાનમયાદિ થઉં' આવું કોણ કહી શકે? જૈનદર્શન પ્રમાણે જીવ માનનારો જ કહી શકે. ગીતામાં સર્વજ્ઞ સ્વરૂપ જીવ માન્યો નથી, કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગતાસ્વરૂપ નથી માન્યાં, તેવો જ્ઞાનાવરણીથી વીંટાયેલા જીવ છે, કેવળજ્ઞાન આવરાયેલું છે. તેમ જે માનતો નથી, તે તેનો ક્ષય કરવા શી રીતે તૈયાર થાય? માટે તેવી માન્યતા તેનું જ નામ સમકિત.

જીવનું અસલ સ્વરૂપ નજર સામે ખડું કર્યા પછી કુટુમ્બ, નાતવાળા–શરીરવાળા કે દેશવાળા પ્રતિકૂળ પડે તો પણ મારે મારું સ્વરૂપ પ્રગટ કરવું જ છે, તેવી દૃઢ પ્રતિજ્ઞા તે જ સમકિત. આ જીવમાં કહ્યું તેમ અજીવાદિ શેષ તત્ત્વોમાં સુંદર સાચાપણું સમ્યક્પણું જૈનશાસનમાં જ રહેલું છે. તે સમકિત નગ્ન નથી, પણ આભૂષણોયુક્ત છે. તેનાં આભૂષણો કયાં? તે અગ્રે.



જૈન પર્વો અને તહેવારો

દેશના ૧૧

જૈન પર્વો અને તહેવારો આત્મકલ્યાણનાં સાધન અને ત્યાગપ્રધાન છે.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–સર્વને સુંદર અને સાચું ગમે છે. દુનિયામાં મારું બરાબ થાય એવી ઇચ્છાવાળો કોઇ જ હોતો નથી. દરેક સુંદર અને સાચી વસ્તુ મને મળે તે જ ભાવનાવાળો હોય છે! પણ પોતાને સાચું અને સુંદર કહેવું કોને? દુનિયા પોતાને મનગમતું હોય તેને સારું અને સાચું માને, ઝેરને પણ સુંદર માને, ખારા પાણીનો પોરો ખારા પાણીને જ સુંદર માને, છતાં પરમાર્થે તે વસ્તુ કેવી છે? મનુષ્ય સારી ધારીને વસ્તુ લે, કારણ કે તેને સારું ગમે છે, સારું ધારીને તે લે છે; **છતાં લીધેલું છે તે સારું હોવું જોઇએ.**

તેવી રીતે દરેક શાસનવાળા-ધર્મમતવાળા પોતાના દેવગુરુધર્મને સારા ગણે છે. પોતાના વાર–તહેવારો પર્વોને સારા ગણે છે. પોતાના દેવગુરુધર્મ બોટા છે. તેમ કોઇ ધારી લેતા નથી.

તેવી રીતે ધર્મ શામાં રહ્યો છે? આચારોમાં. આચારો માટે વાર–તહેવારની યોજના કરવામાં આવી છે. સારા ગણવા કે ધારવામાત્રથી પોતાને ગમવામાત્રથી તેમાં સારાપણું આવી જતું નથી.

આટલી વાત આટલે રાખી બીજો વિચાર કરીએ.

જગતમાં જેટલા આસ્તિક મતો છે, તેમાં ‘ આસ્તિક મત માનનાર અભવ્ય ન હોય’ તેમ કેટલાક આચાર્યો માને છે, કારણ કે તેઓ દેવને માને તે પણ સુદેવની બુદ્ધિએ માને છે, ગુરુને સદ્‌ગુરુની બુદ્ધિએ માને છે અને કુધર્મને પણ સુધર્મની બુદ્ધિએ માને છે. માને પણ

બુદ્ધિ કઇ ? અન્ય દર્શનીઓ દેવ-ગુરુ-ધર્મને માને છે, તેમાં બુદ્ધિ કયી ? 'સુ' ની. સુગુરુપણાની કે સુધર્મપણાની બુદ્ધિએ માને છે. કુદેવને માનવા છતાં તેને સુદેવની બુદ્ધિએ જ માને છે. કુધર્મને પણ સુધર્મની બુદ્ધિએ માને છે. એક જ તે કારણ કયું ? મોક્ષનું વાહન.

આપણે મોક્ષે જવું છે એ ચોક્કસ.-જૈન-શૈવ-વૈષ્ણવ બધા મોક્ષને માને છેઃ તેઓ પણ દેવને, ગુરુને, ધર્મને માને છે તે મોક્ષને માટે. મોક્ષની માન્યતા તો બધાએ માની-રાખી. તેણે કુદેવાદિને ભલે માન્યા પણ મોક્ષનાં સાધન તરીકે માન્યાંઃ અભવ્ય હોય તે મોક્ષને માનનારો હોય જ નહીં. નવતત્ત્વો જે તમારામાં છે, તે નવે તત્ત્વોમાં આઠ તત્ત્વો અભવ્ય માની શકે; પરંતુ તે નવતત્ત્વમાં પણ કયું તત્ત્વ અભવ્ય ન માને ? મોક્ષતત્ત્વ અભવ્ય માની શકે નહીં. આઠ તત્ત્વો તો દરેકને વિચારશ્રેણીમાં લાવવાં પડે.

ભવ્યપણાની છાપ કયારે ?

'હું' એ તો પ્રસિદ્ધ વસ્તુ છે. હું સુખી દુઃખી છું. 'હું' શબ્દ કોઈને શીખવવો પડતો નથી. સર્વને પોતાના આત્માથી સિદ્ધ થયેલો છે. 'હું' શબ્દ છે. અંદર 'હું' નો કોઈ પદાર્થ છે, 'હું'નો પદાર્થ સુખ દુઃખ વેદનારો જ્ઞાનવાળો છે એમ માની લીધું, પછી 'જીવ' એ શબ્દાંતર છે. પદાર્થ તો માનવો જ પડે. શરીર એ 'હું' નહીં. 'હું' અને 'શરીર' જૂદાં છે. મારી જીભ, નાક, કાન, મારું મન એમ જણાય તેને ઇન્દ્રિયો અને જીવ જૂદા દેખાય છે. એવી સમજથી "હું" શબ્દ વાપરે તે ઉપચાર કરીને ઊંડાણથી. 'હું' એક જુદી વસ્તુ છે, એમ જાણીને 'હું' શબ્દ વાપરે.

જીવ ને જડ બંને માન્યા પછી પોતે સુખી કે દુઃખી કેટલો વખત હોય ? હંમેશાં સુખી કે દુઃખી-દરેક હોય તેમ બનતું નથી. નારકીઓને પણ કલ્યાણક વખતે શાતા થાય છે. એકાંતે જગતમાં દુઃખી જ હોય તેવું બને નહીં. એકાંતે સુખી જ હોય તેમ બનતું નથી. કંઇક સારું છે. જેથી સુખી થઉં છું. કંઈક ખરાબ પણ છે કે જેથી દુઃખી થઉં છું. પછી પૂણ્ય કે પાપ કહો કે બીજા શબ્દો કહો. પણ

તેમાં સારી કે ખરાબ ચીજ વળગેલી છે, તેમ માન્યા પછી પૂણ્ય-પાપનો 'આશ્રવ' માનવો પડે.

જે વસ્તુમાં કારણની જરૂર નથી એવી વસ્તુ હંમેશાં નિત્ય વિદ્યમન કે હંમેશાં અનિત્ય-અવિદ્યમાન હોય. જેને કારણની જરૂર નથી, એને બીજાની દરકાર ન હોવાથી હંમેશાં વિદ્યમાન કે અવિદ્યમાન હોય. દુઃખનું કે સુખનું કારણ કંઈક છે, કર્મ-બંધ થવાનાં કારણો, જેને આપણે આશ્રવ કહીએ છીએ. સારાનાં કારણો મળ્યાં, તે વખતે ખરાબનાં કારણો ન મળ્યા, તેથી સારા વખતે ખરાબ નથી આવતું. એ રીતે 'આશ્રવ' માન્યો, 'સંવર એ રીતે માન્યો કે-ખરાબ વખતે સારાનું ન આવવું. સુખનાં કારણો પલટી દુઃખનાં કારણો થાય, દુઃખનાં કારણો ખસ્યા વગર દુઃખ ખસે નહીં.

તેવી રીતે આઠે તત્ત્વો માનવાં પડે. આઠે તત્ત્વ, અભવ્ય સહિત દરેક માને છે. એ દરેક તે તત્ત્વોને બીજી રીતે કયાં માને છે? માટે એમ આઠ તત્ત્વ માનનારો થાય ત્યાંસુધી ભવ્યની છાપ ન અપાય. ભવ્યપણાની છાપ કયારે? મોક્ષ નામના તત્ત્વને માને ત્યારે. આત્માનું શુદ્ધ સ્વરૂપ માને ત્યારે જ ભવ્યપણાની છાપ. આથી મોક્ષને લીધે ભવ્યપણાની છાપ હોવાથી કેટલાક આચાર્યો જેટલાં જેટલાં દર્શનો-મતો મોક્ષ માનનારા હોય તે અભવ્ય ન હોય, એમ કહે છે. જે ભવ્ય જીવ હોય તે મોક્ષ માનનારો હોય. તે કુદેવને દેવની બુદ્ધિએ માને. આવું કેટલાકનું મંતવ્ય છે. તે અનુસારે ચાલીએ ત્યારે કહેવું પડે કે દરેક પોતાના દેવાદિને, કુદેવાદિ હોવા છતાં, માને છે તો સુંદરપણે જ.

સારું સહુને પાલવતું હોવાથી, ખરાબ સ્વરૂપે હોવા છતાં, માને સુંદરપણે. જેમ કે-દેવ, ગુરુ ને ધર્મને સુંદરતાની બુદ્ધિએ માને છે, આમાં મિથ્યાત્વ કયાં? મિથ્યાત્વ ત્યાં કે-સુંદરતા નહીં છતાં સુંદર બુદ્ધિથી માન્યા, તેમ પર્વ અને તહેવારોને અંગે દરેક મતવાળા પોતાનાં પર્વ-તહેવારોને સુંદરપણે જ માને છે, છતાં સુંદરપણું કયાં છે? તેની પરીક્ષામાં ઉતરવાની તેમને જરૂર નથી.

નાનું બાળક પીળા માત્રને સોનું ગણે છે. જેમ નાનું બાળક સોના અને પિત્તળના ભેદને ન સમજે, પરંતુ મોટો મનુષ્ય 'પીળું

એટલું સોનું' માનવા તૈયાર નહીં થાય, મોટો મનુષ્ય એની પરીક્ષામાં ઉતરશે; તેમ અહીં જેઓ ધર્મનાં સ્વરૂપને ન જાણે, ખરા 'સુંદર'નાં સ્વરૂપને ન જાણે, તેવા જીવો, જેટલાં પર્વો, અને તહેવારો છે. તેટલાં બધાંને સારાં માને. સારા નરસાનો ભેદ કરવાનો તેમને ન હોય. અહીં જ્યાં સુધી જીવને વિવેક–સમજણ ન હોય ત્યાં સુધી બધાય પર્વો, અને તહેવારો સારા છે.

દેવ, ગુરુ અને ધર્મને શા માટે માનીએ છીએ? આત્માના કલ્યાણ માટે, મોક્ષ માટે માનીએ છીએ. દુર્ગતિમાં જવા માટે પર્વો, અને તહેવારો છે એમ માનવા કોઈ તૈયાર નથી. ત્યારે સર્વ એ માનવા તૈયાર છે કે-અમારા પર્વો, તથા તહેવારો આત્માના કલ્યાણ માટેના છે. જીવવાની ઇચ્છાએ કાળકૂટ ઝેર ખાય તે કેટલું જીવે? જીવવાના મુદ્દાએ કાળકૂટ ઝેર ખાય તો જીવે કે મરે? જીવવાની ઇચ્છાએ કાળકૂટ ઝેર ખાવાવાળો ઇચ્છા તો જીવવાની રાખતો હોય પણ તે જીવે કયાંથી?

જે કાળકૂટમાં જીવન આપવાની તાકાત તો નથી, પણ જીવવાની શક્તિને હરવાની તાકાત છે, તેવું કાળકૂટ વિષ ખાઈ જીવવાની ઇચ્છા રાખવી તે કેટલું બધું અજુગતું છે? જેમ તે બેહૂદું, અજ્ઞાનતાથી ભરેલું છે, તેમ આત્મકલ્યાણ માટે પર્વો, તથા તહેવારો કરવા તેમાં આત્મ-કલ્યાણનું પોષકપણું ન હોય તો તે પર્વો, તથા તહેવારો જીવવાની ઇચ્છાએ કાળકૂટ ખાવા જેવા છે, માટે **પર્વો જીવનને પોષવાની તાકાતવાળા હોય, આત્મકલ્યાણને પોષનારા, સદ્‌ગુણોને ધરાવનાર હોય તો જ આત્મકલ્યાણ માટે થાય.**

'કરે તે ભોગવે' તેમ નહીં, પરંતુ કરે, કરાવે અને અનુમોદે તો પણ ભોગવે.

આપણામાં 'કરે તે ભોગવે' એમ બોલનારા છે, પણ તે માન્યતા મિથ્યાત્વીની છે. તે વાત સમજો, પણ ચમકશો નહીં. **કરે, કરાવે અને અનુમોદે તે પણ ભોગવે.** બીજો કરે ને તેને બીજો વખાણે તો તે વખાણવાવાળો પણ ભોગવે, તેમ જૈન શાસ્ત્રકાર માને છે. બોલો છો શું? કરે તે ભોગવે. તો પછી કરણ, કરાવરણ ને અનુમોદન ત્રણ વસ્તુ તમારે કયાં રહી? એ ત્રણમાંથી પચ્ચક્ખાણના વિષયમાં તો માત્ર

કરણનાં જ પચ્ચક્ખાણ, છતાં તે એક પચ્ચક્ખાણથી તે ત્રણનાં પચ્ચક્ખાણ ગ્રહણ કરવા કહેા. એટલું જ નહીં, પણ આગળ વધીએ. એનાર્કીસ્ટની ટોળીમાં જેનું નામ દાખલ થયું છે, તે ઘેર બેઠો હોય તોપણ ગુનેગાર. તે રાજીનામું આપે તો જ છૂટો થાય.


પાપકર્મ કયારે ન ભોગવે ? વિરતિ કરે તો જ પાપકર્મ ન બાંધે, ન ભોગવે. વિરતિ ન કરે ત્યાં સુધી પાપ ન કરે તોપણ પાપ અવિરતિથી બંધાય. અવિરતિથી કર્મબંધન જૈનશાસનમાં માનેલું છે. **'मिथ्यात्वाविरतिकषाययोग-प्रमादबंधहेतवः'** તીર્થંકર મહારાજ સરખાને પણ એ નિયમ કે **અવિરતિથી કર્મ બંધાય.** તીર્થંકરની દીક્ષાની વાતમાં **'अगाराओ अणगारीय पव्वइए'** તીર્થંકર, સાધુપણું [illegible] કહેવું હતું. **'अगाराओ'** શા માટે ? 'ઘરથી નીકળી' કરવો છે. વિશેષ્યથી વિશેષણ અલગ હોય ત્યારે અર્થ તો તવો અર્થ નીપજે.

ત્યાં કહેવું પડ્યું કે–જ્યાં વિશેષણ જુદું કહ્યું હોય ત્યાં વિશેષ્ય જુદું રાખવું. આરંભ પરિગ્રહને છોડી નિરારંભપણું પામવાનું હોય ત્યાં 'પવ્વઈએ'નો અર્થ પ્રાપ્ત કરવો પડયો. મુખ્ય વાતમાં આવીએ. [illegible] કરવો છે. વિશેષ્યથી વિશેષણ અલગ હોય ત્યારે અર્થ તો તવો અર્થ નીપજે.

ત્યાં કહેવું પડ્યું કે–જ્યાં વિશેષણ જુદું કહ્યું હોય ત્યાં વિશેષ્ય જુદું રાખવું. આરંભ પરિગ્રહને છોડી નિરારંભપણું પામવાનું હોય ત્યાં 'પવ્વઈએ'નો અર્થ પ્રાપ્ત કરવો પડયો. મુખ્ય વાતમાં આવીએ. તે વાકયમાં પ્રથમ **'अगाराओ'** કેમ કહેવું પડ્યું ? 'अगारात् निष्क्रम्य' ઘરેથી નીકળીને અણગારપણું પામ્યા છે, એમ જણાવવા માટે. અવિરતિ ટાળવા માટે ઘર–સંસારનો આરંભ તેની પ્રતિજ્ઞા કરી સાધુપણું પામ્યા, [illegible] **'मावज्जं**

સર્વવિરતિસામયિક વગેરે બધું તેમાં આવી જાય છે. કહેા કે–જૈન શાસન અવિરતિનો કર્મબંધ માને છે. માટે અવિરતિ ટાળવા માટે

સાવજ્જં જોગં સાથે જ કહેવું પડે છે. અવિરતિને કર્મબંધનું કારણ ગણીએ, કષાય-પ્રમાદને કર્મબંધનું કારણ ગણીએ તો, આત્માને કર્મથી મુક્ત કરવા માટે જે તહેવારોને પર્વો આચરીએ તે કેવા હોવા જોઈએ ? મિથ્યાત્વ-અવિરતિ-કષાય-પ્રમાદનો ત્યાગ કરાવનાર પર્વો, અને તહેવારો હોય તેને જ સુંદર માની શકીએ. જે પર્વો, અને તહેવારોમાં મિથ્યાત્વાદિનો ત્યાગ ન હોય તેવા પર્વો, અને તહેવારોને આત્મકલ્યાણના સાધન તરીકે માની શકીએ નહીં, મિથ્યાત્વાદિને છોડાવનાર તહેવારો માનીએ તો જ સુંદર ને સુંદર માનનારા છીએ. જૈનોનું કોઈ પણ પર્વ કે તહેવાર ત્યાગ વગરના નથી. તો જ સમકિત ગણાય કે જ્યારે સુંદરને સુંદર તરીકે માનીએ. જ્ઞાન-દર્શન-ચારિત્રના પોષક અને મિથ્યાત્વાદિકને રોધનારા હોઈએ તો જ સમ્યક્ત્વમાં આવ્યા ગણાઈએ. હવે તે સમ્યક્ત્વને શોભાવનારાં ભૂષણોકયાં ? તે અગ્રે વર્ત્તમાન-



જૈનત્વનો વારસો

દેશના ૧૨

[આજે ફા. વ. ૮ની સવારે રત્નસાગરજી જૈન વિદ્યાશાળા (સુરત)ના કંપાઉન્ડમાં ખાસ મંડપ તૈયાર કરાવી તેમાં પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનું આ વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જ્યાં આગળ વિજ્ઞાનસૂરીજી કલ્યાણસૂરિજી મહારાજાદિ સંખ્યાબંધ મુનિવરો પણ પધાર્યા હતા.]

તમારા પુત્રોએ કયા વારસાની આશાએ તમારે ત્યાં જન્મ લીધો ?

મહાનુભાવ ! જગતમાં દરેક પોતાનો વારસો પોતાના પુત્રને આપે છે. મુસલમાનો કે શૈવો બીજાને મિલકત આપી દેતા નથી. પોતાની સ્થાવર કે જંગમ બંને મિલકતો છોકરાને આપે છે. રૂપિયા અને રોડાં (મકાનો) અપાય છે, આત્મા અપાતો નથી. અનાર્યો, મિથ્યાત્વી ને મલેચ્છો રૂપિયા ને રોડાં આપે. તમે સમકિતી પણ વારસામાં રૂપિયા ને રોડાં આપો, તો મિથ્યાત્વી અને સમ્યક્ત્વીમાં તફાવત શો ?

દરેક જીવ જુદા. એકલા જીવો જુદા છે તેમ નહીં, પણ જીવોના કર્મો પણ જુદાં છે. **पुढो सत्ता पुढोकम्मा** કોઈનાં કર્મો કોઇને લાગતા નથી. એક જીવ કેવળજ્ઞાન પામે છે. તે વખતે તેની એટલી તાકાત વધે છે કે વનમાં સળગેલો દાવાનળ જેટલી તાકાત ધરાવે છે તે-દાવાનળ ઇચ્છે રાયણ, લીંબડા, આંબા કે આકડાનું ઝાડ આવે તેને બાળી કરી નાંખે છે; તેમ એક કેવળીના કેવળજ્ઞાન પામતી વખતના પરિણામની ધારા-શુકલધ્યાનની અગ્નિમાં અનંતા જીવોનાં કર્મો એક જ આત્મામાં પટકી દેવામાં આવે તોય બે ઘડીમાં સાફ થઈ જાય ! પછી કોઇને દુઃખ વેઠવાનું કે સંસારમાં રખડવાનું થાય નહિ. પરંતુ તેમ કેમ ન થયું ? માટે તેનું કારણ શું ?

દરેક આત્માનાં કર્મો જુદાં છે. તે પોતે જ ભોગવે તો જ છૂટકારો થાય. કેવળીને લોકાલોક જોવાના હોય છે. ૧૪ રાજલોક, ૭ નરકો, તીર્છાલોક દેવલોક જોવાનું મળે છે.

કેટલાક જંગલી જીવો જાણી જોઈને જાનવરને લડાવે છે. જોનારને રમૂજ આવે છે. આમ લડાઈમાં રમૂજ માનનારા હોય તેમ કેટલાક નરકની ગતિમાં જીવો રખડે-દુઃખી થાય તેમાં મોજ માનનારા પરમાધામીઓ હોય છે. તેવા કેવળીઓ હોતા નથી. કેવળીઓ અને તેમની જેમ સમકિતી જીવો પણ એક જ ધારણાવાળા હોય, કે આખું જગત, કર્મથી રહિત થાય. તો પ્રશ્ન થાય કે આવી ધારણા હોય અને સામર્થ્ય પણ તેવું હોય, પછી વાંધો શો કે તેઓ આખા જગતને કર્મમુક્ત નથી કરતા ? ધારણા પણ આખા જગતને મુક્ત કરવાની, શક્તિ પણ તેવીજ, તો પછી બધાને મુક્તપણું કેમ ન થયું ?

એક જ કારણ કે-કોઈનું કર્મ કોઇમાં જતું નથી, માટે સિદ્ધાંત કર્યો કે-દરેક જીવ જુદા છે અને દરેક જીવોનાં કર્મો પણ જુદા જ છે.

પછી આત્માને આપવાની વારસામાં વાત કરી, તે શી રીતે? જૈનો તો તે કે જે પોતાના બાળકોને આત્મા અર્પણ કરે. આ વાત મળતી નથી આવતી. તો સમજો કે-પોતાના બાળકોને આત્માને ઓળખતાં શીખવે, આત્માને ઓળખતો કરે, તે જ વારસો કે જે 'હું'પણામાં અનાદિકાળથી છે, પરંતુ આત્માની સમજણવાળો નથી તેને આત્માની સમજણવાળો બનાવે. ન બનાવે તો જૈનપણાનું વડીલપણું બજાવ્યું ન ગણાય.

તે વડીલ ત્યારે જ ગણાય કે જે પોતાના સંતાનને આત્મતત્ત્વ સમજાવે. જનપણામાં તે જ વિશેષ. તમારે ત્યા જન્મનારા બાળકોને સાચું આત્મતત્ત્વનું નામ-જૈનત્વના સંસ્કાર આપો.

શ્રાવકપણાના કુળમાં જીવ કયા ભરોસે આવ્યો છે? ધારીને ભલે નથી આવ્યો, પરંતુ કંઈક સારાં કર્મો કરવાથી શ્રાવક કુળમાં આવ્યો છે, એ વાત નક્કી છે. એવો જીવ વડીલોના ભરોસે આવ્યો છે.

શ્રાવકો મારા વડીલો થયા હશે તો મને આત્માનો વારસો મળશે. તમારા કુળમાં અવતરવાળા કઈ ભાવનાવાળા હતા ?


जिनधर्मात् विनिर्मुक्तो । मा भुवं चक्रवर्त्यपि ।
स्यां चेटो दरिद्रोऽपि, । जैनधर्माधिवासितः ॥

શાસ્ત્રમાં કહેવાય છે કે ઇન્દ્ર મહારાજ સભામાં બેઠા છે. દેવતાએ પૂછયું કે આપ ઉદાસીનતામાં કેમ છો ? ઇન્દ્ર મહારાજ કહે છે કે–ભાઈ ઓ ! હું આજ્ઞાભંગ કે સાહ્યબીની ખામીને અંગે ઉદાસીન નથી થયો. અહીંથી મારે જવાનું છે તે ચોક્કસ છે. એ વિચારે ઉદાસ બેઠા છું. દેવલોકમાંથી ચ્યવેલા ઇન્દ્રો જેનું શરણું લે છે, ‘सावयघरम्मि हुज्ज चेडो’ હું કયાં ઉપજીશ ? એ વિચારમાં ઉદાસ છું. આવી સમૃદ્ધિ સાહ્યબી ભલે ચાલી જાય, પરંતુ હું અહીંથી ચ્યવી શ્રાવકકુળમાં અવતરું તો સમૃદ્ધિ આદિ ગઈ તેનો અફસોસ નથી, પણ શ્રાવક કુળ સિવાય બીજે ઉપજું તો? તેનો અફસોસ થાય છે.

ત્યાં આગળ તે જણાવે છે કે–જેન ધર્મ જ્યાં ન હોય, જે કુળમાં જનના સંસ્કાર, જ્ઞાન ન હોય તેવા કુળમાં ચક્રવર્તીપણું હોય તો પણ ત્યાં ન જન્મું પણ જ્યાં ગુલામ થવું પણ સારૂં છે, ત્યાં જન્મું તો ઠીક. ત્યારે તે ઇન્દ્રે શાની માગણી કરી ? કેવા દરિદ્ર કે–ગુલામપણાનો માગણ તે છે ? તે વાત શાસ્ત્રકાર કહે છે કે–**जैनधर्माधिवासितः** જે કુળનો ઉપરી જૈન ધર્મથી બરાબર વાસિત હોય, આવા વિચારો–ભરોસા, ઇન્દ્રો અને દેવતા વગેરે આ કુળ પર રાખે, તેવા કુળમાં તમારા બાળક તમારા ભરોસે અવતરે. પછી તમે તેમને જૈનપણાનું સંસ્કાર–જ્ઞાન ન આપો તો શું થાય ? શુદ્ધ દેવાદિનું જ્ઞાન, તેવા સંસ્કાર એને કયાં મળવાના ? આ ન કરો ત્યાં સુધી તેણે મૂકેલ ભરોસાને ભાંગનારા તમે થયા કે નહિ ?

ચક્રવર્તી, વાસુદેવપણાને લાત મારી તમારે ઘેર આવે જે સ્થિતિ હોય તેને તેણે કબૂલ કરી, તમારે ત્યાં આવ્યો તે કયા મુદ્દાએ ? જૈન ધર્મ પાળવાના મુદ્દાએ. હવે તે ધર્મનું જ્ઞાન આપવા તૈયાર ન

થાવ, તો તમે તેનો ભરોંસો કેટલો સાચવ્યો ? તે વિશ્વાસ નભાવવા માટે બાળકને ધાર્મિક કેળવણીમાં બરાબર તૈયાર કરવા જોઈએ. છોકરો ૭×૭=૫૯ બોલે તો શું થાય ? તમારા હૃદયમાં કેટલો આઘાત લાગે ? ૧૦ ના ફરકમાં ચમકે તો ' ઓ ઈશ્વર ! તુ એક છે ! સરજ્યો તેં સંસાર' તે સાંભળી ચમક્યા ? પેલા વાકયમાં વીતરાગપણું નહિ, અને આ વાકયમાં કેમ ? શુદ્ધ દેવના દ્વેવ ઉપર પાણી ફર્યું, ત્યાં કેમ ન ચમકયા ! ૧૦ નો ફરક પડે તો તે ન પાલવે, અહીં આખો ફરક પડે તેમાં કંઈ નથી ! તેનું કારણ એ જ કે તમને જૈન ધર્મની લાગણી નથી, માટે તે ખ્યાલ રાખી પુત્રોને જૈન ધર્મની લાગણીવાળા કરો.



સમકિતિ આત્મા

દેશના ૧૩

સમકિતિ આત્માની પરિણતિ ૨૪ કલાક નિર્મળ હોય.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમાન્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ જણાવી ગયા કે–જેમ મનુષ્ય, મંદિર, ઉપાશ્રય, સામાયિક, પડિક્કમણુનો ધર્મ ન ગણુનારો હોય તેને સમકિત જ નથી.

ધર્મ ન ગણુનારો હોય એટલું શું ?

અહીં ઉપાશ્રયમાં ગુરૂ પાસેથી જે જ્ઞાન લીધું, તે પગથિયું ઉતરતાં ભૂલી જાય, તેવાને સમકિત નથી. ધર્મની પરિણતિ ચોવીસે કલાક રહે. **सम्मतम्मि उ लद्धे** સમ્યક્ત્વ થયું–સમ્યક્ત્વથી વાસિત થયો. તે વૈમાનિક સિવાય ઓછું આયુષ્ય બાંધે નહીં. તેના બે અપવાદ આ ચાલુ વિષયમાં ન હોવાથી અહીં આપણે જણાવતા નથી.

વૈમાનિક આયુષ્ય કયારે ન બાંધે ?

પૂર્વે બદ્ધાયું હોય, અગર સમ્યક્ત્વ ખસી ગયું હોય ત્યારે.

બીજી બધી પ્રકૃતિ દરેક સમયે બંધાનારી છે, પણ ૧૫૮ પ્રકૃતિમાં આયુઃ એક જ એવી પ્રકૃતિ છે કે–આખા ભવમાં એક જ વખત બંધાય, અને તે જ આગળના ભવમાં કામ લાગે. જીવની સત્તામાં ચારે ગતિનાં અને પાંચે શરીરનાં દળીયાં હોય, પણ આયુષ્ય બાંધવા માટે એક સાથે બે ભવનાં દળિયાં ન હોય. વધારે જાતનાં દળીયાં ન હોય. આયુષ્ય એક જ ભવનું બંધાય. વૈમાનિકનું જ બાંધે. આપોઆપ આવી ગયું કે–સમ્યક્ત્વવાસિત થયેલ તે જીવ, બાંધે તો વૈમાનિકનું જ આયુષ્ય બાંધે, જો પહેલાં આયુષ્ય બાંધ્યું ન હોય અને સમ્યક્ત્વથી ખસેલો ન હોય તો. 'વૈમાનિક' શબ્દ એટલા માટે વાપર્યો છે કે–એનાથી હલકું આયુષ્ય ન બાંધે. સમ્યક્ત્વવાળો જીવ વૈમાનિકનું જ આયુષ્ય બાંધે.

આયુષ્યનો બંધ ક્યારે પડે ?

આ નિર્ણય એક બાજુ રાખી બીજો વિચાર કરીએ. આયુબંધનો સમય–નિર્ણય કયો ?

શાસ્ત્રકારે અમુક કલાકે આયુષ્ય બાંધવાનું છે, તેવો નિર્ણય નથી કર્યો. 'તિથિ દિને બંધ હોય' તે પ્રાયિક વચન છે. તિથિ પણ ગીતાર્થની આચરણાએ આગમોક્ત અને આચરિત તિથિ સમજવાની છે. પ્રાયશ્ચિત્ત અને અપ્રાયશ્ચિત્ત સ્થાન પણ–સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતીજી આદિ સૂત્રોના આધારે છે. પર્વતિથિ આદિએ પણ ધર્મનું પાલન ન કરે. થયેલ પાપનું પ્રાયશ્ચિત્ત ન લે તે જંગલી અનાર્યો કહેવાતા.

અનાર્યો પણ રવિવારના દિવસોએ પોતાના ધંધા છોડીને તે દિવસે ધર્મ કરે છે. તે વાર ઉપર જવાવાળા છે. જેમકે–પાશ્ચાત્યોમાં રવિવાર, મુસલમાનોમાં શુક્રવાર, જ્યારે હિન્દુને બારે ભાગોળ મોકળી ! તે માટે કહે છે કે–આઠમ–ચૌદશ–પુનમ ને અમાવાસ્યા તે ચાર ખાસ તિથિઓ છે.

એ છને ચાર પર્વો કેમ કહો છો ?

તેનું કારણ એક જ કે–અહીં પુનમ, અમાવાસ્યા સ્વતંત્ર સંજ્ઞા છે. તેમ આઠમ–ચૌદશ એ સ્વતંત્ર સંજ્ઞા નથી. વદ–સુદની સંયુક્ત સંજ્ઞા છે. 'આજે સુદ આઠમ છે' એમ કોઇ કહેતું નથી. સુદની ૧૪ હોય તો પણ ચઉદશ બોલો છો. તેમજ વદ પક્ષ હોય તો પણ 'આજે વદ આઠમ છે–વદ ૧૪ છે' એમ કોઈ કહેતું નથી. એટલે વદ હોય કે સુદ હોય, પરંતુ બંનેમાં પર્વપણું, અષ્ટમી અને ચૌદશપણા અંગે છે. તેથી 'અષ્ટમી' વ્યવહાર સુદ અને વદ બંને જગ્યાએ એક સરખો છે. અમાવાસ્યાને દિવસે પૂર્ણિમા નથી બોલતા, તેથી પુનમ–આમાસ બંને જુદા કહેવાતા શબ્દો ઉપર પર્વપણું કેટલું રાખ્યું છે ? એકેકે દિવસનું જ્યારે આઠમ–ચૌદશ બંને જુદા કહેવાતા શબ્દો ઉપર બબ્બે દિવસનું પર્વપણું રાખ્યું છે.

આ વાત નહિ સમજનારા આરાધના ઉપર જાય છે, તો

આરાધના તો તે ચારપર્વીમાં છ છે, વ્યવહારમાં તિથિ જુઓ તો તે ચાર જ છે. એ જ વ્યાખ્યા શ્રી હેમચંદ્ર મહારાજે યોગશાસ્ત્રમાં જણાવી છે કે શીત અને કૃષ્ણ ૮, ૧૪. ૧૫, ૦)) આ ચતુષ્પર્વી છે. તેમાં શ્રાવક ચાર પ્રકારનો પૌષધ કરે તો પ્રાયશ્ચિત્ત. અતિચારમાં 'પર્વદિવસે પૌષધ લીધો નહિ.' બોલે છે તે અતિચાર. પર્વ દિવસે પૌષધ ન કરે તો અતિચાર.

અતિચાર લાગે તેવાં પર્વો કયાં ? શ્રાવકની અપેક્ષાએ આ ચતુષ્પર્વી નિયમ ૧૪, ૮, ૧૫. ૦)). ત્યાપછી ગીતાર્થ આચાર્યોએ જોયું કે–આમ આટલાથી ગૃહસ્થો આગળ વધી નહિ શકે. તેથી બીજ, પાંચમ આદિ તિથિઓ ગીતાર્થોએ આરાધના માટે જણાવી, એ ગીતાર્થ આચરિત. શાસ્ત્રોમાં કહેલ પૌષધ ન થાય તો પ્રાયશ્ચિત્ત પણ ૨. ૫. ૧૧. આદિનો પૌષધ ન થાય તો પ્રાયશ્ચિત્ત નહીં. પડવાદિકમાં અનિયમિત અને અષ્ટમ્યાદિકમાં નિયમિત પૌષધ, તેમ તત્ત્વાર્થ ભાષ્યમાં કહેલું છે. ત્રીજે દહાડે નિયમિત તિથિઓ આવે. આ આવવાથી આચારોપદેશ ગ્રંથમાં કહ્યું કે-શાસ્ત્રોકત અને ગીતાર્થોએ કહેલી તિથિઓ આચરવાથી આયુષ્યના ત્રીજા ભાગે આવતા બીજા ભવનું આયુષ્ય બાંધે. તે ન બંધાયું તો તેના ત્રીજા ભાગ ૩, ૯, ૨૭. ૮૧માં ભાગે બાંધવાનો નિયમ. તે અહીં આવી જાય છે. તેથી પ્રાયઃ **પર્વદિવસે આયુ બંધાય છે** તેમ જણાવ્યું.

મૂળ વાત પર આવીએ. 'પ્રાયે' કહ્યું તે તિથિના મેળની અપેક્ષાએ: પહેલી ઘડીએ કે બીજી ઘડીએ બાંધશે તેનો નિયમ નથી. 'પ્રાયઃ' શબ્દના અર્થમાં વિચારીએ તો જૈનપંચાંગમાં તિથિઓનો ક્ષય માન્યો હોવાથી તિથિનો ક્ષય આવવાનો છે. લૌકિકમાં ક્ષય અને વૃદ્ધિ બંને આવવાના, તેથી તે પર્વતિથિએ આયુ બંધાવાનો નિયમ નહીં રહેવાનો. વળી દિવસના અમુક ભાગે જ આયુષ્ય બાંધે તેવો પણ નિયમ નથી. પહેલે, બીજે, ત્રીજે, ચોથે કે ૫, ૬, ૭, ૮મે પહોરે આયુ બાંધે તેવો પણ નિયમ નથી.

સમકિતિ આત્મા કયાં ઉપજે ?

મૂળ વિષયમાં આવો. 'પ્રાયઃ' શબ્દથી બે વાત નક્કી થઇ.

અમુક તિથિએ જ કે દિવસે નહિ, પરંતુ ૨૪ કલાકમાંથી કોઈપણ ઘડીએ આયુ બાંધે તે સમકિતવાળો, અને તે વૈમાનિક સિવાય બીજું આયુ ન બાંધે, તે સાથે ત્રીજો નિયમ બાંધ્યો કે 'જે લેશ્યામાં આયુ-બંધ તે લેશ્યામાં કાળ કરીને ઉપજવાનું', જે સમકિતવાળાને ઓછામાં ઓછી તેજોલેશ્યા. તેજો-પદ્મ-શુકલ તે ત્રણ શુભલેશ્યા. શુભલેશ્યા તો ઓછામાં ઓછી, જ્યોતિષને તેજોલેશ્યા છે; પણ સમકિતની પરિણતિમાં જ્યોતિષની પરિણતિ કામ ન લાગે તેથી સમકિતિ, જ્યોતિષનું આયુ ન બાંધે. વૈમાનિકની જે શુદ્ધિ તેજોલેશ્યા, તે ૨૪ કલાક સમકિતિને રહેવી જોઈએ. એ નિયમ ન માનીએ તો ત્રણે વાતો ગબડી જાય.

કોઈને મિથ્યાત્વી થવું ગમતું નથી. બધાને પોતાનો આત્મા સમકિતિ રહે એ જ ઇચ્છા છે. મિથ્યાત્વી ગણાવા કોઈ પણ તૈયાર નથી. ચોવીસ કલાક શુભ એવી તેજોલેશ્યામાં રહેવા તૈયાર થયા! ખાતા હો, વેપાર કરતા હો ત્યાં પણ તેજોલેશ્યા હોવી જ જોઈએ. આ તેજોલેશ્યા જ્યોતિષથી આગળના દેવનું આયુ બંધાય તેવી ચડતી તેજોલેશ્યા હોવી જોઈએ. સર્વને સમકિતી થવું ગમે છે.

પણ સમકિતિની સ્થિતિ ધ્યાનમાં લો. ૨૪ કલાક સારા ભાવની તેજો લેશ્યા રહેવી જોઈએ. નહીંતર વૈમાનિકને લાયકના આયુષ્યને લાયક, તેવી ચડતી તેજોલેશ્યામાં ૨૪ કલાક કયારે રહેવાય? એકલા દહેરા, ઉપાશ્રયમાં જ શુભ પરિણામ રાખીએ, બીજે શુભ પરિણામ ન રાખીએ તો આપણે વૈમાનિકના આયુષ્યના શી રીતે હકદાર?

'નરક તિર્યંચ ગતિ દૂર નિવારી' એમ કહીએ; એટલે ત્યાં ચોકીદાર નથી બેસાડયો પણ **સમ્યકૃત્વ પામ્યા પછી નરક તિર્યંચનું આયુ ન બંધાય.** સમકિતિ મનુષ્ય, વૈમાનિકનું આયુષ્ય બાંધે પણ સમકિતિ વૈમાનિક કોનું બાંધે?

નરકની ગતિ ન બંધાવાના માટે સમકિત ચોકીદાર છે. એ ચોકીદાર ચાર મિનિટ પાસે રહે ને પછી હાલતો થાય તો શું થવાનું? આપણે ચોકીદાર ચાર મિનિટ જ રાખવો છે.

ધર્મ ચોકીદાર

એક શેઠ દુકાન પર બેઠા. ત્યાં ચાઉસ (આરબ) ચાકરી માટે

આવ્યો છે. શેઠે કહ્યું : 'શું પગાર લઈશ ?' ચાઉસે કહ્યું–પગારનું નક્કી કરું તે પહેલાં વાત સમજી લો કે–'તમારો જાનમાલ જોખમમાં હોય તે વખતે મારી ચાકરી ન ગણવી. તેને અંગે હું જોખમદાર નહીં. ભલે પગાર ઓછો આપજો.' વરઘોડામાં કુંતલના ઘોડા ચાલે કુંતલના ઘોડા જેવા ચોકીદાર ન ચાલે, સૈન્યમાં તેવો સૈનિક ન નભાવી શકાય. તેમ અહીં તે ચાઉસ જેવા ચોકીદાર ચાલે ? એ વાત કબૂલ કરતા હો તો તમે ધર્મ શા માટે કરો છો ?

આર્ત્તરૌદ્રથી બચવા અને ધર્મ–શુકલના પોષણ માટે ધર્મ કરો છો. હવે તમે નિયમ લો તે પહેલાં છૂટીના વખતે શરીરાદિ કુટુમ્બનાં કારણે, રોગાદિનાં કારણે, આર્ત્તરૌદ્ર ધ્યાનનો હલ્લો આવવાનો, તે વખતે કહી દો કે "ધર્મ સાથે મારે લાગે વળગે નહીં" તો ધર્મ ચોકીદાર કેવો પકડ્યો ? શેઠે તો પેલા ચોકીદારને વિદાય કર્યો પણ તમે ધર્મચોકીદાર કેવો રાખ્યો ? જાનમાલના ભય વખતે ચોકીદાર નહીં.

આપણે તો પહેલેથી ચોકી નક્કી કરીએ છીએ કે–જાનમાલના ભય વખતે તારી ચોકી નહીં. આ કઈ દશાની સ્થિતિ ! આર્ત્તરૌદ્રનાં પોષણો ચાલતી વખતે ધર્મ, સામાયિક વગેરે છે તે ઊંચા મૂકવાનાં ! ધર્મને પોષણ કરવાની વખતે ધર્મની ક્રિયાને દૂર ઠેલવાની ! ધર્મને ધર્મ–શુકલ ધ્યાનનાં પોષણ માટે રાખીએ છીએ, પણ તેમાં પહેલેથી બોલી રાખીએ છીએ કે–ધર્મને આર્ત્તરૌદ્ર વખતે છૂટો રાખીએ છીએ.

રજા અને રાજીનામું

રાજીનામું દઈ મરનારા નથી. રજા લઈને મરનારા છે. નોકરને બાનગી ખબર પડે કે–શેઠ રજા આપવાના છે, તો નોકર અક્કલવાળો હોય તો તે પહેલેથી રાજીનામું આપે. 'આ બધું છોડવાનું છે; આટલું જાણવા છતાં રાજીનામું દીધું ? જીવતાં બધું વોસિરે–વોસિરે કર્યું ? રજા આપી તેને કહેવાય કે–' હાથેથી ન છૂટે, પણ પરાણે ઘરમાંથી નીકળવું પડે.' **રાજીનામું સામટું હોય, રજા કટકે કટકે હોય.** ૨૪–૨૪ કલાકનાં પચ્ચક્ખાણ કરે તે રજા. ડીસમીસ –નાલાયક થઈ કાઢે તે રાજીનામું, કેમ ? તો કે–મમતા રહી છે, અર્થાત્ આપણે તો છોડવું નથી, પણ છૂટી જાય તેમાં આપણો ઉપાય નથી.

ઊભે પગે નીકળવા આપણે તૈયાર નથી. આડે પગે ખભે ઉપાડી કાઢે ત્યારે તૈયાર છીએ! શાથી? ચોક્કસ જાણીએ છીએ કે-આ રજા દઈ દેવાનો છે. તમારી આરાધના કેવી રીતની થાય છે? સમકિતિ ૨૪ કલાક ચાહે તેવી વેદના-દુઃખ-પીડામાં હોય, પણ તેજોલેશ્યાથી તે નીચે નહીં ઉતરે.

હવે ચોથે ગુણઠાણે તેજોલેશ્યા જ ન જોઈએ, કારણ કે-શાસ્ત્રકાર તો છઠ્ઠા સુધી છ એ લેશ્યા હોય એમ કહે છે. **सम्मत्तंमि उ लद्धे** -સમ્યક્ત્વ પામ્યા પછી તો છએ ગુણસ્થાનકમાં છ લેશ્યા હોય. આ બે નિયમ પરસ્પર વિરૂદ્ધતાવાળા છે. બંને નિયમ શાસ્ત્રીય પરસ્પર વિરૂદ્ધતાવાળા, છતાં તેનું સમાધાન છે. **અશુભ લેશ્યા આવી જાય તો પણ આયુષ્યના બંધનો કાળ છે, તેટલો કાળ તે લેશ્યા ટકે નહિ.** સર્વવિરતિવાળા પ્રમાદીને અશુભ લેશ્યા આવી જાય, પણ ટકે નહીં. તેજો, પદ્મ ને શુકલ એ ત્રણ લેશ્યા ટકનારી છે. આત્મામાં મૂળ બાંધે તો તેજો, પદ્મ ને શુકલ, એ ત્રણ લેશ્યા જ મૂળ બાંધે.

હવે પદ્મ ને શુકલ તે તો મોટી વાત છે. ઓછામાં ઓછી તેજોલેશ્યાની શુભ પરિણતિ રહે તો આપણો આત્મા સમકિતિ છે. દેહરા -ઉપાશ્રય-પૂજા-પ્રભાવનાની શુભ પરિણતિ રહે. ઉપાશ્રયનું પગથિયું ઉતરતાં મહારાજને શુભ પરિણતિ સોંપી જઈએ, તો ૨૪ કલાક શુભલેશ્યાવાળા કયાંથી રહીએ? એ ન હોય તો સમકિતવાળા કયાંથી કહેવાઈ એ? આવી આત્માની શુદ્ધિ કરનારો તે મોહના મૂળને ખોદી નાંખે તેમાં નવાઈ શી? અર્ધ પુદ્ગલપરાવર્ત્તમાં તે સંસાર કાપી જ નાંખે. મૂળમાંથી ઝાડ કાંપી નાંખે, પછી વધારે વખત ન ટકે, તેમ જેણે મોહનું મૂળ કાપી નાખ્યું તેવા જીવને વધારેમાં વધારે અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કાળ કહ્યો, તે તો સામાન્યતયા અસંભવિત કાળ કહ્યો છે. તેટલો કાળ બધાને રખડવાનો હોતો નથી, એ તો ઘોરમાં ઘોર જગતમાં બધાં પાપો સમકિતમાંથી ચ્યવી કર્યાં હોય તો તે અર્ધ પુદ્ગલપરાવર્ત્તથી વધારે ન રખડે.


જગતમાંના સર્વ ઘોર પાપો કરનારો કોઈકે જ જીવ નીકળી આવે. તેવો પણ જીવ હોય તોપણ તેને અર્ધ પુદ્ગલથી વધારે કાળ સંસારમાં રખડવાનું ન હોય. દર્શન આરાધના જઘન્યથી કરે, તો આઠ

ભવમાં મોક્ષ. સમ્યક્ત્વની ઓછામાં ઓછી આરાધના કરનારો આઠ ભવમાં મોક્ષ પામે. પાપની તેવી આકરી વિરાધનામાં જે ન આવે, તે આઠ ભવમાં મોક્ષે જાય. અસંભવિત કોટી અર્ધ પુદ્ગલપરાવર્ત્ત જણાવી કે તેવો આત્મા, સમકિત મોહનો નાશ કરે. તેજોલેશ્યા ઓછામાં ઓછી રહેવી જ જોઈએ,

પ્રશ્ન–તેજોલેશ્યા, સ્વભાવે આવે કે લાવેલો આવે ?

જવાબ–પોતાની પ્રવૃત્તિ અને વિચારો કરે, તેને આધારે તેજોલેશ્યા આવે. બધાને સમકિત થવું ગમે છે, પણ સમકિત થવા ઇચ્છનારે ૨૪ કલાકની તેજોલેશ્યાથી ઓછી તેજોલેશ્યાવાળા ન હોવા જોઈએ. આ જ વાત ધ્યાનમાં રાખી ચાલવાનું છે. એ સમ્યક્ત્વનો પ્રભાવ, એ જ સંસાર પાર ઉતારવાની છાપ. જ્ઞાનચારિત્રમાં છાપ નથી. જ્ઞાનમાં, ચારિત્રમાં અમુક સમયે મોક્ષે જવાનું જ, એ છાપ નહિ. સમ્યક્ત્વમાં એ છાપ કે અર્ધ પુદ્ગલમાં મોક્ષે જવાનું જ. સમ્યક્ત્વની ગેર-હાજરીવાળા જ્ઞાનમાં, ચારિત્રમાં મોક્ષે જવાની એવી કોઈ છાપ નથી. સમ્યગ્દર્શનમાં છાપ કે–જરૂર તેનો મોક્ષે થવાનો. 'સમ્યક્ત્વવાળો જ માર્ગમાં ગણાય. સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયો તે મોક્ષથી ભ્રષ્ટ થયો' એટલું બધું સમ્યક્ત્વ ઉપર જોર દેવાયું.

તે સમકિત કઈ સ્થિતિનું ? તેની દેહરામાં–ઉપાશ્રયમાં ૨૪ કલાક, ૬૦ ઘડી, આઠ પહોર શુભપરિણતિ રહેવી જોઈએ. રસ્તામાં ઉપયોગથી ચાલતાં છતાં ઠેસ વાગી જાય, તેવો અનુપયોગ હોય. તેવો જ અનુપયોગ કોઈ વખત અને કથંચિત્ આવી જાય. આવું સમકિત આભૂષણોથી શોભાવવાની જરૂર છે. તે કેવી રીતે શોભાવાય ! તે અગ્રે.



ચાર ભાવના

દેશના ૧૪

(આજે ૨૦૦૦ના કા. વ. ૧૧ સોમવારે પૂર્ણ ઠાઠથી વડા ચૌટાના સંઘે આચાર્યદેવનું સુંદર સ્વાગત કર્યું હતું અને પૂજ્યશ્રીએ કલ્યાણ પાર્શ્વનાથજીના દહેરાસરના ચોકમાં વિશાળ સુશોભિત તૈયાર કરેલા મંડપમાં વ્યાખ્યાન આપ્યું હતું તેનો ઉતારો.)

મૈત્ર્યાદિ ભાવયુકત હોય તે જ ધર્મ.

સૂક્ષ્મબુદ્ધ્યા સદા જ્ઞેયો શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રી હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે આ જગતમાં સર્વ આર્ય પ્રજા, ધર્મને પ્રાણ કરતો પણ વહાલો ગણનારી છે. સર્વ આર્ય પ્રજા ધર્મને ચાહવાવાળી હોય તો પણ કરેલી ચાહના ફળીભૂત કયારે થાય? જ્યારે ચાહનાનાં યોગ્ય કારણો મેળવવામાં આવે ત્યારે જ ચાહના ફળીભૂત થાય છે. કોઈપણ આર્યે એ માન્યતા ધરાવી નથી કે–ચાહનામાત્રથી કાર્ય થઇ જાય. **સમગ્ર સામગ્રીને આધીન કાર્યદશા છે.**

લક્ષ્મીની ઈચ્છા કરીએ પણ તેવાં કારણો મેળવીએ તો જ લક્ષ્મી સિદ્ધ થાય, એટલા જ માટે નીતિકારને એ કહેવું પડયું કે **नाकारणं भवेत् कार्यं** કારણ વગર કાર્ય થઈ શકતું નથી. એ વાત દરેકને માનવી પડે છે. તે સાથે બીજી વાત માંનવાની જરૂર છે. **'नान्याकारणकारणं''** ઘડા માટે માટી કારણ, પણ લુગડું બનાવવું હોય તો તે માટીથી ન બનાવી શકાય. ઘડો બનાવવો હોય ને તાંતણાનું ફીડલું ઉપાડે તો શું વળે? તાંતણા એ વસ્ત્રનું કારણ, નહીં કે ઘડાનું. 'અન્યનું કારણ તે કારણ ન ગણાય.'

જે વસ્તુની ઈચ્છા કરી હોય તે જ વસ્તુનાં કારણો મેળવવાં

જોઈએ. દરેક જણ ધર્મને કિંમતી ગણે છે પણ ધર્મનાં કારણો કયાં કે-જેને પ્રાપ્ત કરવાથી ધર્મની સિદ્ધિ થાય? મનોરથ માત્રથી ધર્મની સિદ્ધિ ન થાય, અન્ય કારણો કામ ન લાગે, તેથી ધર્મનાં કારણો દરેક મેળવે છે. ધર્મની ઈચ્છાએ પ્રયત્ન કરે છે, તે પણ કારણ છે, તો દરેકને ધર્મની સિદ્ધિ કેમ નથી થતી? અન્ય પણ કારણ તો ખરું જ, પણ તે અન્યનું કારણ બને નહીં. માટી વસ્ત્રનું કારણ ન બની શકે. એનાં ખુદનાં કારણો જોઈએ.

ખુદનાં કારણો હોય તો જ કાર્યની સિદ્ધિ થાય. દૂધ શબ્દ વાપર્યો પણ થોરીયા-ખરસાણીનું દૂધ કહેવાય, પણ તે દૂધ પોષક થશે? જેમ થોરીયા-ખરસાણીનું દૂધ કહેવાય, પણ દૂધનું કાર્ય જે પોષકતા, તે બીજા દૂધથી ન થાય; તેમ ધર્મનાં સાચાં-ખરાં વાસ્તવિક કારણો મેળવવામાં આવે, તો જ ધર્મની સિદ્ધિ થાય. આ વાત સર્વમાન્ય છે. તેમાં વિવાદને સ્થાન નથી.

આર્યપ્રજા પણ ધર્મની ઈચ્છાવાળી છે. તે વાતમાં વિવાદ નથી એ વાત નક્કી કરો કે-ધર્મનું ખરું કારણ કયું? એ વિચારવાની દરેકને જરૂર છે. માટે **સૂક્ષ્મબુદ્ધયા.** ધર્મને હંમેશાં સૂક્ષ્મબુદ્ધિથી જાણવો નહીંતર બુદ્ધિ ધર્મની રહે પરંતુ ધર્મનો નાશ થાય. **'અન્યથા ધર્મબુદ્ધયૈવ, બુદ્ધિઘાતઃ પ્રસજ્યતે।** વાસ્તવિક કારણને-સાચા હેતુને અમલમાં ન મૂકે તો તે મનુષ્યમાં ધર્મની બુદ્ધિ હોવા છતાં તે ધર્મનો નાશ કરનાર થાય.

બુદ્ધિ વગરનો પ્રત્યુપકાર.

કોઈ ઘરડો-લૂલો-લંગડો-બહેરો રસ્તામાં જતાં ખાડામાં પડી ગયો. તેને એક જુવાન મનુષ્યે સાચવીને બહાર કાઢ્યો. ડોસો હતો. યુવાને તેને માર્ગમાં મૂક્યો તેથી વૃદ્ધે વિચાર કર્યો કે-મનુષ્યમાં સ્વાભાવિક રીતે એવી સ્થિતિ છે કે-'હું આખા જગતનું ખાઉં, મારું ખાય તેનું નખ્ખોદ જાય.' પૃથ્વી, પાણી આદિ આપણને ઉપકાર કરે છે, આપણા તરફથી પૃથ્વી, પાણી આદિ તરફ કયો ઉપકાર છે? હાથી-ઘોડા વગેરે મનુષ્ય પર ઉપકાર કરે છે, આપણે કયો ઉપકાર તેમના ઉપર કરીએ

છીએ ? મનુષ્યે મનુષ્યનો કરેલો ઉપકાર તો વાળવો જોઇએ; પૃથ્વી આદિનો શી રીતે ઉપકાર વાળવો ?

મનુષ્યનો ઉપકાર પાછો વાળી શકાય છે, તો ડોસાએ વિચાર કર્યો કે–મારે પણ ઉપકાર પાછો વાળવો જોઇએ. 'આ જુવાન છે, તો તે મારા ભાગ્યયોગે લૂલો–લંગડો–બહેરો–ધરડો થઈ અશક્ત થાય ને તે ૧૦૦ હાથના ઊંડા ખાડામાં પડે તો હું કાઢું ને તેનું કલ્યાણ કરું તો મારા પર કરેલ ઉપકારનો બદલો વળી શકે ? ઉપકાર પાછો વાળવાની બુદ્ધિ છતાં ચિંતવન શાનું ? ચિંતવન અનર્થનું. કઈ બુદ્ધિથી તે કર્યું ? આંધળા બહેરા ડોસાએ ઉપકાર વાળવાની દૃષ્ટિ રાખી પણ તેણે શું ચિંતવ્યું ? 'પેલો જુવાન, આંધળો–બહેરો–લૂલો–લંગડો થાય અને કૂવામાં પડે તો ઉપકાર વાળી શકાય. આમ ડોસામાં ઉપકાર વાળવાની બુદ્ધિ છે. છતાં ચિંતવન મહાજુલમવાળું છે. તેમ ધર્મની બુદ્ધિ છતાં ધર્મનાં કારણો સમજવામાં ન આવે તો ઉપકારબુદ્ધિ છતાં ધર્મનો નાશ થાય, તેથી જ ભગવાન હરિભદ્રસૂરિજીએ ધર્મનો અર્થ આપતાં કહ્યું કે **मैत्र्यादिभावसंयुक्तं अनुष्ठानं धर्मः** મૈત્રી આદિ ભાવવાળી પ્રવૃત્તિ–અનુષ્ઠાન તેનું નામ ધર્મ! તેમાં પ્રથમ પહેલો પાયો એ હોવો જોઇએ કે આખા જગતનું હિત કેવી રીતે કરું ? ધર્મનો પ્રથમ પાયો કયો ? આ વિચાર કે–આખા જગતનું હિત કેવી રીતે કરું ? મારે હિત કરવામાં મિત્ર કે શત્રુ, સ્વજન કે પરજન ન હોય. સજ્જન–દુર્જનનાં ભેદ વગર જગતનાં તમામ જીવોનું હિત કરું. તે વિચાર કર્યા પછી હવે તેને આગળ શી રીતે વધારવો ? એ માટે **प्रमोद**=ગુણની પૂજા. જેટલા જીવો ગુણી છે, ઉત્તમ છે તે બધાનો હું સેવક. તેમાં મિત્ર, શત્રુ, સ્વજન, પરજનનો ભેદ નહીં. ઉત્તમ કલ્યાણના માર્ગમાં વધેલા તે બધા સદ્ગુણી. તેમાંના મારા મિત્ર કે શત્રુ, સગાં કે અસગાં હોય, તેનો ભેદ ગુણની પૂજામાં નહીં.

ગુણની પૂજા અસ્ખલિતપણે પ્રવર્તવી જોઇએ. ધર્મના ધોરી હોય તેવા તે સર્વનું સન્માન, વંદન, સ્તુતિ કરવાં જોઇએ. તે બીજું કારણ. તે બે કર્યા પછી જીવે પોતાની કોટીથી અધમ કોટીવાળા જીવો પ્રતિ ઉપકાર કરવા માટે તૈયાર રહેવું જોઇએ, નહીંતર જીવન મેળવી શું કર્યું ? તે માટે **कारुण्यः**

જાનવરો દૂધ આપવા દ્વારા, ભાર વહન કરવા દ્વારા ઉપકાર કરે છે. અરે! મર્યા પછી ચામડાં, દાંત, શીંગડાં આદિ આપીને ઉપકાર કરે છે! તો મનુષ્ય? મનુષ્ય ધર્મિષ્ટ થયા પછી ઉપકાર ન કરે તો તેની સ્થિતિ કેવી માનવી? માટે મનુષ્યમાં જગતનાં દુઃખોનો નાશ કરવાની બુદ્ધિ હોવી જ જોઇએ. ગુણવાનના સત્કારની બુદ્ધિ તેમજ દુઃખને નાશ કરવાની બુદ્ધિ આવી, છતાં કેટલાકો અવળા હોય છે. 'તમે ફાયદા કર્યા, તે ગુણ માટે બતાવો પણ તેને અવગુણ થાય તેનું શું? તે વખતે આપણા લોકમાં પદ્ધતિ છે કે-ભલું કર્યું તો તે મેં કર્યું અને ભૂંડું કર્યું તો તેના નસીબે કર્યું.' ભલામાં પોતે, ભૂંડામાં તેને માથે ભાર નાંખવામાં વાર નથી. એટલે કે ત્યાં ધર્મબુદ્ધિ નથી. બેમાં એક સરખો હિસાબ હોય. જમે અને ઉધાર માટે ગણિત જુદું છે? જો તેમ નથી તો પરોપકારમાં સરવાળો કેમ જુદો થયો?

સરવાળો એક સરખો ગણો, માટે માધ્યસ્થ પરોપકાર કરી શકયા તો તે જીવનું નસીબ હતું તો પરોપકાર થઈ શકયો એમ ગણો. શાહુકારીનું કામ તે જ કે-જેવો જમેનો તેવો જ ઉધારનો હિસાબ રાખે. જે મનુષ્ય એક જ ધારે કે હું ઉપકાર કરું તેના નસીબે ફાયદો થાય. ઉપકાર કે અનુપકાર થાય, તેમાં વિશેષ મધ્યસ્થપણું, આચારવિચારો ધર્મીજનને આખા જગતને અંગે હિતના, ગુણવાનને અંગે સત્કારના અને દુઃખીના અંગે તેનાં દુઃખો નાશ કરવાનાં હોય. કર્મનો અને તેના પ્રભાવનો વિચાર કરે તો કોઇના ઉપર રાગ-દ્વેષ ન થાય. આવા વિચાર-અનુષ્ઠાનને ધર્મ કહેવાય. તેવા વિચારો જેનામાં હોય તે ધર્મી કહેવાય.

મૈત્ર્યાદિ.' મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ-આ ચાર ભાવનાથી યુક્ત જે અનુષ્ઠાન તે ધર્મ કહેવાય. હવે તે ધર્મ બને કેવી રીતે? તેનાં કારણો ન જણાવો તો ધર્મ ન થઈ શકે. ભયંકર રોગ જણાવે એટલા માત્રથી નિરોગી ન થવાય. આવા વિચારો સાથેની પ્રવૃત્તિ સાથેનું અનુષ્ઠાન કેવી રીતે બને! તેના હેતુઓ ઉત્પન્ન થવાની રીત હવે બતાવાશે. તે અંગે-

ધર્મની પરીક્ષા

દેશના ૧૫

ધર્મની પરીક્ષા કરવા માટે ચાર કસોટીઓ.

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–આર્યપ્રજાને ધર્મના અર્થીપણાનું જ્ઞાન ઉત્પન્ન કરવાનું રહેતું નથી. કારણ કે–તેને તો **'अप्रसिद्धमर्थशास्त्रमर्थवत् भवति ॥** અપ્રસિદ્ધ અર્થવાળું શાસ્ત્ર, અર્થની જેમ થાય છે, નીવડે છે. વ્યાખ્યતા બોલે કે–સાંભળજો. '૫×૫ =૨૫' થાય તો તે કેવું ગણાય. ?

જે વાત જાહેરમાં જણાતી હોય તેનો ઉપદેશ કરવાનો રહેતો નથી. જાહેરમાં જે વાત જાણતા ન હોય તે વાત શ્રોતાઓને જણાવે તો જ શાસ્ત્ર સફળ ગણાય. શ્રોતાઓએ ન જાણેલી વાત જણાવે તો શાસ્ત્ર સફળ ગણાય. શાસ્ત્ર, સફળ ત્યારે જ ગણાય કે–નહિ જાણવામાં આવેલી વાતને જણાવે તો જ શ્રોતાને અપૂર્વ જ્ઞાન થાય અને તેથી શાસ્ત્રની સફળતા થાય. તેવી રીતે અહીં આર્યપ્રજાજન દરેક ધર્મનો અર્થી અને પાપથી ડરવાવાળો હોય અર્થાત્ જેમ જગતમાં આગળ એક વખત જણાવ્યું છે કે–**એકથી અનેક આવે ત્યારે અનેક કરતાં એક કિંમતી હોય.** એક આનાના છ પૈસા આવે, ત્યારે આનાને કિંમતી માનવો પડે, તેમ અહીં આર્યપ્રજા સ્પષ્ટ તરીકે જાણે છે–માને છે–પ્રરૂપે છે કે–મનુષ્યપણું મળ્યું, તે ધર્મના પ્રભાવે. પાંચ ઇન્દ્રિયો, સંપૂર્ણ લાંબું જીવન, કીર્તિ, જશ, કુટુમ્બ, કાયા, તથા નિરોગીપણું મળે તે બધું ધર્મના પ્રભાવે. આર્યપ્રજાજન, આ વાત માનનાર છે કે–ધર્મના પ્રભાવે મનુષ્યભવ, પાંચે ઇન્દ્રિયો સંપૂર્ણ, યાવત્ કુટુંબાદિક મળે છે. તો કિંમતી કોણ ? એક વસ્તુથી અનેક વસ્તુ મળે તો એક વસ્તુ કિંમતી હોવી જોઈએ. ધર્મથી બધી વસ્તુઓ મળે

તો નીતિ ખાતર પણ ધર્મને કિંમતી કહેવો, માનવો અને ગણવો જોઈએ; માટે ધર્મનું અર્થીપણું નવું ઉત્પન્ન કરવાનું નથી.

ધર્મ કિંમતી હોવાથી ધર્મની પાછળ નકલીપણાનો દરોડો છે. દુનિયામાં કોઇ બનાવટી ધૂળ, લોઢું, તાંબુ કરવા બેસતું નથી. રૂપું, સોનું, મોતી, હીરા વગેરે બનાવટી કરે છે.! કેમ ? ધૂળમાં કચરાની બનાવટ કેમ નહીં ? કારણકે તેની કિંમત નથી, અર્થાત્ કિંમતી પદાર્થોની પાછળ જ નકલી પદાર્થોનો દરોડો હોય છે. એ ઉપરથી સમજવાનું છે કે– જે મનુષ્યે કિંમતી પદાર્થ લેવા માટે કેડ બાંધી હોય, તેણે નકલી પદાર્થથી બચવા માટે કેડ બાંધવી જ પડે. તેમ કેડ ન બાંધે તો પરિણામ શું આવે ?

ધર્મપરીક્ષામાં ભૂલ્યા તો ભવોભવ રખડ્યા.

શાક લેવા ગયા ને ભૂલ ખાધી તો એક ટંકનું ભોજન બગડે, લુગડા લેવામાં ભૂલ ખાધી તો એક ઋતુ બગડે. બાયડી લેવા ગયા ને ભૂલ ખાધી, તો ભવ એક બગડે પણ ધર્મ લેવામાં ભૂલ ખાધી તો ભવો ભવ બગડે. આપણે ધર્મના અર્થી થયા પણ જો ધર્મની ખોજમાં ભૂલ ખાધી, નકલી ધર્મથી ન બચ્યા તો ભવોભવનો બગાડો.

આગળ જણાવી ગયા કે–કિંમતી ચીજ પાછળ જ નકલીનો દરોડો હોય. ઈમીટેશન થયાં તેથી કોઈએ ઝવેરાતનો ધંધો છોડી નથી દીધો. 'ઝગડામાં આપણે ન પડીએ, વિરોધ દેખાય તો પડવું જ નહીં" તો હીરાની જોડે પોખરાજનું વિરોધપણું છે. તેથી શું ઝવેરીએ ઝવેરીપણું છોડી દેવું ? બનાવટી હીરા, મોતી, ચાંદી નીકળ્યા તો વેપાર છોડી દેવાનો ? તેમ ધર્મના ભેદો દેખી 'કોઈ ધર્મ કંઈ કહે છે અને કોઈ ધર્મ કંઈ કહે છે,' માટે આપણે ધર્મની પંચાતમાં ઉતરવું જ નહીં. એ કહેવાનો અર્થ શો ? એક જ કલચર ઈમીટેશન દેખી ઝવેરાતપણું છોડી દેવું કે વધારે સાવચેત થવું ? પરીક્ષા કરવા માટે તૈયાર થવું જોઈએ. પરીક્ષા કરી સાચું ગ્રહણ કરવા તૈયાર થવું જોઈએ.

જરા સીધી દૃષ્ટિએ વિચારો કે–તમારી નજરે તમને ધર્મનું કિંમતીપણું કયારે ખ્યાલમાં આવશે ?

જે માલની ઘરાકી વધારે થાય તેની નકલો વધારે થાય. ખોટા ટ્રેડમાર્ક કરીને પણ બનાવટી માલની વધારે નકલો નીકળે. નકલી વસ્તુઓમાં તેવું લાગવા માંડે, તેથી જેની કિંમત વધારે તે અંગે નકલી-પણાનો દરોડો વધારે પડે. ધર્મના ભેદો જોઈને-ફોટા જોઈને અક્કલ-વાનને એ વિચાર કરવાનો કે-ધર્મ બહુ કિંમતી છે, તેથી જ આટલી બધી બનાવટો ઉત્પન્ન થઈ છે.

અક્કલવાન પુરુષ, બનાવટ વધારે દેખીને તો મૂળની કિંમત વધારે સમજે, પણ બનાવટ બહુ દેખીને માલ લેવો છોડી ન દે. તેમ ધર્મના વધારે ભેદો દેખી ધર્મીજન કંટાળે તો તે કેવો ગણાય? અક્કલનો બારદાન તે ગણાય, જેણે અક્કલ ઘરેણે મૂકી હોય, અને બુદ્ધિનું બારદન પકડી રાખ્યું હોય! ખાંડની ગુણ હોય, તેમાંથી ખાંડ નીકળી ગઈ હોય, ને બારદાન-ગુણી રહી ગઈ હોય, તેમ બુદ્ધિ બસી ગઈ હોય. જેઓ બુદ્ધિના બારદાન જેવા રહ્યા હોય તે જ આમ બોલે કે 'આપણે રગડાઝગડા ન જોઈએ,' ત્યારે તેને શું કરવું પડે? ધર્મની પરીક્ષામાં ઉતરવું પડે. ધર્મના ભેદો ઘણા છે. જેઓ કર્મને હેતુ તરીકે માને છે, તેઓ માને છે કે-મનુષ્યની બુદ્ધિ-વિકૃતિઓ જુદી જુદી છે. તેથી લોકો ધર્મના નામે ફસાઇ જાય, તેમાં નવાઇ નથી.

પરમેશ્વર જગતમાં બનાવનાર નથી પણ બતાવનાર છે.

હવે જે વાત કહું છું. તે મધ્યસ્થ રીતિએ લેવાની છે. જૈન અને અજૈનમાં ફરક હોય તો માત્ર 'ત' અને 'ન' નો જ ફરક છે. જૈનો પરમેશ્વરને માને છે. પરમેશ્વરને ન માને તો દેશ, તીર્થો, જપ રહે જ નહીં. પણ કેવા પરમેશ્વરને માને છે? સ્વર્ગ-નરક-પૂણ્ય-પાપ-સદ્ગતિ-દુર્ગતિનું સ્વરૂપ **બતાવનાર** તરીકે માને છે, અજૈનો તે સ્વરૂપને **બનાવનાર** તરીકે પરમેશ્વરને માને છે. સ્વર્ગ, નરક, પૂણ્ય, પાપ, સદ્ગત, દુર્ગતિ કોણે બનાવી? તો કે પરમેશ્વર. જૈન અને અજૈન વચ્ચે ફરક 'ત' અને 'ન' નો. 'ન'વાળા આખી જોખમદારી પરમેશ્વરને માથે નાખે છે.

શિક્ષકો વિદ્યાર્થીને અભ્યાસ કરાવે. સજ્જન, દુર્જન, શાહુકારી

દેવાળીયું, નાગરિક, નીતિ, અનીતિ કોને અને કેમ કહેવાય? તેની રીત-ફાયદા-નુકશાન વગેરે શિક્ષક સમજાવે. તેમાં શિક્ષક તમારી જિંદગીનાં-વર્ત્તનના જોખમદાર નહીં, તેની જવાબદારી શિક્ષકને માથે નહીં. પછી તમને ઇષ્ટ લાગે તે રસ્તે જાવ. અને તેની જવાબદારી તમારે જ માથે. તમે સારા કે ખોટા રસ્તે જાવ તેની જવાદારી શિક્ષકને માથે નહિ. તેનું કામ અસન્માર્ગના દુર્ગુણો અને સન્માર્ગના સદ્‌ગુણો સમજાવવા તે જ. તે જ તેની ફરજ.

તેમ પરમેશ્વર તો આમ કરવાથી પાપ થાય,-આમ કરવાની પૂણ્ય થશે-આમ કરવાથી સંસારમાં રખડવું પડશે-આમ કરવાથી મોક્ષ મળી જશે-એમ બતાવે. પણ જોખમદારી અને જવાબદારી તો તમારે જ માથે. સૂર્ય ખાડાને ખાડા રૂપે, કાંકરા-કાંટાને તે રૂપે બતાવશે. ખાડામાં પડતાં સૂર્ય કોઈનો હાથ પકડતો નથી. તેમ જૈનોની માન્યતા પ્રમાણે પરમેશ્વર તીર્થંકર દેવો, માત્ર ધર્મ બતાવે.

રીખવદેવજીની પહેલાં હિંસા કરે તો પાપ થતું ન હતું એમ ન માનવું. તેઓ થયા પછી 'પાપ લાગે' તેમ નવું બતાવ્યું નથી; પણ હિંસાદિકથી પાપ લાગે તે વાત અનાદિથી છે, તેથી કોઈપણ વખતે પાપથી વિરમવાથી ધર્મ થાય છે. આ કરાય તેમાં પાપ, આ કરાય તેમાં ધર્મ થાય, એમ તીર્થંકરદેવે પ્રથમ બતાવ્યું. ધર્મ કયે રસ્તે થાય? તે દુનિયાને ખબર ન હતી. તે તીર્થંકર દેવોએ બતાવ્યું. કાયદામાં તો 'હું જાણતો ન હતો' એમ કહી છૂટી જવાય છે. પણ તે કયારે? કાયદો પ્રસિદ્ધ ન કરાય તો. કાયદો કરનાર ખાત્રીવાળો છે, પાળનાર નહીં. જેટલી જગ્યા પર કાયદાની હકુમત ચાલવાની હોય, તેટલી જગ્યા પર તે કાયદો, ભરોસાવાળા માણસ પાસે જાહેર કરે, તે કાયદા પર ત્રણે જગતમાં રીખવદેવજી ભગવાનની છાપ લાગે. અજ્ઞાનીને અંગે કાયદાનું કંઇ નહીંને? જેની ઉપર કાયદાનો અમલ કરવાનો છે તેની જાણ ન કરે અને સત્તાનો અમલ કરે તો તેવી સત્તાને કેવી ગણવી?

પંખીમાં, જાનવરમાં એક જાતનાં પંખી વૈશાખ-જેઠમાં બોલે કે-'ટકે વીઘું, ટકે વીઘું.' પરંતુ રાજા જાહેર કરે કે-'ટકે વીઘું.' તો

લોકો જમીન લઈ લે, અને ખેડીને પાક તૈયાર કરે. પંખીઓ 'પકડી લાવ ટીપું' 'પકડી લાવું ટીપું' બોલે,' ને બેડૂત પાણી પાઈ ને પાક તૈયાર કરે. કાયદો જાહેર ન કરું. અને તમે આવ્યા એટલે ધારી રાખેલ તે પ્રમાણે કાયદાના ભંગ કરનાર તરીકે તમને ગુનેગાર કરી દઉં તે ન્યાય ન ગણાય.

ભગવાન રીખવદેવજીએ 'સત્ય બોલવાથી ધર્મ થાય છે. અને જૂઠથી પાપ થાય છે' એવો પોતે કાયદો કર્યો હોય તો, આખા જગતમાં તે કાયદો જાહેર થએલો હોવો જોઈ એ. **પરમેશ્વરને કાયદો જણાવવા માટે જોખમદારી નથી. બનાવવા માટે જોખમદારી** છે, કર્મની કુટિલ નીતિમાં બધું સમાય છે. ધર્મને નામે ધૂતવાનું બનવું, કર્મની કુટિલ નીતિમાં બની શકે છે. સુરચંદભાઈ, હું ડી બતાવ્યા પછી તે ખોટી જાણે, પણ સાથે તેના જ્ઞાન પ્રમાણે, આ માણસ 'ખોટી હું ડી બતાવી મારા નામનો-કથનનો દુરુપયોગ કરવાનો છે,' એમ જાણે તે વખતે સુરચંદભાઈથી મૌન બેસી ન શકાય.

ધર્મના ફાંટા થયા, ધર્મને નામે અધર્મ ફેલાવાયા, તે ધર્મના બનાવનારથી કેમ સહન થયું ? સરકારી સત્તાની જેમ ઈશ્વરને ધર્મ બનાવનાર તરીકે માનીએ તો ઈશ્વર સર્વત્ર સત્તાવાળો હોય. તેની સત્તામાં અધર્મ માનીને અધર્મ કરે તે અક્ષમ્ય છે, પણ ધર્મ માની અધર્મ કરે તે કેટણો અક્ષમ્ય ગણાય ? ધર્મ, પરમેશ્વરનાં નામની મિલકત કહીએ તો ચાલે. ફક્ત તેના નામનો દુરુપયોગ કરી દુનિયા દોડી રહી છે.

કેટલાક નાસ્તિક વાદીઓ કહે છે કે-' જો પરમેશ્વર બનાવનાર હોય તો આજની સત્તા ગુનેગારને સજા કરે, તે ગુનેગારના ટોળા વચ્ચે સજા કરે છે, બળવાખોરોને સજા કરાય છે, તેમાં પણ, બળવો જાગ્યો હોય ત્યાં મુખ્ય મથકે સજા કરાય છે, તેમ ઈશ્વરથી-સત્તાથી અહીં જ સજા કરાય-જેમકે ચોરી કરે કે તરત હાથ કપાઈ જાય, જૂઠું બોલવા સાથે બોબડો બની જાય, રંડીબાજી કરવા સાથે નપુંસક બની જાય, હિંસા કરવા સાથે તેનો પ્રાણ જાય. પણ અહીં તો 'મરી જાય ઓણ અને આંસુ આવે પોર'ની જેમ અધર્મ અહીં કરે, ને સજા ત્યાં ! ગુનો કરે ત્યાં સજા નહીં ! જગતકર્તાએ તો ગુનાના સ્થાનમાં જ સજા કરવી જોઇએ, તો જ ગુના રોકાય.,

આ વાત તમને કર્મવાદમાં કેમ નહીં આવે ? દુનિયામાં જુઓ, રેંટમાં શું થાય છે ? પહેલાના ભરેલા ઠલવાય, નીચે નવા ભરાય, તેમ કર્મમાં પહેલાં બાંધેલાં કર્મો અહીં ભોગવાય અને નવાં કર્મો બંધાય એટલે તો આગળ જ ભોગવવાનું રહે. કર્મનું જોર છે. એકને બચપણમાં ઢીંચણમાં વાગ્યું, સજ્જડ વાગ્યું, દવા કરી આરામ થયો. ઘડપણની અવસ્થા થઇ ત્યાં કળે. અહીં કળે છે કેમ ? તમને તો બાળપણમાં અહીં વાગ્યું હતું અને ઘડપણમાં તે સાલ્યું ! વચમાં કેટલાય શિયાળા આવ્યા, તે વખતે કેમ ન સાલ્યું ? દુબળા થયા એટલે પાછું માયું ? એમ નહીં, જુવાનીમાં લોહીમાં જોર હતું, જુવાની વખતે જોમ હોવાથી કળતર ન થઈ, ઘડપણમાં જોર તે ઘટી ગયું એટલે કળતર થઇ.

તેમ પહેલા ભવમાં બાંધેલાં કર્મનું જોમ હોય તે ભોગવવાનું પ્રાબલ્ય હોય ત્યાં વર્તમાનમાં કર્મનું પ્રાબલ્ય કયાંથી હોય ? પહેલાંના કર્મનું જોર જ્યાં સુધી તૂટયું ન હોય, જે આયુષ્ય બાંધ્યું તે પૂરું ન ભોગવાય ત્યાં સુધી અંદર નરકનું આયુગતિ બાંધ્યા છતાં જોર ન કરી શકે. કળતર જોર કરી શકતી નથી.

પહેલાં આગળના ભવોનાં કર્મોના જોરને ભોગવવાના પ્રસંગને લીધે નવાં કર્મને ભોગવવાનો વખત ન આવે, તેથી નવાં કર્મોને ભોગવવાનો પ્રસંગ પછી જ આવે.

જગતમાં કુધર્મ ચાલે છે તેની જોખમદારી બનાવનારને માથે છે, શા માટે કુધર્મો ચાલવા ફેલાવા–દીધા ? બનાવનારને બધી સત્તા છે. ઇશ્વરને માત્ર માસ્તર તરીકે માનનારા તે કુધર્મનાં પ્રવર્ત્તનને રોકી શકતા નથી.

ગુરુ ગંડીયા કયા જાને ?

જે અધર્મ–કુધર્મ ફેલાવે તે પરમેશ્વરના નામે જ ફેલાવે છે, શા માટે ? 'ગુરુ ગંડીયા કયા જાને ?' એમ કોઈ ન કહી શકે. બાવાજી ચેલાને ભણાવે છે 'रामोऽब्रवीत्'। બાવાજી ગૂંચવાયા કે આનો

અર્થ શો કરવો ? ' ચેલાજી ! અબ પુસ્તક બાંધ.' એવામાં અર્થ યાદ આવ્યો. 'અરે ! બેઠ ના. અર્થ મગજમેં આ ગયા.' વાકય બોલ્યો. રામો, બાવાજીનું કાયમનું બોલવું 'राम' 'ब्रवी' સો તો સાલી સીતા, 'तू' વહ તો બોડીયા હનુમાન. સબ મિલકે અર્થ–'ટાંગ તૂટ ગઈ હૈ.'

લોકો કહે–યહ અર્થ, કીસ હિસાબસે શીખે ?

ચેલાજી કહે–ગુરુજીને શીખાયા !

લોકો કહે–' ગુરુ ગંડીયા કયા જાને ? '

તેમ પરમેશ્વરને નામે અધર્મને ફેલાવે તો પોતાને લોકો, તેવા કહી દે, અમારા ગુરુ જૂઠા, અમારા ગુરુ અવળા ચાલેલા, તેમ **ડીંડીમ** પીટાવે, તેવા આગળ રસ્તો જ નહીં.

જેઓ જગતમાં ધર્મને નામે કુધર્મ પ્રવર્તાવે છે, તેઓમાં એક પણ ' ભગવાન કયા જાને ? ' તેવો હોતો નથી. તો 'બાપદાદાના કૂવામાં ડૂબી મરવું ? ' ' બાપાદાદાએ કૂવો બોદ્યો '–એ વાકયનો અર્થ શો ? કોઇના બાપદાદા બચ્ચાંને ડૂબી મરવા કૂવો બોદે ? મા–બાપ એવી ચીજ છે કે–તેનો પલટો ન થાય. પિતા એ પિતા. જનેતા બીજી થવાની નથી, બીજાને બોળે જાવ પણ જનેતા બીજી નહીં થાય. જનયિત્રી બીજી નહીં થાય. માબાપ અપરાવર્તનીય છે.

દેવગુરુની માન્યતા લોકોને પરાવર્તનવાળી ચીજ ભલે હોય; પરંતુ જગતના સ્વભાવથી તે માન્યતા અપરાવર્તનીય ચીજ છે. પછી ' ગુરુના કૂવામાં ડૂબી મરવું ? ' તેવી વાતો કરે તેને કેવા ગણવા ? આ તો કૂવો બોદનારા પોતે ' અમારે ડૂબી મરવું ? ' તેમ બોલે છે ! અને તે વિચાર વગર મોંમાં જેમ આથે તેમ લવ્યા કરે છે. કોઇપણ ધર્મવાળો, ભલે કુધર્મ, અનીતિમય હોય છતાં ભગવાન શું જાણે ? શું સમજે ? તેમ કહેનારો ને હોય. બધા ધર્મવાળા પોતાના ધર્મને માનતા, ચલાવતા, ફેલાવતા મથાળે શું રાખે ?

જેમ ચોપડામાં ' જ——અને ઉ——' હોય તેમ દરેક ધર્મવાળા પોતનો ધર્મ, અધર્મ–અન્યાય–અનીતિવાળો હોય તો પણ

મથાળે–' ભગવાન ભલું કરશે, ભગવાનનું આમ કહેવું છે.' આમ લખશે, અને એટલા પૂરતો એ બતાવનારા પક્ષે બેસશે, પણ બનાવનારાના પક્ષમાંથી મુક્ત કયાંથી થશે ?

જેમ અભ્યાસ કરીને, પાસ થઇને સ્કૂલમાંથી નીકળેલો વિદ્યાર્થી પોતાનાં કૃત્યો માટે પોતે જ જોખમદાર–જવાબદાર છે, તેમ પરમેશ્વરના ઉપદેશને સમજનારો પોતાના વર્તન માટે પોતે જ જવાબદાર ને જોખમદાર છે. ધર્મને અંગે સાચા ધર્મને લેવા માટે, માનવા માટે જોખમદારી કોને શીર ? ધર્મ કરનારને શીર.

પરમેશ્વરને શિક્ષક કે સૂર્ય તરીકે માનીએ તો જવાબદારી–જોખમદારી ધર્મ કરનાર ઉપર રહેલી છે. આર્યપ્રજા ધર્મને કિંમતી ગણનારી છે પણ કિંમતી વસ્તુ પાછળ દરોડો પડે છે. ધર્મ કિંમતી હોવાથી ખોટા ધર્મના દરોડા હોય છે, તેથી ધર્મની પરીક્ષા કરવાની જરૂર છે.

ધર્મની પરીક્ષા કેવી રીતે કરવી ?

હવે તેની પરીક્ષા કેવી રીતે કરવી ? રૂપિયાની પરીક્ષા પથ્થર. તેની ઉપર ખખડાવ્યો એટલે તે રૂપિયો કે કલાઇ છે તે ખબર પડે. પથ્થર પક્ષપાત ન કરે. પથ્થર તો સાચો હોય તો સાચાપણું, ખોટો હોય તો ખોટાપણું દેખાડી દે. ધ્યાન રાખજો–પથ્થર પણ કલદારનો પરીક્ષક કયારે ગણાયો ? પથ્થર પણ પક્ષકાર નથી તો પરીક્ષક ગણાય છે. તેમ દુનિયામાં પણ **પરીક્ષક પક્ષકાર ન હોવો જોઇએ.** પક્ષકાર બનો પરીક્ષક બને તો પથ્થર કરતાં પણ નપાવટ ગણાય. કોઇ પ્રતિ રાગદ્વેષ નહીં તે જ પરીક્ષક બને. પથ્થર પણ રાગદ્વેષી હોય તો તે પરીક્ષક ન બની શકે.

માણસ રાગદ્વેષવાળો હોય તો તે પરીક્ષક ન બની શકે; કસોટી ઉપર ચોકસી પિત્તળ ઘસે તો કસ ન આવે. મૂર્ખો કસોટી ઉપર સોનું ઘસે તોય કસ આવે. કેમ ? પથ્થરને 'દેવદત્ત–યજ્ઞદત્ત' નથી જોવા, સાચું ને ખોટું બે જ જોવું છે. કસોટીને અગ્નિમાં ગરમ કરીને ચંદનથી

પૂજીને મૂકીએ તોપણ એ સોનાનો જ કસ આપશે, પિત્તળનો કસ નહીં આપે. પરીક્ષા માટે વ્યક્તિદ્વેષ, વ્યક્તિરાગ કામ લાગે નહીં' અને તેવાનું પરીક્ષકપણું રહે જ નહીં. તેમ ધર્મની પરીક્ષામાં કઈ કસોટી?

ત્યારે શાસ્ત્રકારો કહે છે કે–તારા હાથમાં જ કસોટી છે. દારૂડિયો કલાલની દુકાને ગયો. અરે! દારૂની વાનગી આપ. દુકાનદાર હસવા લાગ્યો. દારૂડિયો ચિડાયો. કલાલે કહ્યું કે–વાનગી શાની દેવાય? જે ચીજ કોથળે બાંધેલી હોય તેની વાનગી ન હોય. કાછિયાને ત્યાં શાકની વાનગી નથી માગતા, કેમ? ત્યાં વસ્તુ ખૂલ્લી જાહેર પડેલી હોય છે. જાહેરની વાનગી ન હોય. જો મારે ત્યાં પીઈને આ કોઈ દસ ડગલાં ઉપર ડસ થઈને પડેલો છે, તો કોઈ ૨૦–૩૦–૪૦–૧૦૦ ડગલાં પર પડેલો છે. આ દારૂ પીઈને પડેલા જોઈલે.

જેમ આ જાહેર છે, તેમ ધર્મની પરીક્ષા પ્રત્યક્ષ અને જાહેર છે. મને પૂછવાની જરૂર નથી. તે વખતે મન એવું થાય કે–જગતમાં કોઈનું પણ અહિત કરનારો ન થઉં, ને હિત કરનારો જ થઉં. આમાં વ્યકિતરાગ કે દ્વેષની ગંધ નથી. એવું મન થયું તે આ ધર્મની **પ્રથમ કસોટી**. એ પ્રકારનું મન થયું હોય તો સમજવું કે–ધર્મ અહીં છે. બીજી પરીક્ષા.

જગતમાં જે જે આત્મકલ્યાણ સાધનારા અને તેમાં આગળ વધનારા છે તે બધાની સેવા કરનારો હું થઉં, ચાહે મિત્ર કે શત્રુ હોય, સ્વ કે પરજન હોય. જે કોઈ મોક્ષમાર્ગના સાધક આત્મકલ્યાણ કરનારા, પોષનારા ને તેમાં વધનારા હોય તે બધાની સેવા કરનારો થઉં. પથ્થર કયારે પરીક્ષક બન્યો? તમારું મન પણ કયારે ખરા ધર્મનું પરીક્ષક બને? કે ખરા ધર્મમાં પ્રવર્તવાવાળું બને? કલ્યાણ સાધનારાની સેવામાં લીન રહું એમ મન થાય ત્યારે. તે છે **બીજી પરીક્ષા.**

દરેક જૈનીઓને ધ્યાનમાં છે કે–તીર્થંકર ભગવાન મુખ્યતાએ દેવલોકથી ચ્યવી માતાની કૂખમાં આવી રહે, તે વખતે ભાષા કે તેની પર્યાપ્તિ કે યોગ ન હોય, મન કે તેની પર્યાપ્તિ કે યોગ ન હોય, કાયા પણ ઠેકાણા વગરની હોય, તે વખતે ય ૬૪ ઇન્દ્રોનાં આસન

ચલાયમાન થાય ! ૬૪ ઈન્દ્રો સિંહાસનથી ઉતરી પડે અને એકી ઝાળે, એક સરખી રીતે નમુત્થુણં કહીને સ્તુતિ કરે, તે કયા જોરે ? શરીરના જોરે. શરીર, વચન, મનપર્યાપ્તિ નથી, તો પછી કોના જોરે ? એક જ જોર. કયું ? અનેક ભવોમાં જીવન જગતના હિત માટે અર્પણ કર્યું, તેનો પ્રભાવ-**भावितभवो भवेष्वनेकेषु०**

‘કોઇના પણ હિતમાં આડો ન આવું’ તે ઉપર ચંડપ્રદ્યોતનનું દૃષ્ટાંત.

તમામ માલ-મિલકત-કુટુમ્બ-જીવનથી નિઃસ્પૃહ થઈ જીવનનો ત્યાગ કર્યો. આવી રીતનો ત્યાગ, જીવોનું હિત જ થાય, એ કલ્પનાએ કર્યો. એને અંગે અનેક જીવનોમાં પોતાનું જીવન વેરી નાખ્યું-સમર્પિત કરી દીધું ! જે પરજીવોના હિતને અર્થે દેશ, ગામ, કુટુમ્બ, રિદ્ધિ, ત્યાગ, યાવત્ શરીરસ્પૃહાનો પણ ત્યાગ કર્યો; તે કેટલા બધા ઉચ્ચ કોટીના કહેવાય ? તે ગર્ભમાં આવે કે તરત ૬૪ ઈન્દ્રોનાં આસનો ડોલાયમાન થાય અને નીચે ઉતરી શક્રસ્તવ ભણે. તે શાનો પ્રભાવ ? તે છે જગતના હિત-ચિંતવનનો પ્રભાવ.

આપણું મનની પરીક્ષા કરવી હોય તો પહેલી હિત-ચિંતવન દ્વારા પરીક્ષા કરો કે તું આખા જગતનાં જીવનું હિત કરવા તૈયાર થયો છે ? જગતના જીવોનું હિત કરવાની વાતો નક્કી થાય તો ચાહે શત્રુ હોય તો પણ તેનું અહિત ન જ કરવું, એ નક્કી કરવું. તેને હિતની પ્રાપ્તિમાં જ સહાયક બનવું, તેને આડો ન આવું.

આ પહેલી પરીક્ષા કેવી કપરી છે ? તે માટે અહીં એક દૃષ્ટાંત આપું છું.—કોસંબી નગરીમાં શતાનિક રાજા છે. રાણી મૃગાવતી છે. તે અદ્ભુત રૂપવંતી છે. જેનું રૂપ સાંભળી માલવાધિપતિ ચંડ-પ્રદ્યોતન રાજા વિહ્વલ બન્યો. લાજ છોડી મૃગાવતી રાણીની માગણી કરી ! ‘વહુ’ કે ‘મા’નાં માગણું ન હોય, બેન-બેટીનાં હોય. લાજ-મર્યાદા છોડી માંગણી કરી. ૧૮ દેશના માલિકને રાણી મોકલાવવા કહેવડાવે છે. કહેણ કેવું છે ? જેનો ઉત્તર ‘ના’માં જ આવવાનો છે.

શતાનિકે કહેવડાવ્યું કે–'રાજા થયો તે નીતિ–અનીતિને ન જાણે? પણ ઘુવડ દિવસે આંધળા, કેટલાક રાતાંધ રાત્રે ન દેખે પણ કેટલાક એવા હોય કે રાતે કે દિવસે કયારેય ન દેખે, કામાંધ–રાતે ને દિવસે પણ ન દેખે! તેમ–ચંડ–પ્રદ્યોતન કામાંધ થએલો છે. બસ કહેવડાવ્યું કે–તું ના કહે છે? મારી ઈચ્છાને ના પાડનારો તું કોણ?' મિત્ર અને તાબેદાર રાજાઓને ભેગા કર્યા. **દુનિયામાં જયાં પક્ષ આવ્યો ત્યાં ન્યાય–અન્યાય નહીં જોતાં પક્ષગીરી જ જોવાય છે.** સામાન્યે જનતામાં અને વિશેષે કરી રાજામાં અન્યાયને ન્યાય માનવામાં પણ વાંધો આવતો નથી!

૧૪ની લડાઈમાં ખૂનીના પણ કેટલાક પક્ષકાર બન્યા હતા. ઓસ્ટ્રેલિયાના શાહજાદાના ખૂનમાં લડાઇ થઇ, તેમાં ઓસ્ટ્રેલિયાના રાજાને ન્યાય આપવાના પક્ષમાં જ સહુને ઊભા રહેવું ઘટે પણ **આધીનતા હોય, બંધનો હોય ત્યાં ન્યાયાન્યાયને અવકાશ નથી.** તેમ ચંડપ્રદ્યોતને પારકી રાણી પડાવી લેવા તૈયાર કરી. તે વખતે આધીન રાજાઓને તેની સાથે લડાઇ કરવા નીકળવું પડયું. ૧૪ મુગટબદ્ધ રાજાઓને ચંડ પ્રદ્યોતન સાથે વત્સદેશમાં લડવા આવવું પડયું.

મગજમાં વિચારો! કઈ સ્થિતિ? અન્યાયનો રાફડો ફાટવામાં કંઈ બાકી રહે છે? ચડયા, વત્સદેશે આવ્યા. શતાનિકમાં તેઓની સામે લડી લેવા જેટલી તાકાત હતી નહીં. તેથી તેને ભય લાગ્યો. અને તેને અતિસાર થયો.

રાતોરાત શતાનિક કાળ કરી ગયો. હવે મૃગાવતી, મહારાજા ચેડાની પુત્રી, સતીમાં શિરોમણી, તેણીએ દેખ્યું કે મારો માલિક ગયો. આવા હુમલા વખતે રાણી નિરાધાર છે.

લૌકિક નીતિમાં કહેવાય છે કે 'તેઓ ખરેખર મૂર્ખા છે, જે પરાભવ પામવા સરજાએલા છે' કોણ? સામો પ્રપંચ કરે. તેનો પ્રપંચ જેઓ પ્રપંચથી તોડી નાખે નહિ–તે પ્રપંચીનો પ્રપંચ પ્રપંચથી તોડી ન નાખે તો તે બધું જ ગૂમાવે તેમ નીતિકાર કહે છે. બીજાએ કરેલા પ્રપંચો પ્રપંચોથી તોડી ન નાખે તો પોતાના જીવનને તોડી

નાંખે, તે વચન મૃગાવતીને લેવું પડ્યું નિરાધાર મૃગાવતીએ દૂત મારફત ચંડપ્રદ્યોતનને કહેવડાવ્યું : સ્વામી ગયા. હવે તમારો જ આધાર છે.

ચંડપ્રદ્યોતનને થયું કે વગર યુદ્ધ જોઇતું સામું આવી મળી ગયું તેથી તેને સંતોષ થયો. પછી બીજો દૂત મોકલ્યો કે ' કુંવર બાલક રાજા છે, તેનાં રક્ષણના વિચારમાં છું. તમને રક્ષણનો વિચાર સૂઝે છે? હવે ચંડપ્રદ્યોતનની છાતીમાં કેટલો સંતોષ થાય?

તેણે મૃગાવતીને કહેવડાવ્યું કે ' ફીકર કરો નહિ, હું બેઠો છું

મૃગાવતીએ કહેડાવ્યું કે " પણ તમે ઉજ્જૈનીમાં' હું કોસંબીમાં! આ સ્થિતિમાં મારી નગરીનું શું થાય? માટે (૧) કિલ્લો કરો, (૨) કોઠાર ભરો ને (૩) કોષ (ભંડાર) ભરભૂર કરો. ૧૪ મુગટબદ્ધ રાજા વિરુદ્ધ થઈ આવે તોપણ ન પડે તેવો કોટ, તેટલું અનાજ. તેટલો ખજાનો ભરો."

ત્રણે માગણી ચંડપ્રદ્યોતને પૂર્ણ કરી ઉજ્જૈનીથી ઇંટો મંગાવી, કોટ કર્યો. ત્યાંથી માલ મંગાવી કોઠાર ભરાવી દીધો અને તેને ખજાનો પણ ભરી દીધો. હવે બધું રક્ષણ તૈયાર થઈ ગયું. હવે મૃગાવતી ચંડપ્રદ્યોતનને દૂત દ્વારા કહે છે કે–' હવે ઉજ્જૈન પધારો, મને કંઈપણ કારણ હશે તો જણાવીશ.'

ચંડપ્રદ્યોતને મૃગાવતીના કોટ, કોઠાર, હાષ કર્યા–ત્રણે તૈયાર કર્યા તે ઉજ્જૈન પાછા સીધાવવા માટે નથી કર્યા. મૃગાવતીને લઈ જવા કર્યા અને ભર્યા હતા. હવે આવો સંદેશ આવ્યો એટલે ચંડપ્રદ્યોતનને શું થાય? મૃગાવતીએ નાક કાપ્યું તો કાપ્યું પણ કાપીને હાથમાં આપ્યું. તેને થયું કે–રાંડ જાતે મને ઠગ્યો. ૧૪ રાજાની સમક્ષ એને આંગણે ઠગ્યો. હવે અંદરના દ્વેષનો પાર રહે ખરો? માલ લીધો, મતા લીધી, અંતે તાળી આપી દીધી. કહો, કેટલી દાઝ ચડે? ઠગાઇમાં કોઈ બાકી રહી?

આ સ્થિતિમાં ચંડપ્રદ્યોતન પાછો જાય તો દુનિયામાં કેટલો ફીટકાર! કેમ મૃગાવતીને લઈ આવ્યાને! શેરીનું છીનાળું શેરીવાળા જાણે, પણ આ તો દેશોદેશનું છીનાળું! જેટલી જગ્યા એ જાહેરાત તેટલી જગ્યાએ પણ નાકકટ્ટી.

ચંડપ્રદ્યોતને ચારે બાજુથી ઘેરો ઘાલ્યો. મૃગાવતીને તે વખતે શું થાય ? એવામાં મહાવીર ભગવાન ત્યાં સમોસર્યા. મૃગાવતીને ખબર મળ્યા. દરવાજા ખોલ્યા ને મૃગાવતીજી સપરિવાર બહાર નીકળ્યા. ચંડપ્રદ્યોતનને વાત પહોંચાડી કે મૃગાવતી સમોસરણમાં જાય છે. ચંડપ્રદ્યોતન પણ શ્રાવક રાજા છે, તેથી વિચારે છે કે–'અત્યારે તો મૃગાવતી આત્માનું હિત કરવા જાય છે, તેમાં આડા ન પડાય.' નાક કાપીને હાથમાં આપ્યું છે, તેવી તે મૃગાવતીને દેખતાં છતાં તેને અડકાયું નહીં.

ચંડપ્રદ્યોતન પણ દેશના સાંભળવા સમોસરણમાં આવ્યો. મૃગાવતીને તો દેશના સાંભળી દીક્ષા લેવી છે. દેશના સાંભળ્યા બાદ મૃગાવતીએ ઊભા થઈ પ્રભુને કહ્યું–ભગવાન! આ ચંડપ્રદ્યોતનની રજા માગું છું મારે દીક્ષા લેવી છે, હું ચંડપ્રદ્યોતનની રજા માગું છું.

વિચારો, આ સાંભળીને હવે ચંડપ્રદ્યોતનના મનમાં શી સ્થિતિ હશે ? કેવો–પ્રેમ–દ્વેષ ? કેવી સ્થિતિ ? છતાં એ વિચાર આવ્યો કે–દીક્ષા લેતાં કેમ રોકાય ? તેનું હિત થતું હોય તેમાં આડા ન અવાય. તેણે ત્યાં ને ત્યાં મૃગાવતીને રજા આપી. મૃગાવતીએ દીક્ષા લીધી. બીજાનું હિત થતું હોય તેમાં સામેલ થવું, બીજાનું અહિત થાય તેમાં ભાગ ન લેવો, એવું તમારા મનમાં થાય છે ? આ કામાંધપણું હતું. જેને માટે ૧૪ દેશોની લજ્જા છોડી આ બધું કર્યું છે, તે પલટી ગઈ ! તે વખતે દ્વેષમાં પણ બાકી નથી. તેવા વખતે તે રાજાના દિલમાં તેણીના હિતનો પ્રસંગ આવ્યો ! તે વખતે તેને વિષયાદિ કશાનો સંબંધ રહ્યો નથી ! આમ તમારો આત્મા ધર્મમાં ગયો છે કે નહિ ? તેની પરીક્ષા મનની કસોટીએ કરી શકો છો. **ગુણવાનનાં ચરણકમળની રજ બનાય એટલે ધર્મ.** એ મૃગાવતીને નમીને ચંડપ્રદ્યોતન ગયો. ગુણવાન થઈ ત્યાં હાથ જોડ્યા.

મોક્ષમાર્ગે ચાલનારો હોય તેવાની સેવા કરવા અને કોઈપણ જીવના દુઃખને ટાળવા માટે તૈયાર થાય ત્યારે **ત્રીજી કસોટી.** રાગદ્વેષનો પ્રસંગ આવે ત્યારે તે વખતે મૌન રહું–ઉપેક્ષા કરું. ત્યારે **ચોથી કસોટી.** આમ ચાર કસોટીએ પસાર થયેલું ચિત્ત અને તેવી ક્રિયા તે ધર્મ. હવે તે શાથી ? વિરોધ વગરનાં શાસ્ત્રવચનો દ્વારા એમ અવિરુદ્ધ કહ્યા પ્રમાણે પ્રવર્ત્તતી ભાવના, તે યુકત ધર્મ તે જ ધર્મ કહેવાય.

સાહિત્યનું સાધ્ય

દેશના ૧૬

[૨૦૦૦. ફા. વ. ૧૨. જાહેર વ્યાખ્યાન. વીકુલવાડી–નાણાવટ, સૂરત.]

मज्जत्यज्ञःकिलाज्ञाने, बीष्टायामिव शूकरः
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥

'સાહિત્ય' શબ્દની વ્યાખ્યા.

મહાનુભાવો ! આજનો વિષય '**સાહિત્યનું સાધ્ય**' શું ? એ રાખ્યો છે. સહેજે સમજાશે કે–સાધ્ય શી શી ચીજ છે તે ન સમજાય, સાહિત્ય અને સાધ્યનું સ્વરૂપ ન સમજાય, ત્યાંસુધી સાહિત્યનું સાધ્ય શું એ વિષય આપણે સમજી શકીએ નહીં, માટે સાહિત્યનું સ્વરૂપ–સાધ્યનું સ્વરૂપ સમજી પછી સાહિત્યનું સાધ્ય સમજવાની જરુર રહે. 'સાહિત્ય' શબ્દ પ્રચલિત થયો છે. સાહિત્ય શબ્દથી સાક્ષર-વર્ગ અજાણ્યો નથી, પણ જેવી રીતે સાહિત્ય શબ્દ, સાક્ષર માત્રમાં પ્રસિદ્ધ છે, તેવી રીતે સાહિત્યનો અર્થ તે તે–વ્યુત્પત્તિ ઘણા થોડા સાક્ષરોના ધ્યાનમાં હોય છે.

'**સાહિત્ય**' શબ્દ સંસ્કૃત કઈ રીતે બન્યો ? વ્યાકરણનો ખ્યાલ હશે. સંધાન કરે તેનું નામ '**સંહિત**' જેવો શબ્દ બને તેવો જ વ્યાકરણના નિયમે–સૂત્રના નિયમે તે શબ્દમાંના સમ્ નો મ્ ઊડી જાય, તેથી '**સાહિત્ય**' બની શકે; અને સહિત=રચના તેનો ભાવ તે **સાહિત્ય**. રચના દરેક મતવાળા કરે છે જેને શાસ્ત્ર કહીએ છીએ. **शास्त्रं दर्शनं कश्चित्** ' કોઇપણ મત શાસ્ત્રો વગર હોતો નથી. નાસ્તિકો –દેવ ગુરુ ધર્મને ન માનતા હોય, તેઓને પણ શાસ્ત્રો પોતાના મતનાં કહેલાં માનવા જ પડે છે અર્થાત્ નાસ્તિકો પણ શાસ્ત્રથી દૂર નથી. શાસ્ત્રથી વિમુખ રહી કોઇપણ દર્શન–મત–ધર્મ ઉત્પન્ન થઈ શકતો નથી, ચાલતો નથી, વધતો નથી. દરેક મતમાં, દર્શનમાં, ધર્મમાં શાસ્ત્રને સ્થાન આપવામાં આવેલું છે. શાસ્ત્રને દરેક દર્શનવાળા માને છે.

શાસ્ત્ર એ જ સાહિત્ય. સાહિત્ય એ નામ એટલા માટે આપેલું છે, કે શાસ્ત્રોનાં નામો જુદાં જુદાં છે. કોઇકે આગમ, કોઈક પુરાણ, વેદ, કુરાન, બાઇબલ, ગ્રંથ સંજ્ઞા આપી. દરેક મતવાળાઓએ પોત-પોતાના શાસ્ત્રોની રુઢિથી જુદી સંજ્ઞા આપી. સાહિત્ય શબ્દ દરેક મતને લાગુ પડનારો છે. કોઇપણ શાસ્ત્ર, રચના કર્યા વગર થતું નથી.

વિદ્વાનોને જે વિવક્ષા રાખી હોય તે પ્રગટ કરવા માટે જે શબ્દો બોલવા પડે, તેની રચના કરવી પડે તે **શાસ્ત્રસંધાન.** પૂર્વાપર=ભાવોનું સંધાન કરવું, વિવક્ષિત શબ્દોને ગોઠવી, તેનું સાધન, તેનો હેતુ, તેનું નામ સાહિત્ય. તે પછી આસ્તિક-નાસ્તિક, હિન્દુ-મુસલમાનના મતને પોષણ કરનારું હોય, ચાહે તે ધર્મનું પોષણ કરનાર હોય. તે બધાનો સમાવેશ સાહિત્ય શબ્દમાં થાય છે.

તમામ રચનાઓનો જેમાં સમાવેશ કરીએ તે સાહિત્ય, આગમથી જૈનોના શાસ્ત્રોની રચના આવે, તેવી જ રીતે વૈદાંતિકો આદિથી વેદ, બાઇબલ, કુરાન આવે. સાહિત્ય શબ્દ એવો કે જેમાં બધાનો સમાવેશ થાય. કોઇપણ શાસ્ત્ર છૂટું પડી શકે તેમ નથી.

તે અપેક્ષાએ વિચારીએ તો એક વાત ધ્યાનમાં રાખવાની છે કે-દરેક સાક્ષરવર્ગે સાહિત્યના રસિક થવાની જરૂર છે. સ્વસિદ્ધાંતને જાણનાર થાય તો જ સર્વ સિદ્ધાંતના જાણનાર થઈ શકે. પોતાને સુંદર લાગે તે ગ્રહણ કરી શકે. છોડવાનું ને ગ્રહણ કરવાનું કયારે બને? પદાર્થ જાણે, છોડવા લાયક સમજે, ને છોડે, આદરવા લાયક સમજે ને આદરે.

આ જ કારણથી પ્રવૃત્તિ ને નિવૃત્તિ કરતાં જ્ઞાનની વ્યાપકતા માની છે. જાણ્યા વગરની પ્રવૃત્તિને નિવૃત્તિ, એ ઘેલીનું પેરણું છે. પહેરે ત્યારે સાત પહેરે, નહીંતર ઉઘાડી ફરે. કેટલીક વખત સાત શુભ પ્રવૃત્તિ થાય, કેટલીક વખત એકે શુભ પ્રવૃત્તિ ન થાય. જાણ્યા વગર પ્રવૃત્તિ કરનાર કયાં પ્રવૃત્તિ-નિવૃત્તિ કરે, તેનો પત્તો નથી; માટે પ્રવૃત્તિ કરનાર, નિવૃત્તિ કરનાર-બન્નેને જાણવાની જરૂર રહે છે. તે માટે શાસ્ત્ર કહે છે કે 'जं तं पि सिखियव्वं' જે તે પણ શીખવું

જોઇએ. **શીખેલું નકામું ન જાય.** અપઠિત-અજ્ઞાન શુ કરવાનો? આંધળો એ માત્ર આંખે આંધળો, પણ અજ્ઞાન, એ બધી ઇન્દ્રિયોથી જાણનાર છતાં આત્માથી આંધળો છે. **અજ્ઞાની સર્વથી આંધળો.** એ ફળને મેળવી શકે નહીં, ફળ જાણી શકે નહીં. સાહિત્ય વહાલું ન ગણતો હોય તે મનુષ્ય, હિતની પ્રવૃત્તિ-અહિતની નિવૃત્તિ માટે તૈયાર થઇ શકે નહીં; માટે જે તે પણ શીખવું તે ઉપર દ્રષ્ટાંત આપે છે-

યવર્ષિની કથા

એક રાજા જબરજસ્ત બળ-કળવાળો છે. અનેક ધારણાવાળો છે. અક્કલને જ અવકાશ છે, તે કરતાં સંપત્તિને ઘણો અવકાશ છે. મોટા મોટા રાજ્યોને સંપત્તિની લાલચો આપી દબાવી શકીએ છીએ-ફોડી શકીએ છીએ, યોદ્ધા સેનાપતિઓને ફોડી શકીએ છીએ. જ્યારે અક્કલ એ દુનિયાને દેખાડવાની ચીજ છે. વૈજ્ઞાનિકો, ઉદ્યમીઓ બધા સંપત્તિ આગળ પાણી ભરે છે.

ઇતિહાસના ખ્યાલવાળા જાણતા હશે કે-૧૪ની લડાઇમાં વૈજ્ઞાનિકોએ-ઉદ્યમીએ કે સંપત્તિએ વિજય મેળવ્યો? આ વાત રાજાના ખ્યાલમાં હોવાથી એ ચાલ્યો ગયો. એને એમ થયું કે-કેવળ સંપત્તિ જેમ બને તેમ મેળવવી અને સત્તા જમાવવી. રાજાને કોઇક વખત વિચાર આવ્યો કે-સત્તા ચલાવીએ છીએ પણ જે સત્તામાં ડખલગીરીનો ઉપાય ન હોય-ડખલગીરી ન ચાલી શકે, તે સત્તાની કિંમત શી?

મારી પ્રજામાં કોઇકને કોઇ ધોલ મારે તો તેને કેદ કરું, પણ મારી પ્રજામાં કોઇ મરી જાય તેનો ઉપાય નહીં. કોઇ કોઇનો એક દાંત પાડે તો કેદ કરું, પણ અવસ્થાથી ઉર દાંત પડી જાય તેનો ઉપાય નહીં. આખા અવયવો સડી જાય, ભાંગી જાય તેમાં મારો કંઇ ઉપાય નહીં. યાવત્ મારી પ્રજામાં કોઇ વધ કરે તેને ફાંસી દઉં અને મારી પ્રજાના સેંકડો મરે તે જોયા કરું. તેનો અર્થ શો? ધોલમાં સજા કરું, એક દાંતમાં સજા કરું. એકને મારે તેને સજા કરું. તે જગ્યા પર કોઇ રિબાય, કોઇને કોઇ રિબાવે તેના પર મારું જોર નહીં. બધાં દાંત પાડી નાખે, સેંકડો પ્રજાજનોને મારી નાખે, તે ઉપર મારું જોર નહીં; તો હું રાજા શાનો?

દુનિયાની દૃષ્ટિએ ન્યાયથી કે અન્યાયથી, બીજી સત્તાની ડખલગીરીઓ સત્તાધીશોથી સહન થાય નહીં. બીજાની ડખલગીરી ન્યાયની કે અન્યાયની હોય પરંતુ તેને સહન કરી જેઓ ચલાવી લે, ઉપેક્ષા કરે તેઓ સત્તા ચલાવવાને લાયક નથી. આવી સ્થિતિ છે. તો જે દેશમાં પ્રજા ઉપર સત્તા ચલાવું તેમાં ડખલગીરી કરનાર કોણ? આ કર્મસત્તા માનવામાં આવી છે. તે કર્મસત્તા દરેક આશ્રમને અંગે ડખલગીરી કરે છે.

ડખલગીરી કોઇ સત્તાથી રોકી શકાતી નથી. તેવી ડખલગીરી કરનાર સત્તા કામની શી? માટે મારે આ ન જોઈએ. આવા વિચારથી તે રાજા રાજ્ય છોડી ત્યાગી થયો; પણ પેલું મગજનું ભૂંસું હજુ એમ ને એમ છે, કે–અક્કલ ઉપયોગી ચીજ નથી, સત્તા ને સંપત્તિ સિવાય દુનિયામાં બીજું ઉપયોગી નથી, એ મગજનું ભૂંસું ભૂંસાયું નહીં, પાપકર્મને તોડવા સંયમમાં કેટલાંય વર્ષો ગયાં. ગુરુએ દેખ્યું કે–હજુ આ સત્તામાં મગરુર છે. તેને કહેવું શું? સત્તાના મદમાં ચકેલો એ મનુષ્ય શું સાંભળે? તેને અભ્યાસમાં જોડવો. ગુરુમહારાજ જ્ઞાની હતા. તેઓએ એકદા તે રાજર્ષિને કહ્યું કે–"જુઓ, તમે જેની સત્તા તોડવા માટે નીકળ્યા છો, તેની સત્તા તમે એકલા તોડો ને ફરજંદો–તમારાં બાળકો ન તોડે, તેમાં તમને જશ કે અપજશ? માટે તમારા રાજ્યમાં જાવ. તમારા ફરજંદો, સંબંધીઓ છે તેમને પણ કર્મની સત્તા તોડવા માટે તૈયાર કરો."

લાકડું હોવા છતાં ચંદનનું લાકડું નજીકવાળાને સુગંધ આપે. છેટેવાળાને ભલે ન આપે; 'નજીકના સગાંને કર્મસત્તા તોડવા પ્રયત્ન કરાવો." ગુરુનો હુકમ થયો.

રાજર્ષિએ વિચાર્યું કે ત્યાં જઉં, પણ સમજાવવું શી રીતે? સત્તા અને સંપત્તિ જમાવટમાં કામ લાગે; પણ સમજાવટમાં કામ ન લાગે. સત્તા દબાવવામાં કામ લાગે, સંપત્તિ ફોડવામાં કામ લાગે, પણ સમજાવટમાં કામ ન લાગે. હવે હું ત્યાં જઈને શું કરીશ? છતાં ગુરુનો હુકમ, તેથી જઉં છું. હું અત્યારે સત્તાવાળો અને સંપત્તિવાળો નથી, તેમ સમજાવટમાં ય મારું કામ નહીં. એ ચિંતામાં તે

પોતાના મૂળ નગરે જાય છે. માર્ગમાં કોઈ એક ગામ કુંભારને ઘેર ઉતર્યા છે. તેને ઘેર નાના ઉંદરડાઓ છે. દરમાંથી નીકળી અહીંથી તહીં દોડાદોડ કરે ને કુંભારને જોઈ દરમાં પેસી જાય.

सुकुमालकोमलभद्दलया तुम्हे रत्तिहिंडणसीलणया ।
अम्हे पत्ताओ नत्थि ते भयं दोहपिट्ठाओ तुम्ह भयं ॥

સુકોમળ ઉંદરની જાત, તેમાં ય નાના ઉંદરો એટલે કોમળતા વધારે, ભદ્રિકતા વધારે. આ સ્થિતિમાં જાતિના સંસ્કારને લીધે રાતે દર છોડી આમતેમ ફરવાની ટેવવાળા ઉંદરનું જોર રાતે જ, પરંતુ કુંભાર તે બચ્ચાને કહે છે કે–'હું તને મારવાવાળો નથી. મારાથી તને ભય નથી; પરંતુ આ વેરાન જેવું ઘર છે, તેમાંથી જો સાપ–નાગ નીકળ્યો તો તેનાથી તને નુકશાન થશે, માટે દરમાં પેસી જા.' કુંભાર આટલો સમજુ ! શાથી? તે સાહિત્યશોખીન હોવાથી આ કહે છે. તે સાહિત્ય શોખીન હોવાથી આ ગાથા કહે છે.

રાજર્ષિ વિચારે છે કે–કુંભાર આટલી રચના કરે ને હું કંઈ ન જાણું ? એ જ ગાથા મોઢે કરી. ત્યાંથી આગળ ચાલ્યા, ખેતર આવ્યું ખેતરમાં જવ વાવેલા છે. બરાબર ઉગેલા છે. એટલે ગધેડાની જાત તે ખેતરને આમતેમ જુએ છે. તે જોઈ ખેડૂત બોલ્યો.

'ओहावसि पेहावसि ममं चेव निरिक्खसि ॥
लक्खिओ ते अभिप्पाओ जवं भक्खेसि गद्दहा ॥

કહે છે કે–'આમનો જાય છે તેમનો જાય છે, પણ તારો વિચાર જાણ્યો; તું આ જવને અંગે લાગણીવાળો થયો છે.'

આ સાંભળીને રાજર્ષિને થયું કે–ખેડૂત આટલી રચના કરવાવાળો ! સાહિત્યનો શોખીન કુંભાર ! એ પદ્ય પણ રાજર્ષિએ મોઢે કર્યું. કુંભાર અને ખેડૂત આવા શોખીન ! રાજર્ષિ આગળ ચાલ્યા. છોકરાં મોયદાંડીએ રમી રહ્યા છે. ત્યાં મોય ઉછળી ખાડામાં પડી કે કૂવામાં પડી ! છોકરા ચારે બાજુ દોડી વળ્યા; પણ ક્યાંયથી ન મળી એટલે

'अओ गया तओ गया' न इज्जन्ति न दीसइ ।
अम्हे न दिट्ठा तुम्हे न दिठा 'अगडे छुढा अणोल्लिया.' ॥

આમ ગાથાઓ ગોખતાગોખતા છોકરાઓ ગામમાં ગયા. રાજર્ષિએ તે ગાથા પણ સાંભળી અને મોઢે કરી ! હવે અહીં શું બન્યું ? એ રાજાનું નામ છે **યવર્ષિ**.–સત્તા સંપત્તિના મદવાળો છે, રાજઋષિ (મુનિ) થયો છે. તે યવર્ષિ છે, એના છોકરાનું નામ ગર્દભીલ્લ, પ્રધાનનું નામ દીર્ઘપૃષ્ટ, છોકરીનું નામ અણેાલિકા. દીક્ષા લીધી ત્યારે કુમાર ગર્દભિલ્લ નાનો હોવાથી કુમારને સંભાળવાનું કામ તે યવરાજાએ દીર્ઘપૃષ્ટને ભળાવેલ.

હવે રાજાએ દીક્ષા લીધી એટલે પાછળથી પ્રધાને પ્રપંચ કરીને વિચાર્યું કે, કુંવરને મારું અને કુંવરી અણેાલકાને મારા છોકરા સાથે પરણાવી મારા છોકરાને રાજગાદીએ બેસાડું. યવરાજાના ઘર જમાઈ તરીકે છોકરાને જ રાજગાદીએ બેસાડું. આ વિચારથી પ્રધાને અણેાલિકાને ઉપાડી પોતાના ઘર નીચેના ભોંયરામાં છૂપાવી દીધી. હવે પેલેા ગર્દભિલ્લ કુંવરે (રાજા) પોતાની તે બ્હેનની ચારે બાજુ તપાસ કરવા લાગ્યેા છતાં તેનેા પત્તો ન મળ્યેા.

પ્રધાનનેા પ્રપંચ

તેવામાં ગુરુની આજ્ઞા પામી વિહાર કરતા તે યવરાજર્ષિ ત્યાં આવે છે, તે વાત સાંભળી પ્રધાને વિચાર્યું કે–રાજા જ્ઞાની થયા છે. રાજા મારા પ્રપંચની હકીકત જાણ્યા વગર રહેશે નહીં. જવર્ષિ વાત ફોડશે તેા મારું મેાત થશે. કર્મચારીઓ પોતાના રક્ષણ માટે શંકાશીલ હેાય. ચેાવીશે કલાક મન ડંખેલું જ રહે. તેના અંતઃકરણમાં શાંતિનું સ્થાન ન હેાય. હવે શું કરવું ! આવનાર બાપ છે. હેરાન થનાર કુંવર છે. પ્રશ્ન છોકરીનેા કરશે 'હવે તેમાં આડું શી રીતે થવાય ! 'પૂછશેા નહીં,' એમ કુંવરને કહેવાય નહીં.

કર્મચારીઓ કુટીલતામાં એટલા વધેલા હેાય કે જ્યાં કાંકરેા હોય ત્યાં વહાણ ચલાવે. પેલા પ્રધાને ગર્દભીલ્લને ભરમાવ્યેા. " મહારાજા, આપનું લૂણ ખાધું છે ને ખાઉં છું. આપનેા વાળ વાંકેા થાય તેા મારેા પ્રાણ જાય. એટલે આપના હિત માટે, આપત્તિમાં ન આવી પડેા તે માટે એક વાત કહું છું. આપના બાપ મુનિ અહીં આવે છે. તે ત્યાગીપણું

પાળી શકયા નથી. તેમને રાજ્યની ઈચ્છા થઈ છે. સત્તાના મોહથી પાછા આવે છે. તે સત્તા લેશે એટલે દરબારી મંડળ તમારું નહીં રહે."

ધ્યાન દેશો કે–આવતા યવર્ષિમાં ત્યાગના તિરસ્કારને, સત્તાના લોભને સ્થાન નથી; છતાં કુટીલ કર્મચારીએ તે ત્યાગીને માટે એવું ચોકકું ગોઠવ્યું, કે–" આવે છે તે સત્તા માટે તૈયાર થશે તો રાજ્ય-મંડળ તેના પક્ષમાં જશે, તો તમારી ભૂંડી વલે થશે, તેથી મારું કાળજું કંપે છે." અહીં દાનત શી છે કે ગર્દભીલ્લે દેખ્યું કે–આમ બને કે ન બને પણ કુંવરે સીધું જણાવ્યું કે–"મારું સેવકપણું, એમનું સેવ્યપણું. આ જીવન સ્થિર રહ્યું છે; ને રહેશે. એ સત્તાને ન લેતા હોય તો હું અર્પણ કરું છું. હું એની સેવા માટે જિંદગીભર તૈયાર છું." હવે કર્મચારીના કાંટા બુઠ્ઠા થયા.

તેવામાં તે ગામે રાજર્ષિ આવ્યા. કુમાર વિચારે છે કે-પિતા રાજર્ષિ આવ્યા છે. જ્ઞાની થયા હશે, એટલે મારી બેનનું શું ? વગેરે તેમને પૂછી નિર્ણય કરીશ. ગુપ્ત રીતે તપાસવા તો દે કે–તે જ્ઞાની થઈ આવ્યા છે કે સત્તા લેવા આવ્યા છે?" ઋષિ ઉતર્યા હતા તે ઘરના બારણા પાછળ રાત્રે કુંવર ગુપ્ત રીતે ઊભો રહ્યો.

હવે ત્યાં યવર્ષિનાં મનમાં એ કે સવારે છોકરો ઠાઠથી આવશે તેને ઉપદેશમાં શું કહીશ ? મને તો કાંઈ આવડતું નથી માટે ત્રણ ગાથાઓ મળી છે તેને પકડી રાખું. ગર્દભીલ્લ આવ્યો. ત્યાં અંધારી રાતમાં યવર્ષિ બોલે છે : 'ઓહાવસિ પેહાવસિ' આમ ને તેમ જાય છે, ને મને જ દેખે છે. તારો વિચાર મેં જાણ્યો. હે ગર્દભ ! તું જવની તરફ જવાની ઈચ્છા રાખે છે.' ત્યાં છોકરાને થયું કે બાપા જબરા જ્ઞાની થઈ આવ્યા છે. રાત્રે એકલો આવ્યો છું. અંધારી રાતમાં તેમને ખબર પડી, મારો અભિપ્રાય જાણ્યો–વિચાર જાણ્યો કે તું ગર્દભીલ્લ છે અને યવરાજાને જુએ છે.

ગર્દભીલ્લ વિચારે છે કે–હું આવ્યો તે તો જાણી ગયા, પરંતુ મારી બેનનું શું થયું ? તે કહે તો જ્ઞાની જાણું. તેવામાં યવરાજર્ષિ બોલ્યા; **अओ गया तओ गया** અહીં ગઈ, તહીં ગઈ, ચારે બાજુ તપાસ કરી છતાં ખબર ન પડી, અમને રસ્તામાં ન મળી તેનું

કારણ ભોંયરામાં સંતાડી છે.' અ હો હો ! બાપાજી મારા કેવા જ્ઞાની ! મનની વાત જાણી ! હવે કયા ભોંયરામાં ? અને ત્યાં મારી બેનનું શું થાય ? કોણે સંતાડી તે શી રીતે ખબર પડે ?

એવામાં યવર્ષિ બોલ્યા **સુકુમાલ કોમલ** અરે ! અત્યંત કોમળ રાજકુમાર, અરે–ભદ્રિક ! રાતે તને ભડકવાની ટેવ પડી છે. (પ્રધાને તને ભરમાવ્યો છે કે–તારો પિતા યવર્ષિ ત્યાગને વોસિરાવવા માગે છે તેથી તને સોંપેલ રાજસત્તા પાછી લેવા માગે છે !) પણ અમારી તરફથી તને ભય નથી, પરંતુ દીર્ઘપૃષ્ઠ પ્રધાન તરફથી ભય છે !' આ સાંભળી કુમાર ગૂપચૂપ પાછો ફર્યો. પ્રધાનના મહેલની ચારે બાજુ ચોકી મૂકી અંદર તપાસતાં ભોંયરામાંથી કન્યા નીકળી !

વિચારો, હવે યવર્ષિ જ્ઞાની હોવાની પ્રતીતિમાં–ભરોસામાં કુમારને લેશમાત્ર શંકા, રહી? સવારે સામૈયાના ઠાઠથી કુંવર નમતો આવ્યો, અને 'સાહેબ ! આપનું જ્ઞાન અગાધ ! અમારા ઉપર અનહદ ઉપકાર કર્યો !' આમ આશ્ચર્ય પામી બોલવા લાગ્યો. યવ રાજર્ષિ વસ્તુ સમજી ગયા. તેમણે વિચાર્યું કે હમણાં ચૂપ રહેવું ઠીક છે.' સત્તા અને સંપત્તિ કરતાં સામાન્ય ત્રણ ગાથાના અભ્યાસનો તેવો સુંદર પ્રભાવ જોઇને મનમાં 'અહીંથી કયારે છૂટું અને ગુરુમહારાજને જઈ મળું અને તેઓની પાસે અભ્યાસ કરું.' એમ થયું.

તે મફતની જેવી જ ત્રણ ગાથા–કુંભારની, ખેડૂતની અને છોકરાની તે ત્રણ તત્ત્વ વગરની ગાથા–દોહાએ આટલું આટલું કામ કર્યું, તો શાસ્ત્ર તૈયાર–મોઢે કરું તો શું ન થાય ?

માનસ સરોવરમાં જેમ હંસ, તેમ જ્ઞાન સરોવરમાં જ્ઞાની મગ્ન રહે.

એ વિચારમાં કુંવરના સન્માન બાદ સર્વ વાતમાં ચૂપ રહી, ત્યાંથી વિહાર કરી યવર્ષિ ક્રમે ગુરુ પાસે આવ્યા. સાહિત્યમાં રસિક બનવાની થએલ વૃત્તિને લીધે પંડિત થયા ! સાહિત્ય, એવી જબરજસ્ત ચીજ છે કે–મગજમાં આવેલું તે ઉપકાર કરનાર થાય જ, માટે સાહિત્યને સર્વેએ મગજમાં લેવાની જરૂર છે, પછી છોડવા લાયકને છોડી શકો છો, અને આદરવા લાયકને આદરી શકો છો.

સાહિત્ય વગરની અજ્ઞાન દશામાં માણસ કેવો હોય? તે જણાવવા કહ્યું કે–' **मज्जत्यज्ञः किलाज्ञाने**=અજ્ઞાની અજ્ઞાનમાં ડૂબે છે. કહેશો કે–'અજ્ઞાનપણું કોઇને ગમતું નથી, તો તેને ખસેડનાર સાહિત્ય જેવી સારી ચીજ દરેકને કેમ ન ગમે?' વાત ખરી. ઘણા જીવો તો જાતિસ્વભાવથી એવા છે કે–તેમને ખરાબ જ ગમે! સારું ન ગમે, ભણુતર–શાસ્ત્ર તેમને ન જોઇએ. તેઓમાં છેવટે ઊંડે ઊંડે પણ એ જડ બેઠી હોય છે કે–"કાગળો પર લખવું એટલે ધોળાનાં કાળાં કરવાં," એ જ કે બીજું કાંઈ? આના જેવું પાપ કર્યું? છે અજ્ઞાનની હદ? તેઓ તો લખવામાત્રમાં આવું માનવાવાળા–ધોળા ઉપર કાળું કરનારા કહીને અજ્ઞાનમાં લીન રહેનારા.

વિષ્ટા સર્વ માટે બૂરામાં બૂરી ચીજ, પરંતુ ભૂંડ હોય તેને શું ગમે? ભૂંડને ખીર દૂધપાક ન ગમે, ખરાબ ચીજ વિષ્ટા છતાં તે તરફ ભૂંડ દોડ્યો જાય. વિષ્ટા તરફ દોડે તેના ૧૦૦મા ભાગે અનાજ તરફ નહીં દોડે. તેમ અજ્ઞાનની અંદર મૂર્ખાઓ મચી રહે. ભૂંડ વિષ્ટામાં મસ્ત, તેમ અજ્ઞાની–મૂર્ખ મનુષ્યો અજ્ઞાનમાં જ મસ્ત. તેને જ્ઞાનની દરકાર નહીં.

પરંતુ ' **ज्ञानी निमज्जति ज्ञाने**'=જ્ઞાની જ્ઞાનમાં નિમગ્ન હોય છે. સમજવાવાળા જાતિવાન જાનવરો વિષ્ટામાં મુખ નહીં ઘાલે. વિવેક દરેકને છે. ઇન્દ્રિયોના વિષય સંબંધી વિવેક પોતપોતાના પ્રમાણમાં પંખી, ઢોરઢાંખરનેય હોય છે. ઢોર તરસ્યા થવા છતાં મૂતરની કુંડીમાં મોં નહીં નાખે. પાણીમાં મોં નાખશે. તમાકુના ખેતરને વાડ કેમ નથી કરવી પડતી? જાનવરોમાં એ વિવેક છે કે–આ ખાવા લાયક નથી. એ રીતે સ્પર્શ–રસ–ગંધ–રૂપ–શબ્દ માટે આ બધાંને અંગે જાનવરોમાં પણ વિવેક છે, ત્યારે મનુષ્યપણામાં શું અધિક? એ કે–મનુષ્ય, પુણ્ય પાપનો વિવેક કરી શકે.

સામાન્ય વિષયના સત્ અસત્પણાના વિવેકમાં જ મનુષ્યપણું નથી, સામાન્ય વિષયનું સત્–અસત્પણું તો જાનવર પણ કરી શકે છે, તે પણ વિષયનો વિભાગ–વિવેક કરી શકે છે, મનુષ્યપણા સંબંધી વિવેક તો એ છે કે શું કરવાથી પુણ્ય અને શું કરવાથી પાપ બંધાય તે સમજી પાપ બંધ કરવું અને પુણ્ય આદરવું. તે વિવેક મનુષ્યોમાં જ હોય.

એ વિવેક આવે કયાંથી ? તે પરંપરાથી આવતો નથી. શારીરિક સ્થિતિને અંગે બાપના–માના રોગો છોકરાને પરંપરાથી આવે, પરંતુ બાપ કે માની બુદ્ધિ છોકરામાં આવે છે ? બુદ્ધિ પરંપરાથી આવનારી ચીજ નથી. શરીરનો વાન, રોગો પરંપરાથી આવે છે, બુદ્ધિ પરંપરાથી આવતી નથી. મૂર્ખાના છોકરા વિદ્વાનો હોય છે, વિદ્વાનોના છોકરા મૂર્ખા પણ હોય છે.

અક્કલ, વંશઉતાર આવનારી ચીજ નથી. તેવી રીતે વિવેક, વંશઉતાર ન આવે. તે તો જ્ઞાન આવવાથી આવે છે. સમજદાર હોય તેને બુદ્ધિ, શિખામણ, અક્કલ મેળવું એમ થાય છે. તેમાં જ તે મગ્ન રહે. હંસ કયાં મગ્ન રહે ? શાંતિથી કયાં રહે ? માનસ સરોવરમાં તે મગ્ન રહે. બાબોચિયાં કે મેલામાં હંસ, મગ્ન ન રહે. જેઓ હંસ જેવા ઉત્તમ હોય, પુણ્ય–પાપના વિવેકને જાણવાની જેને ઇચ્છા હોય, તેવાઓ જ્ઞાનમાં જ લીન રહે. તેનું સાધન કયું ? સેંકડો માણસો જ્ઞાનને વખાણનારા, 'એક પણ જ્ઞાન સારું નથી' એમ કોઈ નહીં કહે. સારું કહેવાથી તે કાંઈ મળી જાતું નથી.

સંપનાં ત્રણ કારણો.

સાધનો એકઠાં કરીએ તો મળે. સંપ સારો કે કુસંપ સારો ? તેમ પૂછવાથી 'સંપ સારો' એમ જ જવાબ મળશે. સંપ પાસ કરવામાં બહુમતિની જરૂર ન પડે. વગર હરિફાઇએ ચુંટાઈ જાય. બીજી વખતે મત લઈએ કે સંપનાં કારણો કયાં, ને તેનો અમલ કેટલો તું કરે છે ? ત્યારે કારણો દર્શાવવામાં સેંકડે ૧૦ ટકા નહીં આવે. અમલ કરતી વખતે એક ટકો પણ નહીં નીકળે.

ત્રણ વસ્તુ વગર સંપ ઉત્પન્ન થતો નથી, ટકતો કે વધતો નથી. તે ત્રણ વસ્તુ : " આવચેતી રાખવી, ગાંઠ બાંધવી નહીં, વખત મળ્યો વિસારવો નહીં. "

આપણે કોઇના અપરાધમાં આવવું નહીં. કોઇના અપરાધ–નુકસાનમાં આવવું નહીં. નુકસાનકારક માર્ગે ન જવું, તે સાવચેતી રાખવારૂપ પ્રથમ રસ્તો.

આપણને કોઇ નુકસાન કરે તેની ગાંઠ ન બાંધવી, એ સંપનો બીજો રસ્તો.

ઉપકારનો વખત આવે તે વિસારવો નહીં તે સંપનો ત્રીજો રસ્તો.

આપણા વર્તનમાં આપણે સાવચેતી ન રાખીએ, કોઇએ કરેલ નુકસાન ખમી ખાઇએ નહિ અને કોઇના ફાયદામાં વર્તીએ નહીં; અને સંપ, સંપ, સંપ કરીએ તેમાં શું વળે ? પોપટને રામ બોલતાં શીખવ્યું પણ તે રામની મૂર્તિ ઉપર વિષ્ટા કરી બેસે ! સંપનાં સાધન ઉપર લક્ષ્ય ન આપીએ અને 'સંપ સારો' કહ્યા કરીએ તેમાં શું વળે?

સંપ સર્વાનુમતે પસાર થાય તેવી ચીજ, પણ તેનાં કારણને અંગે જાણવાપણું ને પ્રવૃત્તિને અંગે દૂર રહેલી ચીજ. તેમ જ્ઞાનને પાસ કરવામાં બહુમતિની ચીજ નથી. વગર હરીફાઇએ સર્વાનુમતિએ જ્ઞાન પાસ થાય તેવી ચીજ. તે માટે જ્ઞાનનાં સાધનોને ખીલવવાં.


જ્ઞાનનાં કયાં સાધનો છે ! કેટલાં ખીલવ્યાં? તેને અંગે વિચાર કરીએ તો ? જ્ઞાન શબ્દ સર્વાનુમતિએ પાસ થનારો પણ જ્ઞાનનાં સાધનો અને તેનો અમલ કરવાની વખતે કેટલા ટકા રહે છે? જ્ઞાનનું મુખ્ય સાધન સાહિત્ય. સાહિત્ય દ્વારાએ જ જ્ઞાન મેળવી શકાય છે. તે સાહિત્યને જ્ઞાનનું સાધન ગણ્યું. જ્ઞાન સાધ્ય રહ્યું. સાહિત્ય સાધન. સાધન મળ્યું, એટલે સાધ્ય આપોઆપ થવાનું.

દરેક કાર્યને અંગે ઇચ્છા તેને સાધન માન્યું છે. નીતિકારો કહે છે કે–રોગ થાય છે, તેની ઇચ્છા નથી છતાં કાર્ય કેમ બન્યું ? ઇચ્છા તો સારા કાર્યની સામગ્રી માટે છે. સારા કાર્યને અંગે ઇચ્છા જરૂરી પણ સર્વ કાર્યને અંગે ઇચ્છા જરૂરી નથી, પણ સામગ્રી જરૂરી છે. સામગ્રી ન મળે તો ઇચ્છા છતાં પણ કાર્ય ન થાય, તેમ જ્ઞાન સાધ્ય સાધવું હોય તો સાહિત્ય રૂપી કારણો જરુર મેળવવાં પડશે, નહીંતર જ્ઞાનરૂપી કાર્યની સિદ્ધિ થવાની નથી.

અનંતર અને પરંપર બે પ્રકારનાં કાર્યો હોય. બીજ વાવ્યું, અંકુર છોડવો થયો પણ દાણા કયારે ? વચમાં ફળની પરંપરા છે, સાહિત્યરૂપી કારણથી જ્ઞાન પ્રાપ્ત થાય તે તો અંકુર સમજવું, ફળ નહીં. સાધ્યમાં

લક્ષ્ય ન રહે તો ? શાસ્ત્રોને ભણીને મૂર્ખા રહેવાના. વેદીઆ પંડિતનું સાંભળીએ છીએ. કાશીથી ભણીને આવ્યો, ઘી લાવ્યો, આધાર આધેય કોણ ? તપેલીને આધારે ઘી કે ઘીને આધારે તપેલી ? નાનું કોણ ? આધેય નાનું હોય. ઘાસના તણખલા પર સોપારી ન ટકે. આધેય મોટું હોય તે ન ચાલે. તપેલી ૦॥ શેરની, ઘી પાંચ શેર. માટે આધાર ઘી હોવું જોઇએ, આધેય તપેલી હોવી જોઇએ. લોકો તપેલીમાં ઘી તોલે છે. અહીં તોલની અપેક્ષાએ ઘી આધાર બને છે, માટે તપાસવા દે.ઘી ઉપર તપેલી રહે છે ? એમ વિચારી તેણે ઊંધું વાળ્યું, અને ઘી ઢોળાઇ ગયું.

આમ જ્ઞાનના સાધ્યને ન સમજે. તેઓ સાહિત્યમાં રસિક બન્યા છતાં આવા વેદીયા બને, માટે કહેવું પડયું કે– **'यस्तुक्रियावान् पुरुषः सविद्वान्'** જે જાણી સમજી લાયક કાર્યમાં પ્રવૃત્તિ કરે, અયોગ્ય કાર્યથી નિવૃત્તિ કરે, તે જ ખરેખર વિદ્વાન. અધ્યયન માત્ર વિદ્વત્તાનું કારણ નથી. શાસ્ત્રો ભણ્યા છતાં મૂર્ખ હોય, સાધ્યમાં પ્રવર્તવાવાળો ન હોય. અહિતથી દૂર થનારો ન હોય, તેવો ભણ્યો તો યે શું ? ને ન ભણ્યો તોયે શું ? માટે સાહિત્યનું સાધ્ય કોને કહેવું ? તે જણાવતાં સાહિત્યનું સાધ્ય શું ? તેમાં પરંપરાએ ફળ કયું આવવું જોઇએ ? હિતમાં જોડાવું. અહિતાર્થથી નિવૃત્તિ. ફળ ન આવે તો સાહિત્યનું સાધ્ય પામી ન શકે. જેઓ આ ફળને પામશે તે આ ભવ પરભવમાં કલ્યાણ પામી અંતે અનંતુ સુખ પામશે.



ધર્મની પરીક્ષા

દેશના ૧૭

(સં. ૨૦૦૦ કા. વ. ૧૩ વડા ચૌટા-સુરત)

કર્તવ્યપરાયણ જીવ :-

શાસ્ત્રકાર મહારાજા હરિભદ્રસૂરિજી મહારાજ, ભવ્યોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–**આ સંસારમાં આ જીવ કર્તવ્યપરાયણ રહ્યો છે,** ચાહે સૂક્ષ્મ એ કેન્દ્રિયમાં, બાદરમાં, વિકલેન્દ્રિયમાં, તિર્યંચમાં, નારકીમાં, મનુષ્યમાં કે દેવતામાં ગયો. તમામ જગ્યા પર જીવ કર્તવ્યપરાયણ થયા વગર રહ્યો નથી. કોઈપણ સ્થિતિમાં કર્તવ્યપરાયણતા વગરનો રહ્યો જ નથી. કર્તવ્યપરાયણતા વગરનો માત્ર અયોગીપણામાં જ.

જ્યાં મન, વચન, કાયાની પ્રવૃત્તિ નથી એ મોક્ષની નજીકનો. અહીં જે અયોગીપણાનો વખત છે, તે સિવાય સર્વ જગ્યા પર જીવ કર્તવ્યપરાયણ જ રહ્યો છે. તેમાં પણ મુખ્ય કર્તવ્ય, ખોરાક લેવો તે. જીવને ખોરાકની સીધી જરૂર ન હતી. અરૂપી જીવને રૂપી ખોરાકની શી જરૂર? પણ ભઠ્ઠી હંમેશની જોડે જ છે. **અગ્નિનો સ્વભાવ છે કે જૂનું બાળે અને નવું માગે.** અહીં જ્યાં જાય ત્યાં આગ પોતાની જોડે જ લઈને ફરે છે. અહીં કોઈપણ કાળે કોઈપણ જીવ આગ વગરનો નથી. –તૈજસ શરીરની ભઠ્ઠી સાથે જ લઈને ફરે છે.

ઔદારિકાદિ પાંચ શરીરોમાં ઔદારિકાદિ પછી થાય, પણ ઔદારિક, વૈક્રિય કે આહારકનું મૂળ તૈજસ શરીર અનાદિનું. અનાદિથી રહેલા તે મૂળમાં કદાપિ ખામી આવી જ નથી. સર્વકાળે સાથે રહેવાવાળું. ઔદારિકે મરી ગયો એટલે તેને ઔદારિકની જડ ગઈ. આહારક શરીર ૧૪ પૂર્વીને જ હોય. આહારકને અંતર્મુહૂર્તથી વધારે રહેવાનું ન હોય, તો તૈજસ અને કાર્મણ અનાદિનાં છે.

કાર્મણ, આંગળીએ કમાડ ઠેલનાર, કારણ કે–કાર્મણ એકઠાં કરે

તે કર્મના પુદ્ગલો આપણને સુખદુઃખ આપે, તે સુખદુઃખનાં બીજાં સાધનો મેળવીને તે દ્વારા આપે, કર્મ સીધું સુખદુઃખ ન આપી શકે. એ તો આગેવાન-મોખરે થનારું, અનાદિ રહેનારું, એટલું જ નહીં પણ મોખરે થનારું.

તૈજસ શરીર એવું નથી-તૈજસ શરીર આંગળીએ કમાઉ ઠેલનાર નથી, કર્મ સેનાધિપતિ તરીકે કામ કરે, જ્યારે તૈજસ શૂરા સરદાર તરીકે કામ કરે. શૂરા સરદાર તરીકે હોય તો માત્ર તૈજસ શરીર. એ શરીરને જીવે જ્યાં જાય ત્યાં ગોઠિયા તરીકે સાથે લીધું છે, જેને આપણે જઠરાગ્નિ કહીએ છીએ. એ અનાદિનું શરીર છે. જીવે પોતાની સાથે જ ભેળવેલું શરીર છે. તૈજસને લીધે જીવને આહાર કરવો જ પડે.

શરીર ગળે પડેલી ચીજ છે.

શરીર ગળે પડેલી ચીજ છે. જીવે શરીર માટે પ્રયત્ન કર્યો જ નથી. દરેક ગતિ-જાતિમાં પ્રયત્નો કર્યા તે માત્ર ખોરાક માટે જ! તેથી નિર્યુક્તિકાર એ જ કહે છે કે-તૈજસ શરીરને લીધે-કાર્મણ સહકૃત એવાં તૈજસ શરીરને લીધે જીવ પહેલવહેલો જે ગતિજાતિમાં આવે ત્યાં ખોરાક લે છે. શાને લીધે? ભઠ્ઠી વળગાડી છે તેથી.

અગ્નિનો સ્વભાવ છે કે જૂનાને બાળે ને નવાને વળગે. તૈજસનો અગ્નિ આવેલા પુદ્ગલોને પરિણમાવે અને નવાને લે. બાળેલા પદાર્થને અંગે રાખોડો થયો હોય, અગ્નિ તેના તરફ જાય નહીં તેથી સંતોષ પામે નહીં. જીવ તો રહી શકે નહીં. આપણો જઠરાગ્નિ શરીરના કોઈપણ અંશને લેતો નથી. પાશેર ખોરાકથી જે તૃપ્તિ થાય છે, તે તૃપ્તિ શરીરથી થાય છે?

તૈજસ માટે શરીર એ રાખોડો છે. તેને તો નવું જોઈએ. આ વાત ખ્યાલમાં લેશો એટલે જીવને અનાદિ માનવો સહેલો થઈ પડશે. એ ભઠ્ઠી-સગડીના પ્રતાપે જીવને ખોરાક તરફ જવું પડે છે.

ખોરાકની કર્તવ્યતા થયા પછી ખોરાકના બે ભાગઃ એક ધાતુ ભાગ, એક મલ ભાગ. ધાતુ ભાગનું શરીર બંધાય, મલ ભાગ નીકળી ગયો. એ રીતે જ્યાં ઔદારિક શરીર વળગ્યું એટલે શરીરમાં જે તત્ત્વ છે-તત્ત્વ પુદ્ગલો છે, તેનું ઇન્દ્રિયોપણે પરિણમન થયું. પછી શ્વાસોશ્વાસ.

આમ હંમેશાં જીવ કર્તવ્યપરાયણ રહ્યો છે. કોઈ ભવમાં આહાર શરીર, ઇન્દ્રિયો નથી ક્યાં તેમ નથી. બાહ્ય કર્તવ્યમાં પણ જીવ હંમેશાં તત્પર રહ્યો છે. ઇન્દ્રિયોના વિષયે સ્પર્શાદિ યાવત્ સુખદુઃખને અંગે જીવ કર્તવ્યપરાયણ થાય છે. અહીં સુધી માર્ગ બંધ છે. આહારાદિકને અંગે જીવને કર્તવ્યતાનું ભાન રહે. વિષયને અંગે કર્તવ્યતાનું ભાન રહેતાં સુધી મોક્ષનો માર્ગ બંધ. સુખદુઃખના સાધનોમાં પ્રાપ્તિ-હાનિ કર્તવ્યતા રહે ત્યાં સુધી મોક્ષનો માર્ગ બંધ રહે. મારગનો ઝાંપો કયારે ખૂલે! મોક્ષ તો દૂર છે, પણ તેનો ઝાંપો કયારે ખૂલે?

આહારાદિક, વિષયાદિકમાંથી ખસી જ્યારે ધર્મ તરફ આવે, 'ધર્મ માટે આહારાદિકનો ત્યાગ કરવો પડે તો પણ મારે કબૂલ. ધર્મ માટે ઇષ્ટ વિષયો ચાલ્યા જાય તો પણ તેની મારે દરકાર નહીં" એમ થાય ત્યારે અનાદિની તે કર્તવ્યતા ફરી જાય. આહારાદિક શા માટે કરવાના! તેમાં અનાદિકાળથી જીવે કર્તવ્યતા માની હતી. આહારમાં, શરીરમાં ઇન્દ્રિયમાં અને શ્વાસોશ્વાસમાં જીવે કર્તવ્યતા માની હતી. ઇષ્ટ સ્પર્શાદિક મેળવવા અનિષ્ટ સ્પર્શાદિક છોડવા, આ કર્તવ્યતાબુદ્ધિ અનાદિથી સર્વ જીવોમાં ચાલુ હતી તેને અંગે આ જીવ પ્રવૃત્તિવાળો જ હતો.

ગમે જેવો જુવાન બહાદુર મનુષ્ય હોય પણ થેલીમાં પૈસા ન હોય ત્યારે શાનો વેપાર કરે! વક્રગતિમાં ઉપાય નથી; બાકી એવો સમય નથી જેમાં જીવે આહારાદિક માટે પ્રવૃત્તિ ન કરી હોય! ઇષ્ટ વિષય માટે અને અનિષ્ટ વિષયથી ખસવા માટે પ્રવૃત્તિ ન કરી હોય, તેવો એક સમય નથી. આ પ્રવૃત્તિ ને નિવૃત્તિના પ્રયત્નો ચાલે ત્યાં સુધી મોક્ષ મળવો તો બંધ છે, પણ તેનો ઝાંપો પણ બંધ છે. દશા પલટે ત્યારે ઝાંપો ખૂલે છે.

સાધુઓ આહાર, શરીર, ઇન્દ્રિયો વગેરે શા માટે ધારણ કરે છે?

આહાર પણ શાના માટે? આહાર પણ ધર્મ માટે, શરીર પણ ધર્મ માટે. ધર્મને માટે ઇન્દ્રિયો, પણ ઇન્દ્રિયો માટે ધર્મ નહીં. શ્વાસ રુંધવો તે ધર્મ માટે, પણ શ્વાસ માટે ધર્મ નહીં. તેમ અનુકૂળ વિષયો છોડવા, પ્રતિકૂળ વિષયોમાં પ્રવર્ત્તવું, તે હોય તો જ

મોક્ષમાર્ગનો ઝાંપો ખૂલ્લો થાય, બંગલા આગળ કંપાઉન્ડ રાખો છો તેમાં આગળનો ઝાંપો ક્યારે ખૂલે? કર્તવ્યતામાં આટલો ફરક પડે. પહેલી કર્તવ્યતા કઇ હતી?

આહાર, શરીર, ઇન્દ્રિયો આ બધું કર્તવ્ય હતું. એ કર્તવ્ય પલટી જાય અને કર્તવ્ય ધર્મમાં થાય. આહારાદિક ધર્મ માટે કરું, ઇષ્ટ વિષયો મેળવું તે પણ ધર્મ માટે. આહારાદિક ધર્મ માટે જ મેળવું, ઇષ્ટ વિષયોની પ્રાપ્તિ અનિષ્ટ વિષયોનો પરિહાર તે પણ ધર્મ માટે. આ પરિણતિ થાય તો માર્ગનો ઝાંપો ખૂલ્યો. મોક્ષ માર્ગને હજુ વાર છે. ધર્મની પરમ કર્તવ્યતા થાય. આહાર તેવો કરવો કે જે ધર્મને બાધક ન થાય, યાવત્ શ્વાસોશ્વાસ એવી રીતે ન પ્રવર્તાવું કે જે ધર્મને બાધક હોય.

શાસ્ત્રકારોએ ગોચરી લઈ આવતાં, આલોવતાં એક વસ્તુ કહી. **'मुक्खसाहणहेउस्स'** સાધુ દેહનું ધારણ જરૂર કરે છે, બીજાઓ દેહનું ધારણ રક્ષણ, પોષણ કરે છે, તેમ સાધુઓ પણ ધારણ રક્ષણ પોષણ કરે છે, તેમાં ફરક નથી. ઇતર જીવો ખોરાક દ્વારા શરીરનું ધારણ પોષણ રક્ષણ કરી રહ્યા છે, તેમ સાધુઓ પણ કરી રહ્યા છે. સાધુના દેહનું ધારણ છે એ ચોક્કસ, પરંતુ ધ્યેય એ નહીં. તો ધ્યેય કયું? ધ્યેય મોક્ષ સિદ્ધ કરવાનું.

જે જ્ઞાન દર્શન ચારિત્ર જોઇએ, જ્ઞાનની પરાકાષ્ઠા ન થઈ હોય, દર્શનની, ચારિત્રની પરાકાષ્ઠા ન થઈ હોય ત્યાં સુધી જીવને મોક્ષ મળી શકતો નથી. પરાકાષ્ઠાએ પહોંચવા માટે–સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રની પરાકાષ્ઠાએ પહોંચવા માટે સાધુને જીવનની જરૂર. તેને અંગે તેને શરીર ધારણ પોષણ રક્ષણ કરવાનું છે. આમાં શરીર ખરેખર મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ હોય તો સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રની ઊંચી દશા છે. તે વગર મોક્ષ મળી શકે જ નહીં. જીવન ધારણ કરી એ તરફ વળીએ ત્યારે મોક્ષ મળે.

शरीरमाद्यं खलु धर्मसाधनं. તેનું કારણ સાધુનું શરીર, માટે શરીરનું ધારણ. તમે જે શબ્દ જાણો–બોલો છો, માત્ર દુરુપયોગ

કરો છો. **शरीरमाद्यं खलु धर्मसाधनं** એનો અર્થ તમે કયો લીધો? તમે એનો અર્થ શરીરના રક્ષણના ધ્યેયમાં લીધો! પછી શરીર ધ્યેય રાખી અધર્મ થાય, રાત્રીભોજન થાય, કંદમૂળ ખાય, અયોગ્ય પદાર્થો ખાવા પડે તે વખતે 'शरीरमाद्यं खलु धर्मसाधनं.' તમારા નિયમોને અંગે તે વાક્યથી વૈદ્યો આદ્રિ ભરમાવે. જે વસ્તુ તમે કરવા ન માગતા હો, પણ વૈદ્ય કરવા માગતા હોય ત્યારે? ત્યારે આ વાક્ય તેઓ પોકારે છે.

જેઓ શરીરની શેહમાં શરમાઈ ગયા છે, તેઓ 'शरीरमाद्यं खलु धर्मसाधनं' વાક્યનો તેવો દુરુપયોગ કરે. વિચાર કરે તો ખબર પડે કે શરીર શાના માટે છે? શરીર, શરીર માટે નહિ પણ ધર્મના સાધન માટે. ધર્મનું સાધન થાય ત્યાં સુધી જ શરીરનું ધારણ, ધર્મને બાધ થાય તો શરીર વોસરાવવાનું. શરીર ધર્મને જ કરનારું. ધર્મમાં જ ઉપયોગી. આ વાત દૃષ્ટાંત દ્વારા નક્કી કરી છે.

ભરાડી ચોરનું દૃષ્ટાંત

એક રાજ્યમાં ભરાડી ચોર છે. એવી સફાઈથી ચોરી કરે છે કે –તેમાં તેને પોલીસ, ચોકીદારો કશું કરી શકતા જ નથી. એ રીતે તે ચોરની બેઠક બજારમાં, ને તેનો ચોરીનો માલ લઈ જનાર મજૂર એકે જીવતો, પાછો આવતો નથી. જે મજૂરો પાસે ચોરી કરેલો માલ ઊંચકાવી લઈ જાય તેને એકેને ગૂફા બહાર આવવા દેતો નથી, હવે ચોરી શી રીતે પકડાય?

તે ચોર તો બજાર વચ્ચે પાટા બાંધીને પડી રહે છે. હજારો આદમી જાય–આવે ને આ બિચારો છે, તેમ લોકો જાણે. જ્યાં મધ્યરાત્રી થાય, આખો દિવસ બજારમાં બધું સાંભળ્યું હોય કે–ફલાણાને ઘેર માલ આમ આમ છે. તે સાંભળી ત્યાં બાતર પાડી ભિખારિયા મજૂરો પાસે ઉપડાવે, તેને પોતાની ગુપ્ત ગૂફામાં ઉતારે, ગૂફામાં કૂવો કરેલો ત્યાં ચોરની બહેન તે દરેક મજૂરોની માવજત કરે. સરભરા બાદ મજૂરને આ ઓરડામાંથી બીજા ઓરડામાં લાવી કૂવામાં ફેંકી દે. આમ મજૂરોને કૂવામાં મારી નાંખવામાં આવે છે, અને આમ ભરાડી ચોર પકડાતો નથી.

લોકોએ રાજાને અરજ કરી કે–તમારા સરખા ઉત્તમ રાજા છતાં ગામમાં ચોરી થાય, તેનો અર્થ શો? અર્થાત્ તમે રાજ્ય ચલાવવા માટે નાલાયક છે. તમે ટેકસ શાના લો છો? તમારા કરતાં ભીલ

કોળી સારા કે જે નુકસાન ભરી દે છે. એવા ભાવનાં વચનોમાં લોકોએ રાજાને સફાઈથી કહ્યું, ત્યારે રાજાને થયું કે-હવે ચોરનો પત્તો મેળવવો જોઈએ. તરત રાજાએ ચોકીદારોને બોલાવ્યા. ચોકીદારોએ કહ્યું કે ચોર પકડાતો નથી. રાજાને થયું કે-'ચોરને પકડવો ને શિક્ષા કરવી તે મારી ફરજ છે. ચોકીદારો તો આડતિયા છે, જોખમદાર હું, સાત દિવસમાં ચોર ન પકડું તો હું ચિતામાં બળી મરીશ.'

પ્રજાને થતા અન્યાય-હાનિને સાંભળવા તૈયાર ન હોય તેવાને રાજા શી રીતે કહેવાય? રાજાએ પ્રતિજ્ઞા કરી કે-' સાત દિવસમાં ચોર પકડી લાવવો, ન પકડી લાવું તો મારું જીવન વહેવું નકામું છે.' **सुप्रयुक्तं प्रपंच ब्रह्मापि त न रंजयति**-પ્રપંચ પરમેશ્વર પણ પામતો નથી. પ્રપંચના પ્રયોગો એવા વિચિત્ર હોય કે-બ્રહ્મા પણ તેનો છેડો ન પામી શકે. રાજા દરિદ્રના વેષે ચોર શોધવા ભમે છે. પેલો ચોર પાટા બાંધી દિવસે બજારમાં બેસતો હતો. જોગાનુજોગ રાજા મળ્યો. ચોરે પૂછયું: કોણ?

રાજાએ વિચાર્યું કે સ્વર વિચિત્ર છે. હવે પલટો આવા દે.

હું એક મજૂર (વાસ્તવિક રીતે પ્રજાનો મજૂર.)

ચોરઃ ચાલ, તને માલદાર કરી દઉં.

રાજાએ વિચાર્યું: ચાલવા દે.

ચોરે ખાતર પાડયું. માલ કાઢયો. માલનું પોટલું રાજાના માથે. પોટલું બાંધેલ કપડાનો રાજાના ગળે વીંટેલો છેડો પોતાના હાથમાં રાખ્યો. ભાગવા જાય તો પોટલું ઊંચકનારને ફાંસો આવે, અંધારી રાત છે. બન્ને ગૂફામાં ગયા, માલ ત્યાં મૂકાવી દીધો.

ચોર બોલ્યો-'એ બેન! મેમાન આવ્યા.'

બેન પણ ચોરની ને? પધારો પધારો!....અહોહો! તે ઊનું પાણી નાવાનું લાવી, બીજી સામગ્રી લાવી, ને પગે તેલ ઘસવા લાગી, એવી સફાઈથી ઘસે કે આવનાર ઊંઘી જ જાય, એ કળાને અંગે મજૂર ઊંઘી જ જાય. જ્યાં ઊંઘીને ઝોકું ખાય કે પાટિયું ખેંચી, નીચે નાખે. રાજાને ત્યાં બેસાડયો, પગ મસળવા માંડયા. હવે યમના

દ્વારવાળો કૂવો છે, પણ **वने रणे शत्रुजलाग्निमध्ये, रक्षन्ति पुण्यानि पुराकृतानि** ' પૂર્વનાં પુણ્યો જ રક્ષણ કરનાર છે.

બેનના મનમાં થયું કે–આ જીવ કોઈ ભાગ્યશાળી છે, આ કયાંથી ભાઇના હાથમાં ફસાયો! આવા ભાગ્યશાળીને મારીને મારે કેટલું જીવવું ? આમ ચોરની બહેન વિચારે છે. વિચારો કે–ભાગ્ય સિવાય અહીં કોઇનો ભરોસો છે ? ગુફા–રાત્રી–નિરાધાર. ત્યાં પળમાં પલાયન થવાનો વખત છે ? લગીર ઊંઘ આવી જાય તો નાશમાં વાર છે ?

પેલીને વિચાર આવે છે કે–અરે ! મારે કેટલું જીવન કાઢવું છે? હવે શું કરું ? આને જો ન મારું તો અહીં મારો ભાઈ તેને મારી નાંખે છે એમ અહીં મારું અને એનું મોત છે ! ભાઈ મને એના પક્ષમાં ગએલી જાણે તો મારું મોત છે ! હવે શું કરવું ? બેને કહ્યું કે ' ભાગ ! '

રાજા ચકોર હતો, ભોટ ન હતો. તે નીકળી પડયો. બેને જોયું કે તે દૂર પહોંચી ગયો છે. પછી પોતાના બચાવ માટે બૂમ પાડી કે–પેલો નાસી ગયો.

ચોર તરત તલવાર લઈ રાજાની પાછળ દોડયો. રાજા ગૂફામાંથી નીકળ્યો એટલે પાછળ પેલો ચોર છેટે દેખાયો. આ જોઇ રાજા કોઈ મંદિરના થાંભલા પાછળ સંતાઈ ગયો. હવે ચોરે દેખ્યું કે તલવારનો ઘા કરી મારી નાખું, પણ મંદિરમાં તલવાર વાગી થાંભલાને. રાજા ત્યાંથી દરબારમાં આવ્યો અને જણાવ્યું કે ચોર હાથમાં આવ્યો છે પણ તમને તે જણાવવાની, અને માલ સોંપવાની થોડી વાર છે. પ્રજાકીય મનુષ્યો આટલી વાત સાંભળે. પછી ઓલંભો રાજાને ન અપાય. રાજાએ પ્રથમ ચિતામાં બળી મરવાની કરેલી પ્રતિજ્ઞાને હવે ન વિચારાય–

ચોરની મેમાનગતિ શા માટે ?

રાજાએ સવારે ચાર મનુષ્યોવાળી પાલખી મોકલી. રોજના નિયમ પ્રમાણે બજારમાં આવી તે આંખે પાટાવાળો સૂતો હતો, તેને કહ્યું કે–રાજસાહેબ તમારા પર પ્રસન્ન થયા છે. તમને લેવા પાલખી મોકલી છે. તેને સુંદર ડ્રેસ પહેરાવી, પાલખીમાં બેસાડીને બધા રાજદરબારમાં આવ્યા –ત્યાં રાજાએ તેને પોતાની પાસે બેસાડયો. ત્યારથી ચોરી બંધ થઈ. થોડા દિવસ બાદ રાજાએ તે ચોરને કહ્યું કે–'એક વાતની મારે

માંગણી કરવી છે, તું ના ન કહે તો તને વાત કરું.' તે ભરાડી ચોર છે ! તેને હોદ્દા પર ચડાવ્યો છે! છતાં તેને કહે છે. તેવાએય વિવેક ખાતર પણ હા પાડવી પડે.

રાજાને તે કહે છે કે–'આપને મારા સરખા મામુલી પાસે માંગણી હોય ? સૂચના–આર્ડર કરો, એટલે બસ છે.'

રાજાએ પેલાને કહ્યું–'તમારી બેન સાથે હું લગ્ન કરવા માંગું છું ! હવે શું થાય ? ચોર વિચારે છે કે–આ તો માંગણી કરે છે. પણ ઝૂંટવીને લે તોય કોણ તેમને રોકવાનું છે ? એમ વિચારીને કહ્યું: ભલે ....સાહેબ, એમ કહી બેનને પરણાવવી પડી ત્યાર પછી કોઈ વખત ચોરની બેનને રાજા કહે છે કે–'આપણે આટલું ધનનું કામ છે, માટે ભાઈને કહે કે–'ધન આપે.' વળી બીજા પ્રસંગે રાજાએ તેણીને કહ્યું કે–' વળી આ કામ આવ્યું છે. આના માટે આટલું ધન જોઇએ છીએ, તું તારા ભાઈને કહે. ભાઇ ધન લાવીને આપે.

એમ આપતાં આપતાં છેવટે એ ભરાડી ચોર ખાલી થયો. તેની પાસે કંઈ ન રહ્યું. બધું તળિયા ઝાટક થયું ત્યારે, નક્કી થયું કે હવે આની પાસે કાંઈ રહ્યું નથી. એટલે એ પછીથી બીજે જ દહાડે દરબારમાં 'ચોર માટે ફરિયાદ કરી હતી તે આ ચોર' એમ રાજાએ જાહેર કર્યું. તેને ફાંસી આપી. તમે કહેશો કે–' તેવા, ભરાડી ચોરને રાજાએ આટલા દહાડા કેમ જીવતો રાખ્યો ?' તો સમજો કે–તેની પાસેથી માલ કઢાવવો હતો. તેના પેટમાં પડેલી મિલકત કાઢવા માટે જીવતો રાખ્યો હતો. તેને પાલખીમાં બેસાડીને માલ કઢાવી લીધો, ચોરની તે બધી મહેમાનગીરી માલ કઢાવવા માટે હતી. ચોરની મહેમાનગીરી ચોર તરીકે કરી ન હતી.

તેમ શાસ્ત્રકાર કહે છે કે–આ શરીર ભરાડી ચોર છે. આ શરીર આત્માનું ધન, કેવળજ્ઞાનાદિ ચોરનાર ભરાડી ચોર છે ! આવા શરીરને ભરાડી ચોર છતાં તે દ્વારા માલ મેળવી શકાય ત્યાં સુધી ફાંસી ન દેવાય. જ્ઞાન–દર્શન–ચારિત્રની આવક બંધ થાય, ત્યારે આ શરીરને અનશન દ્વારા વિસર્જન કરવાનું.

શ્રુતકેવલી ભગવાન શય્યંભવસૂરિએ જણાવ્યું કે–શરીર ભરાડી ચોર છતાં મોક્ષનાં સાધનોનું કારણ છે. તે મોક્ષના સાધનનું કારણ ન રહે ત્યારે તેને વોસરાવવાનું. ધર્મનું સાધન ન બને તે શરીર કામનું નથી. 'ગમે તેમ, ધર્મ અધર્મ કરી, પાપ કરી, પ્રતિજ્ઞાઓ, સોગન તોડીને પણ શરીર બચાવવું,' તેવો ખોટો અર્થ વાકયનો કેટલાક કરે છે.

शरीरमाद्यं खलु धर्मसाधनं વાકયનો જો એવો અર્થ માનવામાં આવે તો આ શરીર ધર્મનું સાધન બન્યું કે ઘાતક? આ વાકયથી શરીર ધર્મનું સાધન બનવાને બદલે ઘાતક ન બને તે સમજો. આ આત્માને અનાદિથી આહાર–શરીર–ઇન્દ્રિયો અને વિષયોની કર્ત્તવ્યતા ભાસી છે. જ્યાં સુધી આ કર્ત્તવ્યતા છે ત્યાં સુધી મોક્ષનો જે ઝાંપો છે, તે પણ ખૂલવો મુશ્કેલ છે.

ખોરાક ધર્મ માટે, શરીર–ઇન્દ્રિયો–વિષયો ધર્મ માટે, શ્વાસ પણ ધર્મ માટે છે એમ જ્યારે સર્વની અંદર ધર્મની કર્ત્તવ્યતા ભાસે ત્યારે મોક્ષમાર્ગનો ઝાંપો ખૂલે.

જૈનોમાં ગ્રંથીભેદ પોકારીએ છીએ. ગ્રંથીભેદ શી ચીજ છે? "ધર્મ માટે નહીં પણ ભરાડી શરીર માટે એ આહાર–શરીર–ઇન્દ્રિયો –ઇષ્ટસ્પર્શાદિક મેળવું." આ ધારણા હતી, પણ હવે 'ધર્મને માટે આહારાદિક કરું.' આ બુદ્ધિ પલટી તે જ ગ્રંથીભેદ. આવો ગ્રંથીભેદ થાય ત્યારે જ જીવ એ બુદ્ધિમાં આવે. પહેલાં અહં અને મમની બુદ્ધિ હતી, તેને બદલે હવે ધર્મ માટે બુદ્ધિ થઈ! અહં અને મમ એ બધું હવે ધર્મ માટે બન્યું. એ પછી મૈત્રી–પ્રમોદ–કારુણ્ય અને માધ્યસ્થ વસાવે. એટલે કે–(૧) જગતના જીવોના હિત માટે પ્રવૃત્તિ થાય. (૨) હવે ધર્મની સિદ્ધિ કરનારા તરફ બહુમાન થાય. (૩) ધર્મ ન કરનાર, ધર્મ ન કરી શકે તેવા તરફ કારુણ્ય (૪) ઉપદેશ પણ ધર્મ ન કરી શકે પણ ઉપેક્ષા ધરાવે. તેવા તરફ માધ્યસ્થ ભાવ. આવા વિચારો પ્રવર્તે તો તે જ અનુષ્ઠાનને ધર્મ કહી શકાય. તે અનુષ્ઠાન આગમને અનુસરતું મૈત્રી–પ્રમોદ–કારુણ્ય–માધ્યસ્થ ચાર ભાવનાવાળું હોય છે, તેથી તે ધર્મ કહેવાય.

અફીણિયાને–અફીણ વગર મિષ્ટાન્ન ફિક્કાં લાગે.

આપણે આગળ મોક્ષમાર્ગનો ઝાંપો ખોલવા માટે ધર્મની જરૂરિયાત જણાવી ગયા. ધર્મ કેવો સાધ્ય રહેવો જોઈએ, તે જણાવી ગયા. આ બધી બાબત જૈનોને જ લાગુ પડે છે, તેમ નહીં. ઇતરો પણ ધર્મને સાધ્ય ગણે છે. ઇતરોમાં પણ પોતાના ધર્મ માટે સંપત્તિ, કુટુમ્બ, દેશ–ગામ છોડનારા હતા, ઇતરોમાં પણ ધર્મ માટે જીવ અર્પણ કરનારા છે, શૈવ ધર્મના, વૈષ્ણવના દૃષ્ટાંતો સાંભળશો. તો ત્યાં કેટલાયે જીવનધર્મ માટે જીવ અર્પણ કર્યો. મિલકત, કુટુમ્બ, જગત, ધર્મ માટે છોડી દીધા, અને ધર્મને સાધ્ય ગણ્યો, ધર્મનું સાધ્ય ન હોત તો કુટુમ્બ, ધન, જીવન કેવી રીતે છોડત?

નાનું બાળક સંઘરે તેનું રક્ષણ કરે, તે માટે લડે; અને ઝવેરી હીરાને સંઘરે–તેનું રક્ષણ કરે, તે માટે લડે. આ બન્ને વચ્ચે કાંઇ ફરક ખરો? ફરક એટલો જ કે–એ સાચા હીરાને બાળક સમજતો નથી તેથી કાચના કટકાને હીરો સમજી તે લેવા બધા પ્રયત્નો કરે છે. બાવું પીવું છોડીને હીરો લે, સાચવે. ભાઈ બેનમાં પણ હીરો લઈ લે તો બાળક રીસાય, બચકાં ભરે. અરે! ઝવેરી બોલીને બેસી રહે, પણ બાળક તો લડવાય તૈયાર થાય! ઝવેરી બચકાં ન ભરે, તો નાના બાળક જેટલી હીરાની કિંમત ઝવેરીને નથી? બાપ કદી હીરો લઈ લે તો તે સાથે પણ બાળક લડે.

હીરાનું રક્ષણ કરનાર વધારે કોણ? બાપ કે બાળક? બાળક હીરાનું બરાબર ખંતથી રક્ષણ કરે છે. તે એવી રીતે કે–બેનની કે સગાંની દરકાર વગર મારો હીરો, મારો હીરો કરે છે. માની લીધેલા હીરા માટે આટલું કાળજીવાળું બાળક છે, પણ મૂળમાં માલ ખોટો છે, છતાં તેની મજ તેને નથી. કાચનો કટકો છે. તેને હીરો માન્યો. તેને માટે તેણે આટલી જહેમત ઉઠાવી : તે રીસાયો, તેણે માબાપ ન ગણ્યા! પણ મૂળમાં માલ ખોટો.

તેમ મિથ્યાદૃષ્ટિઓ કલ્યાણ નહીં કરનારો એવો ધર્મ ગ્રહણ કરવા છતાં લાગણી બાળકની માફક ખૂબ ધરાવે છે. તેઓએ સાચવેલ

હીરાની કિંમત વેચતી વખતે કોડીની છે. તેઓએ ધર્મ ગ્રહણ કર્યો, પણ ધર્મનાં સ્વરૂપને સમજ્યા વગર. નામથી તે ધર્મ છે પણ મૂળમાં નહીં, ત્યાં શું થાય ? માટે જે ધર્મ સાધ્ય તરીકે રાખો જે આત્મ-કલ્યાણ માટે લો છો તે પરીક્ષા કરી કિંમતી હોય તો જ લેવાનું રાખો. પરીક્ષા વગર ધર્મના નામે લેવાશે, ભોગ અપાશે, ત્યાગ કરાશે પણ તે ત્યાગ, ભોગ નકામાં જશે. માલ કિંમતી હોય તો જ તેનું કરેલ રક્ષણ, પાલન, ધારણ ઉપયોગી થઈ પડશે.

મિથ્યાદૃષ્ટિઓ ધર્મને સારો કહે, પણ સારો તેઓ ગ્રહણ ન કરી શકે. અહીં વાસ્તવિકમાં જે આત્મકલ્યાણ કરનારો હોય તે ધર્મ સારો છે. ધર્મ કિંમતી હોય તો તેની પાછળ આપેલ ભોગ, ત્યાગ વગેરે પ્રશંસાપાત્ર શુભ ફળને દેનાર થાય.

દુનિયાદારીના પદાર્થોની પરીક્ષા પળમાં–રેશમ કે સૂતરની પરીક્ષા આંગળી લગાડતાં જ થાય. કડવું કે મીઠું છે તે માટે તે જીભ ઉપર લગાડીએ તો થાય. સુગંધી–દુર્ગંધીની પરીક્ષા શ્વાસ ખેંચીએ તેટલી વારમાં થાય. કાળા–ધોળાની પરીક્ષા આંખનો પલકારા ટમકારા માત્રમાં જ થાય. શબ્દની પરીક્ષા કાન માંડયો કે તરત. ઈન્દ્રિયોના વિષયોની પરીક્ષા પલકની. જ્યારે માણસની પરીક્ષા ? સજ્જન છે કે દુર્જન તેની પરીક્ષા પલકમાં ન થાય.

'સોનું જોઈએ કસી, માણસ જોઈએ વસી.' મનુષ્યની પરીક્ષા દીર્ઘકાળના વસવાટ પછી થાય. આ રીતે સજ્જન કે દુર્જન તરીકેની પરીક્ષા દીર્ઘકાળના વસવાટ પછી પણ થઈ શકે, પરંતુ ધર્મની પરીક્ષા વસવાટે પણ ન થાય. તે તો વ્યસન પેઠે લાગુ પડે. પહેલવહેલા અફીણિયા થાય, તે અફીણના નામથી ભાગે. અફીણ લેતો થાય, પછી અફીણ વગર ચાલે નહીં, તેમ ધર્મ શુદ્ધ હોય કે કુધર્મ હોય, પણ તે ગળે પડવાવાળી ચીજ છે અફીણ વગર પાંચ પકવાન્ન આપો તો પણ તે અફીણિયાને ફિક્કાં લાગે. અફીણ સાથે ઘેંસ આપો તો પણ તેને મીઠી લાગે.

તેમ જેને કુધર્મના સંસ્કાર પડયા હોય તેને સારો ધર્મ પણ

ફિક્કો લાગે. સારા ધર્મના ગુણોને અવગુણના રૂપમાં દાખલ કરવાનો ધંધો કરવો પડે. જેને કુધર્મના સંસ્કારો થઇ જાય તેને સારો ધર્મ લુખ્ખો લાગે, તેને ખરા દેવ ગમે નહીં, ગ્રંથીભેદ થાય તે પછી મોક્ષમાર્ગ દેખાડનારા, વીતરાગતા પામેલા કેવળજ્ઞાનીને દેવ માન્યા, તે છે આત્માનો અરીસો. તારા આત્માને કેવો બનાવવો તેનો આદર્શ છે વીતરાગ પરમાત્મા.

નેતાના પૂતળાની ચારે બાજુ દેશભક્તિ ભરેલી હોય.

દેશના નેતાની–કે તેના પૂતળાની ચારે બાજુ દેશભક્તિની હવા જ ભરેલી હોય. દેશ માટે ભોગ આપનાર સૈનિકોના કબ્રસ્તાન ઉપર હારો ચડાવાય છે. તે છે દેશભક્ત. એ રીતે તેની ચારે બાજુ દેશ-ભક્તની નોબતો વાગી રહેલી હોય છે; તો ધર્મનાં ઊંચે શિખરે ચઢેલા વીતરાગ–તેની પ્રતિમા તમારો આદર્શ છે. દેશનેતાને કોઈ વ્યક્તિ–જાતિ–પ્રાંત–શહેર ઉપર રાગ–રોષ રાખ્યો ન પાલવે; તો વિશ્વના નેતા–જગતના ઉદ્ધારકને કોઈ પણ ચીજ તરફ રાગ કે રોષ રાખ્યો પાલવે જ શાનો ? જ્યારે અમુક ઉપર રાગ અને અમુક ઉપર દ્વેષ ધરાવનાર દેશનેતા થવા લાયક ન રહે, તો જગતની કોઇપણ ચીજ પર રાગ કે દ્વેષ ધરાવે તો તે વિશ્વનો નેતા–પરમાત્મા શીરીતે બની શકે?

વ્યક્તિદ્વેષ કે રાગ, ગામ કે પ્રાંત પ્રતિ રાગદ્વેષ દેશનેતાને કર્યો પાલવે જ નહીં. તેમ વિશ્વનેતાને કોઇપણ જીવ અજીવ, વ્યકિત, પ્રાંત–દેશ તરફ રાગ કે રોષ રાખ્યો પાલવે નહીં. તેવા રાગ–રોષ રહિત એ જ વિશ્વના ઉદ્ધારક, તે જ આપણા નેતા. એની જ પ્રતિમાની ચારે બાજુ આપણી ભક્તિ વ્યાપેલી છે.

અફીણનાં વ્યસનીને બરફી આપો પણ અફીણના કાઢા વગર ફિક્કી લાગે, તેમ દુનિયાના, સંસારના વ્યસનીને વીતરાગ પણ ફીકકા લાગે. **वीतरागात् कथं प्राप्यं.'** ખીસ્સામાં બે બોર હોય પણ ખુશ થાય તો કાઢીને આપે. ખુશ થયા વગર માણસ બે બોર ન આપે, તો જેની પાસેથી કલ્યાણ–મોક્ષ મેળવવો છે, તેને ગમે તે આપો, તોપણ તે ખુશ થાય તેવા નથી, તો તેની ભકિત કરવાથી શું વળે ? આ વિચારો

વડે મિથ્યાત્વીઓએ શું કર્યું ? પકવાન ફીકકું લાગ્યું કેમ ? અફીણિયા પણાની ટેવ હોવાથી. નહીંતર પકવાન્ન ફીકકું ન લાગત. તેમ રાગદ્વેષમાં રચેલા ને માચેલા મનુષ્યોને વીતરાગપણું ગમે નહીં, એથી આવો બકવાદ કર્યો.

વીતરાગ મોક્ષ આપશે તેવી આશા શા માટે રાખો છો ? તેમને સ્તુતિની કિંમત નથી. કાચ ને હીરા સરખે ભાવે વેચનારા વેપારીને ત્યાં કોણ જાય ? આ બાબત કોણ બોલાવે છે ? રાગદ્વેષમાં-કચરામાં ડૂબેલા આ બોલાવે છે. સૂર્યની સ્તતિ કરીએ, નિંદા કરીએ તો શું ? તેવો સૂર્ય ભકિત, અભકિત, સ્તુતિની, નિંદાની, દરકાર કરતો નથી. તે સૂર્ય પોતાનો પ્રકાશ કોઈ દિવસ બંધ કરતો નથી. ભકિતને લીધે ખેંચાવું. અભકિતને લીધે ખીજાવું તે કોના માટે ? તે પરિણતિ ટાળવા માટે, આપણે તેમની પાસે જઈએ છીએ.


સન્નિપાતવાળો વૈદ્ય કેવું ઓસડ આપે ?

વૈદ્યને સન્નિપાત થયો હોય તેની પાસેથી ઓસડ કયું મળે ? આપણે દુનિયાદારીને અંગે રાગદ્વેષ-સ્વાર્થમાં ખૂંચ્યા, એટલે જેની પાસે જઈએ તે પણ જો આખા જગતના રાગદ્વેષમાં ગૂંચવાયેલો હોય તો તે આપણો રોગ દૂર શી રીતે કરશે ? સ્તુતિ-નિંદા, ભકિતની-અભકિતની દરકાર કર્યા વગર વીતરાગ, પોતાના આત્મસ્વરૂપમાં રમણ કરે છે. રાગ-દ્વેષમાં માચેલા-રમી રહેલા જીવો સુદેવને સુદેવ તરીકે માનવા તૈયાર ન થાય તેમ સુગુરુને અંગે છે. સુગુરુ સ્ત્રી વગેરે આપતા નથી અને હોય તે સ્ત્રી છોકરાને દીક્ષા આપી દે છે ! પૈસા ખરચાવો નાંખે છે ! ના. તો આમ કેમ ?

તો સમજો કે તેનું ધ્યેય સન્માર્ગ હોવાથી તે સન્માર્ગે પ્રવર્તાવે છે. આ વાત રાગ-દ્વેષમાં ખૂંચેલા ગુરુના ઉપાસકના ધ્યાનમાં ન આવે. દયાને અંગે પણ જોશો તો તેઓને ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો આપે ! એમ કહે. છોકરા કરતાં ઉપાધ્યાયની કિંમત નહીં ? જીવનના ભોગે ઉપાધ્યાયને આટો આપવો જોઈએ, તે સિદ્ધાંત

કયાં રહ્યો? અહીં તો પુણિયેા પેટે પાટો બાંધી સાધર્મિક વાત્સલ્ય કરે છે! આ બે વસ્તુ મેળવશેા?

અફીણિયેા અફીણ ન મળે ત્યાં સુધી મિષ્ટાન્નને પણ ફીકકું ગણે, વિષયમાં રાચેલેા એવેા આત્મા વીતરાગ પરમાત્માને દેવ, તેમણે કહેલા ગુરુ, તેમણે કહેલેા ધર્મ તેને મીઠારૂપે ગણી શકે નહીં; ફીકકારૂપે જ ગણે. અફીણિયાને અફીણની જ ટેવ પડી છે. પિત્તવાળાને સાકર ખવડાવેા તેા પણ કડવી લાગે તેમ કુદેવાદિના સંસ્કારમાં રાચી રહ્યા છે તેવાને સુદેવાદિ ગમે નહીં; માટે ધર્મની પરીક્ષા કરેા. ધર્મમાં મૈત્રી, પ્રમેાદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર વિચારેા નક્કી હેાવા જોઈએ. જગતના જીવેાનું હિત કરું વગેરે તે ચાર ધારણાઓ જેના મનમાં આવે તે આગમમાં કહ્યા પ્રમાણે પ્રવૃત્તિ કરે અને તે સુધર્મ કહેવાય.



હિતબુદ્ધિ અને સમ્યક્ત્વ

દેશના ૧૮

[૨૦૦૦ ફા. વ. ૧૪ નેમુભાઈની વાડી, ગોપીપુરા, સુરત]

કર્મરૂપી દરદની ભયંકરતા સમજો.

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ જણાવી ગયા કે જેમ સંસારમાં હિતબુદ્ધિ, અને રાજ્યમાં વફાદારી આ બે વસ્તુ ન હોય ત્યાં સંસારમાં કે રાજ્યમાં વિશ્વાસ મૂકાતો નથી. હિતબુદ્ધિ હોય ત્યાં જ વિશ્વાસ મૂકાય. હોંશિયાર મુનિમ હોય પણ હિત કરનાર ન હોય તો તેના પર વિશ્વાસ રહેતો નથી. અહિત ન થાય, હિત જ થાય, એ લક્ષ હોય તો ભરોસો રહે. આવી બુદ્ધિવાળો નોકર હોય તો જ ભરોસાપાત્ર થાય. સગાસંબંધીનું વચન કયારે માન્ય થાય? મારું હિત કરે તેના ઉપર જ ભરોસો થાય. હિતની બુદ્ધિવાળો અસુંદર (પરિણામે હિતકર) કહે તો પણ માન્ય થાય.

હિતબુદ્ધિથી અસુંદર કહેવાએલું માન્ય થાય.

એક વખત મેળામાં કોઈકે ખૂન કર્યું. તેના બેરિસ્ટરને ખબર પડી બેરિસ્ટર ગૂનો કબૂલ કરાવે છે. અસીલને કહે છે કે–ખૂન કબૂલ કરી લે. બીજા બધા ગૂનામાં બીજી વસ્તુનું જોખમ પરંતુ ખૂન કરવામાં પોતાનું જોખમ. કેસ ચાલ્યો તે વખતે તેણે નાકબૂલ કર્યું. પોલીસ હવે સાક્ષી કયાં ખોળવા જાય? હિતની બુદ્ધિવાળો ખૂન કબૂલ કરાવે તો પણ કબૂલ કરી લે.

હિતબુદ્ધિ હોય તો જ તેની ઉપર પ્રામાણિકતા આવે. અધિકારીઓમાં પ્રથમ વફાદારીના સોગન લેવડાવવામાં આવે છે. કોર્ટને વફાદાર રહેવાના સોગન ન લે તો ત્યાં ઊભો ન રખાય. **વફાદારી વગરનાં બુદ્ધિબળ નકામાં છે.** વફાદારી વગરના કાર્યક્રમની કિંમત કોડીની પણ ગણાતી નથી.

અનાદિકાળથી અક્કલને માટે ઉદ્યમ કરી રહ્યા છો, જ્ઞાનને ધારણ કરી રહ્યા છો, તેમાં પ્રવૃત્તિ અને બુદ્ધિ પુદ્ગલ તરફ વાપરી છે. ઈષ્ટ વિષય તરફ બુદ્ધિ વાપરો છો. તમારા વર્તનનો ઉપયોગ તમે પુદ્ગલમાં કર્યો છે. પુદ્ગલના હિત તરફ તમે ચાલ્યા છો. પુદ્ગલનું અહિત થાય, તેમ તેમ વર્ત્યા નથી.

શુદ્ધ કેવળજ્ઞાન–દર્શનમય એવા આત્માને જન્મ, જરા, મરણ, રોગ, શોકની, ભાંજગડમાં ઊતરવાનું શાનું હોય? પુદ્ગલ મારી સાથે જોડાયું ન હોત તો કોઈ દિવસ હું જન્મ, જરા, મરણ, રોગ, શોકના સકંજામાં આવ્યો ન હોત. શુદ્ધ ચિદ્દાનંદસ્વરૂપ એવો જે આત્મા જન્મજરામરણરોગ શોકમાં અટવાય, પુદ્ગલની ઘાણીમાં પીલાય, તે પુદ્ગલને આધીન થયો તેથી પુદ્ગલની ધૂંસરીમાં આ જીવને પટકાવાનું બન્યું ન હોત તો આ આત્માને જન્મ, જરા, મરણ, રોગ, શોકના ચકકરમાં આવવાનું બનત જ નહી

દુનિયામાં નાશ પામેલનો શોક કરવાનો હોતો નથી. પણ રહ્યાને બચાવવાનું હોય. આગ વખતે મ્યુનિસિપાલિટી પ્રથમ જોડેના છાપરાની પાંખ કાપી નાંખે, જોડેવાળાને બચાવી લે; તેમ અનાદિકાળથી આત્માની આ સ્થિતિ થઈ. હવે તે સ્થિતિનો વિચાર શા કામનો ? કૂવામાં માણસ પડ્યો તો કેમ પડ્યો ? તેની ભાંજગડ ન કરે, પણ તેને બહાર કાઢવાની ભાંજગડ કરે. એ બધી બીજી ભાંજગડ છોડી દેવામાં આવે, કાઢવાનો રસ્તો લે. તે કયા ગામનો કઈ, જાતિનો, કેમ આવ્યો, કેમ પડ્યો તે વિચારાય જ નહિ. તેને બહાર કાઢવો કેમ ? તેમ આ જીવને અંગે અનાદિથી કેટલા ભવથી રખડે છે તે વિચારવાનું ન હોય. હવે તેનો નિસ્તાર કેમ થાય ? તે જ વિચારવાનું.

આત્મા કયારનો ? કર્મ કેવી રીતે બંધાયું ? પુદ્ગલે કેવી રીતે નચાવ્યો ? તે હવે વિચારવાનું ન હોય. હવે માત્ર કેવી રીતે તેનો નિસ્તાર થાય ? તે વિચારવાનું. દરદની ભયંકરતા સમજાયા વગર ડોકટર કે વૈદ્યની કિંમત થતી નથી. બાળકને સંગ્રહણી થઇ હોય, વૈદ્યે સંગ્રહણી કહી. બાળક દરદનું—નામ બોલે છે પણ બાળકને સંગ્રહણીના રોગની ભયંકરતાની અસર નથી. તેવી રીતે આત્મા

અનાદિ છે. જન્મ, જરા, મરણના ચક્કરમાં આધીન છે. તેની અસારતાનો ખ્યાલ ન આવે ત્યાં સુધી પુદ્ગલની અસારતાનો ખ્યાલ ન આવે.

વકીલ અસીલના નામે બોલે છે બધું, અને શબ્દથી બોલે છે. પણ જોખમદારીનો છાંટો વકીલને નહીં. કોથળી ખાલી થાય તો વાદીની. વાદીની વતી માત્ર બોલવું છે. તેમાં જોખમદારી નહીં.

આપણને પણ જિનેશ્વર મહારાજે નવ તત્ત્વો કહ્યાં છે. આમ આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ કહ્યાં છે. જિનેશ્વર મહારાજે કહ્યું છે- એ જે આશ્રવો કહ્યા છે તેના જુલમને કરનાર હું. બંધ કરનાર હું. આશ્રવ બંધથી મારે પાછા હઠવું જોઈએ. જોખમદારી આપણા આત્માની સમજવી જોઈએ.

જિનેશ્વરે નવ તત્ત્વ કહ્યાં છે, તેમ અભવ્ય પણ નવ તત્ત્વો કહે છે. તેનું જ્ઞાન અભવ્ય પણ મેળવે છે. નવ તત્ત્વનું નિરૂપણ પણ અભવ્ય જૈન શાસન પ્રમાણે જ કરે છે.

શાસ્ત્ર કે શાસનથી એક અક્ષર કે પદ વિપરીત બોલનારને શાસનમાં સ્થાન નથી.

જૈન શાસનની મહત્તા એટલી બધી છે કે-અભવ્ય નવે તત્ત્વો ભલે ન માને, અભવ્ય ભલે કે મોક્ષતત્ત્વ માને જ નહીં. ભલે મોક્ષ માને તો તે અભવ્ય હોય નહીં. આટલું છતાં તેને નિરૂપણ તો નવ તત્ત્વોનું કરવું પડે. એક અક્ષર આડો બોલનારને શાસનમાં સ્થાન અપાય નહીં. પદો કે શાસ્ત્રો ઉથલાવે તેને પણ જૈન શાસનમાં સ્થાન નહીં. અક્ષર ઉથલાવે તેને પણ શાસનમાં સ્થાન નથી. તે વાત આપણે જમાલિમાં સમજી શકયા છીએ.

જમાલિ ૫૦૦ રાજકુમાર સાથે દીક્ષા લેનાર હતા. જેની સ્ત્રીએ પણ હજાર રાજકુંવરીઓ સાથે દીક્ષા લીધી છે, આવા જમાલિને એક અક્ષરના ફેરમાં શાસને ફેંકી દીધો ! શાસન બહાર કાઢી નાખ્યો ! શાસન આમ મજબૂત, સહનશક્તિમાં-પ્રવૃત્તિમાં મજબૂત, પણ પ્રરૂપણાની બાબતમાં તદ્દન કોમળ ! શાસનમાં એક પદનો, કે અક્ષરનો ફેર આ શાસન નહીં કરે, તેથી જ અભવ્યને માન્યતા નહીં છતાં પ્રરૂપણા નવે તત્ત્વની કરવી પડતી. અભવ્યને પણ જિનેશ્વરોએ આમ કહ્યું છે, તેમ કહીને નવેય તત્ત્વો દેખાડવાં જ પડે.

આપણે નવ તત્ત્વ શીખીએ, બીજાને તે સમજાવીએ. આપણો આત્મા આશ્રવ-બંધનીભયંકરતા અને સંવરનિર્જરાની ઉત્તમતા ન સમજે, ત્યાં સુધી આપણે પણ તે તત્ત્વો બોલીએ તેમાં શું ? છોકરો સંગ્રહણી બોલે છે, પણ પોતાને તે રોગ થયો છે તેની ભયંકરતા તેના ખ્યાલમાં નથી ત્યાં સુધી દવા ને દાક્તરની કિંમત બાળકના ખ્યાલમાં આવે નહીં.

તેમ અહીં જીવને સમ્યક્ત્વની કિંમત કયારે ખ્યાલમાં આવે?

અનાદિ સંસારચક્રનું ભયંકરપણું ન સમજે. ત્યાં સુધી તેને સમ્યક્ત્વની કિંમત ન સમજાય. ભટકવું ભયંકર છે, તે ન સમજે ત્યાં સુધી સમ્યક્ત્વની ઉત્તમતા ન આવે, તેમ સમ્યક્ત્વરૂપી ઔષધ દેનાર વૈદ્ય સમાન જિનેશ્વર દેવ ઉપર આદર થાય નહીં.

બાળકો કે મોટા પણ કેટલાક એવા હોય કે દવા ફેંકી દે છે. કેમ ? દરદની ભયંકરતા ખ્યાલમાં રહી નથી. તેથી દવાનો, તથા વૈદ્યનો તે ગરજી નથી બનતો. દરદની ભયંકરતાવાળો દવાનો અને વૈદ્યનો બરોબર ગરજી હોય તો તે કહે તેમ કષ્ટ સહન કરે, અને ચરી પાળે છે. જે મનુષ્ય દરદની ભયંકરતા નથી સમજતો તે ચરી પળાવવાવાળા વૈદ્યને વૈરી ગણે. દરદની ભયંકરતા નહીં સમજનારો વૈદ્યઉપર ઇતરાજીવાળો થાય.

આપણને રોગ, શોક, જન્મ, જરા, મરણ વગેરેની ભયંકરતા ખ્યાલમાં ન આવે ત્યાં સુધી વીતરાગદેવ તે બાળકની માફક ફેંકી દેવાલાયક થાય. અનાદિનાં ચક્કર-ભ્રમણને તથાપ્રકારે ખરાબ નથી ગણતા એટલે ગુરુમહારાજ હોય તો ધર્મ કરીએ, અને ગુરુમહરાજ ગયા એટલે ચરવળો, કટાસણા અભરાઈએ મેલીએ. દવા કેટલાંક બાળકો માબાપની હાજરીમાં લે, તે આડાઅવળા ગયાં તો ઢોળી દે, ગુરુમહારાજની હાજરીમાં ધર્મ કરે, પણ તે વિહાર કરે તો પછી ઉપાશ્રયે પણ ન આવે.

હજુ આપણી છોકરમત નથી ગઈ. કારણ શું ?

જેમ બાળકને દરદની ભયંકરતાની જાણ ન હતી, તેમ આ આત્માને પુદ્ગલની પરાધીનતા, ઇન્દ્રિયની અધમ દશાની હજુ જાણ થઈ નથી. જેમ પુદ્ગલના દરદને અંગે ભયંકરતાની ખબર પડે, પછી ડોકટરે એક વખત દરદ અંગે દવા અને ચરી બતાવી, પછી તે દવા અને તે ચરીને આપણે છોડતા નથી. એક વખત મુનિ મહારાજનો

યોગ મળ્યો પછી આખી જિંદગી ધર્મમાં તન્મય થવાનું. પ્રાચીન કાળના મનુષ્યોને ઇન્દ્રિયની ભયંકરતા ભાસી હતી.

એક જ વખત સારા ડોકટરે દરદની પરીક્ષા કરી હોય, પછી ડોકટર ઘેર જાય તો પણ દર્દી દવા ને ચરી બરાબર પકડી રાખે. પ્રાચીન કાળમાં એક વખત મહાપુરુષનો યોગ થયો, તેમણે જે ધર્મ કહ્યો તેની અસર થઈ. તે જિંદગી સુધી ન ભૂલે. તે માટે જ કહે છે કે અનાદિ-કાળના ચક્કરમાં આપણે રખડ્યા, હવે ભયંકરતા ભાસે તો નવી ભોગવવાનો વખત ન આવે.

આ સમજશો તો સમકિત શી ચીજ છે તે સમજાશે. અનાદિ ભવચક્રમાં આ જીવ પીલાયો નથી તેથી પોતાનાં સ્વરૂપને ઓળખી ન શકયો. હવે ભગવાન જિનેશ્વરરૂપી વૈદ્ય મળ્યા, તે વૈદ્યે ભાન કરાવીને દવા આપી. દરદ માત્રમાં કોઠો ચોખ્ખો કરવો જ પડે. કોઠાની દરકાર નહીં ને દવા કરવી એમ ન કરાય, તેમ મોક્ષ મેળ-વવા માટે જે અનુષ્ઠાન હોય તેમાં અનાદિનો ભવભ્રમણનો ડર રાખવાનો છે. **અનાદિનું ભવભ્રમણ ટાળવાનો ડર દરેકને હોવો જ જોઈએ.**

નિરાશંસપણે તપ કરવો

તમે ભલે તપસ્યા કરો. પણ હું કહું છું, કે આલોક–પરલોક, કીર્તિ, વર્ણ, પ્રશંસા માટે તપ ન કરો. અહીં એક વાત ધ્યાનમાં રાખજો. અહીં નિષેધ શા માટે કરાય છે ? તેમાં કર્મક્ષયનો મુદ્દો છે, નિર્જરાનો મુદ્દો હૃદયમાં રાખી જરૂર તપ કરો. આલોક, પરલોક, કીર્તિ આદિ માટે તપ ન કરો. કર્મની નિર્જરા માટે તપ કરવાનો.

સર્વ તપ આચારની જડ કઇ ?

અનાદિથી રખડનાર કર્મો નાશ કરવો. સંવર અને નિર્જરાના અર્થી ન બનીએ ત્યાં સુધી કર્મનાશનો પંથ કયાંથી ? કોઠો ચોખ્ખો ન હોય ને બહાર લેપ કર્યે જવાય તો ? બસ ઉપર લેપ કરીએ પણ અંદર કોઠો સાફ ન હોય તો લેપ અસર ન કરે. તેમ સંવરની સુંદરતા અને આશ્રવની અસુંદરતા ન સમજાય તો પછી ગમે તેટલું તપ, સંયમ કરાય તોય તેની કિંમત નથી. જડ પદાર્થને આશ્રવબંધ નથી.

આશ્રવબંધ જીવને–ચેતનને, છે. પરંતુ એ બે કોણ છે ? તે બે કર્મ રાજાના જાસૂસ છે, આત્મામાં રહ્યા છતાં પોષણ કર્મરાજાનું જ કરે છે.

આત્માના ખરા શૂરા સરદાર ભાયાત હિતૈષી કોણ ?

સંવર અને નિર્જરા. એ બે જ આશ્રવો રોકે, કર્મનું નિકંદન કરે. એ જ આપણને મોક્ષ દેવડાવનારા છે, આ બુદ્ધિ થાય ત્યારે જ ધર્મ સમજ્યો ગણાય.

આશ્રવબંધનું જાસૂસીપણું

કબજો અને માલિકી છતાં વ્યવસ્થા કરવાનો હક્ક સમજણ વગર મળતો નથી. નાનાં છોકરાને મોતીનો નેકલેસ પહેરાવ્યો. હવે નેકલેસ, તેના કબજામાં છે તેની માલિકી છે છતાં કોઈને તે આપી શકે ખરો ? તેની કિંમત ન સમજતો હોવાથી તેની વ્યવસ્થા કરવાનો હક્ક તેને નથી.

આશ્રવ અને બંધ બંને આપણા આત્મામાં રહ્યા છે, એ હિત કરે છે કે અહિત કરે છે ? તે ન સમજાય ત્યાં સુધી આપણને તેની વ્યવસ્થા કરવાનો હક્ક નથી; માટે જ આશ્રવબંધનું જાસૂસીપણું ને સંવર ને નિર્જરાનું શૂરવીર હિતસ્વીપણું ન સમજાય ત્યાં સુધી સમકિત ન થાય.

પથારીમાં પડેલો માંદો મનુષ્ય કુંવારો હોય, દરિદ્ર હોય, છતાં તે બૈરી કે નાણાં ન માગે; માત્ર જીવન માગે. તેમ અહીં અનાદિથી વ્યાધિગ્રસ્ત, મોક્ષ જ માગે ત્યાં સમકિત. તેમ અહીં જેમને દેવલોક, ચક્રવર્તીપણું, વાસુદેવપણું એકે ગમતું નથી. તેમને માત્ર મોક્ષ જ ગમે છે. સંવર અને નિર્જરા, મોક્ષના મદદગાર છે; માટે એ જ મારા હિતૈષી.

બંધ અને આશ્રવ એ બે જ મારું નુકસાન કરનારા નિમકહરામ છે. તેઓ રહે આત્મામાં અને આત્માને ઊંધે માર્ગે પ્રવર્તાવે ! આ બે આત્માની ભેગે રહેનારા છતાં આત્માનું કાસળ કાઢવાનો ધંધો કરનારા ! તેને નિમકહલાલ ન ગણાય. તેમ આત્મામાં રહેલા બંધ અને આશ્રવ. તેઓ રહે આત્મામાં–આત્મા સાથે રહે પણ તેઓ જ આત્માનું કાસળ કાઢે. જ્યારે સંવર અને નિર્જરા એ બંને નિમકહલાલ; માટે સંવર અને નિર્જરા તરફ આદર થાય,

આવેલું સમકિત ટકાવી રાખો

મોક્ષ સાધ્ય ગણે તો જ સમકિત, પરંતુ શાસ્ત્રકાર કહે છે કે–એવું સમકિત આવ્યા છતાં એ સમકિતને ટકાવી ન શકીએ તો શું થાય ? ચોખા ચડતાં કેટલી વાર ? આંધણ તૈયાર હોય તો પા કલાક. આંધણ તૈયાર ન હોય તો અડધો કલાક. એક બાઈએ તપેલી ચૂલે ચડાવી. એક મિનિટ પછી નીચે ઉતારી, પાછી ચૂલા ઉપર મૂકી. ચૂલો ચાલતો રાખ્યો. એમ સાઠ વખત મૂકી, તે ચોખા ચડે ખરા ? ત્રીસ મિનિટને બદલે સાઠ મિનિટ ચૂલે મૂકી છતાં ચોખા કેમ ન સીજ્યા ? અર્ધા કલાકે ચોખા ચડે, નિરંતર અગ્નિ ઉપર રહે તો ચડે. ચડ–ઊતર કર્યા કરવામાં ચોખા ન ચડે. ચોખા તદ્દન પોચા અને વહેલા ચડવાવાળા છે, તેથી દાખલો આપ્યો.

પોચા ગણાતા ચોખા પણ તપેલી સ્થિર રહે તો જ ચડે. ચોખા ચડવાનું સ્થિરતા વગર ન થાય, તો તમારે આશ્રવ અને બંધને હરામખોર તરીકે સાંભળતી વખતે ખરાબ માન્યા, પણ પછી ? બીજી વખત સાંભળ્યા તો વળી ધ્યાન પર આવ્યું કે–આશ્રવ અને બંધ હેરાન કરનારા છે. આમ વાત ગઈ અને વાત આવી. તેમાં કંઈ ન વળે. આશ્રવ અને બંધને અંગે હરામખોરી સમજ્યા છો, તે મગજમાંથી ખસવી ન જોઈએ. ખાવા–પીવા, હરવા–ફરવા વગેરે ચાહે તેમાં હો, પણ તે વાતો મગજમાંથી ખસવી ન જોઈએ.

તમને દુનિયામાં કોઈ બનાવી ગયું હોય પછી તે બાબતનો નિકાલ પણ થઈ ગયો હોય–ચોખવટ પણ થઈ ગઈ હોય, છતાં કીન્નો મગજમાંથી જતો નથી; તેમ બંધ અને આશ્રવની કીન્નાખોરી મગજમાંથી ન ખસે ત્યાં સુધી સંવર અને નિર્જરા મારો ઉદ્ધાર કરનાર–હિત કરનાર એમ મગજમાં આવે નહિ. એ વસ્તુ મગજમાં આવે ત્યારે સમકિત થયું સમજવું

પરના ઉપકાર પામેલ મનુષ્યના મગજમાંથી ઉપકાર નીકળે ખરો ? જો પર ઉપકાર ન ભૂલીએ તો નરક નિગોદ માટે આયુષ્ય બાંધવા તૈયાર થએલો હોય, તેવા આત્માને છેલ્લે ટાંકણે સંવર–નિર્જરાનો સાથ મળ્યો. તે સંવર અને નિર્જરાએ બાંધેલાં આયુષ્યને રગદોળીને

તે આત્માને મનુષ્ય–દેવનું આયુષ્ય બાંધતો કર્યો. આવા અણી વખતે–દુઃખ વખતે આધાર થનારા આવા સંવર અને નિર્જરાને મગજમાંથી કેમ વીસરી શકાય ? આશ્રવ અને બંધનું જાસૂસીપણું વીસરે નહીં અને સંવર અને નિર્જરાનું હિતૈષીપણું મગજમાંથી વીસરે નહીં, તેનું નામ સ્થિરતા. આમ બુદ્ધિથી સ્થિરતા થઇ હોય તે બરેબર બીજાની આંખ ઉઘાડી શકે.

સુબુદ્ધિ પ્રધાને સમજાવેલ ઇષ્ટાનિષ્ટ સ્વરૂપ

એક રાજાને સુબુદ્ધિ નામનો પ્રધાન પરમાસ્તિક હતો. સ્વપ્નમાં પણ જેને આશ્રવ–બંધનું ભયંકરપણું અને સંવર–નિર્જરાનું હિતૈષીપણું બસ્યું નથી. જેઓ આશ્રવ–બંધને બરાબ ગણે તેઓ તેવા આશ્રવ–બંધથી નીકળી ગયેલાઓને મહાપુરુષ ગણે તેમાં નવાઈ શી ? અરિહંત મહારાજા કર્મના આશ્રવથી નીકળી ગયેલા, સંવરના સ્રોતમાં સ્નાન કરેલા, એવા તરફ ઝૂકે તેમાં નવાઈ શી ? સુબુદ્ધિ પ્રધાન વિચારે છે કે–જે રાજાનું લૂણ ખાઉં, તેનું હિત ન કરું તો કેવું કહેવાય ? જેને હું હિત માનું છું, તેવું હિત મારે તેનું કરવું જોઈએ. આ હિત દુન્યવી નહીં પણ વાસ્તવિક હિત હોવું જોઈએ.

સંગ્રહણીના દરદવાળાને લાડુ પેંડા અપાતા નથી. કારણ ? તેને લાડુ–પેંડા–વાસ્તવિક હિતકર નથી. તમારે નાનું બાળક છે. તમે તેના પાલક, તેમજ તેના જ આધાર તમે છો. બાળક રડે છતાં તમે તેને લાડવા ન આપો તે શા માટે ? તેના હિત માટે. એ જ રીતે જગતના જીવો તો પુદ્ગલો મળે તો જ રાજી, પણ સંગ્રહણીના રોગવાળા બાળક માફક તે તેને નુકસાનકારી છે. કર્મરાજાએ મોકલેલી તે પાંચમી કતાર છે, એમ વિચારીને સુબુદ્ધિ ધારે છે કે–હવે રાજાને મારે હિતને રસ્તે લાવવો.

આ વિચાર પછી એક વાર રાજા, સુબુદ્ધિ પ્રધાન સાથે ફરવા નીકળ્યો છે. ગામ બહાર બાઈ આવી. મડદાં અને વિષ્ટાની દુર્ગંધ પ્રસરી રહી છે. આખું લશ્કર મુખે ડૂચો દઈ ઘોડા દોડાવી ગયું ! સુબુદ્ધિ પ્રધાન વિચારતો ચાલ્યો, તેને દુર્ગંધીનો ખ્યાલ નથી. પ્રધાને વિચાર કર્યોઃ રાજાને બરાબર આ રસ્તે સમજાવી શકાય તેમ છે. એ જ બાઈમાંથી પ્રધાને પાંચ–સાત ઘડા પાણીના મંગાવીને કોલસા, રાખોડીદ્વારા ગાળી

સંસ્કાર કરીને તે ગંદા પાણીને સરસ બનાવ્યું. સંસ્કારવાળું શીતળ, સુગંધી પાણી બનાવી રાજાને નિમંત્રણ કર્યું કે-મારા ઘેર પગલાં કરો-જમવા પધારો. રાજા આવ્યો. જમવા બેઠો. પાણીનો વખત થયો ત્યારે કરેલી સૂચના અનુસાર નોકરે પેલું પાણી આપ્યું.

અરે સુબુદ્ધિ! અરે....તું પાણીથી પાતળો થયો ? આવું પાણી તું દરરોજ પીએ છે ને મને દેખાડતો પણ નથી ! હું તને અળખામણો લાગ્યો ? સુબુદ્ધિ પ્રધાન સમજ્યો કે ગાડી રસ્તે આવી. પાણી પીતાં સારું લાગે છે, પણ ઉત્પત્તિ કહી તો સારું નહીં લાગે છતાં લાભ થવાનો ધારીને કહ્યું : 'મહારાજ, જે ખાઈ એથી તમે દોડી આવ્યા તે જ ખાઈનું આ પાણી છે, આ રીતે આ નિર્મળ કર્યું !' હવે રાજા ચમકયા ! તે જ આ પાણી ? છતાં આવું સુંદર થયું ?

રાજાને જ્યાં પ્રત્યક્ષ પારખું થાય ત્યાં બોલવાનો વખત રહે નહીં. પણ પ્રધાનને આ પ્રયાસ કેમ કરવો પડયો ? એ નહિ સમજવાથી રાજાએ પૂછયું કે-તમે આટલા પાણી માટે આટલી મહેનત કેમ કરી ?

પ્રધાને કહ્યું-એક જ કારણ, આ પુદ્ગલનું અનિષ્ટપણું થાય ત્યારે તમે 'ઉં ઉં' કરો છો અને ઈષ્ટપણું થાય ત્યારે વાહવાહ, હાં.... હાં કરો છો. પરતું **कश्चिच्छुभोऽपि विषयः परिणामवशात् पुनर्भवति अशुभः। कश्चिदशुभोऽपि भूत्वा कालेन पुनः शुभीभवति। तस्मात् न विद्यते किञ्चिदिष्टमनिष्टं वा'** એ વસ્તુ તમારા લક્ષ પર લાવવી હતી. પાંચ પકવાન થાળમાં સુંદર દેખાય, પણ તે જ પકવાન ચાવતી વખતે, સામું ચાટલું રાખો તો ગળે પણ ન ઊતરે.

શરીર એટલે અશુચિકરણ યંત્ર

અશુચિકરણ યંત્રમાં ખોરાક દાખલ થયો. પદાર્થ ખરાબમાંથી સારા બનાવે તેવાં યંત્રો હોય. પણ સારા પદાર્થને હલકા બનાવનાર યંત્ર જો કોઈ હોય તો આ શરીર છે. અનાજની વિષ્ટા, પાણીનો પેશાબ, કસ્તુરીનો કચરો કરનાર આ શરીર છે. એ જ પકવાન વિષ્ટારૂપે થયાં, ત્યારે દુર્ગંછા થાય તે જ ખેતરમાં શાક તૈયાર થયું. પછી પૈસા ખરચી લેવા તૈયાર થાય.

આ જીવ ઇષ્ટ હોય ત્યારે તે જ પદાર્થો પ્રત્યે રાગ અને અનિષ્ટ હોય ત્યારે તેજ પદાર્થ ઉપર દ્વેષ કરે છે. સારો થાય તો ખુશીમાં આવે, નઠારો થાય તો નાખુશ થાય. ઇષ્ટપણે હતા એના એ પુદ્ગલો અનિષ્ટપણે પરિણમે. આ ખ્યાલ લાવવા માટે આ પ્રયત્ન કરવો પડ્યો. આ રીતે જ્યારે જીવાદિક પદાર્થો સમજાવ્યા ત્યારે રાજા સમકિતી થયો. પુદ્ગલનું ઇષ્ટાનિષ્ટપણું તે કર્મરાજાની પાંચમી કતાર છે.

એક ફકીર, પાદશાહ પાસે આવ્યો. પાદશાહ વર્ણે કાળો છે. અરે.... કોલસા ! ફકીરે પદશાહને કોલસો કહીને બોલાવ્યો. તેને ક્રોધ ચડ્યો. ફકીરને કહ્યું–કયું તણુતણુતા હૈ ?

ફકીરે કહ્યું, કોલસા જ તણુતણુ થાય. પાદશાહે દેખ્યું કે આ ફકીર, છે હું પ્રાંતનો માલિક છું. આ બધે ઘુમવાવાળો છે તેને હું શું કરીશ ? રિદ્ધિવાળાને દંડ થાય. દ્વેશનો હોય તો દ્વેશનિકાલ કરું, કેદમાં નાખું તો તેને ભટકવું મટ્યું. આવા ફકીર બોલિયાની ઉપર બીજો વિચાર કરીએ તે ઠીક નહીં અને પાદશાહ ઠંડો પડી ગયો.

અહીં એ ઉપનય લેવાનો કે–તણુતણુતા રહો તો પણ કોલસો, ધીમતા રહો તો પણ કોલસો. આ પુદ્ગલ સારું રૂપ કરીને ખેંચે તો પણ ખરાબ–પાંચમી કતાર દ્વેષ દ્વારા ખાડામાં નાખે તો પણ પુદ્ગલ છે. તે પાંચમી કતાર છે, માટે હે રાજન્ ! પુદ્ગલના અનુકૂળ–પ્રતિકૂળપણાએ આત્માને દોરવાનું હોય નહીં.

આત્માને પોતાના સ્વરૂપમાં રાખવો તેનું નામ સમકિત- આવું સમ્યક્ત્વ ઉત્પન્ન થયા છતાં એક વાત ધ્યાનમાં રાખવી કે–દરિયામાં મુસાફરી કરનારો દરિયા વચ્ચે (જહાજ) છોડે તો શું થાય ? મિથ્યાત્વમાં રહેલો જીવ જેટલું પોતાને, દુનિયાને નુકસાન કરે તે કરતાં સમ્યક્ત્વ પામી, ધર્મ પામી, ધર્મથી ખસવાવાળો સજ્જ, નુકસાન પામે.

સમ્યક્ત્વનું પ્રથમ ભૂષણ

તમારામાંથી વટલેલા તે ભરદરિયે જહાજ છોડાવાવાળા જેવા છે. તમે સમકિત એટલે ઉત્તમ ખાનદાનીવાળા. બાપે ઉપધાન કરાવ્યા તેવી છોકરી બોલવા લાગી કે–મારા બાપે મને ડૂબાડી ! એટલે તમને થાય કે–આવાં સંતાનો ? ધર્મને અને કુળને ધક્કો લાગ્યો. તે વખતે દુનિયામાં

શું થાય ? ભરત ચક્રવર્તીએ છ ખંડ સહેલાઈથી જીત્યા. તે ભરતને બાહુબળને જીતતાં બહુ મુશ્કેલી પડી. ! બાહુબળજી આગળ પાંચ પાંચ વખત હાર ખાધી.

ધર્મી ગણાવા લાગેલા એવા ધર્મથી પતિત થાય, અધર્મમાં જાય તેવા અધર્મનું જે પોષણ કરે તે અકથનીય છે. આરોપીનો સંબંધી સાક્ષી પૂરી જાય, તો કોર્ટ શું ગણે ? સમકિતી ધર્મી ગણાયેલો એ જ્યારે ઊલટો થઇ આડું બોલવા લાગે, તો દુનિયામાં શું ગણે ? માટે આ સમ્યક્ત્વને-ધર્મને એક વાત સચોટ રાખવાની છે કે સમકિતવાળો સ્થિરતાના ગુણવાળો હોવો જોઈએ. નહીંતર દુનિયાના સમ્યક્ત્વને બગાડે . જન્મનો મિથ્યાત્વી જેટલો ધર્મને નહીં બગાડે તેના કરતાં સમકિતમાંથી નીકળી જે મિથ્યાત્વી થાય તે બહુ નુકસાન કરનાર થાય.

તમારો ભાગીદાર તમારા ઘરાકમાંથી લૂંટ પાડે તેવી લૂંટ બીજો નહીં પાડે. આ વાત ખ્યાલમાં લેશો ત્યારે સમ્યક્ત્વના ભૂષણની કિંમત જણાશે. સમ્યક્ત્વનાં પાંચ ભૂષણો જણાવતાં **સમ્યક્ત્વનું પ્રથમ ભૂષણ-સ્થિરતા.** બાઈ રૂપાળી હોય પણ લૂંગડાંલત્તા ઘરેણાં વગરની હોય તો સજ્જનને મોં ફેરવવું પડે. સમ્યક્ત્વ સ્થિરતા વગરનું હોય તો કઢંગુ. સમ્યક્ત્વને અંગે લુંગડાંલતાં ઘરેણાં ગણો તો તે સ્થિરતા છે. આદમી લુગડાં ઘરેણાંવાળો હોય તો દૃષ્ટિ કરવા લાયક. એ લુગડાં કાઢીને બેઠો હોય તો આપણે તે રસ્તો છોડી દેવો પડે, તેમ સમ્યક્ત્વ સુંદર મોક્ષનો માર્ગ પણ જો તે સ્થિરતા વગરનું હોય તો તે કઢંગી દશાનો આદમી કહેવાય.

સમ્યક્ત્વ કયારે યોગ્ય ગણાય ?

સ્થિરતારૂપી આભૂષણ હોય તો જ સમ્યક્ત્વ પ્રશંસવા લાયક છે, માટે "**સ્થૈર્ય**" એ સ્થિરતા કર્યા છતાં એક નિયમ છે કે 'ખાનેકા સ્વાદ દુસરેકું બીલાવ.' બીજાને જમવા બોલાવ્યા હોય તે પ્રશંસા કરે તો જ ખાવાનો સ્વાદ, એમ સમકિત સુંદર લાગ્યું–ગમ્યું પણ બીજાને તેવો તૈયાર કરો. તે કયારે બને ? પ્રભાવના થાય ત્યારે.

આથી **સમ્યક્ત્વનું બીજું ઘરેણું પ્રભાવના.** જગતમાં પ્રભાવના લાણી કરો તેમાં ધર્મની યશકીર્તિ કેવી વધે છે ? અહીં પતાસા, બદામ, લાડવાની પ્રભાવના નહીં પણ શ્રદ્ધાની લાણી સમજવાની છે. તે

લાણી કરો. કેટલાકો એવા હોય કે 'ઢોલ વગડાવ્યા તેમાં શું ?' એવા બિચારાને ખબર નથી કે–જેટલો જીવો ધર્મને વખાણવાવાળા થાય, જેટલા જીવો ધર્મની કિંમત–બહુમાન કરનારા થાય, તેટલા અને તેવા જીવો છેવટ આવતા ભવે તો સમ્યક્ત્વ પામે, આપણે સમકિતનું દાન કરનારા થઈએ છીએ.

એક મનના છતાં ધર્મ સાંભળી ભિન્ન મનના થયા !

એક જગ્યાએ બે મિત્રો છે. તે એવા છે કે–સાથે જમનારા, અને સાથે દેશાંતરે જનારા. પણ આ બે મિત્રો એવા છે કે–" અહીં એકનું મન જે થાય ત્યાં બીજે બીજે ઠેકાણે રહેલો હોય તેને પણ તે જ વિચાર આવે.–તેવું જ મન થાય. " મિત્રોની સ્થિતિ તપાસો તેથી લોકોએ તેમનું નામ ' એકમનિયા ' પાડ્યું. કોઈક વખત બંને તીર્થંકર પાસે આવ્યા. તેમણે તેમની દેશના સાંભળી. સાંભળતાં સાંભળતાં એકને ધર્મ રુચ્યો. બીજાને ન રુચ્યો.

બંને વિચારે છે કે "આપણે બંને એક મનવાળા હોવાથી જિંદગીમાં કદાપિ મનમાં ભેદ પડ્યો નથી છતાં અહીં ભેદ કેમ પડ્યો ? 'ચાલ પાછા. પાછા વળીને તેઓએ તીર્થંકરને પૂછ્યું કે, 'અમો અભિન્ન મનવાળા છતાં દેશનામાં અમને કેમ ભેદ પડ્યો ?'

ભગવંતે ખુલાસો કર્યો કે, "તમે બંને પૂર્વભવમાં ચોરનો ધંધો કરતા હતા. એક વખત ચોરી કરવા જતાં શુકનમાં સાધુ મળ્યા ત્યારે એકે વિચાર્યું કે, 'બીજા છે તેવા આ પણ મનુષ્યો છે. મુંડીયો અપશુકનીયો છે.' બીજાએ વિચાર્યું કે, 'આ સાધુ મહાત્મા છે.' આ પ્રમાણે ત્યાં બંનેને વિચારભેદ થવા પામ્યો. આ વિચારના ભેદથી આ ભવે અહીં દેશનામાં તું ધર્મ પામ્યો અને એ ધર્મ ન પામ્યો...." ચોરી કરવા જતાં સામા સાધુ મળ્યા તેથી હરખાય તેને ધર્મની સુલભતા થાય.

પૂજા-પ્રભાવના દેખી હર્ષ થાય તેવાને બીજા ભવમાં ધર્મપ્રાપ્તિ સુલભ થાય, તેમાં નવાઈ નથી. **પ્રભાવના** બીજું ભૂષણ જ જણાવ્યું. હવે પ્રભાવનાઘરેણું કેટલું કાર્ય કરનાર થાય છે તે અગ્રે–

અનુમોદનના પ્રકાર

દેશના ૧૯

[સં. ૨૦૦૦ ફા. વ. ૭)) નેમુભાઈની વાડી, સુરત]

પ્રશંસા-અનિષેધ-સહવાસ એ અનુમોદનના પ્રકાર છે.

શાસ્ત્રકાર મહારાજા, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે-જગતના વ્યવહારમાં શ્રીમંતાઈને કે ઊંચા કુળને શ્રીમંત કે ઊંચા કુળ તરીકે જોવાય છે. તેઓ તરફ હિત થવાની બુદ્ધિએ જોવાય છે. તેમની તરફ જેવી લાગણી થાય તેવી લાગણી કે મીઠી દૃષ્ટિ અહિત જોવાવાળા, રિદ્ધિવાળા, કે કુળવાળા તરફ થતી નથી. મહારિદ્ધિવાળો હોય-ચાહે જેવો કાર્યકર દેહો હોય, પણ વફાદાર ન હોય તેને જાસૂસ ગણાય છે. તે પ્રજાજન ગણાતો નથી.

આત્માને અંગે વિચારીએ તો વફાદાર કોણ? અને બીનવફાદાર કોણ? આત્માના હિતને જ જુએ તે વફાદાર અને પુદ્ગલના હિતને જ જુએ તે બીનવફાદાર. પુદ્ગલના હિતને જ જુએ તે ચેતનમય આત્માની અપેક્ષાએ કર્મરાજાની પાંચમી કતાર સમજવી. તે કતાર મારફત કર્મરાજા, આત્માની ઉપર પોતાનો પગદંડો જમાવે છે.

જગતમાં મનુષ્યોના જેમ આર્ય અને અનાર્ય પ્રજા તરીકેના બે વર્ગો છે, તેમ જગતની અંદર-૧૪ રાજ લોકની અંદર પણ બે જ વર્ગ છેઃ જડ અને ચેતન. જગતના પદાર્થોના આ બે જ વર્ગો છે; જડ અને ચેતન. તેમાં કર્મરાજા જડ પુદ્ગલો દ્વારા જ બીજાઓને નિર્બળ કરે છે. બીજાઓમાં બળવો જગાવવો, તેમને બેવફા કરવા, તે બધું તેનું કામ. પુદ્ગલ જ કર્મરાજાની પાંચમી કતારનું કામ કરે છે. સારા સ્પર્શવાળા, સારા ગંધ-રૂપ-રસ-શબ્દવાળા પુદ્ગલો જીવને મૂંઝવે, તેમ ખરાબ સ્પર્શવાળા પુદ્ગલો દ્વેષ કરીને આત્માને બંને પ્રકારે મૂંઝવે. ઈષ્ટ પુદ્ગલો કે અનિષ્ટ પુદ્ગલો રાગ કે દ્વેષ દ્વારા આત્માને કર્મ આધીન કરી મૂંઝવે. આ વસ્તુ સમજવી તેનું નામ સમકિત. સમકિત વસે તેને આવી માન્યતા થાય.

આત્માથી પુદ્ગલો કેવા ભિન્ન છે, તેમજ તે બંનેની કેવી વિચિત્રતા છે, તે સમકિતીને ખ્યાલમાં આવે, આત્માની શુદ્ધિ માટે કૃતનિશ્ચયી થાય અને કર્મસત્તાની સામો પડેઃ ત્યારે જ સમકિત થાય. જ્ઞાતાસૂમાં કહ્યું છે કે-જિતશત્રુ નામનો રાજા છે. સુબુદ્ધિ નામનો સમકિતી પ્રધાન છે. તે પૂરો સમકિત છે.

શ્રાવકોને ત્રિવિધ પચ્ચક્ખાણ હોતાં નથી. સામાયિક કરો તેમાં 'દુવિહં-તિવિહેણ' બોલો છો. કેટલાકો 'દુવિહં-તિવિહં' નો અર્થ સમજતા નથી. તેમ પોસહ, સામાયિક કે પૂજા કરતો હો, તે વખતે તમે સીવીલડેથમાં નથી. સામાયિક કર્યા પછી પહેલાંની ઉઘરાણી કરી શકે. 'હું માગું છું, મારા આપ'. પણ તું તો હમણાં જ **सावज्जं जोगं पच्चक्खामि** કહીને બેઠો હતો. પાપવાળા વેપારનો ત્યાગ કર્યો હતો, તો 'હું માગું છું.' એ કયાંથી આવ્યું ?

તો સમજો કે-શ્રાવક સામાયિક-પૌષધ-ઉપધાન વગેરેમાં બેસે, પણ લેણદેણની બાબતમાં તે મરણ નથી પામ્યો. માલિકી-કબજો નથી છોડ્યો. ભલે **'समणो इव सावओ'** સાધુ જેવો ગણાતો હોય છતાં માલિકીને કબજો નથી છોડ્યો. સાધુ દીક્ષા લે તે દિવસે દેવાને માટે, લેણ-દેણને માટે મરી ગએલો. અનુમોદનનો પણ ત્યાગ. આપણામાં અનુમોદના નો પ્રસિદ્ધ અર્થ છે. 'વખાણવું નહીં,' પણ તેનું સ્વરૂપ સમજ્યા નથી.

દયાના દુશ્મનો

તેવું સ્વરૂપ દયાના દુશ્મનોએ (તેરાપંથીઓએ) દાખલ કર્યું છે. કેમકે-એ બિચારાને ખ્યાલ નથી. પણ તારે તો (તેરાપંથીઓને) આગળ પણ પંચાત છે. તારા (તેરાપંથીના) હિસાબે તો જીવ મારે તો એક પાપસ્થાનક, અને જીવ બચાવે તો ૧૮ પાપ સ્થાનક લાગે. તો 'હવે હું હિંસા ન કરું,' તે પ્રતિજ્ઞા કરનારે કેટલાં પાપસ્થાનકો છોડ્યાં ? એક કે અઢાર ? જો એક છોડ્યું તો તેણે તો ૧૮ને નોતર્યાં ! હિંસા ન કરવામાં, બચાવવામાં ૧૮ પાપસ્થાનક લાગે !

જીવ ઉપર પગ મૂકે તો ૧ પાપસ્થાનક, જીવ ઉપરથી પગ ખેંચી લે તો ૧૮ પાપસ્થાનક લાગે ! પોતાના પાણીમાં કીડી પડે તો શું

કરે? જો કાઢે, તો ૧૮ પાપસ્થાનક લાગે. જીવતાં ન કાઢે તો મારીને કાઢે એમ? અને બચાવે નહિ તો હવે 'હું હિંસા ન કરું' એ પ્રતિજ્ઞા ક્યાં રહી? જીવતા ન કાઢવી એટલે મારવી.

તેરાપંથી સાધુના પાણીમાં કીડી પડી, તેરાપંથીના ભોજન ઉપર કીડીઓ ચડી તો કીડીવાળું ખાવું કે કીડી ઉતારીને ખાવું?

કહે, તેરાપંથીની અપેક્ષાએ હિંસા ન કરું, તેવી પ્રતિજ્ઞાવાળા દરેકને ૧૮ પાપસ્થાનક લાગે. હિંસા ન કરું તેવી પ્રતિજ્ઞા લેનારો, હિંસાની પ્રતિજ્ઞા લઈ જગતના ૧૮ પાપસ્થાનકો વહોરે છે. જ્ઞાતાસૂત્રમાં મેઘકુમારનો દાખલો છે. તેણે હાથીના ભવમાં સસલાની અનુકંપા કરી તો તેરાપંથીના મતે તો તેણે સસલાના ૧૮ પાપસ્થાનકની અનુમોદના કરી, તો તેને પરિણામે તે હાથીનો જીવ નરકે કે તિર્યંચે ગયો? સૂત્રકાર તો કહે છે કે તે જીવ મેઘકુમાર થયો. તેણે પ્રાણભૂત સત્ત્વને બચાવ્યો તેનું 'આ મેઘકુમાર થયો તે ફળ.' એમ કહે છે. જો ૧૮ પાપસ્થાનક જીવ બચાવવામાં લાગ્યા તો તે હાથીનો જીવ નરકે કેમ ન ગયો?

હવે મૂળ 'અનુમોદન' અંગે વિચારીએ. પ્રશંસા દ્વારા, અનિષેધ દ્વારા અને સહવાસ દ્વારા એમ ત્રણ પ્રકારે અનુમોદના હોય છે. પ્રશંસા કરવી એ અનુમોદના. સહવાસમાં રહી કરેલાં ફળોની છાયા આપણે લઈએ તે **સહવાસ દ્વારા** અનુમોદના અને નજર તળે કરતો હોય તેનો નિષેધ ન કરીએ તો તે **અનિષેધ** અનુમોદના. તે ત્રણને બદલે તારા (તેરા૦ના) હિસાબે નથી કર્યું, નથી કરાવ્યું, નથી પ્રશંસ્યું-વખાણ્યું', એ ત્રણ પ્રકાર લેશો તો આગળ જણાવ્યા પ્રમાણે તે ત્રણ પ્રકારમાંના સહવાસ અને અનિષેધ એ બે પ્રકાર તમને લાગશે. એટલે કે જો તમે હિંસાનો નિષેધ ન કરો, તો અનુમોદના લાગશે. એમ ન થવા માટે તારે (તેરાપંથીએ) તો હિંસાનો નિષેધ કરવો જોઈએ. નહીંતર હિંસાની અનુમોદના લાગી જાય, અને એમ થાય એટલે તારું (તેરા૦)નું ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ ક્યાં ગયું?

મહાવ્રતના નામે જગતની દયાના દુશ્મન બનનારા તેઓને એ રીતે એક અનુમોદના છૂટી મૂકીને મહાવ્રતના નામે ફરવું છે! મહાવ્રતો માનવાં-પાળવાં નથી ને દુનિયાને દયાની દુશ્મન બનાવવી છે! તેવાઓ સહવાસ અને અનિષેધને અનુમોદનનો પ્રકાર બતાવી શકે નહીં. મૂળ

વાત ઉપર આવીએ. હિંસાદિકને આ શ્રાવકોથી ચાહે સામાયિક –પૌષધ–ઉપધાનમાં બેસે તો પણ ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ થતા નથી. પણ એક વસ્તુ એવી છે કે–જેમાં ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ કરી શકાય છે. કઈ તે ચીજ? તે છે મિથ્યાત્વનો ત્યાગ.

શ્રાવકે મિથ્યાત્વનો ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવો જોઈએ.

મિથ્યાત્વના ત્યાગના ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ કરવા જ જોઈએ. એ વાત ખ્યાલમાં આવશે ત્યારે પહેલાંના શ્રાવકો છોકરી પરણાવવી હોય તો પણ જૈનને પરણાવે; અન્યને નહીં. એ વાતનું રહસ્ય સમજાશે. સુભદ્રાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. એ સુભદ્રાની માંગણી બૌદ્ધ શેઠે પોતાના છોકરા માટે કરી હતી પણ સુભદ્રાના બાપે તે બૌદ્ધ હોવાથી ન આપી. **છોકરીને મિથ્યાત્વીમાં દેનારો છોકરીના જીવને ભવોભવ હણનારો, ખૂન કરનારો, જીવના એક ભવનો હણનારો છે.** આથી બૌદ્ધ ધર્મવાળાને તેણે છોકરી ન આપી. શાથી ન આપી? તે સમજો. નહીંતર છોકરી સાસરે જાય પછી બાપને શું?

પરંતુ ધ્યાન રાખવું કે–બાપ વિવાહને અંગે વિધાતા ન હોય–બાપ વિવાહ અંગે સમ્મત ન હોય, છોકરીના વિવાહમાં સહમત ન હોય તેવું આર્યથી કહી ન શકાય. તેથી કહ્યું કે બૌદ્ધમાં તો નહીં દઉં. અનિષેધ પણ હિંસાનું અનુમોદન છે. એટલે કે–બૌદ્ધને ઘેર જતી ન રોકું, એ વિચારમાં તો મને મિથ્યાત્વની અનુમોદના લાગે.

શ્રાવકે મિથ્યાત્વનો ત્યાગ ત્રિવિધ ત્રિવિધ કરવો જોઈએ. આથી સુબુદ્ધિ પ્રધાનને થાય છે કે–મારો રાજા મિથ્યાત્વી તેની હું સેવા કરું, તો એ ત્રિવિધ ત્રિવિધ મિથ્યાત્વનો ત્યાગ કેવી રીતે કરવો? મારા તે ત્રિવિધ ત્રિવિધ ત્યાગને કેવી રીતે જાળવવો?

એટલે ગંદા પાણીને સરસ બનાવી રાજાને પ્રતિબોધ પમાડ્યો. હવે રાજા, મુનિમહારાજનાં જ ગુણગાન કર્યા કરે છે. બીજા સન્માર્ગ પામે તેમાં ઉન્માર્ગીને ઈર્ષ્યા થાય છે. ઈર્ષ્યા એવી ચીજ છે કે બીજાની અવનતિએ પોતાનો ઉદય ઇચ્છે. અને પોતાના ઉદયથી પારકી અવનતિ ઇચ્છે. કેટલાક બીજાનો ઉદય–પ્રશંસા સહન ન કરી શકે.

પણ બીજાનું બરાબ થાય ત્યારે જ તેઓ રાજી થાય, તેવા પણ ઇર્ષ્યાખોર હોય છે. તેવા આત્માઓ, ફોટોગ્રાફના કાચ જેવા છે. રાજા, મુનિમહારાજનું વર્ણન વારંવાર કરે છે. ચારે બાજુ મુનિનું જ વર્ણન કરે છે. ઘુવડને મન સૂર્ય-ઉદય ન ખમાય તેમ ધર્મથી દૂર રહેલા, ધર્મના ઉદયને ન ખમી શકે.

રાજાએ કરેલું મુનિગુણવર્ણન સાંભળીને એક એવો માણસ નીકળ્યો કે-તે રાજાને નાસ્તિક કહે છે કે-"કર્મબંધનું-આશ્રવનું-ભવચક્રમાં ભમવાનું કારણ તો મન છે ? મન સ્થિર રહે તેમ છે નહીં, અને મન સ્થિર રહે નહીં એટલે મુનિમહારાજને ય તે અસ્થિરતા ભવચક્રમાં ભમવાનું કારણ ગણાય. મન સ્થિર ન હોય તો મહાવ્રત પાલન વગેરે થાય, તોપણ સરવાળે બધું મીંડું છે." નાસ્તિકે કેવી રીતે વાત ગોઠવી ? રાજાએ જે કહ્યું તે બધું કબૂલ, પણ નાસ્તિક કહે છે કે-મન વગર કંઈ ન બને, માટે મુનિપણું વગેરે તો બહારની રમત !' રાજાએ અહીં શું કરવું ? કારણ કે-નાસ્તિકનો તે દુનિયાદારીને બાધક પડદો છે.

મહાત્માના મન મોક્ષ તરફ ઢળેલા હોય છે, એ રાજાની માન્યતા છતાં-સાચું છતાં, સાચું પણ સાબિત કરવું બહુ મુશ્કેલ છે. હવે રાજાએ મહાત્માનાં મન સાબિત કરવાં શી રીતે ? રાજા અક્કલનો આંધળો ન હતો. એ નાસ્તિકનો એક પૂરો પહોંચેલો ગોઠિયો ઊભો કર્યો. એવો ગોઠિયો થયો કે-એક મોઢે બોલે. રાજાએ જનાનામાંથી અમૂલ્ય હાર આપ્યો અને કહ્યું કે આ હાર તું તે નાસ્તિકના ઘરમાં નાંખી આવ. હવે ગોઠિયો નાસ્તિકને ઘેર આવે જાય-ફરેહરે તેનો નાસ્તિકને કોઈ સવાલ નથી.

આ બાજુ રાજાએ જાહેર કર્યું કે-'મહેલમાંથી હાર ગયો છે. કોઈ પણ ચોરે ચોરી કરી કોઈ ને ત્યાં વેચ્યો હોય અગર આપ્યો હોય તો તપાસી લેજો. સાત દહાડામાં નહીં આવે તો પગલાં ભરીશ.' હવે નાસ્તિકના મનમાં વહેમ પણ નથી. સાત દહાડા થઇ ગયા. હારનો પત્તો પણ નથી. રાજાને ઘેર ચોરી થઈ તો પ્રજા શી રીતે શાંતિથી બેસશે ? માટે ચોરી તો પકડવી જોઈએ. માટે જડતી શરૂ કરો.

ઘરે ઘરની જડતી લેવા માંડી. પેલા નાસ્તિકને ત્યાંથી હાર નીકળ્યો. હાર લઇને અને નાસ્તિકને લઈ ને સિપાઇઓ દરબારમાં આવ્યા. રાજાએ હાર બાબત પૂછતાં નાસ્તિકે કહ્યું–હું કંઈ જાણતો નથી.

રાજાએ કહ્યું–'તે વાત કેમ મનાય ? હું અત્યારે તારી વાત માની લઉં તો સભા મને શું ગણે ? માટે તેની ખાત્રી શી ?'

હવે ગોઠિયાને નાસ્તિકે કહ્યું કે–'તારી સાથે આમ મિત્રતા ને હવે રાજા પાસેથી છોડાવે નહીં ?

પેલો ગોઠિયો રાજા પાસે ગયો. રાજાને કહ્યું કે–'આવો આ ચોર નથી.'

રાજાએ કહ્યું–"તારી વાત ખરી પણ એને જ ઘરથી હાર નીકળ્યો તેનું શું ? હાર બાબત તે નથી જાણતો તે શા ઉપરથી માનવું ? માટે એ બાબત માટે તો દેવતાઈ નિર્ણય કરવો પડે. અહીંથી તેલનો વાટકો ભરીને આપું, તે વાટકો લઇને બજારમાં ૮૪ ચૌટે ફરે અને અહીં આવે ત્યાં સુધીમાં તેમાંથી એક પણ બિન્દુ ન પડવું જોઈએ.

એ પ્રમાણે દેવતાઈ નિર્ણય થાય તો માનું કે–તે હારનો ચોર નથી. જો છાંટોય પડશે તો પાછળ રાખવામાં આવનાર ખુલ્લી શમશેરવાળા સિપાઇઓ તરત માથું ઉડાવી દેશે. (સિપાઇઓને કોઈ ન જાણે તેમ કાનમાં કાંઈક જુદું જ કહી રાખ્યું.) કારણ કે–ભૂલની સજા છે, એમ મારી પ્રજાને ભરોસો થવો જોઈએ." પેલા ગોઠિયાએ જઈને તે વાત નાસ્તિક મિત્રને કહી, સાથે તે શરત કબુલ્યા સિવાય જીવિત પણ નથી, એમ કહ્યું. હવે મૂંઝાએલા નાસ્તિકે જીવવા સારુ રાજાની શરત સ્વીકારી.

આ બાજુ રાજાએ શહેરમાં ચારે બાજુ રંગ જામેલો દેખાય તેવા રંગ–ખોરાક–પોષાક–નાટક વગેરની ઠેરઠેર ગોઠવણી કરાવી ! જે કોઈને પણ જોવાનું મન થઈ જાય. પેલો તેલનો વાટકો પકડાવેલ નાસ્તિક તે ચોમેર નાટક–ચેટકાદિના જામેલ ઠાઠ અને ગાનતાનમય ચૌટાઓ વચ્ચેથી તેલના વાટકામાંથી બિન્દુય પડવા દીધા વિના આબાદ પસાર થઈ ગયો ! અને સિપાઈઓના પહેરા સહિત ભરેલ વાટકે રાજા પાસે પાછો આવ્યો.

રાજાએ પૂછ્યું–'આવી તારી આપત્તિમાં સહાયક બને તેવા ચોટે કોઈ સગાંવહાલાં હતાં કે નહિ ? તારું ઘર, તારી દુકાન વગેરે હતું ને ?'

નાસ્તિકે કહ્યું–'મને ખ્યાલ નથી.'

રાજાએ કહ્યું–'સગાંવહાલાં અને હાટઘરનોય ખ્યાલ કેમ રહ્યો નહીં ?'

નાસ્તિકે કહ્યું–'બીજે ખ્યાલ રાખું તો છાંટો પડી જાય, અને છાંટો પડે તો જીવ જાય ! તો જીવને જોઉં કે મને જોનારને જોઉં ? તેથી મેં મને જોનારને માર્ગમાં જોયા નથી. આથી કોણ શું કરતું હતું તે ખ્યાલમાં નથી.'

રાજાએ કહ્યું–'ઠીક છે. બેસી જા.' સભાને કહ્યું કે તેને પૂછો કે 'તારું મન ઠેકાણે કેમ રહ્યું ? આવો શોખીન–આવો બેશઆરામી–આવી મમતાવાળો છતાં તેનું મન વશ કેમ રહ્યું ?' એક મોતના ભાનમાં આમ મન વશ રાખે, તો અનંતા મોતમાં મન વશ કેમ ન થાય ? ડર લાગે તો મન પણ વશ રહે છે, તો જેઓને નાટક અને ચેટક ખપતું નથી, તેઓનું મન વશ કેમ ન રહે ? નાસ્તિકની સાન ઠેકાણે આવી ગઈ. 'સાહેબ, મારી ભૂલ થઇ હતી. મનને ભય લાગે તો મન વશ રહી શકે છે. આ કબુલ કર્યું. ત્યારે રાજાએ કરેલ હારનો કોયડો પ્રજા વચ્ચે ખુલ્લો કર્યો–"આ હાર મેં જ અમુકને આપ્યો હતો. રીત પ્રમાણે ઢંઢેરો વગેરે બધું કર્યું હતું. તેને પરિણામે આપણે મન વશ થવાનું કબૂલ કર્યું છે. માટે જાણવું કે–તે ચોર નથી. ધર્મને ધોકો–નુકસાન કરતો હતો, તેથી સાચા ગુરુની શ્રદ્ધા કરાવવા માટે આટલું કરવું પડ્યું હતું."

આ પ્રમાણે તો રાજાજીનું મન સ્થિર હતું તેથી રાજાએ દાખલો બેસાડ્યો. પણ પોતાના મનમાં જ સ્થિરતા ન હોય તે બીજાનું શું કરશે ? માટે સમ્યક્ત્વ પામ્યા પછી આશ્રવબંધના હરામખોરપણાની ઓળખ રહેવી જોઇએ. પતંગીઓ રંગ, કપડાની કિંમત થવા નહીં દે. તેમ પતંગીઆ રંગ તરીકે સમ્યક્ત્વની શોભા નથી. હવે સ્થૈર્ય નામનો ગુણ જણાવ્યો. હવે બાકીના સમ્યક્ત્વના ગુણો કેવા ઉપયોગી છે તે અગ્રે :—

આત્માની આઝાદી

દેશના ૨૦

[૨૦૦૦ ચૈત્ર સુદી-૧, શનિવાર નેમુભાઈની વાડી-સુરત.]

શાસ્ત્રકાર મહારાજા, ભવ્યોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે-આ જીવ જન્મ અને કર્મની પરંપરામાં જ અટવાઈ રહ્યો છે. અનાદિકાળથી આ જીવને અંગે તપાસ કરીએ તો બે બાબતની અંદર જ આ જીવ અટવાઈ ગયેા છે. "પૂર્વભવમાં કર્મ કરવાં, આ ભવમાં કર્મ ભોગવવાં અને નવાં બાંધવાં." અને એની પરંપરામાં જ આ જીવ અટવાઈ રહ્યો છે.

જીવને પોતાની આઝાદી-આબાદી નથી સૂઝી તે માટે જણાવે છે કે-જીવ પોતે જ અનંત જ્ઞાનસ્વરૂપ છતાં આજે તે પુદ્ગલની મદદ વગર કશું જાણી શકતો નથી. તેનાથી આજે પોતાના સ્વભાવ માટે પણ સ્વતંત્ર કાર્ય કરી શકાતું નથી! જ્ઞાન આત્માનું છે, છતાં પુદ્ગલની મદદ વગર એ જ્ઞાન મેળવી શકે નહીં.

કેટલાક પોપટ એવા હોય કે તેને પાંજરામાંથી ઉડાડી મૂકો તો પણ પાછા પાંજરામાં આવીને બેસે તો જ શાંતિ વળે. પંખી માટે પાંજરું પરાધીનતાનું સ્થાન. તેમ જીવ માટે પણ છે! આ જીવરૂપી પંખીએ આ શરીરરૂપી પાંજરાનું શરણ લીધું છે. આ જીવ પંખીડો આ કાયામાં કેદ પકડાયેલો છે. આ કાયાના નાશે તેને પ્રાણનો વિયોગ થાય. જીવ અમર છે, છતાં મરણ શાથી પામ્યો? પ્રાણના વિયોગે. જીવનું સ્વરૂપ અને જીવન તેને નથી.

જીવ બે પ્રકારનાં જીવન જીવે છે. એક જડ જીવન અને એક ચેતન જીવન. એ રીતે જીવ બે પ્રકારના ન માનો તો મોક્ષ પામેલાને જીવ ગણવાનો વખત નહીં રહે. સિદ્ધને શરીર-આયુષ્ય નથી, પ્રાણ નથી, તો સિદ્ધના જીવોનું જીવન શી રીતે કહી શકાય? પ્રાણના દશ ભેદોમાં પાંચ ભેદો ઇન્દ્રિયોના છે.

ઇન્દ્રિયો એટલે શું ? સ્પર્શ–રસ–ગંધ–રૂપ અને શબ્દને જાણુવાનાં પાંચ સાધનો. તે ઇન્દ્રિયો, ત્રણ બળ–મન વચન કાયાના પુદ્ગલોને આધારે જીવની પ્રવૃત્તિ. શ્વાસોશ્વાસ અને આયુષ્ય.–આ દશ પ્રાણો સિદ્ધને ન હોય તો સિદ્ધમાં કયા પ્રાણો લેવા કે જેથી તેમને જીવ કહી શકાય.

૧૦ પ્રાણુમાંથી એકે પ્રાણુ સિદ્ધને નથી. પણ જીવજીવનની અપેક્ષાએ તેમને જીવ કહેવાય. કેવલ્ય જ્ઞાનદર્શન–વીતરાગતા–અનંતવીર્ય એ છે જીવજીવન. તેથી જ સિદ્ધ પરમાત્માને જીવ કહેવાય. બીજી ગતિમાં જાય ત્યારે વચમાં–વિગ્રહગતિમાં કયા પ્રાણુ ? ત્યાં ચેતનાસ્વરૂપ જીવ રહેલો છે.

જડજીવન અને જીવજીવન.

આખી દુનિયા જડજીવનમાં જ ફસાઈ છે. ઇન્દ્રિયો, યોગો, શ્વાસોશ્વાસ અને આયુના આધારે જ જીવન વહે છે. આનાથી બીજી પરતંત્રતા કઈ? જીવ, તે જડનાં નુકસાનમાં નુકસાન અને તેના ફાયદે ફાયદો માને ! કેવળ પુદ્ગલ જે બાજી રચે તે જ બાજીએ પોતાને રમવાનું ! પુદ્ગલની પરાધીનતામાં જકડાએલાને તો પુદ્ગલનો જય તે જ પોતાનો જય અને તેનો પરાજય તે જ પોતાનો પરાજય માનવો છે ! તેની વલે શી ?

ગુલામ પ્રજા મોઢે બોલી ન શકે કે–'મારે આઝાદ થવું છે.' 'આઝાદ થવું છે,' એમ બોલે તો ગુનો ! તેમ મિથ્યાત્વમાં રહેલો આત્મા હું મોક્ષ પામું તે બોલે તો ? તેને તો 'હું જન્મ, જરા, મરણ રહિત થાઉં' આટલો વિચાર ભયંકર, એ વિચાર ધર્મરાજાને ઇષ્ટ છે, પણ કર્મરાજાએ તેને માટે ઢંઢેરો પીટયો કે–આ મનુષ્ય હવે દેશનિકાલને લાયક છે. અર્થાત્ હવે એને આપણા રાજ્યમાં એક પુદ્ગલપરાવર્તથી વધારે વખત રાખવો નહીં.

મિથ્યાત્વમાં રહેલો આત્મા, જન્મ–જરા–મરણ રહિત કેમ થવાય તે જાણતો નથી. પરંતુ માર્ગાનુસારી બન્યો ત્યારથી તેણે પોકાર કર્યો–અંતરનો ધ્વનિ કર્યો કે–મારે જન્મ–જરા મરણ રહિત થવું છે. તે પોકારને કર્મરાજાએ ભયંકર ગુન્હો ગણ્યો. હવે કર્મરાજાના મોતની નિશાની કઈ ? પોકાર એ વિચાર–પરાવર્તનથી જ ઊભો થાય છે.

વિચાર–પરાવર્તન થવું તે કર્મરાજાના રાજ્યમાં એ રીતે ભયંકર નિવડે છે. આ જીવ અનાદિકાળથી મારી સ્ત્રી, મારું ધન વારંવાર પોકારે છે. જ્યારે હવે મારું 'કોઈપણ વખતે પુદ્ગલની ધુંસરીમાંથી નીકળી જન્મ–જરા–મરણ રહિત' સ્થાન મેળવવું છે, એ જ વિચાર. આ વિચાર આવ્યો તેને એક પુદ્ગલપરાવર્તમાં જરૂર મોક્ષ પ્રાપ્ત થાય.

પુદ્ગલની દરમ્યાનગીરી ન હોય, પુદ્ગલના હુકમે પ્રવર્તવાનું ન હોય તેવી જગ્યાએ જ મારે રહેવું. આવું થાય તેને શાસ્ત્રકારોએ છાપ આપી : એક પુદ્ગલપરાવર્તમાં તે મોક્ષે જવાવાળો હોવાથી તેને બિરુદ આપ્યું કે–'શુક્લપાક્ષિક.' હવે તે કર્મરાજાની પરાધીનતાવાળી ધુંસરીને ડખલ કરવાવાળો થયો; તેથી તેણે તેને નાલાયક–દ્રોહી ગણ્યો. અનાદિના પોતાના સહવાસને ભૂલી જનારો તેથી હવે તેને એક પુદ્ગલ-પરાવર્તમાં પોતાના રાજ્યમાંથી બહાર કાઢી મૂકવાનો.

હવે કર્મસત્તાએ એ પ્રમાણે વિરુદ્ધતા કરી ત્યારે ધર્મરાજાએ શું કર્યું? આઝાદીના પક્ષવાળા ધર્મરાજાએ તેને બિરુદ આપ્યું કે–'શુક્લપાક્ષિક' એટલે શું? 'મોક્ષ છે, તે મને મળે' એ જ મનો-કામનાવાળો જબરજસ્ત અર્થ છે. આપણને તે દશા હજુ નથી પ્રાપ્ત થઈ. માર્ગમાં આવે ત્યારે **परमट्ठे** આવે.

શ્રાવકો પહેલાં દુકાને બેસતાં 'આ શાસન જ અર્થ છે' એમ પોકાર કરતા હતા. દેશનેતામાં વંદેમાતરમ્નો પોકાર ચાલ્યો છે. જૈનો મળતા ત્યાં આ જ પોકારતા કે–જિનેશ્વરનું શાસન એ જ અર્થ. આઝાદીનો એ જ રસ્તો. ધર્મમાં આગળ વધે ત્યારે **'अयं परट्ठे'** આ શાસન એ જ પરમાર્થ. એથી આગળ વધે ત્યારે **'सेसे अनट्ठे'** આ આઝાદીના રસ્તા સિવાય આખું જગત ભયંકર છે–અનર્થકારી છે–જુલમકારી છે. કર્મરાજાએ કહ્યું કે–હવે આની હદ આવી છે. **રહેશે** તો ઘણાને બગાડશે. જ્યારે ધર્મરાજા તેવાને ઈલ્કાબ આપે છે કે–સમકિત. આ જગ્યા પર સમકિતનો ઈલ્કાબ. આઝાદીના રસ્તા સિવાય આ ઈલ્કાબ ન મળ્યા.

ગુલામ આત્માની આઝાદી

તમને યાદ આવશે કે જે દેશે ગુલામી સ્વીકારી છે, તેમણે

પોતે પોતાનો ઇતિહાસ ખોયો છે. ઇતિહાસ ન ભૂલાવે તો ગુલામી ટકે જ નહીં. તેમ અહીં મારું શરીર, મારી ઇન્દ્રિય, મારા મન-વચન-કાયા, આ ઇતિહાસ અનાદિથી રાખ્યો, હવે તે ગુલામી હું કૈવલ્યરૂપ, કેવળદર્શનસ્વરૂપ, શુદ્ધ વર્તનમય, શુદ્ધ ચિદાનંદમય આત્મા, એનો ઇતિહાસ તેને ખ્યાલમાં આવવા નહીં દે.

જેને એ નિશ્ચય થાય કે-મારી આવી રીતની આઝાદી-આબાદી છે, તે પ્રાપ્ત કરવા સિવાય આખું જગત જુલમગાર છે, આત્માને પુદ્ગલની પરાધીનતાની ધુંસરીમાંથી છોડવાનાં જે સાધનો, તે મેળવવાં. તે સિવાયનું બધું જુલમગાર.' આ દૃષ્ટિ આવી તે જ સ્વના પોકારો. દરેક શ્રાવક આ જ વાકય બોલે **अयं अट्ठे परमट्ठे सेसेअनट्ठे.** સમકિત શબ્દ ઘરગથ્થુ થઈ ગયો છે, પણ સમ્યક્ત્વ ઈલકાબ કયાં છે ? કઈ દૃષ્ટિમાં છે તેનો વિચાર કરવાનું સૂઝતું નથી.

હું જડજીવનને આધીન થયો છું. **જીવજીવનને** ભૂલ્યો છું તેનું ભાન-વિવેક-તેના રસ્તા ઉપર મુસાફરી કરવાની **લાગણી,** તેનું નામ સમકિત. જીવ અજીવમાં બધું સમાઈ જતું હતું, પછી ૭-૯ તત્ત્વો શા માટે કહ્યા ? તે ૭ અને ૯ તત્ત્વો વડે તેમને ભાન કરાવે છે કે, **તમારી આઝાદી-આબાદીને બગાડનાર આશ્રવ અને બંધ તત્ત્વો છે, આઝાદી-આબાદીની ટોચે પહોંચાડનાર સંવર ને નિર્જરા છે.** આત્માની સંપૂર્ણ આઝાદી અને આબાદી તે મોક્ષ. લેશમાત્ર પણ પરાધીનતા નથી. સમૃદ્ધિમાં ન્યૂનતા નથી, તેવું સ્થાન તે મોક્ષ. સમકિતની છાપ શાસ્ત્રકારે કેમ આપી ?

તમે આઝાદી મેળવવા માટે સંપૂર્ણ કટિબદ્ધ થયા તેથી દરિદ્રતાને તિલાંજલી આપવા માટે તૈયાર થયા ત્યારે જ તમને સમકિત આવ્યું ગણાયું. સમકિત બીજી ચીજ નથી.

નવ તત્ત્વ કેમ કહેવાયાં ?

આઝાદી-આબાદી-ગુલામી અને દરિદ્રતાનું ભાન થાય, માટે નવ તત્ત્વ કહેવાયાં. તેથી જ બે ન કહેતાં નવ જણાવ્યાં. નવ તત્ત્વ કેમ કહેવા પડયાં, તે આથી જણાશે. જીવાદિક પદાર્થો આ રીતે જાણ્યા

તેથી આપોઆપ સમકિત. આ જગ્યા પર સહેજે કોઈ કહેશે કે સુધર્મ, ગુરુ, દેવ, માનીએ તો સમકિત ગણાય. દેવમાં દેવપણાની, ગુરુમાં ગુરુપણાની અને ધર્મમાં ધર્મપણાની બુદ્ધિ તે સમકિત.

અમેરિકામાં લોકો વોશિંગ્ટનના નામ પર કામ પડે તો મરી પડે. અમારા દેશને સ્વતંત્ર બનાવનારો વોશિંગ્ટન છે. તેમ અનંતા કાળચક્રમાંના ફક્ત એક કાળચક્રમાં પણ જીવને ૧૮ કોડાકોડી સાગરોપમના અંધારામાંથી બહાર કાઢનારા, સાગરોપમ એટલે અસંખ્યાત વર્ષે ૧ પલ્યોપમ, તેવા ૧૦ કોડાકોડ પલ્યોપમે એક સાગરોપમ, તેવા ૧૮ કોડાકોડ સાગરોપમનું અંધારું. તેમાં રસ્તો કાઢનાર કેવલી. વીશ કોડાકોડી સાગરોપમ કાળ પ્રમાણના તે એક કાલચક્રમાંની બે સર્પિણીમાંની એક સર્પિણીમાં તીર્થંકરો, તે તો માત્ર ચોવીશ જ થયા. કેવળજ્ઞાન-દર્શન ક્ષાયિક સમ્યક્ત્વ-વીતરાગતા-અનંતવીર્ય-એ સર્વ, કેવળી અને તીર્થંકરમાં જૂદું નથી.

અમેરિકન આખી પ્રજા સ્વતંત્ર, પણ તેનો પ્રથમ ઝંડો ઊંચકનાર કોણ? વોશિંગ્ટન-તેણે અંગ્રેજોની સામે પ્રથમ ઝંડો ઊંચક્યો કે-અમે તમારા કાયદામાં રહેવા કે-તે પાળવા તૈયાર છીએ પણ કાયદો તો અમારી પ્રજા કરે તે. દૂર રહેલી લંડનની પ્રજા કાયદો કરે તે અમને કબૂલ નથી.

ઇંગ્લાંડ અને અમેરિકાનો ભેદ કેટલો? આટલા જ શબ્દોનો. મારી પ્રજા કરે તે કાયદો. તે અમારે શિરસાવંદ્ય, પરદેશી પ્રજા કાયદો કરે તે અમારે મુદ્દલ માનવા લાયક નથી. જૈનશાસનને અંગે આઝાદી-આબાદી જોઈએ, તેને અંગે પ્રથમ ઝંડો ઊંચકનાર તીર્થંકર ભગવાન. તે ભગવંતે અહીં ૧૮ કોડાકોડીના અંધારા પછી પોતે એકલાએ જ એ ઝંડો ઊંચક્યો! તો બીજાને થયું કે-દેવલોક, ચક્રવર્તી, રાજાપણાના સુખો અમારે ન જોઈએ, માત્ર આઝાદી-આબાદી જોઈએ.

સમ્યક્ત્વનાં પાંચ ભૂષણો

૧૮ કોડાકોડીના અંધારામાં જો કોઈપણ આઝાદી-આબાદીનો માર્ગ કરનાર હોય તો માત્ર જિનેશ્વર મહારાજ છે. તેઓ જ આઝાદી-આબાદીના વિચારો સાથે અવતરેલા હતા. તે જ ભાવના પૂર્વભવથી સાથે ચાલી આવી છે. તેથી જ તે માર્ગ ચલાવી શકયા. એટલે

સુદેવાદિને માનવાનું કારણ એ જ કે આઝાદી–આબાદીમાં લાવનાર દેશપૂજ્ય બને, તેમ આઝાદી–આબાદી મેળવવાની ઈચ્છાવાળા તીર્થંકર, તેને પૂજ્ય ગણે તો જ સમ્યક્ત્વ ગણાય, માટે સુદેવને સુદેવપણે માન્યા, માટે તેમને દેવ તરીકે માને. તેનાં પૂજન–જાપ–સ્તોત્રાદિક કરે તો તે જ યોગ્ય છે.

હવે દેશનેતાના એજંટોને બીજે દરજ્જે માનીએ અને એને ન માનીએ તો દેશનેતાને માન્યા ગણાય નહીં. દુનિયાને દોરવા માટે કુટુમ્બ, મિલકત, સર્વ છોડી દીધાં છે, વગર સજાએ દેશનિકાલની સજા ભોગવે છે; પરંતુ કુટુમ્બીઓથી, મિલકતથી, સ્થાનથી છૂટા પડવું તે દેશનિકાલ, જેઓ આઝાદી–આબાદી મેળવવા માટે મોહરાજાની રાજધાનીમાંથી નીકળી પડયા છે, તેવાને સદ્‌ગુરુ માનવા તે જ બીજો સમ્યક્ત્વનો પાયો. તેવી રીતે ધર્મ, પુદ્‌ગલની દરમ્યાનગીરી ન રહે તેવું સ્થાન મેળવવાનો જે માર્ગ, અનંતો કાળ જાય તોપણ જ્ઞાનાદિકની સિદ્ધિમાં ન્યૂનતા ન થાય તેવી આબાદી મેળવવાના રસ્તા. તેનું નામ ધર્મ.

આઝાદી–આબાદીના સ્તે ન ચઢનાર તે શબ્દો બોલ્યા કરે તેમાં કંઈ ન વળે. આટલા માટે–'સુધર્મને સુધર્મ માને.' સુધર્મને સુધર્મ માનવાનું કારણ કે તે જ રસ્તો છે. આવું સમ્યક્ત્વ થયું હોય તેને પાંચ ભૂષણોની જરુર છે. સુવસ્તુ પકડયા પછી દ્રોહી બનવું ઠીક નહીં. 'એ કરતાં ન ચઢયો હોત તો સારું' એમ ન થવું જોઈએ. તે માર્ગે ચઢયા પછી મન ડગમગવું ન જોઈએ.

જે રસ્તો આઝાદી–આબાદીનો છે, તે રસ્તો સારો ગણાય તેવી **પ્રભાવના** કરો. તે **સમ્યક્ત્વનું બીજું ભૂષણ છે.** પ્રભાવના કર્યા પછી ભોગ આપવાની સ્થિતિ ભક્તિ લાવો.


જે પ્રમાણમાં ભક્તિ, તે પ્રમાણમાં ભોગ અપાય. દેશના ઉદ્ધાર માટે ભક્તિ જાગે તો જ ભોગ આપી શકાય. ત્રણેમાં ભક્તિ ભરપટે હોવી જોઈએ તેથી **ભક્તિ, તે સમ્યક્ત્વનું ત્રીજું ભૂષણ છે.**

મૂર્ખની ભક્તિ

ભક્તિ મૂર્ખતાની ન હોવી જોઈએ. જેઠ મહિને પરોણા તરીકે

શેઠ ગયો છે. ઠંડા પાણીથી નવડાવી, શીખંડ ખવડાવ્યો. આ ભક્તિ જોઈ શેઠે કહ્યું–મારે ત્યાં પધારવાનો કોલ આપો. પેલો કહે છે કે–બદલો નહીં વાળું. શેઠ કહે–જનવર પણ ઘાસ ખાઈને દૂધ આપે છે, માટે પધારવું. પેલો મહા મહિને તે શેઠને ત્યાં આવ્યો. શેઠે તેને બરફ જેવા ઠંડા પાણીએ નવડાવ્યો. બાદ પંખો નાખવા બેઠા, શીખંડ જમાવેલું ને ઠંડું થએલું ખવડાવ્યું, તેણે કહ્યું–સાહેબ, મારાથી કાંઈ ભક્તિ ન થઈ, માફ કરજો.

પેલાએ કહ્યું—અરે ભાઈ! જીવ નિર્ભાગી કે નીકળી ગયો નહીં, બાકી તારી ભક્તિમાં ખામી નથી. ભક્તિની વસ્તુ-તેનું સ્વરૂપ ન સમજે, કાળ ન સમજે તેવી ભક્તિ શા કામની? જિનેશ્વરના શાસનમાં કુશળતા-નિપુણતા હોવી જોઈએ; માટે **કૌશલ, એ સમ્યક્ત્વનું ચોથું ભૂષણ છે.** આમ શાસનની સેવામાં તૈયાર છતાં, એક વાત ધ્યાનમાં રાખવી. કાળાન્તરમાં ધર્મની જડ હોય તો તીર્થ છે. આરાધના કરનારા મરી જવાના, હજારો વર્ષો ઉપદેશકો નહીં રહે. જ્યારે હજારો વર્ષ સુધી તીર્થો રહેવાનાં. આથી તીર્થો ચિરસ્થાયી છે; માટે **તીર્થસેવા**–જંગમ ને સ્થાવર તીર્થો. આ તીર્થોની સેવા માટે હંમેશાં તૈયાર રહેવું જોઈએ, માટે **તીર્થસેવા પાંચમું ભૂષણ** છે. એવા એ પાંચે ભૂષણ જેઓ ધારણ કરશે તેઓ મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.



પરીત્તસંસારીનાં લક્ષણો

દેશના ૨૧

(૨૦૦૦ કા. સુદ ૧૪ કપડવંજ.)

जिनवयणे अनुरत्ता, जिनवयणं जे करंति भावेण ।
अमला असंलिट्ठा, ते हुन्ति परीत्तसंसारी ॥

શાસ્ત્રકાર મહારાજને ભવ્ય જીવે પોતાની સ્થિતિ સુધારવા માટે પ્રશ્ન કર્યો કે–"હે મહારાજ, હું આ ભટકતી જાતમાં અનાદિ કાળથી ભટકયો છું. ભટકતી જાતમાં એક ફાયદો હતો. ઘર આખું તો નહીં પણ ટોપલે તો ઘર ફેરવતો હતો. લુવારીયો પોતાનો ડખ્ખો પોટલામાં ને પોઠીયા પર રાખી એકથી બીજી જગ્યા પર ફેરવે છે. તે ભટકતી જાતમ ગણાય. તે જાતિ ડખ્ખો (પોતાનો જરૂરી સામાન) જોડે લઈને ફરતી હતી.

આ એવી ભટકતી જાતનો કે આખી જિંદગી સુધી ધન, કુટુંબ કામિનીઓ એકઠી કરે, કાયા–શરીર પણ બાંધે. ચારે ચીજો : કંચન, કામિની, કુટુમ્બ અને કાયા એ ચારે 'ક'કાર, આખી જિંદગી મહેનત કરી એકઠાં કરે પણ અહીંથી ચલતી કરે ત્યારે એક અંશ પણ સાથે આવે નહીં. આ જીવ તો એવી ભટકતી જાતનો છે.

ભટકતો ભટકતો કોઈ જગ્યા પર અંતર્મુહૂર્ત, કોઈ જગ્યા પર ત્રણ દિવસ, કોઇ જગ્યા પર બાર દિવસ, યાવત્ ૩૩ સાગરોપમ, સ્થિરતા, પણ અંતે તે સ્થાન છોડનારો આ ભટકતી જાતમાંથી હું કયારે નીકળું? અનાદિકાળથી ભટકતી જાતમાં ભટકયો ત્યાંથી હું કયારે નીકળું ? મારે મેળવીને મૂકી દેવું પડે છે. સેંકડો વર્ષ, પલ્યોપમ કે સાગરોપમ સુધી મહેનત કરી મેળવું ને છેવટે મૂકી દેવું પડે છે. એક જગ્યા પર સ્થિર રહી શકું નહીં. મેળવેલું પણ ન રહે, માટે મારો નિસ્તાર શી રીતે થાય ? ભટકતી જાતમાંથી નીકળવું ને મેળવેલું કાયમ રહે તેવી સ્થિતિ કેવી રીતે મળે ?"

શાસ્ત્રકારે કહ્યું :–'सव्वाणि ठाणाणि असासयाणि–સંસારમાં એવું કોઈ સ્થાન નથી કે જેમાં તારે ભટકતી જાતમાંથી નીકળવાનું બને; કેમકે બધાં સ્થાનકો અશાશ્વતાં છે. સંસારમાં એવું સ્થાન બતાવી શકાય તેમ નથી કે –જ્યાં તું જાય ને ભટકતી જાતમાંથી બહાર નીકળે. ૧૪ રાજલોકમાં તેવું સ્થાન કોઈ નથી. ક્ષેત્રમહિમા એવો છે.

આખા સંસારક્ષેત્રમાં એવો એક મહિમા છે, કે–જે સ્થાનમાં ગયેલાને ભટકવાનું નથી. તે કયું સ્થાન? મોક્ષ. મોક્ષમાં ખાવું, પીવું, પહેરવું વગેરે નથી. ત્યાં આ જાતને ભટકવાનું નથી. મોક્ષ પામેલો જીવ સ્થિર જાતિવાળો છે. ત્યાં ભટકતી જાત નથી. ભટકતી જાતની બહાર કોઈપણ સ્થિતિ હોય તો માત્ર મોક્ષની જ સ્થિતિ છે.

અસંખ્યાતા કાળચક્રો જાય, અનંતા પુદ્ગલપરાવર્તો જાય, પરંતુ ત્યાંથી ખસવાનું નથી. એક જ સ્થાન એવું છે કે–જ્યાં ભટકતી જાત દાખલ થતી નથી, એટલું જ નહીં પણ તેં બીજી વાત કરી કે મારું મેળવેલું બધે મૂકવું પડે છે; જે ભવમાં કંચન, કામિની, કુટુમ્બ, કાયા મેળવ્યું છું પણ મરતી વખતે બધું મૂકી દેવું પડે છે! એ તેં બીજો પ્રશ્ન કર્યો, તેને અંગે લગીર પણ મેળવેલું મૂકી દેવું ન પડે, તેવું સ્થાન તે એક જ. અહીં અનંતું જ્ઞાન—દર્શન મેળવો તે સર્વ સાદિ અનંત કાળ રહે. વીતરાગપણું, અનંતું વીર્ય વગેરે મેળવો તે પણ સર્વ કાળ રહે, તેવું સ્થાન હોય તો માત્ર મોક્ષ જ છે. કેવળ જ્ઞાનને, ક્ષાયિક દર્શનને, વીતરાગપણાને, અનંત વીર્યને ટકાવનાર મોક્ષ સિવાય બીજું સ્થાન નથી. જેમાં લેશમાત્ર અંશ પણ ઓછો ન થાય, ફેરફાર ન થાય, જેવું હોય તેવું ને તેવું હંમેશાં રહે.

સર્વભક્ષક કાળનો ભક્ષક.

આખા જગતમાં એક રાક્ષસ છે. તેનું નામ કાળ. 'कालसर्वस्य भक्षंकः કાળઃ સર્વનો ભક્ષકઃ ૧૪ રાજલોકને અંગે બધી વસ્તુને ખાનાર કાળ છે, પરંતુ કાળનો કોળિયો કરનાર, કાળને ખાઈ જનાર અનંતો કાળ જાય તોપણ તેની ગણતરી નહીં–જેવી સ્થિતિ હોય તેવી ને તેવી જ સ્થિતિમાં રાખનાર મોક્ષ છે. આખા જગતમાં કાળ જ

બધાનો કોળિયો કરે છે, પણ સિદ્ધિમાં કાળનું કંઈ ચાલતું નથી. સિદ્ધિ પામ્યા પછી ભટકતી જાતમાં આવવું પડતું નથી. મેળવેલું મૂકવું પડતું નથી. કાળ તેને અસર કરી શકતો નથી. તેવું સ્થાન માત્ર મોક્ષ સિદ્ધિ. પરંતુ તે સિદ્ધિ મળે કેમ?

કક્કો લખવો તે તમારી કાયાનું કામ. કાયાના કામમાં પણ કેટલા કક્કા વાંકા લખાય ત્યારે એક કક્કો સીધો આવે છે. કાયાથી-મનથી તમે લખવા માંગો છો, છતાં પણ ટેવ નથી પડી હોતી ત્યાં સુધી કક્કો, એકડો પણ સીધો નથી આવતો તો પછી અનાદિકાળથી ભટકવાનો સંસ્કાર, મેળવેલું મૂકી દેવાનો સંસ્કાર પડયો છે. તે સંસ્કાર શી રીતે જવાનો? અને નહિવત્ ઘુંટેલ મોક્ષ શી રીતે સીધો આવવાનો?

અનાદિકાળથી ભટકતી જાતનો સંસ્કાર પડયો છે. તે મોક્ષસાધનામાં આડે આવ્યા વગર નહીં રહે. અહીંનાં (આ ઉપાશ્રયનાં) પગથિયાં પહેલાં ઊંચાંનીચાં હતાં. પછી સીધાં થયાં. ત્યારે કેટલીક વખત ખંચકાવાનું થયું. એ પગથિયાનો જે સંસ્કાર પડયો હતો તે સીધાં પગથિયાં વખતે પણ ઠેસ વગાડનાર થાય' અનાદિકાળનો સંસ્કાર અહીં ભટકતી જાતમાંથી નીકળવાની પ્રવૃત્તિ કરો તે વખતે નડયા વગર કેમ રહેવાનો? અનાદિ કાળના સંસ્કાર તમને નડવાના છે, તે શાસ્ત્રકારની ધ્યાન બહાર નથી.

અનંતી વખત તમે દ્રવ્ય ક્રિયા કરશો ત્યારે તમે ભાવ ક્રિયામાં આવશો. ચારિત્ર જેવી મોક્ષ પહોંચાડનારી મુખ્ય ચીજ છે. તે માટે શાસ્ત્રકારે એ જ જણાવ્યું કે–અનંતી વખત દ્રવ્યચારિત્ર આવે ત્યારે એક વખત ભાવચારિત્ર આવે.

ભાવચારિત્ર પામ્યા પછી કેટલા ભવ બાકી?

શંકા કરવાની છૂટ બધાને છે. શંકા બે પ્રકારે–એક પદાર્થ જાણવાની, કહેલું કબૂલ રાખી વચમાં ખુલાસો કરવા માટે પૂછવામાં આવે તે શંકા. અને કહેલાને અંગે મૂળ કથન ઉપર નિર્ણય ન હોય તેનું નામ સાંશયિક મિથ્યાત્વી. મૂળ કથન ઉપર શંકા, તે સાંશયિક મિથ્યાત્વ.

અહીં જે શાસ્ત્રકારે કહ્યું કે–અનંતા દ્રવ્ય ચારિત્ર કરવા પડે, તે વાત કબૂલ, તેમાં શંકા નથી. અનંતા દ્રવ્યચારિત્ર થવાનાં કહ્યાં

તે કબૂલ જ, પણ પ્રશ્ન એક રહે છે. મરુદેવા માતા કે જે કોઈ દહાડો પૃથ્વી, અપાદિમાં આવ્યા ન હતા, અને કોઈ દહાડો મનુષ્યપણામાં આવ્યા ન હતા. તેમને દ્રવ્યચારિત્ર અનંતી વખત ક્યાંથી આવ્યું હશે ?

વાત ખરી. તે બાબત અંગે શાસ્ત્રકાર ચોખ્ખા શબ્દોમાં સમાધાન આપે છે. આપણે શાસ્ત્રકારની રીતિ સમજી લેવાની. જેને વ્યવહારરાશિમાં આવ્યાને અનંતો કાળ થયો હોય તેવા માટે મુખ્ય પ્રરૂપણા છે. દરેક જીવ દરેક જીવ સાથે અનંતી વખત માતા, પિતા, પુત્ર, સ્ત્રી આદિ દરેક સંબંધથી જોડાયો. વ્યવહારરાશીમાં આવ્યાને જેને અનંતો કાળ થયો છે, તેને માટે તે નિયમ છે, અને તે માટે શાસ્ત્રકારની અનંત સંબંધની પ્રરૂપણા.

જેઓને વ્યવહારરાશીમાં આવ્યાને અનંતો કાળ થયો છે તેવાને માટે અનંતા ચારિત્ર કર્યાની પ્રરૂપણા છે. તમારી વાત સીધા ભાવ ચારિત્રની છે અને તમે તો ભાવચારિત્ર સાથે અનંતા દ્રવ્યચારિત્ર જોડ્યાં છે, માટે જ શાસ્ત્રકારે સમાધાન નથી આપ્યું.

સમાધાન કયું આપ્યું ? જેમ સ્ત્રી તીર્થંકર થાય તે અનંતી ઉત્સર્પિણીએ થાય તે આશ્ચર્યરૂપ, તેવી રીતે મરુદેવા માતાનું ભાવ-ચારિત્ર એક આશ્ચર્ય. મરુદેવા માતા અનંતી વખત દ્રવ્યચારિત્ર પામ્યા વગર ભાવચારિત્ર પામ્યા તે આશ્ચર્યરુપ છે. એટલે આપણા માટે આપણે માનવું જ રહ્યું કે-**ભાવચારિત્ર પ્રાપ્ત કરવા માટે અનંત દ્રવ્યચારિત્રનો અનંતો કાળ જોઇએ છે.**

આ વસ્તુ શાસ્ત્રકારના મુખથી સાંભળી 'શિષ્યની એ સ્થિતિ થઈ તો પછી મારું શું ? હું હજુ અનંતમાં ટૂંકી ગણતરીમાં ખરો?' એમ શ્રાવકને થાય. દ્રવ્યચારિત્ર આવી પણ જાય-ટૂંકા શબ્દમાં કહીએ કે-ચારિત્ર મળી પણ જાય, છતાં અનંતી વખત કરવા પડે. ભાવચારિત્ર મળે તો અદ્ધમવાઓ **चरित्ते** આઠ જ ભવ કરવા પડે. ભાવચારિત્રના આઠ ભવથી મોક્ષ થઈ જ જાય. ભાવચારિત્ર આવ્યા પછી ૮ ભવમાં જ મોક્ષ.

સૂર્યાભદેવ

અવધિજ્ઞાની સરખાને પોતાનામાં રહેલા સમકિત ગુણના નિશ્ચયનું સ્થાન નથી, તેથી સૂર્યાભ સરખા દેવને પ્રશ્ન કરવો પડે છે કે-હે.... ભગવાન ! હું સમકિતી કે મિથ્યાત્વી ?

થોરિયાનું દૂધ આંખનું ઔષધ બન્યું ! ભીલે વૈદ્યને પૂછયું કે-મારી આંખ દુઃખે છે. વૈદ્યે કહ્યું કે–થોરિયાનું દૂધ લાવી લગાડી દે. બિચારે તેવું દૂધ લગાડયું. આંખ મટી ગઈ! બીજે દહાડે કેરીનો ટોપલો ભરી વૈદ્યને ભેટ આપવા આવ્યો. વૈદ્યે કહ્યું : શાની ભેટ ? ભીલે કહ્યું ' કાલે દવા બતાવી હતી, થોરિયાનું દૂધ લગાડયું. આંખનું દુઃખ મટી ગયું. વૈદ્યે આવેશમાં બોટી દવા બતાવી અને તે બોટી દવાથી પણ સારું થઇ ગયું ! વૈદ્યને આશ્ચર્ય થયું. અને તેણે ભીલને કહ્યું–'થોરીયો બતાવ,' તેણે તે બતાવ્યો, એટલે તે ઉખડાવ્યો. ત્યાં કેટલાય વર્ષોની કોઇની ઘીની વાઢી દટાઈ ગયેલી, તેમાં થોરીયાનું મૂળ ગએલું, તેનું દૂધ આંખે લગાડેલ, અને આંખ સારી થયેલ ! તે તો ભવિતવ્યતાથી આંખ સારી થઈ. નહીંતર થોર, આંખનું ઔષધ નહીં.

જિંદગીના થોડા ભાગ સિવાય, જિંદગી સુધી જેના હાથ લોહીથી ખરડાયેલા રહેતા, એવો નાસ્તિક પ્રદેશી રાજા હતો, તે મરીને સૂર્યાભદેવ થયેલ. પરંતુ બોલતા બોલીએ કે–ધર્મ શૂરા, તે કર્મે શૂરા, આ વાક્યને ' તે ધર્મે શૂરા ' એમ ઉલટાવીને લો. કર્મે શૂરાનો બચાવ કયારે ? ધર્મે શૂરા થાય તો જ. કર્મે શૂરા થનારાનું ઓસડ એક જ. ધર્મે શૂરા થાય તો જ એક ઓસડ. આપણે જિંદગીઓ સુધી ધર્મારાધના કરીએ, પરંતુ વસ્તુ નજર આગળ રાખો.

એ સૂર્યાભ, પ્રદેશીના ભવમાં જીવને, પુણ્ય–પાપને, દેવગતિ, નરકગતિને નહીં માનનારો હતો. એવાની સ્થિતિ વિચારો. ઘરની રાણી ઝેર દે છે ! ઝેરે ના મરે તો ગળે નખ દે છે ! દુનિયાદારીમાં બાકી શું ? પોતાની રાણી ઝેર દે છે ! વખતે ઝેરમાં ઉપચારથી બચી જાય તો ? માટે ગળે નખ પણ દે છે ! આ સ્થિતિમાં પ્રદેશી રાજા, પોતે ' બામેમિ સવ્વે જીવે ' સૂત્રનું શરણ લે છે ! તેમાં પણ વિશેષે કરીતે સૂર્યકાન્તાને બમાવું છું, એ ભાવનાને આગળ કરે છે.

આપણે બધાને મિચ્છામિ દુક્કડં દઈએ ને વેર–વિરોધ થયા તેને ન બમાવીએ તો કઈ સ્થિતિ ? પરિણતિ થોરીયાનીજને ? પ્રદેશી

રાજા, પાછળથી કેશીકુમારથી ધર્મમાં જોડાયો હતો. તેના યોગે આવા કરૂણ મોતપ્રસંગેય એવી ઉચ્ચ ભાવનાવાળો બન્યો ! આવો પ્રદેશી રાજા મરીને સૌધર્મ દેવલોકે સૂર્યાભદેવ થયો. તે અહીં આવીને ભગવાનને પૂછે છે કે મહારાજ ! હું સમકિતી કે-મિથ્યાત્વી ? ત્રણ જ્ઞાનવાળાને પણ સમ્યક્ત્વના નિશ્ચય માટે જ્ઞાનીનું શરણ લેવું પડે છે, તો બીજા ગુણો જાણવા માટે જ્ઞાનીનું શરણું લેવું પડે તેમાં શી નવાઈ?

પરીત્તસંસારીનું એક લક્ષણ

હવે શિષ્ય અહીં પૂછે છે કે-"મારી શી વલે? મારે હજુ દ્રવ્યચારિત્ર કેટલાં બાકી હશે? હું ભાવચારિત્રમાં આવીશ કે નહીં ? પરીત્તસંસારી કોણ થાય? તેનું લક્ષણ મને જણાવો. પરીત્તસંસારીપણું મને આવી જાય તો હું કૃતાર્થ" સૂર્યાભના પ્રશ્નના ઉત્તરમાં પણ ચરમ ભવ, અને આ પરીત્તસંસારના પ્રશ્નમાં થોડા ભવ. એ જીવનું લક્ષણ કયું ?

આવા જે જીવો હોય તે થોડો જ વખત સંસારમાં રખડે, તેવા લક્ષણવાળાને અનંત સંસાર રખડવાનો હોય જ નહીં. થોડા ભવો કરી મોક્ષે જાય તેનું લક્ષણ કયું ?**जिणवयणे अणुरता**= તેઓ જિન-વચનમાં જ રક્ત હોય છે.

રાગ-એ પણ ઊંચી નીચી કોટીનો હોય છે. ઘરે માટીની પોઠ નખાવીએ છીએ, તે માટી ઉપર પણ રાગ છે. તિજોરીમાં મૂકેલા દાગીના પર પણ રાગ છે સ્ત્રી, પુત્ર, પરિવાર ઉપર પણ રાગ હોય છે; પરંતુ તે ઊંચી નીચી કોટીનો હોય છે. તેમ જિનવચન ઉપર રાગ તે પણ ઊંચી નીચી કોટીનો હોય. તે માટે જણાવે છે કે-ઊંચી કોટીનો રાગ પણ જિનવચન ઉપર રાખનારા હોય છે.

વલ્લભીપુરમાં બૌદ્ધ ને જૈન આચાર્ય વચ્ચે વાદ થયો વાદમાં જૈનાચાર્ય હાર્યા. ઓર્ડર કર્યો કે-બધા જૈનો નગરની બહાર નીકળી જાવ. તે વખતે શું ! આખા સોરઠમાં જે જૈનો રહેતા હતા તે ટોપલે ઘરવાળા હતા ? તો શી રીતે કાઠિયાવાડ ખાલી કર્યું ?

કુમારપાળની બહેન પોતાના ધણી રાજા સાથે સોગઠે રમે છે. સોગઠીને મારવાની જગ્યા પર 'માર મુંડકી' ને એમ બોલે છે. તેમાં

રાણી ધણીને અને રાજને છોડીને ભાઇને ત્યાં ચાલી આવે છે. ધણી ધર્મના તિરસ્કારનો એક જ શબ્દ બોલે છે, અને તે પણ રમતમાં બોલે છે. તેમાં રાજકુટુંબ–ધણી છોડીને રાણી ભાઇને ત્યાં ચાલી આવે છે! એટલે એટલી ઊંચી રાગની કોટિ.

જિનવચનને અંગે આદરવું, ન આદરવું તે શક્તિની વસ્તુ છે, પણ જિનવચનને અંગે રાગની કોટિ ઊંચામાં ઊંચી હોવી જોઇએ. તેવા રાગવાળા અનંતો સંસાર રખડવાવાળા હોય નહીં. કદાચ કહેશો કે– 'સમકિત પામ્યા પછી જિનવચનનો રાગ હોય જ છે અને તેને વધારેમાં વધારે અર્દ્ધ પુદ્ગલપરાવર્ત્ત થાય છે, તેની અહીં કેમ ના કહો છો?

તો સમજો કે–અહીં જિનવચનનો માત્ર રાગ નહીં પણ અનુરાગ સમજવાનો છે. ઊંચામાં ઊંચી કોટીનો વચનનો રાગ જિનવચનમાં ઊંચો રાગ ધરનાર પરીત્તસંસારી હોય; તેને અનંત સંસાર ન થાય. આ એક લક્ષણ બતાવ્યું. તેવી રીતે બીજાં પણ પરીત્તસંસારીના લક્ષણો કેવાં છે તે જોઇએ.

પરીત્તસંસારીનાં બીજાં લક્ષણો,

પહેલા જણાવેલા અધિકાર પ્રમાણે ઉત્કૃષ્ટા આરાધક બની શકે, બાકીનાને કઈ સ્થિતિમાં ગણવા? એ જિનેશ્વરનાં વચનને જેઓ શુદ્ધ અંતઃકરણથી વર્તનમાં મૂકવાવાળા છે, તે પણ અલ્પ સંસારી બને છે. જિનેશ્વર ભગવાનનું વચન દ્વાદશાંગી અનંતું અપાર; પરંતુ હેમચંદ્રસૂરિ કહે છે કે–જિનેશ્વરનાં બે જ વચનો–બાકીનો એનો વિસ્તાર છે.

સગાંવહાલાં જુદાં જુદાં હોય, તે કુટુમ્બ શબ્દનો વિસ્તાર, તેમ શ્રી હેમચંદ્ર મહારાજ કહે છે કે– જિનેશ્વરનું વચન અનંતું, પણ મૂળ શબ્દો બે જ **आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवर इति इयम् आर्हती मुष्टीरन्यदस्याः प्रपञ्चनम्** ' જિનેશ્વર ભગવાનનાં વચનનું મુષ્ઠી જ્ઞાન–મુઠમાં સમાય એવાં જ્ઞાન. **આશ્રવ હેય છે અને સંવર ઉપાદેય છે.** ' આ બે છે, બાકીનું બધું તેનો વિસ્તાર છે.

કર્મબંધનનાં કારણો સર્વથા છોડવા લાયક છે.'–આ **એક વચન** ' કર્મ રોકવાનાં જે જે કારણો તે તે કારણો આદરવા લાયક જ છે.'


તે બીજું વચન. કર્મબંધના કારણોને સર્વથા છોડવા તે મુષ્ઠીજ્ઞાનનું **પ્રથમ જ્ઞાન.** કર્મબંધ રોકવાનાં કારણો આદરવાં તે **બીજું જ્ઞાન.** આ મુષ્ઠીજ્ઞાનને જેઓ કરનારા હોય તે પરીત્તસંસારી છે.

આપણામાંનાં નવતત્ત્વની ગાથા ભણેલા કેટલાક ભાઇ બહેનો, નવ તત્ત્વ બોલનારા હોય પણ તે વકીલાત તરીકે બોલનારા હોય. વકીલ આખો દાવો ચલાવે પણ તેને જવાબદારી એક પૈસાની પણ નહીં, જવાબદારી અસીલને, હુકમનામું થાય તો લાભ-નુકશાન ઘરાકને. 'શાસ્ત્રકાર સંવરના ૫૭ ભેદ કહે છે.' એમ બોલ્યા કરીએ, ને તેમાં પ્રવૃત્તિ ન કરીએ તો આપણે વકીલ જેવા.

સંવર કેટલો કર્યો? આશ્રવ કેટલો રોકયો? તે ન વિચારીએ તો આપણે પણ વકીલ જેવા. આ વસ્તુ વિચારશો તો અભવ્ય ૧૦ પૂર્વમાં ન્યૂન ભણેલા છતાં કેમ સંસારનો પાર પામી શકતા નથી? તે ખ્યાલમાં આવશે.

અભવી વકીલની સ્થિતિવાળો છે. આશ્રવથી દૂર રહી એક વસ્તુ ખ્યાલમાં રાખવાની. દરેક ગુણનાં અજીર્ણ છે. દાનગુણનું અજીર્ણ-દાન કરી ભસવાનું. દાન દઈને 'મેં આમ કર્યું' બોલ્યા તો બોળી દીધું, એમ જ્ઞાનવાળો થયો તો 'હું આવો!' એ જ્ઞાન નહીં પણ જ્ઞાનનું અજીર્ણ=અજ્ઞાન. તેમ તપસ્યાવાળો થયો અને ક્રોધમાં ગયો તો તે તપનું અજીર્ણ=તેનો તે તપ તપ નહીં; પણ તાપ!

દરેક લાભની પાછળ અલાભના રસ્તા રહેલા છે. મેલ ન જોઇએ. ક્રોધ-માન-માયા-લોભની પરિણતિ ન જોઈએ. અનુરક્ત વચન કરવાવાળો નિર્મળ સંકલેશ વગરના હોય તે જીવો અલ્પસંસારી હોય. આ સાંભળી આ લક્ષણમાં પ્રવૃત્તિ કરશે તે મોક્ષસુખને વિશે બિરાજમાન થશે.



મૌન એકાદશીનું પર્વ

દેશના
૨૨

(૨૦૦૦ના માગશર શુ. ૧૧ લુણાવાડા.)

શાસ્ત્રકાર મહારાજા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે અષ્ટકજી પ્રકરણની રચનામાં મૌનપણાને અંગે ૧૩ મા અષ્ટકમાં નિરૂપણ કરે છે, તે પહેલાં વિચારવાનું છે કે–દરેક દર્શન–ધર્મ–સંસ્થા, તહેવાર અને પર્વોને માનનાર હોય છે. વૈષ્ણુવો, બ્રાહ્મણો દરેક તહેવારો અને પર્વો માનનારા હોય છે. રાજકીય સંસ્થાઓમાં રાજકીય ઉદ્દેશ પાર પાડવા માટે તહેવારો ને પર્વો રાખવામાં આવેલા છે તેવી જ રીતે જૈન શાસનમાં પણ તહેવારો અને પર્વો રાખેલા છે. પર્વ અને તહેવારમાં ફરક શો ?

જે દિવસો, માસિક નિયમિત હોય–વાર્ષિક નિયમિત દિવસો સમુદાયની અપેક્ષાએ હોય તે પર્વો.

એક વસ્તુની મહત્તા માટે જે દિવસે ઓચ્છવ જોડવામાં આવે, તે તહેવાર. જેમકે દીવાળી. તે મહાવીર પ્રભુના નિર્વાણને અંગે હોવાથી તહેવાર, જ્ઞાનપંચમી દરેક શાસનમાં કરવાની.

આઠમ, ચૌદશ, પૂનમ, અમાસ કે જેની નિયમિતપણે આરાધના હોય તે પર્વો કહેવાય. જુદા જુદા મુદ્દાથી ઓચ્છવ નિયમિત કરવામાં આવે તે તહેવાર. હવે અહીં મૌન એકાદશી પહેલાથી ન હતી. નેમનાથ-સ્વામીના વખતથી તે દરેક વર્ષે મહીનાનો અગિયારસ આરાધાય છે, તે અપેક્ષાએ પર્વમાં પણ લેવાય. મુખ્ય કારણથી એકાદશી ઊભી થઈ છે. મૌનપણાનું જે ધ્યેય, તે મુદ્દાએ પણ છે.

મન માટે, કાયા માટે તે પર્વ ન રાખ્યું, ને વચન રોકવાને અંગે પર્વ કેમ રાખ્યું ?

વાત ખરી, જૈનનાં દરેક અનુષ્ઠાનો મન વચન કાયા ત્રણે

ગોપવવાવાળા છે. જૈનના તહેવાર કે પર્વો મન, વચન, કાયાના આશ્રવોની છૂટી આપતા નથી. લૌકિક પર્વો કે તહેવારો મન, વચન કાયાના કર્મોને પ્રવર્તાવવાના સાધનોરૂપ છે. જ્યારે જેને લોકોત્તર કહીએ છીએ, તેનાં પર્વો-તહેવારો એક જ ધ્યેયથી ચાલેલા છે. મનના આશ્રવો, વચનના સાવદ્ય નિષ્ઠુર વચનથી બંધાતાં કર્મો અને કાયાથી થતાં કર્મો રોકી દેવાના ધ્યેયથી પ્રવર્તેલા છે.

જૈનના દરેક પર્વો અને તહેવાર, મન, વચન, કાયાના આશ્રવોને રોકવા માટે જ હોવાથી તેને લોકોત્તર પર્વ અને તહેવાર કહેવાય છે. તે લોકોત્તર પર્વો અને તહેવારોમાં મન વગેરેને ગોપવવાના હોય છે. લોકોત્તર બીજા બધા પર્વોમાં, જૈનના બીજા બધા તહેવારમાં મન, વચન કાયા ગોપવવાની વાત, તેમાં કર્મોને પ્રવર્ત્તાવવાનું નહિ. પણ પ્રવૃત્તિપૂર્વકની નિવૃત્તિ. આર્ત્ત-રૌદ્ર રોકી ધર્મ-શુકલધ્યાનમાં મનને પ્રવર્તાવવું એ જ એક ધ્યેય. સાવદ્ય પાપારંભની પ્રવૃત્તિ રોકી દેવવંદન, સામાયિકાદિની પ્રવૃત્તિ વધારવી.

આજનો તહેવાર એક વિશિષ્ટતા જણાવે છે. પહેલાં જણાવ્યું કે-લૌકિક પર્વો અને તહેવારો કર્મબંધનોનાં સાધનો પૂરાં પાડે છે; જ્યારે લોકોત્તર પર્વો અને તહેવારો શુભ કર્મ તરફ દોરે છે-આત્માની માનસિક, વાચિક, કાયિક પ્રવૃત્તિ તરફ દોરે છે.

મૌન એકાદશીમાં કઈ વિશિષ્ટતા? સાવદ્ય કે નિરવદ્ય?

એક પણ વચન ન બોલવું, મૌન જ રહેવું, એ મૌન એકાદશીની વિશિષ્ટતા,

હવે અહીં નિરવદ્ય વચનની પણ કેમ બંધી કરી?

પાપને રોકવું તે શાસ્ત્રકારને ઈષ્ટ છે. નિર્જરા થાય તેમ પ્રવૃત્તિ કરવી તે શાસ્ત્રકારને ઈષ્ટ નથી તેમ નહીં. અભ્યાસ કરનારા બે પ્રકારના હોય : એક ગુણી ને એક અવગુણી. જે મનુષ્ય અભ્યાસના ગુણને ધ્યાનમાં રાખી બીજા ગુણને બાધ ન આવે તેમ અભ્યાસ કરે તે ગુણી. કાળ, અસ્વાધ્યાય છોડી અભ્યાસ કરે તો તે અભ્યાસ ગુણરૂપ. સ્વાધ્યાય વખત ન જુએ તે અભ્યાસનો અવગુણ. સવારના પહોરમાં ગુરુને પૂછે કે-મહારાજ, આજ મારે સ્વાધ્યાય કરવો કે બૈયાવચ્ચ? તો ગુરુ

મહારાજે કહ્યું તેમ અગ્લાનિએ જે કહ્યું હોય તે કરવાનું. આમ કોણ કરી શકે ? ગુણી અભ્યાસક હોય તે જ આમ કરી શકે.

છરીના ઘા રૂઝાય છે, પણ વચનના ઘા રૂઝાતા નથી

તેમ બોલે તે વચનને માટે પણ એ જ વિચાર કરવાનો છે. નિરવદ્ય વચન શુકલધ્યાન કરવાને આજ્ઞા કરે છે-પ્રેરે છે. પણ તે બધાં ગુણરૂપ હોવાં જોઇએ. આ માટે વચનની પ્રવૃત્તિ ઉપર અંકુશ ધરાવવો જોઇએ. મન વગેરે ત્રણની પ્રવૃત્તિની અંદર મનુષ્યો માટે વચનની પ્રવૃત્તિ ઉપર કાબૂ લેવાની જરૂર છે. કેમકે-જગતમાં વચન જે અનર્થ કરનાર થાય છે, તે મન કે કાયાથી અનર્થ નથી થતો. ઘા માર્યો તો ત્રણ દિવસમાં તે રૂઝાઈ જાય છે, પરંતુ વચન કહ્યું હોય તો જિંદગી સુધી ભૂલાતું નથી; માટે 'વચન ઉપર કાબૂ રાખતાં શીખો.'

અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે કે

वचोऽप्रवत्तिमात्रेण, मौनं के के न बिभ्रति ?।
निरवद्यं वचो येषां, वचोगुप्तांस्तु तान् स्तुवे ॥

વચનની પ્રવૃત્તિ ન કરવી તે રૂપ મૌન કોણ નથી કરતા ? એકેન્દ્રિય અનાદિથી મૌન રહ્યા છે, માટે જેઓનું વચન નિરવદ્ય છે, તે વચનગુપ્તિવાળા મહાત્માઓ છે, અને તેઓની હું સ્તવના કરું છું.' માટે આજે મારે મૌનપણું.

' સાવદ્ય કે નિરવદ્ય વચન પ્રવર્તાવવું તે મારે આધીન છે. હું તેને આધીન નથી.' એ જ એનો વિચાર. જેનું મન રોકાયેલું હોય તે જ્યાં સુધી વિચાર કરવા માગે ત્યાં સુધી વિચાર કરી શકે.

આયર્લેન્ડે ૧૦૦ વર્ષ સુધી સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો. ગ્લેડસ્ટને પણ તેમાં બ્રીફ આપી, અને તે પાર્લામેન્ટમાં રજૂ કરી, છતાં તે ઊડી ગઈ. તેને વિચાર કેવો હોય ? પણ ૧૦ વાગે ઊંઘવાની ટેવવાળો તે ૧૦ વાગે ઊંઘી ગયો. બ્રીફમાં નાસીપાસ થયા છતાં ૧૦ વાગે ઊંઘી ગયો. આ ઓરડો બોલવો ત્યારે તે વિચાર કરવો. તેવા જ મનુષ્યો વચન ઉપર કાબૂ ધરાવી શકે. **વચન ઉપર કાબૂ હોય તો મન ઉપર કાબૂ આવી જાય. કાયાનો કાબૂ સાહજિક છે.**

મહાવીર ભગવાનને કોડકોડ સાગરોપમ રખડવું પડ્યું તે વચનથી.

સાચી વાત હતી. **आद्योऽहं वासुदेवानां, पिता मे चक्रवर्तीनां, पितामहो जिनेन्द्राणामहो उत्तमं कुलं** ॥ આ બધું સાચું વચન બોલ્યા હતાં. પછી કોડાકોડ સાગરોપમ સંસાર કેમ વધાર્યો ? તેઓ શું વાસુદેવમાં પહેલા ન હતા ? પિતા, ચક્રવર્તીમાં પહેલા ન હતા ? દાદા તીર્થંકરમાં પહેલા ન હતા ? તીર્થંકર, ચક્રવર્તિ, વાસુદેવ ત્રિષષ્ઠીની ત્રણ પદવીઓ હતી જ ને ? તો તેમાં બોટું શું હતું કે જેથી કોડકોડ સાગરોપમ સંસાર વધાર્યો ?

તેમાં હતું એ કે-'તમે બધા હલકા ને હું મોટો ! મારું કેટલું ઊંચું કુળ ?' પોતે ઊંચા છતાં બીજાને નીચા-હલકા દેખાડી પોતાની ઉત્તમતા જણાવવી તે શાસનને ન પાલવી. ભગવાન ઋષભદેવજીના પૌત્ર તીર્થંકર સરખા જીવને માટે પણ આ સાચી ઉત્તમતા દેખાડી તે શાસનને પાલવી નહીં, નહીંતર પર્યુષણમાં મહાવીર ભગવાનનાં વચનો સાંભળો છો, તેમાં મીન મેખ નથી. મીન મેખ શામાં ? 'તમે નહિ, હું જ ઉત્તમ આ જ માત્ર.,

હવે વિચારો, આ વચન કેવું ભયંકર નિવડ્યું ? કોડાકોડ સાગરોપમ સુધી હલકા કુળમાં જન્મવું પડ્યું. તેટલા સાગરોપમે પણ તે કર્મનો છેડો નથી આવ્યો. તીર્થંકરના ભવમાં પણ હલકા (યાચક) કુળમાં ઉપજ્યા, એ બધો શાનો પ્રભાવ ? વચન તે પણ સાચું. એક જ મુદ્દો કે-તે વચનો બોલવામાં બીજાની અધમતાને સ્થાન આપ્યું, તેથી તેવા એક જ વચનના યોગે કોડાકોડ સાગરોપમ સુધી સંસારમાં રઝળ્યા અને અંતે નીચ કુળમાં જન્મ્યા. લૌકિક અપેક્ષાએ એક વચન આખા કુટુમ્બનો નાશ કરે છે.

ગંભીરતા ન રાખવાનું ભયંકર પરિણામ.

એક શેઠ છે, તેનો વિવાહ પરગામ થયેલો. પેલી છોકરી વગર વિચારની રમતિયાળ છે, તેથી સાસરે જવા માંગતી જ નથી. બીજા તેડાં આવ્યાં, તે ન ગઇ. છેવટે ધણી તેડવા આવ્યો. માબાપે કહ્યું કે-આ વખતે બાંધીને પણ મોકલવી પડશે. વચમાં જંગલ આવ્યું. હવે તેને પિયર છોડવું નથી. અપલક્ષણ નથી, એ સ્થિતિમાં આ છોકરી વિચારે છે કે-'ભલે રાંડું, પણ પિયર ન છોડું, આમ વિચારી ધણીને કહે છે

કે મને તરસ લાગી છે. ધણી જરા નજીકના કૂવે પાણી ભરવા જાય છે. સ્ત્રીએ ધણીને ધક્કો માર્યો. ધણી કૂવામાં પડ્યો. રોતી રોતી, તે ઘેર ગઇ. પિયરીયાંને તે કહેવા લાગી કે–ધાડ પડી, સિંહ ધણીને ખાઇ ગયો. પિયરીયાંએ તપાસ ન કરી અને તે માની લીધું. પતી ગયું. તે પિયર રહી છે.

અહીં કૂવા પાસે સાર્થવાહ–સથવારો નીકળ્યો છે. પાણી ભરવા કોઇકે ઘડો કૂવામાં નાખ્યો. પેલા કૂવામાં પડેલા શેઠે દોરડું પકડ્યું, હલાવ્યું અને કહ્યું–'હું અંદર છું, બહાર કાઢો. કાંઠે ઊભેલો પૂછે છે કે તું કૂવામાં કેવી રીતે? હવે શેઠે તેને શું કહેવું? બનેલી બીના કહી નહીં. શેઠે કહ્યું કે પાણી લેવા ગયો હતો ને કૂવામાં પડ્યો. એમ કહી વાત માંડી વાળી. બહાર નીકળ્યા પછી તે પોતાને ઘેર ગયો. તે સમજી ગયો કે બાઈને ઘેર આવવું નથી. પેલા સથવારાવાળા શેઠ બાઇ ને ગામ આવ્યા છે. વેવાઈ ને ત્યાં જમાઈ જીવતાંની ખબર આવી પણ કૂવામાં નાખ્યા હતા તે વાત દબાઈ ગઇ.

ઘેર આવેલ ધણીને તેના મિત્રો કહે છે કે 'બાઈ ને તું લઈ આવ,'

ધણી કહે : 'હું નહીં જાઉં:'

મિત્રો કહેઃ 'તેડું કરવા જવું જોઈએ. ચાલો, તમારી સાથે આવીએ, છતાં ધણીએ ના કહી.

મિત્રા કહે કે તું ન જવાનું કારણ કહે. અંતે ગામના પાંચ જણ સાથે બાઈ ને ત્યાં આવ્યા, પેલી પણ ભૂતકાળની વાત ભૂલી જઇને, સમજીને તેઓની સાથે સીધી ઘેર આવી. કેટલોક સમય પસાર થયો તેને છોકરાંઓ થયાં.

વેપાર ધમધોકાર ચાલે છે. એક વખત બાપ છોકરાઓને શિખામણ આપતાં કહે છે કે ગઈ ગૂજરી ભૂલી જવી અને વીતેલી બાબત બોલ્યા ન કરવી. ગઈ ગૂજરીને યાદ કરી હોત–ગણી હોત તો મારી શી દશા થાત? દરેક ગામના લોકો તેની પાસે ન્યાય કરાવવા આવે છે, તેને પણ એક જ હિત–શિખામણ આપ્યા કરે કે "ગંભીરતા રાખીએ. ગમ ખાતાં શીખીએ તો જ સંસાર–કુટુંબ નભે." છોકરાઓને પણ દરરોજ, વારંવાર આ શિખામણ આપે.

એક દિવસ એક છોકરાને કુતૂહલ થયું કે પિતાજી એક જ શિખામણ આપણને અને બીજાને આપે છે તો કંઈક કારણ હશે, તેથી પિતાજીને તે વિશે પૂછયું. પિતાજી કાંઈ કહેતા નથી. પણ તેણે હઠ કરી પૂછયું તો પિતાએ સ્ત્રીની હકીકત કહી. છોકરાએ માને જઈને પૂછયું કે 'મા ! તેં આમ કર્યું હતું ?' માએ કહ્યું: જમવા બેસ, પછી કહીશ ! અને ઉપલે માળે જઈ તેણે ગળે ફાંસો ખાધો.

છોકરાને થયું કે માતાએ મારા વચનથી ફાંસો ખાધો એટલે છોકરાએ પોતે પણ ફાંસો ખાધો ! શેઠ ઘેર આવ્યા. રસોડું ખાલી કેમ? માળ ઉપર જઈને જોયું તો બેયના ગળામાં ફાંસા! આ જોઈને શેઠે પોતે પણ ગળે ફાંસો ખાધો. ત્રણેની લેવાદેવા વગર હત્યા થઈ! શાથી થઈ? લૌકિકમાં વચન ઉપર કાબૂ ન હોય તો આ દશા આવે છે

હવે વાગ્ગુપ્તિ ઉપર એક દૃષ્ટાંત

કેટલાક સાધુ પૂર્વ સંબંધીઓને જોવા કે મળવા માટે જતા હતા. માર્ગમાં ચોરોએ તેમને પકડયા. સાધુ જાણી તેમને છોડી દીધા પણ ચોરોએ કહ્યું કે 'અમે અહીં રહ્યા છીએ તેમ કોઈને તમારે કહેવું નહિ,' એવી તાકીદ આપી. આગળ જતાં માતા પિતા ભાઈ વગેરે મળ્યા, કેમકે મોટો મેળો હતો. લોકો આવતા હતા, એટલે માતાપિતાદિક સાથે સાધુઓ પાછા ફર્યા.

માર્ગમાં 'ચોરો છે, લૂંટારા છે. ' તેવું આ સાધુઓએ માતાદિકને કહ્યું નહિ. સાધુ વચનગુપ્તિવાળા હતા, લૂંટારા બધાને લૂંટતાં લૂંટતાં સાધુ પાસે આવ્યા. લૂંટારા કહે કે-આ તો હમણાં જ આપણે છોડી દીધા તે જ સાધુ છે.

એ સાંભળી સાધુની માતા ચોરો પાસે છરી માગે છે કે-તમારી છરી આપો, કે જેથી આ મારાં સ્તનો કાપી નાખું.

ચોરોએ પૂછયું : કારણ ?

પેલીએ કહ્યું કે'-આ મારાં સ્તન લજવાયાં. આ (સાધુ) કુપુત્ર નીકળ્યો! જાણતો હોવા છતાં અમને ચોરોથી ચેતવ્યા નહિ. અમો લૂંટાઈ ગયા.'

ચોરોએ સાધુને કહ્યું કે-કેમ ન કહ્યું ?

સાધુએ કહ્યું કે–મુનિ કહે જ નહિ. મુનિધર્મ એવો જ છે. ચોરો પણ સમજી ગયા અને લૂંટેલું પાછું આપી દીધું!

વચનવિભક્તિમાં કુશળ, અને ઉત્સર્ગાદિ જાણતો સિદ્ધાંત વિધિથી આખો દિવસ બોલે તો પણ વચનગુપ્તિવાળો ગણાય. કુશલ વચન ઉચ્ચારતો જે વચનગુપ્ત, તે વચનસમિત પણ છે. **हे भगवंत! 'सिद्धान्तोक्तमार्गे वचनसाधारणया स्वाध्याये वाग्निसेवनेन जीवाः किं फलं नयंति?' दर्शनपर्यायान् शोधयति** ॥ =દર્શન ભેદ–પર્યાયો, તેના શબ્દો, સહેલા કહી શકે છે સાધ્યાય કરી શકે છે. તેથી દ્રવ્યાનુયોગનો સ્વાધ્યાય કરવાથી અનેક પદાર્થો જાણે છે, સુલભબોધિ થાય છે, દુર્લભબોધિ નિર્જરે છે.

આ બે સ્થિતિ નજર સમક્ષ રાખશો ત્યારે સમજાશે. કે વચન ઉપર કાબૂ રાખવા માટે ઉપાય કરવો જોઇએ. તે માટે જ આ મૌન એકાદશી રાખી છે. હું વચનનો માલિક છું કે વચન મારું માલિક છે? તમારા વચનને તમે આધીન છો કે વચન તમારે આધીન છે? તે વિચારો. વચનનો બેકાબૂ બોલવામાં અનર્થ હોય તેવું તમારી પાસે બોલાવે છે. આ વાત ધ્યાનમાં રાખશો ત્યારે 'ઠાણેણં મોણેણં ઝાણેણં' વાળી પ્રતિજ્ઞા, વચનને અંગે કરીએ છીએ તે સમજાશે.

અમુક મર્યાદા સુધી કાયોત્સર્ગમાં મૌન રહેવાનું કહ્યું છે, વચન માટે આધીન ચીજ છે, એની સાબિતી કઈ? એક દિવસ નથી બોલવા માંગતો તે નથી જ બોલતો. 'બોલ્યા વગર ન ચાલે' એ શબ્દો શું કહે છે? વચન તમારું માલિક છે. વચનના માલિક તમે છો કે નહીં? તેની પરીક્ષા મૌન એકાદશીના દહાડે છે. મૌનની અપેક્ષાએ આ વિચારી, વચનનો યોગ આપણા કાબૂમાં છે કે નહીં? તે જોવા માટે મૌન એકાદશી. માટે તમે મૌનની ફરજ પાડો.

હવે 'રૂઢ' મૌનને અંગે વિચારીએ. મૌન શી ચીજ છે? દુનિયામાં 'મૌન' શબ્દ મૂક રહેવામાં વપરાય છે. તે જ અપેક્ષાએ તહેવાર છે. મૌનવ્રત કરનારા સુવ્રત શેઠને મૌનથી કેટલો ફાયદો થયો? તે વિચારી લેવું. શાસ્ત્રીય પરિભાષિત મૌન કોને કહેવું? એવી રીતે રૂઢ 'મૌન'

શબ્દને અંગે વિચાર્યું. એ સંબંધી જ્ઞાન રામ લક્ષ્મણ સાથે ફરનારા હોવાથી, રામનું નામ યાદ કર્યું એટલે લક્ષ્મણનું પણ સ્મરણ થાય. તેમ અહીં મૌન શબ્દનો પારિભાષિક શબ્દ પણ સમજવો જોઈએ.

કોઈક કહેનારા નીકળે કે શાસ્ત્રોમાં મૌન શબ્દ જ નથી પણ શાસ્ત્રમાં મૌન માટે મોટું સ્થાન છે. તમે સામાન્યથી સાંભળ્યું હશે. **'जं मोणंति पासहा तं सम्मन्ति पासहा** ? શાસ્ત્રમાં મૌનને સ્થાન નથી, એમ કહેનારા આચારાંગ સૂત્રના આ વચનને ખ્યાલમાંલઈ ભૂલ સુધારી શકશે.

અભવી પણ પ્રરૂપણા શાસનની જ કરે.

સમકિતને દેખો છો? જૈન સમકિત ગણનારો હોય. મુનિપણું અને સમકિત એ બે જુદી ચીજ નથી. **મુનિપણું તે જ સમકિત.** આ બે એક કેમ બને? સમકિત ચોથે ગુણસ્થાનકે શરુ થાય. ૧૭ પાપસ્થાનક છૂટાં પણ હોય. જિનેશ્વરનાં તત્ત્વોને માનનારા હોય, તો તે સમકિતી હોય. મુનિ પણ તત્ત્વોને માનનારા છે. એમ મુનિપણું અને સમકિત એ બે એક બને.

સમકિત ત્રણ પ્રકારનું છે. રોચકની અપેક્ષાએ બીજા સમ્યક્ત્વ-વાળા છે, ચોથા ગુણઠાણાવાળા છે. દીપક-રોચક-કારક સમ્યક્ત્વ. દીપક કયું? ઘરમાં દીવો કરીએ છીએ. દીવાથી આખા ચોપડા ઉકેલીએ, દીવો કેટલા અક્ષર ઉકેલે? તેવી રીતે જૈન શાસનમાં પણ કેટલાક જીવો એવા હોય છે કે-જે પોતાનાં હૃદયથી કોરા ધાકોર છે, તે મોક્ષ, સંવર, નિર્જરાને ન માને, તેમ અભવી મોક્ષને લાયક સંવર, નિર્જરાને ન માને, છતાં તેને જૈનધર્મની પ્રરૂપણા કરવી પડે.

સંઘનું જોર હોવાથી અભવી હોવા છતાં પણ તે મોક્ષની પ્રરૂપણા કરે! પ્રભુનાં એક વચનને ન માનનારાને સંઘમાં સ્થાન ન આપે, તેથી અભવ્યને પણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સંવર-નિર્જરા-મોક્ષનું સ્વરૂપ જણાવવું પડે. તમે જ વિચારો. તમે તો જમાલિને સાચો કહેશો પણ સ્થૂલ દૃષ્ટિએ કોણ સાચો? કરવા માંડેલામાં કોઇ વિઘ્ન આવે ને કાર્ય ન પણ થાય, તો હવે કર્યું તેને કર્યું કહેનાર સાચા કે કરવા માંડ્યું તેને કર્યું કહેનારા મહાવીર ભગવાન સાચા?

સ્થૂલ દૃષ્ટિથી જમાલી સાચા લાગે અને મહાવીર ભગવાનનું વચન સંદેહવાળું લાગે. કર્યાનું વચન ટંકશાળી કહેવાય. તો પછી મહાવીર ભગવાન કાચું કાપનારા ને? એક વાત ધ્યાનમાં રાખવાની. કોલસા તોલવાનાં કાંટા હોય, તેનાથી હીરા મોતી ન તોલાય, બારીક દૃષ્ટિવાળા ન હોય તે તેવું વિચારે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારનારાને જ મહાવીરનું વચન સાચું લાગશે.

જૈન શાસનનો સિદ્ધાંત રોકડીયો.

જે સમયે આશ્રવ-સંવરનાં પરિણામ, તે જ સમયે આશ્રવનું આવવું ને સંવર રોકાવાનું. બંધના પરિણામનો સમય એ જ બંધ થવાનો સમય, આશ્રવનો જે સમય તે જ સમય પરિણામનો. નિર્જરાનો પરિણામ જે સમયે તે જ સમયે, નિર્જરા. એક સમયમાં કર્યું ને કરું છું, તે બે વિભાગ કહ્યા છે. એક બારીક ભાગ સમયકાળનો તેનો પહેલો અને પછીનો ભાગ ન કહેવાય. તેમ સમયમાં આરંભ સમાપ્તિનો ભાગ જ નથી.

આરંભકાળ તે જ નિષ્ઠાકાળ. નિષ્ઠકાળ તે જ આરંભકાળ. સેકન્ડમાં પહેલી સેકન્ડ અને છેલ્લી સેકન્ડ છે પરન્તુ જેમાં આદિ સમાપ્તિ ભાગ જુદો ન પડે, તેમાં ક્રિયા અને નિષ્ઠાકાળ જુદા ન હોય. આ વાત આટલે જ રાખીએ.

જમાલિએ **'કડેમાણે કડે'** ન કહ્યું **'કડે કડે'** કહ્યું. **કડેમાણે કડે** ન માન્યું, તે ખાતર તેને સંઘ બહાર. મૂકવામાં આવ્યો. એક વચન ન માનવાથી જમાલિને સંઘ બહાર કર્યો. પ્રભુ મહાવીરે દીક્ષા લીધી ત્યારે સાથે કોઈ નહીં અને જમાલિએ દીક્ષા લીધી ત્યારે તેની સાથે દીક્ષા લેનાર ૫૦૦ તો રાજકુંવર! જમાલિએ દીક્ષામાં કુટુમ્બને સાથે લીધું. તેની પત્નીએ ૧૦૦૦ સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી! જેની સ્ત્રી (પ્રભુની પુત્રી) પતિના પક્ષ તરફ છે. પિતા (મહાવીર)ને બદલે પતિના પક્ષમાં રહે છે! તેવા તે જમાલિને ભાણેજ ગણો કે જમાઈ ગણો, તેવાને પણ એક વચન ન માન્યું, એટલે સંઘની બહાર કરવામાં સહેજ ન રાખ્યો. આ બારીક દૃષ્ટિનું વચન ન માન્યું, તો તેવા જમાલિ સરખાને પણ શાસન બહાર કાઢયો!

આટલું બધું સંઘ અને શાસનનું નિશ્ચલપણું હોવાથી, અભવીને

પણ પ્રરૂપણા તો મોક્ષ ને તેના સાચા માર્ગની જ કરવી પડે. શાસનથી વિરુદ્ધ અભવ્યો પણ ન બોલે, માટે જ તેઓને મોક્ષની માન્યતા નહિ હોવા છતાં સંવર-નિર્જરાને મોક્ષનાં કારણભૂત કહેવાં પડતાં. સાંભળનારાને માર્ગનું ભાન થાય તેના કારણભૂત અભવ્ય કે મિથ્યાત્વીનું વચન તે દીપક સમ્યક્ત્વ.

પ્રભુનું વચન પોતે માનનારો થાય તે રોચક સમ્યક્ત્વ. વાતોનાં વડાં કરવાનાં; તાવડી મૂકવાની નથી. વડાંની વાતો કરવામાં તેલ કેટલું જોઇએ ? તેવી રીતે રુચિવાળું સમ્યક્ત્વ, તે ક્રિયામાં કંઈ પણ નહીં. કારણ સમ્યક્ત્વ શ્રદ્ધા પ્રમાણે જ ક્રિયા કરવાને તૈયાર થાય. સંવર-નિર્જરાનાં જેટલાં કારણો જાણે, તેટલાં આ કરે, બંધ આશ્રવને છાંડે. આમ કારક સમ્યક્ત્વી, બંધ-આશ્રવ-સંવર-નિર્જરાને છોડવા અને આદરવાવાળી ક્રિયાની રુચિવાળો અને કરવાવાળો હોય.

આમ સમ્યક્ત્વ ત્રણ પ્રકારનું છે, તેને અંગે શાસ્ત્રકાર કહે છે કે-કારક સમ્યક્ત્વ, તે મૌનપણું'-મુનિપણું. મુનિપણું તે જ. એમ બંને એક બને. હવે મુનિપણું શું ચીજ છે? માથું મુંડાવવું, ઓઘો લીધો તે મુનિપણું? તમને ઘણા કહેવાવાળા છે કે-મન ઠેકાણે વગર એટલે શું ? તો તેને કહેવું કે-તો સમ્યક્ત્વ. તેવુંય તારે કરવામાં શી હરકત છે ? કે મનને બહાને ઢોંગ છે ? મનને વશ કરવાના નામે ક્રિયાને લોપનારા ઘણા છે.


જે સમકિત તે જ મૌન. મુનિપણામાં અને સમકિતમાં ભેદ નથી. જે મુનિપણું તે જ સમકિત. નિશ્ચયવાળા તે નિશ્ચયના નામે પડ્યા છે, મુનિપણું લીધું નથી, તેને હજુ વ્યવહારથી સમકિત છે. નિશ્ચય તો કર્યાને જ ગણનાર છે, નિશ્ચય વગરના પડેલા છે, મુનિપણાનું સ્વરૂપ કહે છે, **મુંડાવવું વગેરે મુનિપણાનું ચિહ્ન છે, સ્વરૂપ નથી.** તે ચિહ્ન કેવળજ્ઞાનીઓને મંજુર છે, નહીંતર નવતત્ત્વમાં ભેદો જણાવતાં સ્વલિંગે સિદ્ધો થયા છે, એમ શું કામ જણાવ્યું ? ત્યાં ઓઘા વગેરેને સ્વલિંગ ગણ્યું.

અનંતજ્ઞાનીઓએ ત્યાગને સ્વલિંગ ગણાવ્યા છે, ત્યાગ મોક્ષનું લિંગ છે. તેને મૂકી દઈએ, તો નિશ્ચય વગરનો અગ્નિ કેવો ? ત્યારે

કાળો ન કહેવાય, ધૂમાડો કાળો પણ તે તો અગ્નિનું લિંગ છે, અગ્નિનું સ્વરૂપ કહેતી વખતે ઉષ્ણતા કહેવી પડે, તેમ **ઓઘો એ લિંગ છે, સ્વરૂપ નથી. ત્યાગ હોવા છતાં ઓઘો ન હોય તો મુનિપણું નથી, કારણ કે-એ પણ લિંગ ચિહ્ન છે.**

મહાવીર ભગવાન સ્નાન નથી કરતા વગેરે હોવા છતાં તે પર્યાય, ગૃહસ્થ પર્યાય ગણ્યો છે, તે બે વરસના મુનિભાવ, મુનિપણામાં નથી ગણ્યા. **ત્યાગની પ્રતિજ્ઞા કરે નહિ ત્યાં સુધી ત્યાગી ન ગણાય,** ભરત મહારાજાને કેવળજ્ઞાન થયું પણ તેમને ઇન્દ્રે વંદના ન કરી. 'સાધુપણાનો વેષ લો, પછી તમને વંદના કરું', પ્રભુને મનઃપર્યવ જ્ઞાન ક્યારે થયું ? ત્રીસ વર્ષે ત્યાગ કર્યો ત્યારે જ થયું.

આ બધું વિચારશું ત્યારે સાધુપણાનાં ચિહ્નમાં ઓઘો અને લોચ છે, પણ સ્વરૂપે મુનિપણું શી ચીજ છે ? જગતના સ્વરૂપને ધ્યાનમાં, રાખો. જન્માદિથી જગત કેવું પીડાયેલું છે? જગત્ નિઃસાર છે, અશરણ છે, એમ સમજી પોતાના આત્માના ઉદ્ધાર માટે તૈયાર થાય તેનું નામ જ મુનિપણું છે. આમ શાસ્ત્રમાં જણાવેલું મુનિપણાનું સ્વરૂપ છે. આ સમજી મૌન એકાદશીની આરાધના માટે કટિબદ્ધ થશે તે કલ્યાણાદિ પામી મોક્ષમાર્ગમાં બિરાજમાન થશે.



મનુષ્યકર્તવ્ય

દેશના ૨૩

મહનુભાવો ! આજનો વિષય ' મનુષ્ય કર્તવ્ય ' નામે રાખ્યો છે. આ જીવ જે જે જાતિમાં જન્મે છે, તે તે જાતિનાં કર્તવ્યો, વગર ઉપદેશે કરે જ છે. બકરીના જન્મમાં જન્મેલો જીવ તેનાં કર્તવ્યો કરતો કરતો મરે છે, પાડા, ઊંટ, ઘોડા વગેરે પોતાનાં કર્તવ્યો કરીને જ પોતની જિંદગી પૂરી કરે છે. કોઇ પણ કર્તવ્યહીન હોતું નથી. જીવન ટકાવવું, દુઃખથી દૂર રહેવું, સુખ તરફ દોડવું, આ કર્તવ્ય દરેક કરે છે. તેમાં ઉપદેશની જરૂર પણ પડતી નથી.

જાનવરો કોના ઉપદેશથી પોતાનું કર્તવ્ય કરે છે ? તેના કર્તવ્યનું ભાન પોતાની મેળે જ મેળવે છે, તો મનુષ્ય સરખી જાતિને કર્તવ્ય માટે ઉપદેશ શો આપવાનો ? બીજાના જીવન માફક પોતાનું જીવન વહેવાનું જ છે. પછી તમારે કર્તવ્યો શા માટે ? મનુષ્યને જ કેમ ? દરેક પ્રાણીઓને કર્તવ્ય રહેલાં છે. મનુષ્યપણ કર્તવ્ય કરવાનો જ છે. તેમાં ઉપદેશની જરુર નથી. "**स पातकी वाऽथ पिशाचको वा, योऽनर्थिने वाचमुदीरयंते**" –કાં તો વાયુનો રોગ, કાં તો ભૂત વળગેલું છે, કોને ? શ્રોતા અર્થી ન થયો હોય, શ્રોતા જિજ્ઞાસાવાળો ન થયો હોય ને તેને સમજાવવા માંડે !' ત્યાં અર્થીપણું નથી.

શ્રોતાનું અર્થીપણું ન હોય ત્યાં સુધી તેને ઉપદેશ કરનાર વકૃતા વાયુના રોગવાળો છે કે તેને ભૂત વળગેલું છે. **મનુષ્ય સ્વાભાવિક તથાકર્તવ્ય કરવાનો છે. ઉપદેશ દો કે ન દો.**

બાળકને રડવાનું કોણે શીખવ્યું ? સુખમાં રાજી થવું, દુઃખમાં દિલગીર થવું તે બાળકને પણ શીખવવું પડતું નથી. એ જ્ઞાન ગર્ભ-સિદ્ધ છે. એક બાઇને આઠ મહિનાનો ગર્ભ થયો છે, હાથ બહાર નીકળી ગયો છે. શહેર હતું. ડોકટર ભેગા થયા. હવે ત્યાં ' છોકરા ! હાથ અંદર ખેંચી લે' એમ કહેવાથી છોકરો હાથ અંદર ન ખેંચી લે. કેમ ?

છોકરો સમજણવાળો નથી. ડોકટરોએ વિચાર્યું કે ઓપરેશન કરવું પડશે, હાથ અંદર ગોઠવવો પડશે. ત્યાં એક દેશી વૈદ્ય આવ્યો. તેણે કહ્યું: માત્ર પાંચ મિનિટ મને આપશો ? માત્ર પાંચ મિનિટમાં કેસ બગડે તેમ નથી.

ડોકટરોએ કહ્યું–તું ઇલાજ કર. તેણે દિવાસળી મંગાવી, સળગાવીને હાથ પર ચાંપી એટલે બાળકે હાથ અંદર ખેંચી લીધો !

આ વાત પરથી સમજવાનું કે **સુખની ઇચ્છા, દુઃખની અપ્રીતિ ગર્ભસિદ્ધ** છે. જીવ, ગર્ભમાં પણ સુખની ઇચ્છા, દુઃખની તરફ અપ્રીતિ-કરવાવાળો હોય છે. તેમાં ઉપદેશની જરૂર શી? વાત બધી ખરી. એક વાત ધ્યાનમાં રાખવી. જીવો વર્તમાન સુખ–પૌદ્ગલિક સુખ તરફ જેવી દૃષ્ટિ રાખે છે, તેના હજારમાં ભાગની પણ દૃષ્ટિ ભવાંતરના સુખની રાખતો નથી.

મહેલ કે મુસાફરખાનું ?

હું કોઇકની ધર્મશાળામાં ઉતરેલો મુસાફર છું. એક ફકીરને અંગે એવું બન્યું. બાદશાહના મહેલમાં વગર પૂછયે તેણે ઉતારો કર્યો.

બાદશાહ ત્યાં આવ્યો. અને કહ્યું: અરે–મુસાફર ! મુસાફરખાના માફક ઇધર કૈસે નિશ્ચિંત સો રહા હૈ ?

ફકીરે કહ્યું–એ ભી મહેલ નહીં હૈ, મુસાફરખાના હૈ.

રાજા કહે–મુસાફરખાના બહાર હૈ, યહ તો રાજમહેલ હૈ.

ફકીરે કહ્યું–આપ મુસાફરખાના કીસકું કહતે હો ?

રાજાએ કહ્યું–'મુસાફીર ઘુમતા આવે, ઠેરે, ઔર ચલા જાય.'

ફકીરે કહ્યું–"તો ઈસી મહેલમેં તુમેરા વડા આરહા, ઔર ચલે ગયે ! તુમ ભી ચલે જાયેગા ! ફીર તુમેરા લડકા આયગા ! મુસાફરખાના ઔર મહેલમેં કયા ફરક હૈ !"

જેમ રાજ્યોમાં નિકાશની પ્રતિબંધી થાય છે તેમ ભવને અંગે જે મેળવીએ છીએ તે વસ્તુ નિકાશની પ્રતિબંધીવાળી છે. કંચન, કામિની, કુટુમ્બ અને કાયા–આ ચારે ચીજો મેળવવા માટે રાતદિવસ મહેનત કરીએ છીએ, તે નિકાશના પ્રતિબંધવાળી વસ્તુઓ છે. અબજો રૂપિયા હોય પણ એક રૂપિયો લઈ જવા માગીએ તો સાથે ન લઈ

જઈ શકાય. હજારો સ્ત્રીઓમાંથી એક પણ સ્ત્રીને સાથે ભવાંતરમાં ન લઈ જઇ શકાય.

ચાર ચીજો પ્રતિબંધવાળી છે. રાજ્યમાં રહીને ગમે તેટલું આપો અને લો. પણ તે બહાર નહિ લઈ જવાય. આ ચારે ચીજો ભવના નિકાશની પ્રતિબંધવાળી છે. નિકળવા માંગો તે વખતે એક પણ ચીજની નિકાસ ન કરી શકો.

હે બાદશાહ ! આમાં તું કેમ રાચ્યો છે ? આ મહેલ પણ મુસાફરખાનું છે. મહેલ કહો, ઘર કહો, હવેલી કહો, એ બધાં આ જીવને માટે મુસાફરખાનારૂપ છે. આ દૃષ્ટિ આવે ત્યારે મનુષ્ય ગણાય. વર્તમાન જીવન સુખી નિવડવું જોઈએ તેવી ધારણાવાળા તો જાનવર પણ છે. વર્તમાન જીવનને અંગે સુખનાં સાધનો મેળવવાવાળા અને દુઃખથી દૂર રહેવાવાળા દરેક હોય તેમાં નવાઇ નથી.

આ મનુષ્યજન્મ ૮૪ લાખ જીવનયોનીમાં ભટકતાં ભટકતાં મુશ્કેલીથી મળે તેવો છે. મનુષ્યને ૯ મહિના સુધી ગર્ભમાં રહેવું પડે. જાનવરાદિકમાં અલ્પકાળ ગર્ભમાં રહેવું પડે. છે. ઊંધે માથે લટકવાનું માત્ર મનુષ્યમાં. તિર્યંચને તિચ્છું ગર્ભસ્થાન હોય છે. એ અવસ્થાએ તું જન્મ પામી, હજુ વિવેકમાં ન આવે, આવતા ભવનો વિચાર ન કરે તો તારી ગતિ શું ? કુટુમ્બમાં અને કાયાદિમાં ગૂંથાઈ રહ્યો તો ભવાંતરમાં તારી સ્થિતિ કયી ?

ઘેર ઘોડો જન્મ્યો, અરે, માલિકનું કામ કરે, સંતાન પેદા કરે, આયુ પૂરું થાય એટલે ચાલતા થાય. શું લઇ ગયો સાથે ? **આપણે પણ ભવિષ્યનો વિવેક ધ્યાનમાં ન લઇએ તો આપણી જિંદગી પણ જાનવરની જેવી જાય.**

येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं गुणो न धर्मः ।
ते मृत्युलोके भूवि भारभूता, मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥

મનુષ્યનો વેષ લીધો છે. માત્ર મનુષ્યનું ચામડું ઓઢયું છે. શિયાળ, ગધેડા ઉપર વાઘનું ચામડું પહેરાવે તે ખરેખર વાઘ નથી. જેનામાં તપ,

વિદ્યા, જ્ઞાન, નથી, જેનામાં ગુણ, શીલ, ધર્મ નથી, તેવા મનુષ્યનું ચામડું ઓઢી જાનવરરૂપે ફરે છે, ભલે, મનુષ્યરૂપે હોવા છતાં ખરેપરતે જાનવરરૂપે છે. આ મૃત્યુલોકમાં તેવા મનુષ્યો પૃથ્વી પર ભારભૂત છે."

વિદ્યા દરેક મેળવે છે, ભીલ પણ પોતાને લાયક કળા પોતાના છોકરાને શીખવે છે. જીવનનિર્વાહની કળા, ચોર-શિકારી-જુગારી પોતાનાં છોકરાઓને શીખવશે. ચોરો ભોઠ હોતા નથી, જુગારીઓ મૂર્ખા હોતા નથી, તેઓ ચાલાક માણસો હોય છે. તે ગૂનોહો કરીને પકડાતા પણ નથી, તો પણ આપણે તેને વિદ્યા કહેતા નથી. કેમ ?

सा विद्या या विमुक्तये-તે જ વિદ્યા કે જે આત્માના બંધનોને છોડાવવાવાળી થાય. **કર્મને છોડાવનારી ન હોય તે વિદ્યાવિદ્યા નથી. જે મોક્ષ માટે થાય, તેજ અને તેનું નામ વિદ્યા. તે વિદ્યા મળે તો જ મનુષ્યપણું**. મોક્ષ મેળવવાની યોગ્યતા-શક્તિ, માત્ર મનુષ્યોમાં છે.

નારકીઓ ભયંકર દુઃખ વેઠે છે, લાંબી જિંદગીઓ ધારણ કરે છે, પણ તેમને મોક્ષની લાયકાત નહીં. દેવતા જે સમર્થ પુણ્યશાળી ઠકુરાઈવાળા હોવા છતાં તેમાં પણ મોક્ષની લાયકાત નથી, તિર્યંચ અને નારકીમાં તે લાયકાત નથી. પણ દેવતા પરાધીન નથી, શક્તિ વગરના વિવેક વગરના પણ નથી તે છતાં પણ તેઓ મોક્ષ કેમ ન મેળવે ?

મનુષ્યો જ મોક્ષ મેળવવાનો ઇજારો લઈને કેમ બેઠા છે ?

આપણને આ પ્રશ્ન દેખીતી રીતે ગૂંચવાડાવાળો લાગશે. મનુષ્ય પાણીનો પોરો અને ધાન્યના ધનેડા જેવો છે. પોરા પાણી વગર ન ટકે તેમ આ જીવન પાણી અને ધાન્ય વગર ન ટકે, તેની મોક્ષ મેળવવાની તાકાત શી રીતે ? દેવતા શી રીતે ન મેળવી શકે ? શક્તિ અધિકવાળા ને મોક્ષના અનધિકારી આપણે તેમને ગણીએ છીએ. આ દરેક મતવાળાએ માન્યું છે. સર્વ દેશે માનેલી તે ચીજ છે. અમે તો યુક્તિથી યોગ્ય હોય તે જ માનવાવાળા છીએ. પરંતુ સ્થિર બુદ્ધિથી તે વસ્તુ સમજો.

ડાહ્યા અને ગાંડા વચ્ચેનો ફરક

એક શેઠ સારી લક્ષ્મીવાળો હતો. કોઈ વખત દરિદ્ર દશામાં આવી ગયો. ગણિતમાં, વ્યવહારમાં, ઇન્દ્રિયના વિષયમાં મતભેદને સ્થાન નથી.

૨×૨=૪, સાકરને ગળી કહેવામાં, કરિયાતાને કડવું કહેવામાં કોઈનો મતભેદ નથી, પણ **વિચારનો મતભેદ ટેકાણે ટેકાણે છે.** તેજીના જીવડાને મંદી થાય તો કૃત્રિમ છે. વેપારની રૂખ દરેક વખતે જુદી છે.

ઇન્દ્રિય વ્યવહારના વિષયમાં ઐકયમત રહે છે. વિચારમાં ઐકયતા રહેતી નથી. એક જ કુટુમ્બમાં એકને અમુક વેપાર કરવાનો સૂજ્યો, એકને લાભ અને એકને નુકશાન. તેમાં મતભેદવાળા હોય છે.

તે શેઠે વેપારમાં ધન ખોયું. તેને અન્ન અને દાંતને વેર જેવું થયું. હવે શું કરવું? જીવન, કુટુમ્બ ટકાવવાની મુશ્કેલી થઇ. અમુક શેઠ મારા કુટુમ્બનો છે, તે સુખી છે, માટે હું તેની પાસે કંઈક માંગણી કરું. પછી તેનું શરણ લેવા માટે તેને ત્યાં તે આવ્યો, ધનવાન શેઠે આ દરિદ્ર દશાવાળા કુટુમ્બીને છેટેથી જોયો. કાંઇક લેવા તે આવ્યો લાગે છે, તો તે યુક્તિ કરી લાંબો થઇ સૂઇ ગયો. દેવાની બીકે સૂતેલો જોયો. પેલા આવનારને એ ખબર નથી કે 'મને દેખીને સૂતો છે.'

"વિનય વશીકરણ છે."

મંત્રતંત્રના કાર્યો જે નથી કરી શકતા તે વિનય કરી દે છે. આવનાર દરિદ્ર શેઠના પગ દાબવા લાગ્યો સૂતેલો શું ધારે છે? કે–નોકર આવ્યો છે ને પગચંપી કરે છે. પા–અડધો કલાક થયો, એટલે પેલાએ ધાર્યું કે દરિદ્રી ગયો જણાય છે, નોકર ધારી સૂતેલા શેઠે તેને પૂછયું–'પેલી બલા ગઈ?' આવનાર પામી ગયો કે–'આ મને આવતો જોઈ સૂઈ ગયો છે, અને મને બલા ગણાવે છે.' આથી પગ દાબતાં દાબતાં બોલ્યો કે–એ બલા પગે વળગી છે. આ સાંભળી શેઠ ચમકયો. તે સમજી ગયો કે–કપટ ખૂલ્લું થયું છે પછી તે બેઠો થયો.

તારામાં ને મૂર્ખમાં આંતરું કેટલું? પેલાએ આંતરું (શેઠ ને પોતાની વચ્ચે હતું તે) આંગુલીથી વેંતથી ભર્યું. એક–બે–ત્રણ ને ચાર આગળાંનું. મારા ને મૂર્ખ વચ્ચે એક વેંત ને ચાર આંગળનું આંતરું છે.

મૂળ વાતપર આવીએ. લાખ ને ક્રોડ વચ્ચે એક પૈસાનું આંતરૂં. ડાહ્યા ને ગાંડામાં આંતરું કેટલું? **જે વિચારને વિચારથી ગળે, તે ડાહ્યો અને વિચાર આવ્યો ને ગળ્યા વગર પ્રવૃત્તિ કરે તે ગાંડો.**

આવેલા વિચાર પ્રમાણે સાધુ વર્તન કરે તો તે ગાંડો. સભામાં થૂંકવાની ઇચ્છા થઈ. ત્યાં ન થૂંકાય. બીજે જઇને થૂંકે તે ડાહ્યો. અહીં જ વિચાર આવ્યો ને અહીં જ થૂંકે તે ગાંડો. **વર્તન અને વિચાર વચ્ચે ગળણું મૂકે તે ડાહ્યો. ગળણું મૂકયા વગર પ્રવર્તે તો તે ગાંડો.**

મનુષ્ય મોક્ષ માટે લાયક, ને દેવતા નહીં, તેનું કારણ આ જ. દેવતામાં **'દેવાનાં વાંછાનાં'** દેવતામાં ઇચ્છા સાથે જ કાર્ય થઈ જાય. ઇચ્છા પછી વિચારવાનું સ્થાન હોય તો માત્ર મનુષ્યને. ઇચ્છા થયા પછી, વિચારો થયા પછી, કાર્યના પરિણામને વિચારવાનું, પછી વર્તન કરવું તે મનુષ્યમાં છે.

મનુષ્યનું મુખ્ય કર્તવ્ય વિદ્યા મેળવવી, પણ તે કઈ? ગાય ખેતરમાં ચરવા પેસે પણ આજુબાજુ જૂએ છે. જ્યાં ખેતરમાં રખેવાળ જૂએ કે તરત જ વાડ કૂદીને તે નાસે. ગાયો પણ રાત્રે ખેતરમા પેસે છે. ગાય જેવીમાં પણ ચતુરાઇ છે. મનુષ્યપણામાં જો એ જ ચતુરાઇ–વિદ્યા હોય તો તે કામની નથી. **જે જન્મ, જરા, મરણનાં બંધનોને છેદવા-વાળી થાય, મોક્ષ માટે જે વિદ્યા મેળવી હોય તે જ મનુષ્ય છે. નહીંતર મનુષ્યનું ચામડું છે** અને તે મનુષ્ય જાનવર છે.

જે વિદ્યા મુક્તિ માટે થાય તે કઈ વિદ્યા?

પોપટનું 'અચરે....અચરે....રામ' જેવું નહીં.

બ્રહ્મજ્ઞાની લવાભાઈ

લવો કરીને બ્રહ્મજ્ઞાની કહેવાતો. તેની વાતમાં ભલભલા લીન થઇ જાય. તેના (સત્સંગમાં) પરમ રાગી એક શાહુકાર છે. તે પરગામ જાય છે. ત્યારે બૈરી કહે છે કે–'ઘરમાં મસાલો ગોળ નથી.'

શાહુકાર કહે છે કે–હું રૂપિયો આપું છું, તો તે લઈ આવજે. લવાભાઈની દુકાન ગોળની જ છે ને? બૈરી કહે–ઠીક.

પેલા ભાઇ તો ગામ ગયા. અને બાઈને રૂપિયો આપ્યો. ગોષ્ઠીમાં નિપુણ લવા ભાઈ મોટા, એટલે બાઇ તેની લાજ રાખે છે. એક ખૂણે ઊભી રહીને છોકરા સાથે રૂપિયો ને તપેલી આપ્યાં. છોકરે જઈને લવાભાઈને કહ્યું–ગોળ મંગાવે છે, તે આપો.

લવાભાઈ વિચારે છે કે-તે ભાવ પૂછતી નથી, માલ જોતી નથી, તો તોલ કયાં જોવાની છે? કૂતરા પણ ન સૂંઘે તેવો ગોળ આપ્યો અને પાંચ શેરને બદલે ૪॥ શેર આપ્યો! પેલી બાઈ ગોળ લઈને ચાલી, ઘેર આવી. દાળશાકમાં તે ગોળ નાંખ્યો. બીજે દિવસે ઘણી પરગામથી ઘેર આવ્યો. શાકનું ફોડવું ખાય છે, તો મોંમાં પેસે નહિ! કારણ? તે ગોળ ખરાબમાં ખરાબ હતો. અફીણ કરતાં બૂરો. બૈરીને પૂછે છે કે-આ છે શું?

બૈરીએ બધે તપાસ કરી, કહ્યું કે-બીજી કોઈ ચીજ નવી નથી પણ આ ગોળ નવી ચીજ છે અને તે ખરાબ હશે.

ધણીએ કહ્યું-ગોળ લાવી કયાંથી?

બૈરી કહે-લવાભાઇને ત્યાંથી.

ધણી કહે-તેમાં શું પૂછવું? બાઇએ ગોળ તપાસવા કહ્યું-પણ ધણીને લવાભાઇ ઉપર ભરોસો હોવાથી તે ગોળ તપાસતો નથી. બૈરીએ ચાખીને કહ્યું-આ ગોળ જ એવો છે. પેલો કહે-લવાભાઇ તે વખતે દુકાને નહીં હોય, માટે ત્યાં જઉં, તે બદલી આપશે. એમ ધારી ગોળ પાછો આપવા જાય છે. લવાભાઇ કહે: આવો ભાઈ! પેલો શાહુકાર કહે-આ ગોળ ખરાબ છે, ચાલે એવો નથી, માટે તે બદલી આપોને!

લવાભાઇ કહે-ગોળ નાખ ઉકરડે, મને તો તને જોઈને આશ્ચર્ય થાય છે કે-"આટલું આટલું બ્રહ્મજ્ઞાન સાંભળ્યું, છતાં તને હજુ તીખું કડવું થાય છે! બોરો છે, એવા વિચાર આવે છે? આટલા વરસ તેં સાંભળ્યું શું?" પણ પોતે કર્યું શું? એ લવાભાઇ વિચારતા નથી! આવા વિદ્યાઓની વાતો કરનારા હોય તેમાં તેમનું મનુષ્યપણું નથી.

તપસ્યા પણ જોઈએ. તપસ્યા ન હોય તો તે વિદ્યા મનુષ્યપણાને ઠગનારી બને છે. આવી વિદ્યા મનુષ્યપણાનાં ઘરેણાંરૂપ બનતી નથી. તપ કરી દુઃખ સહન કરવા માંડ્યું તે કેવી રીતે? ધ્યેય ભજકલદાર'નું હોય-તે તપમાં કલદારને જ ભજવાની વાતો હોય. આ પ્રકારનું તપ કાયકલેશ છે. આવા કલદારના ધ્યેયને લીધે વાસના તો 'ચામડી તૂટે પણ દમડી ન છૂટે,' તેવી જ હોય; પરંતુ તેઓ હાથના પોલા હોય એટલે એ

દાનવાળા પણ નથી. બાંધી મુઠ્ઠીવાળા લુચ્ચાઇ કરી શકતા નથી, માટે પોલો રાખતા હોય છે. એવી જ્ઞાનશક્તિ, તપશક્તિ, દાનશક્તિ, મનુષ્યપણાનું ભૂષણ નથી.

વિદ્યા, તપ, દાન સાથે પવિત્ર વર્તન હોય, તે જ શોભાવાળું છે. પવિત્ર વર્તનવાળું દાન–તપ–વિદ્યા શોભાપાત્ર છે. તે ન હોય તો તેવાઓનાં વિદ્યાદિક મનુષ્યપણાને શોભાવનાર ન બને, માટે પવિત્ર વર્તન જોઇએ. તેથી પાંચે ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવનારા તેઓ થાય. ક્રોધાદિક ઉપર કાબૂ મેળવનારા થાય. તે નવ ઉપર કાબૂ ન રાખે તો બીજા ગુણો શોભા પામી શકતા નથી. એ નવ પર કાબૂ હોય છતાં જે જે લાયક ગુણો જોઇએ, તે ન આવ્યા તો તે દારુડીયા જેવા ગણાય, માર્ગાનુસારીને અંગે ૩૫ અને શ્રાવકને અંગે ૨૧ ગુણો કહ્યા છે. લાયકપણા સાથે રહેવાવાળા ગુણો ન હોય તો તે મનુષ્યપણાને શોભાવનારા ન બને. નિર્વ્યસનપણું ગુણ સાથે જોઇએ. આટલું બધું છતાં પણ એક વાત ધ્યાનમાં રાખવાની.

દમણ ગયા હશો. જૂનું ને નવું દમણ છે. વચમાં ખાડી છે. બે ભાગે શહેર છે. શેઠ બીજા શહેરમાં જવા હોડીમાં બેઠા. શેઠને ખલાસીએ પૂછયું–કેટલા વાગ્યા છે? ઘડિયાળ બતાવ્યું. જો. ખલાસી કહે–હું જોતાં શીખ્યો નથી. એ બે આંકડા વાંચતા આવડતા નથી. તેવામાં ટાવરમાં ટકોરા વાગવા માંડ્યા. શેઠે કહ્યું–ગણ. ખલાસી કહે–ગણતાં શીખ્યો નથી. શેઠે કહ્યું–તારી અડધી જિંદગી એળે ગઈ.

એવામાં વચમાં ખડક આવ્યો. ખલાસીએ કહ્યું–'શેઠજી! તરતાં આવડે છે?' શેઠે ના કહી.

ખલાસીએ કહ્યું–તો સમજો કે–તમારી તો આખીયે જિંદગી પણીમાં ગઈ. વહાણ ડૂબ્યું અને શેઠ તરવાનું ન જાણે તેથી શેઠની આખી જિંદગી ગઈ! વેપારી હતો, ભણ્યો હતો છતાં જિંદગી ગૂમાવી. કેમ? તરવાની આવડત વિના. એમ આપણે ભવમાં–સંસારમાં વહી રહ્યા છીએ; તે વખતે વિદ્યા–તપ–દાન–શીલ મેળવ્યાં, પણ તરવાનું સાધન ધર્મ ન મેળવ્યો હોય તો શું થાય? તરવાનું ન જાણતા હોવાથી શેઠે બધું ગૂમાવ્યું.

તમારી આવતા ભવની બેંક કોણ? અહીંનું કરોડોનું નાણું, સ્ત્રીઓ ગમે તેટલી હોય છતાં તે ત્યાંની બેંક ચેક સ્વીકારે તેમ નથી. પર્વત જેવડી કાયા હોય તો પણ ત્યાં નહીં સ્વીકારાય. ત્યાં ઓફિસ કોની છે?

કંચન-કામિની આદિની ઓફિસ નથી. માત્ર ધર્મ કે પુણ્યની ઓફિસ છે. તેનો ચેક ન લીધો હોય તો ભલે તમે દાન વર્તન રાખનાર હોય છતાં પણ તરી શકો નહીં; માટે કહે છે કે-'જેને વિદ્યા ન હોય, તપ, દાન, શીલ ન હોય, ગુણ ન હોય, ધર્મ પણ ન હોય, તે મનુષ્યભવમાં માત્ર ભારભૂત છે. મનુષ્યના રૂપમાં તેઓ મૃગલાઓ માફક જગતમાં ચરે છે.'

દરેક જીવો બે તાંતણે બંધાય છે. તે તાંતણા છે :-કર્મ ને કલેશ. પૂર્વનાં કર્મો ભોગવવાં અને નવાં બાંધવાં. આ સંસારમાં દરેક જીવ આ બે તાંતણાથી જ બંધાયા છે. 'તું મનુષ્ય છે, તેવો પ્રયત્ન કર, તારાથી જ તે કામ બને તેવું છે. કર્મ અને કલેશ બન્નેનો અભાવ કરી ચિદાનંદસ્વરૂપ તારા આત્માને બનાવ.' આમ મનુષ્યનાં કર્તવ્યો બતાવ્યાં-વિશેષ માટે આગળ.



મનુષ્યભવરૂપી કલ્પવૃક્ષ

દેશના ૨૪

(૨૦૦૦ માગશર વદી ૪, ગોધરા. ગુહ્યાનો ઉપાશ્રય)

સોમપ્રભ આચાર્યમહારાજ ભવ્યોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં જણાવે છે કે–આ જગતમાં કલ્પવૃક્ષ વૃક્ષોમાં ઉત્તમોત્તમ ગણાય છે. ઇચ્છિત પૂરવા માટે સમર્થ હોય તો માત્ર કલ્પવૃક્ષ ગણાય. પણ કલ્પવૃક્ષનો અર્થ એ છે કે–કલ્પનામાં આવ્યા પછી ફળ આપે. વસ્તુ જાણવી જોઇએ, તે સારી માનવી જોઈએ ને તે મળ્યાની ઇચ્છા કરે ત્યારે કલ્પવૃક્ષ ફળ આપે; પરંતુ આ મનુષ્યભવ કલ્પવૃક્ષ કરતાં પણ ચઢીયાતો છે. કારણ તમે દુનિયાદારીના દરેક વિષયોને જાણી તપાસી શકો છો કે તે ઇષ્ટ છે કે અનિષ્ટ છે, તે જાણી, તે મેળવવાની કે તેને છોડવાની મહેનત–પ્રયત્ન કરી શકો છો.

એક એવી ચીજ છે કે--જે તમારી કલ્પનાની બહાર છે. તે છે તમારો આત્મા. તેને સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દથી જાણતા નથી. બધો આધાર આત્મા ઉપર છે, અને તેનું જ–આત્માનું જ જ્ઞાન આપણને નથી ! જે આત્માની ઉપર જ્ઞાન ને સુખનો આધાર છે તે આત્માને આપણે પીછાની શકતા નથી !

બે ઝવેરી હતા. જંગલમાં ભૂલા પડયા. વચમાં ભીલનું ઝૂંપડું આવ્યું. ત્યાં વિસામો કર્યો. ઝવેરીઓ પોતાની પાસેના મોતીના પાણીની માંહોમાંહે વાત કરે છે. એક કહે છે કે--આ મોતી તો પાણીનો દરિયો છે દરિયો. આ વાત ભીલે સાંભળી. કપડાને તે મોતીને અડકાડયું ! પણ કપડાનો છેડો ભીનો ન થયો એટલે ભીલે નક્કી કર્યું કે--દુનિયામાં આવા ને આવા ગપ્પાં હાંકનારા પડયા છે. દરિયાના પાણીની વાત કરે છે અને કપડાનો છેડો સરખો પણ ભીનો નથી થતો! તે ગમાર ભીલ તળાવ-કૂવાના પાણીને પાણી સમજે છે. મોતીના પાણીને (તેજને) તે ભીલ પાણી સમજી શકતો નથી. ભીલ સ્વપ્નમાં પણ મોતીનાં પાણીનો ખ્યાલ કરી શકતો નથી.

આથી ઝવેરીની સાચી વાત પણ ભીલને ગપ્પાં જેવી લાગી. તેમ આપણે પણ શામાં ટેવાયાં છીએ? પાંચ ઇન્દ્રિયના વિષયમાં અટવાયા છીએ. જન્મ્યા પછી ખાઉં....ખાઉં....ખાઉં. આટલું જરા બતાવે તો પણ બટકા ભરવા જઇએ. નાના છોકરાય લાકડાનું ચુસણીયું રાખે છે. શાથી? ભૂખને લીધે તે નથી રાખતા. **એક જ આવાની લત** પડી ગઈ છે. બસ, ખાવું–ખાવું ને ખાવું.

પછી સમજણા થયા. આગળ વધતાં મિત્રો મળ્યા, પછી **રમતની લત** લાગી. માબાપ બોલાવ્યા કરે તો પણ રમતમાં જ જીવ. લંગોટીયા મિત્રો જ્યાં ઊપડયા ત્યાં તે પોતે જાય. તેને માબાપ શોધ્યા જ કરે.

એ પછી જ્યાં નિશાળમાં દાખલ થયા ત્યાં **અભ્યાસની લત** પછી વેપારમાં જોડાયા ત્યાં **ધનની લત** લાગી. 'અહીંથી લઉં કે તહીંથી લઉં', પછી કુટુમ્બમાં પરણ્યો એટલે **'મારી બાયડી–મારાં છોકરાં ની લત.** તેમ કરતાં વૃદ્ધાવસ્થા આવી. એટલે એ બધું વિસારીને 'કેડ, માથું, શરીર' દુઃખે છે; **એ દુઃખની જ લત,**

આખી જિંદગીમાં, જે મૂળ આત્મા છે, તેની લત કયારેય લાગી? બાળપણથી તે વૃદ્ધાવસ્થા સુધીની તમામ અવસ્થાઓ તપાસો. જુદી જુદી લતોમાં જીવન પૂરું કરાય છે. તેમાં મૂળ ધણી–આત્માને કયારે તપાસ્યો? તેને તપાસવાને વખત કાઢયો? 'કાજીની કૂતરી મરે ત્યારે ગામ શોક પાળે. કાજી મરે ત્યારે કંઈ નહી.' કાજીની કૂતરી જેવી બીજી લતો માટે બધું કરીએ અને આત્મા માટે કશું નહીં?

આત્મા અતીન્દ્રિય છે. ઇન્દ્રિયનો વિષય ન હોવાથી તે લોકોમાં વિવાદનો વિષય બની રહે છે. સુંવાળું, ખરબચડું, ગળ્યું, કડવું તેમાં કોઇને મતભેદ નથી. ઈન્દ્રિય સિવાયની (આત્માની) બાબતમાં તમારા એક મત નથી. બજારમાં રૂખ તેજી–મંદી. મંદીના જીવડાને મંદી જ દેખાય, તેજી કૃત્રિમ દેખી ફેંકી દે છે. તેજીના જીવડાને તેજી જ દેખાય, તે વળી મંદીને કૃત્રિમ દેખે. એ ભેદ કેમ પડયા? કહો કે–પ્રત્યક્ષ ઇન્દ્રિયનો સાક્ષાત્ વિષય નથી.

ખાટું, મોળું, તીખું તે પ્રત્યક્ષ વિષય હતા. લડાઈ લડનાર

જીતની ઈચ્છાએ જ લડાઇ લડે છે, છતાં એક જ કેમ જીતે છે ? કેમ તેમાં ભેદ પડયો ? **મનના વિષયને અંગે દુનિયા એક મતે ચાલતી નથી. જ્યારે મતના વિષયમાં મતભેદનો પાર નથી તો આત્મા મન કરતાં પણ પર છે.** આવો ઈન્દ્રિયોના વિષયની કલ્પનાથી અતીત આત્મા હોય તો આત્માનું શુદ્ધ સ્વરૂપ મોક્ષ તે કલ્પનાતીત હોય જ. તેથી આપણામાં કેટલાક–'મોક્ષ, મહારાજે કહ્યો માટે માનવો જોઈએ.' એમ કહે–એ રીતે મોક્ષની હા પાડે પણ મિત્રો ભેળા થાય ત્યારે 'મોક્ષમાં ખાવાપીવા હરવાફરવાનું નથી' એવું એવું બોલવા માંડે. હા, એટલું ધ્યાન રાખે કે–મા,બાપ, ગુરુ આગળ આમ ન બોલાય.

એણે પરમ સુખનું સ્થાન ખાવાપીવા આદિમાં માની લીધું.

બીજી બાજુ તપાસીએ. આ ગુલામી નાબૂદ થઈ, તે લડાઈમાં કયા ગુલામોએ હથિયાર ઉપાડ્યા ને લડાઈ થઈ. ગુલામી નાબૂદ કરનારા સામે હથિયારો ઉપાડ્યા. કેમ ? તેઓ ગુલામીને ગેલ સમજતા હતા. બિચારા, ગુલામી ન સમજતા તેને જ સારી ગણુતા હતા. પોપટ,પારેવાને પાંજરામાં રાખો. પછી એ એવો ટેવાઈ જાય કે તેને ઊડાડી મૂકો તો તે ફરી ત્યાં જ આવ્યા કરે. પાંજરાપોળમાં પારેવાં છે, તે ઊડે જ છે–કોણ બોલાવા જાય છે એમને ? પોતાની મેળે જ હતાં ત્યાં આવે છે. તે ટેવાઇ ગયા છે. **ગુલામીમાં ટેવાઈ ગએલા ગુલામીને જ સારી માને.** તેવી જ રીતે આ શરીર–કેદમાં આપણે ટેવાયેલા છીએ.

શરીર કેદખાનું.

ખરેખર આ શરીર કેદખાનું છે. જેલ સળગી જાય તો કેદીને સળગવું જ પડે. સુખદુઃખ શાના લીધે છે? દુનિયાદારીની આપત્તિ શાને લીધે છે? ભટકતી જાતપણું કેવળ આ પાંજરાના લીધે જ છે. એટલા માટે શ્રી મુનિસુંદરસૂરિજીએ જણાવ્યું કે–

देहे मुमुह्य कुरुषे किमघं न वेत्सि,
देहस्थ एव भजसे भवदुःखजालं ।
लोहाश्रितो हि सहते घनघातमग्निर्बाधा
न तेऽस्य च नभोवदनाश्रयत्वे ॥

દેહમાં મૂંઝાઈને ધન–ધાન્ય–અગ્નિ આદિનાં આરંભસમારંભોનું પાપ કેમ જાણતો નથી? આ શરીરથી તું ટેવાઇ ગયો છે. શરીર એ જ હું, હું એ જ શરીર. આત્માને તો હિસાબમાંથી બહાર કાઢી નાખ્યો છે. શરીર રોગી–નિરોગી તો હું રોગી–નિરોગી, હું ઊંચો તો શરીર ઊંચું;

આવી દશા સમજીને તું શરીરમાં મૂંઝાઈને દુનિયાનાં બધાં પાપો કરે છે. તે બધાં પાપોનું કારણ શરીર છે. પરંતુ ખ્યાલ રાખો કે–સરકાર ગુનેગારને સજા કરે છે, તે સાધનદ્વારાએ જ સજા કરે છે. આ કર્મરાજા સજા ભોગવે છે તે આ શરીરદ્વારા. સાગરોપમો સુધી નરકમાં દુઃખ ભોગવાવે છે, તે શરીરદ્વારાએ જ ભોગવાવે. ત્રણ ગતિમાં તો દુઃખ ભોગવાવે છે.

કોટીધ્વજને ઘેર ધાવણો છોકરો હોય, હવે તેનું ઘર દેવાળિયું બન્યું હોય તો છોકરાને કંઈ છે? છોકરાને શાખ–આબરૂનો ખ્યાલ નથી, ફક્ત ખાવા–પીવાનો જ ખ્યાલ છે તેમ તમને ખ્યાલ છે કે મોક્ષ ખાવા-પીવામાં કામ ન લાગે. આ છોકરાના વિચારો તે અક્કલની ખામીથી કે વાસ્તવિકતાથી છે? આબરૂની કિંમત છોકરાને ન હોય.

દુનિયાદારીમાં–એના વિષયમાં માચેલા–રાચેલા આત્માના સ્વરૂપને-મોક્ષને સમજે નહીં, તેથી મોક્ષમાં ખાવાપીવાદિનું સુખ નથી, એમ કહ્યા કરે. એ જ બાળક સમજણમાં આવે ત્યારે 'તે વખતે કયાં મારી આબરૂ હતી' એમ કહે. અક્કલ આવ્યા પછી આબરૂની કિંમત સમજે. તેવી રીતે અહીં પણ મનુષ્ય વિચાર કરે, ત્યારે ખાવું, પીવું ઓઢવું વગેરે આત્માને કે શરીરને? શરીર પાંચ ભૂતનું પૂતળું છે, તેને ઉપયોગી વસ્તુ ન મળે એટલે મોક્ષમાં ખાવાનું નહીં વગેરે વિચારો થાય. મોક્ષની તુલના પાંચ ભૂતના પૂતળાં સાથે કરી.! પિતાએ કોડનું દેવાળું કાઢયું, છતાં નાના બાળકના મગજ પર અસર કશી નથી. તેવી રીતે આ આત્માને પણ આ શરીરના કેદમાં–પાંજરામાં એટલી બધી દૃઢતા થઈ ગઈ છે કે–તે પાંજરાને લીધે આત્માની શી દશા થઈ છે? તેનો ખ્યાલ તેને નથી.

આ શરીરરૂપી પાંજરામાં નાખીને કર્મરાજા સજા ભોગાવરાવે છે.

જેમ સરકારને હદબહારના ગૂનામાં નાઈલાજ રહેવું પડે છે. એક વધ કર્યો તો ફાંસી, અને ૧૦ ગૂના વધના કર્યા તો પણ એક જ ફાંસી. પણ બાકી નવ ગૂનાનું શું?સરકાર દશ વખત ફાંસી દેતી નથી. પહેલાં તેમાં છીંડીવાળો કાયદો હતો. પહેલાં ફાંસીની સજામાં 'ગૂનેગારને ફાંસીએ લટકાવવો.' હતું એકવાર સારા શ્રીમંતે ખૂન કરેલું. કોર્ટમાં તેનો કેસ ચાલ્યો. તેણે બેરિસ્ટર ઊભો રાખ્યો. બેરિસ્ટર કંઈ બોલે નહીં. 'મારે કંઈ નથી કહેવું.' કેસ સાબિત થયો. તેણે કોસ પણ ન કર્યો. ચાર્જ કરી જજે તેને આરોપી ઠરાવ્યો.

પેલો શ્રીમંત સમજે છે કે મારો બેરિસ્ટર મારો બચાવ કરશે, બેરિસ્ટરે ના પાડી કે 'મારે કંઈ નથી કહેવું.' હવે કોર્ટનો ઉપાય ન રહ્યો. શેઠ બેરિસ્ટરને કહે છે કે 'આ શું ?' શેઠને સજા થઈ. સજા અમલમાં મૂકવાનો દિવસ આવ્યો, શેઠને માંચડે ચડાવ્યો કે તરત બેરિસ્ટરે માંચડો તોડી નાંખ્યો અને કહ્યું "વાંચો, કાયદામાં એમ લખ્યું છે કે-'ગુનેગારને ફાંસીને લાકડે લટકાવવો.' બસ, લટકાવી દીધો. લખેલી સજાનો અમલ થઇ ગયો.કાયદામાં'મારી નાંખવો' એમ નથી લખ્યું.

સરકારી હોદ્દેદારો વીલે મુખે પાછા ગયા. પછી કાયદામાં સુધારો કર્યો કે-'મરે ત્યાં સુધી લટકાવવો.' આમ પહેલાં છટકબારી હતી, તે વખતે દસ વખત પણ સજા કરી શકે. હવે તો છટકબારી વગરનો ચોખ્ખો કાયદો છે. "જીવ જ્યાં સુધી ન જાય ત્યાં સુધી ફાંસીના લાકડે લટકાવવો." તેમાં પણ કોઈએ દસનાં ખૂન કર્યાં, તેમાં એક ગુનાની સજા થઇ, બાકીનાં નવનું શું ? ત્યાં સરકારની સજા ચાલી શકતી નથી.

સાવરકરને ફાંસી દીધી ત્યાં તેણે કહ્યું કે-' આ જન્મ કે આવતા જન્મ માટે ? હું અનેક જન્મ માનનાર હિન્દુ છું.' એમ અહીં ગૂનાની સજા થઈ, પરંતુ આવતો જન્મ પણ તમારે માટે છે. આગળ અહીંયાની સરકારની સત્તા નથી; પરંતુ કર્મરાજાની ચારે ગતિમાં રખડાવવાની સત્તા છે.

અહીં આ પાંજરામાં રાખે, ત્યાં શરીરરૂપી પાંજરામાં રાખે તો જ સજા બજાવી શકે. '**देहस्थ एव भजते**' ભલે શરીરરૂપી કર્મની

કેદમાં રહેલો છે માટે ભવદુઃખ ભજે છે. આગને કોઈ ઘણ મારતું નથી. લોઢામાં તે પેસે એટલે લોઢાની સાથે અગ્નિને પણ ઘણ ખમવા પડે.

અગ્નિ ઘણના માર શા માટે સહન કરે છે ?

અગ્નિ લોઢામા પેઠો તેથી. આથી કહે છે કે–'**नभवत् अनाश्रयत्वे** આકાશની જેમ અનાશ્રયપણામાં–મોક્ષમાં મઝા છે. આકાશને ઘણ વાગતાં નથી કારણ કે તે કોઈ માં પેસતું નથી. તું શરીરના બંધનથી નિરાળો હોય તો જન્મ, જરા, મરણાદિ દુઃખ સહન કરવાનું હોય નહીં.

કલ્પનાતીત સિદ્ધિસુખ

આવો મોક્ષ જે આપણી કલ્પનામાં પણ ન આવે તેવો કલ્પનાતીત મોક્ષ છે. એવું ફળ જેમાંથી મળે તેવું ઝાડ તમને મળ્યું. **મનુષ્યભવરૂપ કલ્પવૃક્ષ મળ્યું. તેનું ફળ મોક્ષ છે.** તેમાં કેવાં પ્રકારનું સુખ છે તે વચન–અગોચર હોવાથી અહીં અનુભવ બહારનું દૃષ્ટાંત બિભત્સ છે, પણ સમજવા લાયક હોવાથી તે અપાય છે.

બે છોકરીઓ ઠેઠ બાળપણથી બેનપણી હતી. કોનું ઘર કયું તે ન ઓળખાય. બે જણી એવી રીતે વર્તે કે પોતાનું જ ઘર છે. સૂવું, બેસવું વગેરે સાથે જ હોય. આવી બેનપણીઓ કયા ઘરની છોકરી છે તે ન વર્તાય–ન જાણી શકાય. બે જણીએ વિચાર કર્યો કે–આપણા માબાપ લગ્નની વાતો કરે છે એમાં એવું છે શું ? બન્નેમાં એક મોટી હતી અને બીજી નાની હતી. મોટીનાં લગ્નની વાતો કરે છે. નાની કહે–લગ્ન માટે આટલો આડંબર કરે છે, તો તેમાં શું છે તે મને કહેજે. 'મોટીનાં લગ્ન થયાં, તે સાસરે ગઇ. પતિસુખ અનુભવ્યું. પછી નાનીએ પૂછયું કે–શું સુખ? જો કે સખીપણામાં ભેદ નથી, આંતરો પણ નથી, પણ વાત જ અનુભવની, તે વચનના અનુભવથી બહાર છે. ત્યાં મોટી શું કહે?


આત્માના અનુભવની વાત હોય ત્યાં તે કેવી રીતે કહેવાય ? 'મહારાજ, મને મોક્ષ દેખાડો.' મોટી કાંઈ કહેતી નથી ત્યારે નાની કહે છે કે હવે તું આંતરો શીખી, હવે તારું હૃદય ચોકખું નથી, પણ તે હૃદય બતાવી શકાતું નથી. એમ નાની સમજતી નથી, તેમ મોક્ષ

બતાવવાની ચીજ નથી. જે વસ્તુ જ્ઞાનીપુરુષોનાં જ્ઞાનથી જ જાણી શકાય, તે ઈન્દ્રિયોના વિષયથી શી રીતે જાણી શકાય ?

મોક્ષ અતીન્દ્રિય વિષય છે જે કલ્પનામાં ન આવી શકે. એવી અતીન્દ્રિય વસ્તુ પરીક્ષામાં ન આવવાથી તમે તેની માંગણી ન કરી શકો, છતાં તમને મોક્ષને રસ્તે લઈ જઈ મોક્ષ અપાવી દે, તેવી તાકાત આ મનુષ્યભવરૂપી વૃક્ષની છે.

આ મનુષ્યપણારૂપી વૃક્ષ, એવું જબરજસ્ત છે કે તમને તે કલ્પનાતીત ફળો આપી શકે છે. બીજ વાવ્યા સાથે ફળ ન થાય. અંકુર-થડ-ડાળાં-પાન-ફૂલ અને પછી ફળ થાય. વચલાં ફળો કયાં ? એમાં જિનેશ્વર મહારાજને કેમ માનવા ? એ પૂજ્ય કેમ ? અમે પૂજક કેમ ? હીરા સારા ચિહ્નવાળા હોય તો ઘરની આબાદી કરે, કેટલાક કાક પગા હોય તો ઘરમાં ન રખાય અને બીજાને પણ ન અપાય. તેને જંગલમાં દાટી દેવા પડે.

આપણે પણ હીરા. જિનેશ્વર મહારાજ પણ હીરા. તેઓ સદ્‌લક્ષણા, આપણે કાકપદા. કર્મરાજા નચાવે તેમ આપણે નાચીએ છીએ. કર્મરાજાનાં પાત્રો આપણે છીએ. જ્યારે તીર્થંકરો કર્મરાજાને પાત્ર બનાવનાર છે. તીર્થંકરપણું એ પણ પુણ્ય નામકર્મ છે. તેનો પ્રભાવે શાસન પ્રવર્તાવી કર્મરાજાને પાત્ર બનાવે, આ વાત જણાવવા માટે '**જિન**' શબ્દ રાખ્યો. ઋષભ-મહાવીર ન રાખતાં '**જિન**' શબ્દ રાખ્યો. તેવા તે જિનેશ્વરો, પોતાના અનુયાયીઓને જણાવે છે કે-' તમે કર્મરાજાને પાત્ર બનાવો, તો જ મારા અનુયાયી., તે જણાવવા માટે 'જિન' શબ્દ વાપર્યો છે. આપણે જીતનારી પ્રજાને માનનારા છીએ. હવે તે જિનશબ્દ વચનથી અને મૂર્તિ ઉપરથી કેવી રીતે સાબિત થાય છે તે અગ્રે-



શ્રાવકકુળની મહત્તા

દેશના ૨૫

(૨૦૦૦, માગશર વદી ૫ ગુરૂવાર. દેરાખડકી-ગોધરા)

जिनेंद्रपूजा गुरुपर्युपास्ति, सत्त्वानुकंपा शुभपात्रदानं।
गुणानुराग श्रुतिरागमस्य नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥

શ્રાવક પિતા તરીકેનો વારસો.

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં જણાવે છે કે–દરેક મનુષ્ય પોતાના જીવનના નિર્વાહ માટે, શરીરરક્ષણ માટે, આબરૂ વધારવા માટેનાં આર્થિક સંજોગ સુધારવા માટેના પ્રયત્નો વગર ઉપદેશે, પોતાની મેળે જ કરે છે. એક વાત લક્ષમાં લેશો.કે શારીરિક રક્ષણ કોણ નથી કરતા? શું જાનવરો રક્ષણ નથી કરતા?

જાનવરો પોતાને ઉપદ્રવથી બચવા માટે પ્રયત્ન તો કરે જ છે. ગાય વીંયાણી હોય ત્યારે તમે માલિક હોવા છતાં નજીકમાં ન જઈ શકો. શેરીમાં કૂતરી વીંયાણી હોય. રોટલો ખવડાવનાર પણ તેની નજીક ન જાય. સંતાનપાલન માટે પોતે ધ્યાન રાખનારી તે જાત છે; એટલું જ નહીં પણ દુનિયાદારીમાં તમે ઘર વેચો છે, તેમાં ઘરની માલિકી વેચી છે. તે તમારા નહિ પણ બીજા બધાના હક્કને એમ ને એમ રાખીને. શેરીમાં રહેવાવાળા કૂતરા બીજાને પોતાની શેરીમાં પેસવા ન દે.

જાનવરો પોતાનું મમત્વ હંમેશાં સાચવે છે. નીચી જાત પણ પોતાની માલિકી હંમેશાં સાચવે છે. તમે ઘર વેચ્યું. તેમાં ભોગવટો વેચ્યો. શરીરના બચાવ માટેની ક્રિયા તથા સંતાનના બચાવ માટેની ક્રિયા જાનવરો પણ કરે છે. તે ઉપરથી સમજાશે કે–તે ક્રિયામાં ઉપદેશની દરકાર હોતી નથી. તો પછી ઉપદેશની જરૂર શામાં હોય?

અપ્રસિદ્ધ અર્થને જણાવનાર તે શાસ્ત્ર

શાસ્ત્ર સફળ ક્યારે કહેવાય? જે વાત પોતાની મેળે પ્રવર્તી ન

હોય, દુનિયામાં સિદ્ધ ન હોય તેવી વાત જણાવે, ત્યારે શાસ્ત્ર સફળ ગણાય. ૭×૭=૪૯ એ બધા જાણે છે. જે વસ્તુ પ્રવર્તેલી હોય, તે વસ્તુ માટે શાસ્ત્રકારો ઉદ્યમ કરતા નથી. તે માટે ઉપદેશ કરે તો શાસ્ત્રકારપણાને ન શોભાવે. જે પદાર્થો નિશ્ચિત થએલા ન હોય, તે પ્રદાર્થો સમજાવે ત્યારે શાસ્ત્ર સાર્થક ગણાય. શરીર-કુટુમ્બ આર્થિક કારણ માટે જે કરાતાં કર્મો, તે કર્મોને ખટ્કર્મમાં સ્થાન આપતા નથી; નહીંતર ઝાડે જવું-દાતણ-બીડી-ચા--પાણી એ પણ તમારી અપેક્ષાએ ખટ્કર્મ ગણાવા જોઈએ,

ભાવ નવકાર

અનિષ્ટનું નિવારણ ને ઇષ્ટની પ્રાપ્તિ બતાવે તે શાસ્ત્ર. જે કાર્યમાં અનિષ્ટનું નિવારણ હોય, ઇષ્ટની પ્રાપ્તિ હોય તેવો જ ઉપદેશ શાસ્ત્રકારોનો હોય. શાસ્ત્રકારો ભલે આ ઇષ્ટિ થશે તે ન જણાવે. ઘણી જગ્યા પર શાસ્ત્રકારો તે જણાવી દે છે. નવકાર તમે બધા જાણો છો. કેટલાક પાંચ જ પદ ગણે છે. ચાર બાકીનાં પદ તો નથી ગણતા. લોંકા વગેરે પાંચ પદ ગણે છે. તે બિચારાને ખ્યાલ નથી કે નવકાર બતાવનાર મહાપુરુષે જણાવ્યું કે-આ રસ્તે નવકાર ગણો, તો તમારો ભાવ નવકાર ગણાય. સર્વ પાપના નાશ માટે નવકાર ગણાય, તો જ ભાવ નવકાર. અરિહંતને નમસ્કાર કર્યા છતાં પાપના નાશ માટે તે ન ગણવામાં આવે તો ભાવ નવકાર ન ગણાય. અભવ્યોને પણ તે બુદ્ધિ હોય છે.

કૃષ્ણજીએ બે કુંવરને હુકમ કર્યો કે-સવારે નેમનાથજીને જે પહેલાં વંદન કરે તેને શ્રેષ્ઠ ઘોડો ઈનામ આપું. કુટુમ્બને ધર્મમાં કેવી રીતે પ્રવર્તાવતા હશે? તેઓ સમજતા હતા, કે કૂકા અને રોડાનો વારસો મિથ્યાત્વીને ત્યાં જન્મ્યા હોત તો પણ મળવાનો હતો. મુસલમાનને ઘેર જન્મેલો છોકરો પોતાના બાપદાદાની સ્થાવર-જંગમ મિલકતનો માલિક છે. તે તેવી રીતે તમારે ઘરે જન્મેલો છોકરો સ્થાવર-જંગમ મિલકતનો માલિક થાય તો તે તમારે ત્યાં જન્મ્યો તેની વિશિષ્ટતા શી? આ એક વાત.

બીજી વાત બાપની પાસે રહેલી મિલકત એ છોકરાને બાપ ન આપે ને રફેદફે થવા દે, તો તે બાપની કિંમત શું? મરતાં સુધી છોકરાને મિલકત

આપે નહીં કે બતાવે જ નહીં તે બાપની કિંમત કેટલી ગણાય ? આપણે પણ જૈનધર્મ રૂપી અપૂર્વ વિધાન મેળવ્યું. તે બાળકને ન સોંપી શકીએ, લોકોત્તર માર્ગ બાળકને ન મેળવી આપીએ, તો આપણા કુળમાં ને મ્લેચ્છના કુળમાં છોકરો જન્મ્યો, તેમાં ફરક ન રહ્યો.

તમારે ત્યાં જન્મેલો લોકોત્તર સંસ્કાર માગે છે. રાજાને ત્યાં છોકરો જન્મ્યો ત્યારથી તે રાજ્ય માંગે છે. રાજ્ય ન મળે તો તેનો હકક છીનવાયો ગણાય. શ્રાવકકુળમાં જન્મેલા બાળકો લોકોત્તર માર્ગ માગે જ છે. બાળકોને લોકોત્તર માર્ગ પર ન ચડાવે તો તેના હકક પર માત-પિતા છીણી ફેરવે છે. છતે છોકરે જમાઈને જે મિલકત લખી આપે તેવા બાપને જુલમી ગણીએ છીએ.

શ્રાવક વર્ગની આ ભાવના હોવી જ જોઈએ કે–મારા છોકરાને જેવી મારી દ્રવ્ય મિલકત મળે છે તેવી જ મારી ભાવ મિલકત પણ મળે. તેવી મારી ભાવ મિલકત પણ લેનારા તેઓ હોવા જ જોઈએ. પોતાના જીવનના ભોગે પણ ધર્મસંસ્કારનો વારસો તેમને આપે.

શ્રાવકપુત્રનો ભવાંતરમાં પશ્ચાત્તાપ

એક શ્રાવક છે, ધર્મિષ્ઠ છે. છોકરો બધી કળામાં હોંશિયાર છે પણ 'આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા?' એ અવગુણ છે. બાળકોમાં મીઠાશ ખાવા, પીવા, ઓઢવાની ટેવ હોય. નાસ્તિક બુદ્ધિવાળાને 'આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા?' હોય, વિચાર કર્યા વગર મનમાને તેમ બોલનારો આ છોકરો છે. તે વેપાર–ધંધામાં ચાલાક છે. શ્રાવકે જોયું કે–આ બધું ખરું. નિકાશના હું બાળકને પ્રતિબંધવાળી ચીજ આપવાનો ને પ્રતિબંધ વગરની ચીજ નહીં આપવાનો. રોડા (મકાન વ૦) અને રૂપિયા, નિકાશના પ્રતિબંધવાળી ચીજ છે, તે આગળના ભવે નહીં લઈ જઈ શકાય. ધર્મ જ માત્ર પરભવમાં લઈ જઈ શકાશે.

દુનિયામાં બધે મતભેદ છે. જીવને કોઈકે માને, કોઈકે ન પણ માને, પણ મેળવેલું **મૂકવાનું છે, તેમાં કોઇ નો મતભેદ નથી** શ્રાવક પિતાને થાય કે–મેળવેલી ચીજ મૂકી દેવાની છે તેનો વારસો

છોકરાને આપું છું. ખાલી તિજોરી વારસામાં તો સોંપાય તેને ઠગાઈ કહેવાય બાપે દીકરાને ઠગ્યો કહેવાય. તેવી જ રીતે ધન અને મિલકતનો છોકરાને વારસો આપ્યો તે તો નિકાશના પ્રતિબંધવાળી ચીજનો વારસો આપ્યો. જે ચીજ ભવોભવ કામ લાગનારી તે ધર્મ-ચીજનો સદ્‌ભાવ છોકરામાં નહીં, નામ-નિશાન નહીં !

માટે બાપે વિચાર્યું કે-મારા બાળકને ધર્મ સમજાવવો જોઈએ. એકવાર ત્યાં સારા વિદ્વાન સાધુ આવ્યા. બાપે કહ્યું: 'બેટા ! ગુરુ મહારાજ આવા વિદ્વાન છે, તેમની પાસે જા તો ખરો. કથન તો સાંભળ. વ્યાખ્યાન સાંભળ, છોકરાને ત્યાં જવું નથી, પણ લોકમર્યાદા એટલે બાપના કહેવાથી તે ગયો, મહારાજે પુણ્ય-પાપનું નિરૂપણ કર્યું. એક કલાક તેણે સંભળાવ્યું પછી ગુરુએ તેને પૂછયું કે-આ જે કહેવાયું તેમાં તું કાંઇ સમજ્યો ?

છોકરો કહે કે-ના, કારણ કે તેટલી વાર મેં તો ઘરમાંથી મંકોડા ૧૦૮ વાર નીકળ્યા, તે ગણ્યા. સાંજે બાપ મહારાજ પાસે આવ્યો ને તેણે પૂછયું 'તો આમ બન્યું,' તેમ બાપને મહારાજે જણાવ્યું.

કાર્યોમાં વિઘ્નો આવવાથી મનુષ્યો પાછા પડે, તે મનુષ્ય કે જાનવરની ગણતરીમાં નથી. જાનવર પણ બીજી ત્રીજી એમ અનેક ફાળ મારે છે, શેઠે જોયું કે ફીકર નહીં, પછી ગુરુ પાસે તે આવતો તો થયો, બીજી વખત કોઇકે આચાર્ય આવ્યા. બાપે છોકરાને કહ્યું કે-આચાર્ય મહારાજ પધાર્યા છે, માટે આજે તું ત્યાં જજે અને મોં સામું જોયા કરજે. તે ત્યાં ગયો. મહારાજે કલાક સુધી ધર્મોપદેશ આપ્યો, પૂણ્યનો પ્રતાપ સમજાવ્યો અને તે છોકરાને પૂછયું-'મારી વાત તારા ધ્યાનમાં ઉતરી ?' પેલો કહે: 'હા, તમે કલાક બોલ્યા તે દરમ્યાન તમારો હેડીયો ૧૦૮ વાર ઊંચો-નીચો થયો,' હવે શું કરવું ? છોકરો ગુરુ પાસે જાય પણ તેને તત્ત્વ લેવાની વાત નથી.

આવી સ્થિતિ છતાં શેઠ વિચારે છે કે-'વર્તમાન ભવનું ચિંતવન જાનવરો પણ કરે છે, પણ ભવિષ્યના ભવ માટે ચિંતવવું જોઈએ.' છેવટે તે શ્રાવકે પ્રભુની મૂર્ત્તિ ઉપર તરત દૃષ્ટિ જાય, તે માટે ઘરનું બારણું નીચું કર્યું, અને સામે ભગવાનની મૂર્ત્તિ બેસાડી, પરિણામે

છોકરાને મન નહીં છતાં પ્રભુનું દર્શન થઇ જવા માંડયું. ક્રમે કરીને તે શ્રાવક અને છોકરો બન્ને કાળ કરી ગયા, પૂણ્યનો પલટો થયો અને તે છોકરો દરિયામાં માછલું થયો.

શાસ્ત્રકારોનો સામાન્ય નિયમ છે કે–બે આકાર સિવાય બીજા બધા આકારના મત્સ્ય હોય. વલયાકાર અને નળીયા આકાર, એમ બે આકારના જ મત્સ્ય ન હોય. મચ્છો (માછલા)ના આકારની વિચિત્રતામાં આજે નવાઈ લાગે તેમ નથી. મદ્રાસ મ્યૂઝિયમમાં તે અનેક આકારમાં જોવા મળે છે. એવામાં પ્રતિમા આકારનો મત્સ્ય છોકરાના જીવ–માછલાના જોવામાં આવ્યો. તેને અપૂર્વતા લાગી. તે તેને સાથે ખ્યાલ આવ્યો કે કોઈક જગ્યાએ આવો આકાર જોયો છે. એ તેથી જ છોકરાના જીવ માછલાને. જાતિસ્મરણ થયું. પછી તેણે પોતાનો પૂર્વ ભવ જોયો. તેને લાગ્યું કે–શ્રાવકનો ભવ મીઠો હતો, આ ભવ કડવો નીકળ્યો, તેનો તેને પ્રશ્ચાત્તાપ થયો. વસ્તુ બગડયા પછી આપણી ભૂલથી તે વસ્તુ નાશ પામી હોય તો પશ્ચાત્તાપ થાય. તે (છોકરા) માછલાને તે વખતે પૂર્વભવે મહારાજે જે બે કલાક કહેલું તે સ્મરણમાં આવ્યું, એટલે તે માછલાએ આત્મસાક્ષીએ વ્રતો લીધાં, અનશન કર્યું અને તે માછલો મરીને દેવલોકે ગયો

માબાપોએ છોકરાઓને લોકોત્તર માર્ગે રાખવા માટે ધર્મનું નિશાન સમર્પણ કરવા માટે કટિબુદ્ધ રહેવું જોઈએ, તો જ શ્રાવક કુળમાં જન્મ્યા સફળ.

શાંબપાલકનું વંદન.

ઘોડો છોકરાને આપવો હતો તેમાં કૃષ્ણ મહારાજે શું કહ્યું? 'નેમનાથજીને પહેલું વંદન કરે તેને ઘોડો આપવો.' તે અપૂર્વ ઘોડો છે, વાસુદેવ સરખા ત્રણ ખંડના સ્વામી પણ મારાં બાળબચ્ચાં ધર્મમાં જોડાય એવી તમન્ના રાખે છે. ઘરનાં છોકરાં માટે આ ઈચ્છા રાખી સામાયિક લો, અને તેમાં કહો: 'આ કરશે તેને આ ચીજ આપીશ, તેમ રાખ્યું. 'પાસ થાય તો સાયકલ, ઘડિયાળ લાવી આપું. પાસ થવાને જેવી તમારી લાગણી તેમાંની શતાંશ લોકોત્તર તત્ત્વ માટે લાગણી છે? 'ચોળી કરે તો હીરાકંઠી આપું, તેમ કહ્યું છે? પણ તેની દરકાર જ નથી. કૃષ્ણમહારાજ

અવિરતિ વાસુદેવ પણ બાળકો માટે લોકોત્તર માર્ગની લાગણીવાળા છે,

શાંબ અને પાલક બે કુંવરને આ વાત કહી કે–'પ્રથમ વંદન કરનારને ઘોડો આપીશ.' આ વાત સાંભળીને વચમાંથી પાલક, કે–જે નેમનાથ ભગવાનની મહત્તા સમજતો નથી, તેણે ન જોઈ રાત અને ન જોયું અંધારું. તે ચાર વાગે નીકળ્યો.

બીજી બાજુ શાંબ હતો. તેણે વિચાર્યું : તેને ઘોડો મળ્યો કે ન મળ્યો, પણ આત્માના લાભ માટે વંદન કરવાનું છે. આથી તે ચાર વાગે ઊઠી, નેમનાથજી હતા તે દિશામાં વંદન કરી, આવશ્યક કરી અજવાળું થયા પછી વંદન કરવા માટે ગયો.

"પ્રથમ હું આવ્યો છું, તેમ કૃષ્ણજીને કહેજો." પેલા ચાર વાગ્યે પહોંચેલા પાલકે પ્રભુ નેમનાથજીને કહ્યું. એમ કહીને તે ચાલ્યો ગયો. સાંબ જયણાપૂર્વક દ્વાદશાવર્ત વંદન કરીને ગયો.

કૃષ્ણમહારાજે સવારે નેમનાથજીને પૂછયું કે–'બે કુંવરમાં પ્રથમ વંદન કરનારને ઘોડો આપવાનો છે, માટે પ્રથમ કોણ આવ્યો હતો?' પ્રભુએ હવે શું કહેવું ? પ્રભુએ કહ્યું–'પાલક આવ્યો તે પહેલાં શાંબે વિધિ સહિત વંદન કરી લીધું છે.' વંદન શાંબે પ્રથમ કર્યું. પરંતુ અહીં પ્રથમ આવ્યો હતો પાલક, પણ તેને નેમનાથને વંદન કર્યું નથી ! પણ તેણે કહ્યું કે કહેજો કે–'પહેલો પાલક આવ્યો છે, એમ કહીને જ ચાલ્યો ગયો છે ! આથી કૃષ્ણજીએ શાંબને ઘોડો આપ્યો. કેમ ? તેણે ભાવથી વંદન કર્યું. અહીં આવી વિધિપૂર્વક વંદન કર્યું. અહીં પાલકે તો માત્ર આવીને કહ્યું કે–'પ્રથમ આવ્યો છું.' બસ ! વંદન કર્યું નથી.

સર્વ પાપના નામનો મુદ્દો રાખે ત્યારે જ શાંબના જેવો નમસ્કાર થાય છે. સ્થાનકવાસીઓએ પાંચ પદના નમસ્કાર સાથે આ વાત જોડી દીધી. નમસ્કારમંત્રમાં જણાવેલા પાછલના ચાર પદમાંની અનિષ્ટતા નિવારણની ઇષ્ટની સિદ્ધિની નમસ્કારના ફલને જણાવનારી વાતને છોડી દીધી!

ગૃહસ્થના ષટ્કર્મ કયા ? દેવપૂજા વગેરે ષટ્કર્મો, ઇષ્ટની સિદ્ધિ અને અનિષ્ટ નિવારણ કેવીરીતે કરે છે તે અગ્રે.

નીતિ–ન્યાયને જણાવનાર તે 'નર'

દેશના ૨૬

(૨૦૦૦. માગશર વદી પ્રથમ ૬. ગુલાબનો ઉપાશ્રય, ગોધરા.)

હિન્દુશબ્દની વ્યાખ્યા.

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–જાંબુડાને ઝાડે જાંબુ જ પાકે. કેરી જાંબુડાને ઝાડે ન પાકે. જેવું ઝાડ હોય તેવું જ ફળ થાય, તેવો નિયમ છે. તે નિયમાનુસાર જણાવે છે કે–તમે પણ વૃક્ષ તરીકેનું મનુષ્ય જન્મરૂપ વૃક્ષ છો. મનુષ્યભવ એક વૃક્ષ છે. નારકી, તિર્યંચ, દેવતાનો ભવ એ વૃક્ષ નથી. તે ભવોને વૃક્ષ ન કહ્યા ને મનુષ્ય ભવને જ વૃક્ષ કેમ કહ્યું ? 'નર' શબ્દ જાહેર છે પણ એ દુનિયામાં જાહેર 'નર' શબ્દનો અર્થ કોઈને ખબર નથી.

'હિન્દુ' શબ્દથી કોઈ અજાણ્યા નથી પણ તે શબ્દનો અર્થ ખૂણે ભરાઈ ગયો છે. મુસલમાનોને 'હિન્દુ' શબ્દનો અર્થ કાફર તરીકે કરવો પડે છે. મુસલમાનો વચમાં રહેનારા. તુર્કસ્તાન, ઈરાન, ફ્રાન્સ, પોર્ટુગીઝ પણ હિન્દનો ભાગ છે. આથી તેઓએ શત્રુ તરીકે 'હિન્દુ'શબ્દ બદલ કાફર શબ્દ નથી વાપર્યો. નહીંતર યુરોપીયનો માટે પણ કાફર શબ્દ વાપરત. તેઓ તો 'હિન્દુ' શબ્દનો જ અર્થ કાફર કહે છે. આમાં ખાસ કારણ એ છે કે–તેઓ હિન્દુથી બહુ–જ બળે છે.

મુસલમાનોને પણ પૂછોને કે–તમે પોતે હિન્દુ શબ્દ જાણો છો, તેઓનો વ્યવહાર પણ જાણો છો, છતાં કાફર ગણો છો તેની જડ કઈ છે ? તેઓ ખુલાસો નહીં કરી શકે. કારણ ? તેનો અર્થ કોઈના ખ્યાલમાં નથી. મુસલમાનો, ક્રીશ્ચિયનો, યહુદીઓ એ સર્વ ધર્મવાળાએ ન્યાયના નામે–કયામતના નામે એક દિવસ માન્યો છે ! સારાં અને નબળા કર્મ કરવાવાળાઓને ન્યાય આપવાનો એક જ દિવસ માન્યો છે ! તે દિવસે બધા

જીવોને ઘોરમાંથી ઊભા કરશે. તે દિવસે સારા કર્મવાળાને બેસ્તમાં અને ખરાબ કર્મ કરવાવાળાને દોજખમાં મોકલશે, તેમ તેઓ પણ માને છે.

કયામતના-ન્યાયના દિવસને માને તે મુસલમાન. દોજખમાં-નાખશે તે તો ઠીક, પરંતુ તેઓ પાછા તેમાંથી નીકળશે કયારે? દોજખમાંથી નીકળશે કયારે? તેમ પૂછો તો ખાસડું લઇ તે ઊભો થાય! કેમ? બેસ્ત અને દોજખ પછીની અવસ્થા તેમના ગુરુએ કહી નથી. સ્વર્ગ, નરકમાંથી નીકળવાનું કોઈ તેમના ગુરુને પૂછી શકે નહીં. તે એ લોકોની માન્યતા.

તમારી માન્યતા 'भवाद्भवं हिण्डते इति हिन्दुः' એ છે. એક ભવથી બીજે-ત્રીજે--ચોથે ભવે તેમ હિન્ડયા (ચાલ્યા) જ જવાનું માને તે હિન્દુ. હિન્દુના મત પ્રમાણે આત્મા મુસાફર છે જ્યાસુધી મોક્ષ ન મળે-શિવ ન જાય, ત્યાંસુધી તેને એક ભવથી બીજો ભવ ચાલ્યા જ કરવાનું. આત્માને એવો માને તે હિન્દુ. મુસાફર તરીકે આત્માને માનનારા હોય તે હિન્દુ. ચાહે શૈવ હો, વિષ્ણુ હોય, તેઓ તમારાથી જુદી માન્યતાવાળા છતાં આત્માને હિન્ડનારો માનનારા છે.

હવે તમે અનેક જન્મની વાતો કરો એટલે તે (મુસલમાનો) ચીડાય. તેના પેગમ્બરે-કે ઇસુએ આમ કહેલ છે. શું? 'शेषं कोपेन पूरयेत्' મુદ્દો ચાલે ત્યાંસુધી ઠીક, દલીલ ખૂટે એટલે ક્રોધથી તે પૂરે. તેથી મુસલમાનો હિન્દુને કાફર કહે છે. હિન્દુ શબ્દ આ આત્માને મુસાફર તરીકે ગણાવનારા હોવાથી એ લોકોને કડવો ઝેર લાગ્યો. તેથી હિન્દુ શબ્દનો કાફર અર્થ તે કહેવા લાગ્યા. આ અર્થમાં નહીં જેવો જ ભાગ ઉતારેલો છે. તેવી રીતે 'નર' શબ્દ પણ પ્રસિદ્ધ જ છે, છતાં 'નર' શબ્દના અર્થમાં કોઈ ઉતર્યા નથી. જાતિભેદને અંગે નરનારી શબ્દ રાખ્યા છે. મૂળ ભેદનો વિચાર કર્યો જ નથી.

એક વાત ખ્યાલમાં લેજો. દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વની બાબતમાં દર્શનકારો વચ્ચે મતભેદ હોય, પરંતુ ગણિતમાં જાતિભેદ સ્થાન નથી. આચારમાં-રિવાજમાં જાતિભેદને સ્થાન છે, પણ ગણિતમાં-હિસાબમાં તે ભેદને સ્થાન નથી. તેવી રીતે દેવગુરુધર્મ ત્રણેનાં સ્વરૂપને અંગે દર્શનકારો વચ્ચે મતભેદને સ્થાન છે, પણ વ્યાકરણ, કોષ, કાવ્ય તેને અંગે દર્શનભેદ-જાતિભેદને સ્થાન નથી.

તે વ્યાકરણની અપેક્ષાએ નૃ ધાતુ નથે. નીતિ જાળવનારી કોઇપણ જાતિ ચારે ગતિમાં હોય તો માત્ર મનુષ્યની. તિર્યંચ, નારકીમાં નીતિ નથી. દેવતામાં પણ ઈન્દ્ર એ જ વિચારે છે કે-કયારે બીજાનું વિમાન પડાવી લઉં. પાડોશી રાજ્યોની તકરાર હોય. સરહદની તકરાર સુકાય જ નહીં, તેવી જ રીતે સૌધર્મ ઈન્દ્ર અને ઈશાન ઈન્દ્ર તેની તકરાર સુકાય જ નહીં.

એવી રીતે તકરારવાળા છતાં અંકુશવાળા છે. મર્યાદા બહાર નથી. આપણી તકરાર 'હું હું' એવું હથિયાર રાખ્યું છે, કે બૂઠું ન થાય. યુક્તિને બુઠ્ઠી કરી શકાય. સામેા કહે કે-મારેા આ હક્ક ડૂબે છે, તો આપણે કહીએ કે-તારેા આ હક્ક રાખીએ છીએ, એમ એ **બધાનું ઓસડ છે, પણ 'હું'નું ઓસડ નથી.**

આપણે મનુષ્યેા થયા. ન્યાયને માટે 'નર' શબ્દ ધારણ કર્યો. નીતિને ઘડનારા, પેાષનારા તેથી નીતિના શબ્દને જ ધારણ કરનારા હોવાથી નર. નીતિનું જીવન હોય તો નર, નહીંતર ઢોર. તેથી સૌધર્મ-ઇશાન બંનેના ઈન્દ્રો તકરાર વખતે સનત્કુમારના ઈન્દ્રને યાદ કરે, તે ત્યાં આવે. આવીને જે ચૂકાદેા આપે તે બંનેને માન્ય. બંને ઈન્દ્રોને તે ચૂકાદેા કબૂલ કરવેા પડે. ઈન્દ્ર પણ 'કેાઇનું પડે તે મને જડે' તેવા લેાભી હોય છે.

રાજાની સભામાંથી મુગટ કેાઈ ચેારી ગયેા તેવું કદાપિ સાંભળ્યું નથી. ઈન્દ્રમાં અને દેવતામાં એ બને છે, પણ ભાગીને જાય કયાં ? કૃષ્ણરાજીમાં મુગટ ચેારી દેવતા કૃષ્ણરાજીમાં પેસી જાય, ઈન્દ્રની સભામાં આ સ્થિતિ ! તેવી સ્થિતિમાં આ નર શબ્દ લાગુ ન કર્યો ! **નર શબ્દ નીતિન્યાયને જણાવનાર છે,** તેથી તે મનુષ્યમાં જ લગાડ્યો.

કર્મને સર્વથા ખસેડી નાંખવાની તાકાત નારકી, તિર્યંચ કે દેવતામાં નથી. માત્ર તે તાકાત નરમાં જ છે. આત્માને કર્મથી સ્વતંત્ર બનાવવેા તે મનુષ્યથી જ બની જ શકે છે. નીતિ સાચવે, અને અન્યાયને દૂર કરે, આવી રીતે મનુષ્યેાની સ્થિતિ હોવાથી મનુષ્યના ભવને વૃક્ષની ઉપમા આપી, હવે તેનાં ફળેા કયાં ?

જિનેંદ્રપૂજા.

દરેક દર્શનકાર દેવ-ગુરુ-ધર્મને માને છે. ત્રણ તત્ત્વને ન માને તો દર્શન જ નથી, આર્યસમાજીને પરમેશ્વર તો માનવા જ પડે, તેઓ ભૂલ્યા મૂર્તિમાં-અર્ધો મુસલમાનનો સંસ્કાર. મુસલમાન અને હિન્દુમાં મૂર્તિ અને વર્ણાશ્રમનો ફરક. પેલાએ હથિયારથી મૂર્તિ તોડી. આર્યસમાજીઓએ વાગ્બાણથી વર્ણાશ્રમ બગાડયો. જેવું મુસલમાનોને મૂર્તિ પર ઝેર, તેવું જ આર્યસમાજીને પણ મૂર્તિ પર ઝેર. આર્યસમાજી કરાંચીમાં ગયો. હનુમાન વગેરેની મૂર્તિ પર ટીકા કરે છે. કહેવા લાગ્યો કે-'હનુમાન-રામની મૂર્તિ ઉપર ચડાવેલો હાર ઉંદર તાણી જાય તે મૂર્તિ તમારું શું ભલું કરશે ? એ મૂર્તિ તમારું શું કલ્યાણ કરશે ?' સનાતનીઓ પણ ત્યાં આવ્યા હતા. સનાતનીની સભાએ મળી એક કિસ્સો કર્યો. કાલે આમ કરો. આમ કરાંચીમાં બનેલું.

મૂર્તિની માન્યતા,

દયાનંદજીની સારી છબી ફ્રેમ મઢેલી હતી, તે છબીને ગધેડાને પૂંછડે બાંધી તેથી ગધેડો કૂદાકૂદ કરવા લાગ્યો. સાથે સનાતનીઓ ઢોલ-ઝાલર વગાડતા હતા. દયાનંદજીની છબીને લાતો વાગી. જેમ જેમ ગધેડો દોડે છે તેમ તેમ લાતો વાગે છે. પેલો આર્યસમાજી ઉતર્યો છે, ત્યાં ગધેડાને લઈ ગયા. પેલા આર્યસમાજીએ આ દેખીને ફરિયાદ કરીઃ મારા ગુરુનું અપમાન કર્યું. સનાતની મહેમાનો કાર્ટમાં બોલાવતાં હાજર થયા.

કોર્ટે પૂછયું-તમે આ રીતે સરઘસ કાઢયું હતું ?

સનાતનીઓએ કહ્યું-હા.

કોર્ટ કહે-દયાનંદજીની છબી ગધેડાના પૂંછડે બાંધી હતી ? પછી તે ગધેડાને ઢોલ વગાડી ચમકાવ્યો હતો ?

સનાતનીઓ કહે-સાહેબ ! પહેલાં એમને પૂછવું જોઈએ કે 'તે ફોટાને માને છે ? દયાનંદજીનું નામ તો અમે તે સરઘસમાં નથી બોલ્યા. પછી તે ઉશ્કેરાયા કેમ ? પોતે ફોટાને માને છે કે મૂર્તિને માને છે ? ફોટાને ચાહે તે થયું, તેમાં તેને શું ? મૂર્તિને માનતો નથી છતાં તેને આટલું દુઃખ થયું તો કાલે રામચંદ્ર ને કૃષ્ણની મૂર્તિ માટે તે

બોલી ગયો તેમાં અમને કેવું થયું હશે? મૂર્તિને નહીં માનનારાને આમ થયું તો માનનારાની લાગણી દુભાય કે નહીં?'

પેલો કોર્ટમાં નાદાન ઠર્યો. પોતાના માટે મૂર્તિનું ખરું, માત્ર તમારા માનેલ દેવની મૂર્તિ માટે તે આર્યસમાજીને વાંધો છે! આ વાત એક બાજુએ મૂકીએ. તેઓ મૂર્તિને નથી માનતા પણ પરમેશ્વરને તો માને જ છે. પરમેશ્વરને માનવામાં બે મત નથી. તો ફરક ક્યાં છે?

જૈન-જૈનેતરના દેવ, ગુરુ, ધર્મ,

ભાટ અને ચારણ બે જતા હતા. બેમાં વાત થઈ. ચારણ ગાવા-વાળા-ભાટને ચીડવવા માટે બોલ્યો કે-'ભાટ ભાટ ભાટુડો, ગળે બાંધે ચાટુડો.' ભાટને થયું કે-'મારી મશ્કરી કરી,' આ તો ભાટ-ચારણની જાત. ભાટે કહ્યું 'ચારણ ચારણ ચારણીઓ, ગળે બાંધ્યું ઘંટીનું પૈડું!

કહેવાનું તત્ત્વ કે-ભાટ, ચારણનું અનુકરણ કરવા ગયો, પણ ચારણની ચતુરાઈ ક્યાંથી લાવે?

દેવતત્ત્વ માનવામાં દુનિયાએ તમારું અનુકરણ કર્યું, પણ તત્ત્વ ક્યાંથી લાવે? તેમણે દેવ માન્યા કેવા? જન્મ આપનારા. તેને દેવે જન્મ આપ્યો! સાક્ષાત્ જન્મ આપનારને ન માનતાં કલ્પિત જન્મ આપનારને માનવા તૈયાર થયો. વરસાદે વનસ્પતિ તૈયાર કરી, બેદૂત બોરાક તૈયાર કરે છે, તે પ્રત્યક્ષ વાત છે. સૂર્યની ગરમી વરસાદને તૈયાર કરે છે, તે તૈયારીમાં જવું કે આ તૈયારીમાં જવું? આંધળા કર્યા તે પરમેશ્વરે, ને દેખતા કર્યા તે ડૉકટરે? તો દેવ તો પરમેશ્વર, પણ ડૉકટર મહા પરમેશ્વરને?

આવી ભૌતિક-કલ્પિત વાતો કરી. પરમેશ્વરને માનવાનું શરુ કરવું પડ્યું. કેમ? પરમેશ્વરના માર્ગમાં તેમના ગુરુથી આવી શકાય તેમ ન હતું. અહીં તે પરમેશ્વરને મનાય કે-જે આત્માની પરમ દશાએ પહોંચ્યાં હોય. તેવી તાકાત ત્યાં તેમણે ક્યાંથી લાવવી?

તેનાં દર્શનમાં વિષય-કષાય, આરંભ, પરિગ્રહ, કષાયો ત્યાગવાની બુદ્ધિ થાય ત્યારે બિચારા જિનેશ્વરને માને ને? ભાટ ચકોર ન હતો,

ઋણ ચકોર હતો. તેવું જૈન અને જૈનેતરો વચ્ચે છે. તે લોકોને ધર્મને બહાને બીજા લોકોને લૂંટવા છે. નાતનો લાગો બંધ થાય; પરંતુ ધાગાપંથીનો (બ્રાહ્મણનો) લાગો બંધ ન થાય. મર્યા પછી પણ સેજના નામે પણ તેઓ, લોકો પાસેથી પડાવે છે. જન્મ્યા પછી પણ પડાવે, અને મર્યા પછી પણ સેજના નામે–શ્રાદ્ધના નામે પડાવે. આવી રીતે ભક્તોને લૂંટવા માટે ધર્મને નામે જેઓએ ધતીંગો રાખ્યાં, તેમને જિનેશ્વર દેવ માન્યા ન પાલવે.

ભગવાનને માત્ર પોતે લખેલી હુંડી સ્વીકારવા માટે જ રાખેલા છે. ક્રિશ્ચિયન–પારા–મુસલમાન–બોજા વગેરે બધાને જોશો તો 'અમને અહીં આટલું આપો ! અમે ત્યાં મેળવી આપીએ !' તેઓ ભગવાનને કર્તા માનવામાં એક જે મોટી જરૂર છે, કે–ભગવાનના નામે હુંડીઓ લખી શકાય. કહો કે એ લોકોએ જિનેશ્વર સરખા દેવોની પ્રવૃત્તિ દેખી–જૈન ધર્મીઓની પ્રવૃત્તિ દેખી દેવ માનવા પૂરતું અનુકરણ કરી વાત આખી પલટાવી ! ચોવીશ કલાક માયાજાળમાં પલટાએલાને માટે અહીં આવો, ત્યારે પણ એ જ વાત ! પછી ધર્મનું સ્થાન કયું ? સાધુ પણ 'તમને બાયડી, છોકરા મળશે' તેમ કરવા જાય તો, સંસારમાં એ માટે જ ચોવીશ કલાક તપતા હતા, તેમ અહીં પણ એ માટે જ તપવાનું થયું ! પછી કષાયાગ્નિથી શાંત થવાનું સ્થાન કયાં ? અને તે કયારે બને ? ધર્મસ્થાન અને સામાયિકમાં ચિત્ત લગાડો તો જ. તો જ તમને શાંતિ વળે. ત્યારે જ જિનેશ્વરને દેવ માની શકો કે–ધર્મગુરુને અને ધર્મને ત્યાગમય માની શકો.

કહો, જિનેશ્વર ભગવાનને દેવ તરીકે માનવા તે કોને પાલવે ? જેમને મોક્ષમાર્ગ જોઇતો હોય–આત્માને શાંત કરવો હોય, તેને જ જિનેશ્વર ભગવાનને દેવ તરીકે માનવા પાલવે. બીજા મતવાળાને એ ઈષ્ટ નથી, કે હું ભગવાનને લાંચીયા, ડંખીલા માનું. માત્ર ભક્તિ લાંચરૂપ થાય છે. જે દેવને રાગી માને તેને જેમ ડંખીલા લાંચીયા માનવા તૈયાર નથી, તેમ તેઓ માનેલા ભગવાનનું કે તેમના ત્યાગનું સ્વરૂપ કહેવા પણ તૈયાર નથી.

'संगात् प्रजायते' પરિગ્રહથી કામબુદ્ધિ થાય, પછી ક્રોધ થાય. કૃષ્ણ મહારાજે કેટલી વખત સંગ છોડ્યો ? ત્યાગીનાં લક્ષણ–'शांतो दांतो मुमुक्षुः' છે ને ? તેઓને પૂછો કે–'મહાદેવ તેમ કયારે રહ્યા ? કૃષ્ણજી રાધાથી છૂટા કયારે રહ્યા ?' બચાવમાં લીલાને આગળ કરે. એટલે શું ઠર્યું ? લીલાના પડદા પાછળ આખા જગતને ડૂબાડવાનું. ગોકુળના બાળકના નામે જગતને ડૂબાડી દેવામાં આવ્યું.

એક જિનેશ્વર દેવ જ લીલાના પડદા ફાડીને ફેંકી દે છે. તેઓએ ત્યાગ–ધર્મ કહ્યો તેમ ત્યાગમાં રહ્યા છે. કહેણીરહેણી સરખી કરી હોય તો માત્ર જિનેશ્વરે. જિનેશ્વર સિવાય બીજા દેવ કહેણી–રહેણી સરખી રાખી શકતા નથી "ઉઠો રે....મુરારિ, તમારા વિના દહીંના મટકાં કોણ ફોડશે ? ગોપીઓનાં ચીર કોણ ચોરશે રે" આ વસ્તુ કેવળ બાઈઓ જ વેવલી થઈને બોલતી નથી, બાઈઓ તો આપણામાં પણ 'ગુરુજી બોલાવ્યા બોલે નહીં, તો કયાંથી વહોરાવીએ ?' વગેરે બોલે જ છે ને ? પરંતુ પરદર્શનોમાં માત્ર કોઇક બોલે છે, તેમ નહીં, તેમના ધુરંધરો–વિદ્વાનો–તર્કશાસ્ત્રના પારગામી પણ બોલે છે કે–

" नूतनजलधररूचये गोपवधूटिदुकूलचौराय ।
तस्मै कृष्णाय नमः संसारमहीरूहस्य बीजाय. "

तस्मै कृष्णाय नमः विश्वनाथ पंचानन." તર્કશાસ્ત્રનો પ્રખર વિદ્વાન્ આમ કહે છે ! ગોવાળિયાની જુવાન સ્ત્રીનાં વસ્ત્રો ચોરનાર તરીકે કૃષ્ણને નમસ્કાર કરે છે ! જ્યારે જૈનોએ રાગ–દ્વેષને જીતવારૂપે, મોક્ષ-માર્ગના પ્રણેતારૂપે જિનેશ્વરને દેવ માન્યા છે. બીજાને લીલાંના નાટકો કરવાં પડે છે–લીલાનાં પડદા નાખવા પડે છે, તેમ અહીં પડદા નાખવા પડતા નથી.

કોઈપણ મતમાં સીધો ઈશ્વરી સંદેશો છે ? ઋષીઓએ અગ્નિ, વાયુમાંથી વેદ કાઢ્યા. ઋષીઓએ સીધા ન કાઢ્યા ! ઈશ્વરી સીધો સંદેશો હોય તો માત્ર જિનેશ્વરના મતમાં છે. તેથી–**जिनेन्द्रपूजा.** હવે જિનેશ્વર કેવી રીતે થઈ શકે ? તે વગેરે આગે.

વિશ્વ બંધુત્વ

દેશના
૨૭

(જાહેર વ્યાખ્યાન. ૨૦૦૦ના મા. વ. ૧૩–ગોધરા.)

વિશ્વઉદ્ધારક શી રીતે બનાય ?

મહાનુભાવો ! પ્રાયે કરીને તમે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્ર મહારાજના નામથી પરિચિત નહીં હો તેમ નથી. તેમણે જૈન ધર્મમાં જેમ મોટો ફાળો આપ્યો છે, તેમ ઇતિહાસ–વ્યાકરણ–કાવ્યો આદિમાં પણ મોટો ફાળો આપેલ હોઇને, સર્વ દર્શનને ફાળો આપેલો હોવાથી અને ગુજરાતમાં સર્વસાક્ષરપુરુષોમાં–જ્યોતિર્ધર પુરુષોમાં પ્રાચીન તરીકે નામ લેવાતું હોવાથી તેમના નામથી ગુજરાતની પ્રજા અજાણી હોય તેમ માનવાને કારણ નથી.

તે જ હેમચંદ્ર મહારાજ જણાવે છે કે–જગતમાં જાનવર, પંખી, જંગલી મનુષ્યો કે અણસમજુ મનુષ્યો લોભે સર્વ શારીરિક, કૌટુમ્બિક, આર્થિક સાધનો સુધારવા માટે–મેળવવા માટે–પોષવા માટે તો પ્રયત્નો કરે જ છે. જાનવરો પોતાનાં બચ્ચાં–સ્થાન–શરીર માટે ઉદ્યમ નથી કરતા, તેમ કોઈ કહી શકે તેમ નથી. પંખીઓ, પશુઓ, શરીરાદિને પોષવા–રક્ષણ કરવા–વધારવા તૈયાર નથી રહેતા તેમ કહી શકાય નહીં.

આમ સ્વાર્થ સિદ્ધિ માટે તો જગતના અજ્ઞાની જીવો પણ પ્રવૃત્તિ કરી રહેલા હોય જ છે; પરંતુ 'બીજાનું સારું થાય' એ બુદ્ધિ જાનવરમાં ન હોય. પંખીમાં એ બુદ્ધિ દેખી ? જંગલી અજ્ઞાનીમાં એ બુદ્ધિ દેખી ? 'જગતમાં પ્રવર્તતી સ્થિતિ' વિષે મારવાડીનું ઉદાહરણ દેવાય છે કે–

બે મારવાડી જંગલમાં જતા હતા. ખોદેલો કૂવો હતો. એકે પાણી પીધું–બીજાએ પીધું. આ કૂવો ધસવા લાગ્યો. 'મેં પીયા, મારા બળદે પાણી પીધું–અબ કૂવા ધસ પડો.' એમાં મારે શી ચિંતા ? આ દુનિયા એ દશામાં પ્રવર્તી રહી છે. 'વર મરો કે કન્યા મરો પણ

ગોરનું તરભાણું ભરો.' પરંતુ તે ખરી કહેવત નથી. 'વર વરો, કન્યા વરો પણ ગોરનું તરભાણું ભરો' એમ ખરી કહેવત છે. વર વરો–વરની ફાવટના લગ્ન થાવ કે ન થાવ એમાં ગોરને લેવાદેવા નથી. મારું તરભાણું ભર્યું એટલે બસ. તેવી રીતે આ જગત બીજાનું શું થાય તે જોવા તૈયાર નથી. બીજા સેંકડો જીવોનું સુખ ચાલ્યું જાય, પણ આપણાં સુખની એક ક્ષણ પણ ચાલી જાય, તે જવા દેવા તૈયાર નથી. લાખો જીવના જીવનના ભોગે પણ આપણા ક્ષણના જીવનને આપણે ટકાવવા–વધારવા માંગીએ છીએ.

'આત્મવત્ સર્વભૂતેષુ' સાંભળીએ છીએ. એ વાતનો કોઈ શાસ્ત્ર નિષેધ કરતું નથી. બધાએ આ વાત એક સરખી રીતે કબૂલ પણ કરી છે; પરંતુ તે કબુલાત માત્ર વચનમાં. વર્તાવમાં સ્થિતિ કેવી છે? વર્તાવમાં આપણે આપણા સંબંધીઓને, નાતીલાને, દેશવાળાને, મનુષ્ય માત્રને–જીવોના જીવન માત્રને આપણા જેવા ગણવા તૈયાર નથી. બોલવામાં કોઈપણ 'એ વચન જૂઠું છે,' એ કબૂલ કરવા તૈયાર નથી, તેમ કહેવા તૈયાર નથી. માત્ર વર્તનમાં જ વાંધો છે. કયો આસ્તિક તેમ બોલતો નથી? પણ પ્રવૃત્તિ વખતે કોઈપણ તેમ વર્તવા તૈયાર નથી! પ્રસંગ આવે ત્યારે શી દશા? ચોકસી જેવી દશા.

વણજારો વેપાર માટે દેશાંતર નીકળ્યો છે. વણજારો માલ લઈને નીકળ્યો. તેના પૈસા પૂરા થયા. હવે શું કરવું? માલ રૂખ હોય ત્યાં વેચાય. પોતાનો સોનાનો દાગીનો લઈ ચોકસીને ત્યાં ગયો. કહ્યું કે–આનો તોલ કર. તે દશ તોલા થયા. 'મારે સોનું તે વેચવું છે. મને તેની કિંમત આપ.' ચોકસીએ ૧૦ પૈસા ૧૦તોલાના આપ્યા. પેલાએ પૂછ્યું કે–દાગીનો સોનાનો છે કે નહીં? ચોકસી કહે–હા. વણજારો કહે કે–'તો પછી ૧૦ તોલાના ૧૦ પૈસા જ કેમ?' અહીં સોનું સસ્તું લાગે છે, માટે બીજું કરિયાણું લેવા કરતાં પૈસે તોલો સોનું મળે તો આપણે તે લઈએ. એમ વિચારી વણજારાએ ચોકસીને કહ્યું–૧૦ રૂપિયાનું સોનું આપો. ચોકસી ૦।।। તોલો ને બે વાલ સોનું આપવા માંડ્યો. વણજારાએ કહ્યું–આમ કેમ? પેલો કહે–તમારા સોનાનો ભાવ પૈસે તોલો અને મારા

સોનાનો ભાવ ૩૨) રૂા. તોલો ! આવાને ચોકસી શી રીતે કહેવાય ?

આપણે બધા આસ્તિકમાં ખપવા માંગીએ છીએ તેથી પોતાના જીવને માનવા તૈયાર છીએ, પણ પારકાના જીવને માનવા તૈયાર નથી. પોતાના સુખદુઃખ માફક પારકાના સુખદુઃખની કિંમત કેમ નથી કરતા ? આપણને દુઃખ ઉપર જેવી અપ્રીતિ છે, તેવી બીજાનેય દુઃખ ઉપર અપ્રીતિ છે; તેમ સમજી આપણે બીજાઓ પ્રતિ વર્તવું જોઇએ. સુખ ઉપર પ્રીતિ આપણને છે, તેમ જગતના જીવોને પણ સુખ ઉપર પ્રીતિ છે; તેમ સમજીને વર્તીએ નહીં ત્યાં સુધી હૃદયની આસ્તિકતા આપણે ધારણ કરી નથી.

વચનની આસ્તિકતા હરકોઈ રાખી શકે છે. વસ્તુતાએ હૃદયમાં વિચાર કરો, કે તમારા જીવને જીવ માનો પરંતુ વિશ્વના સર્વ જીવોને સુખની પ્રીતિવાળા–દુઃખના દ્વેષવાળા માનો, તેમને સુખ દેવાવાળા ન થાવ. પરંતુ દુઃખ દેવાવાળા થાવ, તો તમે આસ્તિક શી રીતે કહી શકાવા ? તેથી જ આજના વિષયમાં વિશ્વને સ્થાન આપવું પડયું છે, તેથી અમુક દેશ–અમુક નાત–અમુક ખંડ નથી સમજતા તેમ નથી રાખ્યું, પણ વિશ્વ નથી સમજતું એમ રાખ્યું છે. વિશ્વ શબ્દને એટલા માટે સ્થાન આપવું પડયું છે કે–આસ્તિકતા મનાવવી પડે, ત્યારે 'તું એ વિશ્વ અને વિશ્વ એ તું' એ બુદ્ધિ નહીં આવે ત્યાં સુધી આસ્તિકપણામાં આવેલો નહીં ગણાય.

'મારતાનો હાથ પકડાય, બોલતાની જીભ ના પકડાય' પોતાને માટે પોતે આસ્તિક બની જાય, તેમાં કોઈ રોકે નહીં. પોતાને વિશ્વ જેવો નહીં ગણે ત્યાં સુધી આસ્તિકતાના પગથિયા પર ચડી નહીં શકે. આ રીતે 'વિશ્વ' શબ્દ રાખીને અશકય વાત આગળ કરીને, શકય વાતને ખસેડવા માગતા નથી.

ગામ બહાર ભગૈયા નાચતા હતા. એક કણબી તાનમાં આવી ગયો ને ભગૈયાને ભેંસ આપી દીધી. પછી મનમાં થયું કે 'આ તો બસોની ઉઠી.' ભવૈયો આગળ પ્રશંસામાં ગયો. એટલે કણબીએ કહ્યું–'બે આપી.

અરે ! આખા ગામની આપી.' એટલે શું થયું ? એક આપી હતી તે પણ ગઈ ! જેમ પેલાએ બે પાંચ કરતાં આખા ગામની આપવાનું કહ્યું એટલે એકની વાત પણ ઉડાડી દીધી.

એક વાત કહીને એટલે કે–એક વિશ્વની કહીને બીજી વાત ઉડાડી દેવા માંગું છું, તેમ નથી. સામાન્યથી મનુષ્યનું ધ્યેય ઊંચામાં ઊંચું હોવું જોઈએ, એમ કહેવા માંગું છું. ધ્યેય ત્યાં સુધી ઊંચું હોવું જોઈએ કે–न पुनरावृत्तिः. એ વસ્તુ એક જન્મથી શકય નથી, છતાં ધ્યેય એ રાખ્યું. અશકય લાગતી વસ્તુ સજ્જનોએ મગજમાં રાખવી જોઇએ.

આત્માનું પ્રાબલ્ય એવું છે કે–અશકય વસ્તુ પણ અભ્યાસથી સમય જતાં આત્માને સુસાધ્ય થાય છે. આપણા બચપણમાં બેસતા કયારે? મા પાછળ હાથ રાખતી ત્યારે. તે વખતે દોડવાની–કૂદવાની શક્તિનો સંબંધ ખરો? પણ અશકય હતું તે વખતે. અત્યારે? એ પ્રમાણે કાળાંતરે, અભ્યાસે, પરિવર્તને કેટલીક વસ્તુ અશકય હોય તે પણ સુશકય થાય છે, માટે 'આખા વિશ્વને અંગે જે દુઃખ ટાળવાની બુદ્ધિ, સુખપ્રાપ્તિની બુદ્ધિ મારા માટે જેવો પ્રયત્ન કરું, તેવો જ પ્રયત્ન તેના સુખ મેળવવા માટે, દુઃખ ટાળવા માટે પ્રયત્ન કરું.' એ વાત હંમેશાં ભાવનામાં રાખવી.

એક વાત ધ્યાનમાં રાખવી. ટૂંકું પણ કરી શકે તે ધીમે ધીમે લાંબું કરે. ઠેલણ ગાડીએ ચાલવા માંડ્યા. ધીમે ધીમે કૂદનારા–દોડનારા થયા. તેમ ધીમે ધીમે પહેલાં કુટુમ્બના દુઃખે દુઃખી, સુખે સુખી. કુટુમ્બના દુઃખ દૂર કરવા તૈયાર થાવ. વિશ્વના અંશ તરીકે કુટુંબ ગણીને જાવ, પછી આખી જ્ઞાતિમાં જાવ, પણ આજે તો જીવનના જીવન જાય તોપણ કુટુમ્બમાંથી બહાર નીકળી ન શકે.

વિશ્વબન્ધુત્વ

શેરીમાં એક કૂતરું નવું આવે, તો બધાં કૂતરાં સામા થાય. કુટુમ્બને કુટુમ્બ તરીકે સાચવવામાં વૃદ્ધિ નથી, માટે કુટુંબને વિશ્વના અંશ તરીકે લો. આખા વિશ્વનું હિત કરવું છે. તેનો આ અંશ છે. તેથી આગળ વધો એટલે જ્ઞાતિ, દેશ, વિશ્વ. સર્વ જીવ માટે તેવો

પ્રયત્ન કરો–પ્રથમથી શરુઆત કરો. એકડો ઘુંટવો નથી તેને ગણિત શી રીતે શીખવવું ? જેઓને 'વર વરો ને કન્યા વરો પણ ગોરનું તરભાણું ભરો છે.' બસ મારું જ કરો. ત્યાં સ્વભાવનો માત્ર વિચાર છે, પણ પરનો વિચાર જ નથી, પરના હિતમાં રાજી થવાતું નથી.

એક ઘર છે. એ ૧૦૦૦૦ રૂા. થી વેચ્યું, બીજાએ લીધું. તેની ૨૫ હજારની કિંમત થઈ, તો તરત મનમાં થાય કે–૧૫ હજાર મફતના તે ખાઈ ગયેા. તેં દીધું અને તેણે લીધું છે, છતાં તેને નફેા મળ્યેા તેમાં મનમાં એ થયું ! કેમ ? તેને મળ્યા તેમાં તું નારાજ, બીજાના લાભમાં પણ આપણને બળતરા થાય છે. તેવી રીતે ૧૦,૦૦૦ ની કિંમત ઘટી ગઇ, તો ? તુરત કહે કે–'લે...લેતો જા.' બીજાના લાભને અંગે નાખુશ અને હાનિને અંગે ખુશ થવાની આદત પડી છે.


વિશ્વ તરફ શુભ નજરની આશા શી રીતે રાખી શકાય ? માટે અહીં પ્રથમ વિશ્વ શબ્દ મૂકયેા. અવિભક્ત ભાઇને અંગે જેમ થાય તેમ વિશ્વને અંગે થવું જોઈએ, કારણ જગતમાં કોઈ વખત આપણી તુચ્છ દૃષ્ટિ આપણને કેવી સ્થિતિમાં મૂકે છે ? છોકરી કાકાને ત્યાંથી ચીજ લઇ ગઈ. બે વરસ પછી છોકરાનાં લગ્ન તેની સાથે થયાં. દુનિયામાં શત્રુ કાળાંતરે મિત્ર થાય, મિત્રો શત્રુ થાય છે. શાસ્ત્રના હિસાબે કશેા પણ સંબંધ નિયમિત નથી. આ ભવના પુત્રો પરભવના શત્રુ પણ થાય. આ વિશ્વમાં કશેા નિયમ નથી તેથી સમજુ મનુષ્ય જગતને નાટક તરીકે ગણે છે.

આ જગતમાં પણ જીવ કયા ભવમાં, કઇ સ્થિતિમાં, કયા સંબંધમાં આવે તેનેા પત્તો નથી, માટે 'વિશ્વ' શબ્દ લીધેા છે. અહીં સમુદાય દૃષ્ટિ નહીં રાખીએ તેા શું થાય ? 'જે તું કરે તે વિશ્વને નજરમાં રાખીને કર.' 'વિશ્વ' શબ્દ પછી માતૃત્વ, પુત્રત્વ ન લીધું ને બંધુત્વ કેમ લીધું ? બંધુ એ જુદા રહ્યા છતાં બધેા સંબંધ જાળવવાનેા રહે છે. મા દીકરાને–પુત્ર બાપને જુદા રહેવાનું, આર્યશાસ્ત્રમાં કહ્યું જ નથી. માતા પુત્ર–પિતાપુત્ર જુદા રહે તેને આર્યજીવનમાં સ્થાન નથી.

ભાઈઓ જુદા રહે છતાં યાવત્‌જીવન સ્નેહની ગાંઠ છૂટે નહીં.

દરેક વ્યક્તિની ચેતના, સુખ-દુઃખ, પૂણ્ય-પાપકર્મો જુદાં છે, પરંતુ જુદી વ્યક્તિઓ છતાં ભાઈ ભાઈ, બે વ્યક્તિ જુદી છતાં આબરૂ, ધનમાં એક સરખી રીતે ભાગીદારીમાં ચાલે છે.

જગતના જીવો આપણાથી જુદી વ્યક્તિઓ છે તે ભેદ છતાં એમની ઉપર આપણી દૃષ્ટિ હમેશાં એક સરખી રાખવી જોઈએ. તે માટે 'બંધુ' શબ્દ રાખ્યો. તે સ્નેહના તંતુઓથી બંધાય. તેમાં દોરડી બાંધવાની હોતી નથી. એવી રીતે અહીં, વિશ્વના સમગ્ર જીવો સાથે કર્તવ્ય-તંતુથી બંધાવાનું છે. ત્યારે જ પવિત્ર નામ જ્યોતિર્ધર પુરુષનું જણાવ્યું હતું. તેવી રીતે આખા જગતને ઉદ્ધારવા માટે, અનાવૃતિ કરવા માટે, પાપનાં ફળોથી મુક્ત થવા માટે આત્મા તૈયાર થાય છે, અનેક જન્મો સુધી એવી રીતે મંડી રહે તો જ અનાવૃતિ થાય. અનેક જિંદગી જો આવી રીતે જગતનો ઉદ્ધાર કરવાની ભાવના રાખો તો જ જગતના ઉદ્ધારક બની શકો. દરેક જન્મમાં આ ભાવના કેળવવાની જરૂર છે.



'હું' એટલે કોણ?

દેશના ૨૮

(૨૦૦૦ પોષ શુદ્ધી ૬ વેજલપુર.)

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્ર મહારાજા ભવ્યોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–આખું જગત એક શબ્દ જાણે છે–માને છે. તે પાછળ ભવો વ્યતીત કરે છે, પણ તેના અર્થ તરફ કોઈ વિચાર કરતું નથી. જે શબ્દ જાણે–માને છે, પણ તેના અર્થનો વિચાર અનેક ભવો થયાં છતાં કરતો નથી. 'હું' એ શબ્દ કયા જન્મમાં ન હતો! હું શબ્દ બાળક, વૃદ્ધ, જુવાન, સ્ત્રી, પુરુષ કોઈપણની જાણ બહાર નથી.

દરેક 'હું' શબ્દથી વ્યવહાર કરે છે. 'હું' શબ્દના ખરા અર્થને છોડી દઈને આપણે કુકા(પૈસા)માં નાંખી દીધો. કંઈક નુકસાન થયું, એટલે હું મરી ગયો. એમ જ શરીર આદિમાં રોગ થયો એટલે 'હું' મરી ગયો. કુટુમ્બમાં નુકશાન થયું એટલે 'હું' મરી ગયો રૂપિયારોડામાં, કુટુમ્બમાં, શરીરમાં 'હું' શબ્દ લગાડયો. 'હું' શબ્દથીકોણ લેવાનો છે?

આ જગત ચાર થાંભલા ઉપર આખા ભવની ઈમારત ચણે છે. કંચન, કામિની, કુટુમ્બ અને કાયા–આ ચાર થાંભલા ઉપર આખા ભવનો મહેલ ચણે છે, તમામ ક્રિયાપ્રવૃત્તિ આ ચાર ઉપર. 'હું'તો આવેલો છું ને જવાવાળો છું.

'द्रव्याणि तिष्ठन्ति गृहेषु–नार्यो विश्रामभूमौ स्वजनाः स्मशाने०' ભવ પરાવર્તનનો વખત આવે છે, તે વખતે અબજોની મિલકત હોય તો પણ જ્યાં રાખી હોય ત્યાંજ તે રહે છે. પ્રસ્થાન તરીકે પણ કામ ન લાગે. જવું હોય તે દિશામાં મુહૂર્ત સાચવવા માટે પ્રસ્થાન કરીએ.

આગલો ભવ નક્કી હોય એટલે જો મરણ બાદ નરક ગતિમાં જવું છે, તો બોદે ને તેમાં દાટે. શું કર્યું? નરકનું પ્રસ્થાન કર્યું. આયુષ્ય

મનુષ્યનું છે. અત્યારે નરકે જવાય તેમ નથી. તેથી પ્રસ્થાન કર્યું· ઢોરમાં જવું છે, તે તો ઘોડા વગેરે વસાવે. મનુષ્ય ગતિમાં જવું છે, તે નિરાશ્રિત–ગરીબ વગેરે માટે ખાવામાં, દવામાં વગેરેમાં ખરચે. દેવલોકે જવું છે, તેઓ મંદિર, જ્ઞાનમંદિર, દેવળમાં વાપરે.

નીકળતી વખતે પ્રસ્થાન સાથે લેવાય; પરંતુ આ પ્રસ્થાન એવું છે કે–નીકળતી વખતે તે સાથે ન લઇ જવાય. દ્રવ્ય ગમે તેટલું એકઠું કર્યું હોય પણ હોય ત્યાં ને ત્યાં જ રહેવાનું. છૂટા પડતી વખતે સંબંધી ઊભો થઈ રેલ્વેમાં વળાવા આવે પણ જેને માટે જીવન અર્પણ કર્યું, પૂણ્ય, પાપ, કુટુમ્બ ન ગણ્યાં, અને જે દ્રવ્ય ઉપાર્જન કર્યું, તે દ્રવ્ય એક ડગલું પણ પાછળ આવવા તૈયાર નથી. ત્યાં ને ત્યાં જ તે રહે છે !

આશા, સદ્‌ભાવના હોય ત્યાં રખાય. ઘરમાં હોઇએ, બૂમ પાડીએ, સાંભળનારની આશા રાખીએ; પણ બહેરો કે લંગડો હોય તેની ત્યાં આવવાની આશા ન રાખીએ. બહેરો બોલાવ્યાથી ન આવે, પાંગળો પણ ન આવે. તેમાં કંઈપણ આશ્ચર્ય નથી. આવવાવાળાની લાયકાત હોય ને તે ન આવે તેમાં આશ્ચર્ય થાય. દ્રવ્ય અચેતન છે એવું અચેતન દ્રવ્ય ચેતન પાછળ શી રીતે આવે ?

વાત ખરી પણ **નાર્યઃ** સ્ત્રીઓ ? એ તો ચેતનાવાળી છે ને ? આખી જિંદગી સુધી જેને મારી ગણી, જેને પોતાના ગણ્યા છતાં સ્ત્રીઓ માત્ર વિસામા સુધી જ સાથે આવે. ભૂલ થઈ કે–આપણે તેને પોતાની ગણી. પર–કુટુમ્બની લાવેલી. સ્ત્રીની સગાઈ ગમે તેટલી મજબૂત પણ કૃત્રિમ. પિતા–પુત્ર વચ્ચેની–માતા–પુત્ર વચ્ચેની મામા ભાણેજની સગાઈ સ્વાભાવિક. **સ્વાભાવિક સગાઇ કરવાની જરૂર પડતી નથી. તે જન્મસિદ્ધ સગાઇ છે.** આ સ્ત્રીની સગાઈ તો કરેલી સગાઇ છે. એટલે અંતે વિસામાથી તે પાછી વળી,

કાકા–મામા–બંધુ આદિ તો જન્મસિદ્ધ સગાં હતાં. 'તાણ્યો વેલો થડે જાય' તેવી રીતે જન્મસિદ્ધ સગાં સ્વજનો હજુ સાથે સ્મશાનમાં

આવ્યાં, હવે તો સ્વજનોએ જોયું કે–અમે તો ખાવાપીવા આભરુના ભાગીદાર. સુખદુઃખ–જ્ઞાન અજ્ઞાનમાં ભાગીદાર તો તારું શરીર. આખા જન્મમાં સુખદુઃખ–જ્ઞાનાદિકનો ખરો ભાગીદાર તારો દેહ.

ધન રહ્યું તિજોરીમાં, સ્ત્રી રહી શેરીમાં, સગાંવહાલાં સ્મશાનમાં અને શરીરે જોયું કે–ભાગીદારે જંપાપાત કર્યો. હવે રહેવું નકામું. આ ભાઈ (આત્મા)નું કોણ ? નિરાધાર એકીલો જવાવાળો આત્મા એ જ 'હું' બધાને છોડીને બધાથી છૂટો પડી એકલો જવાવાળો એવો હું. આવો 'હું' બાયડી, કુટુમ્બ, ધન, શરીરને માટે જ મથ્યો ! અંતે મરી ગયો. 'હું'નો અર્થ દ્રવ્ય, સ્ત્રી, કુટુમ્બ, કે કાયા નથી, તો 'હું'. એટલે કોણ ? 'હું' એટલે આત્મા. આ ચાર થાંભલા તો માટી, ઈંટ, ધૂળને ભુખરું. ધૂળનો થાંભલો પણ હોય છે. ભૂખરું માટીનો–રેતીનો થાંભલો શરદી લાગતાંની સાથે ખરી જાય. આ તારા જીવનનાં ચાર થાંભલા તે ભૂખરું માટીના થાંભલા છે. આપોઆપ ખરવા જ માંડે. તેને ખેરવવાનો ઉપાય ન કરવો પડે.

જેને તું 'હું' શબ્દથી ગણે છે, જે તારા જીવનને ચલાવે છે, જેની ઉપર તારો આખો ભવ વેડફે છે, તેને 'હું' કહીને સમજવામાં કેટલી ભૂલ કરે છે ? ખરેખર 'હું' શબ્દથી 'જીવ' અર્થ લેવાનો છે. જન્મીને તેને ચેતન–પ્રાણી–જન્તુ આ બધાં શબ્દો કહો, છતાં તેમાં દ્રષ્ટિ આગળ નહીં ચાલી શકે, જન્મીને એક જન્મવાળો જડ જે જીવન ધારણ કરે તે પ્રાણી,

જીવ અને આત્માને એક ગણીએ છીએ પણ જીવ અને આત્મા જુદી વસ્તુ છે. જીવમાં માત્ર જીવનનો સ્વભાવ, તેથી બીજાઓએ જીવાત્મા ને પરમાત્મા એમ બે ભાગ પાડયા. જેઓ જીવાત્મા તેઓ જ પરમાત્મા છે. તેટલા માટે તેને 'જીવ' શબ્દ લગાડવાની જરૂર નથી. 'આત્મા' શબ્દ ખરો છે. કોઈ શાસ્ત્રની અપેક્ષાએ એક અર્થ-વાચક છે. વ્યુત્પત્તિની અપેક્ષાએ વિચારીએ તો જન્મ શબ્દ જન્મમાં-

પ્રાણધારણમાં બીજા અર્થો રહેશે. આત્મા શબ્દથી આખી દશા દેખાડી. તેવો એક શબ્દ તેમાં નથી. તે માટે 'આત્મા' શબ્દ કહ્યો.

આત્માની વ્યાખ્યા

હંમેશાં અતીત અનંતો કાળ ગયો, અનાગતકાળ અનંતો આવશે. વર્તમાનકાળ પ્રત્યક્ષ છે. ત્રણે કાળમાં આત્મા પરિવર્તન સ્વભાવવાળો છે. પરિવર્તનપણા વગરનો કોઈ કાળ નથી. નિગોદ કે નરક, નિર્યંચ, મનુષ્ય કે દેવમાં હોય તો પણ પરિવર્તન. દુનિયામાં પરિવર્તન બધે છે. પણ સિદ્ધ પરમાત્મા એ તો સંસાર બહાર છે ને ત્યાં આત્મા છે કે નહિ? જેવો સૂક્ષ્મ એકેન્દ્રિય યાવત્ કીડી, પશુ, દેવતા, મનુષ્યમાં આત્મા તેવો જ આત્મા સિદ્ધમાં છે. આત્મા એનો એ જ,

સિદ્ધપણામાં પરિવર્તન કયાંથી લાવશો? **सव्वाणि ठाणाणि असा-यणाणि** તેથી સર્વ પરિવર્તન સ્વભાવવાળા છે, પણ સિદ્ધમાં પરિવર્તન કયાં છે? પરિવર્તન બે પ્રકારનું છે. આંગળીઓ સીધી હતી તેને વાંકી કરી. તે પ્રસંગે સ્યાદ્વાદ સમજી લેશો. કેટલાક સ્યાદ્વાદનો દુરપયોગ કરે છે. હા એની ના, ને ના એની હા. એવો અર્થ સ્યાદ્વાદનો નથી. **અપેક્ષાવાળું વચન તે સ્યાદ્વાદ. દીર્ઘ દૃષ્ટિથી વાપરેલું વચન તે સ્યાદ્વાદ.** દેવદત્તનો પુત્ર મહાદત્ત, તેનો પુત્ર વિષ્ણુદત્ત. તો મહાદત્ત બાપ કે દીકરો?

દેવદત્ત અને વિષ્ણુદત્ત તેમાં કથંચિત્ પિતાપણું, કથંચિત્ પુત્રપણું છે. એકલું પુત્ર કે પિતાપણું નથી, એવી જ રીતે 'पीयमाणं मधु दत्तो वदयति' પીયમાણની અપેક્ષાએ કર્મ મધુદત્તને કર્મ છે. 'પીયમાણ'ની અપેક્ષાએ કર્મ છે. 'વદયતિ'ની અપેક્ષાએ કર્તા છે. **અપેક્ષાએ જે જે વસ્તુ હોય તેવું નિરૂપણ કરવું તે સ્યાદ્વાદ છે.**

હવે આંગળી ઉપર આવીએ. આંગળી તીછી જે હતી તે વાંકી કરી. એટલે સીધાપણાનો નાશ અને વાંકાપણાની ઉત્પત્તિ થઈ, છતાં તેમાં આંગળીપણું સ્થિર છે. આંગળી વાંકી કરી, કાચમાં દેખી તો આંગળી

વાંકી કરી હતી તેવી વાંકી દેખી. હવે તેને પલટ એટલે શું થયું ? પ્રતિબિંબ હતું તેનો પલટો થયો; કાચનો પલટો નથી થયો. પ્રતિબિંબના કારણે વિશિષ્ટતા ફરી, પરંતુ મૂળ વસ્તુ ન ફરી.

આંગળીમાં મૂળ વસ્તુ ફરી નથી. આંગળી પોતે સીધી વાંકી થાય, પણ આંગળી કાયમ રહે. તેમ સિદ્ધ ભગવાનમાં લોકાલોકના પદાર્થો પ્રતિભાસિત છે. અત્યારે સિદ્ધ ભગવાન મારો હાથ ઊંચો છે તે જ્ઞાનવાળા છે. એ જ હાથ નીચો કરતાં નીચા હાથના જ્ઞાનવાળા થયા, સિદ્ધ ભગવાનનું જ્ઞાન તે પ્રકારનું છે. આમ સિદ્ધ ભગવાનમાં પણ જ્ઞેયના પલટા દ્વારા જ્ઞાનનો પલટો થાય છે. જ્ઞાનદ્વારા પરિવર્તનપણું સિદ્ધમાં પણ રહે છે, તેથી अतति-सातत्येन गच्छति इति आत्मा આ શબ્દમાં अत् ધાતુ 'સતતપણે જવું' એ અર્થમાં છે. સતતપણે જવું, એટલે કે કોઈપણ કાળે તેના પરિવર્તન સિવાયનો નહીં.

આ બધી વસ્તુ જણાવવા માટે આત્મા શબ્દ રાખ્યો. તું એક સ્વભાવવાળો નથી. ચેતન, દ્રષ્ટા, ક્રિયા સ્વભાવવાળો નથી. જ્ઞાતા દ્રષ્ટા કરી શકતો નથી. જવાવાળો–પરિવર્તન પામવાના સ્વભાવવાળો પદાર્થ છે, ગુણ નહીં. ગુણવાળો છે–અપરાપાર પરાવર્તોને પામનારો એવો આત્મા 'હું' શબ્દથી વાચ્ય છે. તે અર્થનો ખ્યાલ આવે ત્યારે મૂંઝવણ મટે....

બાદશાહનો છેલ્લો હુકમ

સિકંદર બાદશાહ મરવા પડયો. ચારે બાજુ સરદારો, હકીમો, ભંડારીઓ બેઠા છે, કુટુમ્બ પણ છે. (મર્યો તેને જન્મવાનું થાય, ન થાય તેમાં શંકા. મોક્ષે જાય તો મરવાનું ન થાય. जातस्य हि ध्रुवं मृत्युः જન્મેલાનું મૃત્યુ ચોક્કસ છે. જન્મેલો મર્યો નથી તેમ બન્યું નથી. ગમે તેવા સામર્થ્યવાળા પરંતુ મરણ આધીન તો બધા જ છે. સમ્યક્ત્વનું લક્ષણ ફેરવતાં કહે છે કે જન્મનો ભય હોવો, મરણનો ભય આવવો, તેમાં નવું નથી. મરણનો ભય નકામો છે. જન્મનો ભય રાખવો જોઈએ. જન્મેલો કોઈ મરણને ખસેડી શકયો નથી, માટે સમકિતી જન્મથી ડરે. સંસારમાં હું જન્મું નહીં. જન્મેલાને

મરણ ચોક્કસ છે.) આ દરેકની વચ્ચે સિંકંદર કહે છે કે–હમ જન્મે હૈં તો મરેંગે ચોક્કસ. એક વાત ખ્યાલમાં લઈ લો. જે વખતે હું મરી જાઉં ત્યારે મારી કબરની પાસે બધી સ્ત્રીઓને ખડી કરવી ભંડારનો ઢગલો કરવો. જેટલા વૈદ્ય હકીમો હોય તેટલાને ત્યાં ખડા કરવા. બડે બડે હકીમો હૈ ઉન્હોંને નનામી ઉઠાની. સબ લશ્કર કો ઉધર ખડા રખના.'

બાદશાહનો હુકમ તેમાં 'કેમ ?' કહેવાનો વખત ન હોય. રાજસંક્રાન્તિ વખતે રાણીઓ બહાર હોય તો લાવી લાવીને અહીં રાખવી પડે. છૂટા ભંડારને સીલ મારવા પડે. લશ્કરને સીમાડા પર રાખવાનો વખત છે. તેમ અહીં સિંકંદરનો સંક્રાતિવખત હોવાથી હકીમ વૈદ્યો પશ્ચાત્તાપમાં હોય, પ્રધાનો દિવાનો, રાણીઓ વગેરે નિરાશ થયા હોય, તે વખતે બાદશાહનો આ અવાજ કોઈ સમજી શકતું નથી. સિંકંદર કહે છે કે–દિવાનજી, શું વિચારો છો ? મેરા કહેનેકા તત્ત્વ ખ્યાલમેં નહીં આયા ? હું દુનિયાને એ બતાવવા માગું છું કે–કોઈ એવું ગુમાન રાખતા હો, કે–હકીમ દાકતરોથી જીવી શકીશું તો તે ખોટું છે. આટલા વૈદ્યો હોવા છતાં જુઓને, મને જ મૃત્યુના મુખમાંથી બચાવવા કોઈની તાકાત નથી. કોઈ સ્ત્રીઓ પણ બચાવી શકતી નથી. આખો ભંડાર પણ બચાવવા તૈયાર નથી. ધનથી પણ બચી શકાતું નથી. જનાનો અને બજનો એક ક્ષણની પણ જિંદગી આપી શકતો નથી. આખા લશ્કરની પણ તે તાકાત નથી.

દુનિયાને મારે એ જ બતાવવું છે કે–કોઈ પણ અભિમાન ન કરો કે–હું સારી સ્ત્રી, પુષ્કળ ધન, અખૂટ બળ અને અગણિત લશ્કરવાળો છું. બધાંને તે બધું નસિબથી પ્રાપ્ત થાય છે. **બધું માત્ર જોવાનું છે. તેમાંનું કોઇ સ્વનું કાર્યસાધક નથી.**''

હવે વિચારો કે–'હું' શબ્દથી શરીર, કુટુમ્બ, ધન, સ્ત્રીઓ લેવા માંગીએ તો શું થાય ? તેમાંના એકેયની શાખા પરભવમાં નથી બધાંની દુકાન કાચિયાની છે. વહીવટી તંત્ર નથી. દીયા, લીયા ને ભૂલ

ગયા, એવો જ વહેવાર છે. આ ચારે દુકાન કેવી છે? 'દીયા, લીયા ને ભૂલ ગયા.' જેવી દુકાન છે. તેની ઉપર શું જોઈને અભિમાન કરો છો? 'હું'ની મિલકતનો ખ્યાલ નહીં હોવાથી તેને જમે કરાવી દે છે. હું એટલે કંચન, કામિની આદિ નહીં. તે તો કાચિંયાની દુકાન છે, માટે 'હું' એટલે બીજો કોઈ નહિ, પણ આત્મા. સર્વકાળ અવસ્થાવાળો, દ્રવ્ય, કાળ, ભાવથી વિચારવામાં આવે તો જવાબ દેનાર એક જ છે. આમ 'હું' શબ્દથી આત્મા નક્કી કર્યો, પરંતુ **દુનિયામાં શબ્દની કિંમત હોય; પદાર્થની કિંમત હોતી નથી.**

સંપનાં ત્રણ કારણો


જગતમાં સંપ સારો કે ખરાબ? તેમાં સારામાં બધાના મત જોંધાશે, પરંતુ તેઓને પૂછાય કે–સંપનાં કારણોનો અમલ કરો છો કે નહીં? તો તે માથું ખંજવાળશે. સંપનાં કારણોમાં તેનો વોટ માગે તો? તો ઘણો ભાગ કહેશે કે–કારણો જાણતાં નથી. તેનાં કારણોનો ખ્યાલ ન હોય તે કાર્યોમાં શું કરે? આમ દુનિયા, માત્ર શબ્દથા વોટ આપે છે. 'સંપ' શબ્દ સારો પણ અર્થમાં ઉતરે તો કોઈ સંપનો અર્થ કરી શકતું નથી.

સંપનાં ત્રણ કારણ છે. ત્રણ કારણ જ સંપનાં છે. "(૧) તું ગુનેગાર બન નહીં. (૨) બીજાના ગૂનાની ગાંઠ ન વાળ. અને (૩) ઉપકારનો વખત જવા દેવો નહીં" બીજા ગૂનેગાર બને તેની ગાંઠ ન વાળવી. અને તેમાંય સંપનું મુખ્ય કારણ 'ઉપકારનો વખત ભૂલવો નહીં.' આ ત્રણ વસ્તુ સમજનારને સંપ કરવો અને આગળ વધારવો સહેલો છે. સંપનાં કારણોનો ખ્યાલ નથી, તે દુનિયા સંપના અર્થમાં નહીં, માત્ર સંપ શબ્દ માટે ઝૂકે છે. એવી રીતે અહીં દુનિયાએ 'આત્મા' શબ્દ લઈ લીધો.

દરેક આસ્તિક દર્શનકારોએ આત્મા માન્યો છે, પરંતુ શબ્દથી જ. જેમ 'સંપ' શબ્દથી વહાલો છે તેમ દરેક દર્શનકારોએ 'આત્મા, શબ્દ લીધો છે. શબ્દ એકલો પકડેલો હોવાથી ભક્તિમાં, પ્રાર્થનામાં, સેવામાં તેને માની લીધો.

ભક્તિપ્રધાન દર્શનવાળાને ભક્તિ શા માટે? આત્માના કલ્યાણને માટે. દરેક દર્શનમાં તે જવાબ વ્યાપેલો છે, પરંતુ આત્મા કેવો છે? તે તપાસવાનો કોઈ ને ટાઈમ નથી. **આત્મા માટેનો ધર્મ એવો જોઇએ કે જે સાધ્યના સાધનરૂપ હોય. તો જ ધર્મ. નહીંતર ધર્મ નથી. નિઃશ્રેયસ** અને **અભ્યુદય** તે બેનું કારણ હોય તો તે ધર્મ છે.

ધર્મને મોક્ષનું કારણ બનાવવો છે તો ધર્મ કયા સ્વરૂપે છે? આત્મા કયા સ્વરૂપે છે? તે ન જાણે ત્યાંસુધી તેનાં સાધનો વ્યાજબી છે કે ગેરવ્યાજબી છે તે કયાંથી જાણી શકે? માટે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્ર મહારાજે આત્માનું સ્વરૂપ જણાવ્યું. નાનો છોકરો હીરો હીરો બોલ્યા કરે છે, પણ તેમાં વળે શું? હીરાનું સ્વરૂપ ઓળખવું જોઈએ. આપણે આત્માનું સ્વરૂપ ન સમજીએ તો માત્ર ધર્મ–મોક્ષ શબ્દો બોલનાર જ ગણાઈએ. **'ધર્મ સાધન, અને મોક્ષ સાધ્ય.'** બેનો સંબંધ જાણવો જોઈએ. ભવ્યોને દોરવા માટે એ શ્લોકની વ્યાખ્યા કેવી રીતે જણાવે છે તે અગ્રે–



આત્માના પ્રકાર

દેશના ૨૯

(૨૦૦૦ પોષ શુદી ૮ વેજલપુર-પંચમહાલ.)

નિશ્ચય વ્યવહારના સમ્યક્ત્વાદિક.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં સકળ જાતિ, ગતિ, યોનિમાંના સકળ જીવના ભેદોમાં એક શબ્દ વ્યાપીને રહેલો છે. કોઈ જીવનો. યોનિનો, ગતિનો એવો કોઈ ભેદ નથી,કે જેની અંદર 'હું' શબ્દ વ્યાપક ન હોય. કયા જીવમાં 'હું' નથી? 'હું' સુખી, રોગી, નિરોગી છું. દરેક વ્યવહાર વિચાર 'હું' શબ્દની સાથે રહેલો છે, પણ 'હું' નો કોયડો ઉકેલાયેલો નથી. દર્પણ હાથમાં છે, સુંદર છે. પણ કાચ અવળી બાજુ છે. તો મોઢું શી રીતે દેખાય? મોઢા તરફ કાચ હોય તો પ્રતિબિંબ દેખાય.

'હું' દરેકના ખ્યાલમાં છે, પણ 'હું' એટલે કોણ? તેનો વિચાર આવ્યો નથી, તેથી શાસ્ત્રકાર મહારાજ, આત્માના ત્રણ સ્વરૂપ કહે છે: બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા. 'હું'માં શરીર, કુટુમ્બ, કંચન, સ્ત્રી ઘર, બહાર, હાટને લો, ને તેમાં નુકશાન થાય તો 'હું' મરી ગયો, એમ બૂમ મારી ઉઠે છે! તેવો આત્મા તે બહિરાત્મા. પાંજરાની સળી ભાંગી તેમાં પોપટ મરી જાય! એમ કંચનકામિની વગેરે બાહ્ય ચીજ, જેને આત્મા સાથે સંબંધ નથી. છતાં પૈસા વધ્યા તો 'હું' વધ્યો, અને કાયા જવાથી 'હું' મર્યો કહે છે! તો પૈસામાં છે શું?

રાતનો વખત છે, વિશ્વાસુ મુનિમ છે. તિજોરી ખૂલ્લી કરી ૧, ૨, ૩, ૪, ૫, કોથળીઓ ઉપાડી. ભાર લાગ્યો. હાંફે ચાવવા માંડી. હાંફ ખોખરા થવા લાગ્યાં. નાકે દીધી. ગંધ ન આવી તો રૂપિયાથી શું સુખ થયું? તો સુખ શામાં? શરીરે ખૂંચે છે, ગંધ આવતી નથી, તો તે પૈસા બાહ્ય સુખનાં સાધન તરીકે છે. પૈસામાં સુખનો ઉપચાર કર્યો.

'હું' દૃષ્ટિ કયાંથી આવી ? મોહાધીન આત્મા સ્વરૂપને જાણતો નથી. ચાર બહારની વસ્તુ મેળવે. કંચન, કામિની, કુટુમ્બ અને કાયા એ બહારની ૪ વસ્તુ. આહાર, ઇન્દ્રિય અને તેના વિષયો તે અંદરની ચાર વસ્તુ. આ જીવ, તે આઠ વસ્તુ મેળવવા માટે મહેનત કરે છે. ને તેમાં 'હું' માનીને ભવ પૂરો કરે છે. પણ આત્માને અંગે 'હું'પણું આવવું જોઇએ તે આવતું નથી.

જેવી રીતે મુસાફરને ધર્મશાળા સાથે સંબંધ નથી, તેમ આ ભવમાં વિસામો કર્યો છે. ત્યાંથી આગળ જવાનું છે. મુસાફર ધર્મશાળા લઈ જઈ શકતો નથી. આ આત્માને પણ અહીંથી કશું લઈ જવાનો હક્ક નથી. આઠે ચીજો નિકાશના પ્રતિબંધવાળી છે. એકેમાંથી અંશનો પણ નિકાશ થઈ શકતો નથી. કંચન–કામિની–કુટુમ્બ અને કાયા કે તેના અંશનો પણ નિકાશ થતો નથી. તે ચીજોમાં આપણે મૂંઝાયા છીએ. અભ્યંતર વસ્તુ માટે વિચારીએ તો કોઇ ધર્માદા તરીકે પણ ન લે.

શરતી પ્લોટો

એક શહેર હતું. તેમાં વસાવવા માટે જમીનના પ્લોટ પાડયા. જાહેર કર્યું કે–"પટ્ટે આ આપવાના છે.' પણ નીચેની શરતે પ્લોટો આપવાના છે. અમે કહીએ તે પ્રમાણે–અમારા નકશા પ્રમાણે મકાન બાંધવું. તે મકાનમાં દર વર્ષે આટલો વધારો કરવાનો, ને જૂનાનું રક્ષણ કરવું. તેમાં બાકી રાખો તો જેટલા વરસને પટ્ટે જમીન લો તેની રકમ પહેલેથી દરબારમાં ભરવી. વરસે વરસે ભાડું માંગવા નહીં આવે. તેમાં મકાન ચણવામાં–વધારવામાં–રક્ષણમાં ગફલત કરો તો દંડ કરી, તે દંડની રકમ તેમાંથી જમે કરાશે. તેમાં તમને બબર નહીં આપવામાં આવે. તે રકમ પૂરી થાય પછી તેથી ૧૦ ગણી રકમ આપો તો પણ તે મકાન પાછું નહીં મળે. એટલું જ નહીં પણ તમારી રકમ પૂરી થયાની તમને નોટીશ પણ નહીં આપીએ. જે વખતે રકમ પૂરી થશે તે વખતે અમારો માણસ આવશે. ત્યારે ખાલી હાથે તમારે બહાર નીકળી જવાનું. ધોતિયા પણ મૂકીને નીકળી જવાનું." તેવો પ્લોટ કોણ લે ?

મકાન તમારે ચણવું, વધારવું, રક્ષણ કરવું. પહેલેથી ભાડું જમીનના પટ્ટાનું ભરી દેવું. સિપાઈ આવે ત્યારે પહેરેલ ધોતિયું પણ આપીને નીકળી જવું, તેવો પ્લોટ લેવા કોઈ તૈયાર ન થાય.

આ શરીરનો પ્લોટ કેવો છે?

માતાની કૂખમાં કર્મ રાજાએ મૂકયા, શરીર બાંધવું, વધારવું તે આપણે માથે. આયુષ્ય પહેલાં ભવથી સામટું બાંધી રાખવું. આયુષ્ય તે બદલે દેવભવનું આપો તો પણ કામ ન લાગે. ૧૦૦ ગણુ પાછું આપો તો પણ ત્યાં ન રહેવાય. હવે ડહાપણ હોય તો ભાડાની જમીન લઈ તેના ઉપર કોઈ મકાન–ઘર કાંઈ જ બાંધે નહીં અને કમાય શું ! પતરાં ઊભાં કરે તે ભલે પણ ચણતર નહીં. થાંભલા ઊભા કરે ને તેમાંથી આવક ખાઈ જાય. **અકકલવાળો ભાડાની જમીનમાં પોતાનો માલ વાપરે તો કમાણી કરી લે.**

અશુચિકરણ યંત્ર શરીર.

આપણે પણ આપણા શરીરનો ઉપયોગ કરીએ તો લાભ ઉઠાવી શકીએ. આ શરીરની બાબતમાં ઊંડા ન ઉતરશો. કેમ ? મ્યુનિસિપાલિટીની મેલાની ગાડી છે. તેની ઉપર ટીનનું પતરું ચકમક, તેમ ચામડી શરીર ઉપર છે. ત્યાં સુધી શોભા લાગે છે. નહીંતર અંદર શું ભર્યું છે? મ્યુનિસિપાલિટીની ગાડી મેલું દૂર કરે છે. આ શરીર પકવાનની વિષ્ટા, પાણીનો પેશાબ, અને આંબલાં સૂરમો આંજ્યો તો તેનો પણ મેલ કરે છે, આ આપણું શરીર સારી ચીજને ઝેરી બનાવે છે, હવાને પણ ઝેરી વાયુ બનાવે છે. આવી શરતે લીધેલો પ્લોટ ને આવા સ્વરૂપવાળું શરીર તેને મારું મારું કરી રાખે ને અંદરથી સાર ન મેળવે તો તમારા જેવો મૂર્ખ કોણ ?

બહિરાત્મ પુરુષો આવા કેદખાનાને પણ મજબૂત બનાવે. અંતે જિંદગી સુધી મહેનત કરી હાથ ઘસતો જાય. જે ખંતથી મેળવ્યું હતું તે બધું છોડયું ! દરેક ભવમાં જિંદગીની મહેનતે વસ્તુઓ મેળવી અને એ રીતે પળવારમાં દરેક વસ્તુ પલાયન ! વસ્તુ મેળવવામાં આમ અનંતી

વખત નાપાસ થયો છતાં હજુ આ આત્માને વિવેક ન આવ્યો. બહિરાત્મા જ રહ્યો, પરંતુ જેને તે છૂટે છે, તે જડ પદાર્થો છે તે તત્ત્વરૂપ નથી.

મૂળ વસ્તુ આત્મા છે. તેનો આડમ્બર થાય છે. ખુદ વસ્તુનો ખ્યાલ આવતો નથી. ખુદ વસ્તુને અંગે વિચારતાં જણાવ્યું છે કે–જે વસ્તુ હંમેશાં તમારી છે, તમે એ રૂપે જ છો તે આત્મા છે. તેને અંગે તમને વિચાર સરખોયે પણ નથી. રોડા, રૂપિયા માટે હજારોના મુનિમો રાખ્યા. રાત દિવસ તે માટે મથ્યા–મહેનત ઉઠાવી. આત્મા માટે નાની નોટ પણ હિસાબ માટે ન રાખી. કેમ? તેની કિંમત સમજ્યા નથી. જેની **કિંમત સમજવામાં આવે તેના પ્રતિ આદર થાય.** કિંમત સમજ્યા પછી આદર ન કરે તો? ભરત મહારાજા બોલ્યા છે કે–જગત નાસ્તિકને ખરાબ કહે છે! ના. નાસ્તિકો ખરાબ નથી, હું ખરાબ છું. દૃષ્ટાંત કહે છે–

ઝવેરી અને મૂર્ખ

ઝવેરી દુકાને બેઠો છે. એવામાં એક ગમાર નીકળ્યો. ઝવેરીના હાથમાં ગમારે હીરો આપ્યો છે. તેને તે ગમાર, ચળકતો પથ્થર કહે છે. શેઠ છોકરાને રમાડવા તે પથ્થર લેશે, એમ ધારીને તે ગમાર શેઠ પાસે આવ્યો છે.

શેઠ! આ પથ્થર લેવો છે?

શેઠે કહ્યું–શું લેવું છે?

પેલો કહે–પાંચ રૂપિયા. શેઠે જોયું કે–કંઈ ઓછું થશે. બે રૂપિયા આવશે. ગમાર તો તેને પથ્થર જાણે છે–તેને પથ્થરની જાત તરીકે ઓળખે છે. વિચારે છે કે–આ શેઠ બહુ બહુ તો ૩ રૂપિયા આપશે, ત્રણથી આગળ કયાં લેવાનો છે? આમ વિચારીને પાડોશી ઝવેરીની દુકાને ગયો. ઝવેરીએ કહ્યું કે–હીરો છે. ગમાર કહે ગમે તે હોય મારે તો પાંચ રૂપિયા જોઇએ. તેને તુરત પાંચ રૂપિયા આપી દીધા. ગમાર રૂપિયા લઈ ને પાછો ફર્યો. પહેલા ઝવેરીએ તેને બોલાવ્યો અને કહ્યું કે–અરે, આપ....આપ. ગમારે કહ્યું–એ તો આપી દીધો.

હું...મૂર્ખા, તે તો હીરા હતો ! શેઠજી, મૂર્ખ કહો તેમાં ના નહીં, પણ ખરો મૂર્ખ કોણ ? હું કે તમે ? હું તો પથ્થરના પાંચ માગતો હતો, તમે તો હીરો બેમાં ખોયો. મેં તો પાંચમાં પથ્થર આપ્યો.

આપણે કોઇને પૂછીએ કે મૂર્ખ કોણ ? તેવી રીતે નાસ્તિક હોય તે પુણ્ય ન માને, તે પુણ્યના માર્ગે ન ચાલે. પરંતુ હું તો પુણ્યાદિક માનનારો ને તેના પંથથી છેટે રહેનારો, દુર્ગતિ માનનારો ને તેના રસ્તા બોલનારો ! હું ખરાબ કે નાસ્તિક ખરાબ ?

હું તો પુણ્ય-પાપ સદ્ગતિ વગેરેને માનનારો છું, છતાં ૫૫-૬૦ ૧૦૦ વરસની જિંદગી ખાતર સાગરોપમનાં સુખો જાણવા છતાં છોડું છું.

ન જાણે ને ન માને, ન આદરે, તેનો વાંક કે માને, જાણે ન આદરે તેનો વાંક ?

તેવી રીતે ઉપદેશમાળામાં શ્રી ધર્મદાસ ગણિએ કહ્યું કે- **'ते सोच्चा जीयलो, जे नरा जिणवयणं न याणंति'** - ખરેખર તે લોકો દયા-અફસોસને પાત્ર છે. ધિક્કારની લાગણીને આધીન છે, કે- જેઓ જિનેશ્વરના વચનને જાણતા નથી. **જીવાદિક તત્ત્વો જે ન જાણે તે દયાપાત્ર છે,** પરંતુ જે જાણે છે ને કરતા નથી, તે શોક કરવા લાયકમાં વધારે અફસોસ કરવા લાયક છે. જાણકાર મનુષ્યે જરૂર ઉદ્યમ કરવો જોઇએ. આટલા માટે સમકિત નિશ્ચય નયની અપેક્ષાએ રાખ્યું. તેને જ સમકિત સમ્યગ્જ્ઞાન. કોને ? કે-જે અપ્રમત્ત-પણે સાધુપણું પાળે તેને.

કેટલીક વખત કેટલાકો આ નિશ્ચયનો જ દાંડો પકડનારા હોય છે, પરંતુ વ્યવહારની સાથે નિશ્ચયનો સંબંધ રાખવાનો છે. વ્યવહારમાં છોકરો રમકડાને 'મારી ગાય' કહે તેને મૂર્ખ ન ગણીએ. પણ જ્યારે મોટો માણસ પથ્થરની ગાયને 'હાલ....ચાલ' કહે તો ? તેવી રીતે વ્યવહારની અપેક્ષાએ એકલું સમ્યક્ત્વ હોય, ચારિત્ર હોય, ચારિત્ર વગરનું જ્ઞાન હોય. નિશ્ચયવાળો તો જે ચારિત્ર એ જ દર્શન માનનારો છે. **चारित्र वगनुं ज्ञान के दर्शन नहीं. जं सम्मं ति पासहा तं मोणं ति पासहा।** જે મુનિપણું તે જ સમકિત. જે સમકિત તે મુનિપણું. તે

મુનિપણું. કેવું? એક પ્રમાદી, બીજો અપ્રમાદી. નિશ્ચયવાળાને પ્રમાદી જીવનું મુનિપણું કામનું નહીં. તેને તો અપ્રમાદીનું મુનિપણું કામનું. નિશ્ચય સમકિત અપ્રમત્ત ચારિત્રનાં છે. નિશ્ચયવાળાએ અપ્રમત્ત ચારિત્ર ન આવે ત્યાં સુધી મિથ્યાત્વ માનેલું છે.

દીપક, રોચક અને કારક સમ્યક્ત્વ માનેલાં છે. દીપકથી હજારો રકમ લખાય, પણ દીવો એક પણ રકમ ન લખે. તેવી રીતે જે શાસનની ખબરદારીને લીધે શાસનમાં એક પદાર્થ અવળો કહેનાર નીકળે તો શાસન તેને સંઘરવા તૈયાર નથી.

એક અપેક્ષાએ જમાલી, મહાવીર મહારાજા કરતાં વધેલા ગણાય મહાવીરે એકલાએ દીક્ષા લીધી, જ્યારે જમાલીએ ૫૦૦ રાજકુંવર સાથે દીક્ષા લીધી. ભગવાને એકલાએ લીધી, જ્યારે જમાલીએ સ્ત્રી સાથે અને તે સ્ત્રીએ પણ હજાર કુંવરી સાથે દીક્ષા લીધી છે! એ કેટલા પ્રભાવવાળો પુરુષ હોય? એની એક જ વાસના હતી કે– **'एगो भयं वं वीरो'** આટલું છતાં એક **'कडमाणे कडे'** ન માન્યું **'कडे कडे'** માન્યું, તેટલામાં જ આ શાસને તેને ખંખેરી ફેંકી દીધો!

૫૦૦ સાથે દીક્ષિત થનારા, ૧૦૦૦ સ્ત્રીઓને લઈને નીકળેલ સ્ત્રી સહિત દીક્ષા લેનારા! તે જમાલીને અને તેની તે સ્ત્રીને બન્નેને ફેંકી દીધા! આટલી શાસનની ખબરદારી હોવાથી અવળો પદાર્થ કહેનાર અહીં નભતો નથી. અભવ્ય જીવ સાધુપણું પામેલા, છતાં શ્રદ્ધા ન હોય છતાં તેને પ્રરુપણા તો શાસનના આધારે જ કરવી પડે.

શાસનવિરુદ્ધ પ્રરુપણાને આ શાસન, લગીર પણ સહન ન કરે. અભવ્ય અને મિથ્યાદૃષ્ટિને શ્રદ્ધા ન હોય, છતાં જૈનશાસનમાં કહેલા જ પદાર્થોની પ્રરૂપણા વડે તે સંઘમાં કહે. તેથી અભવ્યો, પદાર્થોનું નિરૂપણ કયું કરે? શાસ્ત્રોમાં કહેલા પદાર્થોનું નિરૂપણ કરે. તે વખતે બીજા જીવોને બોધ થાય, માટે તેને સમજાવનારને દીપક સમ્યક્ત્વ કહ્યું. મશાલીને પોતાને અંધારું. **જેઓને જીવાદિક પદાર્થોની રુચિ થાય તેને સમકિત.**

વકીલનો ધંધો આપણે વધારે કરીએ છીએ. હજારોના દાવા વકીલો

લડે પણ વકીલોને કાંઈ જોખમદારી નથી. તે તો અસીલોને હોય. મારો અસીલ આમ કહે છે. શાસ્ત્રકાર આને આશ્રવ, સંવર, બંધ, નિર્જરા કહે છે.

તમારો આત્મા એ પ્રમાણે આશ્રવોનું સેવન કરવાથી તેવા પ્રકારનો થાય છે તે વિચાર્યું ? **આશ્રવાદિકને અંગે પોતાની જવાબદારી-જોખમદારી સમજે ત્યારે સેચક સમ્યક્ત્વ**, તે સમજ્યા પછી અમલમાં ન મૂકે તો કારક સમ્યક્ત્વ નહીં. **પરિસહ ઉપસર્ગ નિરતિચારપણે સહન કરવાપૂર્વક ચારિત્રના આચારો પાળવા તેનું નામ કારક સમ્યક્ત્વ.** 'जं मोणंति पासहा तं सम्मंति पासहा' 'નિશ્ચયનું સમકિત તે જ મુનિપણું' એવો નિશ્ચયની વાતો કરનારને સમકિત ન આવી જાય.

નિશ્ચય સમ્યક્ત્વ, શુભ વર્તનથી જ આવે છે, જેઓ બહિરાત્મપણું છોડી દે. આપણે ધર્મ કરવા તૈયાર છીએ, પણ મમતાભાવે ખસેલો ન હોય ત્યાં સુધી જ. કુટુમ્બ, પૈસા, શરીરને અગવડ ન આવે, બસ, તેવો ધર્મ કરવો. પૈસા-શરીર સાચવવા ને તેનું રક્ષણ કરવું એ જ જાણે પ્રથમ પરમ કર્તવ્ય. એ દૃષ્ટિ હોય ત્યાં સુધી આત્મા માર્ગ ઉપર આવવો મુશ્કેલ છે. જીવન રહો કે જાવ, પણ ધર્મ રહો, એ દૃષ્ટિ આવે ત્યારે માર્ગ પર.

પ્રશ્ન :- શાસ્ત્રોનાં પાનાંનાં વચનથી તે દરેકને શી રીતે બહાર કરી શકાય ?

ઉત્તર:-શાસ્ત્રનાં વચનો તે કેવળજ્ઞાનીનાં વચનો છે. જે શાસનની પ્રાણાલિકાએ અર્થ થતો હોય તેથી વિરુદ્ધ ગયો, એટલે બસ. કેવળીનાં વચનોને ન માનીએ તો શું કામનું ? કેવળી માનવા શા આધારે ? શ્રદ્ધા ઉપર જ કેવળી મનાશે. શ્રદ્ધાથી કેવળી નહીં માનનારા તો કેવળીની હાજરી વખતે પણ કેવળીને માનતા ન હતા. કેવળી વખતે ક્યાં આપણે જ સીધા હતા ? તે વખતે કેવળીનાં વચનને પણ ગપ્પાં કહેનાર નહીં હોઈએ ? આજે પણ શાસ્ત્રને ગપ્પાં કહેનાર ઘણા છે !

બહિરાત્મા, અંતરંગાત્મા, પરમાત્મા.

કહેવાનું તત્ત્વ એ કે–હજુ નિશ્ચય નયમાં નથી ગયો, વ્યવહારમાં રહ્યો છે. બહિરાત્માને તો 'મહાજન મારા માથા પર, પણ ખીલી મારી ખસે નહીં.' બધું માને છે પણ કંચનાદિકને ભોગમાં ધરવા ન પડે તો. મારે પુન્યાદિક ધર્મ કામનો છે, એમ તેને ન થાય બહિરાત્મપણું ગયું હોય તેને તો બધું–બધો ભોગ આપવામાં હરકત નથી. મહાવીર ભગવાન કઇ દિશામાં છે તે ખબર આપનારને ૧૨॥ ક્રોડ સોનૈયા વધામણીમાં શી રીતે અપાતા હશે ?

ધનના ભોગે, કુટુમ્બ, શરીરના ભોગે પણ ધર્મ એ જ કર્તવ્ય એવી ઉત્તમ ધારણા રહેતી હતી. શ્રેણિક સરખા સમ્રાટ પણ મહાવીરનાં વચન ઉપર શ્રદ્ધા રાખતા હતા. અભયકુમારને મહાવીર ભગવાને દીક્ષા આપી. નંદામાતાએ પણ દીક્ષા લીધી. તેની પાસેનો નવસેરો હાર અને દેવતાઈ કુંડળ હતાં તે તેણે હલ્લવિહલ્લને આપ્યા. અભયે દીક્ષા લીધી એટલે સીંચાણો હાથી તેણે પણ હલ્લવિહલ્લને આપ્યો.

કોણિક રાજાને પણ આ વસ્તુ ન મળી. પદ્માવતી રાણીને થયું કે–રાજ્યનો ખરો વૈભવ હલ્લવિહલ્લ પાસે છે. તેણીએ કોણિક રાજાને કહ્યું કે, 'તે હાથી, કુંડળ ને હાર મારે જોઇએ.'

કોણિકે કહ્યું–શ્રેણિક મહારાજે તેને આપ્યા છે, આપણાથી તે ન મંગાય.

રાણીએ હઠ પકડી. 'તેઓને તેને બદલે રાજ્ય આપો પણ આ વસ્તુઓ મારે જોઇએ.' આથી કોણિકે હલ્લવિહલ્લને કહ્યું કે–'રાજ્યનો ભાગ લો, અને હાર–કુંડલ તથા હાથી આપો.'

હલ્લવિહલ્લે કહ્યું–'ના, અમારે તો પિતાએ આપ્યું તે બસ છે.' કોણિકે તેમને ઘણું સમજાવ્યા, પણ હલ્લવિહલ્લ માનતા નથી. 'હું તો ખાઈશ નહીં'' તેવી રાણીએ હઠ પકડી. પેલા હલ્લવિહલ્લ હાથી, કુંડળ, હાર લઈને ચેડા મહારાજા પાસે મોસાળ ભાગી ગયા. કોણિકે કહેણ મોકલ્યું કે–તેઓને પાછા મોકલી આપો, નહીંતર લડો. ચેડા મહારાજે તેમને ન મોકલ્યા. અંતે લડાઈ થઈ. તે લડાઈમાં ક્રોડો માનવીનો સંહાર થઈ ગયો. તે લડાઈનું કારણ અભયકુમારની દીક્ષા. અભયકુમાર

તથા તેની માતા નંદા દીક્ષા ન લે તો આ લડાઇ થવાની ન હતી.

અભયકુમારની દીક્ષા પછી જ શ્રેણિકને કોણિકે કેદમાં નાંખ્યો. દરરોજ બાપને ચાબૂકથી માર મારે છે! મગધનો સમ્રાટ શ્રેણિક કેદમાં પડયો છે. દરરોજ દીકરાના હાથના ૧૦૦ કોરડા ખાય છે! તેવી કપરી સ્થિતિ વખતે પણ શ્રેણિકને એ વિચાર આવ્યો ન હતો કે–'મહાવીર ભગવાને અભયને દીક્ષા ન આપી હોત તો આ પરિણામ ન આવત. અભયે દીક્ષા ન લીધી હોત તો તેની બુદ્ધિથી મારી આ દશા ન આવત, આવા વખતે–મહાવીર ભગવાને મારું નખ્ખોદ કાઢયું તેવા વિચાર ન આવત? પણ તે કેમ ન આવ્યો? કારણ કે તેમના હૈયામાં તત્ત્વની હયાતિ છે.

આત્માને અંગે લોકોત્તર તત્ત્વ હંમેશનું છે. 'દરેક ધર્મનાં કાર્યોને અંગે ગમે તે ભોગ આપવો પડે તો પણ હરકત નહીં,' એવી સમજવાળો આત્મા થાય ત્યારે **અન્તરાત્મા**. પ્રસંગ આવે તે વખતે ભોગ આપવા તત્પર રહે. દેવ, ગુરુ, ધર્મ ખાતર, બધી જાતના ભોગ આપવા તૈયાર રહે તો **અંતરાત્મા.**

તેવો આત્મા, જ્યારે કર્મનાં બંધનો બંબેરી નાંખે–આત્માને કેવળજ્ઞાનવાળો બનાવી દે ત્યારે તે **પરમાત્મા**. આત્માના આ ત્રણ પ્રકારો. **અંતરાત્મા થાય તે પરમાત્મા થાય.** અંતરાત્મા થયા સિવાય પરમાત્મા થાય નહીં, માટે કલિકાલસર્વજ્ઞ **શ્રી** હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે–પ્રથમ આત્માનું સ્વરૂપ ધ્યાનમાં લો. 'હું' એટલે કોણ? તેનો કિસ્સો ઉકેલો. તે કયારે ઉકલે? દરેક આસ્તિક દર્શન-કારે આત્માને માન્યો છે, પણ સાચું આત્મસ્વરૂપ જાણવામાં અને માનવામાં ન આવે ત્યાં સુધી આગળ ન વધી શકાય માટે આત્મા ચીજ શી? તે સમજવાની પ્રથમ જરૂર છે.

એક વાત જગતની ધ્યાનમાં લો. કાર્ય સાધનાર કોણ બને? તેમાં ત્રણ વસ્તુ પકડવી પડે છે. કાર્યની સિદ્ધિ માટે દૃઢ નિશ્ચય, **'कार्यं साधयामि'**–કાર્ય સાધવું છે, તેમાં શંકાને સ્થાન ન દેવું. એ નિશ્ચય રાખે તે જ કાર્ય સિદ્ધ કરે છે. કાર્ય સિદ્ધ ન થાય તો **'देहं पातयामि'** એમ નહીં! કાર્ય સાધવું છે એવો દૃઢ નિશ્ચય રાખે.

ધર્મ–દાન–શીલ–તપ–ભાવ કરવાં છે, પણ અડચણ ન આવે તો ! આવા વિચારવાળાને તો સગવડીયામાં ધર્મ ન બની શકે **નિશ્ચયના** પંથે જાય તે જ કાર્ય સાધી શકે, કાર્યનાં સાધનો ન મેળવે, તે કાર્ય સાધી ન શકે. કાર્યનાં **સાધનો** જાણીને તેનો **સંગ્રહ** કરવો, તે તેટલો જ જરૂરી છે.

દિવાસળી, રૂ, કોડીયું, દીવેલ વગેરે પાસે જ છે, પણ દિવાસળી ઘસીને દીવો ન કરે તો અજવાળું કયાંથી થાય ? તેવી રીતે સાધનો મેળવનાર રચનામાં ન આવે તો કાર્યસિદ્ધિ ન કરી શકે **કાર્ય કરવાનો નિશ્ચય પછી સાધન મેળવવાં. પછી કાર્યની રચના તે જ દર્શન, જ્ઞાન ને ચારિત્ર. મોક્ષ મેળવવો તેવો નિશ્ચય તે સમ્યક્ત્વ,** તે સમકિત.

પ્રાચીનકાળમાં સમકિતનાં વચનો એ જ રૂપે જાહેર હતાં કે **अयमट्ठे परमट्ठे सेसेट्ठे** જ્ઞાનદર્શનચારિત્રનાં જે સાધનો તે જ અર્થ, તે જ પરમાર્થ. તે સિવાયના બધા અનર્થરૂપ, આવો નિશ્ચય તે જ સમકિત. એ શાસનની કાબેલિયત મેળવ્યાં પછી જ આશ્રવનો ત્યાગ આદરવો. આ બધું કરવું તેનું જ નામ ચારિત્ર.

મોક્ષનો દૃઢ નિશ્ચય તે જ સમકિત. તેનાં સાધનો જાણવાં તે સમ્યગ્જ્ઞાન, તેને અમલમાં મૂકવા તે ચારિત્ર. આ ત્રણ ચીજ હોય તો જ આત્મા. દર્શન, જ્ઞાન, ચારિત્ર જ આત્મા. એકેન્દ્રિયના આત્માનું લક્ષણ, તેવું જ સિદ્ધાત્માનું લક્ષણ. વિષય, કષાય, આરંભ, પરિગ્રહને ચુંથનારા સાથે આત્માને નથી લેવા, પણ અપ્રમત્ત સાધુમહારાજના આત્મા તે જ દર્શન–જ્ઞાન–ચારિત્ર આત્મારૂપ છે.

અંકુરો–છોડવો–પાંદડાં થશે ત્યારે અનાજ થશે. આત્મા, જ્ઞાન–દર્શન–ચારિત્ર રૂપે કયારે ખૂલ્લો થશે ? વ્યાવહારિક જ્ઞાનાદિક આદરીશ ત્યારે, તે નિશ્ચય પ્રાપ્ત થશે. હવે વ્યાવહારિક જ્ઞાન, દર્શન, ચારિત્ર કયા ? તે દ્વારા તે નિશ્ચયના દર્શનાદિક કેવી રીતે સધાય ? તે અગ્રે:–

આત્માનું સ્વરૂપ

દેશના ૩૦

(૨૦૦૦ પોષ સુદી ૧૨ શુક્રવાર-વેજલપુર)

आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः ।
यत्तदात्मक एवैष शरीरमधितिष्ठति ॥

કલિકાસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજ ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–અનાદિકાળથી જે વસ્તુનો ખ્યાલ છે, જે વસ્તુને દરેક ગતિ, યોનિ, જાતિમાં આપણે ભૂલ્યા નથી. તેનું સ્વરૂપ જોવાને આપણે કોઈ દિવસ તૈયાર થયા નથી. એવી કઈ વસ્તુ છે કે–જે યોનિ, જાતિ ભવમાં હતી અને છે? 'હું' એ વસ્તુ કયા ભવમાં–ગતિ-જાતિમાં ન હતી? 'હું' સુખી, દુઃખી, સારો કે ખરાબ તેવો વ્યવહાર દરેક ગતિવાળાએ રાખેલો છે. પણ 'હું' એટલે કોણ? તેનો કયારેય વિચાર કર્યો? એક પણ તેવો ભવ, ગતિ, જાતિ નથી જેમાં 'હું' ન હોય. 'હું' સુખી–દુઃખી, દરેક ભવમાં રહેલું છે. પણ 'હું' એટલે કોણ? તો તુંબડીમા કાંકરા. 'હું'નો ખુલાસો અનંતા ભવ રખડયો તો પણ હજુ મેળવ્યો નથી.

'હું'નો ખુલાસો નહીં મેળવનાર આત્મા, સંસારરૂપી સમુદ્રને તરી શકતો નથી. આસ્તિક મત વિચારીએ ત્યારે એક પગથિયું ચડવાનું મળે. ચાહે નૈયાયિક, વૈશેષિક હોય. 'હું' એટલે આત્મા, એમ તેઓ દરેકને 'હું' શબ્દનો અર્થ મળ્યો, પણ પદાર્થ કયાં છે? હીરો ....હીરો,' એમ છોકરો પોકારે છે. પણ હીરો શું છે, એમ સમજે ત્યારે ને? ચળકાટવાળો હોય, કીંમતી હોય તેમ સમજે, પણ પદાર્થ કયાં છે?

બચપણમાં હીરો....હીરો શબ્દ પોકારતો હતો. આગળ વધ્યો ત્યારે હીરાનું સ્વરૂપ જાણ્યું. તેમ દરેક જીવ અનાદિકાળથી હું....હું એમ પોકારતો રહ્યો છે, પણ 'હું' એટલે કોણ? એ સમજ્યો ન હતો,

હવે આસ્તિકમાં આવ્યો ત્યારે હું એટલે જીવ-આત્મા પણ જીવ કેવો ? એમ તો કહે કે–તે જાણીને શું કામ છે ? જીવનું સ્વરૂપ જાણવાથી તે તેના અસંખ્યાત પ્રદેશમાંથી વધવાનો કે ઘટવાનો નથી–તેના કેવળજ્ઞાન પૂછીએ સ્વરૂપમાં વધવા ઘટવાનું નથી. જેના જાણવાથી કે ન જાણવાથી પદાર્થમાં ન્યૂનતા અધિકતા થવાની નથી તેને જાણવાની કડાકૂટ શા માટે કરવી ?

આત્માની ગુલામી

આત્માના સ્વરૂપને આત્મા જાણે તેથી શું ? કે ન જાણે તેથી શું ? વાત સાચી, પરંતુ એક વાત ધ્યાનમાં લો. એક માણસને જ્યારે પોતાને ત્યાં ચક્રવર્તીના જેટલું નિધાન દટાયેલું છે, તે નિધાનની ખબર ન હોય ત્યાં સુધી ભાજી માટે એક પૈસો જોઈએ તો તેને કરગરવું પડે. નિધાનથી અજાણ હોવાથી એક પૈસા બદલે કરગરી કરગરીને હેરાન થઇ. જતો હોય તો ? અહીં એક પૈસા બદલે ગુલામી કરવી પડે, કેમ ? તો કે-નિધાનની તેને ખબર નથી, તેમ વિચારીએ તો જાણવામાં આવે કે–આપણો આત્મા કેવળજ્ઞાનનો ધણી છે. આત્માનું કેવળજ્ઞાન સ્વરૂપ આપણે પ્રગટ કરી શકયા નથી. કર્મના કબજામાંથી આપણે તેને છોડાવી શકયા નથી ત્યાં સુધી આપણી શી દશા છે ?

સુંવાળું છે તેટલું જાણવું. સ્પર્શન તે ઇન્દ્રિયનું જ્ઞાન. તે કેવળજ્ઞાનના અનંતમા ભાગે. રસના, ઘ્રાણ, શ્રોત, ચક્ષુનું જ્ઞાન, તે કેવળજ્ઞાનના અનંતને ભાગે. તેવાં અલ્પતર જ્ઞાન માટે કેવાં ફાંફાં મારીએ છીએ ? એટલું પણ ઇન્દ્રિયની મદદથી જાણી શકાય છે. શિયાળામાં સ્પર્શના (ચામડી) ઠરી જાય તો તેટલું સુંવાળાપણું પણ જાણી ન શકાય ! આટલા અજ્ઞાન આપણને કોણ રાખે છે ? કર્મરાજા. ઘ્રાણ ઇન્દ્રિયની મદદ આવે તો જ સુંઘી શકીએ. તેવી જ રીતે શબ્દ, રસ, ગંધ પણ કાન, જીભ, ઘ્રાણથી જાણી શકાય.

લોકાલોકપ્રકાશક જ્ઞાન, આત્મા પાસે છે. તે આત્મા સ્પર્શ, રસ આદિનાં જ્ઞાન માટે એ(કર્મ)ના સામું જુએ ! કેવળજ્ઞાનથી અનંતમા ભાગનું જ્ઞાન મેળળવું હોય તો કર્મ સામું જોવું પડે. યોગ્ય પુદ્ગલો ન ગોઠવાય ત્યાં સુધી આપણું કામ ન થાય. આપણી ચીજની તો ગુલામી હોય, પરંતુ આ તો પારકી ચીજ માટે ગુલામી કરવી પડે !

જ્ઞાન આત્માના ઘરનું–આત્માનો જ સ્વભાવ, તે જ્ઞાનનો અનંતમો ભાગ મેળવવો હોય તો પુદ્ગલને કર્મરાજાની પરસી (સીફારસ) કરવી પડે. આપણે પુદ્ગલ અને કર્મને આધીન થઈ ગયા છીએ. રાજ્યમાં રૈયત કરતાં લશ્કર વધારે ન હોય, રૈયત કરતાં વધારે લશ્કર હોય તેવું રાજ્ય નહીં મળે. જ્યારે કર્મરાજા આત્માના એક પ્રદેશ ઉપર અનંતી કર્મવર્ગણા લગાડીને રહ્યો છે. ચાહે જેવો કડક દેશ હોય, પણ તેમાં પોતે ઉત્પન્ન કરેલી ચીજ પોતે ભોગવે.

જ્યારે કર્મરાજાના દેશમાં આત્મા પોતાની ચીજને ભોગવનાર ન થાય. કર્મરાજાદ્વારા પૌદ્ગલિક ઇન્દ્રિયોની મદદ મળે ત્યારે આત્માને જ્ઞાન થાય=ઇન્દ્રિયો દ્વારા આત્માને જ્ઞાન થાય, કર્મરાજાની મહેર થાય. અને પુદ્ગલને સાચવીએ ત્યારે આપણા ઘરનું જ્ઞાન આપણને મળે. કર્મરાજાની ગુલામીમાં આત્મા ગયો ત્યારે આ દશા છે ને? આત્મા કર્મનો ગુલામ ન હોય તો તેને પુદ્ગલની મદદની જરૂર ન રહે. સિદ્ધ પરમાત્માને લોક અલોક સર્વનું સ્વરૂપ દરેક ક્ષણે જાણવાનું. તેમાં પુદ્ગલની મદદની જરૂર નથી. કર્મરાજાની મહેરનો સિદ્ધોને અવકાશ નથી.

જૈની હોય તે જીવવિચાર જાણે. નવતત્ત્વ જાણે ત્યારે સમજી શકો છો કે–જેવો આત્મા સૂક્ષ્મ એકેન્દ્રિયનો, તેવો જ આત્મા સિદ્ધ પરમાત્માનો. આત્મા તરીકે બંનેમાં ફરક નથી. જીવના બે ભેદ પાડીને નક્કી કર્યું કે–જેવો સિદ્ધનો તેવો જ એકેન્દ્રિયનો આત્મા. ફરક એક જ. કર્મની ગુલામીમાંથી છૂટી ગયેલા તે સિદ્ધ અને તેમાં ફસાયેલા તે જ સંસારી. આમાં કંઇ ન્યૂનાધિકતા નથી.

સિદ્ધ અને સંસારી–એ બંનેનું સ્વરૂપ એક સરખું જ છે. ફક્ત ફરક એક જ. આપણે સંસારી કર્મની ગુલામીમાં સપડાયા છીએ, જ્યારે તે સિદ્ધો કર્મની ગુલામીમાંથી છૂટી ગયેલા છે. 'હું'...'હું' બધા દર્શનકારોએ જાણ્યું, પણ 'હું' કોણ છે? તે જૈન સિવાય કોઈએ ન જાણ્યું. ભૂત આવે તો તેને કોયડા મારીને બોલાવવા પડે છે. કે તું કોણ? અથવા પૂછવા માટે ધૂણી દઈને પણ બોલવવા પડે છે, તેમ 'હું' એટલે કોણ છું તે તો બોલ.

'હું' એનો ખુલાસો મેળવવા જઈએ ત્યારે શુદ્ધ ચિદાનંદસ્વરૂપી અસંખ્યાત પ્રદેશી આત્મા, એ જ 'હું' એમ સમજાશે. એમ જાણ્યા પછી સ્વસ્વરૂપને મેળવવાની ઇચ્છા થાય. પદાર્થ ન જાણે ત્યાં સુધી મેળવવાનો શું ? વૈશેષિકો, નૈયાયિકો, સાંખ્ય, શૈવો, વૈષ્ણવો, અને તમે આત્મા માનો છો પણ ફરક શો ? ફરક તો એ એક જ.

જૈનો તમે આત્માને જે કેવળજ્ઞાન ચિદાનંદસ્વરૂપ–જ્યોતિ સ્વરૂપ માનો છો, તે તે લોકોને ન માનવાનું. તમે ધર્મની દરેક ક્રિયા કરો તેમાં ધ્યેય કયું ? આત્માને જ્યોતિસ્વરૂપ બનાવવાનું. જિનેશ્વરની ભક્તિમાં, સામાયિક, પૌષધ, દાન વગેરે બધામાં ધ્યેય કયું ? શાસ્ત્રકાર જગ્યા જગ્યા પર કહે છે કે–**સમકિત વગરની ક્રિયા નકામી.** આ તો સમકિતની વાડ બાંધી. વાડામાં પૂરવા માગે છે.

ખીડની જમીન ખરાબ નથી હોતી., વરસાદ બરાબર વરસે છે, છતાં ખેતી કેમ નથી થતી ? એક જ કારણ કે–વાવેતર થયું ન હતું તેથી એકલું ઘાસ ઊગે છે. અનાજ ઊગતું નથી કે જેથી લણે. સારી જમીન–વરસાદ થયાં છતાં વાવેતર ન થયું હોય તો લણવાનો વખત ન હોય.

જૈનધર્મ સિવાય બીજા ધર્મમાં દેવ, ગુરુ, ધર્મ અને આરાધના કરો, જાપ–તપ–ધ્યાન બધું કરો પણ વાવેતર કયાં છે ? વાવવાનું જ નથી. કયા દર્શનની અંદર–મતની અંદર આ વસ્તુ જણાવવામાં આવી છે, કે–કર્મની ગુલામી તોડવા માટે તમારી ભક્તિ કરું છું ? બીજા દર્શનમાં આ બુદ્ધિ કયાં છે. ? આ બુદ્ધિ ન હોય તો ધારણા કયાંથી રહે?

સિદ્ધિ અને બુદ્ધિની માગણી.

કલ્પવૃક્ષ કે દેવતા આગળ ધારણ કરવામાં ભૂલ થાય તો ફળ મેળવવામાં મુશ્કેલી થાય. સુંદર ફળ મેળવવા માટે મુશ્કેલીઓ પડે. કામ પડે તો અવળું પણ થાય. સિદ્ધિ ને રિદ્ધિ એ બે બાઈઓ છે. પરસ્પર તે ઈર્ષ્યાખોર છે. એક બાઈએ દેવતાનું આરાધન કર્યું ને

૫૦૦ મહોર મેળવી. બીજીને થયું કે-હું પણ મેળવું. બીજીએ પણ દેવને આરાધ્યો. તે તુષ્ટમાન થયો.

તેણે કહ્યું: માગ.

તેણીએ કહ્યું: તેના કરતાં બમણું આપો.

દેવતાએ કહ્યું-આપીશ. તો તેને ૧૦૦૦ સોનૈયા મળ્યા. પહેલીએ ફરી દેવને આરાધ્યો, અને તે કરતાં બમણું માગ્યું. તો દેવે તે કરતાં બમણું આપ્યું એટલે ૨૦૦૦ મહોર મળી. હવે પહેલીએ ઈર્ષ્યાથી બીજીની બે આંખ ફોડાવવા માટે પોતાની એક આંખ ફોડવાની માંગી. પોતે આંખ ફોડાવી ઘરમાં ગૂપચૂપ ભરાઈ રહી. બીજીને થયું કે પેલીએ અપૂર્વ માંગ્યું જણાય છે, એટલે હવે તે દેખાતી પણ નથી. બીજીએ માંગ્યું એના કરતાં બમણું. શું મળ્યું? બે આંખો ફોડવાનું માગ્યું તે મળ્યું! એટલે કે-બંને આંખે તે આંધળી થઈ. ધારણાની અયોગ્યતા હોવાથી દેવતાને આરાધવા છતાં કઈ દશા થઈ?

દરેક ધર્મવાળા દેવાધિદેવની સેવા, પૂજા, આરાધના કરે છે, પણ ધારણાનું ઠેકાણું નથી. જૈનોએ આત્માનું સ્વરૂપ માની તેને વળગેલાં કર્મો માની, તેનો ક્ષય કરી નાખવાનું માન્યું છે; તે ધારણા બીજાને કયાંથી હોય? કોઇ દર્શનમાં જ્ઞાન-દર્શન-ચારિત્રને રોકનારું કર્મ સાંભળ્યું? જ્યાં આત્માના ગુણોની વાત ન હોય, જ્યાં તે કર્મોને ભેદવાની વાત ન હોય ત્યાં આત્મા ધારણા શાની કરે? બીજા દર્શનોમાં 'ધર્મ કરવાથી લીલા-લહેર થાય,' એમ સાંભળો છો, પણ કર્મક્ષય કયાંય સાંભળ્યો છે? તમારી ધારણા નક્કી કરો. દેવની સેવા, ગુરૂની ભક્તિ અને ધર્મની આરાધના કરતાં પહેલાં ધ્યેય નક્કી કરો. કર્મને ખસેડવાનું ધ્યેય નક્કી કરો.

આત્મા જ દર્શન-જ્ઞાન-ચારિત્ર

आत्मैव, दर्शनज्ञानचारित्राणि। આત્મા એ કાંઈ બીજી ચીજ નથી. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ ચીજ જ આત્મા છે. હવે એમ તમને લાગે કે-" આત્મા જ્ઞાનાદિક પણ અરૂપી, બહારથી દેવાદિનું આલંબન

રહેતું હતું પણ અહીં અરૂપી પદાર્થોમાં અંધારામાં ફાંફાં મારવાના રહ્યા. દેવ, ગુરુ, ધર્મને તો દેખતા હતા. હવે આત્મા ઉપર ધ્યાન રાખવા જઈએ તો દેખતા હતા તે ગયું અને દેખતા નથી તેવા આત્મા જ્ઞાનાદિક દેખતા નથી. "વાત ખરી પણ સોનું કસ દ્વારાએ જ ઓળખાય ને....? પણ કસ એકલો કોઈ દિવસ ન હોય. સોનાના પુદ્ગલમાં કસ હોય. જેમ સોનું કસ દ્વારા ઓળખાય, પણ તે કસ સોનાના પુદ્ગલ વગરનો હોય તેમ હું નો અર્થ, તે જ્ઞાનાદિકવાળો, તે ઓળખાવી આત્માવાળો પદાર્થ ઓળખાવું છું.

જે અપ્રમત્ત સાધુ પરમાત્મા મહાત્મા પ્રમાદરહિત સર્વ પાપથી વિરમેલો તે જ આત્મા. તે જ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રસ્વરૂપ છે. સાધુ મહાત્માના આત્માઓ તે જ આત્મસ્વરૂપ છે.

તેઓ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ ચારિત્રવાળા છે. સંપૂર્ણ દર્શનાદિવાળા દેવ, ગુરુ, ધર્મને તમો આરાધો છો, તે દર્શન, જ્ઞાન, ચારિત્રની બુદ્ધિએ દેવાદિને આરાધવાના છે. શ્રમણ ભગવાન મહાવીર ભગવાનને એક જિતશત્રુ નામના શ્રાવક રાજા, વંદન–પૂજન–સામૈયું કરે છે. એક વખત ધારો કે–નંદિવર્ધન સામૈયું કરે. તેમાં નંદિવર્ધનને ભગવાન મારો ભાઈ માને એટલે નંદીવર્ધન, તે જ ભક્તિ, સામૈયું, આરાધના કરે; પરંતુ તેની ધારણા ભાઈ તરીકેની હોય. ત્યારે જિતશત્રુ રાજા પૂજા-સામૈયું આદિ કરે તે પ્રભુભક્તિથી કરે છે. અહીં એક બાજુ પ્રભુભક્તિનું ફળ ત્યારે બીજી બાજુ ભાઈપણાનું ફળ છે. એક જ વસ્તુ સુંદર સ્વરૂપવાળી–આરાધવાવાળો જુદા સ્વરૂપે આરાધે તો ફળ જુદાં થાય.

આપણે પણ જે દેવ–ગુરુ–ધર્મની આરાધના, તેમાં લક્ષ્ય એક જ રાખો. સુંદરમાં સુંદર જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપવાળો આત્મા છે. તેમની સેવા હું કરું છું. આ શક્તિના તે પ્રાદુર્ભાવવાળા છે, સાધુ મહાત્માઓ સમ્યક્ત્વાદિકની શક્તિને પ્રગટ કરી રહ્યા છે; માટે તેમનો આત્મા સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ છે. સાધુનું શરીર તમે દેખો છો માટે સાધુનો દાખલો આપું છું. ગાડવામાં ઘી ભરેલું છે. ઘી લાવવું હોય તે ગાડવો ઉઠાવે. સાધુભગવંતો શરીરમાં રહ્યા છે. તેનું શરીર સમ્યગ્દર્શનાદિ

સ્વરૂપ છે. ઘીના આધારે જ ગાડવાની કિંમત, નંગના આધારે દાગીનાની કિંમત તેમ અહીં સાધુના શરીરની કિંમત દર્શન–જ્ઞાન–ચારિત્રે ભરેલો આત્મા તેમાં જ છે.

સમ્યક્ત્વનો સમન્વય

શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રના પહેલા પ્રકાશમાં શ્રાવકધર્મ બતાવ્યો. બીજામાં સાધુધર્મ બતાવ્યો. ત્યાં કેમ ન કહ્યું કે– 'रुचिः जिनोक्ततत्त्वेषु' જિનેશ્વરે કહેલા તત્ત્વોમાં રુચિ તે સમ્યક્ત્વ. કેટલાકને સ્વભાવથી ને કેટલાકને ઉપદેશથી પણ થાય. એમ જ્ઞાન કહેતી વખતે જિનેશ્વરે કહેલા જીવાદિક તત્ત્વો, તેનો બોધ થાય તે જ્ઞાન, સાવદ્ય યોગોનો સર્વથા ત્યાગ તે ચારિત્ર અને તે અહિંસાદિક પાંચ પ્રકારે કહેલું છે. ત્યાં સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ સાધુનું શરીર ન કહેતાં જુદાં લક્ષણો કહ્યાં.


ચોથા પ્રકાશમાં આ નવું કાઢયું. 'अथवा' કહીને પલટો માર્યો. અથવા શબ્દ વાપરીને અહીં આ રૂપે, ત્યાં તે રૂપે બોલ્યા ! તેમાં શું સમજવું ? સર્વ સાવદ્ય યોગોના ત્યાગરૂપ ચારિત્ર કહ્યું છે, તેમાં ના નથી પછી આ શું કરવા બેઠા છો ? વાત ખરી. કેટલીક વખત સ્થૂલ લક્ષણ જ જણાવી, સૂક્ષ્મ લક્ષણો જણાવાય છે. સોનાને ઓળખાવવા માટે પીળું કહેવાય છે. આગળ જતાં સમજે ત્યારે કસવાળું કહીએ છીએ. પહેલાં સમ્યગ્દર્શનાદિ વ્યાવહારિક ઓળખાવ્યા, હવે નૈશ્ચયિક ઓળખાવીએ છીએ. તે બે ભેદો ન પાડીએ, તો જે વખતે તે બારીક દૃષ્ટિવાળો વિચાર કરવા જાય, તો તે પદાર્થ ખોઈ નાંખે.

જિનેશ્વરે કહેલા પદાર્થોમાં રુચિ એટલે સમકિત. તે મનદ્વારા પ્રતીતિ, તેનું નામ રુચિ, તો મન જેને નથી તેને સમ્યગ્દર્શન નહીં ને? સિદ્ધો તો બધા મિથ્યાત્વીને? તેમને મન નથી. એક ગતિમાંથી બીજી ગતિમાં આવતો–અપર્યાપ્તો હોય તે વખતે મિથ્યાત્વી ગણવો ? જિનેશ્વરે કહેલા તત્ત્વોની સત્યપણા તરીકે મનની પ્રતીતિ તેનું નામ સમકિત કહેલું હોવાથી, મન નથી ત્યાં સમકિતને ટકવું મુશ્કેલ પડે.

હવે આ જગ્યા પર 'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्' એક જ જગ્યા પર બોલ્યા છે. બીજું લક્ષણ બોલ્યા નથી. હેમચંદ્રાચાર્ય મહારાજે બે જગ્યા પર સમ્યક્ત્વના લક્ષણ કહ્યાં અને ઉમાસ્વામિજીએ બે વખત ન કહ્યાં એટલે તેઓ તો ડૂબી ગયાને ?

तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनं । કેમ બોલ્યા ? **तत्त्वार्थश्रद्धा सम्यग्दशनं** । કહેવું હતું ને ? **श्रद्धान**= આત્માની નિર્મળતા અને મન વડે કરીને શ્રદ્ધા કરાય.–' શ્રદ્ધા' પણ પકડી અને તેનાં સાધનભૂત આત્માની નિર્મળતા પણ પકડી ? બન્ને પકડયાં. એવી જ રીતે બન્ને વસ્તુ આવી ગઈ. આપર્યાપ્તા–અવસ્થામાં સિદ્ધ અવસ્થામાં સમ્યક્ત્વ રાખવું મુશ્કેલ પડે.

એવી રીતે 'जीवादीनां जिनोक्तानाम्' જિનેશ્વરે કહેલા પદાર્થોનો બોધ, જેને મન નથી તેને તે બધાનો ખ્યાલ ક્યાંથી લાવશો ? માટે અપર્યાપ્તા અને સિદ્ધ અવસ્થામાં આત્માનું સ્વરૂપ જ્ઞાન છે. સર્વ સાવદ્યનો ત્યાગ તે ચારિત્ર, પણ તે શરીરવાળાને, પ્રવૃત્તિવાળાને તે ચારિત્ર, પણ સિદ્ધ મહારાજાને પચ્ચક્ખાણ નથી, માટે આત્મા જ ચારિત્ર જ્ઞાન દર્શન–સ્વરૂપ રાખીએ તો બધી જગ્યા પર લાગુ થશે, માટે હેમચંદ્ર મહારાજને કહેવાની જરૂર પડી કે–" આત્મા એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર" તે પણ કોનો ? સાધુનો. તેમના શરીરમાં તે સ્વરૂપવાળો આત્મા રહેલો છે. આ સમજી પોતાના ઉદ્ધાર માટે દેવ, ગુરુ, ધર્મનું આરાધન કરશે તે કલ્યાણ મંગલિકમાળા પહેરીને મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.



ઓરમાન પુત્ર જેવો ધર્મ

દેશના ૩૧

(૨૦૦૦. પોષ વદી ૬ રવિવાર-છાયાપુરી.)

શાસ્ત્રકાર મહારાજા હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં જીવ રખડુ પ્રજાની માફક રખડ્યા કરે છે. ભટકતી પ્રજા, લુહારીયાની પ્રજા, તેમનું ગામ કયું? આ જીવ પણ ભટકતી પ્રજા. કેમ? 'सव्वाणि ठाणाणि असासयाणि' જે જે સ્થાનકે જાય છે તે તે સ્થાનકો અશાશ્વતાં છે. સિદ્ધ સુધીનાં અનુત્તર વિમાનના દેવોનું આયુષ્ય ૩૧–૩૩ સાગરોપમ છે. ૩૧ સુધીમાં રખડતી પ્રજાપણે સ્થાન છે. ૩૩ માં ઉપજે તો મોક્ષે જાય જ, તેથી તે પછીથી રખડતી પ્રજામાં ન ગણાય.

આપણને પલ્યોપમ, સાગરોપમ કાળ ઘણો લાંબો કાળ લાગે છે, પણ જગતની સ્થિતિ પ્રમાણે પુદ્ગલપરાવર્ત કાળ પણ હિસાબમાં નથી. એક પુદ્ગલ પરાવર્તના અનંતમા ભાગનો સાગરોપમ કઈ ગણતરીમાં? કાળ આખો લઈએ ત્યાં આખો અતીત કાળ લઈએ. અવ્યવહાર રાશિમાં તે ભૂતકાળ કેટલો ગયો, તેનો પત્તો નથી. ત્યાં અસંખ્યાત્ પુદ્ગલપરાવર્ત, તે એક સરખી લાઈનમાં. અઢી આવલીમાં જેટલા સમય તેટલા પુદ્ગલપરાવર્ત રખડતી પ્રજાપણે જીવ રખડે.

આ ભવિ જીવ, પણ ભવિ તરીકે તે સામાન્ય કથન છે ભવ્યને પણ અનંતી વખત નવ ગ્રૈવેયક સુધી જવાનું થયું. એક પક્ષ એવો છે કે–અઢી આવલિકાના સમય જેટલા પુદ્ગલપરાવર્તે જીવ મોક્ષે જાય.

આપણે અત્યારે સર્વ અતીત કાળની વિચારણા કરીએ છીએ. એક પુદ્ગલપરાવર્તનો અનંતો ભાગ–કાળચક્ર, એવાં તો અનંતા કાળચક્રો ગયાં. અતીત કાળની આખી મર્યાદા વિચારીએ તો સાગરોપમ હિસાબમાં નથી. ૩૩ સાગરોપમની સ્થિતિ મળી તો પણ ત્યાંથી ખસવાનું

નારકીનાં સ્થાનો પણ અશાશ્વતાં છે. અશાશ્વતાં છે તો બધે. આ જીવ ભટકયો. तं नत्थि कोइ पएसो વાળનો ઉપરનો ભાગ અણી, તેનો પણ ખૂણો. તેટલો ભાગ માત્ર પણ ૧૪ રાજલોકમાં ખાલી નથી કે જ્યાં સર્વે જીવ અનંતી વખત જન્મ્યા મર્યા ન હોય.

લુવારીયા પ્રજા ભટકતી કહેવાય છે, તેમ આપણા જીવની જાત ભટકતી છે, તેથી સંસાર શબ્દ રાખ્યો છે. ઉપસર્ગ ધાતુ ન સમજે, ને સારી રીતે સાર તે સંસાર કહે, પણ ઉપસર્ગ સાથે જોડાય તે ધાતુ કહેવાય. सृ–सर–सरકવું–ખસવું. તે પણ सम्–અત્યંત ખસવાનું જ છે. જેમાં ખસવાનું છે, તેથી સંસાર. જેમાં ચારે બાજુ રખડવાનું છે તેથી 'સંસાર' શબ્દ રાખ્યો.

નિકાશનો પ્રતિબંધ અને પ્રતિબંધ વગરની ચીજો.

એમાં એક નવો વિચાર કરવાનો છે. લુવારીયા પ્રજા પોતાની ચીજ–વસ્તુ ટોપલામાં ભરીને સાથે લઈ જાય છે. મૂકીને ન જાય. આ એવી પ્રજા કે બધું પેદા કરે ને મૂકી જાય. ચાર ચીજ આપણે પેદા કરીએ છીએઃ કંચન, કામિની, કુટુમ્બ અને કાયા. આ ચાર બાહ્ય વસ્તુ છે. આહાર, શરીર, ઈન્દ્રિય અને તેના વિષયો આ ચાર અભ્યંતર વસ્તુ છે. બહારની ચાર વસ્તુ પણ નિકાશના પ્રતિબંધવાળી. આ ભવમાં છે ત્યાં સુધી ચાહે તેમ ફેરવો. આ ભવ છોડો, તે વખતે નિકાશનો પ્રતિબંધ.

અબજો પાઉન્ડ તમારી પાસે હોય તેમાંથી એક ફૂટી બદામ પણ સાથે લઈ જવાની નહીં. ચક્રવર્તીને ૧૯૨ હજાર સ્ત્રી છતાં એક પણ સાથે લઈ જઈ શકાય નહીં. ૫૬ કુળ કોટી યાદવમાંથી એક કુટુમ્બીને કૃષ્ણજી સાથે લઈ ન ગયા. હજાર જોજનના શરીરમાંથી ટૂકડો પણ ભવાંતરમાં સાથે ન લઈ જવાય. લુવારીયા પ્રજા છે, તે ભટકતી જાત કહેવાય, પણ તેનેય મેળવેલ માલ સાથે લઇને ફરવાનું. આહાર આખી જિંદગી કરીએ. એક સમય પણ આહાર વગરનો નહીં. શરીર ઈન્દ્રિયો બાંધીએ, વિષયો પુષ્ટ કરીએ, પણ ચાલ્યા ત્યારે બધું અહીં મૂકીને જવાનું. બાનગીમાં મૂડી ભેગી કરીએ તે પણ આખર તો છોડવાની જ.

એક પણ ચીજ નિકાશની પ્રતિબંધ વગરની કાઢો....તમે આઠ ચીજો ભેગી કરો છો. ચાર બહારની–ચાર અંદરની. એ તો આઠે ચીજો નિકાશના પ્રતિબંધવાળી મેળવીએ છીએ. ગુલામીમાં જીવન હોય ત્યાં સુધી તો શેઠના હુકમ પ્રમાણે કરવું જ પડે. સ્વતંત્ર જીવન થાય ત્યારે હિતાહિત જોવું પડે. જ્યાં સુધી કંચનાદિની ગુલામીમાં રહીએ ત્યાં સુધી આત્માનું હિત સાધી શકાતું નથી. નિકાશનો પ્રતિબંધ કોનો છે ? તેનો વિચાર નથી.

હવે પુણ્ય પાપની તો છૂટ છે ને ? આપણે પાપને પ્રતિકૂળ ગણીએ છીએ તેથી પાપ કરવાને અંગે તે આઠ પર પ્રતિબંધ નથી, તે તો પાપ પર પ્રતિબંધ નથી ! અને તો તો નુકશાન છે. પાપને અંગે નિકાશનો પ્રતિબંધ હોય તો તો ઉલટું સારું.

ભિખારી કરતાં પણ ધર્મને ભૂંડો ગણ્યો.

હવે રહ્યો **ધર્મ**:–સમજવાની જરૂર છે કે 'ધર્મ' શબ્દ પકડ્યો છે. પણ પદાર્થમાં ધર્મ નથી રાખ્યો. ધર્મ કરવો પણ મારા શરીર, ખોરાક, ઇન્દ્રિયમાં, પૈસામાં, કુટુમ્બમાં અગવડ કંઇ નહીં આવેને ? ધર્મ કરવો પણ તે આઠ ચીજ સાચવ્યા પછી જ ધર્મ કરવો છે. ધર્મ એક જ ચીજ વહાલી છે અને નિકાશના પ્રતિબંધ વગરની ચીજ છે. વહાલી તો છે પણ રાખી છે કેટલી હદમાં !

ભિખારીને માટે કોઇ ભઠ્ઠી સળગાવતું નથી. કુટુમ્બ માટે રસોઇ થાય, ખવાય, પીવાય, ઢોળાય, તેમાંથી વધે ને તે વખતે ભિખારી આવી ચડે તો તેને અપાય. આપણે આ **ધર્મને ભિખારી કરતાં પણ ભૂંડો ગણ્યો છે**. સવારે ઉઠીએ, ઝાડે–જંગલે જવા આદિ વડે કાયા કુટુમ્બ વગેરે પ્રથમ તપાસીએ. પછી જો કુરસદ મળે તો ધર્મ કરવો. તેને માટે કુરસદ મેળવવી નથી. કુરસદનો વખત મળે તો જ ધર્મ કરવો છે. તેથી ધર્મને હજુ બરાબર સમજ્યા જ નથી. દુકાન–કુટુમ્બ––લેણા માટે પણ ઉઘરાણી કરવામાં કુરસદ હશે તો ઉઘરાણી જઇશું–દાવો કુરસદ હશે તો કરીશું એમ રાખ્યું છે ? કંચન માટે કુરસદ

ગમે ત્યાંથી મેળવવાની. કંચન–કામિની–કુટુમ્બ–કાયા માટે પણ કુરસદ મળવાની. આહારાદિક માટે કુરસદ મેળવવાની તે દરેકમાં 'કુરસદ હોય તો કરું' તેમ નહીં, તો ધર્મ માટે પણ કુરસદ મેળવવી પડે.

ભિખારી માટે ચૂલો કોઈ સળગાવે નહીં. ભિખારી કરતાં ધર્મને ભૂંડો ગણ્યો. દહેરે ગયા–પ્રક્ષાલ ન થયો હોય તો બીજા ભગવાનને ફૂલ ભળાવી દેવાય. ડોકટરને ત્યાં જવામાં મોડું થાય–ગાડી મોડી આવે તો ઘેર પાછા આવો છો ? તે બધામાં તો કરવું જ છે, તેવો નિશ્ચય ! ત્યાં કર્તવ્યબુદ્ધિ છે.

મૂકી જવાના આઠ પદાર્થો માટે કર્તવ્યબુદ્ધિ છે.–ધર્મને અંગે કર્તવ્ય બુદ્ધિ નથી. જો કે–તમે બધા ધર્મ કરો છો, પણ પરિણામની દશાએ વિચારીએ તો આઠ ચીજ માટે બધું. ધર્મ માટે ખોટી થવું પડે તો ? દવાખાના, કોર્ટો–રેલ્વેમાં ટાઈમ ન જળવાય તો આંખ કોણે ચડાવી? આઠ ચીજોમાં ધર્મમાં ટાઈમ ન જળવાય તો કોઈએ આંખ ચડાવી ? આઠ ચીજોમાં જીવને કર્તવ્ય બુદ્ધિ છે.

ધર્મમાં મારી સગવડ થાય તો ધર્મ કરવો છે. જેને અંગે નિકાશનો પ્રતિબંધ નથી–જેના ઉપર ભવિષ્યની જિંદગીનો આધાર છે. આવતા ભવમાં સુખ મેળવવું છે તેનો ચેક કયો ? સુખ વસુલ કરવાનો ચેક મનુષ્યપણું–પંચેન્દ્રિયપણું, લાંબું આયુષ્ય વગેરે. સુખ મળે કયા ચેકથી ? જે આગળ ચાલવાનું નથી–સાથે આવવાનું નથી તેવા માટે કર્તવ્યબુદ્ધિ છે. છોકરીને અંગે પારકું ધન ગણીએ છીએ. વીલ કરતાં છોકરીના નામે લખતાં ખૂબ વિચાર કરીએ છીએ. આ કંચનાદિ–આહારાદિ તેમાં તમારું પોતાનું ધન કયું ? તેને માટે કલમો ને કલમો લખાય છે.

તે માટે શ્રીહરિભદ્રસૂરિજીને કહેવું પડ્યું છે કે–અનાદિકાળથી કઈ સ્થિતિએ રખડ્યા છો, તે વિચારો; માટે જ ધર્મને કર્તવ્ય તરીકે લો. કૂરસદ મળે તો ધર્મ કરવો તેમ ન રાખો. સામાયિક કરવાની તૈયારી કરતાં ઘરનું, દુકાનનું કામ આવે તો સામાયિક અદ્ધર રહે. ધર્મને સારો ગણો–કિંમતી ગણો, એક રૂપિયાના સો પૈસા એટલે રૂપિયાને

કિંમતી ગણે. તેમ એક ધર્મ બીજાથી અનેક વસ્તુ મળેઃ લાંબું આયુષ્ય, મનુષ્યપણું વગેરે ધર્મથી મળે તો ધર્મ પદાર્થ કિંમતી છતાં ધર્મ કુરસદ હોય તો કરીએ. બીજી વસ્તુમાં કુરસદ ન મળે તો નથી કરતા તેમ બને છે? કુરસદ ન મળવાથી પૈસા-સ્ત્રી-કુટુમ્બ-શરીર ન સંભાળ્યા તેવા કેટલા દહાડા ગયા?

ધર્મ : ઓરમાન માતા

ઓરમાન માતાને શોકયના છોકરાને લોકલજ્જાએ ખાવા-પીવા આપવું પડે, પણ અંદરથી હૃદય કોરું ધાકોર હોય. વ્યવહાર બધો સાચવવો પડે.-અંદર કશું ન હોય. આઠ ચીજોની સગી માતા, તે ધર્મ અને તે ધર્મથી આઠ ચીજો મળવાની છે. અહીં ધર્મ નિઃશ્રેયસ્-અભ્યુદય માટે કહ્યો છે. ધર્મથી મોક્ષ ન મળે તો સ્વર્ગાદિક મળ્યા, પણ ધર્મનું ફળ સ્વર્ગાદિક જ નથી. કલકત્તા માટે મુસાફરી કરી. વચમાં નાગપુર મુસાફરખાનામાં રહ્યા, તેમાં નાગપુરનું મુસાફરખાનું ફળ નથી. તેમ ધર્મ કરતાં વચમાં આયુષ્ય પૂરું થાય. તેથી દેવલોક મળે, તે વિસામા તરીકે છે. ધર્મથી જીવોને મોક્ષના ધ્યેયથી ધર્મમાં પ્રવર્તવાનું હોય, તેથી વચમાં દેવલોક મળે તો તે વિસામા તરીકે છે. મોક્ષ માટે અમુક કરું છું, તેમ સ્વર્ગ માટે કરું છું તેમ નહીં. અહીંથી મોક્ષ ન પમાય તો દેવલોક તો છે જ. અહીંથી બનારસ સ્ટેશન તે કલકત્તા જવા માટે અનુકૂળ વચલું સ્ટેશન છે. કલકત્તે પહોંચવામાં એક દહાડો ચાલે જ નહીં. આથી વચમાં વિસામો લે.

પુણ્ય-પાપની ચતુર્ભંગી.

ધર્મિષ્ઠોને જે સાધનો મળે તે સાકરની માખ જેવાં છે. મીઠાશ પણ લે અને તેને ઊડી જવું હોય ત્યારે ઊડી જાય. શ્લેષ્મની માખ તેમાં લપટાઈ રહે. જગતમાં શ્લેષ્મની માખ જેવા માણસો નથી તેમ ન કહેવાય. તે વખતે જ્યારે મોક્ષ પામવાનું છૂટું હતું, તો તે વખતે પણ બધા તો મોક્ષે જતા ન હતાને? નવકાર ગણીએ તેમાં સર્વ પાપનો નાશ કહીએ છીએ. સર્વ પાપનો નાશ થાય તેમ ધારણા રાખવાની. તે ધારણા ભવાંતરે ફળીભૂત થાય.

બીજા ધર્મને અંગે વખતે તે ને તે ભવે મોક્ષે જાય, પણ તીર્થંકરપણું બંધાવવાવાળા ધર્મથી તે ભવે મોક્ષે ન જાય. જેને મોક્ષની ઇચ્છા ન હોય. બીજી ઇચ્છા હોય, તેને પાપાનુબંધી પુણ્ય હોય. મોક્ષના ધ્યેયવાળાને પાપાનુબંધી પુણ્ય ન હોય. પ્રમાદ, બેદરકારી ધર્મમાં હોય, તેથી પાપાનુબંધી પુણ્ય બંધાય. ધર્મને કુરસદીઓ ગણીએ તો શું થાય? જો કે–તેવા પ્રકારના ધર્મથી પણ આગળ વધાય છે. એકે જગ્યાએથી દ્વાર બંધ નથી. બાહુબળજી અભિમાનથી ધર્મમાં પેઠા છે. આવું થાય ત્યારે શું ગણીશું?

પ્રભુશાસન સિવાય તમામ પદાર્થ જુલમ કરનાર

મોક્ષનું ધ્યેય ચૂકે તો પાપાનુબંધી પુણ્ય બંધાય, એવો ધર્મ કરવો કે જેથી સોનાની બેડી પણ ન બંધાય, પાપનો કે પૂણ્યનો બંધ નહીં, તેવો વખત ૧૪ ગુણઠાણે આવે. તેવો વખત બોલવા માત્રથી ન આવે. પાંચમા ગુણસ્થાનકથી છકે, સાતમે તેમ અનુક્રમે આગળ ચૌદમા સુધી જવાનું કરો તો તેવો વખત આવે, પરંતુ મૂળ-માંથી કુરસદીયાપણું કાઢી નાંખીએ ત્યારે ને?

આ બધી વાતનું તત્ત્વ એ છે કે–દુનિયાની આઠ ચીજો જેવી કર્તવ્ય તરીકે લાગે છે, તેવી ધર્મમાં કર્તવ્યબુદ્ધિ થઈ નથી. ધર્મને ફરજ સમજો તો હજુ નિકાસબંધીવાળી અને નિકાસબંધી વિનાની બંને ચીજ સરખી થઈ. **इणमेव निग्गंथे पावयणे अट्ठे परमट्ठे सेसेऽनट्ठे** શાસન જિનેશ્વરનો ધર્મ, અર્થ. જેમ બીજા પદાર્થોને અર્થ ગણે તેમ ધર્મ પણ અર્થ છે. તે કહ્યા પછી તે જિનેશ્વરના ધર્મને અર્થાદિક કરતાં પણ અધિક ગણી પરમાર્થ ગણે પછી અર્થાદિકને અનર્થરુપ જુલમગાર ગણે. માત્ર આ શાસન જ પરમાર્થ છે, એમ ગણે. પ્રથમના શ્રાવકના આ ત્રણ ઉદ્‌ગારો હતા. પૂર્વના શ્રાવકો આ ત્રણ વસ્તુ સમજાવે. ઉપાશ્રયમાં જ નહીં દુકાને પણ ગ્રાહકને આ પદાર્થ સમજાવી પછી માલ આપે.

કુરસદિયો ધર્મ

यथा यथा मुंचति वाक्यबाणं तथा तथा तस्य कूलप्रमाणं આપણે

કુરસદ મળે તો ધર્મ કરવો, તેવું વાક્ય બોલીએ છીએ. પૂજારીને ચાર દિવસ બહાર જવાનું થાય તો 'હું' થાય છે. પૂજારી તમને દહેરું સંભાળવા કહે છે, પોતાનાં બૈરાં-છોકરાં-ઘર સંભળાનું કહેતો નથી, છતાં 'ગયા વગર ચાલે તેમ નથી ?' તેમ પૂજારીને પૂછીએ છીએ.

વડોદરા તમે ગયા હો અને ત્યાંના સ્નેહિ બોલેઃ સાકરભાઇ શેઠ આવ્યા છે, તેમાં જો ફલાણા શેઠને ત્યાં તેમને જમવાનું થાય તો ઠીક છે, નહીંતર આપણે તો છીએ જ ને ! આવા શબ્દો બોલાય તો ? શેઠ આવ્યા તે ગળે પડ્યા તરીકે તમે ગણો છે ને ? શેઠ એટલા વિચારવાળા અને ભગવાન વિચારશૂન્ય ને ? આ તો ભગવાનની સેવાનો દાખલો દીધો, આપણે જન્મવાના દિવસથી તે મરવાના દિવસ સુધી પૂજા કરીએ, તો આજે બહુ તો ૩૬૦૦૦ વખતથી વધારે પૂજા કરવાના નથી.

ત્યાંનું કામ તો અસંખ્યાત દિવસ સુધી કરવાનું છે. દેવલોકની અપેક્ષાએ મનુષ્યલોક દુર્ગંધથી ભરેલો છે તેથી ત્યાં દેવતાને વારંવાર આવવાનું શી રીતે પાલવે ? ઇન્દ્ર નિર્લોભી છે તેમ માનો છો ? ઇન્દ્રોને ઇન્દ્રોની સાથે મારામારી છે. સૌધર્મ અને ઇશાન ઇન્દ્રોની મારામારી થાય ત્યારે સનત્કુમારને યાદ કરે, અને તે આવીને બંનેનો ન્યાય ચૂકવે.

ભલે હાસ્યાદિકમાં વખત જાય પણ પ્રભુપૂજા માટે વખતનો વાંધો ! કહેવાનું એ કે-જિનેશ્વરની સેવા સરખાને અમૂલ્ય પદાર્થ કહીએ છીએ આપણે જ. પ્રક્ષાલનું ઘી બોલી પ્રક્ષાલ લઈ એ છીએ. તે મફત હોય તે દિવસે કરવા તૈયાર નથી. આપણે બોલી બોલનારા એ જ વખતે આપણા પર ફરજ નાંખે તો ? એટલા માટે ધર્મ સ્વરૂપે સમજો, કારણો-ફળો-ભેદોથી સમજો.

કારણો મેળવો તો પછી કાર્ય આપોઆપ થઈ જશે.

હેતુ-સ્વરૂપ-ભેદ-ફળદ્વારા એ ધર્મ સમજો. ત્યારે જ પરમ કર્તવ્ય ચીજ સમજાશે. હવે પહેલો ભેદ-હેતુ. તેનો પ્રથમ વિચાર કરવાનો. સામાન્યથી મનુષ્યો ફળને ઉદ્દેશીને પ્રવર્તે તેથી અહીં ધર્મનું ફળ પ્રથમ દેખાડવું જોઇએ, ધર્મનું પ્રથમ ફળ જણાવવું જોઇએ. ધર્મનું અર્થીપણું ઉત્પન્ન કરવા માટે પ્રથમ ફળ કહેવું જોઇએ. પણ જે

ધર્મ કરવાની ઇચ્છાવાળો તેણે પ્રથમ કયું જ્ઞાન મેળવવું ? ત્યારે જૈનશાસ્ત્રની રીતિ પ્રમાણે કારણ સામગ્રી એકઠી થાય તો કાર્ય અનાયાસે પણ થાય, અર્થાત્ ફળ કર્તવ્ય ચીજ નથી પણ આપોઆપ બનવાની ચીજ છે.

રોટલીનું સીઝવું તે કર્તવ્ય નથી. માત્ર સીઝવાનાં સાધનો એકઠાં કરવાં એ કર્તવ્ય છે. **કારણો મેળવ્યા વગર કાર્ય ન બને** તેમાં જૈનશાસનમાં પ્રથમ નંબરે આ વાત માનવાની. પહેલે ગુણઠાણેથી મોક્ષની ઇચ્છા તમે ચોથે ગુણઠાણેથી ધારતા હો તો નહીં. મિથ્યાત્વ ગુણઠાણું હોય ત્યાં મોક્ષની ઇચ્છા ઊભી થાય ? હા, શાસ્ત્રમાં નિયમ છે, કે–એક પુદ્ગલપરાવર્ત સંસાર બાકી હોય ત્યારે મોક્ષની ઇચ્છા થાય. તે વખતે મિથ્યાત્વ ગુણઠાણું હોય. ફેર એટલો જ કે પહેલામાં મોક્ષ પણ ચોથે મોક્ષ જ.

મોક્ષની ઇચ્છાએ પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર ન હોય, આપણે શું કહેવા માંગીએ છીએ ? કે મોક્ષની ઇચ્છા થાય પછી પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર ન હોય. તેથી એક પુદ્ગલપરાવર્ત સંસારવાળાને મોક્ષની ઇચ્છા થાય તેવો નિયમ નથી.


કેટલીક વનસ્પતિમાં એવા જીવો છે કે–આવતે ભવે જ મોક્ષે જવાના હોય. તેઓ કોઈ કાળે પહેલે ગુણઠાણે મોક્ષે ગયા ?–માટે મોક્ષ જ જોઈએ, એ વાત ચોથે ગુણઠાણે છે. સુલસાના નામથી કોઇ-પણ અજાણ નથી. તેને પુત્ર નથી. લગ્ન થયાને વધારે વખત થયો છે, પોતે વિવેકવાળી છતાં, ઘણી વિવેકવાળો હોય તેવો નિયમ નથી. સુલસાને દેવતા પ્રસન્ન થાય છે. સ્વામીને ચિંતામાં દેખીને સુલસા કહે છે કે–તમારે પુત્રની ઇચ્છા હોય તો બીજી પરણી શકો છો. નાગ સારથી કહે છે કે મારે બીજીથી પુત્ર ન જોઈએ.

અહીં સુલસાને પુત્ર થતો નથી. આથી સુલસાને દૃઢ ધર્મારાધન કરવાનું થયું અને દેવ તુષ્ટમાન થયો. 'માગ....માગ, માગે તે આપું.' એમ કહ્યું પણ સુલસાની સ્થિતિ આપણે જાણીએ છીએ. તે માને છે-કે મારે માગવું છે તે તારી પાસે નથી. તારી પાસે દેખું તો માગું

ને? મારે સાધ્ય મોક્ષ છે. પછી દેવતાએ પ્રસન્ન થઇ ૩૨ ગુટિકાઓ આપી. સંસારના કંટાળાથી એક સામટી બધી જ ખાધી તેથી, ૩૨ પુત્રો થયા. દેવતા માગવાનું કહે ત્યારે પણ તે બાઈ જાતને બીજું કાંઇ આગળ આવતું નથી. મોક્ષ આગળ આવે છે!

આપણે સમકિતના પડીકાં બાંધી લઇએ પણ સમકિતની સ્થિતિ નથી જોઈતી. એક જ ચીજ આખા જીવનમાં માંગવાની–મેળવવાની. કઇ? એક મોક્ષ જ. મોક્ષ તો પહેલે ગુણઠાણે પણ પોકારે છે, ચોથે ગુણઠાણે મોક્ષ જ જોઇએ. આવો ચોથે ગુણઠાણે અદ્વિતીય અસાધારણ ભાવ હોય છતાં ત્યાંથી અનંતા કાળમાં કોઈ મોક્ષ ગયો નહીં ને જશે નહીં. ૪ થે પાંચમું છઠ્ઠું મેળવવા જોઢો બન્યો. તે પછી ૧૨ મે ગયો. તો પણ મોક્ષ નથી. ૧૩ મે ગયો તો ત્યાં પણ કેવળ મેળવ્યું. છતાં મોક્ષ નહીં.

ચૌદમે તો મન વચન કાયાના યોગો નથી. તેથી ઇચ્છા સર્વથા જાય ત્યાં મોક્ષ થાય. કારણ મેળવવામાં આવે તો વગર ઇચ્છાએ પણ કાર્ય થાય; માટે ધર્મના આર્થી જીવોને ધર્મનાં ફળ કરતાં ધર્મનું કારણ બતાવવું પ્રથમ જરુરી છે. હવે તેમાં પ્રથમ શું બતાવવું? ધર્મનાં મૂળને સહકારી કારણો કયાં? તે અગ્રેઃ—



સ્વરૂપથી ધર્મનું લક્ષણ

દેશના ૩૨

(૨૦૦૦ પોષ વદી ૭ સોમ-છાણી.)

सुखं धर्मात् दुःखं पापात्, सर्वधर्मव्यवस्थितिः ।
न कर्तव्यमतः पापम्, कर्तव्यो धर्मसञ्चयः ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા–કે સંસારમાં નાના રૂચિ લોક–'**मुंडे मुंडे मतिर्भिन्ना**' કહેવાય છે. પણ મૂળ વસ્તુ માટે ભેદ નથી. 'સુખની પ્રીતિ ને દુઃખની અપ્રીતિ, આ વસ્તુમાં કોઈનો મતભેદ નથી. સુખની ઉપર પ્રીતિ એટલે શત્રુને સુખ ઉપર પ્રીતિ હોય તો પોતે તેથી વિરુદ્ધ ન માને. બધા મોઢે ખાય છે, તો મારે મોઢે ન ખાવું તેમ કોઇ માને છે? તેમાં એકરુચિ રહેવું પડે છે. જે જીવનો સ્વભાવ સુખ પર પ્રીતિ, દુઃખ ઉપર અપ્રીતિ તેને દુનિયામાં બીજી વસ્તુ બહેંકાવવાની હોય છે. નાના છોકરાને કાંકરા કે મોતી કે હીરાના ઢગલા ઉપર બેસાડો–તો તેમાં તેને ફરક દેખાશે નહીં; કારણ કે–તેને હજુ તેનું દુનિયાદારીથી કિંમતીપણું લાગ્યું નથી.

દુનિયાએ હીરા–મોતીનું કિંમતીપણું ગણાવ્યું, તેથી તેની કિંમત. જાનવરને તેની કિંમતનું ભૂત નથી, દુનિયાના પદાર્થો કિંમતી ગણીને તેને કિંમતવાળા ગણ્યા છે. એ જ છોકરા, યુવાન થાય–અને તેમની વિકૃત દશા થાય ત્યારે? ઘોડિયામાં બાળકો હોય, વર–વહુ હોય ને ભાઈ–બેન હોય તેમાં ફરક શો? જુવાનીની વિકાર દશાના ભૂતની કિંમત–વિષયની કિંમત તેમને છે. કુટુમ્બમાં વધારે હોય તો જબરા ગણાય. પણ કૂતરીને સાત બચ્ચાં જન્મે, ગાયને એક વાછરડું જન્મે, તેથી કૂતરી ચઢીયાતી ન ગણાય. કંચનનું–કામિનીનું–કુટુમ્બનું વળગાડેલું

ભૂત છે. પરંતુ તેમાંના દરેકને સુખ-દુઃખ ઉપર પ્રીતિ-અપ્રીતિ, તે દુનિયાએ વળગાડેલ ભૂત નથી.

ગર્ભમાં પણ સુખની પ્રીતિ, અને દુઃખની અપ્રીતિ છે.

એક બાઈ છે-આઠ મહિના ગર્ભને થયા. એવામાં છોકરાનો હાથ બહાર નીકળી ગયો. ડોકટરો આવ્યા. ઓપરેશન કરી હાથ અંદર નાખવો તેમ નક્કી કર્યું. કુટુમ્બનો જૂનો વૈદ્ય આવ્યો. તેણે કહ્યું : હું જલદી ઉપાય કરું તેણે દીવાસળીને હાથ પર ચાંપી. છોકરાએ હાથ અંદર ખેંચી લીધો. તત્ત્વ એ કે **સુખની પ્રીતિ દુઃખની અપ્રીતિ તે જન્મ-સિદ્ધ-સ્વભાવસિદ્ધ છે.** બીજી બધી ચીજો ભૂતવળગે તેમ વળગાડ છે.

સુખનાં સાધનો એકઠાં કરીએ તો તે પણ કેવાં જોઈએ? લાડવા જોડે ખાટું, તીખું જોઈએ, દુઃખને અંગે શાક તરીકે પણ ઇચ્છા નથી. સુખ સાથે દુઃખની ઇચ્છા થાય છે? જે દુઃખ એક શાકની માફક વચમાં સ્વાદ ફેરવવા તરીકે પણ માગતા નથી. સુખનું અજીર્ણ ટાળવા પણ દુઃખ ઇચ્છતા નથી. તો પછી સુખનાં સાધનો કેવાં એકઠાં કર્યાં? સુખ ભોગવવું જોઈએ. પણ સુખનાં સાધનો આ ભવમાં પૂરતાં મેળવ્યાં, કંચનાદિ મેળવ્યાં તેમાં પણ ધ્યાન ન રાખ્યું કે તે સાધનો કોણે મેળવી આપ્યાં?

ગાડાની નીચે કૂતરું ચાલે-તે પોતે એમ જ માને છે કે-હું જ ભાર ખેંચું છું. એવી રીતે આપણે મહેનત કરીએ ને મળે એટલે 'મારી મહેનતનું ફળ' એમ માનીએ છીએ. તો મહેનત કોણ નથી કરતું? તો બધા કેમ પૈસાદિ નથી મેળવી શકતા? મહેનતથી સ્ત્રીઓ મળતી હોય તો વાંઢો કોણ રહે? મહેનતથી કુટુમ્બ થાય તો કુટુમ્બ વગરનો કોણ રહે? મહેનત તો ગાડાની નીચે ચાલતું કૂતરું પણ કરે છે. નશીબ હોય તો જ મહેનત ફળ દે. ગાડાની નીચે કૂતરું ચાલે તે કૂતરું જાણે કે હું ગાડું ખેંચું છું. મહેનત બધા કરતા હોય છતાં દરેક ફળ મેળવતા નથી.

મંદીના જીવડા હોય તેને મંદી સૂઝે. તેજીવાળાને તેજી સૂઝે.

તેમાં મતભેદ કેમ પડ્યો ? ૨×૨=૪. માં મતભેદ ન પડ્યો ને તેજી મંદીમાં કેમ મતભેદ પડ્યો ? નશીબ ચડતું હોય તેનું લક્ષ્ય તેજીમાં હોય છતાં મંદીમાં જવા વિચાર થાય. **નશીબને આધારે બુદ્ધિ સૂઝવાની**, અને તે પ્રમાણે તે મહેનત કરશે. વિચારની વસ્તુમાં મતભેદ હોય, ભવિષ્યના સુખના વિચારો લાવે કોણ? લાભની બુદ્ધિ છતાં અંતરાયના કારણના વિચારો આવે તેનું કારણ ? સુખ મેળવવાનાં સાધનો મેળવ્યાં છતાં તેવા પ્રકારનો વિચાર કોણે સૂઝાડ્યો ? નશીબદારી સિવાય અનુકૂળ મહેનત સૂઝે જ નહીં !

ઉંદરનો ઉદ્યમ અને લોરીંગનું ભાગ્ય.

ઉંદર ભૂખ્યો હતો–મહેનત કરી, કરંડિયો કોચ્યો. અંદર સાપ ભૂખ્યો હતો–તે બહાર નીકળ્યો ને તે ભૂખ્યો હતો તેથી ઉંદરને ખાઈ ગયો. સાપના પુણ્યોદયે કહો કે તેને લીધે ઉંદરે કરંડિયો કોચ્યો. કરંડિયો કોચ્યો ઉંદરે અને ભૂખ ભાંગી સાપની. સુખનું સાધન 'બાંકું' ઊભું કર્યું ઉંદરે, અને ફળ મળ્યું સાપને. અન્ય કરે અને અન્ય ફળ લઈ જાય. ક્યારે ? આપણો ભાગ્યોદય ન હોય ત્યારે. **'सुखं धर्मात् दुःखं पापात्'** એકલા ઉદ્યમથી સુખ મળી જશે કે દુઃખ ખસી જશે એમ નહીં, પરંતુ ઉદ્યમ સાથે તમારું ભાગ્ય હશે, તો જ ઉદ્યમથી સુખ મળશે. વિપર્યય હશે તો જ ઉદ્યમથી દુઃખ મળશે. તેટલા માટે **"न कर्तव्यं अतः पापं कर्तव्यो धर्मसंचयः** પાપથી ખસતા રહો ને ધર્મનો સંગ્રહ કરો." **ધર્મ એ જ સુખનું સાધન** છે. વન–રણ તમામ જગ્યાએ ધર્મ જ રક્ષણ કરનાર છે. કુટીલ માણસ મનુષ્યના શબ્દ ન વાપરે પણ તેને અશકય બનાવી દે.

બાદશાહનો હુકમ અને બીરબલનો અમલ.

'બીરબલના ચૂલે ઝાડ ફર !' તેવો બાદશાહનો હુકમ મીયાંને હતો. બીરબલથી ના ન કહેવાય. આથી તેણે કુટુમ્બનાં માણસોને બેસેડ્યાં અને ચૂલે ઝાડ આવનાર મીયાંને રસોડું બતાવ્યું અને કહ્યું કે–' ચૂલો આ રહ્યો, આ અહીં તમે ખુશીથી ઝાડ ફરો.' પછી બૈરીને ઉદ્દેશીને કહ્યું કે–' અરે...સાંભળે છે કે? જરા છરી લાવજે'. મીયાં ચમકયો.

બીરબલને કહે કે–'છરી કેમ મંગાવી છે ? બાદશાહે ઝાડે ફરવાની છૂટ આપી છે.'

બીરબલે કહ્યું–મુસલમાનોમાં પેશાબની વધારે અપવિત્રતા છે, તેથી ઝાડે જજો પણ પેશાબ કરશો તો કાપી નાંખીશ.'

બાદશાહનો હુકમ કબૂલ કર્યો પણ મીયાં અહીં શું કરે ? પેશાબ વગર ઝાડો મનુષ્યને ન હોય એટલે બીરબલે ચૂલે ઝાડે ફરવાની હા કહી અને એ રીતે પેશાબના બ્હાને મીયાંને કાર્ય કરતાં રોકયો. વચમાં એવી ખાંચ નાખી કે–'મીયાં બાદશાહનો હુકમ બજાવી ન શકે!' તેમ અહીં શાસ્ત્રકારે ધર્મની સાબિતી કરી ત્યારે ધર્મની વાત સાંભળી આચાર્યને કહે છે કે–"ધર્મ, એ આવશ્યક ચીજ શી રીતે ? દુનિયાનાં આવશ્યક કયા? ભૂખ ભાંગે–તરસ છીપાવે તે. ભોજનથી ભૂખ ભાંગે. પાણીથી તરસ છીપે. ધરમથી ભૂખ ભાંગશે ? કાવ્યથી તરસ છીપશે ?

તમે પણ ભૂખ તરસ વખતે ભોજન–પાણી લો છો. ટાઢ વખતે ધરમનો ઓછાડ નથી ઓઢતા, તમે પોતે જ ભોજન પાણીનો ઉપયોગ કરો છો, વસ્ત્ર મકાનનો ઉપયોગ કરો છો. ધરમનો ઉપયોગ કરતા નથી તો ધરમ તમારા હિસાબે ય કામનો નથી, કારણ કે–તે તે કાર્યમાં તમે ધરમને આવશ્યક નથી રાખ્યો.

તમે ભૂખ ભાંગવા વગેરે માટે ધરમને ઉપયોગમાં લીધો હોત તો તો 'ધર્મ, એ આવશ્યક છે' એવું તમારું કહેવું માનત, પરંતુ આ દરેક બાબત જોતાં આવશ્યક ચીજો સાથે ધરમની જરૂર નથી." આમ વાદી આચાર્યને કહે છે. કહે છે કે–જરુરિયાત વખતે તમે જ ધરમને પાછળ રાખો છો. તમે પોતે જરુરી ભૂખ વગેરે વખતે ભોજનાદિને જરુરી ગણો છો. આમ શિષ્યે શંકા કરી ત્યારે કહ્યું કે—

નિરુપયોગી મૂળિયાં

બે વટેમાર્ગુ જતા હતા. માર્ગમાં આંબો આવ્યો. એકે કહ્યું કે–" કેરી ખાવા માટે જરુરી; માંજરો કાને લગાડવા માટે જરુરી

પાંદડાં, લાકડા વગેરે પણ બાળવા આદિ માટે જરુરી; પરંતુ આ વાંકાવાંકા મૂળિયાં, બીનજરૂરી છે. ખાવા-પીવા-પાટડામાં-તોરણમાં મૂળિયાં કામ ન લાગે, માટે તેને કાપી નાંખો૰ તે નકામું પાણી પી જઇ જમીનનો રસકસ ખેંચી લે છે ! માટે મૂળિયાં કાપી નાંખો" વ્યવહારમાં ઉપયોગી તરીકે કેરી, માંજર, પાંદડાં, ડાળી વગેરે જ છે, એ વાત ખરી? પણ મૂળિયાં વગર ફળાદિક ન મળે. ઉપયોગ કેરી વગેરેનો થાય. મૂળિયાં કશા કામના નથી, છતાં બધાંનો આધાર મૂળિયાં જ છે. મૂળિયાં આધારે જ ડાળી, પાંદડાં, માંજર, કેરી વગેરે છે.

જેમ વ્યવહાર-પ્રવૃત્તિથી મૂળિયાં કશા કામ ન લાગે પરંતુ બધાંનો આધાર મૂળિયાં ઉપર છે, તેમ ધર્મ સીધો ખાવા-પીવા-ઓઢવા -રહેઠાણમાં કામ નથી લાગતો; પણ ભોજન બધાંને કેમ નથી મળતું ? તે કહો. કેટલાકને ખાવાપીવાનું-મકાન-વસ્ત્રો વગેરે બીલકુલ નથી મળતાં તેનું કારણ શું ? કહેવું પડશે કે-પૂર્વ પૂણ્ય કરેલાને સાધનો મળ્યાં છે, પૂણ્ય નથી કર્યું તેને સાધનો નથી મળ્યાં. આથી નક્કી થશે કે-આ બધાની જડ ધર્મ છે, માટે કંચન-કામિની આદિ કરતાં કોડગણો કિંમતી પદાર્થ ધર્મ છે.

કિંમતી વસ્તુની નકલ ઘણી હોય

આવો ધર્મ જરુરી છે, એમ નક્કી કર્યા પછી સમજવાનું કે કિંમતી પદાર્થો લેવા જાવ તો પ્રથમ સાવચેત થવું જોઈએ. ધૂળ લેવાવાળીને-સરાખડો લેવા જતાં સાવચેતી રાખવી પડે છે. ધૂળની નકલ કોઇ કરતું નથી ધૂળ, લોઢા, તાંબાવાળાને નકલથી સાવચેત રહેવાનું હોતું નથી.

સોના-ચાંદી, હીરા-મોતી લેવા જવાવાળાને કલઈ-પિત્તળ, ઈમીટેશન કલચરથી સાવચેત રહેવું પડે છે. કિંમતી પદાર્થો નકલીથી વીંટરાએલા હોય છે. તેથી જ કાપડ-દવા વગેરેમાં ટ્રેડમાર્ક કરવા પડે છે. કિંમતી વસ્તુની નકલ વધારે હોય. નાળીયેરનું ટોપરું અંદર હોય. બહાર ટોપરું કેમ ન ઉગાડ્યું ? ફળ છોતરાં-છોડાં સાથે વીંટરાએલું હોય છે, તેમ કિંમતી પદાર્થ નકલીથી વીંટરાયેલો હોય છે. લેવાવાળાએ નકલીથી સાવચેતી રાખવી જોઈએ.

ધર્મ કિંમતી હોય. એટલે તેની નકલનો પાર ન હોય માટે અસલ ધર્મ, તપાસીને લેવો જોઇએ. ધર્મ તપાસાય તો દેવગુરુની પરીક્ષા થાય. કોઇપણ મતવાળો પોતાના દેવને અધર્મી માનવાવાળો નથી. આચરણ અધર્મનું હોય તો પણ ધર્મી તેને માને ત્યાં લીલાનો પડદો નાંખે છે. વાત એ કે–માનેલ દેવને અધર્મી નહીં માને. ગુરુને વિષયી દેખે, તેમાં તેને–ગોકુળના બાળક માને. કેમ ? તેનાં મોહજન્ય આચરણને લીલાનો પડદો નાખે છે. દેવગુરુ અધર્મી દેખાતા હોવા છતાં તેની ફીકર ન હોત તો તેઓ લીલાનો પડદો નાખે ખરા ?

દેવનો આધાર ધર્મ ઉપર, ગુરુનો આધાર ધર્મ ઉપર. ધર્મ તો ધર્મસ્વરૂપ છે, માટે દેવગુરુના વિચારમાં પ્રથમ ધર્મ સમજવાની જરુર છે. ધર્મ સુંદર મળ્યો તો દેવગુરુ પણ સુંદર મળે, માટે **દેવગુરુની પરીક્ષા પહેલાં ધર્મપરીક્ષા પ્રથમ કરવી જોઇએ,** માટે ધર્મના હેતુ–સ્વરૂપ અને ફળ તરીકે ભેદો વિચારવાની જરૂર છે.

અન્યથા ફળની ઇચ્છા સિદ્ધ=નક્કી જેવી છે, કેમકે જો ધર્મ હોય તો ફળની ઇચ્છા ન હોય તોપણ ફળ મળવાનું જ છે, માટે ધર્મમાં ફળની ઇચ્છા નકામી ચીજ ગણી. માત્ર પ્રવૃત્તિને અંગે ભલે ઇચ્છા ઉપયોગી હોય. ધર્મના હેતુ, સ્વરૂપ અને ફળ એ ત્રણ ચીજ સમજવાની જરૂર છે. ભેદો પણ છેલ્લે સમજવાના હોય. મનુષ્યપણાની સિદ્ધિ વગર આર્ય અનાર્ય ભેદો હોઈ શકે નહીં. તેમ ધર્મની સિદ્ધિ વગર તે ભેદો હોઈ ન શકે માટે ધર્મના ભેદોની વાત હાલ બાજુએ મૂકો, અને ધર્મની વાત કરો.

પરિણામ ધર્મ કયારે બને ?

હવે ધર્મનું સ્વરૂપ ને કારણોનો વિચાર કરો. તેમાં ધર્મ અનુષ્ઠાન ગણીએ, પરંતુ અનુષ્ઠાન તો કર્મ ગણાય. માટે પરિણામ એ ધર્મ કહેવો જોઈએ. પરિણામ એ ધર્મમાં મુખ્ય ચીજ ? ના, નહીં. પરંતુ એ પરિણામ ધર્મ માટે ઉપયોગી કયાં ? જ્યાં ક્રિયાનો અભાવ હોય ત્યાં આકસ્મિક સંયોગે ક્રિયાના પલટામાં પરિણામ એ ધર્મ કહેવાય.

નહીંતર બધાં દર્શનો ધર્મના પરિણામવાળા છે. મુસલમાનો-ગાય-બકરાંને ધર્મની ધારણાથી મારે છે. વામમાર્ગીઓ અનાચાર કરે છે તે ધર્મની ધારણાથી જ. પછી કુધર્મને મિથ્યાત્વ કહેવાનો વખત જ નથી. આ તો અન્ય ધર્મની વાત કરી, પણ, સદ્ધર્મ હોય ત્યાં ધર્મ-બુદ્ધિ હોય તો પણ માત્ર ધર્મનું કાર્ય હોય, પરિણામ ધર્મ ન હોય; તેમ પણ બને. એટલે કે-ધર્મબુદ્ધિ હોય, બારીક બુદ્ધિ ન હોય, તો કરાતો ધર્મ, ધર્મનો નાશ કરનાર થાય. તે માટે દૃષ્ટાંત દીધું છે—

વૈયાવચ્ચનું વિચિત્ર વ્રત

એક આચાર્ય મહારાજે વૈયાવચ્ચનું દૃષ્ટાંત દીધું. **જ્ઞાન જાય ભૂલવાથી, સમકિત જાય મિથ્યાત્વથી, ચારિત્ર જાય ભ્રષ્ટતાથી, અધ્યયન અહંકારથી જાય, તપસ્યા ક્રોધથી જાય પણ વૈયાવચ્ચનો નાશ કદિ થાય જ નહીં**, જેનો નાશક કોઈ નહીં. ક્રોધ-અહંકાર આદિ કશાથી વૈયાવચ્ચનો ગુણ નહીં જાય. માટે **વૈયાવચ્ચ અપડિવાઇ** વૈયાવચ્ચ કર્યા પછી એમ થાય કે-આ મેં કયાં કર્યું? તો પણ તેનો લાભ ન જાય. તેને અંગે બાહુબળજીને ચક્રવર્તી કેમ ન જીતી શકયા? એકલા બાહુબળજીને ક્રોડો દેવતાની સહાયવાળો ચક્રવર્તી પણ જીતી શકતો નથી. મહાવીર ભગવાન પોતે કહે છે કે-**ગીલાણ** જિનવચનને જે માનનારો હોય તે ગ્લાનની માવજત જરૂર કરે. પ્રભુ વચનને માનનારા ગ્લાનની વૈયાવચ્ચ કરે જ.'

કોઈક ભાવિકે નિયમ લીધો કે-મારે માંદાની વૈયાવચ્ચ કરવી. તેવો નિયમ લઈ હંમેશાં વૈયાવચ્ચ કરે છે. કોઇક દિવસ એવો આવ્યો કે-કોઈપણ સાધુ માંદો નથી. આથી તેને ચિંતા થવા લાગી. અહો! કેવો સુંદર નિયમ! પરંતુ આજ મારું નસીબ કમનસીબ, કે-કોઈ માંદું ન પડ્યું! એ ભાવિકને આ વિચારમાં બુદ્ધિ ધર્મની છે, ક્રિયા પણ ધર્મની છે, માત્ર વિવેકની ખામીથી એ રીતે વિચારપલટો થયો. 'કોઈ માંદો નથી થયો' એટલા માત્ર ચલટાને અંગે ધર્મને વ્યાઘાત થયો-ધર્મનો નાશ થયો, જો બારીક બુદ્ધિ ન રાખે-ક્રિયાબુદ્ધિ ધર્મની

છતાં ધર્મનો નાશ થાય; માટે **ધર્મ બારીકબુદ્ધિથી તપાસવો જોઇએ—કરવો જોઈએ.**

ગુરુ પરાવર્તનીય હોઈ શકે

'બાપદાદાના કૂવામાં ડૂબી મરવું ?' તેમ માનનારાઓએ–કહેનારાઓએ પોતાના બાપદાદા અધર્મને રસ્તે ગયા હતા, તેમ માનવું પડશે. ગુરુ પરાવર્તન કરી શકે છે. આત્મારામજી મહારાજ ઢુંઢિયામાંથી દીક્ષા છોડી આવેલા છે. **બાપદાદામાં પરાવર્તનનો અવસર નથી. ગુરુમાં પરાવર્તનનો અવસર છે.** અન્યથા શું ઢુંઢિયાપણાને વળગી રહે ? પોતાના વડીલો આચારથી વિરુદ્ધ ગયા હોય તો તેને વોસરાવવા જોઈએને ? ગુરુ પરાવર્તનીય ચીજ છે.

મૂળ વાત પર આવો. ધર્મની બુદ્ધિએ ધર્મની ક્રિયા છતાં વિવેકની–સૂક્ષ્મ બુદ્ધિની ખામી હોય તો ધર્મનો નાશ થશે. માટે બારીક બુદ્ધિએ ધર્મ જાણવાની જરૂર છે. આકસ્મિક પલટાને સૂચવનારા પરિણામે બંધ છે, માટે અનુષ્ઠાન તે ધર્મ છે. **धत्ते चैतान् शुभस्थाने** તે વાક્ય ધર્મનું લક્ષણ નથી, પણ ફળ છે. દુર્ગતિથી બચાવે–શુભસ્થાનમાં ધારણ કરે તે ધર્મનું ફળ જણાવ્યું. તેને ફળને બદલે લક્ષણ લઈએ તો સૂક્ષ્મમાંથી બાદરમાં આવ્યો તો ત્યાં ધર્મ હતો ?


મહાનુભાવ ! ધર્મનું લક્ષણ જુદી વસ્તુ છે. ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ અને સ્વરૂપ છે, લક્ષણ નથી. અનુષ્ઠાને ક્રિયા–ચેષ્ટા–પ્રવૃત્તિ શબ્દ નથી વાપરતા, પણ અનુષ્ઠાન શબ્દ વાપરે છે. અનુષ્ઠાનના ચાર ભેદો છે : પ્રીતિ–ભક્તિ–તદ્હેતુ અને અસંગ. આ ચાર ભેદોનાં અનુષ્ઠાનો લેવા માટે અનુષ્ઠાન શબ્દ વાપરે છે.

હવે અનુષ્ઠાન કેવું જોઈએ ? મૈત્ર્યાદિભાવ જોડે હોય તો જ, ધર્મને અનુષ્ઠાન કહેવાય. તે ઉપરથી અનુષ્ઠાન ગબડી જાય તો પણ ધર્મ નહીં ખસી જાય. રોજના ૧૨ સામાયિક કરનારા હોય, છતાં અંત્યસમયે પ્રવૃત્તિ રહેતી નથી. છેલ્લે વખતે ય અનુષ્ઠાન પ્રવૃત્તિમાં હોવું જોઈએ. મહિનાની તપસ્યા કરનારા છતાં છેલ્લી વખતે ય તે જ

અનુષ્ઠાન હોય તેને ધર્મ કહ્યો, આમ છતાં અનુષ્ઠાન ક્વચિત્ મૂકાઈ જાય ત્યારે પણ ધર્મ રાખવો. તે ધર્મ સાથે મૈત્ર્યાદિ ભાવ હોય તો જ રહે. જેમકે ચૌદમા ગુણઠાણે પ્રવૃત્તિ અનુષ્ઠાન નથી છતાં ધર્મ છે.

તે માટે શાસ્ત્રકારને કહેવું પડ્યું કે–' **मैत्र्यादिभावसंयुक्त.** વિધાન કરવામાં કે નિષેધ કરવામાં આવે તે વિશેષણને લાગુ થાય. ' મેલાં લુગડાં કાઢી નાખ. ' એમ કહ્યું તેમાં નાગો થઈને આવે તો ? વાકય કહેવામાં તત્ત્વ મેલાં કાઢવાનું હતું, લુગડાં કાઢવામાં તત્ત્વ ન હતું. નિષેધ મેલાપણારૂપ વિશેષણમાં હતો. વિધિ પણ વિશેષણને લાગુ થાય. જેમકે 'ન્યાયે કરીને પૈસો પેદા કરેલો હોવો જોઈ એ.' તો એ વાકયથી પૈસા પેદા ન કર્યા તેમાં ધર્મ નહીંને ? તેવી રીતે અહીંયાં કયા અનુષ્ઠાનને ધર્મ કહ્યો ? પર્યન્ત દશાએ ધર્મપણું વિશેષણમાં જાય. મૈત્રી આદિ ચાર ભાવના, માધ્યસ્થભાવના કેવળજ્ઞાન સુધી છે. તેથી વાંધો ન આવે.

જ્યારે આ કહ્યું ત્યારે યૌગિક લોકો–યોગાચારવાળા પણ અનુષ્ઠાન માને છે. એવાં અનુષ્ઠાનને ધર્મ ન માની લે, તેથી કહે છે કે જિનેશ્વરનું વિરોધ રહિત એવું અનુષ્ઠાન તે ધર્મ. તેમનાં વચનદ્વારા જન્મેલું જે અનુષ્ઠાન તે ધર્મ. આમ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું, તેનું ફળ મોક્ષ. આમ સમજીને ધર્મના હેતુ સ્વરૂપ–ફળભેદો દ્વારા જે ધર્મમાં ઉદ્યમ કરશે તે આ ભવ પરભવમાં કલ્યાણ પામી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.



ધર્મ અને બુદ્ધિ

દેશના ૩૩

(૨૦૦૦ પોષ વદી ૯ બુધ. વડોદરા, કોઠીપોળ.)

सूक्ष्मबुद्धया सदा ज्ञेयो धर्मो धर्मार्थिभिर्नरैः
अन्यथा धर्मबुद्धयैव, तद्विघातः प्रसज्यते ॥

શાસ્ત્રકાર આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ ધર્મોપદેશ આપતાં આગળસૂચવી ગયા કે–મહાનુભાવો, તમે તમારા જીવનમાં, વસ્તુઓ મેળવવાના પ્રયત્નમાં મથી રહ્યા છો. વસ્તુ મેળવવાના પ્રયત્નમાં દિવસે દિવસે વધો છો. ચીજ મળે તેમ સંતોષ પામતા જાવ છો, ને અધિક મેળવવા માટે ઉદ્યમ કરો છો. પણ તમે કઈ ચીજ મેળવો છો, તે વિચારો છો? બાળકો લેશન કરવાનું છોડી કોઈકિના મકાન બંધાવવા માટે આવેલી ધૂળમાં મકાન, બાગ–બગીચા, વાવડી બનાવે, તેમાં બાળકો પરસ્પર કદાચ લડે પણ ખરા. પછી બાવાનો વખત થયો એટલે તે બધું મૂકીને ચાલ્યા જાય. પછા કરેલા બંગલાનું શું થાય? તે જુએ છે?

બચ્ચાંની ધૂળ ખેલવાની રમત જેવી આપણી સંસારની રમતો છે. માત્ર તેમણે તેમાં ધૂળની માલિકી પણ માની નથી. આ ધૂળમાં બંગલો ચણ્યો તેને અંગે બાળકે લડાઈ કરી. આપણે પણ ચાર ચીજો ભેગી કરવા મથીએ છીએ, વધારો કરીને સંતોષ માનીએ છીએ. કંચન–કામિની–કુટુમ્બ અને કાયા. આ ચાર બાહ્ય ચીજ મેળવવા માટે ઉદ્યમ કરીએ છીએ, તેથી સંતોષ માનીએ છીએ, ને વધારવા પ્રયત્ન કરીએ છીએ. આખો કિંમતી જન્મ તેમાં ગુમાવીએ છીએ, એ ચારની અપેક્ષાએ અભ્યંતરની ચાર વસ્તુ આહાર-શરીર-ઇન્દ્રિય ને વિષયો પણ મેળવવા માંગીએ છીએ. ભલે કે તેમાં પલટો બાતા રહીએ છીએ, એક સ્થિતિમાં રહેતા નથી.

તદ્દન નાની ઉમ્મરમાં હતા ત્યારે ખાવું-ખાવું ને ખાવું હતું. દર્પણ બતાવે ત્યારે પણ તેને ખાવાની ચીજ ગણી. આંગળી-લુગડું ચુસણીયું વગેરે જે હાથ ચડે તે બધું ખાવા મંડીએ. લાકડાનું ચુંબણીયું માબાપ આપે અને આપણે તેને ચુંબીએ, તે માત્ર ખાવાની ટેવ હોવાને લીધે. આમ ખાઉં ખાઉંની ટેવમાં ચુંબણીએ પહોંચ્યા. તેમાં રસ કાંઈ નથી. પહેલાં જન્મની સાથે ખાવાની ટેવમાં આગળ વધ્યા. પછી અવાજમાં ઘંટડી વગાડે એમાં વધ્યા. તેમ ક્રમે ક્રમે ઇન્દ્રિયોના વિષયોમાં વધ્યા. લગીર ઉંમર થઈ ત્યારે અભ્યાસ પર વધ્યા, એમ કરતાં આગળ વધી કમાવા પર ગયા, એટલે ચોપડીઓ કબાટમાં! પછી કમાવાની ટેવમાં ગયા, પછી કુટુમ્બમાં ગુંથાયાં, પછી શરીરની માવજત. તેમાંથી કયી સ્થિતિમાં આવીએ છીએ?

રાજીનામું અને રજા

સમજુ નોકર હોય તેને માલૂમ પડે કે શેઠ રજા દેવાના છે, તો જાતે રાજીનામું આપી દે. રાજીનામું ન આપે અને શેઠ રજા દે ને નીકળવું પડે, તે કેવો ગણાય? એક વસ્તુ ચોક્કસ સમજીએ છીએ કે-'जातस्य हि ध्रुवं मृत्युः' જન્મવાવાળાને મરણ ચોક્કસ છે. મરેલાને જન્મવું તે ચોક્કસ નથી. જેમકે-મોક્ષ પામેલને જન્મ નથી; જન્મેલાને મૃત્યુ તે ચોક્કસ જ છે. મરણ નક્કી જાણીએ છતાં દવા-દાકતરમાં ઉદ્યમ થાય, પણ વોસિરે કરવાનો વખત આવે છે? રાજીનામું આપવાનો વખત આવે છે?

ત્યાગ કરીને નીકળ્યો, તે રાજીનામું દઈ નીકળ્યો. આડા પગે કાઢે, ઊભા પગે ન નીકળાય. આડા પગે નીકળાય. આમ બન્યા કરે-તેમ બને તો બાળકની ધૂળની રમત અને આપણી સ્થિતિ તેમાં ફરક શો? બાળકે ધૂળની રમતમાં પડતાં અભ્યાસ ખોયો, માબાપે માર માર્યો, કપડાં મેલાં કર્યાં. તે ધૂળની રમતમાંથી શું લાવ્યો? લુગડાં-શરીર મેલાં કર્યાં અને શિક્ષકનો માર ઊભો કર્યો, એ કે બીજું કાંઈ? તેમ અહીં આપણે શું ઊભું કર્યું?

મેળવ્યું તે મૂકીને જ જવાનું છે.

દુનિયમાં મેળવો છો તે મૂકવા માટે, મેળવીને મૂકવાનું છે. એવી કઈ ચીજ છે કે જે મેળવ્યા પછી મૂકવી પડે? કંચન. અબજો પાઉન્ડ મેળવો, તો પણ જતી વખતે મૂકી દેવાના! સેંકડો સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં, છતાં મરતી વખતે મૂકી દેવાની! યાદવો પેઠે કરોડોનું કુટુમ્બ હોય, તો પણ મરતી વખતે મૂકી દેવાનું! હાથી જેવડું મોટું શરીર હોય તો પણ મરતી વખતે તે મૂકી દેવાનું!

કુટુમ્બાદિક કે–જે જિંદગીની મહેનતે મેળવાય છે, તે ચીજો અંતે મૂકી દેવાની. એટલે શું થયું? **જિંદગીની મહેનત ને અંતે સરવાળામાં શૂન્ય!** તમારી જિંદગીનો હિસાબ કરો. સરવાળામાં શુન્ય આવે. કારણ? સરવાળે શૂન્ય આવવાનું કારણ એક જ કે–આપણે રખડતી પ્રજા. અને ચીજ મેળવી નિકાસના પ્રતિબંધવાળી, આપણે એટલે ભટકતી રખડતી પ્રજા. લુવારિયા જેવી રખડતી પ્રજા જેવા આપણે છીએ. લુવારીયા પાંચ દહાડા અહીં, પાંચ દહાડા તહીં. સ્થિર રહેવાવાળી જાત નહીં.

આ આત્મા પણ ભટકતી ચીજ. પહેલે ભવે કયાં હતા? તે પહેલાં કયાં હતા? આવતે ભવે કયાં જઈશું? ભવોભવ જુદે જુદે સ્થાને ભટકવાવાળા, એથી આપણેય ભટકતી જાત. લુવારીયા ભટકતી જાત ખરી પણ તેમાં એક વસ્તુ સારી છે કે–જ્યાં જાય ત્યાંથી મેળવેલી મિલકત સાથે લઈ જઈ શકે છે. તે કંચન, કામિની, કુટુમ્બ, કાયા સાથે લઈ જઈ શકે છે. માલને સાથે લઈને ભટકવાવાળી પ્રજા છે. જ્યારે આપણે માલ મૂકીને ભટકવાવાળી પ્રજા છીએ.

દરેક જન્મમાં આ જીવ, આહાર–શરીર–ઈન્દ્રિય ને વિષય એ ચારે વસ્તુ મેળવે. જાનવરના ભવમાં પણ મેળવે; પરંતુ તે ચારેય વસ્તુની નિકાસનો પ્રતિબંધ હોવાથી તે મેળવીને પાછો અહીં જ મૂકી દે અને ચાલતો થાય. આથી આપણે રખડાઉ પ્રજા. નિકાસના પ્રતિબંધવાળી ચીજ એકઠી કરે, તેની અક્કલ કેટલી? લુવારિયો પોતાની ચીજ

વેચીને તેવી નિકાસના પ્રતિબંધવાળી ચીજ ખરીદે તો ? મૂર્ખો ગણાય ને ? તેમ આપણા આત્મા માટે કદિ વિચાર કર્યો કે–આખી જિંદગી શા માટે પૂરી કરી ?

ભૂખરું માટીના થાંભલા

ચાર ચીજ એકઠી કરી, તે કેવી છે ? સાથે આવવાની છે ? પથ્થરના –લાકડાના, માટીના થાંભલા કરતાં ભૂખરું–રેતનો થાંભલો એવો કે શરદીની હવા લાગવા માત્રથી ખરવા માંડે. તેવી રીતે તું તે ચાર કેવાં ભેળાં કરે છે ? કેવળ ભૂખરું માટીના થાંભલા જેવા કે બીજું કાંઈ ?

તે માટે કહ્યું છે કે–'**द्रव्याणि तिष्ठन्ति गृहेषु०**' અબજો રૂપિયા ગમે તે રીતે ભેગા કર્યા તેમાં અનીતિ–અન્યાય ન ગણ્યા એ દ્રવ્ય ઉપર તમારો કેટલો પ્રેમ છે ? તેનું ટેમ્પરેચર લો. પછી દુનિયામાંથી નીકળો ત્યારે તે દ્રવ્ય ડગલું પણ સાથે આવે છે ? રેલમાં બે દિવસ ભેગા થયા હો તો ઉતરતી વખતે માણસ બારણા સુધી વળાવવા પણ આવે. આ દ્રવ્ય ડગલું પણવળાવવા આવે છે ? ધન પર તમારું ટેમ્પરેસુર તન્મય હતું. ન ગણે ભાઈ ભાંડું, ધર્મ–અન્યાયને ન ગણે એટલો બધો તમે જેના પર પ્રેમ રાખ્યો હતો, જેને માટે તમે આખો દિવસ માળા જપી હતી. રમા ....રમા....રમા કરેલ હતું. તેની માયામાં રામની માળા જપવાનો વખત પણ મેળવતો નહોતો. માત્ર રમા=લક્ષ્મી, રામા એટલે બાયડી તેનો જાપ, ૨૪ કલાક ચલાવ્યે રાખતો હતો, તે રમા આદિની શી સ્થિતિ છે ? તે સમજો. તમારે માટે તે ડગલું પણ સાથે ચાલવા તૈયાર નથી. અબજોનું દ્રવ્ય મૂકયું ત્યાં જ રહેવાનું,

હવે દ્રવ્યની આ વાત બાજુએ રાખીએ, અને ચેતનની વાત વિચારીએ. કારણ કે–વિચારવાળા માટે વર્તનની આશા રખાય. દ્રવ્ય તો જડ ચીજ છે....તેવા જડ માટે–'કેમ પાછળ વળાવવા કોઈ ન આવ્યું ?' તે વિચાર કરવાનો ન હોય; પરન્તુ ચેતનવાળા માટે તે વળાવાનો અવકાશ હોય. ધન જડ હોવાથી તેના માટે તે અવકાશનું

સ્થાન નથી, પરન્તુ સ્ત્રીઓ તો ચેતન છે ને? તે તો વિચારવાળી છે ને? છતાં મર્યા બાદ તે પણ કેમ વર્તે છે?

"**नार्यो विश्राममूमौ**" સેંકડો સ્ત્રીઓ હોય, પરંતુ પાછળ આવે માત્ર વિસામાની જમીન આવે ત્યાં સુધી! પછી ઘર તરફ વળી જાય! ન્હેડેવાળો કહે છે કે-મહારાજ, વાત ઠીક કરી. ઓછા પાત્રને અધિક કિંમતમાં ગોઠવીએ ત્યારે તેની કિંમત કંઇ વધી જાય? તેવી રીતે અહીં શાસ્ત્રકાર શું કહેવા માગે છે? પત્ની એટલે કરેલી સગાઈ તે જન્મસિદ્ધ સગાઈ નથી.

કોઈ જગ્યા પર બાપા,-બેટા, મા-દીકરા, કાકા-ભત્રીજાની સગાઇ થઈ તેમ સાંભળ્યું? ના. કેમ? તે તો જન્મસિદ્ધ સગાઈ છે. તે કરવી પડતી નથી' આ તો સગાઈ કરેલી છે; બનાવટી સગાઇ છે. કોઇની સાથે ગોઠવણ કરેલી સગાઈ છે. માટે તે વિશ્રામ ભૂમિ સુધી આવે, આગળ ન આવે, તેમાં નવાઈ નથી. તો ચાલો, ત્યારે કુટુમ્બ સાથે તો જન્મસિદ્ધ સગાઈ છે ને? છતાં **स्वजनाः स्मशाने**-કુટુમ્બીઓ મસાણ સુધી આવ્યાં! એ એમ કેમ? તો કે-તેને પણ એમ જ છે કે-હવે અમે અમારી જાણીએ, એ એની જાણે!

સ્વાર્થીલા સગા ઉપર શેઠની કથા.

એક શેઠ છે. રિદ્ધિ-સંપત્તિવાળા હોય, તેને આસપાસ માણસો વળગતા રહે. બાપ-ભાઈ-ભાંડુ! વગેરે સંપત્તિની સુગંધ હોય તો ભમરા પેઠે વળગે. એ શેઠે જોયું કે-'આ બધા તો એવા છે કે મારા વગર જીવે જ નહીં. મારું જીવન ટકાવવા પોતાનું જીવન આપે.' આવી ધૂનમાં શેઠ પોતાનું જીવન ચલાવે છે.

કોઈ વખત મુનિમહારાજાએ ધર્મદેશનામાં જણાવ્યું કે-**જગતમાં સર્વ જીવો સ્વાર્થપરાયણ જ છે.** આ સાંભળી શેઠે કહ્યું-'મહારાજ, આપ કહો છો, તેથી હા કહું છું; પરન્તુ મારું કુટુમ્બ તો મારા માટે પ્રાણ પાથરે એવું છે. મને કજારજા થાય તો એકે ન જીવે.' મહાત્મા કહે કે-'તમારી અપેક્ષાએ તમને એ વાત ખરી લાગે, પણ વસ્તુતાએ **सर्वे स्वार्थं समीहते**' તમામ સ્વાર્થની જ ઇચ્છા રાખે છે.

આમ બંને વચ્ચે ગડમથલ ચાલી. હવે નિવેડો શી રીતે લાવવો?

મહારાજે અને શેઠે બંનેએ નક્કી કર્યું કે–પરીક્ષા કરી નિવેડો લાવવો. એક દિવસ નક્કી કર્યો. શેઠ ઘેર ગયા ને સૂઈ ગયા. તે ઉઠયા જ નહીં. વાયુ રોકયો, એટલામાં ત્યાં મા આવી. રડી પડી અને કહેવા લાગી કે–'આના કરતાં હું મરી ગઈ હોત તો સારું થાત.' આ સાંભળીને શેઠ મનમાં વિચારે છે કે 'હું કહું છું એ બરું ને?' એવામાં ભાઈઓ આવ્યા. પોક મૂકીને બોલી ઉઠયા–'અહોહો!–ઘરનો આધાર ગયો.' ત્યાં તો પત્ની આવી પહોંચી અને કહેવા લાગી–'ઓ....ય! મારા જીવનસાથી! આપ મને મૂકી કયાં સિધાવી ગયા?'

એમ મા–બાપ–પત્ની–ભાઈઓ બધા આવ્યા. શેઠને થયું–'મહારાજ, મારું કહ્યું માનતા ન હતા, પણ જોઈ લો. આ તો માત્ર મારો ઢોંગ છે, છતાં ઢોંગના વખતમાં પણ આ બધાની આવી સ્થિતિ છે.' આમ વિચારી શેઠ પોતાના વિચારમાં મજબૂત થયા–પોતાની ધારણા બરી પડી એમ થયું. એવામાં પ્રથમથી કરી રાખેલા સંકેત પ્રમાણે મહાત્મા તે ઘર પાસેથી નીકળ્યા. સંબંધીઓને પૂછયું: 'શું છે?' કહ્યું કે–'શેઠ તમારે ત્યાં ઉપાશ્રયે આવતા હતા, તેમને એકાએક કંઈ થઈ ગયું! અવાચક્ થયા છે! બોલતા નથી.'

મહાત્મા કહે–હેં....(પોતે તો સંકેત જાણે છે.) ઉપાય કરીએ. કહીને લોટામાં પાણી મંગાવ્યું. દૂધ મંગાવ્યું. કાચના ગ્લાસમાં દૂધ–પાણી ભેગાં કરી એક પડીકી નાંખી. પોતે મંત્ર ભણવાનો ઢોંગ કર્યો. પછી પડીકું પાણીમાં નાંખે છે. જેમ મંત્ર ગણતા જાય, તેમ પાણીના રંગ જુદા જુદા થતા જાય છે. એવામાં અવાચક્ શેઠ લગીર હાલવા વાગ્યા. પછી મહારાજ કહે છે કે 'એક વાત છે. આ સંપૂર્ણ સાજો થાય કયારે? કે જ્યારે એને બદલે બીજા જવા તૈયાર થાય તો જ. બીજાનો ભોગ આપીએ તો શેઠ ઊભા થાય. શેઠને સાજા કરવાની ઇચ્છાવાળાએ મંત્રેલી આ દવા પીવા સાથે મરી જવું પડશે.'

હવે બીજાઓ કહેવા લાગ્યા :'ડોશીમા! તમે ઘરડાં થયાં છો, માટે તમે પી જાવ.'

ડોશીમા કહે–તો બીજા ચાર છોકરા છે. ભાઈઓને કહ્યું ત્યારે તેઓએ કહ્યું કે–'મા તો ઘરડાં થયાં છે, માટે તેને અડચણ નહીં, અમારી તો બૈરી રાંડે તેનું શું ?'

બાયડીને કહ્યું ત્યારે તેણે કહ્યું–'તે તો કાલે ઊભા થઈ બીજી પરણે, પણ મારા છોકરાનું શું થાય ?'

છોકરાને કહ્યું: ત્યારે હું મરું તો જીવનો જઉં, મર્યા પછી મારે શો સંબંધ ? હવે મુનિરાજ બેઠા, કહ્યું કે–'સહુ આમ કહેા છો ત્યાં શું કરવું ? કોઈ એક પણ પ્યાલો પીવા તૈયાર થઈને આવે તો બાકીનો રોગ ઉતારી દઉં.' કલાક થયો કોઈ આવતું નથી. મરવા માટે કોઈ તૈયાર નથી.

મુનિમહારાજ કહે છે કે " જો આવી ખબર હોત તો હું આ પ્રયોગ કરત નહીં. હવે શું કરવું? મેં તો એ ભરોસે આ મંત્રના જાપ જપવા શરૂ કર્યા હતા કે એને બચાવવા સારુ તમે મરવા માટે પડાપડી કરશો. પણ જુઓ છો ને ? તમે બાળવા માટે પડાપડી કરો તેમ છો કે મરવા માટે ? મારે તો એને બચાવીને જીવતો રાખવાનો હતો, પણ હવે શું થાય ? આ મંત્ર એવો છે કે-એના જાપ કર્યો એટલે ગમે તે કોઈ એકને તો એ પ્યાલો પીને મરવું જ પડશે." એમ કહી પાણી અધું કર્યું–હવે મારે પોતે જ મરવું પડશે."

આ સાંભળીને પેલા બધા કુટુંબીઓ કહેવા–લાગ્યા 'આહા.... હા ! મહારાજ ! આપ પરોપકારી છો, જગતના ઉપકાર માટે શરીર ધારણ કરનારા, આપ અમારા આધારસ્તંભ; મરીને અમને જીવાડો તેમાં નવાઈ શી ?' પેલા શેઠને સાધુએ પૂરેપૂરું દેખાડવું હતું. સાધુએ કહ્યું–' મારે તો આવી પડયું, હવે શું કરવું ? પણ હું કહું છું કે– એ પ્યાલો પીતી વખતે તેના ઓડકારની ગંધ પણ જો તમારી ઉપર પડશે, તો છ મહિના પછી તમે પણ એ દશામાં આવશો.'

આ સાંભળીને શેઠ પાસેથી બધા કુટુંબીઓ અંદર ચાલ્યા ગયા એટલે સાધુએ શેઠને કહ્યું: ઊઠો. શેઠ સાજા બની બહાર નીકળીને શરત પ્રમાણે દીક્ષા લેવા જાય છે, એટલે બાયડી આવી: કયાં જાવ છો ? એમ

વારાફરતી બધા આવ્યા. સાજા થયા એટલે સગાં થવા સહુ આવ્યાં. પણ શેઠ સમજી ગયા અને દીક્ષા લઈ પોતાની છેવટની જિંદગી સુધારી.

નિકાસના પ્રતિબંધ વગરની ચીજ કઈ?

જે કુટુમ્બ માટે જીવન ગુજારીએ છીએ, તે કુટુમ્બીજનો **'स्वजनाः स्मशाने'** મસાણ સુધી આવ્યા, પછી દૂર જઈ બેઠા છે. કેમ? ધન, સ્ત્રી, કુટુમ્બ એ સુખદુઃખની ભાગીદારીવાળા એ ત્રણ ન હતાં. જેના સુખ-દુઃખે આત્મા સુખી-દુઃખી, એવી ભાગીદારીવાળું કોઈ હોય તો માત્ર શરીર. શરીર સાથે સુખદુઃખની ભાગીદારી છે આથી **'देहश्चितायां'** કાયાએ વિચાર કર્યો કે 'હવે શું કરવું ?' નિરાધારપણામાં ધણીની પાછળ સ્ત્રી સતી થાય, એમ હવે શા માટે શરીર ધારણ કરવું ? એમ વિચારીને તેણે અગ્નિમાં ઝંપલાવ્યું.

હવે એ રીતે કાયા ચિતામાં બળી જાય, પણ આતમરામનું શું ? એ તો રહ્યો એકલો-હવે એનો કોણ આધાર ? આખી જિંદગી જેને પકડયાં હતાં, વધાર્યાં હતાં તે તો બધા આ દશામાં આવ્યા. આતમરામ જાણે છે કે નિકાસના પ્રતિબંધવાળા એ કંચનાદિ ચાર, જન્માતરમાં સાથે ન લઈ જઈ શકાય.

આવા તે ચારને જિંદગી સુધી ભેળવ્યાના સરવાળામાં શું આવે? આખી જિંદગીનું સરવૈયું કાઢીએ તો સરવાળામાં શું નીકળે ? માટે શાસ્ત્રકાર કહે છે કે 'હે....ભવ્યો, તમે સરવાળે શૂન્યની દુકાન કાઢી છે, તે કરતાં આગળ કામ લાગે તેવી ચીજ ભેગી કરો.' નિકાસનો પ્રતિબંધ ન હોય તેવી ચીજ માત્ર ધર્મ. ધર્મ એ એક ભવથી બીજા ભવ સુધી સાથે આવવાવાળી ચીજ છે. જોડે ને જોડે આવવાવાળી એવી ચીજ હોય તો માત્ર ધર્મ છે.'

એક વાત લક્ષ્યમાં લો. આપણું જીવન ઈન્દ્રિયો-જન્મ-ધનથી મળવાવાળું નથી ધન-સ્ત્રી-કુટુંબ અને કાયાના જોરે જીવન નથી મળતું. કેવળ ધર્મના=પૂણ્યના જોરે જ જીવન મળે છે. ધર્મ-પૂણ્ય તૂટે તો જીવન તૂટે. મનુષ્યજીવન જેવી શ્રેષ્ઠ ચીજ, પંચેન્દ્રિયપણું

તે બધું ધર્મના પ્રતાપથી મળે છે. દુનિયાની રીતિએ વિચારીએ કે જન્મ કોના હુકમથી? મા-બાપના હુકમથી મળવાવાળા છે? જીવ માને કે-આ સારી બાઈ છે તેને માતા કરું તો તે તેમ બને તેમ છે? જન્મ કોની હકુમતનો? કહો-નસીબની હકુમતનો-કર્મની હકુમતનો. કર્મ તેવા રીતનાં હતાં, ત્યારે જ જન્મ્યા. સર્વ ઉપર ધર્મની હકુમત ચાલે છે, જેની ઉપર નિકાશનો પ્રતિબંધ નથી.

જન્માંતરની બેંક

પરદેશમાં બેંક હોય-તેના ચલણ ઉપર આધાર હોય તો કોને અનુસરીએ? પરભવમાં સુંદર જન્મ, સારી સ્થિતિરૂપ પેઢી વસાવી આપનાર કોણ! કંચનાદિમાંથી કોઈ સાથે ઊભા રહેનાર નથી. સાથે ઊભા રહેનાર કેવળ એક જ ચીજ-ધર્મ. જેને પુણ્ય-નસીબ-કર્મ કહો. એ જ આપણી આવતા ભવની બેંક, જેમાંથી સુખ સમૃદ્ધિ મેળવી શકીએ. આવતા ભવમાં સુખસંપત્તિ દેનારી ચીજ ધર્મ. આવી રીતે ધર્મ ઘણો જ કિંમતી છે. એક પાવલીના પચ્ચીસ પૈસા તો પૈસા કરતાં પાવલી ઘણી કિંમતી.

તેમ એક જ ધર્મના પ્રતાપે મનુષ્યજીવન. એ જ ધર્મના પ્રતાપે પંચેન્દ્રિયની સંપૂર્ણતા-યશ-કીર્તિ-સંપત્તિ બધું આવે, તો કિંમતી કોણ? એક ધર્મથી અનેક કિંમતી ચીજ મળે છે તેથી વધારે કિંમતી ધર્મ છે. આથી જ ધર્મ તરફ આર્યો માત્રે લક્ષ્ય આપેલું છે. તેથી જ આર્યો, ધર્મી શબ્દથી રાજી થાય છે. આર્યોમાં ધર્મની પ્રીતિનો જન્મથી સંસ્કાર છે.

આવી રીતે ધર્મ શબ્દ ઉપર આખા જગતને પ્રીતિ છે અને પાપ શબ્દ ઉપર અપ્રીતિ છે. અને તેનું પરિણામ પણ કયાં આવ્યું? પોતાને ધર્મી ગણાવામાં પરિણામ આવ્યું છે. કુસંપ કરાવે તેવો ગણો તો લડવા તૈયાર થાય. વાતોના ગપાટા હાંકી કુસુંપના બીજ રોપો છો. ફલાણો આવો છે-તે બધા કુસંપના બીજ રોપો છો, છતાં કોઈ કહે કે-' તું લડાવી મારનાર છે, તો? તે લાલ પીળો થાય ને? કેમ થાય? બધાને સંપ કરાવનાર થવું ગમે છે. તેવો શબ્દ ગમે છે. તેમ

ધર્મી શબ્દ દરેકને ગમે છે, પણ ધર્મનાં કાર્યો કરવા તૈયાર નથી. તે ઉપર શ્રેણિક વખતે એક દાખલો બન્યો છે કે-

ધર્મ શબ્દનો પ્યાર દરેકને છે

શ્રેણિકની સભા ભરાઈ છે. તેમાં વાતો ચાલે છે કે કળજુગ હળાહળ આવી ગયો છે. દુનિયા પાપી-અધર્મી થઈ ગઈ છે. તેમ સભાજનો વાતો કરે છે. અભયકુમાર ત્યાં બેઠેલા છે. તે જુએ છે કે-'દુનિયા અધર્મી બની ગઈ છે' તેમ કહેવાવાળો તેવું લુચ્ચાઈથી કહે છે. અભયકુમાર સમજે છે કે-ઊંધીને ઉદાસીનપણે બેઠેલા પતિને પત્નીએ પૂછયું, "કેમ, આજે ઉદાસીન છો?"

પતિ કહે-"હું સ્વપ્નમાં રાંડ્યો. તેથી દિલગીર થયો છું"

બાઈ ચકોર હતી, બાઈ કહે છે "ખમ્મા....તમને, તમે શું કરવા રાંડો, હું જ ન રાંડું?" તેનો શો અર્થ?

તેવી રીતે આ સભા કહેવા માંગે છે, પણ 'હું અધર્મી' એમ કોઈ ધારતો નથી છતાં આવું બોલવામાં બીજાને અધર્મી બનાવવાનો હેતુ છે, માટે દુનિયામાં કળજુગ આવ્યો છે. સિવાય એવું બોલનાર તું જ પાપ=અધર્મ છોડવા તૈયાર થયો? નહીં. કેમ? પોતાને ગણાવું છે ધર્મીમાં, પણ ધર્મ કરવો નથી. ધર્મમાં રાચવું નથી ને ધર્મી ગણાવું છે."

આમ સમજીને અભયકુમાર, પેલા વાતોડીયાને કહે છે કે-"તમારા ધ્યાનમાં એમ આવે છે, પણ મારા ધ્યાનમાં બીજું આવે છે. હું તો દુનિયામાં ધર્મી વધારે દેખું છું." સભા અભયકુમારને તરછોડતી નથી પણ તેની વાત માનતી નથી. અભયે વિચાર્યું- **यदि इच्छेत् विपुलां प्रीतिं तत् त्रीणि न कारयेत्।'**

જે મનુષ્ય સાથે પ્રીતિ થઈ હોય તે ટકાવવી હોય-જીવન સુધી તેને નિભાવવી હોય તો ત્રણ વાનાં ન કરવાં. તેની સાથે (૧) વિવાદ ન કરવો-તેની સાથે ચર્ચામાં ન ઉતરવું. પ્રીતિ રાખવી હોય તો વિવાદમાં ન ઊતરવું. (૨) પ્રીતિ રાખવી હોય તો કોઈ પણ દિવસ

પૈસાની લેવડદેવડ ન કરવી. ૨૫ રૂ. લેતી વખતે ગુલામ થઈને રહે, આપ્યા પછી તમારા ઘરનું બારણું ન જુવે. (૩) ઉઘરાણી કરો તો, તે વખતે પોતે દેણદાર હાજર ન હોય, ત્યારે તેની પત્ની સાથે ઊભા ન રહેવું.

એટલે અભયકુમારે વિવાદ હમણાં છોડયો. નિર્ણયનું સ્થાન અહીં કયું ? ધર્મી વધારે કે અધર્મી ? તેની કસોટી ન હોય. સભામાં તે વાત પડતી મૂકી. અભયકુમાર તો ચાર બુદ્ધિના નિધાન છે. તેમણે ચાર મહિના જવા દીધા. પ્રસંગ આવ્યો ત્યારે મહોત્સવ વખતે નગર બહાર ઉદ્યાનમાં એક બંગલો ધોળો અને એક બંગલો કાળો કરાવ્યો. અને ડાંડી પીટાવી કે–' કાલે ઊજાણીમાં દરેકે આવવું. ધર્મીએ ધોળા મહેલમાં અને અધર્મીએ કાળા મહેલમાં ઊજાણી કરવા જવાનું છે.'

વળતે દિવસે બધાએ ધોળા મહેલમાં જ ધામા નાંખ્યા! પાછળ ભાયાતો, સામંતો વગેરે લઇને અભયકુમાર ધોળા મહેલની બહાર ઊભા રહ્યા. અભયકુમારને દુનિયાને બતાવવું છે કે–**માનવીને ધર્મ શબ્દ તરફ પ્યાર છે, ધર્મવસ્તુ તરફ પ્યાર નથી.** ' પહેલો એક ખેડૂત આવ્યો, તેને પૂછયું કે–તું અહીં ધોળા મહેલમાં કેમ આવ્યો ?

ખેડૂતે કહ્યું–અનાજ પેદા કરું છું, તે ધર્મ ન કરું તો દુનિયા મરી જાય, મારી ખેતીથી આ બધા જીવે છે, માટે હું ધર્મી છું. તેથી આ મહેલમાં આવ્યો છું.

પછી મચ્છીમાર નીકળ્યો. તેને અભયકુમારે પૂછયું. તેણે કહ્યું કે– જગતમાં જેટલા માંસ મચ્છી ખાવા માટે ટેવાયલા છે, તેઓનાં જીવન હું નિભાવું છું.

ચોર આવ્યો. તેને કહ્યું કે–અલ્યા, તું તો કાલે બંદીખાનામાંથી છૂટયો ને આજે અહીં કયાંથી પેસી ગયો ?

ચોર કહે–સાંભળો ! હું લાખો જનોની આજીવિકા કરાવનારો છું. અમારી જાત કેદ–ફાંસી વેઠે છે. આખી દુનિયામાં ચકોરાઈ અમારા લીધે છે. અમે ન હોઈએ તો કોઈ ચકોરાઈ ન રાખે. એટલું નહીં પણ લુહાર–સુથાર–ચોકીદારોને રોજી મળે તે અમારા પ્રતાપે જ. અમે ન હોઇએ તો તાળાં, કુંચી, તિજોરી ચોકીદારોની શી જરૂર ? આટલાં દુઃખ વેઠીને ધંધો કરીએ તો બધા પોસાય છે.

એમ અભયકુમારે એકે એકને પૂછયું. ત્યારે લુચ્ચા અને લફંગાએ બધાએ આવા કિસ્સા કાઢી પોતાની જાતને ધર્મીપણામાં ખપાવી! ચાહે તેવી ક્રિયા કરી તેના ઉપર ધર્મનો ઓપ ચઢાવ્યો, તો સમજવું, કે–ધર્મ શબ્દના જ પ્યારમાં જવાયું છે, પદાર્થના પ્યારમાં જવાયું નથી. ખરેખર ધર્મપદાર્થની ઇચ્છા હોય તો બુદ્ધિને જોર આપી–ધર્મને કસીને પકડો. બારીક બુદ્ધિ રાખી ધર્મ તપાસવો જોઈએ, નહીંતર બુદ્ધિ ધર્મની રહેશે અને ધર્મનો નાશ થશે.

બુદ્ધિ ધર્મની છતાં ધર્મનો નાશ

રાજા છે–રસ્તામાં ચાલ્યો જાય છે. તદ્દન ગરીબ માણસ જાનવરના મોઢામાં ફસાયેા છે. રાજા તેને છોડાવે છે. હવે પેલો વિચાર કરે છે કે–"રાજાએ મારા ઉપર ઉપકાર કર્યો છે. ઉપકાર બાઈ જવો તે તો જાનવર પણ ન કરે. કૂતરું જેનો રોટલો બાય તેને કરડતું નથી. પગથી બસેડે તો પણ તેને કરડતું નથી. કૂતરું પણ ઉપકારને સમજે છે, તો હું તો મનુષ્યજાત, ઉપકાર ન સમજું તો પશુથી ગયો, માટે હું ગરીબ માણસ રાજાનો શી રીતે બદલો વાળું ? જો રાજા રાજગાદીથી ભ્રષ્ટ થઈ જાય, દરિદ્રી થઈ જાય તો બદલો વળે તેમ છે; માટે રાજા દરિદ્ર થઈ જાય તો ઠીક થાય, ને હું રાજાને બચાવી લઉં. જો આમ થાય તો હું મારો ઉપકાર વાળી દઉં."

ઉપકારનો બદલો વાળવાની બુદ્ધિ જોઈ! રાજા ગાદીથી છૂટો થાય–મૂર્ખતાને લીધે અપકારમાં ધકેલવાની બુદ્ધિ થઈ ! તેવી રીતે અહીં બારીક બુદ્ધિએ ધર્મ જોવામાં ન આવે તો ધર્મબુદ્ધિ છતાં ધર્મનો નાશ થાય.

આટલા માટે હરિભદ્રસૂરિજી કહે છે કે–ધર્મ આર્યોનું જીવન છે. પણ ધર્મને સૂક્ષ્મબુદ્ધિએ ઓળખવાની–તપાસવાની–પરીક્ષા કરવાની દરેક આર્યોની ફરજ છે. ધર્મને કાંઈ ચોછો જ ચાખી જોવાય છે? અડયાથી–ચાખ્યાથી –સુંઘ્યાથી રૂપ શબ્દથી ધર્મની પરીક્ષા થવાની નથી. દુનિયામાં બુદ્ધિની પરીક્ષા શાથી કરાય છે? રૂપાદિથી તેની પરીક્ષા થતી નથી, પણ **વિચાર–અક્કલ–વિવેકથી બુદ્ધિની પરીક્ષા થાય છે**, તેમ ધર્મની ઇન્દ્રિયથી પરીક્ષા ન થાય. તેવો ધર્મ છતાં અક્કલથી સૂક્ષ્મ–બારીક બુદ્ધિથી તેની પરીક્ષા થાય છે. હવે કેવી રીતે ધર્મની પરીક્ષા થાય, તે અગ્રે—

મનુષ્ય ભવની સફળતા

દેશના ૩૪

[૨૦૦૦ પોષ વદી ૧૦ વડોદરા-દેરાપોળ]

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति।
दुःखनिमित्तपीदं तेन सुलब्धं भवति जन्म ॥

વસ્તુના માલિક છતાં વ્યવસ્થા કરવાનો હક્ક ક્યારે મળે ?

શાસ્ત્રકાર મહારાજા-ભાષ્યકર ઉમાસ્વાતિ મહારાજ, ધર્મોપદેશ આપતાં પ્રથમ ભવ્ય જીવોને જણાવે છે કે-મહાનુભાવ ! મળેલી ચીજની કિંમત કરતાં તો શીખ ! વસ્તુ મળવી મુશ્કેલ છતાં મુશ્કેલીના કારણને - તેના સદુપયોગને - તેનાં ફળને - તેના દુરુપયોગને - તેનાં નુકસાનને ન સમજે તો તેને, તે ચીજની વ્યવસ્થા કરવાનો હક્ક માલિકી છતાં મળતો નથી. સગીરોની મિલકતની વ્યવસ્થાનો હક્ક-માલિકી-કબજો છતાં વહીવટ કરવાને હક્ક સગીરોનો મળતો નથી. મિલકતનો માલિક સગીર, છતાં વહીવટ કરવાનો હક્ક સગીરને ન મળે. તેની પાસેથી મિલકત વેચાતી લો. તે ઘર લખી આપે તો કોર્ટ કાઢી નાંખે. એકનોએક છોકરો હોય, ઘરમાં રહેતો હોય-તમને મિલકત આપે તો ! વ્યવસ્થા કરવાનો સગીરને હક્ક નથી. કેમ નહીં ? માલિકી મળી ગઈ છતાં, કબજો મળી ગયા છતાં કેમ હક્ક નહીં ! પ્રથમ પ્રયત્ન માલિકી માટે થાય. જગતમાં માલિકી-કબજો મેળવાય, આ માલિકી-કબજો સગીરને તો જન્મસિદ્ધ છે, છતાં તે સગીરની કરેલી વ્યવસ્થા કોઇને કબૂલ નથી. સગીર, મકાનનો માલિક છતાં તે મકાનને વેચાતું કે ભાડે પણ આપી ન શકે, કારણ એક જ. મળેલી ચીજની દુર્લભતા. મળેલી ચીજના સદુપયોગના ફાયદા, દુરુપયોગના ગેરફાયદા તે સગીર સમજતો નથી. તેની દુર્લભતા તે ન સમજે, તો માલિકી અને કબજો છતાં, વ્યવસ્થા-વહીવટ કરવાનો હક્ક તેને મળતો નથી.

આ વાત દુનિયાદારીને ઓળખનારાને નવેસરથી સમજાવવાની હોતી નથી. આ વાત સિદ્ધ થયેલી ચીજ છે, પરંતુ તે વાત આપણા માટે વિચારો. આ તમારો મનુષ્ય જન્મ તમારી માલિકીનો–તમારા પોતાના કબજાનો, તેનો બીજો કોઈ માલિક નથી. તમારા મનુષ્ય–જન્મનો કબજો તમારા હાથમાં જ છે, છતાં તે ભવની વ્યવસ્થા કરવાનો હક્ક તમને મળતો નથી. અને જે કંઈ વ્યવસ્થા કરો તે કાયદા બહાર. તેવી રીતે મનુષ્યભવ તમારી માલિકીનો, તમારા કબજાનો પરંતુ વ્યવસ્થા કરવા માટે તમે લાયક થયા નથી.

મનુષ્યભવની મુશ્કેલીને તમે સમજ્યા છો ? જે મનુષ્ય, મિલકતની કિંમત, તેની મુશ્કેલી ન સમજે તો તેને વ્યવસ્થા કરવાનો હક્ક શો ? તેવી રીતે મનુષ્યભવની મુશ્કેલી આપણે સમજીએ નહીં ત્યાં સુધી મનુષ્યભવના ભલે આપણે માલિક છીએ છતાં વ્યવસ્થા કરવાનો હક્ક આપણને મળે નહીં.

સર્વભક્ષક કાળ

સર્વ દર્શનકારો–ધર્મકારો એ વાત નક્કી કરે છે કે ૮૪ લાખ જીવયોનિમાં ભમતાં ભમતાં મનુષ્યભવ પામવો મુશ્કેલ છે, તેમ દરેક કહે છે! પરંતુ કયા રૂપે મુશ્કેલ છે, તેનો વિચાર ઓછા દર્શનવાળાએ કર્યો છે ? કારણ એક જ. જગતમાં બે વસ્તુ હંમેશાં ટકે. કાં તો સર્વ શક્તિમતા, કાંતો સર્વ ભક્તિમતા. વચલો માર્ગ હંમેશાં ટકતો નથી. વચલામાં ચડ ઉતર હોય. સર્વ શક્તિમતામાં ચડવાનું ન રહ્યું. સર્વ ભક્તિમતામાં ઉતરવાનું ન રહ્યું.

જીવનને અંગે વિચારીએ. બે સ્થાન નિત્યસર્વથા ઊંચું કે સર્વથા નીચું. જેઓને સંપૂર્ણ ગુણો ઉત્પન્ન થયેલા છે, આજથી અનંતા કાળ પહેલાં જેમને કેવળ થયું છે–વર્તમાનમાં થાય છે ને થશે, તે બધાનું સ્વરૂપ એક જ સરખું. કાળ આખા જગતનો કોળિયો કરે છે. કાળ કોળિયો ન કરે તેવી ચીજ જ જગતમાં નથી. કાળ એવી ચીજ છે કે–તે સર્વને ખાઈ જાય છે. કાળના મુખમાંથી કોઈ નીકળી શકતું નથી. આખા જગતને કાળ કોળિયો કરે છે. કાળનો

કેાળિયેા કરનાર કેાઈ હેાય તેા તે સિદ્ધ પરમાત્મા. ગમે તેટલેા અનંતેા કાળ જાય તેા પણ, અનંતા કાળચક્રો જાય તેા પણ, તેમના ગુણમાં રજ માત્ર પણ અધિકન્યૂનપણું ન થાય. આપણી જિંદગીમાં આપણે જન્મ્યા ત્યારે ચાંદેા ને સૂરજ જેવા હતા તેવા જ યુવાન કે વૃદ્ધાવસ્થામાં આજે છે-એક જ સરખા ચંદ્ર-સૂર્ય-એવા ને એવા જ.

સિદ્ધો ઉપર કાળની અસર નથી

આપણી જિંદગીની અપેક્ષાએ સૂર્ય-ચંદ્રમાં ફરક નથી. તેમ જ્ઞાની-કેવળજ્ઞાનીઓની અપેક્ષાએ સર્વકાળે કેવળજ્ઞાની-સિદ્ધોનું સ્વરૂપ એક સરખું જ રહે. આપણી જિંદગીની અપેક્ષાએ કશેા જ ફરક નહીં. તેવી રીતે સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ ગમે તેા ઉત્સર્પિણીમાં દેખેા પણ બધા કાળે સરખું. તેની ઉપર કાળ અસર કરતેા નથી. ચંદ્રસૂર્યમાં પૂર્વ પશ્ચિમ મધ્યગામી તેવી અવસ્થા ફરે છે. તેજમાં-બિંબમાં ભલે ફરક ન હેાય, પણ સંજોગમાં ફરક છે. સિદ્ધ પરમાત્માને અંગે અનંતેા કાળ જાય તેા પણ સ્વરૂપ, ક્ષેત્ર કે કશામાં ફરક ન પડે. તેથી કાળની અસર સિદ્ધો ઉપર નથી.

જેવી રીતે પરમાત્મા સર્વોત્કૃષ્ટ સ્થિતિવાળા છે તેવી જ રીતે સૂક્ષ્મ નિગેાદની અવસ્થા સર્વથી ઓછી. સર્વથી હલકી અવસ્થા નિગેાદની. એક જ એવું સ્થાન કે જેની અંદર અનંતી ઉત્સર્પિણી સુધી એક સરખી સ્થિતિ હેાય તેા તે સિદ્ધિસ્થાન કે નિગેાદ છે. સર્વ શક્તિવાળા સિદ્ધ મહારાજનું સ્થાન ને બીજું નિગેાદનું સ્થાન નિત્ય છે. આપણે સર્વ શક્તિવાળા તેા બનેલા નથી. જન્મ, જરા, મરણ, રેાગ, શેાકના સપાટામાં આપણે છીએ. સિદ્ધ થએલા આત્માઓ જન્મના, મરણાદિના સપાટામાં આવતા નથી. એ જ પુરાવેા છે કે-હજુ આપણે સર્વ શક્તિવાળા થયા નથી. ત્યારે હવે નિત્ય અવસ્થા કઈ બાકી રહી ? માત્ર નિગેાદની જ.

અનંતાની ભાગીદારીવાળું નિગોદનું શરીર

નિગેાદ શબ્દ આપણે જાણીએ છીએ, બેાલીએ-માનીએ છીએ,

માત્ર ઊંડા ઉતરવાને અંગે ઢીલ કરીએ છીએ. દુનિયામાં બધી ભાગીદારી હોય; મકાનની, માલિકની, આબરુની પણ ભાગીદારી કુટુમ્બમાં હોય; પરંતુ કોઈ પણ જગ્યા પર શરીર-શ્વાસની ભાગીદારી હોય છે? શરીર બધાનાં સ્વતંત્ર. શરીર ભાગીદારીની ચીજ નથી. શ્વાસ સ્વતંત્ર ચીજ. જગત તરફ જ્યારે આપણી દૃષ્ટિ ફેરવીએ, ત્યારે શરીર શ્વાસ સ્વતંત્ર ખબર પડશે; પણ નિગોદમાં એક શરીર નાનું, આંગળાનાં અસંખ્યાતમા ભાગ જેવડું, દેખી ન શકાય તેવું તે પણ અનંતા જીવોની ભાગીદારીવાળું!

નિગોદનાં સ્વરૂપ તરફ દૃષ્ટિ નાંખો. અનંતા જીવોની ભાગીદારીવાળું શરીર. જીવવિચારમાં સાધારણ શબ્દ વાપરો છો. કાયા અનંતાની એક. સાધારણ ખોરાક, શ્વાસ અનંતાનો સહિયારો. આવા આપણે પહેલાં હતા. જગતના દરેક જીવો પહેલાં આવા હતા જ. કોઈક ભવિતવ્યતાનો જોગ થયો, કોઈક આત્માનો તેવો સ્વભાવ ઉલસ્યો, પલળ્યો, ભવિતવ્યતાએ મદદ કરી, ત્યારે આપણો આત્મા આગળ વધ્યો.

કિંમતી વસ્તુનો ઉગયેાગ ગમે તેમ ન કરાય?

જીવની ઉત્ક્રાંતિનો વિચાર કરો, જીવની મૂળ દશા વિચારો અને પછી તમારી ઉત્ક્રાંતિનો વિચાર કરો. તે વિચાર ન કરો ત્યાં સુધી મનુષ્ય ભવની વ્યવસ્થા કરવાનો હુકક નથી. એ વિચાર કરે ત્યારે જ તમે મનુષ્યભવની વ્યવસ્થા કરવાના હક્કદાર થાવ છો. એટલા માટે જ જણાવ્યું કે-આ મનુષ્યજન્મ, કેવો દુર્લભ છે? એ અનંતા જીવો એક કાયાના ભાગીદાર હતા. એ ભાગીદારોમાંથી માત્ર એકાદ આગળ આવ્યો. કેટલી મુશ્કેલી?

એક હોડીમાં હજાર બેઠા. હોડી ડૂબી. તેમાં ૯૯૯ ડૂબે ને આપણે એક બચ્યા, તો આપણને આપણે કેટલા ભાગ્યશાળી ગણીએ? ૧૦ હજારમાં એક બચે-લાખમાં એક બચે, બાકીના ડૂબે! બધાં ડૂબે અને એક બચે તો તે કેટલો બધો ભાગ્યશાળી? આપણે તેને કેટલો બધો ભાગ્યશાળી માનીએ?

તો આપણે અનંતામાંથી એકલા બહાર નીકળ્યા. વ્યવહાર નિગોદમાં આવ્યા. ત્યાં પણ શરીર એનું એ; માત્ર થોડોક જ ફરક. ભાગીદારી

અનંતાની; શરીર–શ્વાસ ભાગીદારીવાળો; ફરક માત્ર પેલું શરીર દેખાય નહીં તેવું સૂક્ષ્મ હતું, જ્યારે આ દેખાય એવું બાદર શરીર. જે કાયા ન દેખાય તેવી હતી તે હવે દેખાવા લાગી.

એમ કરતાં આત્મા આગળ વધ્યો, તે સ્થાવરમાં આવ્યો, એટલે એક જીવને શરીર, શ્વાસ વગેરે સ્વતંત્ર. તે પૃથ્વી, અપ્, તેઉ વગેરે કાયાવાળા બાદર પૃથ્વીકાય દેખાય તેવા; પરંતુ તેને રસની ગતાગમ નથી, માત્ર સ્પર્શ જાણી શકે.

તેમાંથી પૂણ્યાઈ વધી. બેઇન્દ્રિયવાળો થયો. એટલે સ્વતંત્ર શરીર દેખાય તેવું અને વધારેમાં સ્પર્શ, રસ જાણવાની તાકાતવાળો થયો. તેથી વધે ત્યારે તેઇન્દ્રી, ચઉરિન્દ્રી, પછી પંચેન્દ્રિય. તેમાં પણ આગળ વધ્યા ત્યારે વિચાર કરવાની તાકાત સહેજે મળી ગઈ! ઉપદેશ–પ્રેરણા નહીં. ત્યારે આપણે મનુષ્ય જન્મમાં આવ્યા. જીવનની સાધનસામગ્રીવાળા થયા.

હવે ઉત્ક્રાન્તિવાદની અપેક્ષાએ વિચારીએ તો કેટલી મુશ્કેલીએ આપણને આ શરીર મળ્યું? કેટલા વમળોમાંથી પસાર થઈ નીકળ્યા? આટલા વમળોમાંથી નીકળ્યા ત્યારે તમે મનુષ્યભવમાં આવવા પામ્યા છો. હવે તેનો સદ્ઉપયોગ કર્યો? કિંમતી પદાર્થ, તેનો ગમે તેવો ઉપયોગ ન હોય. તેનો ઉપયોગ યોગ્ય હોવો જોઈએ. આવી દુર્લભતાથી આ મનુષ્યભવ મળ્યો, હવે મનુષ્ય ભવનો સદ્ઉપયોગ કર્યો?

મહાનુભાવ! ચંદ્રહાસ તલવાર લઈ ઘાસ કાપે ને કહે કે–મેં આ તલવારનો કેવો ઉપયોગ કર્યો? તો આપણે તેને હસીએ. કારણ? તેવી તલવારનો ઉપયોગ ઘાસ કાપવા માટે ન હોય. તેમાં તો ચપ્પુ કે દાતરડું બસ છે. તેમ સ્પર્શેંદ્રિયનાં સુખો, રસનાના ખાવાપીવાના, બેશઆરામના સુખ મેળવીએ ને મનુષ્યભવ સફળ થયો ગણીએ તે મનુષ્યભવની સફળતા નથી. તે ગણાતી સફળતા તો તલવારથી તરણું કાપવા જેવી સફળતા છે. ઇન્દ્રિયોના વિષયને લીધે મનુષ્યભવની સફળતા ગણતા હો તો વિધાતાને શાપ દેશો કે–નખોદ જજો તારું કે તેં મને મનુષ્ય બનાવ્યો. તેનું કારણ સમજો.

મનુષ્યભવ એટલે મોંઘવારીનો ખાડો, ચીજને મોંઘેરી બનાવનાર, ઘોડા–બળદ–કૂતરા–બિલાડા એ બધા સ્પર્શના સુખને અનુભવે છે. સ્ત્રી–પુરુષના સમાગમના સુખ અનુભવે છે. તેમને તે મોંઘા નથી, તમારે મોંઘા છે. તમો જવાબદારી ઉઠાવો તો સ્ત્રીસુખ ભોગવી શકો. જૈનનાં કુળમાં ઉપજેલો દીક્ષામાં અજાણ્યો નથી.

સાધુ ગોચરીએ આવે તો તે વખતે બાલિકાઓ ખસી જાય છે. તદ્દન નાની હોય ત્યારથી જ જૈનની બાલિકાઓ આ સમજે છે. સાધ્વી ગોચરીએ આવેલ હોય ત્યારે નાના છોકરા પણ ખસી જાય. તે જાણે છે કે તેમને અડકાય નહીં. સાધુપણાની મૂળ જડનો જૈન બાળકોને ખ્યાલ હોય છે. સાધુ મહરાજ ગાડીમાં ન બેસે, સાધુપણાની મર્યાદા જૈન બાળક પણ સમજે છે, પણ તમે લગ્ન કર્યાં, લગ્ન કર્યાંને આટલી બધી મુદત વીતી ગઈ તો પણ હજી સુધી લગ્નમાં સમજ્યા છો?

લગ્નની જવાબદારી

લગ્નની જવાબદારી સમજ્યા નથી. તે એટલી બધી કરડી છે–કે કાળજાં કકડાવે, દુનિયાદારીની સ્થિતિએ કહું છું. દેવાદાર મનુષ્ય થાય તો ચોપડા મોકલાવી આપે, ને ઈન્સોલવંસીમાં જવાથી છૂટી જવાય. પણ સ્ત્રીના લેણાથી છૂટાતું નથી. મહિને....મહિને ભરણપોષણ તમારે આપવું જ જોઈએ, ન આપો તો મહિને મહિને કેદ ને હુકમનામું. તેથી જિંદગીના છેડા સુધી જવાબદારી છે, પરણેલાએ આ જવાબદારી ખ્યાલમાં લીધી? તમારામાંથી આ જવાબદારી કેટલાએ વિચારી?

એ સ્ત્રી ૧૦૦)રૂ. કમાય તો પણ તમારી પાસે ભરણ પોષણ જુદું જ માગે. તેમાંથી તમારી જવાબદારી ન ખસે. તે બજાવવામાં ભૂલ થાય તો! સંતાન હોય તો બેનાં ભરણપોષણનો દાવો તમારે અદા કરવો જોઇએ. તેમાં લેણા ન રખાય!....ત્રણ કે પાંચ વરસની તેમાં મુદત જ નહીં. તેટલી જવાબદારી લગ્નની છે. પણ તે વિચારી નથી. કહો.... જાનવરને આમાંની એકે જવાબદારી છે? તો તો પછી આ મનુષ્યપણાની મોંકાણ જ ને? જાનવરપણામાં આ વિષય મોંઘા ન હતા, તો મનુષ્યપણું મેળવીને શું ફાવ્યા? એવી જ રીતે રસના–ઈન્દ્રિયોમાં કીડી–મંકોડી–

માખીઓ પેટભર મીઠાઈઓ ખાઈ લે, તમે કોઈકની દુકાનેથી તે રીતે લઈ ને ખાવ તો ખરા ! બટકું તો લઈ જુઓ ! સજા થાય.

મનુષ્યપણામાં રસનો વિષય મોંઘો પડ્યો. તેવી રીતે ઘ્રાણ ઇન્દ્રિયને અંગે. રાજાના બગીચામાં ભમરાઓ–માખીઓને કોઈ રોકટોક ન કરે, તમો જાવ તો તરત સિપાઇ રોકે. મનુષ્ય થયા તો તમને રોકટોક છે ને? ભમરા–માખીઓને રોકટોક છે? ઘ્રાણને અંગે તેવી રીતે ચક્ષુ–શ્રોત્રને અંગે તિર્યંચોને રોકટોક નહીં. આપણને એકપણ વસ્તુ મોંઘવારી–જવાબદારી–જોખમદારી વગરની નહીં, તો આપણે મનુષ્યપણું મેળવીને કર્યું શું ?

ઇન્દ્રિયોની જો વિષયના ઉપયોગ તરીકે સફળતા ગણો તો જાનવરપણું સારું. તે માટે ઉમાસ્વાતિજી વાચક કહે છે કે–મનુષ્યપણાનો સદુપયોગ ત્યારે જ કહેવાય કે–

(૧) પ્રાપ્ત કરવા લાયક ચીજ મેળવવાનો નિશ્ચય કરવો.

(૨) પ્રાપ્ત કરવા લાયક ચીજને સિદ્ધ કરવાનાં સાધનો મેળવવાં અને

(૩) મળેલાં સાધનોની સફળતા કરવી.

આ ત્રણ ચીજ કરી શકો તો મનુષ્ય ભવની સફળતા. તે શબ્દો પ્રચલિત લાવીએ તો સમ્યગ્ દર્શન, જ્ઞાન ને ચારિત્ર. તે જ પ્રાપ્ત કરવા લાયક ચીજનો નિશ્ચય. તે જ મેળવવું છે; તે સિવાય બીજું નહીં, એ જ નિશ્ચય. આ સિવાય બીજું નહીં. સર્વ કર્મનો ક્ષય કરી, શુદ્ધ **સ્વરૂપ** દશા પ્રગટ કરવી તે સિવાય બીજું નહીં. આ સ્થિતિ આવે તે જ **સમ્યગ્દર્શન**. આશ્રવ છોડવો, સંવર નિર્જરા આદરવી, એમ જે જાણમાં આવે તે **સમ્યગ્જ્ઞાન** અને તે આદરાય તે **ચારિત્ર**. આ સમ્યગ્દર્શનાદિ રૂઢિથી બોલાય તે આ જ છે. નિશ્ચય, સાધન અને તેની સફળતા–આ ત્રણ વસ્તુ મેળવવા માટે મનુષ્યભવનો ઉપયોગ કરી શકીએ તો મનુષ્યભવ સફળ કરી શકીએ. આ ત્રણ ચીજ દેવતા, નારકી, તિર્યંચો ન મેળવી શકે. મનુષ્ય સિવાય આ ત્રણ ચીજ કોઇ ન મેળવી શકે. હવે આ ત્રણ ચીજ કેવી રીતે મળે છે તે **અગ્રે–**

મનુષ્યગતિ જ માત્ર મોક્ષની નિસરણી

દેશના ૩૫

[૨૦૦૦ પોષ વદી ૧૧ દેરાપોળ-વડોદરા]

શાસ્ત્રકાર મહારાજ ભગવાન ઉમાસ્વાતિજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે-મનુષ્યભવ, એ આપણા હાથમાં આવેલી વસ્તુ છે કે જેના આપણે માલિક છીએ, જેનો આપણે કબજો ધરાવીએ છીએ. પરંતુ માલિકી-કબજો મળવાથી વસ્તુની વ્યવસ્થા કરવાનો હક્ક આપણો નથી. સગીર જે ઘરમાં રહ્યો હોય તે ઘર તેના કબજાનું છે. છતાં તેમાંથી એકાદ ઓરડો ભાડે આપવાનો સગીરને હક્ક નથી. કારણ? જ્યારે માલિકી કબજો તેનો છે તો તે વ્યવસ્થા કરે તેમાં અડચણ શી છે? તો અડચણ એ છે કે -માલિકી કબજો છતાં પણ મિલકતની ઉત્પત્તિની કિંમત, મિલકતનો સદુપયોગ, એના ફાયદા-ગેરફાયદા, નુકસાન વગેરેને સગીર, બરાબર સમજે નહીં તેવા તે સગીર મનુષ્યને વ્યવસ્થા કરવાનો હક્ક રહેતો નથી.

આ વાત આપણાં જીવનમાં લાવીએ. મનુષ્યભવના આપણે જ માલિક છીએ. કબજો પણ આપણા હાથમાં છે, છતાં પણ મનુષ્ય જન્મભવની વ્યવસ્થા કરવા માટે આપણે લાયક બન્યા નથી. મનુષ્ય ભવની કિંમત આપણા ખ્યાલમાં નથી. તે મળવાની મુશ્કેલી આપણા ખ્યાલમાં ન આવે ત્યાં સુધી તેની વ્યવસ્થા કરવાનો અધિકાર આપણને નથી. ગઇકાલે આપણે જીવને અંગે ઉત્ક્રાન્તિવાદની દિશા જણાવી. જીવ પહેલાં કયાં હતો? ત્યાં કયાં કયાં ફર્યો. આગળ ચડીને જે માત્ર સ્પર્શના જ્ઞાનવાળો હતો, તે સ્પર્શ-રસ-ગંધ-રૂપના વિચારવાળો થયો. યાવત્ મોક્ષની નીસરણીરૂપ મનુષ્યભવ મેળવી શકયો.

મોક્ષ મેળવવાવાળાને મનુષ્યભવ એ જ નિસરણી. અનંતો કાળ ગયો, જશે છતાં કોઈપણ જીવ મનુષ્યભવ સિવાય મોક્ષ મેળવી

શંકતો નથી–મેળવ્યેા નથી તેમજ મેળવશે નહીં. કેાઈ પણ કાળે, ક્ષેત્રે કેાઈપિણ અવસ્થામાં મનુષ્યપણા સિવાય મેાક્ષ મેળવી શકે જ નહીં. એ વાત શ્રદ્ધાનુસારી માની લે; પરંતુ જગતમાં સર્વ જીવેા શ્રદ્ધાનુસારી નથી હેાતા. શ્રદ્ધાનુસારી તે કે–"શાસ્ત્રકારે જે કહ્યું તે માનવું, તેમાં યુક્તિ કે બુદ્ધિ ચલાવવાનું કામ નથી. મારા કરતાં વિશિષ્ટ જ્ઞાની પુરુષેાએ કહેલું છે, તે માનવા લાયક જ છે." આવી શ્રદ્ધાવાળા આત્માએા કથન માત્રથી માની લે, પરંતુ સર્વ જીવેા સરખી ધારણાવાળા હેાતા નથી.

કેટલાક પૂણ્યાત્માએા આવા શ્રદ્ધાળુ હેાય, પણ કેટલાક સારી સ્થિતિમાં ન આવ્યા હેાય તે સર્વજ્ઞની વાતમાં પણ તર્કને જરૂર માગે. નારકી, મેાક્ષ ન મેળવી શકે તેનું કારણ ? દેવતા શક્તિથી–જ્ઞાનથી –સામર્થ્યથી મનુષ્ય કરતાં અધિક છતાં તે દેવતાએા મેાક્ષ ન મેળવી શકે તેનું કારણ ? એવા તર્કાનુસારીઓને ત્રણ ગતિમાં મેાક્ષ નથી મળતેા એમ તર્કથી નક્કી થાય, ત્યારે 'મનુષ્ય ભવ જ મેાક્ષની નિસરણી' એમ મનાય. તેઓને એ ત્રણ ગતિથી મેાક્ષ નથી મેળવી શકાતેા એ નક્કી થવું જોઇએ.

શંકાકારને બેાલતેા અટકાવવેા ન જોઇએ, પૂરી શંકા કરવા જ દેવી. અટકાવવામાં આવે તેા તે બેાધ પામે જ નહીં. નારકી, તિર્યંચ અને દેવતાને પણ મેાક્ષ નહીં થવાનું કારણ શું ? એ સમજાય તેા મનુષ્યભવ મેાક્ષની નિસરણી છે એમ મનાય અને તેની કિંમત સમજાય તથા તેનેા સદુપયેાગ કરવા માટે પ્રયત્ન કરવેા સૂઝે.

નારકીની સિદ્ધિ

બીજા પાસેવાળાએ કહ્યું કે–"એ વાત પછી. મનુષ્યપણું એ જ મેાક્ષની નિસરણી, પણ તે પહેલાં સિદ્ધ કરેા કે નારકી વગેરે માનવા જ શાથી ? આ નારકીની જેમ દેવતાને અંગેય શંકા રહે, પણ જ્યેાતિષચક્ર મનુષ્ય માટે પ્રત્યક્ષ વિષય છે, તેથી દેવતા હજુ મનાય, પણ નારકી શી રીતે માનવા ? નારકી છે, ઉગ્ર પાપ કરનારને નરકમાં જવું

પડે છે, ત્યાં કારમાં દુઃખો ભોગવવાં પડે છે, તેમાં પ્રમાણ શું ?''આ વાત જેઓ શ્રદ્ધાનુસારી નથી, તેઓ માટે છે.

તેવો તે તર્કાનુસારી કહે છે કે–'નારકી છે તે તો જણાવો, પછી નારકી મોક્ષ ન મેળવે તે સમજાય.' મહાનુભાવ ! તારી વાત ખરી. એક વાત ધ્યાનમાં લઈશ ? **ગુના કરતાં સજા ચડિયાતી હોય.** એકે પાંચ રૂપિયાની ચોરી કરી તેના પાંચ રૂપિયા દંડ કરાય તો ચોરી રોકાય ખરી? કહો કે–ગૂના કરતાં સજા અધિક હોવી જોઈએ. જગતના નિયમમાં સજા અધિક હોય તો કુદરતના નિયમમાં ગૂના કરતાં સજા અધિક હોય એ વાત સ્પષ્ટ. **''सव्वजहन्न उदयो''** એક વખત કરેલું પાપ દશગણું તો જરૂર જઘન્યથી ઉદયમાં આવે. જગતનો તેમજ કુદરતનો નિયમ છે, તે રીતે શાસ્ત્રકાર પણ એમ જ કહે છે કે ગૂના કરતાં સજા અધિક હોય.

આખી જિંદગી અધમ જીવનથી જીવ્યા, તેની સજા કયાં ભોગવે તો તે સજા પૂરી થાય ? લાખ વરસ સુધી ખાટકી જેવા અધમ ધંધા કર્યા, લાખ વરસનાં કરેલાં પાપો ભોગવવાનું સ્થાન કયાંથી લાવવું ? ગમે તેવી કરડી સરકાર હોય છતાં પણ તે સજા કરવામાં પાંગળી છે. એક માણસે એકનો વધ કર્યો, તેની સજા ફાંસી અને દસનો વધ કર્યો હોય તો પણ એક જ વખત ફાંસી. તો નવના ખૂનની સજા તે સરકાર શી રીતે પૂરી કરી શકે? એક વખતની સજામાં જ તેની સત્તા બંધ થાય છે. પહેલાંના કાળમાં–અગાઉના વખતમાં ખૂનીને ફાંસીએ લટકાવવો, એમ કાયદો હતો.

એક વખત એક શ્રીમંતના પુત્રે ખૂન કર્યું. કોર્ટમાં કેસ ચાલ્યો. ખૂનીનો વકીલ બચાવમાં કાંઈ જ બોલ્યા વગર બેસી રહ્યો. ખૂની અને તેના સંબંધીઓ વકીલને કહેવા લાગ્યા–'કેસ તો માર્યો જાય છે, કાંઈક તો બોલો.'

વકીલે કહ્યું–' મારા ધ્યાનમાં છે, માટે મારે કશું નથી કહેવું.'

ખૂનીના બાપે કહ્યું–'શું ધાર્યું છે ? મારા છોકરાને ફાંસીએ મોકલવો છે ?'

છતાં વકીલ કાંઈ જ ન બોલ્યો ! કોર્ટે ફાંસીની સજા કરી. છોકરાને લઈ ગયા. તેને ફાંસીને માંચડે લટકાવ્યો. ફાંસો નાખે છે કે–તરત જ વકીલે છોકરાને પોતાના તરફ લઈ લીધો ! કોરટવાળા કહે છે–કેમ ? વકીલે કહ્યું કે શું લખ્યું છે ? 'ફાંસીને માંચડે લટકાવવો.' –'મારવો' નથી લખ્યું. કોર્ટ હતાશ બની. વકીલ સીધો છોકરાને લઈને ઘેર લાવ્યો. પછી તે કાયદામાં સુધારો કરવામાં આવ્યો કે–' જીવ જાય ત્યાં સુધી લટકાવી રાખવો.'

હવે એ સુધારા પછી પણ દસ જણના ખૂનીને નવ ગૂના બાકી રહ્યા તેનું શું ? પેપર વાંચનારને તે ખ્યાલમાં હશે કે–સાવરકરને ફાંસી આપી ત્યારે સાવરકર કહે છે કે–'સરકાર આ ભવની સજા કરે છે કે ભવાંતરની !' અર્થાત્ સરકાર એક સજા કર્યા પછી પાંગળી છે પણ કુદરત તેવી પાંગળી નથી તેથી લાખ વરસનાં પાપ ભોગવવા માટે લાખો વરસની લાંબી જિંદગી હોવી જોઈ એ, તેમ બાળીને માર્યા હોય તેઓને લાખો વખત બળવાનો વખત આવે તેવું સ્થાન માનવું જોઈએ.

તે સ્થાન એવું માનવું જોઈએ–માત્ર દુઃખ જ ભોગવે પણ જીવ ન જાય. અહીંની ટાઢ કરતાં અનંતગુણી ટાઢ ભોગવે, પણ જીવ ન જાય. અહીં કરતાં ભૂખ–તરસ–ટાઢ–તાપ–રોગ અનંતગણા સહન કરે, પણ જીવ ન જાય, તેવું સ્થાન માનવું પડે. નરક શબ્દ બોલવાની ભલે જરૂર ન હોય; સત્તાની ઉપર અંકુશ રાખનાર હોય તો કુદરત લાખો વરસો સુધી ભૂખે–તરસે, ગરમી–ઠંડી અસંખ્યાતાગુણી સહન કરે તો પણ મરે નહીં. તેવા જીવોનું કોઈપણ સ્થાન માનવું જ પડે. એ માન્યા સિવાય પાપનું ફળ નહીં માની શકો. આવું દુઃખ ભોગવવાનું સ્થાન તમારે એવું માનવું જ જોઇશે, તેમાં પણ સરકારની સજા ગૂનેગાર ખ્યાલમાં લ્યે, તેવી રીતે ભોગવાવે છે.

કોઈ એ વધ કર્યો હોય તે ફાંસી વખતે બેશુદ્ધ થાય તો સરકાર, ડોકટર લાવી તેને શુદ્ધિમાં લાવે પછી તેને ફાંસી આપે. સમજદારીમાં થયેલા ગૂનાની સજા સમજદારીમાં ભોગવાવે. કલોરોફોર્મ સુંઘાડી ફાંસીએ નથી લટકાવતાં. શા માટે ? સજાનો અમલ સમજદારીમાં હોય.

આ વાત ધ્યાનમાં લેશો ત્યારે નારકીના જીવોને અવધિજ્ઞાન નિયમિત માન્યું છે, તેનો ખુલાસો થશે.

જ્ઞાનને અંગે અક્કલવાળો એટલે **મતિજ્ઞાની**, શિક્ષિત એટલે **શ્રુતજ્ઞાની** વર્ગ, અતીન્દ્રિય એટલે **અવધિજ્ઞાની** વર્ગ, મન જાણવાવાળો એટલે **મનઃપર્યવજ્ઞાની** વર્ગ, અને સર્વ જાણવાવાળો એ **કેવળી** વર્ગ, સમસ્ત જાણનાર આવો વર્ગ–**વીતરાગ** જ હોય. તેથી તેવાઓને પાપનો સંભવ ન હોય. તે વર્ગ પાપ કરે જ નહીં. તેના વિચારો જાણનાર વર્ગ સંયત જ હોય, માટે તે પણ પાપમાં પડેલો ન હોય. માત્ર પહેલા ત્રણ વર્ગ પાપમાં પડેલા હોય તે હોય. અક્કલવાળો વર્ગ, શિક્ષિત વર્ગ અને દૂર રહેલા પદાર્થોને ઇન્દ્રિયની મદદ વગર જાણનાર વર્ગ, આ ત્રણ વર્ગ ગૂના કરનારા.

છેલ્લા બે વર્ગ પાપથી દૂર રહેનાર હોય. અર્થાત્ એ ત્રણ વર્ગ પાપને કરવાવાળા હોય, અને છેલ્લા બે વર્ગ પાપ કરનારા ન હોય. શિક્ષા ભોગવવાનું સ્થાન નરક, તેમાં પણ મતિ–શ્રુત–અવધિ એ ત્રણ શક્તિ માનવી પડે. તે ત્રણ શક્તિ સાથે કરેલું પાપ ભોગવતી વખતે ત્રણ શક્તિવાળા રહેવા જ જોઈએ. આ ઉપરથી આપણે એ શિક્ષા ભોગવવાની. જ્ઞાનશક્તિ–આયુષ્ય–શરીર વગેરે કેવું હોવું જોઈએ તે નક્કી કર્યું!

આનાથી અનંતગુણી ટાઢ–તાપ–ભૂખ–તરસથી જીવન ન છૂટે, છેદાય–દાહે–તળાય પણ જીવન ન છૂટે, તેવું જીવન માનવું પડે. વૈક્રિય શરીર હોય. ઔદારિક શરીરથી તેટલી વેદના સહન ન થઈ શકે. લાખ વરસ સુધી કરેલાં પાપો ભોગવવા માટે લાંબી શક્તિ–જ્ઞાન–આયુ –શરીરમાન લો. તેવું સ્થાન જે હોય તેને અમે 'નરક' કહીએ છીએ.

નરક-તિર્યંચ ગતિ મોક્ષની નિસરણી નથી

આવી સ્થિતિ નરકની હોવાથી કરેલાં પાપો ભોગવવાનું તે સ્થાન. જેલમાં ગયેલાને સ્વતંત્રતા નથી હોતી. ભલે રાજકુંવરો હોય કે મોટા શેઠિયા હોય. કરેલાં પાપોનાં ફળ ભોગવે તે વખતે ત્યાં સ્વતંત્રપણે

વર્તવાનું ન હોય. પાપ ભોગવવામાં જ જિંદગી પૂરી થાય. પછી નારકીમાં મોક્ષસાધનને અંગે સામગ્રી મળે જ કયાંથી ? નરકનો ભવ સાગરોપમ કાળનો અવધિ જ્ઞાનવાળો હોય, વૈક્રિય શરીર હોય તો પણ મોક્ષ સાધવા માટે ઉપયોગી ન થાય. જાનવરને અંગે પરાધીન-વિવેકહીન જિંદગી. આત્માનો વિચાર કરવાની તાકાત ત્યાં કયાંથી લાવવી ? ત્યાં વિવેક આવવો અને આત્માદિક ઓળખવા તે શી રીતે બને?

દેવગતિમાં પણ મોક્ષ નથી

નર, તિર્યંચ, મોક્ષની નિસરણી નથી પરંતુ દેવતાઈ જીવન મોક્ષની નિસરણી કેમ ન બને ? તે ન બને તો મનુષ્યજીવન મોક્ષની નિસરણી કેમ બને ? દુનિયામાં ડાહ્યા ને ગાંડા વચ્ચે આકાશ જમીનનું અંતર ગણાય છે, પણ બારીક બુદ્ધિથી વિચારીએ તો લગીર જ અંતર છે. લાખ અને કરોડ વચ્ચે અંતર એક પૈસાનું જ. ૯૯૯૯૯૯૯ રૂપિયા અને ૯૯ પૈસા હોય ત્યાં સુધી લાખના કોઠામાં. તે કોઠામાં માત્ર એક પૈસો ઉમેરીએ તો તે કોઠો કરોડના કોઠામાં. તેમ દુનિયાદારીની દૃષ્ટિએ વિચારીએ તો મોટું અંતર છે.

વિચારીને વિચાર ગળ્યા વગર વર્તનમાં મૂકે તે ગાંડો. વિચારથી વિચાર ગળે તો ડાહ્યો. અહીં પેશાબની હાજત થઈ, તો અહીં સભામાં પેશાબ ન કરાય એમ સમજે તે ડાહ્યો, પેશાબની હાજત થઈ, સભામાં પેશાબ કરે તે ગાંડો. દેવતાઓને અંગે 'દેવાનામ્ વાંછા નામ્ દેવતાઓની સિદ્ધિ-ઇચ્છામાં, વિચારો આવ્યા કે કાર્યની સિદ્ધિ. તેમને વિચાર ને વર્તન વચ્ચે અંતર નથી. જબરા આયુષ્ય, જ્ઞાન, સામર્થ્યવાળા છતાં વિચાર અને વર્તન વચ્ચે અંતર નથી. **વિચાર દબાવવાની તાકાત દેવતામાં નથી.** તેવા દેવતાઓ મોક્ષ માટે લાયક ન ગણાય !

મોક્ષની લાકાતમાં પહેલો નંબર એનો કે જે-અનાદિકાળના મોહના વિચારોને દબાવે, મોહના વિચારો આવે અને તેને દબાવે. વિષયકષાયના આવેશોને દબાવી શકે, તે મોક્ષને લાયક બને. વિચાર દબાવવાથી

પહેલાંના કર્મો નીરસ બને.–કર્મોને નીરસ બનાવે ને નવાં બંધાતાં કર્મો રોકે, તે જ મોક્ષને માર્ગે જાય; માટે જ કહો કે–દેવતાઓનો ભવ મોક્ષની નિસરણી નથી.


માટે મનુષ્યભવ મોક્ષની નિસરણી. મનુષ્યભવ કેવો કિંમતી છે તે જોયું, હવે તેનો સદુપયોગ કરો તો મોક્ષ મેળવી શકો. દુરુપયોગ કરો તો અનંતો સંસાર રખડાવે. આ સમજાય તો મનુષ્યભવની વ્યવસ્થા કરવાને લાયક ગણાઈએ. કિંમતીપણું સમજીએ તો વ્યવસ્થા કરવાનો હક્ક આપણને મળે તે માટે તત્ત્વાર્થ સરખો ગ્રંથ અને તેનું ભાષ્ય કરતાં **શ્રી** ઉમાસ્વાતિજી મહારાજે આટલું જણાવ્યું કે–" તારા જન્મની પ્રથમ પંચાત કર. તે મહાદુઃખે મળેલો છે. જો તેનો દુરુપયોગ કરીશ તો મળેલ મનુષ્યભવ દુઃખનું જ કારણ છે, માટે મહાદુઃખે મનુષ્યભવ મેળવ્યો છે તેને એળે નહીં ગૂમાવ."

અંધારી–ગંધાતી કોટડીમાં ૯ મહિના ગર્ભમાં રહેવાનું હોય તો માત્ર મનુષ્ય ભવમાં જ. તિર્યંચમાં ગર્ભકાળ એટલો નથી, તેમજ ઊંધે માથે લટકવાનું નથી. તિર્યંચના ગર્ભસ્થાનો તિરછા છે, તેથી તેને ગર્ભમાં ઊંધે માથે લટકવાનું નથી. મનુષ્યને ઊંધે માથે લટકવાનું છે. ૯ મહિના સુધી અંધારી–ગંધાતી કોટડીમાં લટકે તો ગર્ભ પાકે, માટે દુઃખનું નિમિત્ત, જન્મ પણ યંત્રપીલણની જેમ દુઃખે મળેલો છે. હવે તેનો દુરુપયોગ થાય તો ભાવિમાં પણ દુઃખનું કારણ છે, તો સદુપયોગ શી રીતે થાય ?

તે માટે કહે છે કે–ત્રણ ત્રણ વસ્તુ મેળવી લે તો તારા જન્મને વખાણવા લાયક બનાવી શકાય. રખડપટ્ટીમાંથી નીકળી, જ્યાં રખડપટ્ટી નથી તેવું સ્થાન મેળવી લે, તેવું સ્થાન મારે મેળવવું છે, તેવો નિશ્ચય કર. '**सव्वाणि ठाणाणि असासयाणि**' જગતનાં તમામ સ્થાનકો મરણવાળા અશાશ્વતાં છે. મરણ વગરનું માત્ર એક જ સ્થાન છે અને તે જ મેળવવા લાયક છે, માટે મારે તે મેળવવું જોઈએ, પોતાને માટે એવો નિશ્ચય કરે કે–(૧) તેવો મોક્ષ મને કેમ મળે ? એ પછી (૨) તેનાં

સાધનો અને તેના બાધકો ધ્યાનમાં લે. પછી (૩) તે બાધકોથી બચી સાધનોનો ઉપયોગ કરે.

એ પ્રમાણે તે અમરણ સ્થાન પામવાનો નિશ્ચય આદિ તે ત્રણ વસ્તુ બરાબર સમજાય તે માટે શાસ્ત્રકાર કહે છે કે–સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, તે અમરણ ધર્મ બનવાનાં સાધનો છે. તેનો ખ્યાલ લેવો તે સમ્યગ્દર્શનપૂર્વકનું જ્ઞાન, અને પછી તેનો અમલ કરવો તે ચારિત્ર. તેથી સમ્યગ્દર્શને કરી સહિત જે જ્ઞાન પામે અને તે પછી જે સમ્યક્ ચારિત્રને પામે તે આત્મા, ખરેખર મળેલો મનુષ્યભવ સાર્થક કરી શકે છે. આ સાંભળી તે ત્રણ રત્ન મેળવવા જે માનવી ઉદ્યમ કરશે તે માનવી આ ભવ–પરભવમાં કલ્યાણની પરંપરા પામી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે–



હાડકાં ચાટવા જેવું દુનિયાનું સુખ

દેશના ૩૬

(૨૦૦૦ પોષ વદી ૧૨ શનીવાર યાકુબપુરા—વડોદરા)

સ્વાભાવિક સુખ સિવાય દુનિયાનું સુખ શ્વાને હાડકાં ચાટવા જેવું છે.

શાસ્ત્રકાર મહારાજ શ્રી ઉમાસ્વાતિજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–તું શું પામ્યો છે? તે તો જો. નાના મોટા ભાઈઓ વગેરે પાસે શું શું મિલકત છે? તે તું જો. પૈસા માટે આટલું લક્ષ્ય રહે છે, તો પુણ્યથી મળેલ વસ્તુનું લક્ષ્ય કેમ નથી રહેતું? **મનુષ્યપણું દુનિયાની કોઇપણ બીજી ચીજથી મળી શકતું નથી.** એકેન્દ્રિય આદિ તમામ જીવો કરતાં વધારે પુણ્ય આપણી પાસે એકઠું થાય ત્યારે જ આપણે મનુષ્ય થઈ શકીએ.'

બીજા જીવો, મનુષ્યો ન થયા અને આપણે મનુષ્ય કેમ થયા? આપણામાં અધિક પૂણ્યાઈ હતી ત્યારે જ મનુષ્ય થયા છીએ. કેટલીક વખત ગાદી ઉપર આવેલાને રાજ્ય કેમ મેળવાય છે, તેની મુશ્કેલીની ખબર ન પડે. બાપદાદાની ગાદી ઉપર આવેલાને રાજ્યપ્રાપ્તિની મુશ્કેલીની ખબર પડતી નથી. આપણે સમજણા થયા, તે પહેલાં મનુષ્યપણું મળી ગયું; એટલે મનુષ્યપણાની મુશ્કેલી આપણને માલુમ પડતી નથી.

ખાવાનું ન મળે તો ખાજાનો ભૂકો ખાય પણ ભૂખ્યો શા માટે રહે?

અરે બીરબલ! એ દુબળા, દુબળા કેમ છે? ભિખારી દુબળો કેમ?

બીરબલે કહ્યું–'જહાંપનાહ! એને ખાવાનું મળતું નથી.' આ ઉત્તર સાંભળનાર બાદશાહ છે, અમીરીમાં ઉછરેલ છે, બાદશાહી મગજ છે, તેથી કહે છે કે–'તે તો બેવકુફ છે, ગદ્ધો છે, ખાવાનું ન મળે તો છેવટ ખાજાનો ભૂકો ખાય, પણ ભૂખ્યો શા માટે રહે છે? બાદશાહના

મનથી ખાજાનો ભૂકો એટલે કંઇ નહીં. બાદશાહના ભાણામાં ભૂકો ન પીરસાય, તેના ભાણામાં તો આખું મૂકવું પડે. ખાતાં ખાતાં ભૂકો બાકી રહે તે તો તેને ફેંકી દેવાની ચીજ. આથી બાદશાહને ખબર નથી કે–ખાજાનો ભૂકો દુબળાને તો દેખવોય દુર્લભ.

આપણે મનુષ્યપણામાં ઉછર્યા–ટેવાયા, તેથી તે સિવાયની અવસ્થા ખ્યાલમાં નથી. એટલે આપણને મનુષ્યપણાની કિંમત–દુર્લભતા ખ્યાલમાં નથી. આપણે પણ મનુષ્યપણું પામ્યા પછી સમજણા થયા. આવી આપણી સ્થિતિએ આપણને મનુષ્યપણું મળ્યું, એ બાદશાહના ખાજાના ભૂકા જેવું છે. જગત સામું દૃષ્ટિ કરો ત્યારે આ લાગતો ખાજાનો ભૂકો દેખવો પણ મુશ્કેલ છે.

આપણે પણ મનુષ્યભવની મુશ્કેલી ક્યારે સમજીએ? કીડી મંકોડી, પશુ–પંખી, ઝાડ–પાંદડા વગેરે તમામ જીવો, એકેન્દ્રી–વિકલેન્દ્રી પશુ પંખી કેમ? અને આપણે મનુષ્ય કેમ? આવો વિચાર આવે તો જ 'આટલા બધાને જે નથી મળ્યું તે આપણને મળ્યું છે.' આપણને 'સુલબ્ધં' એટલે કોઈએ મનુષ્યપણું આપેલું નહીં, પણ મળી ગયું છે. દુકાન કરો, મુનિમ રાખો, જવાબદારી મુનિમની; જોખમદારી શેઠની. ઠપકો મુનિમને મળે. જેવી રીતે દુનિયામાં તેવી રીતે જીવના કૃત્યની જવાબદારી–જોખમદારી.

તમને મનુષ્યભવ કોઈએ આપ્યો નથી, તમને જ મળ્યો છે. તમે સારાં કૃત્યો કર્યાં તેથી તમને મનુષ્યભવ મળ્યો છે. મહાભાગ્ય યોગે મનુષ્યપણાના આયુ–ગતિ બાંધીને મનુષ્યપણું મેળવી શકયા. આ જગતમાં જન્મ માતાની મરજીનો નથી. 'કૂલાણા જીવને કૂખમાં લઉ' એમ ધારીને તે જન્મ આપતી નથી. પિતા પ્રેમ ધરીને કોઇ જીવને ખેંચી શકતો નથી. તેમ જીવે આ માતા સારી, 'આ પિતા સારો' માટે તેની કૂખે કે વંશમાં જઉં તેમ ધારી જન્મ લીધો નથી.

મનુષ્યજન્મ કોના પ્રભાવનો? કર્મના–પુણ્યના પ્રભાવનો જન્મ. જેવા પુણ્ય બાંધ્યા હોય તેવાં પુણ્ય ભોગવવાને સ્થાને આ જીવને જન્મવાનું થાય છે. આ જીવને બીજો કોઈ જન્મ આપતો નથી તે

માટે 'સુલબ્ધં' એટલે તેને મળેલો જન્મ છે. તે સાથે આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, ઉત્તમજાતિ, પંચેન્દ્રિય સંપૂર્ણપણું, દીર્ઘ જીવન આ બધું 'સુ' મળ્યું છે. નહીંતર '**गमत्था वि मणुस्सा**०=ગર્ભમાં પણ કોઇ જીવ મરી જાય છે.'

આટલી વસ્તુ તને મળી છે, પરંતુ **મળેલી વસ્તુનો જે ઉપયોગ કરી જાણે તેને મળેલી પ્રમાણ ગણી શકાય,** નહીંતર નાડું પકડ્યું છે એમ કહેવાય. ગાડું ચાલતું હતું. ઢાળ આવ્યો, વોરાજી ગાડામાં બેઠા હતા. ગાડાખેડૂ કહે–વોરાજી, પકડજો. વોરાજીએ ચોરણાનું નાડું પકડ્યું. બળદનું નાડું પકડવાનું કહ્યું હતું. તે જગ્યા પર ચોરણાનું નાડું પકડ્યું! ગાડું ઊંધું પડ્યું. વોરાજીને વાગ્યું.

પેલો કહે–'કયું નાડું પકડવાનું હતું અને કયું પકડ્યું?'

વોરાજી કહે–'મને શું ખબર?'

વાત એ કે કોઈ ને બદલે કોઈ નાડું પકડે, તેમાં કંઈ વળે નહીં તેવી રીતે મનુષ્ય જન્મમાં મૂકવાની વસ્તુ મેળવીએ તેમાં શું? મૂકવાનું તમો મેળવો છો એમાંથી આગળ કંઈપણ લઈ જવાનું નથી. કંચન–કામિની–કુટુંબ અને કાયા, તેમ આહાર–શરીર–ઇન્દ્રિય અને વિષયો એ આઠે ચીજ મેળવવા આખી જિંદગી મથ્યા, પણ અહીંથી ચાલતી વખતે આમાંથી સાથે કોણ આવનાર!

તે મૂકી જવાની આઠ વસ્તુને માટે આખી જિંદગી ઉદ્યમ કર્યો. આખું મનુષ્ય જેવું કિંમતી જીવન વેડફી નાખ્યું. તે આઠ વસ્તુ માટે અધર્મ–અનીતિ–અન્યાયનો પણ વિચાર ન કર્યો અને તે મૂકી દેવી પડે તેવી વસ્તુઓ મેળવી, પણ મેળવીને ન મૂકી દેવી પડે તેવી વસ્તુ કઈ? તે માટે જણાવ્યું—ભો ભાઇ! **હંમેશની નિત્ય ચીજ આત્મા**–જીવ તે જ હંમેશની ચીજ તે સર્વકાળ ટકવાવાળી ચીજ. સર્વ ભવોમાં સર્વદા રહેવાવાળી તે જ ચીજ. તે આત્માની ચીજ મેળવો તો મૂકવી ન પડે. આત્મા સિવાયની ચીજ ભલે મેળવીએ પણ અંતે તે મૂકી દેવી જ પડે. તે માટે '**सम्यगदर्शनशुद्ध**' આત્માને ન મૂકી દેવી પડે એવી ચીજ

શુદ્ધ સમ્યગ્દર્શન.' એ ચીજ હંમેશાં રહે. દુનિયાની ચીજ રાખવા માગીએ તોપણ ન રહે.

બળતું ખોરડું કૃષ્ણાર્પણ કરવા તૈયાર નથી.

મનુષ્ય મરણ પામે. જો કે મોત કોઈ માગતું નથી. કંચનાદિ મને કે કમને છોડવાં જ પડે. એ રીતે બળતું ખોરડું કૃષ્ણાર્પણ કર્યું તેમાં શું ? પણ આપણે તો છેલ્લી વખતે તેટલું પણ કરવા તૈયાર નથી. મારે તો તે વખતે પણ રહેવું છે. પછી જવું તો પડે છે, જો કે આપણે જવા નથી માગતા ! છતાં આ કાયારૂપ ખોરડું રહેતું નથી કંચનાદિ ગમે તેટલું રાખવા માગીએ તો પણ ન રહે.

એક વખત સમ્યક્ત્વ આવી ગયું તો અર્ધ પુદ્ગલમાં જરૂર. બીજી વખત આવે, તો નિગોદમાં જાય તો પણ અર્ધપુદ્ગલમાં બહાર નીકળવાનું ચોક્કસ. પંડિતને ને મૂર્ખાને સનેપાત થયા. સનેપાત વખતે બન્ને સરખા, પણ સનેપાત જાય પછી પંડિત તે પંડિત, ને મૂર્ખ તે મૂર્ખ. સમકિત નિગોદમાં જાય તો પણ ત્યાંથી બહાર નીકળે એટલે પાછો તે સમકિતવાળો તૈયાર. સમકિતે તેને બહાર ખેંચી કાઢયો. સમકિત છોડયું છોડાય નહીં, એવી તે આત્માની ચીજ હોવાથી તે મેળવવા માટે આવી દુર્લભતાથી આ મનુષ્ય જન્મ મેળવ્યો છે. હવે કોઇ એવી વસ્તુ મેળવો કે જે હવે મૂકવી ન પડે. આ જીવે કયે વખતે કંચનાદિ નથી મેળવ્યાં ? અનંતા ભવમાં દરેક ભવમાં તે વસ્તુઓ મેળવી, પણ અંતે છૂટી ગઈ. **જો સર્વદા માટે આત્મામાં રહેવાવાળી ચીજ હોય તો તે સમ્યગ્દર્શન.**

પ્રથમ કઇ ક્રાન્તિની જરૂર પડે ?

જગતમાં ચાહે રાજ્યસંક્રાન્તિ હોય પણ તેમાં પહેલાં કયી સંક્રાન્તિની જરૂર પડે ? વિચારોની. કોંગ્રેસ અત્યારે આટલું કામ કરે છે, પણ તેણે પહેલાં વિચારની ક્રાન્તિ સુધારવા કેટલા વરસ વિતાવ્યાં ? **વિચારની સંક્રાન્તિ વગર ઊંચા માર્ગને ન પમાય.** સમ્યગ્દર્શન પૌદ્ગલિક વસ્તુ નથી, તે માત્ર વિચારનું પરિવર્તન છે.

અનાદિકાળથી આ જીવે સ્પર્શ–રસના–નાક–ચક્ષુ–શ્રોત્રથી થતાં સુખને સુખરૂપ ગણ્યાં હતાં. પુદ્ગલનાં સુખને સુખ ગણ્યું. કૂતરું હાડકું ચાટે, તેનો ખાંચો તાળવામાં વાગે–પોતાના તાળવામાં લોહી નીકળે છે, તેનો સ્વાદ આવે એટલે જાણે કે હું હાડકાનું લોહી ચાટું છું. તેમ ઈન્દ્રિયોથી સુખનો ભ્રમ થાય છે. તેમ આપણા આત્માને પુદ્ગલમાંથી સુખ મેળવવાનો ભ્રમ થાય છે.

સુખ આત્માનું કે પુદ્ગલનું ? સુખધર્મ આત્માનો છે. પુદ્ગલનો સુખધર્મ નથી. આત્માના સ્વરૂપ સિવાયનું સુખ કૂતરા વડે કરડાતાં હાડકાનાં લોહી સમાન છે. તે માટે કહે છે કે–**વિચારની ક્રાન્તિની પ્રથમ જરૂર છે.** આજ સુધી આપણે ' પુદ્ગલ દ્વારા સુખ મેળવીએ છીએ,' એમ માનતા. વિચારની ક્રાન્તિ થાય એટલે હવે પુદ્ગલ દુઃખ દેનારા છે–પછી તે ચાહે દેવલોકનાં હો કે મનુષ્યભવનાં હો; પરંતુ પુદ્ગલો દુઃખ આપનારા છે. આ વિચારની ક્રાન્તિ તે જ સમ્યગ્દર્શન.

મોહની મજબૂત ગાંઠ ભેદાય ત્યારે સમકિત થાય પરંતુ એ પણ જોડે જ બોલે છે કે–૭૦ કોડાકોડની સ્થિતિ હોય ત્યાં નહીં, પણ એક કોડાકોડ બાકી રહે ત્યાં ગાંઠ. જે ઘરમાં રહેતા હોઈએ તે વખતે તેની ખટક ન રહે, પણ મ્યુનિસિપલ હુકમ આવે કે–ઘર પાડી નાંખવું પડશે તે વખતે ખટક લાગે.

ઘર આટલું ઉપયોગી–કિંમતી–જરૂરી વગેરે તે વખતે ક્યાંથી સૂઝયું ? કહો કે–**વિનાશની વખતે ઉપયોગિતાનું ભાન વધારે થાય.** વિનાશ પામે તે વખતે તેની ઉપયોગિતા ખ્યાલમાં આવે. જે પૌદ્ગલિક વિચારોના નાશનો વખત છે તે સમજણનો વખત છે. તે વખતે ગ્રંથી ભેદાય તેનો નિશ્ચય થાય કે–આત્માનાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણે જ આત્માની ચીજ મૂકી દેવી પડે તેવી નથી. મોક્ષમાં રહેવાવાળી છે. તે સિવાય ભવાંતરમાં કે મોક્ષમાં રહેવાવાળી ચીજ નથી. તે જ સમ્યગ્દર્શન. આપણે વિચારની આ ક્રાન્તિ સ્વપ્નમાં પણ સાધતા નથી, માટે શાસ્ત્રકાર કહે છે કે–**સમ્યગ્દર્શન મનુષ્યભવમાં મેળવવા લાયક.**

જગતમાં લુચ્ચાઓ, હરામખોરો, મૂર્ખા હોતા નથી પણ અક્કલવાળા હોય છે છતાં તેમની અક્કલને લોકો શાબાશી નથી આપતા, કારણ કે જગત માટે તેની અક્કલ-હોંશિયારી શ્રાપ સમાન છે-દુઃખરૂપ છે. આશીર્વાદ સમાન અક્કલ હોય તો શાબાશી અપાય. ન્યાયની પ્રીતિવાળો લુચ્ચાની અક્કલને ધિક્કારે. જેઓ આત્મા તરફ લક્ષ્યવાળા નથી તેવાની અક્કલને શાસ્ત્રકાર ન વખાણે. આત્માને સાધ્યતાપૂર્વકનું જ્ઞાન મળે તો તે કામનું. એકલું જ્ઞાન નહીં. કૂવો દેખી ન ખસીએ તો? એક આંધળો કૂવામાં પડે તો દયાનું પાત્ર કોણ? બિચારો પડી ગયો તે દયાપાત્ર. આંધળો ખાડામાં પડી ગયો તે જગતનું દયાનું પાત્ર. દેખતો ખાડામાં પડે તો જગત તેને બેવકૂફ કહે. પડયા, વાગ્યું અને ઉપરથી જગતે બેવકૂફ બનાવ્યા! કેમ? કારણ કે-આપણે દેખતા છીએ-જાણી શકીએ છીએ કે-અહીં ખાડો છે.

જાણ્યા પછી જાણ્યાનો ઉપયોગ કર્યો નહીં તો બેવકૂફ બન્યો. આંખ ન હતી-અપંગ હતો-કૂવામાં પડયો. તેને બહાર કાઢીને લોકો દયા પણ ધરે. **આંધળો કૂવામાં પડે તો દયાનું પાત્ર થાય. દેખતો કૂવામાં પડે તો ધિક્કારનું પાત્ર થાય.** જેઓ આત્મા, પુણ્ય વગેરે ન માને તેઓ પુદ્ગલમાં ગાંડા બને, તો તેવા ધિક્કાર પાત્ર નથી, પણ જિનેશ્વરનાં વચનને જેઓ સાંભળે છે-માને છે, તેઓ પુદ્ગલમાં ગાંડા બને તો તે ધિક્કાર પાત્ર છે; માટે તેવા આત્માઓ પુદ્ગલથી વિરતિ મેળવે. તેથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મેળવે તેનો મનુષ્યભવ મળેલો સફળ; માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મેળવવા ઉદ્યમ કરવો. એ જાણી જે આત્મા તે ત્રણ વસ્તુનો ઉદ્યમ કરશે તે આ ભવ પરભવમાં કલ્યાણ પામી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.



દુર્ગતિવિનાશક ધર્મ

દેશના ૩૭

[૨૦૦૦ પોષ વદી ત્રયોદશી, જાનીશેરી-વડોદરા]

દુર્ગતિમાં પડતાને ધારી રાખે (બચાવે) તે ધર્મ

શાસ્ત્રકાર મહારાજા, ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ જણાવી ગયા કે-દરેક મનુષ્ય, પોતાને ઉત્તમ માનનારો હોય. તેમાં પાંચે ઇન્દ્રિયે સંપૂર્ણપણું છે, તે પણ ઉત્તમ છે. લાંબી જિંદગી મળી છે. ગર્ભપણામાં-બાળપણમાં-યુવાવસ્થામાં પણ આપણે જીવ્યા તેથી ભાગ્યોદય છે, તે સર્વે વાત મંજૂર કરે છે. લોકો ધર્મનાં ફળ ઇચ્છે છે, પણ ધર્મ કરવા તૈયાર નથી. 'धर्मस्य फलमिच्छंति, न पुनः तत् कर्तुं' સ્વપ્નમાં દુઃખ થાય ત્યાં ઉદાસી થાય. જીવ સ્વપ્નમાં પણ દુઃખને નથી ઇચ્છતો. અર્થાત્ હરઘડીએ-હરપળે આ જીવ, સુખને સારી સ્થિતિને જ ઇચ્છે છે. પરંતુ આ સુખ જે પૌદ્ગલિક ભોગવું છું, સારી સ્થિતિ અનુભવું છું, તેમાં પહેલાંની પૂણ્યાઈ આપણે ભોગવી લઈએ છીએ એ ખ્યાલ ઓછાને જ હોય છે.

આવક વગરનું ખર્ચ જે પેઢી કરે, ત્યાં પરિણામે શું હોય? તેવી રીતે આપણો આત્મા પુણ્યને હરપળે-હરસમયે ભોગવ્યે જાય છે, પણ નવું પૂણ્ય મેળવતો નથી. તે પુણ્ય આવે છે કેમ? અને તે હું લઉં-ભોગું કરું તે વિચાર આવ્યો? બાળપણમાં આવાપીવાનો વિચાર આવ્યો, પછી ભણવાનો, પછી કુટુમ્બનો, પછી કમાવાનો વિચાર આવ્યો. જન્મ્યા ત્યારથી જિંદગીના છેડા સુધી વિચારો અને વૈતરાં કર્યાં; પરંતુ આગલી જિંદગી માટે શું? એ વિચાર્યું?

જગતમાં મતભેદો, શાસ્ત્રો, ધર્મો, દર્શનો જૂદાં જૂદાં છે, પણ એક વાત તો દરેક ધર્મવાળાને કબૂલ કરવી પડે છે. નાસ્તિકો પુણ્ય

પાપ, સ્વર્ગ નરક, આત્મા ન માને પણ હું કહું તેમાં તો તેઓ મત મેળવે છે. અહીંથી ઉઠાંતરી બધાને કરવાની છે. તેમાં નાસ્તિકને કે બીજા ધર્મવાળાનો મતભેદ નથી. ચાહે અબજાધિપતિ હોય-લાખો સ્ત્રીઓનો માલિક હોય-કરોડોના કુટુમ્બવાળો હોય-મોટી કાયાવાળો હોય તો પણ તેને મરવાનું તો છે જ. બો અહીંથી આગળ મરવાનું છે, તો તે પછી શું? કયાં જવાનું છે? તેનો વિચાર કર્યો? કોઇપણ જીવ આગળના ભવનું સ્થાન-ગતિ હાથમાં લઈ શકતો નથી. જેટલાઓ જન્માંતર કરે, બીજા જન્મમાં જાય તે વખતે પરાધીન હોય, સ્વાધીન નહીં. જન્મ કોને આધીન? આગલી ગતિ સારી-બરાબ મળવી તે કોને આધીન? તે ધર્મને આધીન છે.

દાન-શીલ-તપ-ભાવ તેને ધર્મ સંજ્ઞા આપી છે. તે શાથી? પછી -'અ-બ-ક-ડ.' સંજ્ઞા કે 'ક. ખ. ગ. ઘ' સંજ્ઞા આપો. 'અ. બ. ક. ડ.' સંજ્ઞા બોલનારા હિંદુપણામાંથી રાજીનામું આપે છે. તે સંજ્ઞા એ. બી. સી, ડી. અંગ્રેજીની છે. અ. આ. એવું નામ ન આપતાં 'ધર્મ' એવી સંજ્ઞા કેમ આપી? એટલા માટે એ સંજ્ઞા આપી કે-જગતમાં નામ ત્રણ પ્રકારનાં છે: પદાર્થમાં જેવા ગુણ હોય ને તેવું નામ હોય, તે **સાર્થક નામ**. પદાર્થનું સ્વરૂપ કંઈ હોય અને પદાર્થ કંઈ હોય ત્યારે તે **અનર્થ નામ**, અને ત્રીજું **અર્થશૂન્ય નામ**. દીવો સાર્થક નામ. દીપ્તિ કરે, અજવાળું કરે-દીપાવે, દીપે ત્યારે દીવો, તે નામને સાર્થક નામ કહેવાય. ગુણો પ્રમાણે નામ હોય તે **નામ સાર્થક**, તેવી રીતે ઇન્દ્રગોપક પણ કીડો ઇન્દ્રનું રક્ષણ કરતો નથી, તેથી કીડાનું ઇન્દ્રગોપક નામ તે **નિરર્થક નામ**, કારણ કે તે પદાર્થમાં અર્થ નથી. ત્રીજું અર્થશૂન્ય નામ, જે નામનો અર્થ જ નહીં. જેમ કે **डत्थऽवित्थ.** એવાં જે કલ્પિત નામ ઊભા કર્યાં. આમ ત્રણ પ્રકારના નામો હોય છે. તેમાં આ ધર્મ નામ તે સાર્થક છે. કેમ? તે માટે શાસ્ત્રકારે જણાવ્યું કે-

दुर्गतिप्रसृतान् जंतुन्, यस्माद्धारायते ततः, ।
धत्ते चैतान् शुभे स्थाने, तस्माद्धर्म्म इति स्मृतः ॥

પાપથી રોકનાર-દુર્ગતિમાં પડતાને બચાવનાર ધર્મ.

વિષય-કષાય-આરંભ-પરિગ્રહ તરફ જીવો દોડેલા છે, જેમાં આત્માને પોતાનો પણ ભરોસો નથી. તમે આંખમાં આંગળી તો ન જ મારો, છતાં પણ જો તમારો હાથ આંખ આગળ જાય તો તરત જ તમારી આંખ મીંચાય છે.

એક શેઠ ચેક વટાવી લાવ્યા. રૂપિયા લાવીને તિજોરીમાં મૂકયા છે. ત્યાં સૂતો, ને ઊંઘી ગયો. સ્વપ્નમાં ચોર આવીને તિજોરીમાંથી રૂપિયા લઈ ગયો. આંખ ઉઘડી એટલે સ્વપ્નમાં તે જોયું છે, એટલા માત્રથી સંતોષ ન વળે. ચાવી લઇ તિજોરી ઉઘાડી રૂપિયાની રકમ તપાસે છે. આથી સમજો કે વિષયો અને તેનાં સાધનો તરફ—પરિગ્રહ તરફ આત્મા કેટલો ઝૂકેલો છે ? કેટલો ઘેરાયેલો છે ? તે જુઓ.

આમ જગતની વિષય-કષાય, આરંભ-પરિગ્રહ તરફ બુદ્ધિ રહેલી છે, તો જગત દુર્ગતિ તરફ દોડી રહ્યું છે, તેને રોકનાર કોણ ? ઘરમાં પાંચ ભાઈ એકઠા થઇને બેઠા ત્યારે 'આરંભ-પરિગ્રહ નકામા છે' તેમ કોઇ એક ભાઈ બીજા ભાઇને કહે છે ? નાતીલા પાંચ એકઠા થાય ત્યારે 'વિષય નકામા છે' તે વાત થઇ ? ગામ દેશવાળા ભેગા થયા ત્યાં તે વાત કરી ? વર્તન તો બાજુએ રહ્યું પણ તે વાત પણ કયાં છે ? તેની વાત પણ કરતા નથી.

' વિષયકષાય નકામા છે ' એ વાત માત્ર બે જ સ્થાને. જિનેશ્વરના મંદિરમાં કે મુનિમહારાજસ્થિત ઉપાશ્રયમાં. આ બે સિવાય આરંભ-પરિગ્રહના ત્યાગની વાત જ કયાં ? દહેરાસર આગળ આરંભ-પરિગ્રહના નિવારણનું બોર્ડ, ઉપાશ્રયમાં પણ આરંભ-પરિગ્રહના નિવારણનું સ્થાન છે. ફકત દેવ અને ગુરુ બે જ, આરંભ-પરિગ્રહ નિવારણ કરનારા છે.

વિષય-કષાય, આરંભ-પરિગ્રહ એ ચાર દુર્ગતિના રસ્તા. એ દુર્ગતિના રસ્તા નિવારવાનું કહેનાર કોણ ? તે કહેનારા જગતમાં નથી. જિનેશ્વર મહારાજને પણ તે કહેવાનું-કહેવામાં વાર લાગી. તીર્થંકરોએ પોતે એ નિવારીને સાધુપણું લીધા, છતાં તે બીજાને કહેવા ન

બેઠા. કેવળ જ્ઞાન થયા પછી તે કહ્યું. હજાર વરસ પછી કેવળજ્ઞાન થાય તો ત્યાંસુધી કેમ ન કહ્યું?

જે મનુષ્ય પ્રવર્ત્તક હોય તેને અથથી તે ઇતિ સુધીની રજૂઆત કરવી પડે છે; ત્યારે તીર્થંકરો એટલે ધર્મના પ્રવર્ત્તક તેથી તેમને છેલ્લામાં છેલ્લું કેવળજ્ઞાનનું ફળ રજૂ કરવું પડે છે. આ જગતમાં તે કયારે યથાર્થ કહેવાય? પોતે આરંભ-પરિગ્રહ છોડી કેવળજ્ઞાન મેળવ્યું હોય તો જ તે ઉપદેશ દઈ શકે. તેથી તીર્થંકરો છદ્મસ્થપણામાં ઉપદેશ દેતા નથી. પણ કારણકાર્યનો સાક્ષાત્કાર કરાવવા માટે કેવળીપણામાં જ ઉપદેશ આપે છે.

પ્રવર્ત્તકોને-ફળ મેળવ્યા પછી ઉપદેશ દેવાનો રહે છે. આપણે તીર્થંકર મહારાજની પાછળ ચાલનારા અનુચરો, તેથી તેમનાં નામે કહી શકીએ. અનુચરો પોસ્ટમેનની રીતે કહી શકે. ટપાલમાં લાખ રૂપિયાનો ચેક આવ્યો. તે મોકલનારના નામે જમે થાય, પોસ્ટમેનના નામે જમે ન થાય. **આચાર્ય ઉપાધ્યાય, સાધુ એ તીર્થંકર મહારાજના પોસ્ટમેન. "જિનેશ્વર મહારાજે આમ કહેલ છે." એમ કહી આચાર્યાદિક ઉપદેશ આપે. તેમના વચનના અનુવાદ તરીકે ઉપદેશ આપે છે.** આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું કથન 'જિનેશ્વર મહારાજ કહે છે કે' એ પ્રકારે નીકળે.

કહેવાનું તત્ત્વ એ કે-વિષયાદિકમાં આ જીવ રગદોળાએલો હોવાથી-રહેવાથી તે તરફ-દુર્ગતિ તરફ જીવો દોડી રહ્યા છે, તેમને રોકનાર કોણ? દુર્ગતિમાં દોડતા જીવને રોકવાની દેવ-ગુરુમાં શક્તિ નથી. જો તેમનામાં એ તાકાત હોય તો એક પણ જીવને દુર્ગતિ તરફ દોડવા ન દેત. પોતાના આત્માને દુર્ગતિથી બચાવવાનું હોત તો કયારનીએ દુર્ગતિ બંધ કરી દીધી હોત. ત્યારે દુર્ગતિથી બચાવનાર કોણ? દુર્ગતિથી બચાવનાર ધર્મ.

તો દેવગુરુ શું કરે? ધર્મ દ્વારા દુર્ગતિથી બચાવે. આથી તેઓના ઉપદેશ દ્વારા આપણે ધર્મનું આલંબન લઇએ, તો દુર્ગતિથી બચીએ. એટલે તીર્થંકરો, ગુરુમહારાજ ધર્મદ્વારા દુર્ગતિથી બચાવે.

કુંભાર ઘડો બનાવે, પણ ચક્ર–પૈડું ફેરવ્યા વગર નહીં. ચક્ર કોરે મૂકી કુંભાર ઘડો બનાવી શકે? તીર્થંકરો અને જીવો હોય પણ ધર્મ ન હોય તો તીર્થંકરો બચાવી ન શકે.

જે સત્તામાં હોય તે સત્તાની વાત પ્રગટ કરી શકે. અનંત શક્તિનો અર્થ એ નથી કે ઊથલપાથલ કરવી. જબરો માણસ મલ્લ જેવો પણ થોરીયે હાથ ઘસવા ન જાય. અનંતી શક્તિવાળા પણ અધર્મનો ઉદ્ધાર કરવા ન જાય.

મૂળ વાત પર આવો. તીર્થંકર મહારાજા જગતનો ઉદ્ધાર કરે. ગુરુમહારાજ શ્રોતાનો ઉદ્ધાર કરે તે નિરપેક્ષ એકાકીપણે નહીં, પણ ધર્મદ્વારા ઉદ્ધાર કરે છે. દુર્ગતિ તરફ દોડી રહેલા જંતુને જે ધારણ કરી રાખે–અહીંથી દુર્ગતિ તરફ દોડી રહ્યા છે, તેવાને સદ્ગતિમાં સ્થાપન કરે તે ધર્મ.


દુર્ગતિના મહેમાન પ્રદેશી રાજાને ધર્મે કેવી રીતે સદ્ગતિમાં સ્થાપન કર્યો?

આપણામાં પ્રદેશી રાજાની કથા પ્રસિદ્ધ છે. પ્રદેશી રાજા કેશીકુમારના પરિચયમાં આવ્યો ન હતો ત્યાંસુધી તેના હાથ ૨૪ કલાક લોહીથી ખરડાયેલા રહે. દેવ–ગુરુ–ધર્મ કોઈને પણ નહીં માનનારો તેવા એ આત્માને કેશીકુમાર મહારાજનો સમાગમ થયો એટલે તે ધર્મમાં દૃઢ થયો. કાળ કરીને સૌધર્મ દેવલોકમાં સૂર્યાભ દેવતા થયો. એ જ પ્રદેશી રાજા નરકનો મહેમાન થવાનો હતો. તે દુર્ગતિનો મહેમાન થવાને તૈયાર થયેલો તેને બચાવી વૈમાનિક દેવતા ધર્મે બનાવ્યો. ધર્મદ્વારા તે ધર્મમાં આવ્યો ત્યારે કઈ સ્થિતિમાં આવ્યો? તે વિચારો.

પરિણતિ વિચારીએ ત્યારે વસ્તુ, વસ્તુગતે ઠરી ઠામ થાય. પ્રદેશીરાજા ધર્મમાં દોરાયો. એક વાર ધર્મમાં દોરાયા પછી ધર્મના કાર્યોમાં જ રસ પડે. નાટક–ચેટકમાં રસ ન હોય, તેથી નાટકાદિના રસીલા જીવો, હવે તે ધર્મમાં દોરાએલા પ્રદેશી રાજાને ખરાબ ગણે. મિથ્યાત્વીઓ સમકિતીને સારા નહીં ગણે. વિષયાદિકમાં રચેલા જીવો, પ્રદેશી રાજાને ખરાબ ગણે.

રાણી સૂર્યકાંતા પણ પ્રદેશી રાજા તરફ દ્વેષે ભરાઇ. એને એમ થયું કે–આ કરતાં તો તે મરી જાય તો સારું. જે રાચવા–માચવામાં જોડે રહેવાવાળી હતી તે રાણી, પ્રદેશીને ધર્મની પરિણતિ થઈ ત્યારે 'તે મરી જાય તો સારું.' એ દુર્ભાવનામાં આવી ! એટલું જ નહીં પણ એને મારું–મારી નાખું એ વિચારે તેને ઝેર ખવડાવ્યું. રાણીએ ધણીને ઝેર આપ્યું ! શું કામ ? વિષયકષાયના સંતોષ ખાતર. એ આડે હોય ત્યાં સુધી પોતાના વિષય સ્વેચ્છાથી પોષાય તેમ નથી. ત્યારે રાજાને ઝેર ઉતારવાનો મણિ લાવવામાં આવે છે, રાણી એ દેખે છે. તેને થયું કે–'ધમ્યું સોનું ધૂળમાં જશે.' એટલે તરત જ મૂર્ચ્છામાં પડેલ પ્રદેશીરાજા પાસે આવી, ઘૂમટો કરી તેની ઉપર પડી અને નખ ગળે દીધો ! જે વખતે ઝેર દીધું ખબર પડે તે વખતે પ્રદેશીને શો વિચાર થાય ? નખ દઈને મારે છે તે વખતે પ્રદેશી રાજા શો વિચાર કરે છે ?

તે કપરી પળે ધર્મ પામેલો રાજા, વિચારે છે કે–' જગતના સર્વ જીવોને ખમાવું છું સૂર્યકાંતાને વિશેષે ખમાવું છું ?' હવે અહીં વિચારો....તે વખતે એ જીવ કઈ પરિણતિએ આવ્યો હશે ? આ નવો આસ્તિક છે, જન્મનો આસ્તિક નહીં. આપણે જન્મના આસ્તિક છતાં આ પરિણતિ આપણામાં છે ? ધર્મનો જ પ્રભાવ કે જે દુર્ગતિને રોકી શકે ને સદ્ગતિમાં સ્થાપી શકે. એટલા માટે તે ક્રિયા–અનુષ્ઠાન–પરિણતિનું નામ તથા ભાવનું નામ 'ધર્મ' રાખ્યું. ભવિષ્યની જિંદગી ન જ બગાડવી જોઈએ, તેવા સદ્વિચારથી દરેકે ધર્મનું સાધન અપનાવાની જરૂર છે. તેવી રીતે જે આચરશે તે કલ્યાણ પામી આત્મા મોક્ષસુખને વિશે બિરાજમાન થશે.



શાસ્ત્રની શ્રેષ્ઠતા

દેશના ૩૮

(૨૦૦૦ પોષ વદી ૧૪ સોમવાર. જાનીશેરી, વડોદરા.)

एवं सद्वृत्तयुक्तेन, येन शास्त्रमुदाहृतम् ।
शिववर्त्म परं ज्योतिस्त्रिकोटीदोषवर्जितम् ॥

ત્રિકોટિ દોષ રહિત શાસ્ત્ર

શાસ્ત્રકાર મહારાજ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં જણાવે છે કે– આ જગતમાં કોઇ પણ દર્શન–મત–ધર્મ, ત્રણ તત્ત્વોને માન્ય સિવાયનો હોતા નથી. દરેક દર્શન–મત–ધર્મવાળા ત્રણ તત્ત્વને માનવાવાળા જરૂર હોય.

દેવ, ગુરુ અને ધર્મ–આ ત્રણ તત્ત્વને દરેક ધર્મવાળા–દર્શનકારો મતવાળાઓ માને જ છે, તો પછી દર્શનનો–ધર્મનો–મતોનો પરસ્પર ભેદ કેમ ? દેવ નામથી દેવને, ગુરુ નામથી ગુરુને, ધર્મ નામથી ધર્મને દરેક દર્શનકારે માન્યા, પણ તેનાં લક્ષણો પોતે કલ્પિત કરી દીધાં. આવા હોય તેને આવા દેવ, ગુરુ ધર્મ માનવા, આમ જુદા જુદા લક્ષણો કલ્પીને જૂદા જૂદા દેવગુરુધર્મની માન્યતા કરી. દેવ–ગુરુ–ધર્મ ત્રણ શબ્દને અંગે દર્શન કે મતમાં મતભેદ નથી, પણ લક્ષણમાં ફરક પડે ત્યારે દેવગુરુધર્મ જુદા પડે.

સોનાનું લક્ષણ કરતાં કસોટી પર પરીક્ષા થાય, ચળકતું દેખાય તે સોનું, તો લીંપણ પણ ઘસાઇને ચળકતું થાય.–શું તેને પણ આપણે સોનું કહેવું ? નહીં. સોનું, પિત્તળ, ચાંદી ઘસાઈને ચળકે તેથી સોનાનાં તે લક્ષણ પિત્તળ કે ચાંદીમાં પણ આવી જાય ? યાવત્ પથ્થરમાં, આરસમાં ઘસવાથી ચળકતાપણું આવે છે માટે ' ઘસાયને ચળકે તે સોનું ' એ લક્ષણ ખોટું છે. જેણે ખોટું લક્ષણ લીધું, તેને પદાર્થ ખોટો જ મળે. સાચું લક્ષણ ન લે ત્યાં સુધી સાચો પદાર્થ મળી ન શકે.

હિંસાદિકથી પાપ, તેની નિવૃત્તિથી ધર્મ, એ સર્વકાળ અને ક્ષેત્રમાં સિદ્ધ ચીજ છે.

જૈનો અને બીજાઓ દેશમાં ફરક કયો રાખ્યો? બીજાઓ દેવને માનવામાં લક્ષણ શું આગળ કર્યું? ભાઈનો છોકરો આંક લખતો હોય ને તે ૧૬×૫=૯૫ બોલે તો આંખ ફાટી જાય. પાંચ પચીશના ફરકમાં આંખ ચડી જાય છે, પણ એ જ એમનો છોકરો 'ઓ....ઈશ્વર તું એક છે. સરજ્યો તેં સંસાર' એમ બોલે ત્યારે આંખ કેમ નથી રડતી? ૧૬×૫=૮૦, નખથી શીખા સુધી પરિણમ્યું છે. ઈશ્વર પરિણમ્યો નથી. બીજા મતોએ ઈશ્વરપણું રજીસ્ટર કર્યું છે. એમનાં શાસ્ત્રો, પુસ્તકો અથથી તે ઇતિ સુધી જાણી લો કે–એક વખત જીવને ઈશ્વર થવું હોય તો તેના શાસ્ત્રમાં તે માટેનો કોઈ ઉપાય છે? ના જ કહેશો. તેમના શાસ્ત્રોમાં તેમને ઈશ્વર થવાનો ચાન્સ નથી, કેવળ જૈન દર્શનમાં જ પોતાને ઈશ્વર થવાનો ચાન્સ છે. અહીં ઈશ્વર, ઈશ્વરપણું રજીસ્ટર કરતો નથી.

જૈન દર્શન કહે છે કે–હું ઈશ્વર થયો છું અને તમે પણ થઈ શકો છો. લાયક જીવને ઈશ્વર થવાનો અધિકાર સોંપતું હોય તો જૈન દર્શન જ સોંપે છે. જૈન સિવાય બીજો કોઈપણ મત ઈશ્વર થવાને અંગે છૂટ આપતો નથી. આગળ ચાલીએ. ઈશ્વરપણું જૈનોએ અને અન્યોએ કયા રૂપે માન્યું? તે બંનેની માન્યતામાં માત્ર ત અને ન જેટલો જ ફરક છે.

જૈનોએ ઈશ્વરને 'બતાવનાર' અને અન્યોએ 'બનાવનાર' માન્યા છે. અન્ય મતવાળાએ જગતને જેણે બનાવ્યું તે ઈશ્વર, જૈન દર્શને 'જગત તો અનાદિસિદ્ધ છે,' તે જગતને જેણે બતાવ્યું તે ઈશ્વર. ઈશ્વર–તીર્થંકર થયા ન હતા, તે પહેલાં પણ પુણ્યનાં કારણથી પુણ્ય થતાં ન હતાં તેમ નહીં–તેમ પાપ વગેરે પણ હતાં જ અને થતા હતા. પણ તે વખતે દયા પાળો, હિંસા કરો તેથી પુણ્ય લાગતું ન હતું, અને હવે દયાપાલનથી પુણ્ય લાગે છે તેમ નથી. હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ કરનારને પહેલાં પણ પાપ લાગતું હતું જ અને તીર્થંકરો થયા પછી પણ પાપ લાગતું જ હતું.

તીર્થંકરોએ નવો કાયદો કર્યો નથી. ત્યારે કહો કે–સર્વકાળે, સર્વક્ષેત્રે, સર્વે અવસ્થાએ તપાસીએ તો હિંસાદિક કરનારને પાપ લાગતું હતું, લાગે છે અને લાગશે. આ વસ્તુ નિત્ય હતી ત્યારે તીર્થંકર પહેલાં અને પછી પાપમાં શું ફરક ? ત્યારે તો હીરો હાજર હતો. પણ દીવો ન હતો ત્યાં સુધી હીરો અને કાંકરામાં ફરક ન હતો. જ્યારે દીવો થાય ત્યારે બંનેનો ફરક જણાઈ આવે. દીવો, હીરાને હીરારૂપે અને કાંકરાને કાંકરારૂપે ઓળખાવે. તેવી રીતે તીર્થંકર પહેલાં પણ પુણ્ય–પાપ–અધર્મ થતાં હતાં' માત્ર જગતના જીવો ધર્મપુણ્યનાં કામોને ધર્મ–પુણ્યરૂપે જાણતા ન હતા તે તીર્થંકર મહારાજાએ બતાવ્યા.

તમારા ઈશ્વરે 'તેની પહેલાં જીવોને પાપ લાગતું ન હતું, અને પછી લાગતું કર્યું ? તેમજ હિંસા ન કરે તો પણ પાપ લાગતું હતું, તે બંધ કર્યું ?' કર્યું શું ? હિંસાદિકથી પાપ થવું તે સર્વકાળે–ક્ષેત્રે સિદ્ધ ચીજ હતી.

છતાં ખબર ન હતી. દીવો થયો અને આપણને માલૂમ પડ્યું–પરમેશ્વર થયા તેણે આપણને જણાવ્યું કે–' હિંસાદિકની પ્રવૃત્તિથી પાપ થશે, અને તેની નિવૃત્તિથી દુઃખી નહીં થાવ' તેમ બતાવ્યું.

બીજા મતવાળાએ ઈશ્વરને કયી જગ્યા પર સ્થાન આપ્યું ?

બીજા દર્શનકારોએ ઈશ્વરનું ઈશ્વરપણું ' બનાવ્યું ' તેમાં નાંખ્યું. ઈશ્વરને કયી જગ્યા પર રાખ્યા ? જંગલીમાં જંગલી પ્રજા, ગુનાને અંગે બાળકને સજા લાયક ગણતી નથી. એક નાનો બાળક કોઈકિ બાઈના વાળ ખેંચે તો કોઇ તેને ધોલ મારે ? તે તમારી ટોપી પાડી નાખે, તો ગુનો ગણી તેને સજા કરો છો ? ના. કેમ ? બાળક અજ્ઞાન છે. તે શું સમજે ? વ્યવહારમાં અજ્ઞાનીના ગુનાઓ શિખામણ–નિવારણપાત્ર રહે છે, સજાપાત્ર હોતા નથી, તો ઈશ્વરની અપેક્ષાએ આપણે અજ્ઞાની છીએ.' ઉતરતી હદે છીએ. આપણી અપેક્ષાએ બાળક ઉતરતી હદે છે, તો ઈશ્વર બાળકને સજા કરે તો ઈશ્વરને કેવો ગણવો ?

દુનિયાદારીની આટલી સમજણ ઓછી હોય તો કાયદો તેને સજાપાત્ર ન ગણે. ૧૪ વરસની અંદરનાને ગુનેગાર ગણવા કે નહીં ? તે મેજીસ્ટ્રેટે વિચાર કરવાનો હોય છે. સમજણવાળો હોય તો જ તે ગુનાની સજા કરે. કાયદાએ ૭ વરસ પછી સમજણ માની છે. આપણે ધર્મનાં કામમાં બાળક શું સમજે? તેમ કહીએ છીએ, કાયદા-એ, ૭ વર્ષ પછી સમજણ છે, તેમ માનેલ છે,

મૂળ વાત પર આવીએ.કાયદાએ સાત વરસની ઉંમર પહેલાંનો ગુનો ન ગણવો. જગતે બાળકોના કાર્યને ગુના ગણવાનું ન રાખ્યું, તો ઈશ્વર એવો અજ્ઞાની કે બાળકને સજા કરે ! ઈશ્વરના જ્ઞાનની અપેક્ષાએ આપણા જ્ઞાનમાં કરોડગણું અંતર છે, તો આપણા કૃત્યને ઈશ્વર ગુનાનું કૃત્ય શી રીતે માને ? અને સજા શી રીતે કરે ?

ગર્ભમોત, જન્મતાં મોત, તે અમલ ઈશ્વરની સજાનો છે ને ? જે ઈશ્વરને કર્ત્તા માનનાર છે, તેની તે તે સજા ઈશ્વરે કરીને ? બચપણમાં રોગો, આંધળા, લૂલા, લંગડા થાય તે જો ઈશ્વરે કર્યું, તો ઈશ્વરની દશા કેવી ગણવી ? બાળકોને વધારે સજા-દંડ કરે તો તે ઈશ્વરને કેવો ગણવો ?

એક જ જૈનદર્શન એવું છે કે–જીવોનાં કૃત્યોની જવાબદારી-જોખમદારી જીવોને જ માથે. તમારી શુભ–અશુભ કૃત્યની જોખમદારી-જવાબદારી સાથે ઈશ્વરને સંબંધ નથી. તેમ માન્યતા ધરાવતું હોય તો તે માત્ર જૈન દર્શન જ. પાંચ હજાર અવળા થયા, તો ઠપકો મુનિમને, તેમાં જવાબદારી મુનિમની, પરંતુ જોખમદારી શેઠની બીજા દર્શનકારોએ જવાબદારી–જોખમદારી કાઢી નાંખી.

પુણ્યપાપના કારણે સુખ દુખ થાય છે; નહીં કે ઈશ્વરના કરવાથી

પોતાને દુઃખ થવાનું તે દૂર કરવામાં અજ્ઞ, અનીશ–અસમર્થ છે. ઈશ્વરની પ્રેરણાથી દુઃખ થાય. પતંગને ખેંચે તેમ તે જાય. બાળકો દોરા દ્વારા પતંગને ખેંચે, તેમ ઈશ્વર જીવને દેવલોક કે નરકમાં મોકલી દે ! કેવી વાત ? પોતાનાં કર્તવ્યોની જવાબદારી કયાં છે ? તેઓ

બચાવમાં કહે છે કે–" દુનિયામાં ગુનો કરનાર પોતાની મેળે જેલમાં જતો નથી. ગુનો કરનારને સજા આપનાર ન્યાયાધીશ જોઈએ, શીરપાવ આપનાર પણ જોઈએ. સારું કામ કરનારને શીરપાવ આપનાર શેઠ કે રાજા જોઈએ, માટે દુઃખની સજા, સારાં કામનો શીરપાવ આપનારની જરૂર. "

તેઓએ કુયુક્તિ વળગાડી છે, જેમાં ભોળા લોકો ફસાઈ જાય છે. 'આપણે પાપ કર્યું તો તે ભોગવનાર તો જોઈએને ?' એમ કહી તે કુયુક્તિમાં મત્તું મારે છે, પરંતુ ખબર નથી કે મહાનુભાવ, તમે સાકર ખાધી તે સાકરની મીઠાશ એની મેળે થઈ કે બીજો કોઈ દેવા આવ્યો ? ત્રિફલા હરડે ખાધી ને જાજરૂ થવાનું થયું, મરચાં ખાધાં ને બળતરા થઈ, તો મરચાં તમે ખાધાં ને બળતરા બીજાઓને થાય? માટે સ્વભાવ વિચારો. સાકરનો સ્વભાવ છે કે–મીઠાશ લાગે.

આ પદાર્થોના સ્વભાવ છે–તો પુણ્યપાપના સ્વભાવ હોય તેમાં નવાઈ શી ? શરદી, એ પણ સ્વભાવ છે. ન્યૂમોનિયા થયો તો પરમેશ્વરે કર્યો. એ રીતિમાં જાવ તો જગતમાં પાપ જેવી ચીજ નથી. જલ્લાદ સેંકડોને ફાંસી દે છે, તો તે બદલ જલ્લાદને કેમ ફાંસી નથી દેતા ? કહેવું પડશે કે–તેને તો કોર્ટના હુકમથી ફાંસી દેવી પડે છે. મનુષ્યવધ તો કરે જ છે. મનુષ્યવધ તો કરે જ છે પણ તેમાં સદોષ મનુષ્યગુનેગાર જલ્લાદ નથી, માટે તેને નથી મારતા કે નથી ફાંસી દેતા. જલ્લાદ નોકરીએ રહ્યો છે–નોકરીના પૈસા લે છે, ત્યારે મનુષ્યવધ કરે છે. જલ્લાદ જે મનુષ્યવધ કરે છે તેને સદોષ મનુષ્યવધ નથી કહેતા.

કોર્ટમાં કોઈ–કોઈના હુકમથી કોઈને મારે છે, તેને ઈશ્વરે પ્રેર્યો તો તેને પાપ શાનું ? કાં તો સુખદુઃખ જીવોની પ્રવૃત્તિથી સ્વતંત્ર થાય છે, કાં તો એ ગૂનેગાર નથી તેમ માનો–પછી પાપ જેવી ચીજ નથી, માટે પદાર્થના સ્વભાવને ઓળખીને ચાલવામાં આવે તો સહેજે સમજાશે કે પુણ્યનો સ્વભાવ છે કે–તે સુખનાં સાધનો મેળવી આપે છે. તેવી જ રીતે પાપ, દુઃખનાં સાધનો મેળવી આપે છે.

તેમાં વચમાં કોઈને આડે આવવાનું હોતું નથી, પરંતુ એટલેથી નહીં અટકતાં આજ વૈજ્ઞાનિક રીતે પ્રયત્નથી બનવાવાળા પદાર્થને પણ ઇશ્વર માથે ચડાવવામાં આવ્યા છે.

લૂણના અગરમાં લોઢું નાંખીએ તો તે લોઢું મીઠારૂપ થઈ જાય છે. કોલસાની ખાણમાં રેતી નંખાય તો અમુક વર્ષે–૮૦–૯૦ વર્ષે કોલસો થાય છે. આત્મીય ઉપકારથી ઈશ્વરનું ઈશ્વરપણું રાખ્યું હોય તો તે માત્ર જૈનદર્શને જ. મારો આત્મા પુણ્યપાપના માર્ગો સમજતો ન હતો, તે હવે સમજીને પ્રવૃત્તિ–નિવૃત્તિવાળો થયો. ભગવાનનો ઉપદેશ થયો, પુણ્ય, આત્માનું સ્વરૂપ સમજાવ્યું ત્યારે આત્મા પાપના માર્ગને છોડવા લાગ્યો. આત્માનાં સ્વરૂપને સમજી આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે તૈયાર થયો.

એ રીતે જૈનોએ આત્મીય વસ્તુને સમજાવનાર તરીકે દેવ માનેલ છે. જન્મ આપ્યો છે, સૃષ્ટિ, પૃથ્વી, પાણી બનાવ્યાં છે તે રીતે તે ઈશ્વર નથી માન્યા પણ આત્માના પાપ–પુણ્યનાં સ્વરૂપ સમજાવી યોગ્ય માર્ગ બતાવ્યો તેને લીધે દેવ માનેલા છે.

મૂર્તિ, ચરિત્ર અને વચનદ્વારાએ દેવની પરીક્ષા

વર્તમાન કાળમાં સહુના પરમેશ્વર સંતાયેલા છે. મુસ્લિમ, ક્રિશ્ચિયન, શૈવ, વૈષ્ણવ કે જૈન ગમે તે હો, સર્વેના પરમેશ્વર સંતાયેલા જ છે.પરમેશ્વર હાજર હતા ત્યારે પરમેશ્વરની પરીક્ષા કરી માનતા હતા, પરંતુ આ વર્તમાનકાળ તે બધા પરમેશ્વરની ગેરહાજરીનો કાળ છે. હવે પરમેશ્વરને પિછાનવા શાથી ? તે માટે જણાવ્યું કે–જેમ પરોક્ષ પદાર્થને ચિહ્ન દ્વારા જાણી શકીએ, સામા ઘરમાં ચૂલો સળગ્યો જોતા નથી, પણ ધુમાડા જોવાથી ચૂલો સળગ્યો હોવાનું નક્કી કરી શકીએ. પરોક્ષ એવો અગ્નિ ધુમાડા દ્વારા નિશ્ચિત કરી શકયા. તેમ પરોક્ષ એવા પરમેશ્વરનો પણ ચિહ્ન દ્વારા નિશ્ચય કરી શકીએ.

પરમેશ્વરને ઓળખવાનાં સાધનો કયાં !

તેમની મૂર્તિ, ચરિત્રો અને વચનો.

આ ત્રણ પરમેશ્વરની પરીક્ષાનાં સાધનમાં ઊંડા ઉતરીએ તો પરમેશ્વરનો નિશ્ચય કરી શકીએ. મૂર્તિ, વર્તાવ અને વચનો કેવાં હતાં તે બતાવે કોણ ? શાસ્ત્રો મૂર્તિનાં સ્વરૂપનો નિર્ણય, તેમના વર્તાવનાં શુભાશુભપણાનો નિર્ણય, શાસ્ત્રના આધારે કરે; માટે ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ, દેવતત્ત્વની પરીક્ષામાં એમનું રાગદ્વેષ અને અજ્ઞાન રહિતપણું-નિશ્ચિત મોક્ષે જવાપણું આ બધું જણાવીને એ અનુસારે મૂર્તિની સ્થિતિ જણાવીને દેવપણું દૃઢ કરે છે. તેવા વીતરાગદેવની મૂર્તિની સ્થિતિમાં અવતાર અને ઈશ્વર બન્ને માનનારા છે. અન્ય મતવાળા પણ તેવા છે. જૈનો અવતારમાંથી ઈશ્વરપણું થયેલું માને છે, જ્યારે બીજાઓ ઈશ્વરમાંથી ઊભો થયેલો અવતાર માને છે. હવે જ્યારે અવતારમાંથી ઈશ્વર ઊભો થાય ત્યારે વર્તન કયું કરવું પડે? અવતારમાંથી ઈશ્વર થવાવાળાને આત્માની ઉજ્જવળતા તરફ જવું પડે.

નિસરણી ચડવાનું સાધન પણ કૂવાની નિસરણી હોય તો ?

માયામાંથી નિર્માય તરફ જવાનું થાય. અન્યોને ઈશ્વરમાંથી અવતાર થાય ત્યારે શું બને? માયા રહિતપણામાંથી માયા તરફ ધસવાનું હોય. કર્મમાંથી કોઈ કર્મ રહિત થાય અને કોઈ કર્મ રહિતમાંથી કર્મ સહિત થાય. આપણો આદર્શ કયો ? આપણે કર્મવાળામાંથી કર્મ રહિત થવું છે. દરેક ધર્મિષ્ઠ કબૂલ કરશે કે-આપણો આત્મા કર્મથી લેપાએલ છે. તેમાંથી કર્મ રહિત થવા માગીએ છીએ, તો તેમાં આલંબન કેવું જોઈએ?

કૂવાની નિસરણી માળ નહીં ચઢાવે. કૂવાની નિસરણી નીચે ઉતારે. મહેલની નિસરણી માળ ઉપર ચઢાવે. નિસરણીનું અવલંબન લીધું, છતાં નીચે ઉતરવાનું થાય. મહેલની નિસરણીનું અવલંબન લઈએ, તો માળ પર ચઢાય. આત્માને પાપ રહિત કરવો છે, તો આપણે આદર્શ કયો ધરવો જોઈએ ? જે આદર્શમાં કર્મની મુક્તિનું સ્થાન હોય તે જ આદર્શ આપણી આગળ ધરી શકાય.

દેવનાં બાહ્ય લક્ષણો

જૈન મતવાળાઓ કહે છે; બીજું બધું ચાહે તે કરો. માટીની, રૂપાની

સોનાની, હાથીદાંતની, માણેકની, પન્નાની મૂર્તિ બનાવો પણ **પ્રશમ રસપ્રનિમગ્નં દૃષ્ટિયુગ્મ પ્રસન્નં** રૂપ કયાંથી લાવો ? આખા શરીરનું બાહ્ય–અભ્યંતર ટેમ્પરેચર માપી આપનાર આંખો છે. મનુષ્યની ચાલાકી –ભાગ્યશાળીપણું જોવું હોય ત્યારે આંખ. હર્ષમાં, વિકસ્વર–શોકમાં પાણી મૂકતી હોય તો આંખ. આંસુ માત્ર આંખમાં જ કેમ આવ્યા ? આખા શરીરને અંગે બાહ્ય પ્રકૃતિ મળવાનું યંત્ર ચક્ષુ, માટે પ્રથમ દેવનું સ્વરૂપ જણાવતાં દેવ ચાહે તેના કહો, પરંતુ જો નિર્માયપણા માટે, કર્મજાળથી મુક્ત દેવ લેવા માટે પ્રથમ દૃષ્ટિ પ્રશમ રસમાં નિમગ્ન હોવી જોઈએ. મુખકમળ પ્રસન્ન હોય. ક્રોધ, દીનતા, શોક કંઈ પણ મુખ પર ન હોય.

મુખ એ આત્માનો અરીસો છે, માટે તે વદનકમળ પ્રસન્ન હોય. દેવની આવી સ્થિતિ જણાવી. એ રીતે દેવની જેમ બાહ્ય સ્થિતિ ઓર હોય, એમ અંતર સ્થિતિ પણ ઓર હોય. એમ **નહીં** હોત તો ગૃહીલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ વગેરે માનવાનું હોત જ નહીં. એ રીતે સિદ્ધ થએલા આત્માઓને મુનિલિંગને બદલે બીજું લિંગ છતાં જેને દેવ–તીર્થંકર માનીએ તેને અંગે તો અન્યલિંગ નહીં જ.

અનંતો કાળ ગયો–જાય છે અને જશે, પણ અચળ નિયમ છે કે–તીર્થંકરો, સાધુપણાના લિંગ સિવાય ન હોય. **તીર્થંકરો સાધુપણા વાળા જ હોય**, તેથી તે દેવનો અંક (ખોળો) કામિનીશૂન્ય હોય. પૃથ્વીચંદ્ર ગુણસાગર ચરિત્રમાં હાથ પકડી ફેરા ફરે છે. આઠ સ્ત્રીઓ ફેરા ફરે છે. સંસારભ્રમણના કારણમાં શું ઓછું છે ? તે ચોરીમાં ફેરા ફરે છે, ત્યાં કેવળજ્ઞાન થાય છે. આમ કેવળજ્ઞાન પામનારા, અન્યલિંગે સિદ્ધ થનારા, બીજા જીવો હોય, પણ જેને જિનેશ્વરો માનીએ છીએ, તે તો બીજા લિંગે કેવળ ન પામે કે બીજા લિંગે મોક્ષે ન જાય, સર્વકાળે–ક્ષેત્ર એક નિયમ કે **તીર્થંકરો સ્વલિંગે જ અથવા સાધુ લિંગમાં જ કેવળ વરે**, ત્યાગી થાય અને મુક્તિ પામે. લિંગ વગર કેવળ વરે જ નહીં. સ્ત્રીના સંસર્ગથી રહિત ખોળાવાળા કેટલાક કાયર પણ હોય; પણ આ તેમ નથી, સમર્થ છે, છતાં

युग्मं शास्त्रसंबंधबंध्यः ? કોઇપણ હાથમાં શત્રુના સંહાર માટે સાધન–ઓજાર–હથિયાર રાખવું તે પણ નહીં. આ જેમાં હોય તેને જ આપણે પોતે માયાવાળા છતાં તેને માયાથી મુક્ત થએલા ગણીએ છીએ.

મનુષ્યહાજરી માત્ર–મૂર્તિ, હજારો વર્ષો સુધી ઉપકાર કરી શકે.

આપણે પણ માયાથી મુકત થવાની ઇચ્છાવાળા હોઈ એ તો આપણે એવા થવા માટે તેવા દેવની મૂર્તિ આપણે માટે આદર્શ છે. મિસ્ત્રી પાસે મકાન બાંધવામાટે પ્લાન કે નકશો હોય તેમ આપણે પણ જિનેશ્વરની મૂર્તિ આપણા આત્મા માટે પ્લાન–નકશો છે, આદર્શ છે. કુમતિની આ સામેય દલીલ છે કે–"તમારા પરમેશ્વરનો આકાર તમે બીજાનું હલકું દેખાડવા માટે સારો કર્યો છે. જેમ કે–માણસ ગૃહસ્થ હોય છતાં પણ પોતાના પ્રતિબિંબનું પરાવર્તન કરી ફોટો પડાવે છે. એક માણસ પોતે અનેક રૂપે ફોટો પડાવી શકે છે. એક જ મનુષ્યના કેટલા બધા આકારો હોય છે. ?" પણ તેના તેના જવાબમાં કહેવું જોઇએ દેવનો કે તેવો આકાર કરવાનો પ્રતિબંધ કોણે કર્યો હતો ?

વાત તો એ છે કે–સંગે રામા અને હાથમાં શસ્ત્ર હોવાનું પ્રસિદ્ધ હતું, પછી તેનો આકાર અન્યો કયાંથી બનાવે ? જગત મૂર્તિને દેખે છે. મનુષ્યને પ્રત્યક્ષ હાજરીમાં દેખે જ્યારે મૂર્તિને સેંકડો–હજારો વર્ષો સુધી દેખે ! આથી મૂર્તિ હજારો વર્ષ ઉપકાર કરે છે. પરમેશ્વર એક ક્ષેત્રમાં એક કાળ ઉપકાર કરે છે, **વિદ્યમાન તીર્થંકરો મનુષ્યના પણ પરિમિત ક્ષેત્રમાં ઉપકાર કરે છે, જ્યારે તેઓની મૂર્તિ, સર્વ ક્ષેત્રો અને ત્રણેય ભુવનમાં ઉપકાર કરે છે !**

પરમેશ્વરની મૂર્તિ, સર્વ ક્ષેત્રમાં અને સર્વકાળ ત્રણેય ભુવનમાં ઉપકાર કરે છે. દેવલોકમાં–પાતાળમાં–તીર્થંકરો થયા નથી, છતાં ત્યાંના દેવો અને નારકીઆને સાચા દેવત્વનું ભાન મૂર્તિથી થાય છે. મનુષ્યલોકમાં સર્વ કાળ તીર્થંકરો હોતા નથી, છતાં તેનું ભાન કરાવનાર મૂર્તિ છે, એ જ કારણથી સાધુઓ દર્શન–પૂજના પચ્ચક્ખાણ આપીને કડવા ઘુંટડા ઉતરાવે છે.

પરમેશ્વરની શ્રદ્ધા રાખવા માટે તમારી પાસે સાધન હોય તો માત્ર મૂર્તિ જ. પ્રભુમૂર્તિ જ આદર્શ છે. તમારો આત્મા બનાવવા માંગો છો, તેવું રૂપ દેખી લો.

મૂર્તિની જેમ ફોટામાં એક નિયમ નથી. માણસ, જેવો હોય તેવો જ ફોટો પડાવાય, એવો નિયમ નથી. વિદૂષકો, અનેક પ્રકારના નવનવાં વેષો પહેરીને અને વિવિધ આકૃતિઓ ધરાવીને છબીઓ પડાવે છે, પુરુષ, સ્ત્રીના આકારમાં છબી પડાવે છે. છબીથી નક્કી ન થઈ શકે કે–તે આ જ માણસ છે. દેવ, ક્રોધ વગેરેવાળા ન હોય, તેટલા માત્રથી દેવત્વનો નિશ્ચય ન કરાય. તેટલા માટે તેમનાં વચનો જોવાનાં કે–જે છાયા પાડનારી ચીજ છે. વચન બોલનારનું શરીર કીકીમાં આવે છે તેમ નહીં–બોલનારની છાયા પણ પડે છે. તેમ નહીં, પણ તેમના વચનથી તેમનું આખું જીવન આપણા કાળજામાં આવે. 'ડાહી સાસરે જાય નહીં ને ગાંડીને શિખામણ દે,' એમ નહીં.

કયા વક્તાનું વચન શ્રોતાને અસર કરે ?

સાંભળનારના કાને વક્તાના શબ્દો આવે, આંખમાં વક્તાની તસ્વીર આવે. તેવી જ રીતે સાંભળનારનાં હૃદયમાં વક્તાનું જીવન આવે. તે ત્રણે શ્રોતા ઉપર એક રૂપે આવે તો જ શ્રોતાને વક્તાનું વચન અસર કરે. જ્યાં સુધી આ ત્રણ એકરૂપ ન થાય ત્યાં સુધી વક્તાના વચનની અસર ન થાય.

નાટકીયા ચાહે જેટલાં વૈરાગ્યવચનો કહે, તેથી કોઇ દીક્ષા નથી લેતું. કેમકે–તેનું તે બોલવું ભાડૂતીપણાનું છે, તેથી અસર થતી નથી. દેવનું સ્વરૂપ–વર્તન, મૂર્તિદ્વારા વિચારીએ તેમાં મુખ્ય આધાર કયો ? શાસ્ત્ર. એ જ મૂર્તિની શંકા ટાળનાર–એ જ દેવનાં સાચાં જીવનને જણાવનાર. તેટલા માટે હરિભદ્રસૂરિજી મહારાજ, "જેઓમાં મોહ, રાગ અને દ્વેષ એ ત્રણે રહિત, સદ્વર્તન હતું અને જેઓએ શાસ્ત્રદ્વારા આ જગતને ધર્મમાર્ગ–કલ્યાણનો રસ્તો બતાવ્યો." એમ અષ્ટકજીમાં કહે છે. શાસ્ત્ર કેવું ? વકીલ કે બારીસ્ટરની ઓફિસ આગળ બોર્ડ, કેસની સલાહનું હોય, દાક્તરના દવાખાના પાસે

દવાનું બોર્ડ હોય, તેમ જિનેશ્વરે કયું બોર્ડ લગાવ્યું ? ' જેણે મોક્ષમાર્ગ લેવો હોય તેણે મુલાકાત લેવા પધારવું.' આ જીવને આત્માનો રસ્તો બતાવનાર–એ વાત કરનાર આ જગતમાં બીજા કોઇ નથી. સગાં–વહાલાં–જ્ઞાતીલા–ગામવાળા–દેશવાળામાં કઈ જગ્યા પર આતમરામની વાતો કરે છે ? તે સ્થાન હોય તો માત્ર જિનેશ્વર ભગવાનના શાસનમાં જ. શાસન એટલે મોક્ષનો રસ્તો.

ત્રણ દોષ રહિત શાસ્ત્ર.

કેટલીક વખત રસ્તા સુંદર હોય, ધજાવાળા હોય પણ તેનો છેડો જંગલમાં હોય. તેવું આ માર્ગ માટે નથી. શાસ્ત્ર, એ મોક્ષનો રસ્તો હોવાનો દાવો કર્યો, એ સાથે પરમ જ્યોતિરૂપ થવાનાં સાધનો પણ તેમાં કહેલાં છે.

પ્રશ્નઃ–જીવો, દરેક કાળમાં મોક્ષે જવાના, તો ત્યાં સંકડામણ નહીં થાય ?

ધ્યાનમાં રાખવું કે–દીવાનાં અજવાળામાં સંકડામણ દેખી ? ના. કેમ ? કહો કે–અજવાળું પ્રસરવાવાળું છે. તે અનેક દિવાનું એક જ જગ્યામાં વ્યાપીને પ્રસરે, પણ એકેય દિવાનું અજવાળું સ્વતંત્ર જગ્યા નહીં રોકે.

તેવી જ રીતે ચિદાનંદસ્વરૂપ આત્માઓ, ભલે એક જ જગ્યામાં સાથે અનંતા રહેઠાણ કરે, પણ જગ્યા રોકનાર નથી. તેથી સિદ્ધશિલા પર સંકડામણને સ્થાન નથી. તેવી જ જ્યોતિરૂપ શાસ્ત્ર છે. તે કેવું છે ? ત્રણે પ્રકારના દોષોથી રહિત છે. કેટલાક કહેવામાં સારું બોલે છે ગુનેગાર સાબિત થએલો પણ એથી કહે છે કે-'હું તો બીનગુનેગાર મને જાહેર કરું છું.' વચન માત્રથી સહુ સારા બનવા તૈયાર છે.

કોઇપણ હેવાનિયતવાળો ધર્મ માનનારા નથી. આથી દરેક ધર્મ દયા પાળવાની વાત તો કરે છે, પણ દયા પાળવાનાં સાધનો કયા જણાવ્યાં છે ? એમ પૂછશો, તો તે અન્ય ધર્મવાળા કહી નહીં શકે. શ્રાવકને ત્યાં ગરણાં–પૂંજણી–ચરવળા નીકળશે. ઓઘા–ડંડાસણ–ચરવળી સાધુ પાસે નીકળશે. બીજા દર્શનોવાળા પાસે તે નહીં નીકળે. કેમ ?

અન્યોએ દયા પાળવાની કહી પણ દયાનાં સાધનો ન બતાવ્યાં. જૈનો દયાનાં સાધનો માનવાવાળા-દયાના આચારો ગણવાવાળા કેમ? તેનાં શાસ્ત્રો ઈર્યા-ભાષાસમિતિ બતાવનારાં છે.

દયાની વાતો કરે પણ જીવનું સ્વરૂપ બરાબર નજણાવે તો ?

પ્રતિબિંબ તરીકેના હીરાનું સ્વરૂપ-આકાર-તેજ વગેરે બરાબર છતાં તે પ્રતિબિંબિત હીરાની કિંમત કેટલી આપો ? તેની કિંમત કોડીની ન થાય. આત્મા કર્મ બાંધતો ન હોય, આત્માના કર્મ તૂટતાં ન હોય, મોક્ષ થતો ન હોય તો શાસ્ત્રમાં બતાવેલ આચાર, વગેરેની શી કિંમત ? આરસામાં દેખાતા હીરાની કિંમત કોડીની પણ રહેતી નથી-તેજ-આકાર-નિર્મળતા છતાં આરસામાંનો હીરો વ્યવહાર લાયક નથી. તેમ અહીં વચનની સુંદરતાવાળા, તથા વર્તનનીસુંદરતા વાળા હોય છતાં જેઓ આત્માના તેવા સ્વરૂપને માનનારા ન હોય (આત્મા, કર્મને બાંધનારો છે.-છોડનારો છે.-મુકિત મેળવી શકે છે.-તેનાં સાધનોને મેળવી શકે છે-) તે પ્રકારનાં તત્ત્વને જેઓ માનનારા ન હોય તો તત્ત્વની કિંમત કેટલી થાય ?

માટે કહ્યું કે-**કષ-છેદ-તાપ** એ ત્રણથી શાસ્ત્રની પરીક્ષા કરજો. તેથી વચન અને વર્તનની જેમ માન્યતા પણ શુદ્ધ બને. એ ત્રણ વસ્તુ શુદ્ધ જોઈએ. જે શાસ્ત્ર મોક્ષસાધક થાય. ત્રણે પ્રકારના દોષોથી રહિત શાસ્ત્ર જેમણે કહ્યું છે, તેવા પરમેશ્વરને નમસ્કાર કરીએ. ગુરુ અને ધર્મ દેવે કહેલા જ માનવાના તેથી ગુરુ અને ધર્મનો આધાર દેવતત્ત્વ હોવાથી જેઓ સત્ય દેવને સ્વીકારી તેમની આજ્ઞા પ્રમાણે વર્તશે તેઓ આ ભવ પરભવમાં કલ્યાણ પામી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.



ભગવંતની વાણી

દેશના ૩૯

(૨૦૦૦ પોષ વદી અમાવાસ્યા. ઘીકાંટા. વડોદરા)

પાન્તુ વઃ શ્રી મહાવીરસ્વામીનેા દેશનાગિરઃ ।
ભવ્યાનામાંતરમલપ્રક્ષાલનજલેાપમઃ ॥

આંતરમેલને પ્રક્ષાલન કરનારી ભગવંતની વાણી.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ ભવ્ય જીવેાના ઉપકાર માટે આશીર્વાદરૂપે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં આ જીવ, અનાદિ કાળથી રખડપટ્ટી કરી રહ્યો છે. કદાચ કેાઈ કહેશે કે–" અમને આ ભવનું પૂરું ભાન નથી. અમે સર્વ જાણીએ છીએ કે–અમે જન્મ્યા, દૂધ પીધું, ધૂળમાં આળેાટ્યા, પણ જન્મની અવસ્થાનેા અમને ખ્યાલ નથી. પેાતે કઈ જગ્યા પર જન્મ્યેા ? કઈ દાયણ હાજર હતી ? તે ખ્યાલ હેાતેા નથી. તેવી રીતે માતાનું દૂધ પીધું છે તે ચેાક્કસ છે, પણ તેનેા ખ્યાલ હેાતેા નથી. અર્થાત્ જન્મ્યા પછીની અવસ્થાનેા ખ્યાલ આવતેા નથી. તેમજ આ જન્મનેા કે–આ ભવનેા પૂરેા ખ્યાલ નથી.

માતાના ગર્ભમાં આવ્યેા ત્યારથી ભવ ગણાય. માતાના ગર્ભમાં અંધારી-દુર્ગંધી કેાટડીમાં રહ્યો છે, તેમનેા કશેા ખ્યાલ નથી. નાક કેાઇ બે એક મિનિટ બંધ કરે તેા શું થાય ? તેા પછી ત્યાં ગર્ભમાં કેવી રીતે રહ્યો હઈશ ? પરંતુ આ જીવને આ ભવનેા ખ્યાલ નથી. જન્મનું પણ ભાન નથી. તેવા જીવની આગળ અનાદિની વાત કરેા કે–' અનાદિથી આ જીવ રખડે છે' તે ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું થાય. ભેંસને કંઈપણ શ્લેાકનેા બેાધ થાય નહીં. અમે આ જન્મનેા પણ ખ્યાલ કરી શકતા નથી. તેવા આસે ' અનાદિથી રખડપટ્ટી કરતેા

આવ્યો છે.' એમ વાત કરો છો. તે ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું થાય.

વાત ખરી–આ ભવનું ય ભાન નથી, તેવા પાસે અનાદિની વાતો કરવી તે ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું થાય; પરંતુ વિચારશક્તિથી મુશ્કેલ કોયડાને પણ ઉકેલી શકાય છે. આપણા હાથમાં બાજરી કે ઘઉંનો દાણો હોય તે ફલાણી જગ્યા પરથી લીધો તેનું ભાન છે, પણ તે દાણો કયા ખેતરમાં ઊગ્યો ? કોણે વાવ્યો ? કોણે લણ્યો ? તેનું ભાન નથી, છતાં ઉત્પત્તિશક્તિનો વિચાર કરીએ તો ઉત્પત્તિ શક્તિ તેમાં અનાદિની છે, એમ સમજી શકીએ તેમ છીએ. કેમકે જો અનાદિની ન હોય તો 'અંકુરા વગર બીજ અને બીજ વગર અંકુરો થયા' તેમ માનવું પડે.

બીજાંકુરની સ્થિતિ પરંપરાએ અનાદિની છે. તેથી તેમાં જે ઉત્પત્તિશક્તિ છે તે અનાદિની છે, તેમ માનવું જ પડે. તેમ ન માનીએ તો બીજ–અંકુર અગર અંકુર–બીજ માનવું પડે. અને અંકુર અન્યોઅન્ય કાર્યકારણરૂપ હોય તો તે વસ્તુ અનાદિથી હોય. બેટા વગર બાપ નહીં. બાપ વગર બેટો નહીં, કુકડી વગર ઇંડું નહીં, ઇંડા વગર કુકડી નહીં. માટી અને ઘડો પરસ્પર કાર્યકારણરૂપ હોવા છતાં ઉભય કારણકાર્યરૂપ નથી, બીજ–અંકુર બન્ને ઉભય કારણકાર્યરૂપ છે.

કારણરૂપે પહેલાં બીજ હતું. તેમાંથી કાર્યરૂપે અંકુર થયો. અંકુર-રૂપ કાર્યમાંથી વળી પાછું બીજ રૂપ કાર્ય થયું ! એટલે કાર્યરૂપ અંકુરો વળી પાછો બીજનું કારણ થશે. જે કોઈ એક બીજ તે ભૂતકાળના અંકુરાનું કાર્ય, ભવિષ્યના અંકુરનું કારણ. તેનો તે જ અંકુર, બીજનું કાર્યકારણ છે. અર્થાત્ બીજ–અંકુર પરસ્પર કાર્યકારણરૂપ છે, માટે તે બન્નેની પરંપરા અનાદિની માનવી જોઈએ.

શંકરાચાર્યે બીજાંકુર ન્યાય જન્મ કર્મ અનાદિનાં માન્યાં છે.

જૈનો જ એકલા આમ માને છે તેમ નહીં, પણ શંકરાચાર્યે પણ બીજાંકુર ન્યાયે–બીજ અંકુરના દૃષ્ટાંતે કરી સંસાર અનાદિથી છે એ સૂત્રની વ્યાખ્યામાં કહ્યું કે–'**उपपद्यते युक्तत्या घटते**=સંસારનું અનાદિપણું યુક્તિથી ઘટે છે.' સર્વ જીવોને આ વસ્તુ જન્મસિદ્ધ પ્રત્યક્ષ

છે–સ્વયં અનુભવસિદ્ધ છે. જન્મ, કર્મ હોય ત્યારે અને કર્મ, જન્મ હોય ત્યારે એમ બીજાંકુર પ્રમાણે જન્મ-કર્મની પરંપરા અનાદિની છે. કર્મ વગર જન્મ નહીં, ને જન્મ વગર કર્મ પણ નહીં, જન્મ જેમ કાર્યકારણરૂપ છે, તેમ કર્મ પણ કારણકાર્યરૂપ છે. તેથી તે કર્મ અનાદિનાં માનવાં પડે. અનાદિનાં કર્મ છે, તો એક વાત સ્પષ્ટ થઈ જાય છે કે–આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં કોઈ દહાડો આવેલો નથી. જન્મ કર્મની પરંપરા અનાદિની છે, તેથી આ જીવ કોઈપણ વખતે કર્મ અને જન્મ વગરનો ન હતો.

જન્મ અને કર્મ એ બે વસ્તુ આત્માને વળગેલી છે. હવે પહેલા બેથી છૂટવાવાળાએ કોનો વિયોગ કરવો? પહેલો કર્મનો વિયોગ કે પહેલો જન્મનો વિયોગ કરવો? જન્મ–કર્મની પરંપરામાં એકના નાશથી બન્નેનો નાશ થાય તેવું નથી. ત્યાં આગળ સ્વયં અંકુરનો બીજનો નાશ થઈ શકે છે. અહીં કર્મ ફળ આપ્યા વિના રહે જ નહીં, માટે જન્મ થયા વગરનો નાશ ન થાય, એટલા માટે સામાન્ય રીતે નીતિને અનુસરીનેય એ કબૂલ કરવું પડે છે.

કર્મ બંધાયા તેને ભોગવ્યા સિવાય તેનો ક્ષય જ નથી, કર્મ ફળ દીધા વગર નાશ પામનારી ચીજ નથી. જન્મ નાશ પામે, તો કર્મ થવાવાળી ચીજ નથી, જેને મુક્ત થવું હોય તે મુક્ત થનાર જીવને કર્મનો નાશ કરવો તે જ કર્તવ્ય રહેવાનું છે. કર્તવ્ય ન રોકે તો જન્મ નહીં રોકાય.

જન્મ કયારે રોકાય? કર્મ રોકાય ત્યારે; માટે શાસ્ત્રકાર, ભવ્ય જીવને એક જ વાત કહે છે કે–કર્મોનો ક્ષય કરો. ભવ્ય તેનું જ નામ કહેવાય જેઓ 'સર્વથા કર્મનો ક્ષય કરવો' એ જ ધ્યેય રાખે. મોક્ષમાં પણ આ સિવાય બીજું કશું નથી.

જે આત્મા કર્મ વિનાનો–શુદ્ધ સ્વરૂપવાળો છે, તેનું જ નામ મોક્ષ. માત્ર એક જ ચીજ કર્મ છે, આત્માને વળગેલો કર્મનો લેપ દૂર થાય એટલે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં આવે, તેનું નામ જ મોક્ષ સારો પદાર્થ ગમે છે તો દરેકને, પણ ભવ્યા માત્રથા જ સારા પદાર્થની

સિદ્ધિ થતી નથી. 'આત્માનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ પ્રગટ થાય તેવા મોક્ષને હું મેળવું' એવી જેની ઇચ્છા થાય તેને જ શાસ્ત્રકારો ભવ્યની છાપ આપે છે.

ભવ્ય એટલે મોક્ષ માટે લાયક. મોક્ષ માટે લાયક નહીં તે અભવ્યો. આત્માનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ જે માને, મેળવવાને ઇચ્છે મેળવવા મથે તે ભવ્ય. તેનું નામ લાયક.

કયા જીવોને લાયક ગણવામાં આવ્યા છે? ભવ્ય ગણવામાં આવ્યા છે?

જેઓ આત્માના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપને માનવાવાળા થાય તેઓને. તે માનવાવાળા ન થાય, ત્યાં સુધી તેને લાયક કહેતા નથી. ભવ્યની નિશાની એ કે-ભૂત, વર્તમાન કે ભવિષ્યકાળમાં આત્માના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપને માનવાવાળા થાય તેવા જીવોને ઉપદેશ -ધર્મને લાયક માને છે. તેવા ભવ્ય જીવો મોક્ષની માન્યતાવાળા થાય, પરંતુ ઇચ્છામાત્ર કાર્ય કરનારી ચીજ નથી. કાર્ય કરનારી ચીજ બીજી જ છે.

સર્વને ધનવાન થવાની ઇચ્છા હોય છે, પણ સર્વ ઇચ્છામાત્રથી ધનવાન થઈ જતા નથી. '**कारणं हि कार्यायत्तं** કારણો મળી ગયાં, તો કાર્યો આપોઆપ સિદ્ધ થવાનું. કારણો ન મળે તો કાર્ય ન થાય. શુદ્ધ ચિદાનંદસ્વરૂપ થવું, તેનાં કારણો કયાં? જે જે આસ્તિક મતવાળા છે, તે તમામ મોક્ષનો રસ્તો બતાવે છે તેમાં કેટલાક જ્ઞાન માત્રને, કેટલાક ક્રિયા માત્રને, કેટલાકશ્રદ્ધા માત્રને, કેટલાક શ્રદ્ધા, જ્ઞાન અને વર્તનને મોક્ષનો રસ્તો બતાવે છે.

કોઇ પણ કાર્ય કરતી વખતે ત્રણ વસ્તુ ઉપર ધ્યાન રાખવું પડે, પ્રથમ કાર્ય કરવાનો નિશ્ચય. મારું આ જ કર્તવ્ય, આમ નિશ્ચય કરે તો જ કાર્ય સાધી શકે. નહીંતર મુસાફર જેવી દશા થાય.

નિશ્ચય વગરના મુસાફરની [illegible]

એક મુસાફર રસ્તામાં જાય છે, ત્યારે તેણે રસ્તામાં વણેલી દોરડી પડેલી જોઈ એટલે 'આ સારી છે-મજબૂત છે. લાવ-લઈ લઉં' એમ ધારી લેવાનો વિચાર કર્યો. પાછો બીજો વિચાર આવ્યો કે-" આ દોરડી

ઉકરડાની નથી. કોઇના કામની છે. તે હું લઉં તો ખરેખર અયોગ્ય જ ગણાય.'' તેથી ન લીધી. તે આગળ ચાલ્યો. એકાદ ફર્લાંગ ગયો ત્યાં વળી વિચાર આવ્યો કે–' જંગલમાં દોરડી અમથી નાશ પામવાની નિરુપયોગીપણે નાશ પામે તેના કરતાં હું લઉં તો ખોટું શું ? '' તે પાછો આવ્યો. ત્યાં વળી વિચાર્યું કે–' પારકી ચીજ નાશ પામે તો ભલે નાશ પામે. માલિકને એ વિચાર કરવાનો છે. માલિક વગર એનો દુરુપયોગ–સદુપયોગ વિચારવાની સત્તા બીજાને નથી.'

આથી દોરડી લીધા વિના વળી પાછો ગયો. વળી વિચાર આવ્યો કે–' કબજો હોય તો માલિકીની ચીજને, આનો તો કબજો નથી માટે લેવી જોઇએ.' એમ વિચારી વળી પાછો આવી દોરડી લે છે, ત્યાં વિચાર આવ્યો કે ' તેના માલિકે છોડી છે કે છૂટી ગઈ છે એ શું ખબર ? માટે એના માલિકનો હક્ક ગયો નથી માટે મારાથી ન લેવાય.' તેમ કહી તે પાછો ગયો. વળી પાછો વિચાર આવ્યો કે–' માલિક તે મેળવવા માટે હક્કદાર છે! માલિકીની નહીં ને મારી પણ નહીં. માટે લઈ લો, માલિક માગશે તો દઈ દેવાશે,' એમ વિચારી પાછો લેવા આવ્યો અને વળી વિચારવા લાગ્યો કે–'' માલિકની માલિકી ગઈ નથી. માલિકને શી ખબર કે એમની દોરડી મેં જ લીધી છે ? માટે આ દોરડીને ખોળનાર અહીં આવે ત્યાં સુધી મારે અહીં જ ઊભા રહેવું જોઇએ.'' એમ વિચારી ત્યાં ને ત્યાં તે ઊભો રહ્યો. પછી તડકો થયો, પણ તેનો માલિક ન આવ્યો. ' હવે લેવામાં અડચણ નથી.' એમ વિચારીને તે દોરડી લીધી. થોડું ચાલ્યો અને પાછો વિચાર આવ્યો કે–' માલિકે હજુ પોતાની માલિકી છોડી નથી. હું તો પારકી માલિકીની વસ્તુ પડાવી લેવાવાળો ખરોને ? ' એમ વિચારતાં ફર્લાંગ આગળ ગયો ને વિચાર આવ્યો કે–' પારકી માલિકીની ચીજ મેં લીધી તે ઠીક નહીં.' વળી વિચાર આવ્યો કે– ' દુનિયામાં જેના કબજામાં આવે તેની માલિકી.' એમ વારંવાર જાય, આવે ને દોરડી લે અને પાછી મૂકે.

ન્યાયના રસ્તાને ચૂકે તે જ રસ્તાપર પડેલી વસ્તુ લે. અનિશ્ચિત દશાને લીધે જવા આવવાના વિકલ્પની પરંપરામાં જ દહાડો પૂરો થયો,

માટે કાર્ય કરવું જ છે તેવી ધારણાવાળા ન હોય તો ઘડીક પોષણ કરનારા ઘડીક શોષણ કરનારા થાય, ઘડીકમાં મંડન કરનારા, ઘડીકમાં ખંડન કરનારા થાય, છે; માટે પ્રથમ શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ થવું જોઈએ. અને તે થવું હોય તો નિશ્ચય કર કે–તેમાં ન્યૂન નહીં–તે સિવાય નહીં.

આ ત્રણ નિશ્ચય એ વિરોધીઓને ભારે પડે છે. (૧) એ જ, (૨) એ સિવાય નહીં અને (૩) સંપૂર્ણ. ઘુવડની બૂમોએ–ઘુવડના બરાડાએ–ઘુવડના ધૂત્કારે કાંઈ સૂર્ય ઉગતો હોય તેને બંધ કરાય નહીં, એમ નક્કી કરી વિરોધીઓને કહો કે–ઓ....વિરોધીઓ! તમે કરવાના નિશ્ચયમાં આવો. આથી વિરોધીઓ દુભાય તેની દરકાર કરો તો કાર્ય સાધી ન શકો. જ્યારે તમે નિશ્ચયમાં આવો ત્યારે જ કાર્ય સાધી શકો અને તે જ શ્રદ્ધા છે.

કાર્યસિદ્ધિનાં ત્રણ કારણ

આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાનું કાર્ય જ સંપૂર્ણ કરવું છે. લગીર પણ ડાઘ–આવરણ રહે તેવું નહીં. 'સમ્યક્ત્વ' શબ્દને હમણાં એક બાજુ મૂકો. સમ્યગ્દર્શન એટલે શ્રદ્ધા લો સમ્યગ્દર્શન કે મિથ્યાદર્શનને શીંગડાં પૂંછડાં નથી. પહેલાં કાર્ય કરનારાએ આત્માની સ્થિતિ નિશ્ચિત કરવી જોઈએ. એ જ શ્રદ્ધા છે. એ નિશ્ચય કર્યા છતાં સાધનો ખ્યાલમાં લેવાં જોઈએ, તેમજ બાધકનો ખ્યાલ કરવો, તેનું જ નામ સમ્યગ્ જ્ઞાન.


આત્માના શુદ્ધ સ્વરૂપને મેળવવાનાં સાધનો નિશ્ચિત કરવાં, બાધકોનો નિશ્ચય કરવો તે સમ્યગ્જ્ઞાન ત્રીજે નંબરે. સાધકોને સાધી બાધકોને દૂર કરવા જોઈએ. એમ થાય એટલે નિશ્ચય બોધ. **સાધનોને ગ્રહણ કરે–બાધકોને દૂર કરે તેનું નામ ચારિત્ર. તો જ કાર્યસિદ્ધિ થાય. તેનું જ નામ દર્શન, જ્ઞાન અને ચારિત્ર.**

આત્માનો મેલ ખસે ત્યારે આ કાર્ય થાય. સાધકપણાની બુદ્ધિ થાય કયારે ? આત્માનો મેલ ખસે ત્યારે. આત્માને શુદ્ધ કરવા માટે

સાબુ–ક્ષારની–બાફની જરૂર નથી, પણ મહાપુરુષોનો ઉપદેશ આત્માનો મેલ દૂર કરી શકે. એટલા માટે શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે–'ભગવાન મહાવીરની વાણી તે જ તમારાં કાર્યને કરનારી છે.'

'भव्यानाम्.' જેમ બહારના મેલને દૂર કરવા માટે પાણી અપૂર્વ સાધન છે, તેમ આત્માના શુદ્ધ નિશ્ચય–બોધ–વર્તનને રોકનારા મેલ–તે ત્રણે પ્રકારના મેલ, તે અંતરના મેલ. તે મેલનું પ્રક્ષાલન કરી નાખવા માટે, તેને સર્વથા ધોઈ નાખવા માટે મહાપુરુષોનો ઉપદેશ અપૂર્વ સાધન છે. પાણીના પ્રવાહથી ધોએલી ચીજ ફરી પાછી મેલી થવા પામે છે, પણ ભગવાનની વાણીથી ધોવાએલ આત્મા તો ફરી મલિન થતો નથી. આત્માની ફરી મલિનતા ન થાય, તેવી રીતનું જે ધોવું અને તે ધોવા માટે પાણી સમાન કોઈ પણ ચીજ હોય તો, મલક્ષય દ્વારા-મહાવીર ભગવાનની વાણી છે.

આ સાંભળી જે ભગવાનની વાણી તરફ આદરવાળા થશે, તે આ ભવ પરભવમાં માંગલિક માળા પહેરીને મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.



પુણ્ય બાંધવાના ઉપાય

દેશના ૪૦

[સંવત ૨૦૦૦ મહા સુદ ત્રીજ. ડભોઈ.]
પ્રવેશોત્સવ પછીની દેશના.

दया भूतेषु वैराग्यं, विधिवद्गुरुपूजनम् ।
विशुद्धा शीलवृत्तिश्च पुन्यं पुन्यानुबन्ध्यदः ॥

અણીયાળીને બદલે પડીયાળી

શાસ્ત્રકાર મહારાજ હરિભદ્રસૂરિજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ જણાવી ગયા કે–શિષ્યે શંકા કરી કે– ' મહારાજ ' અમારે કરવું શું ? ' અણીયાળીને બદલે પડીયાળી થઇ જાય તો ?'

એક અકર્મી સિપાઇ હતો. અણીયાળી ગામથી ઠાકોરને બોલાવવો હતો. માલિકે પૂછયું–'તું જઈશ ? ' 'હા, હું જઇશ ?'

અણીયાળી એ ગામનું નામ યાદ નહીં રહે. લાકડીમાં આર હતી. તેનું નામ શું ? અણી. તો તે ઉપરથી યાદ રાખજે કે–અણી-યાળી. અણીયાળી યાદ રાખવા માટે માલિકે, લાકડીમાંની અણી બતાવી.

સિપાઈ હવે નીકળ્યો. વચમાં પથ્થરો આવ્યો, તે પડી ગયો. અણી જોતો જોતો ગયો, પણ વચમાં પડી ગયો, તે યાદ રહ્યું. આથી અણીયાળીને બદલે લોકોને ' પડીયાળી ' પૂછે છે કે ' પડીયાળી ' ક્યાં છે ? લોકો કહે–આગળ. એમ આગળ ચાલ્યા જ કર્યું. લોકો કહે–તે નામનું ગામ કયાંય નથી. તેથી તે ગામ ન મળ્યું. શેઠે તેને 'અણીયાળી' કહ્યું હતું ને તેણે પૂછયું: 'પડીયાળી,' તો કોણ બતાવે ? **સાધ્ય ચૂકે, પછી પ્રવૃત્તિ ગમે તેટલી કરે તેમાં કઇ ન વળે.** નાસ્તિકો, મિથ્યાત્વીઓ–અજ્ઞાનીઓ બેસી રહેલા નથી હોતા. બધા પ્રવૃત્તિવાળા

હોય છે, પણ ધ્યેય કયું? આત્માનું સાધવાનું ધ્યેય, નાસ્તિકાદિને આવતું નથી. પ્રવૃત્તિ આખો દિવસ કરે, પણ પેલા સિપાઇ જેવું થાય. અણીયાળી ભૂલી ગયો. આપણે આત્માનું સાધવાનું ભૂલી જઇએ, અને છોકરાનાં નામે ધન-કુટુમ્બ-વિષયમાં પ્રવૃત્તિ કર્યા કરીએ તો શું થાય?

આથી શિષ્ય કહે છે કે-'મહારાજ! પ્રથમ નિશ્ચય કરાવો કે-અમારે ધ્યાન કયાં રાખવું? મોક્ષ એ મુખ્ય ધ્યેય હોવું જોઈએ. પણ જે કાળમાં મોક્ષે જવાતું ન હોય તો ત્યારે ધ્યેય રાખે શું વળે?' ગુરુ-મહારાજ કહે છે કે-" પણ એક દહાડે મુંબઈ ન પહોંચાય તો વચમાં વિસામો કરી મુંબઈ પહોંચાય. એક ભવમાં મોક્ષ ન મળે તો વચ્ચે સારા ભવના વિસામા લેવાય, એ રીતે મોક્ષ સાધવો."

મરતાં 'નરકે જાઉં તો ઠીક' એમ કોઈ બોલતું નથી પરંતુ 'મારી ગતિ સારી થાય. તો ઠીક' એમ બહુ ઈચ્છા કરે છે; પરંતુ તાંબીયો પૈસો લઈ બજારમાં જાય ને ઝવેરી પાસેથી તેનો હીરો માગે તો તે મળે? તેમ પાપ એકકું કરી સદ્ગતિ માંગીએ તો ન મળે. પુણ્ય પ્રકૃતિ ન મેળવી હોય, તો સદ્ગતિ કયાંથી મળે?

ચાર દહાડાની ચાંદરણી, પછી ઘોર અંધારી રાત.

કુટુમ્બાદિક સારાં મળી ગયાં છતાં-'ચાર દહાડાની ચાંદરણી ને પછી ઘોર અંધારી રાત' જેવું થાય સુભૂમચક્રી ને બ્રહ્મદત્તચક્રીને મળવામાં કંઇ બાકી હતું? જેવા ભરતમહારાજાને છ ખંડ, ૧૪ રત્નો, ૯ નિધાન હતાં તેમ તેમને પણ બધું મળ્યું જ હતું. પુણ્ય ઉદય તો સરખો જ છે. ચક્રવર્તીપણાની અપેક્ષાએ પૂન્યોદય સમાન હોવા છતાં ભરત-સનત્કુમારના પુણ્યોદયમાં પુણ્યની પાછળ પણ પુણ્ય ભોગવે છે ને પાછળ પુણ્ય બંધાય. જ્યારે સુભૂમ બ્રહ્મદત્તને પુણ્યોદય પાપ બંધાવવાવાળો હતો. કેટલાક પૂણ્યોદયો પાપનો બંધ કરાવે.

શિષ્ય ચોંકયો. જે ભક્તિમાં રહે-શરણાગત થાય, તેને અડચણ આવે તો માલિકને જવાબદારી. શરણાગતને પાળવા માટે ચેડા મહારાજે લડાઈ કરી. હલ્લવિહલ્લ શરણે આવ્યા, તો તેને પાળવા માટે લડાઈ કરી પોતાનો પ્રાણ આપ્યો, પણ શરણાગતિનું રક્ષણ કર્યું.

શિષ્ય કહે–અમે શરણે આવ્યા. હવે સન્માર્ગે દોરો. આ ભવની વાત છે. આવતા ભવમાં તમે અને અમે કોણ જાણે કયાં હોઈશું ? માટે આ ભવમાં એવું પુણ્ય થાય કે–આવતા ભવમાં તે અમને ઊંચે ખેંચ્યા વગર ન રહે. અનાર્યોમાં, મિથ્યાત્વીમાં, મ્લેચ્છોમાં રિદ્ધિ–સમૃદ્ધિ આદિ છે પણ તે પુણ્ય કે પાપને નોતરવાવાળું છે, માટે અમને એવો રસ્તો બતાવો કે–જે પુણ્ય પાપને જણાવી દે.


સારાંશ એ કે આવતા ભવની સ્થિતિ અત્યારથી નક્કી કરવી. હવે હરિભદ્રસૂરિજી કહે છે કે એ રસ્તો પણ જ્ઞાનીએ કહેલો છે કે આવતા ભવે પણ પુણ્ય જ બંધાય. તે માટે ચાર રસ્તા જણાવ્યા. કયા ? 'दया भूतेषु वैराग्य०'=(૧) જીવ માત્રમાં દયા.

(૨) वैराग्यं ०=ક્ષુધાપણું–આસક્તિ ન હોવી જોઈએ.

(૩) મુનિમહારાજની વિધિપૂર્વક સેવા અને

(૪) નિર્મળ એવા શીલનો વર્તાવ.

આ ચાર વસ્તુ એવી છે કે–આ ભવમાં પુણ્ય બંધાવે ને તે ઉદયમાં આવે તો પણ પુણ્ય જ બંધાય. હવે વૈરાગ્ય–ક્રિયા આદિ કેવા હોયતે અગ્રે—



સર્વાંગ સંપૂર્ણ સુખ

દેશના
૪૧

(૨૦૦૦ મહા શુદ ત્રીજ શનિવાર ડભોઈ.)
પુન્યાનુબંધી પુન્ય બાંધવાના રસ્તા.

दया भूतेषु वैराग्यं विधिवद् गुरूपूजनम् ।
विशुद्धा शीलवृत्तिश्च पुण्य पुण्यानुबन्धयः ॥ १ ॥

બધી ઈચ્છામાં જડ સુખની છે.

શાસ્ત્રકાર મહારાજા હરિભદ્રસૂરિશ્વરીજી ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે–સંસારમાં સામાન્ય રીતે એમ કહેવાય છે કે મત કેળવવા જોઈએ. દરેકના મગજ જુદા જુદા હોય છે. લોકમાં ભિન્ન ભિન્નરુચિ હોય છે. કોઈને કુટુમ્બની, કોઇને કીર્તિની, કોઇને લાડીની, કોઇને વાડીની એમ અનેક પ્રકારની રુચિ હોય તેમ જીવને પણ જુદા જુદા વખતે જુદી જુદી રુચિ હોય છે.

રુચિઓ અપાર છે, છતાં પણ જેમ જગતમાં બધાનો એક મત પણ હોય છે. જેમ કે–ભૂખ લાગે ત્યારે બધાંનો ખાવાનો જ મત થાય છે. જુદી જુદી રુચિ, ઈચ્છા, મનોરથ, અભિલાષ છતાં, એ બધા માત્ર ડાળાં–પાંદડાં છે. રુચિનું મૂળ એક જ છે. આંબાનાં ઝાડને ૧૫૦ કાંખળાં હોય, પણ મૂળ એક જ. ખંધ એક જ. ડાળાંડાંખળાં જુદાં છતાં મૂળ એક જ હોય, તેમ ઈચ્છાદિક દરેક જીવમાં જુદાં હોય છે, છતાં સહુને ઈચ્છા એક જ.

સહુને સુખની જ ઈચ્છા. કુટુમ્બ–ધન–મકાન–લાડી–વાડી–ગમે તે ઈચ્છા હોય પણ તે દરેકનું મૂળ શું ? એક જ મૂળ કે–મને સુખ થાય. તે માટે જંગલમાં જાય, વચમાં લૂંટારાઓ મળે તો બચવા

ખાતર બધું ધન આપી દે. શા માટે? સુખ મેળવવા માટે. સુખ માટે જે ધન વહાલું હતું, તે ધન બચવાના સુખ માટે આપી દીધું! જગતમાં સોનું કિંમતી છતાં કોઈ તે સોનું તપાવી–લાલચોળ કરીને હાથમાં આપે તો તેવું સોનું કેટલા હાથમાં લે? ધન સુખ માટે જોઈએ છે. દુઃખ દેનારું ધન કોઈ નથી લેતો. રાવણ સરખા રાજવીએ પણ મૂળ નક્ષત્રમાં છોકરી જન્મી તો તેને જંગલમાં ત્યજાવી દીધી.

કુટુમ્બાદિક લઈએ તો તેમાં પણ પરમ સાધ્ય સુખ માટે જ બધા છે. સુખને સાધવાનું હોય ત્યાં સુધી લે તે જ દુઃખને બોલાવનારું ખબર પડે તો પછી ગમે તે હોય તો પણ તેને છોડી દે છે. અંગ સડવા માંડે તો માણસ પોતાના અંગને પણ કાપી નાંખે છે, કારણ કે–એ અંગ દુઃખ દે એવું છે. કહો....ચાહે પૈસા, લાડી, વાડી, કુટુંબ વગેરે કોઈપણની ઈચ્છા હોય પરંતુ તે બધી ઈચ્છામાં જડ સુખની છે.

આથી નક્કી છે કે **દરેક ઇચ્છામાં દરેક જીવ મુખ્યત્વે સુખ ઇચ્છે છે.** તેથી. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજને "**आत्मवत् सर्व भूतेषु यः पश्यति सः पश्यति.**' શ્લોક પલટાવી નાખવો પડ્યો, એ શ્લોકનો સીધો અર્થ એમ છે કે–"પોતાના આત્મા માફક જગતને જુએ તે જોનાર ગણાય." ચોકસી, પોતાનાં સોનાની કિંમત કરે તેવી જ રીતે પારકાનાં સોનાની પણ કિંમત કરે છે. ચોકસીની ફરજ છે કે-પોતાનાં કે પારકાનાં સોનાની કિંમત સરખી રીતે જ કરે. તેમાં જરાપણ દગો ફટકો થવા દેતો નથી. તેમ આ જીવ, વસ્તુ પ્રમાણે તે વસ્તુની કિંમત કરતાં શીખ્યો નથી. આ જીવ બીજા જીવોની પોતાના તરીકે કિંમત કરતાં શીખ્યો નથી!

તારું સોનું પૈસે તોલો, મારું રૂપ) રૂ. તોલો.
આવું કહેનાર ચોકસી કેવો ગણાય?

એક વણઝારો હતો. તે માલ લઈને પરદેશ નીકળ્યો છે. કોઈક શહેરમાં આવ્યો. પોતાની પાસેનો માલ ત્યાં વેચાય તેવો નથી. હવે થાય શું? પાસે પૈસા નથી અને ખરચી તો જોઈએ જ. દાગીનો વેચવા માટે ચોકસીને ત્યાં ગયો. તોલ કરાવી દાગીનાની પરીક્ષા કરાવી.

જે કિંમત થાય તેટલા તેના પૈસા આપવા કહ્યું. ૨૫ તોલાનું સોનાનું કડું હતું. ચોકસીએ તેના ૨૫ પૈસા આપ્યા. વણઝારાએ જાણ્યું કે અહીં સોનું સોંઘું જણાય છે. તેથી કડું પાછું લીધું અને સામેથી ચોકસીને કહ્યું–તમે સોનું તોળો.'

ચોકસી કહે : 'કેટલું ?'

વણઝારો કહે–'૧૦૦ તોલા તોળો.' ૧૦૦ તોલા સોનાનાં વણઝારાએ ચોકસીને ૧૦૦ પૈસા આપવા માંડ્યા.

ચોકસી કહે–હોય....રૂપિયા ૨૫૦૦) જોઈએ.

વણઝારો કહે–'એમ કેમ ?'

ચોકસીએ કહ્યું–'તમારું સોનું પૈસે તોલો, મારું સોનું ૨૫) રૂ. તોલો. તો આ ચોકસીને કેવો ગણવો ?

એ વાત તમને આશ્ચર્યકારક લાગે છે, પણ એ વાત અનુભવમાં ઉતારીએ તો રાતદિવસ આપણો પણ તેવો જ ધંધો છે, એમ કબૂલવું પડે તેમ છે ! કહેશો કે–શું એવો ધંધો અમે કરીએ છીએ ? તો....હા. **પોતાના જીવની કિંમત ત્રણ લોકના રાજ્ય કરતાં અધિક અને પારકાની કોડી જેટલી પણ નહિ !**

તમે જીવ માનો છો, પણ પોતાનો માનો છો ! અને પારકાનો નહિ ? પોતાના જીવ જેવો પારકો ગણો તો–અનંતકાય ગાજર, લસણ, કુંગળી, આલુ, વગેરેનું સોયની અણી ઉપર જેટલું શરીર રહે, તેટલામાં અનંતા જીવો છે, તેને લસોટી, શેકીએ તો તેમનું શું થાય ? એ વિચાર પ્રથમ આવે. માટે આપણા જીવની કિંમત છે તેટલી પારકાના જીવની કિંમત નથી. ચોકસીએ પોતાનાં સોનાની કિંમત કરી, પારકાના સોનાની કરી નહીં. આપણા જીવની કિંમત આપણે ત્રણ લોકના રાજ્યથી અધિક ગણીએ છીએ. પારકા જીવની કિંમત કોડીની ગણતા નથી, !

રશિયાના ઝારે, ઈરાનના શાહે વગેરેએ ગાદી કેમ છોડી દીધી ? બચવા માટે–પોતાનો જીવ બચાવવા માટે. 'હું મરી ન જાઉં' એ એક જ ગણત્રીએ. વર્તમાન જમાનામાં પોતાના જીવનને રાજ્ય, કુટુમ્બી–સમૃદ્ધિ કરતાં પણ અધિક ગણાવવામાં આવે છે.

આ રીતે એક બાજુ આપણે જ્યારે આપણા જીવની કિંમત ત્રણ લોકની ઠકુરાઇ મળે તે કરતાં અધિક ગણીએ છીએ, ત્યારે બીજી બાજુ આપણે એ જીવના ક્ષણભરનાં સુખને ખાતર આપણે અનંતા જીવને લસોટી-શેકી નાંખીએ છીએ!

બોલો, આપણે કેવા પ્રકારના ચોકસી? આપણને તો આપણા જીવની કિંમત. આપણને આપણો પોતાનો જીવ વહાલો, પારકાના જીવની કિંમત નહીં! નહીંતર બીજા જીવના વધના આરંભસમારંભ કરીએ છીએ-તે કેમ બને?

આથી જ બીજાએ જે રાખ્યું હતું કે- "**आत्मवत्सर्वभूतेषु यः पश्यति सः पश्यति**=પોતાની માફક સર્વ જીવને દેખો." તે ઉપરથી શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે વિચાર્યું કે-"શું પોતે મૂર્ખ હોય તો બીજાને પણ મૂર્ખ ગણવા? પોતે રોગી હોય તો બીજાને પણ રોગી ગણવો? પોતે વિદ્વાન હોય-નિરોગી હોય-ધનવાન હોય-ઘરાયેલા હોય તો તેવા શું બીજાને ગણવા?" ના....ત્યારે કયી બાબતમાં પોતાના જેવા બીજા જીવોને ગણવા?

એ સ્પષ્ટ કહે છે કે-'**यः पश्यति सः पश्यति**' વાકય નહિ, પણ **सुखे दुःखे प्रियाप्रिये**=સર્વ જીવોમાં સરખાપણું, પણ શાની અપેક્ષાએ? તારા આત્માને સુખ વહાલું છે તેમ જગતના તમામ આત્માને સુખ વહાલું છે. તેમજ તને દુઃખ અળખામણું છે, તેમ જગતના સર્વ જીવને દુઃખ અળખામણું છે. માટે બીજા જીવોનાં સુખદુઃખમાં તેઓને પોતાની જેવા માનવા." આ સ્થિતિ નક્કી કરી શકયા.

જગતમાં જુદી જુદી ઇચ્છાવાળા, મનોરથોવાળાની જુદી જુદી રુચિ છતાં બધાંને જડ એક સુખ જ છે, એમ કહી શકયા. આંબાની ડાળો-ડાળીઓ અનેક છતાં, મૂળીયું-જડ એક જ. તેવી રીતે અહીં જુદી જુદી ઇચ્છાઓ છતાં પણ બધાંની જડ દેખીએ તો એક જ કે -સુખની ઇચ્છા. '**यत्र दुःखेन संभिन्न.**'

सर्वांगपरिपूर्ण सुख जोइएे.

સુખ પણ કેવું મેળવવા માગે છે? જમવા બેસાડે ને ફકત

લાડવા પીરસે તો? અર્ધો લાડવો ખાય ને મોં ભાંગી જાય. મીઠારસ સાથે સાધન તરીકે ખાટો ખારો રસ માગે છે. તેમ સુખની અંદર સાધન તરીકે પણ દુઃખ કોઈ માગતું નથી. એકલા સુખમાં અજીર્ણ થશે, માટે વચમાં લગીર દુઃખ આવે તો ઠીક, તેમ કોઈ ઇચ્છતું નથી. પકવાન સાથે શાકની માફક-અથાણાની માફક કોઈ સુખ સાથે દુઃખ માંગતું નથી. જેમાં બીલકુલ દુઃખ મળેલું ન હોય, તેવું સુખ માગે છે.

શ્રીમંત માણસ-કોટીધ્વજ હોય, કુટુમ્બવાળો હોય, છતાં સંગ્રહણીનું દરદ હોય તો? આપણું શરીર સાડાત્રણ મણનું છે. અંદર અંગૂઠો પાકયો છે તે વખતે ચિત્ત નિરોગી ભાગ તરફ જાય છે કે લગીર પાકેલો ભાગ છે ત્યાં જાય છે? ચણાના ભાગ જેટલો ભાગ સડયો છે ત્યાં જ ચિત્ત જાય છે. સુખ માગે છે એવું કે દુઃખ વગરનું. વચમાં દુઃખની મેખ પણ ન જોઈએ. સર્વાંગે પરિપૂર્ણ સુખ માગે છે. એક અંગે દુઃખ હોય તો તે સિવાયના સર્વ અંગે સુખ હોવા છતાં બધું દુઃખ માનીએ છીએ.

જે સુખ, દુઃખની સાથે મિશ્રિત ન હોય તેવું સુખ આત્મા માગે છે. દુઃખ લેશમાત્ર પણ ખપતું નથી. જરા પણ દુઃખ આવે તો આખા સુખ ઉપર છીણી ફરી વળે છે. બાકીનાં બધાં સુખ માથે છીણી ફરી વળે છે. આથી સમજો કે-જીવ સુખ માંગે છે, તે પણ દુઃખ વગરનું માગે છે. તે સાથે લેશ પણ દુઃખ જોઇએ નહીં.

સુખ મળ્યા પછી જવું ન જોઇએ, તેવું સુખ માંગે છે.

'न च भ्रष्टमनंतर'=તેવું પણ સુખ કદી પાછું ન જવું જોઈએ. લેણાની-દેવાની મર્યાદા 'जातस्य हि ध्रुवं मृत्युः=શરીર-આયુષ્યની મર્યાદા, છતાં સુખની ઇચ્છા મર્યાદાવાળી છે? આયુષ્ય ફરવાનું જાણ્યા છતાં સુખની બુદ્ધિ ફરતી નથી? આવતે ભવે દુઃખી ન થઉં, સુખી થઉં. ગોવાળીઆ, ખેડૂત જાત વગેરે પણ 'ભગવાન! આવતે ભવે સુખી થઉ' એમ વિચારે છે.

સમજુ કે અણસમજુ તમામ વર્ગ આવતા ભવના સુખની ઇચ્છા

કરે છે. ત્રીજા ચોથે કે ગમે તે ભવે પણ એવું સુખ જીવ માગે છે કે–આવ્યા પછી તે ખસે નહીં. જો કે–દુનિયામાં સુખો તે તો ડાળાં પાંખડાં જેવાં છે, કુટુમ્બાદિક મેળવાય છે તે પણ ડાળાંપાંખડાં છે, છતાં લોભને થોભ હોતો નથી.

લોભને થોભ હોતો નથી તે ઉપર બ્રાહ્મણ વિદ્યાર્થીની કથા.

એક બ્રાહ્મણ વિદ્યાર્થી હતો. વિદ્યાભ્યાસ કરવા માટે બહાર ગયો છે. કર્મોદયે જેને ત્યાં ખાય પીએ છે, ત્યાં એક ગુલામડી રહે છે. હલકી જાતને ચાળાચટકામાં ઠેકાણું ન હોય. આ બ્રાહ્મણ છોકરો હતો. યાવત્ વિદ્યાર્થીને પેલી ગુલામડી સાથે ઘરવાસ થયો. એટલે હવે કલદાર જોઈએ. છોકરો મૂંઝાયો. હવે વિદ્યાભ્યાસ કરવો કે કલદાર કમાવા જવું ? બ્રાહ્મણનો છોકરો છે. તે ફસાઈ ગયો. વિદ્યાભ્યાસ કરે તો જ શેઠ ભરણપોષણ કરે એમ છે. હવે શું કરવું ? તે મૂંઝાયો. સ્ત્રીએ પૂછયું : કેમ મૂંઝાયા ? તેનો રસ્તો બતાવું. બ્રાહ્મણને કયાં કાપડના તાકા ફેરવીને કમાવાનું હોય છે ? આશીર્વાદથી કમાવાનું. સવારે આશીર્વાદ આપે તો બે માસા સોનું રાજા આપે છે. રાજા પાસે પહોંચી જવું. કહેવું કે–ઓચ્છવમાં ખરચવા મારે જોઈએ છે.

આ સલાહ સાંભળીને પેલો સૂતો. સૂતાં સૂતાં તે વિચાર કરે છે કે " બ્રાહ્મણની વસ્તી ઘણી છે, તેમાંથી પહેલાં કોઇ જશે ને સોનું લઈ આવશે તો શું થાય ? માટે સહુથી પહેલાં મારે રાજાને ત્યાં જવું. તે વિચારમાં તેને ઊંઘ ન આવી. અજવાળી રાત હતી એટલે પ્રભાત થઈ ગયું જાણીને તે નીકળ્યો. પહેલાના કાળમાં કોઇ અકાળે ફરે તો તેને ચોકીમાં બેસાડી દે. અજાણ્યા ગામના બ્રાહ્મણનો છોકરો નીકળ્યો. પોલીસે તેને પકડયો. ચોકીએ બેસાડયો. છોકરાને થયું કે 'अतो भ्रष्टः ततो भ्रष्टः'= અભ્યાસ ગયો, આશીર્વાદ પણ ગયો ને સોનું પણ ગયું !

સવારનો પહોર થયો. ચોકીવાળો સિપાઇ, તેને રાજા પાસે લઈ ગયો. રાજાએ છોકરાને પૂછયું : કેમ ?

છોકરો વિચારે છે કે અહીં ખૂલ્લી વાત કર્યા વગર ચાલે તેમ નથી.

એટલે તેણે રાજાને કહ્યું કે "હું ફલાણા શેઠને ત્યાં રહું છું. ત્યાં રહેતી ગુલામડી જોડે આમ સંબંધ થયો છે. તેમાં કલદારની જરુર પડી, તેથી તે બાઈની સલાહથી કલદાર માટે આશીર્વાદ આપવા આવતો હતો. વહેલો નીકળ્યો એટલે આ સિપાઈએ પકડયો."

રાજાએ વિચાર્યું કે "ચોખ્ખી વાત કરી છે. મેલી-ગંદી-ખરાબ વાત હતી, પણ સ્પષ્ટ વાત કહી દીધી છે. આવો સીધો મનુષ્ય ફસાઈ ગયો છે. હવે તે વિદ્યાભ્યાસ છોડી દેશે તો તેની જિંદગી કેમ જશે? માટે તેનું મન ખુશ કરવા દે." આમ વિચારી રાજાએ કહ્યું કે-'તારે જોઈએ તે માગ.' વિદ્યાર્થીએ વિચાર્યું કે-'શું માગું?' તેને એ રીતે વિચારમાં પડેલો જોઈ રાજાએ શાન્તિથી વિચારવા સારુ તેને એક બાજુ ઝાડ નીચે વિચારમાં બેસાડયો."

હવે ત્યાં બેઠેલ તે છોકરો વિચારે છે કે-' બે માસા માટે નીકળ્યો હતો, તો બે માસા સોનું માગી લઉં, પણ તેમાં તો કાલનો ઓચ્છવ પૂરો થશે. પાછી પંચાત તો ઊભી રહેવાની, માટે દસ માસા માગું. પણ તેમાં તો છ મહિના જ માત્ર ચાલશે. વિદ્યાભ્યાસ તો વધારે કરવાનો છે, માટે ૨૫ માસા માગું તો વરસ દિવસ ચાલશે. એમ આગળ આગળ વિચારતાં '૧૦૦ માસા માગું' એમ થયું.

પાછો વિચાર આવ્યો કે-તે તો તેના-મારા તહેવારોને પેટે, પણ તેટલામાં ઘરેણાં ગાંઠા ન મળે માટે ૧૦૦૦ માસા માગું? પણ તેમાં તો રસાએલા સોનાનાં ઘરેણાં થાય માટે, નક્કર નલને માટે ૧૦૦૦૦ માસા માગું. વળી વિચાર આવ્યો કે-"દસ હજાર માસા સોનામાં તો માત્ર ઘરેણાં થાય, પણ ગાડીવાડી ન થાય. ગાડીવાડી વગર તો અમે રખડતા છીએ અને રખડતાં રહીએ, માટે એક લાખ માસા માગું. રાજા દેવાવાળો બેઠો છે તો પછી મારે માગવામાં ખામી શા માટે રાખવી?"

વળી વિચાર્યું કે-પણ મકાન વગર શું કરીશ? માટે ૧૦ લાખ માગું. વળી વિચાર આવ્યો કે-"દસ લાખથી તો માત્ર હું માલદાર

થાઉં પણ કુટુંબી-જ્ઞાતીલાઓ સુખી ન થાય માટે ક્રોડ માસા માગું !" પછી વિવેક સૂઝયો.

આ જીવ "**जहा लाहो तहा लोहो**"=જેમ જેમ લાભ થાય તેમ તેમ તેની પાછળ લોભ ઊભો કરે છે ! લોભ પાછળ લાભ ઊભો કરે છે ! તળાવમાં કાંકરી નાંખે ત્યારે પહેલું કુંડાળું નાનું હોય, પણ પછી પહોળું પહોળું થતું જાય. કુંડાળું ઊભું ન થાય ત્યાં સુધી કાંઈ નહીં, થયું એટલે વધુ વધુ પહાળું ! જેમ જળાશયમાં છોકરાની રમતમાં કાંકરાથી થએલા તે કુંડાળાનો છેડો કાંઠા વગર આવતો નથી.

એમ આ જીવની પાસે કંઈ નથી હોતું ત્યારે-' ૧૦૦) રૂપિયા મળે તો ગંગા નાહ્યા, પછી પૈસો લેવો હરામ '-પણ તે પ્રતિજ્ઞા, ૧૦૦ ન મળે ત્યાં સુધી. ૧૦૦ મળે પછી ૧૦૦૦ ની ઈચ્છા થાય. હજાર મળ્યા પછી લાખની ઈચ્છા. લાખ મળ્યા પછી ક્રોડની વાત, પણ તે વાત પણ ક્રોડ મળ્યા નથી ત્યાં સુધી જ, ક્રોડ મળ્યા પછી તે અબજની જ વાતો કરે.

૧૦) રૂા. ના ૨૫) રૂા. ના પગારના ગુમાસ્તા લાખોપતિ થાય છે. આવી નોકરીમાં હતા ત્યારે તેવાએ તેવા નિયમો કર્યા હતા. તે નિયમો ટકાવી શકયા નથી. 'આ તો બાયડીના નામે, આ તો છોકરાને નામે.' એ બધું શાથી ? એક જ કારણ "**निर्धनो एकशतं पञ्चाशत्तु चक्रवर्त्यपि देवत्वं**" તળાવમાં કુંડાળા હોય, તેમ લોભના કુંડાળા બતાવે છે. નિર્ધન ૧૦૦) રૂપિયા મળે એટલે બસ એમ કહે છે. પણ ૧૦૦) વાળો થયો એટલે હજાર. તે થયા એટલે લાખ. લાખનો માલિક થયો એટલે ક્રોડ. કોટી-શ્વર થયો એટલે રાજાપણું માગે. રાજા ચક્રવર્તીપણું માગે, ચક્રવર્તી દેવતા થવા ઈચ્છે અને દેવતા ઇન્દ્ર થવા ઈચ્છે.

લાભ મૂળમાં નાનો હોય, પણ **शराव एव वर्धते** " સરાવ-શકોરાની બેઠક હોય તે વધતી વધતી મોટી થાય છે. શરાવલાંની પહોળાઈ ચારે દિશાએ વધે છે-તેમ આ લોભ છે. જેમ જેમ મળતું જાય તેમ ચારે બાજુ વધતે જ જાય. છેડો જ નહીં ?

જે પ્રમાણમાં સુખ જોઈએ તે પ્રમાણમાં સાધનરૂપ ધર્મ કરવો જોઇએ.

તેમ સુખની અપેક્ષાએ વિચારીએ તો સુખનો છેડો ક્યો ? દેવતા તુષ્ટમાન થાય અને 'જોઈએ તેટલું સુખ માંગ' કહે તો શું માગે ? 'મારી કલ્પનામાં ન આવે તેવા હંમેશ માટેના દુઃખ વગરના સુખ આપ.' એ જ ને ? કહેવાનું તત્ત્વ એ કે– આ જીવ સુખ, દુઃખ વગરનું અને ખસે નહીં એવું માંગે છે ! તે પણ કેવું ? મારી ઇચ્છા કરતાં અધિક ! વિચારો....સુખ આવું મેળવવું છે અને તે માટેનાં સાધન કેવાં મેળવીએ છીએ ?

દુનિયામાં લોઢાનો થાંભલો મજબૂત, તેના કરતાં પથ્થરનો કમજોર, તેનાથી ઇંટનો કમજોર પરંતુ ભૂખરુ માટીનો થાંભલો હોય તે કેટલો વખત ટકે ? જેને પડવા માટે પાણીની જરુર નહીં–શરદીની હવા લાગે એટલે ખરી પડે. ભૂખરું માટીથી માણસ મહેલ બનાવે. તે માટીના થાંભલા ઉપર મહેલ બનાવવા તૈયાર થનારાની અક્કલ કેટલી ?

તે પ્રમાણે આપણે હંમેશનું કલ્પિત સુખ માંગીએ છીએ, અને સાધન કરીએ છીએ ત્યારે–ભૂખરું માટીના થાંભલા. આખા જીવનમાં 'કંચન, કામિની, કુટુમ્બ અને કાયા' આ ચાર જ વસ્તુ ભેગી કરીએ છીએ. અંદરની અપેક્ષાએ આહારાદિ ચાર વસ્તુ ભેગી કરીએ છીએ, આ આઠે સગાં ક્યાં સુધી? અહીંથી નીકળીએ નહીં ત્યાં સુધી. અંદરથી નીકળ્યા ત્યારે સગામાં કોણ ? અબજો રૂપિયા હોય, લાખો સ્ત્રીઓ હોય, યાદવો પેઠે કરોડોનું કુટુંબ હોય, હજાર ગાઉનું શરીર હોય, તેમાંથી કંઈપણ કે કોઇપણ સાથે આવશે ? ત્યારે સુખ ભવોભવ જોઈએ છે અને સાધનો ભેળાં કર્યાં, આ ભવ પણ ટકે નહીં તેવાં ! આ બે શી રીતે બને ?

પાંચ રૂપિયાભાર માટી લઇને કેટલાય મણની કોઠી બનાવવી તે કુંભારથી પણ નથી બનતું. રૂપિયા, સ્ત્રીઓ તે તમામ આ ભવ માટે પણ રજીસ્ટર થએલી વસ્તુ નથી. આ ભવનું પણ પૂરું સુખ ન દે, તો તે આવતા ભવનાં સુખનું સાધન ક્યાંથી બને ? વિચારો....કેવું

સાધન મેળવો છો ? ‘ હું વડોદરા તરફ જાઉં છું.’ કહે અને દોડે સૂરત તરફ ! તો એ વાત કરનાર ગાંડો ગણાય કે નહીં ?

સુખ આવું જોઈએ ને સાધનો વિચિત્ર મેળવે છે ! કહેશો કે–“સુખ જોઈએ છે–દુઃખ વગરનું, ખસે નહીં એવું અને તે પણ ઇચ્છા પૂરી થતાં આગળ વધે તેવું, છતાં તેવું સુખ આપે તેવી કોઇ ચીજ અમને મળતી નથી !” પણ શાકવાળાને ત્યાં મોતી લેવા જાય તો વાંક કોનો ગણાય ? ત્યાં મોતી મળતું નથી કે મોતી મેળવવાનો રસ્તો લીધો નથી ? સદાનું, દુઃખ વગરનું અને ઇચ્છાબહારનું સુખ મેળવવું છે, પણ તેવું સુખ જે મેળવી આપે તેને પગલે પણ પહોંચ્યો ?

આખો દિવસ “રમા–રામા ! ઘર જા અને વિસર જા ! કોઈનું પડે ને મને જડે.” આવું જ ધ્યાન ધર્યા કરે છે ! કદિ પુણ્યનો આવો જાપ કર્યો ? ભવોભવ પાપ હેરાન કરે છે. નારકીનાં દુઃખો પાપથી મળે છે. લૂલાં–લંગડાં–દરિદ્રી–રોગી પાપથી થવાય છે. પણ તે તો કર્યા જ કરો છો ! આ જોતાં કહેવું પડે કે–ખરેખર તમે શાસ્ત્રકાર અને આચાર્ય માટે માત્ર મીઠાભાષીયા છો. મીઠાભાષીયા જનો, માત્ર મીઠું બોલે–કરવાનું કંઈ નહીં, ‘હું....સાહેબ ! પાપ ખરાબ છે. દુર્ગતિ દેનાર છે. ’ તેમ કહી આચાર્યને મીઠું લગાડવાવાળા છો. બોટું ન લગાડશો; આ એક દાખલો તમને કહું છું.

સ્વપ્નમાં સાપ વીંટાયો તેની અસર અને પાપ કરીએ તેની અસર કેટલી ?

એક ભાઈ બેંકમાંથી સાંજના મોડું થતાં ૫૦ હજાર લાવ્યા, પેટીમાં મૂકયા છે, તિજોરીને તાળું માર્યું છે. તિજોરી ઉપર સૂતા છે, ઊંઘ પણ આવતી નથી. કાચી ઊંઘમાં સ્વપ્ન દેખ્યું કે–ચોર લૂંટારુ આવ્યા. તિજોરીમાંથી રૂપિયા કાઢી લઈને નાસી ગયા. ભાઈ જાગ્યા. સ્વપ્ન નક્કી થયું. હવે તો ઉચાટ નથી ને ? છતાં કહો...કે–સ્વપ્નમાં ચોરાયું દેખાયું તે બદલ તપાસી લેવા તિજોરી ખોલશે કે નહિ ? રકમ જૂએ નહીં ત્યાં સુધી જંપ વળે ખરો ?

જીવ, રમા રામાને કેવો ચોંટયો છે? ચોરાયું તે સ્વપ્ન

જાણ્યા છતાં, તિજોરી તપાસ્યા વિના જંપ ન વળ્યો ! સ્વપ્નમાં સાપ પગે વીંટળાયો છે. જાગ્યો. વીંટાયેલો ન હતો, ચોક્કસ થયું; છતાં તેનો સ્વર તપાસો ! તે સ્વર ભયવાળો થઈ ગયો છે, તે દસ મિનિટ સુધી ઠેકાણે આવતો નથી. કેમ ? તેની અસર લાંબી ચાલે છે.

કાળજા પર હાથ મૂકો–કાળજામાં ધડ ધડ ધડાકા થાય છે. કાયા માટે જૂઠી વસ્તુની કેટલી બધી અસર ? લક્ષ્મી પર જૂઠો ભય તેની પણ કેટલી અસર ? એ રીતે સમજો કે–પાપનું કામ કરી સ્વપ્નમાંથી જાગ્યા. મોં લગીર બગડશે, પણ સ્વમાં જરા પણ અસર નથી ! કાળજામાં જરા પણ અસર નથી !

સ્વપ્નના સાપ અને ચોરીની જેમ સ્વપ્નાનાં પાપમાં જરા પણ અસર કેમ ન થઇ ? કારણ ? કહો કે–પાપ સમજાવનાર આચાર્ય મહારાજને અંગે આપણે માત્ર મીઠાભાષીઆ બન્યા છીએ. પાપના અંગે અંદર ભય નથી. પાપથી થતી હેરાનગતિનો ભય નથી. 'મહારાજ ! આપ સરખા પરોપકારી અમને રસ્તો નહીં બતાવે, તો કોણ બતાવશે ?' એમ માત્ર બોલવાનું.

મહાનુભાવ ! આ ભવમાં એવી કેટલીય ક્રિયાઓ કરાય છે કે–જે ક્રિયાઓથી આવતા ભવનું અને તેથી પણ આગળના ભવનું સુખ પ્રાપ્ત થાય છે. આથી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે–'મોક્ષ ન પામો ત્યાં સુધી દરેક ભવમાં રજીસ્ટર સુખ માટે કાંઈ કરી શકો તેવું બતાવું છું.' એ સાંભળવા માટે શ્રોતા તૈયાર થયા–ઉત્સુક બન્યા, ત્યારે હરિભદ્રસૂરિજી મહારાજ, તે માટે કયા રસ્તા બતાવે તે અગ્રે.

[અત્રે સીનોરનો સંઘ આવેલ હોવાથી. આવેલ સંઘની ભક્તિ સચવાય તે માટે વ્યાખ્યાન ફરીથી વંચાયું હતું]

પ્રશ્નઃ સુખ જોઈએ છે પણ તેના સાચાં સાધનો મેળવવા માટે પ્રયત્ન કયો કરાય છે ? અને કયો કરવો જોઈએ ?

ભિન્ન ભિન્ન રુચિની જડ એક જ હોય છે. મનુષ્યના વિચારો–રુચિઓ જુદી છતાં જડ એક જ. કેવળ સુખની જ જડ. લાડુ ખાતાં પણ તેનો સ્વાદ ફરી લાડુ જ માંગે છે. તે માફક સુખમાં દુઃખ માંગતો નથી. લાડુ સાથે તીખું તમતમતું માંગે છે, તેમ સુખમાં જરા પણ સુખફેર

માગતો નથી. સુખ સંપૂર્ણ માગે છે, પણ સુખનાં સાધન તરીકે કંચનાદિ માગે છે–આહારાદિ માગે છે? કે–જે એક ભવમાં પણ પૂરા ટકે નહીં.

નવા લખેશ્રી ભલે ન થાય પણ એક લખેશ્રી ભિખારી ન બનશો.

નિકાશના પ્રતિબંધવાળી શી ચીજ છે? પહેલાં તે તમને ખબર ન હતી. આજકાલ નિકાશનો પ્રતિબંધ કેવો નડવાવાળો છે? તે હવે તમો બરાબર સમજી ગયા છો. તેમાં પણ ઘી–ઘઉં–ચોખાનો પ્રતિબંધ નડે છે, પણ કંચન–કામિની–કુટુંબ અને કાયાનો પ્રતિબંધ (કે જે ભવાંતર માટે છે, તે) નડે છે? કરોડો મિલકતમાંથી, લાખો સ્ત્રીઓમાંથી. કરોડો કુટુંબમાંથી એક પણ ભવાંતરમાં સાથે લઈ જઈ શકાય છે? આ ભવ પૂરતો પણ જે જવાબ ન દે, અને તેની પાછળ જિંદગી પૂરી કરાય છે, પણ આવતા ભવમાં જવાબ દેવાવાળી ચીજ માટે કંઈ પણ વિચાર કરાય છે ખરો?

આખા જીવનમાં એવી એક જ ચીજ છે કે–જેની ઉપર કોઈનો પ્રતિબંધ નથી. એવી કઈ ચીજ? પુણ્ય એક જ એવી ચીજ છે કે–જેની ઉપર નિકાશનો પ્રતિબંધ નથી. આવતા ભવે જોડે આવવાવાળું છે. પુણ્ય જ એવી ચીજ છે કે–જેના ઉપર નિકાશનો પ્રતિબંધ નથી. સર્વાર્થસિદ્ધમાં દેવતા થાય તે અહીંના પુણ્યના પ્રતાપે ત્યાંનું પુણ્ય કરેલું નથી. તેટલું પુણ્ય ત્યાં થઈ શકે જ નહીં. દેવતા મરી દેવતા ન થાય. એ દેવતાને લાયક પુણ્ય ઉપાર્જન કરવાની તાકાત મનુષ્યોમાં જ છે. મનુષ્યોમાં એવું પુણ્ય ઉપાર્જન કરવાની તાકાત છે કે–સાત રાજ છેટે જાય તોપણ પુણ્ય તેની સાથે જ રહે! પરંતુ પુણ્યમાં પણ એક વાત ધ્યાનમાં રાખજો. ૧૦૦ નવા લખેશ્રી ભલે ન થાય, પણ એક લખેશ્રી ભિખારી ન બનશો.

હજારો સારા કરતાં એક ખરાબ બહુ જ ખરાબ છે.

આખું શરીર ચોખ્ખું છે. એક અંગુઠા પર નાનકડી ફોલ્લી થઇ છે. એક જગ્યા પર તુવેરની દાળ જેટલું પાકે છે. આપણો જીવ કહી આપે છે કે–હજારો ગણું સારા કરતાં એક જરાક ખરાબ થાય તેને વધારે ખરાબ ગણે છે. હજારો સારા કરતાં એક ખરાબ બહુ જ ખરાબ. એવી રીતે લક્ષ્મી આવે તો? માટે આવો કે ન આવો પણ હોય તેનું

ન જાય, તેથી સિદ્ધાંત રાખ્યો છે કે–પુણ્ય એવું મળે કે આવેલું પાછું ન જાય. આથી પુણ્ય એવું જોઈએ કે–જે ગુણાકાર થઈ સુખરૂપે થાય. તળાઈમાં સૂવાની ટેવ છે, પણ પૌષધની ટેવ નથી–સંથારે સૂવાની ટેવ નથી તેવાને સંથારે સૂવું પડે તો આખી રાત ઊંઘ ન આવે. કેમ ? તે દુઃખ આપે છે. પરંતુ જે સંથારે સૂવા ટેવાયલો નથી–ગાદીએ બેસવા ટેવાયલો છે, તેવાને કોઈ વખત ગાદી ન મળે તો ? શાક વગર ખાવાનું ન ભાવે તેવી ટેવ પાડી હોય ત્યારે જ ને ? તમારી શાકની ટેવ પરિણામે પ્રસંગે અજીર્ણ કરાવનારી થઈ.

'જીસ સુખમેં ફીર દુઃખ વસે.' ત્યાં આખું શરીર સુખદુઃખરૂપે થાય. સુખનો ગુણાકાર, દુઃખના ગુણાકાર રૂપે થાય; માટે અમને પુણ્ય એવું મળવું જોઈએ કે–મળેલું ખસે નહીં. અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્યવાળું સુખ જોઈએ. અમારે તો એવું પુણ્ય જોઈએ કે જે ખસે જ નહીં. દુઃખ વગરનું 'अभिलाषापनीतं' સુખ જોઈએ. વાત સાચી. અહીંથી પણ તેવા રસ્તા છે. અને તે પુણ્ય ભોગવતાં આગળ નવું પુણ્ય બંધાય.

સાકરની માખ, મીઠાશ લે. પણ ભય લાગે કે તે ઊડી જાય તો તેને મીઠાશ મરણરૂપ ન થાય. મધની માખ મધમાં પડી મીઠાશ લે, પણ લેપાયાથી બહાર ન નીકળે. જેમ દેવલોકે ગએલા ચક્રવર્તી. અહીં સુખ ભોગવે, અને ત્યાગી થાય અને દુર્ગતિએ ન જાય.

કેટલાક શ્લેષ્મની માખ જેવા હોય છે. જેમ વાસુદેવ સરખા ત્રણ ખંડ વશ કરે, પણ પરિણામે દુર્ગતિ. કેમ? તેઓ નવું પુણ્ય ન મેળવી શકે.

કેટલાક પથ્થરની માખ જેવા હોય છે. તેમને દુનિયાનું સુખ નથી પણ ત્યાગી થઈ શકે છે.

ચાર પ્રકારનાં સુખ છે. આ ચાર પ્રકારની માખમાંથી કોઈપણ સાકરની માખ સિવાય બીજું કાંઈ નહીં માગે. કેમ ? સુખ ભોગવે ને દુર્ગતિ ન થાય, તેવું સુખ, તેનું જ નામ પુણ્યાનુબંધી પુણ્ય. એવું પુણ્ય કેમ બંધાય ! ચાર કારણો–મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી દુઃખ ન હોય. તેનાં ચાર કારણ : જીવ માત્રમાં દયા, જ્ઞાનગર્ભિત વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરુમહારાજની સેવા અને નિર્મળ શીલમાં વર્તવું. આ ચાર વસ્તુ પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે. હવે દયા આદિ કેવા છે ? તે અધિકાર અગ્રે વર્તમાન.

વરબોધિ

દેશના ૪૨

(સંવત ૧૯૯૬ પોષ સુદ ૩)

बरबोधित आरभ्य परार्थोद्यत एव हि ।
तथाविधं समादत्ते, कर्मस्फीताशयः पुमान् ॥

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીહરિભદ્રસૂરિજી, ભવ્ય જીવોના ઉપકાર માટે અષ્ટકજી પ્રકરણમાં આગળ પુણ્યાનુબંધી પુણ્યના હેતુઓ જણાવી ગયા, ત્યારબાદ દેશનાના અધિકારમાં જિનેશ્વરો દેશના આપે છે, તે વીતરાગ થયા પછી જ દેશના દે છે, તે જણાવે છે કે ગણધરાદિક બે અવસ્થામાં દેશના આપે. તે સરાગ અને વીતરાગ બન્ને અવસ્થામાં આપે. તીર્થંકરો વીતરાગ થયા પછી જ દેશના દે છે. જગતને પોતે ધર્મોપદેશ કરે છે, તેનું ફળ કેવળજ્ઞાન અને મોક્ષ છે. વીતરાગતા કેવળ અને મોક્ષ એ જૈનધર્મનું સાધ્ય હોવાથી પોતે વીતરાગ સર્વજ્ઞ થાય. પછી ધર્મનાં ફળનું દૃષ્ટાંત પ્રત્યક્ષ બને છે. પોતે વીતરાગ કેવળી થયા, તે ધર્મના પ્રતાપથી. દરેક તીર્થંકરને અંગેએક જ નિયમ.

ગણધરો દ્વાદશાંગી ગૂંથી અર્થનિરૂપણ કરે. તે વખતે પ્રથમ અંગના છેલ્લા ભાગમાં ચરિત્ર તેમનું હોય કે–જે તીર્થંકરની દ્વાદશાંગી હોય–જેનું શાસન હોય, તેથી આચારાંગમાં મહાવીરનું ચરિત્ર વર્ણવ્યું. સાધુપણું લઈને કેવળજ્ઞાન મેળવ્યું. તે વચ્ચેની ધર્મકાયની અવસ્થા કર્મ-કાય–ધર્મકાય–તત્ત્વકાય. અંગના અંતમાં નવમા અધ્યયન તરીકે તીર્થંકરની ધર્મકાયનું વર્ણન હોય. જે વર્ણન કરવામાં આવે તે કેવળ ધર્મકાય અવસ્થામાં–એ ધર્મકાય અવસ્થા, આખા શાસનને દૃષ્ટાંતરૂપ છે.

આ માટે પોતે છદ્મસ્થપણામાં દેશના આપતા નથી. છદ્મસ્થ-પણામાં ફળ ન જણાવી શકે. આ વીતરાગપણું, સર્વજ્ઞપણું પોતાનામાં આવ્યું, તે ધર્મનું ફળ પ્રત્યક્ષ છે. તે માટે તીર્થંકરો જે દેશના દે,

તે વીતરાગ અવસ્થામાં દે. સરાગ અવસ્થામાં કંઈપણ નિરૂપણ કરે તે શાસનના સંબંધમાં ન આવે.

શ્રીનેમનાથજીએ રથ વાળતી વખતે 'હિંસાનું આવું ફળ છે.' એ વગેરે કહ્યું, તે દેશનામાં ન ગણાય. મલ્લિનાથજીએ દીક્ષા લીધા પહેલાં મિત્રોને જે વચનો કહ્યાં તે, મહાવીર ભગવાનને સ્વાતિ નામના બ્રાહ્મણ સાથે વાતચીત થઈ તે, દેશનારૂપે નથી; સામાન્ય વાર્તાલાપ રૂપે છે. તમે સરાગ અને વીતરાગ અવસ્થામાં–બંનેમાં દેશના દેતા હો તો ફીકર નથી. પણ તીર્થંકરને માટે તો નિયમ છે કે–વીતરાગ થયા પછી જ ધર્મદેશના અપાય. વીતરાગપણા પછી આત્મદશા સમજાય.

દુનિયાદારીની અપેક્ષાએ સાધુ–ત્યાગી ગાંડા

'પારકાની તારે શી પડી ? તું તારું સંભાળને....' એ દશા રાગીને કહે કે–'અમારી સાથે તારે સંબંધ નહીં; અમે તો તમારી અપેક્ષાએ પૂરેપૂરા ગાંડા.' બજાર વચ્ચે જતાં ધોતિયું નીકળી જાય તો ? તેને ગાંડા જ ગણોને ? તીર્થંકરને વસ્ત્ર નથી, માથું ખૂલ્લું છે. દીક્ષા લઈએ ત્યારે પૈસા ફેંકી દઈએ છીએ. દુકાન પર બેઠેલો માણસ ગલ્લામાંથી પૈસા ફેંકવા માંડે તો તેને મેડહાઉસમાં મોકલવો પડે. દુનિયાદારીની અપેક્ષાએ સાધુ–સંત ગાંડા. 'અમોસેં મત મીલો લોકો ! હમકો દીવાના કહેતા હે'.

એક સરાગી સંત પણ દુનિયાદારીની દરકાર વગરનો હોય, તો આ વીતરાગ થયા, તેમને દરકાર શી ? એને તો એક જ વાત 'પરની તારે શી પડી, તું તારી સંભાળ.' પાણી જેટલું કામ આવે તેટલું ગળ. કૂવા, તળાવ કોઈ ગળતું નથી. સામાન્ય સંતો માટે દુનિયાની દરકાર કરવાની નથી. તો વીતરાગ થયા પછી કેવળ આત્મરમણતા હોવી જોઈએ.

'આ આવ્યો તેને આમ બચાવું–ધર્મ કહું;' એ વીતરાગને નહીં. ફક્કડ થયા એટલે આખા જગતની ચિંતા ઊભી કરી એમ પણ નહીં. **સંતપણાથી તો આત્મારામી થવાનું છે,** તો પછી વીતરાગ

પરમાત્માને જગતની પંચાત શી ? પહેલાં કર્મ બાંધ્યું છે. નહીંતર શાસન પ્રવર્તાવવાની જરૂર નથી. કર્મ બાંધ્યું છે. કયું કર્મ બાંધ્યું છે?

શુભ કર્મ બાંધવામાં જીવ સ્વતંત્ર

તીર્થંકરનામકર્મ તે કર્મ બીજાં કર્મો જેવું નથી. બંધે, ઉદયે અને ફળે ત્રણેમાં તે કર્મ શુભ છે. સમ્યક્ત્વરૂપી ગુણથી તે બંધાય. સમ્યક્ત્વી ન હોય તે તીર્થંકરનામકર્મ ન બાંધી શકે. તેથી તે સમ્યક્ત્વ, બંધ વખતે પણ શુભ ઉદયે આહારકાદિ અશુભ. અહીં ઔદારિક એવું કે-ઉદય વખતે પણ શુભ લોકોને ધર્મ પમાડવાનું સાધન. તે શરીરરૂપ સાધનનું ફળ પણ શુભ=મોક્ષ છે. એ રીતે તીર્થંકરનામકર્મ. હેતુ-સ્વરૂપે-અનુબંધે શુભ. એ કર્મનો હેતુ વીશ-સ્થાનકનું આરાધન છે.

સ્વરૂપે જ્યાં સુધી તીર્થંકરનામકર્મ સત્તામાં રહે અને તે ન નિર્જરે ત્યાં સુધી, જ્યાં હોય ત્યાં ઉત્તમતા હોય.

એકેન્દ્રિયમાં જાય તો પણ રત્ન જેવી ઉત્તમ જાતિમાં જાય એ પ્રમાણે અનુબંધે પણ શુદ્ધ હોય તો-તે ત્રણે પ્રકારે શુદ્ધ હોય તો આ તીર્થંકરનામકર્મ છે. ૧૫૮ પ્રકૃતિમાં એક તીર્થંકરનામકર્મની પ્રકૃતિ જ તે ત્રણેય પ્રકારે શુભ છે. એના ઉદયથી વીતરાગ થયા છતાં દેશનામાં પ્રવર્તે છે. તે પ્રકૃતિ જ વીતરાગનેય દેશનામાં પ્રવર્તાવે છે !

અહીં વાદીએ શંકા કરી કે-'કર્મ બાંધવામાં-ભોગવવામાં જીવને સ્વતંત્ર માનો છો ?'

તેને સમાધાન આપે છે કે-"કર્મ, બાંધવા ભોગવવામાં સ્વતંત્ર નથી. કર્મ, જીવોને રોકે છે. કર્મ નચાવે તેમ જીવ નાચે છે." છતાં અહીં કહો કે-તીર્થંકરો પોતાની ઇચ્છાએ કર્મ બાંધે છે. કર્મ બે પ્રકારનાં-શુભ અને અશુભ. શુભ કર્મ ઇચ્છાથી બાંધી શકાય. જિનનામ કર્મ વીશ સ્થાનકની આરાધનાથી બંધાય.

કર્મો કર્મોનાં કારણથી બંધાય છે. શુભ કર્મોનાં કારણો જીવોને મેળવવા પડે છે. શુભ કર્મ બાંધવામાં જીવ સ્વતંત્ર છે. આત્મા ઉદ્યમવાળો થાય, પહેલાંનો ક્ષયોપશમ કરી લે, તો ભલે કર્મ બાંધે.

પરીક્ષામાં પાસ થાય તે આળસ છોડવાવાળા. અભ્યાસ કરવો સ્વાધીન, પણ તે કોને? આળસ છોડે તેને સ્વાધીન. તેમ તીર્થંકરનામકર્મ બાંધવું તે સ્વાધીન છે, પણ ઉદ્યમવાળા થાય તેને. તીર્થંકરનામકર્મ, જીવ સ્વતંત્ર બાંધે છે.

તીર્થંકરનામકર્મ બાંધે કયારે?

વીસ સ્થાનકની આરાધના કરે ત્યારે. તેમાં જગતના ઉદ્ધારનું ધ્યેય રાખે. જિનેશ્વરની પૂજા કરે ત્યારે, તે પૂજાને દેખનારા સમ્યકૃત્વ પામે. તે પૂજાને સ્થિર કરે--તેમાં આગળ વધે=પૂજા આંગી કરે તો પણ ધ્યેય એક જ કે–જગતનો ઉદ્ધાર કરું. એ ઉદ્યમથી ત્રીજે ભવે તીર્થંકર થાય. તે તીર્થની સ્થાપના કરે, તેની વૃદ્ધિ કરે, તેમાં જગતનું કલ્યાણ થાય એ અરિહંતની આરાધના તેમ સિદ્ધની–વીસે સ્થાનકની આરાધના તેઓ ત્રીજા ભવે જગતના કલ્યાણ માટે કરે.

કોઈકવાર જીવ બળીયો, કોઈકવાર કર્મ બળીયાં

તેથી આ અષ્ટકજીની ટીકામાં જિનેશ્વરસૂરિજીએ જણાવ્યું કે–પરોપકાર કયા દ્વારાએ? અરિહંતાદિક ૨૦ સ્થાનકની આરાધના કરવા દ્વારાએ પરોપકાર. તે આરાધના, તીર્થંકરનામગોત્ર બંધાવે. તીર્થંકરનામકર્મ એવું કે તે બાંધવામાં જીવ સ્વતંત્ર છે.

કેટલીક જગ્યાએ જીવ બળવાન હોય છે. જીવને બળવાન ન માનીએ તો અજ્ઞાનમાંથી જ્ઞાની થવાનો વખત ન આવે, ચારિત્રાદિક પ્રાપ્ત ન જ થાય; માટે જ **'कत्थइ जीवो बलिओ'** તો જગતના જીવો દુઃખી કેમ થાય છે? તો સમજો કે–'દરેકને સુખ આપનારું આવું પુણ્ય જોઈએ છે, પણ કર્મને હાણીને કમજોર કરવા, તે કરી શકતા નથી માટે **'कत्थइ कम्माइ होंति बलियाइं'** જીવને બળવાન કરી શકતા નથી.

તીર્થંકરનામકર્મ એવું છે કે–જીવ બળવાન થાય તો જ તે મેળવી શકે. જીવની બળતરાએ મળવાનું નથી. તીર્થંકરનામકર્મ બાંધવું, ભોગવવું અને તોડવું—તેમાં જીવ સ્વતંત્ર છે. બાંધવામાં સ્વતંત્ર કેમ છે? ૨૦ સ્થાનકની આરાધના કરે તો તે તીર્થંકરનામ ગોત્ર બાંધી શકે. હવે તીર્થંકરનામકર્મ બાંધ્યું શી રીતે? તીર્થંકરોનાં

સમ્યક્ત્વ બે પ્રકારનાં છે. નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા, તે મહાવીરના ભવ સુધી ટકયું નથી.

એક પ્રતિપાતિ=ચાલી જાય તેવું અને એક **વરબોધિ**, ઉત્તમ-બોધિ=આવ્યું કદિ જાય નહીં તેવું. તીર્થંકરના જીવને પણ બંને પ્રકારના સમ્યક્ત્વ હોય. તીર્થંકરનામકર્મ પડવાવાળું સમ્યક્ત્વ હોય ત્યારે નિકાચિત ન બંધાય. નિકાચિત ત્યારે જ કરે કે નહીં પડવાવાળું સમ્યક્ત્વ થાય તો તીર્થંકરનામકર્મ ઔપશમિક સમ્યક્ત્વ વખતે બાંધે, પણ નિકાચિત કયારે કરે ?

સમ્યક્ત્વપણાની અવસ્થામાં ઉત્તમ અથવા અપ્રતિપાતિ એવું સમ્યક્ત્વ થાય, ત્યારે જ વિચારણા એવી થાય કે-'જગતનો ઉદ્ધાર કરું.'

જેના યોગે તીર્થંકરનામગોત્ર ઉપાર્જન કરે, તે વરબોધિ સમ્યક્ત્વ કયારે ?

તીર્થંકર થવાવાળો જીવ છે, સમ્યક્ત્વ પામે છે; પરંતુ જે સમ્યક્ત્વથી તીર્થંકરનામકર્મ બાંધે છે, તે **વરબોધિ** કયારે થાય ?

" વરબોધિ એ કેવળ તીર્થંકર મહારાજ માટે જ કેમ ? એવું એ સમ્યક્ત્વ કેમ છે? દર્શનમોહનીની જે સાત પ્રકૃતિ છે, તે બીજા જીવોને છે, તે જ તીર્થંકર મહારાજને સાત પ્રકૃતિ છે. ત્યારે તેના સમ્યક્ત્વને વરબોધિ કેમ કહો છો ?"

તારો પ્રશ્ન વ્યાજબી છે. પરંતુ સાત પ્રકૃતિ તોડવી તે દરેકનું કાર્ય છે, તે તોડયા વગર કોઇપણ સમ્યક્ત્વ પામતો નથી. જાગે ત્યારે આંખ ઊઘડે બધાની. જે વેપારવાળો હોય તેને આંખ ઉઘડવા સાથે જ વેપારનો વિચાર. અભ્યાસીને અભ્યાસનો વિચાર. પરંતુ લક્ષ્યમાં ફરક હોય છે. તીર્થંકરને સમ્યક્ત્વ થાય. પ્રકૃતિનો ક્ષયોપશમ થાય. પ્રતીતિ થવા સાથે એને એ થાય કે-જગતનું અંધારું નાશ કરું.

ધર્મનું તેજ તેવું હોવા છતાં જગતના જીવો કેમ ભટકી રહ્યા છે ? બીજાને એ વિચાર થાય કે-હું કેમ ભટકયો ? આવું ધર્મ-તેજ, આવો ધર્મરૂપી સૂર્ય, છતાં આ લોકો હજી પણ કેમ અંધારામાં ભટકે છે ?

જગતના જીવો સંબંધીનો એ વિચાર વરબોધિને અંગે થયો. બીજા સમ્યક્ત્વીને 'આવું શાસનનું તેજ છતાં લોકો હજી ભવમાં કેમ ભટકે છે? માટે તે સહુને તારું' એવો વિચાર ન આવે. તીર્થંકર થવાવાળો સમ્યક્ત્વ પામે ત્યારે તેની વિચારણા જુદી જ હોય. ભાષ્યકારે કહ્યું છે કે—

जन्मजरामरणार्तं, जगदशरणमभिसमीक्ष्य निःसारम्।
स्फीतमहपहाय राज्यं, धीमान् प्रवव्राज ॥

તીર્થંકર દીક્ષા લે ત્યાં આગળ **मरणार्तं जगद् अभिसमीक्ष्य** જગતને જન્મ, જરા, વેદનાગ્રસ્ત દેખી, અસાર, પીડાયેલું, વ્યાધિ, વેદનાથી ભરેલું દેખી દીક્ષા લે. જગતની વ્યાકુળતા બંધ કરું, તે માટે જેઓ દીક્ષિત થાય છે. તેઓની કર્મક્ષય પછીની અને કેવળજ્ઞાન પહેલાંની દીક્ષાવાળી બધી ધર્મક્ષયની અવસ્થા એને જ માટે.

આ બધો પ્રભાવ ત્રીજે ભવે સમ્યક્ત્વ વખતે જે પરોપકારની બુદ્ધિ ઝળકી તેનો છે, માટે તીર્થંકર ભગવાનો **'वरबोधितः आरभ्य'** જ્યારથી=ત્રીજાભવથી શ્રેષ્ઠ સમ્યક્ત્વ થયું છે ત્યારથી સતતપણે પરાર્થક વ્યસની આદિ હોય છે, ત્રીજા ભવે ચક્રવર્તીપણામાં પોટ્ટીલાચાર્ય પાસે દીક્ષા લીધી ત્યારથી વ્રત ચાલ્યાં છે. સતત આરાધના ચાલી છે.

ચક્રવર્તીપણા પછી હલકો ભવ આવ્યો નથી પછી **'परार्थोद्यत एव हि'** લોકોને તારવાનો દૃઢ વિચાર **'पर'** એટલે પોતાના સિવાયના—પોતાના આત્મા સિવાયના જગતના સર્વ જીવો **'पर'**. **ते पर ना अर्थे**—માટે જે હિત કરવું—તેઓ વડે પરનું અહિત કોઈ પણ પ્રકારે ન થાય તેવું કરું અર્થાત્ તેઓને પાપ કરતાં બંધ કરું—દુઃખી થતાં બંધ કરું—મોક્ષ પમાડું. બીજા સમ્યક્ત્વવાળાને 'જગતના જીવો મારી વૈરી હો કે મિત્ર હો,, સ્વજન હો કે પરજન હો. કોઈપણ પાપને રસ્તે ન જાવ. એટલી ભાવના હોય છે.

છતાં જીવો પાપને રસ્તે જાય, તો પણ જૈનશાસ્ત્ર દંડપ્રધાન નથી, મહેરપ્રધાન છે=દયાપ્રધાન છે. દુઃખી એટલે જૂના પાપી. તમે નવા

ગુનેગારને અંગે દંડ દૃષ્ટિ રાખો તો મહેરદૃષ્ટિ રહેવાની કયાં ? દયાનું સ્થાન કોણ ? દુઃખી ભાવથી દુઃખી હોય તે પહેલાંના કર્મ બાંધનારા હોય. નિર્વિશેષપણે શક્તિ અનુસાર દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારે અનુકંપા કરે તો દયા કરી કહેવાય. ગુનેગારનો દંડ થવો જ જોઈએ, તો દયાદૃષ્ટિ રહે જ નહીં, તો અત્યારના દુઃખીની પણ દયા ન રહે.

જેને દયાપાત્ર ગણીએ-છીએ તે જૂના પાપી છે. પછી તેઓ દંડદૃષ્ટિમાં રહેતા નથી. આથી સમ્યક્ત્વની ભાવના કે-જગતનો કોઈ પણ જીવ દુઃખી ન થાવ. જે નવાં કર્મ બાંધે છે, તે પણ દુઃખી ન થાવ. દંડદૃષ્ટિમાં ન આવવા માટે એ બીજી ભાવના રાખવી પડી. જૈન દૃષ્ટિમાં **नाभूत् कोऽपि दुःखितः**' બાંધેલા પાપને તપસ્યાદ્વારાએ તોડનારા થાવ પણ કોઈ દુઃખી ન થાવ. અર્થાત્ આખું જગત કર્મથી રહિત થાવ.

અહીં શંકાકારે શંકા કરી કે-જૈનશાસ્ત્ર પ્રમાણે પણ આ વાત વાહિયાત લાગે છે ! કારણ કે-અભવ્ય તો મોક્ષે જવાના નથી ! ભવ્યો પણ બધા મોક્ષે જવાના નથી ! તો આ વિચાર યથાર્થ કઈ રીતે ?

કુટુમ્બી માંદો પડયો. સર્જન આવ્યો. બચવાની આશા નથી, છતાં કુટુમ્બી સજ્જન મનુષ્યો એમ બોલી શકે ખરા ? કે-ત્યારે... **મરો.** માંદા કુટુમ્બી માટે એ શબ્દ તો તેઓનાં મોઢામાંથી ન જ નીકળે. ભલે પાંચ જ મિનિટ પછી મરવાનો હોય, છતાં સજ્જન કે કુટુમ્બી એમ કહે જ નહીં. અભવ્ય પોતાના સ્વભાવ પ્રમાણે મોક્ષ ન મેળવી શકે, છતાં ઉત્તમ જીવોની ભાવના એ ન હોય કે-એ તો ભટકે. એની ભાવના તો એ જ હોય કે-'આખું જગત મુક્ત થઈ જાવ. આ સમ્યક્ત્વવાળાની ભાવના. જગતનો કોઈપણ જીવ પાપ ન કરો. દુઃખી ન થાવ-મુક્ત થાવ.'

તો તીર્થંકરના સમ્યક્ત્વમાં વધારે શું ? જેથી તેમનાં સમ્યક્ત્વને વરબોધિ કહો છો ?

તેના સમાધાનમાં સમજો કે- સમ્યક્ત્વી શું વિચાર કરે છે ?કે -જગત જીવોને પાપ બાંધતાં રોકી દઉં. દુઃખી જીવોને દુઃખી થતાં

બંધ કરું. તેમજ **બધાં જીવો મોક્ષ પામો.**' ત્યારે તીર્થંકરના જીવને ત્રીજા ભવે એ ભાવના હોય કે–હું **બધાંને મોક્ષ પમાડું** આ વિચારવાળું જે સમ્યક્ત્વ, તે **વરબોધિ.** એ જ્યારથી એ મહાપુરુષને પ્રાપ્ત થાય, ત્યારથી તે બીજાના ઉપકારમાં ઉદ્યમવાળા, એના હાથે ઉપકાર જ કાર્યો થતાં જાય, અપકારનાં કાર્યો બને જ નહીં.

આથી જ **'परार्थोद्यत एवहि'** એવા હોવાથી **'तथाविध समादत्ते कर्म'** દેવતાએ કરેલા પ્રાતિહાર્યો તેમજ સમોસરણદ્વારાએ જે કર્મ ભોગવાય –જગતના ઉદ્ધાર માટે જે તીર્થંકરનામકર્મ, તે ત્યાં બંધાય. **'तथाविध'** કહી તેવું જ કર્મ કે જે કર્મ. દેવતાની પૂજાને આપવાવાળું. **'समादत्ते कर्म=** તે દ્વારા શાસન સ્થપાવાવાળું તીર્થંકરનામકર્મ બાંધે છે. પરોપકારમાં જ લીન હોય. પરિણામો ઉચ્ચતર જ રહે. આ ઉચ્ચ આશયવાળા પુરુષ જ્યારથી વરબોધિ થાય ત્યારથી પરોપકારમાં લીન હોવાથી– ઉચ્ચ આશયવાળા હોવાથી તીર્થંકરનામકર્મ બાંધે છે. તેઓ પણ વીતરાગ થઈને દેશના દે છે.

તીર્થંકરનામકર્મના કારણ તરીકે પરોપકારીપણું, સ્ફીત–ઉદાર, આશયપણું જણાવ્યું એ જે તીર્થંકરનામકર્મ, તે કયાં સુધી ટકે ? ટકે ત્યાં સુધી શું પરોપકારનાં કાર્યો કરે છે ? કેવાં કરે છે ? તે અગ્રે—



જગદ્‌ગુરુ



સાન્વર્થ જગદ્‌ગુરુ કોણ હોઈ શકે ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, અષ્ટકજી પ્રકરણ રચતાં કહે છે કે, "ભગવાન જિનેશ્વર મહારાજને કેવળ જ્ઞાન થાય પછી–વીતરાગ થયા પછી શામાટે દેશના આપે છે ?" તેવા પ્રકારના શિષ્યના પ્રશ્નનું સમાધાન કરતાં જણાવે છે કે–કોઇપણનો પક્ષ કરનાર ન્યાય ચૂકવવાને લાયક નથી. પરમેશ્વરને આખા જગતનો ન્યાય ચૂકવવાનો છે. પુણ્ય–પાપબંધ–નિર્જરાનાં કારણ તરીકે જે પદાર્થ જેમણે જણાવ્યા, તેને બાહ્ય પદાર્થને અંગે રાગ હોય તો પક્ષ ખેંચ્યા વગર ન રહે.

સ્વજન પરજનમાં ચૂકાદો આપવાનો બરાબર ન હોય, તેથી જીવ અજીવની પરિણતિનો–રાગદ્વેષની પરિણતિનો ક્ષય થાય, પોતાનાં શરીર પર પણ જેમને મૂર્ચ્છા–પ્રીતિ ન થાય તેવા વીતરાગ છે. વીતરાગ કહો છો, તેના કરતાં રાગ વગરનાં જણાવોને ? અરાગ કહોને ?

તો કે–નહીં. કોઇપણ જીવ અનાદિકાળથી રાગ વગરનો તો છે જ નહિ. બીજાઓ એમ માને છે કે–જૈનો ત્રણ પ્રકારના જીવો માને છેઃ નિત્યમુક્ત, સિદ્ધ અને સંસારી. નિત્યમુક્ત, તીર્થંકર, મુક્તિના ને સંસારનાં'. આમ જૈનધર્મનું ખંડન કરવા જાય છે, પણ તેઓ જૈનધર્મનું સ્વરૂપ જ જાણતા નથી. શાંકરભાષ્યમાં તેઓ એમ માને છે. જૈન મતમાં એવા ત્રણ ભેદો છે જ નહીં, તીર્થંકરોને પણ નિત્યમુકત ગણવામાં આવ્યા જ નથી.

વીતરાગશાસન થવાનું કારણ.

પહેલાં તો તીર્થંકરો પણ રાગદ્વેષવાળા જ હતા. સન્માર્ગ જડયો, વીર્યોલ્લાસ થયો, તેથી તેઓ પોતાના આત્માને રાગમુકત કરી શકયા. તીર્થંકરનો દરેક જીવ હંમેશનો રાગ રહિત હતો–તેમ બનતું નથી.

જેને જન્મ છે, તેને કર્મ છે જ. વીતરાગને તો જન્મ થાય જ નહીં. તેને કર્મ બાંધવાના ન હોય, તે વીતરાગને ફરીથી જન્મવાનું હોય જ નહીં. જે જે જન્મવાળા છે તે બધા રાગવાળા છે, તેથી ચાહે તો તીર્થંકર મહારાજનો કે-ગણધર મહારાજનો જીવ હોય. કોઈપણ અનાદિથી શુદ્ધ નથી. આથી વીતરાગ શબ્દ રાખવો પડયો.

ત્રિ-વિશેષ કરીને इतो-गतो रागो यस्य सः=વીતરાગ-હતો ત્યારે રાગ ગયેા, ન હોય તેને જવાનું છે જ નહીં. રાગને દૂર કરે ત્યારે જ વીતરાગ બને. ગતરાગ વાપરેા. 'गतो रागो अस्मात्' એમ રાખેા. રાગ જવામાં જગતમાં કોઈપણ જીવ સર્વવૈષયિક રાગવાળા હોતા નથી. કોઈકને કોઈક પર રાગ બેસેલેા હોય. કોઈ વખત શરીર પર રાગ ગયેલેા હોય, કોઈ વખત સ્ત્રી પર, ધન પર. માટે તેવેા અર્થ ન લેવેા. 'સર્વથા પ્રકારે गतः' એવેા અર્થ લેવેા. બંધ, ઉદય કે સત્તામાં જેને રાગ ન હોય તેવા વીતરાગ. જે યુવરાજ હતેા, પછી રાજગાદી પર અભિષેક થયેા. તેને મહારાજા કહીએ. પછી યુવરાજ તો અપમાનવાચક ગણાય. પોતે કુંવર હતા એ બધું ખરું પણ અત્યારે રાજાપણાની ચડતી અવસ્થા હોવાથી તેને હવે યુવરાજ ન કહેવાય તેમ વીતરાગપણું-જગતના રાગદ્વેષથી ભરેલા આત્માઓની અપેક્ષાએ ભલે ચઢિયાતું છે, પણ સર્વજ્ઞપણાની અપેક્ષાએ વીતરાગપણું સામાન્ય છે.

કહેશેા કે-"તો પછી તેરમા ગુણસ્થાનકની આટલી ઊંચી હદને પામેલાને વીતરાગ કહી કેમ સંબોધેા છેા ? કારણ કે-સર્વજ્ઞ થએલાને વીતરાગથી ઓળખાવવા તે નીચી પાયરી છે."

તો સમજો કે-વીતરાગપણું, એ સર્વજ્ઞપણું લાવનાર વસ્તુ છે. વીતરાગપણા વગર સર્વજ્ઞપણું આવતું નથી. વીતરાગપણાને અને સર્વજ્ઞપણાને આંતરું કાચી બે ઘડીનું છે. બારમા ગુણઠાણાના વિસામામાં જે અંતર્મુહૂર્ત જવાનું તેટલું જ આંતરું. વીતરાગપણું સર્વજ્ઞપણાની પહેલાં થનાર. પહેલું જ વીતરાગપણું, પછી જ સર્વજ્ઞપણું થાય. સર્વજ્ઞપણા માટે કરેલા ઉદ્યમેા, એ વીતરાગપણાને ન લાવે. વીતરાગપણા માટે કરેલા ઉદ્યમેા સર્વજ્ઞપણું લાવે, માટે એ વીતરાગપણું

સર્વજ્ઞપણું લાવનાર છે. જગતનો પ્રાણી, વીતરાગપણા માટે ઉદ્યમ કરે તો તે વીતરાગપણું–સર્વજ્ઞપણું લાવે. આ શાસનને પણ તેથી વીતરાગશાસન કહીએ છીએ, પણ સર્વજ્ઞશાસન નથી કહેતા. એનું ધ્યેય એ જ કે–તમે રાગ–દ્વેષ–મોહનો નાશ કર્યો એટલે સર્વજ્ઞપણું તમારી પાસે જ છે.

અભવ્ય પણ કેવળસ્વરૂપ છે.

જે જે મતોવાળા જીવને માને છે, તે ચેતનાને માને છે. પ્રચ્છન્ન સર્વજ્ઞ એનું નામ પણ જીવ. ઢંકાએલા સર્વજ્ઞ એ પણ જીવ. એ માને તે જ સમ્યક્ત્વનું પ્રથમ પગથિયું. એકેન્દ્રિયથી માંડી સર્વ સંસારી જીવો કર્મથી અવરાયેલા કેવળજ્ઞાનવાળા જીવો છે. અભવ્ય લઈએ. અભવ્યનો જીવ પણ એ રીતે કેવળજ્ઞાનસ્વરૂપ છે. અભવ્યના જીવને કેવળજ્ઞાન–સ્વરૂપન ના માનીએ તો તેને કેવળજ્ઞાનવરણીય માનવું કે નહીં? તેને કેવળજ્ઞાનાવરણીય બંધાય તે કોને રોકશે?

એકેન્દ્રિયથી માંડી સર્વાર્થસિદ્ધ સુધીના જીવો તે કર્મથી અવરાયેલા છે. આવરણ ખસે એટલે સર્વજ્ઞપણું–સિદ્ધપણું પ્રગટ થાય. આથી શ્રી હરિભદ્રસૂરીજી મહારાજ કહે છે કે–ક્રોધાદિક રાગ–દ્વેષ ને માનસિકાદિ વિકારોથી દૂર થાવ. આ જૈન દર્શનનો સિદ્ધાંત છે તેથી જિનેશ્વરો, વીતરાગ થએલા છતાં અને સર્વજ્ઞ થએલા હોવા છતાં પણ ધર્મદેશનામાં તો પ્રવર્તે.

વીતરાગ થયા પછી દેશના કેમ આપે?

"આ રીતે સર્વજ્ઞ દેશના આપે અને તેમાં જગતનું ગમે તે થાવ તેની તેને દરકાર નથી, તે વાત કેમ માની શકાય? લાગણીથી દેશના દેવી છે અને લાગણી ભગવાનને થતી નથી એમ માનવું છે, એ બે સાથે ન બને. વીતરાગપણા સાથે ધર્મદેશના બની શકે નહીં." આવી શંકા કરી.

તેના જવાબમાં જણાવે છે કે–વીતરાગપણું, રાગીપણું શાના અંગે હોય? સચેતન અને પૌદ્ગલિક પદાર્થોના અંગે. તેમાં સુખનાં સાધન તરીકેની જે પ્રીતિ તેનું નામ રાગીપણું. આત્માના ગુણોને

અંગે જે પ્રીતિ થાય તેને રાગ નથી કહેતા. વૈરાગી એ તો તમારા હિસાબે મોટા રાગી. જગતમાં ધન-કંચનની કિંમત કેટલી? આત્માના ગુણોની કિંમત કેટલી? જગતની અસાર વસ્તુનો રાગ છોડી અજરામર જેવી મોટી પદવીમાં રાગ રાખવા લાગ્યા તો તમારા હિસાબે મોટા રાગી, પરંતુ આત્માના ગુણોનો જે રાગ તે પરમાર્થથી રાગ જ નથી.

વિષયસુખનાં સાધનની લાગણીને રોકે તે વૈરાગી. કેવળજ્ઞાન મોટામાં મોટું કિંમતી છે. મોક્ષ પર રાગ થયો તો મહારાગી થયો. વૈરાગી કયાં રહ્યો? પણ એમ નથી. વિષયસુખનાં સાધનો પર જે લાગણી થવી તે રાગ. તે રાગ ખસ્યો હોય તે વીતરાગ. અહીં પણ જે જે જગતના જીવોને ઉપદેશ આપે છે, તેમાં મારા સ્નેહી અમુક મારા છે, તેનાં ધન-માલ મારા થાય એવી કોઈની વાસના નથી. તેમને તો દેશનામાં-"જગતનાં આ જીવો, વેદના અને વ્યાધિથી ભરપૂર બન્યા છે, અસાર દુનિયામાં સારું સમજીને બેઠા છે, તેમને સમજાવું છું" એમ જ લક્ષ્ય હોય.

એવી રીતે જગતના ઉદ્ધાર કરવાના મુદ્દાએ પોતે પ્રવૃત્તિ કરે છે. અહીં વિષયસુખ કે કુટુમ્બ-કબિલા તરીકે લાગણી નથી, કારણ કે-વીતરાગપણું છે.

હવે બીજી વાત લઈએ કે-"પ્રભુએ જેને ધર્મોપદેશ દીધો, તે લાગણીથી સાંભળવા આવ્યા. જે ન સાંભળવા આવ્યા તે તો લાગણી બહાર રહ્યાને? તેઓ પ્રત્યે તો પ્રભુ લાગણી વિનાના ગણાયને?" તો સમજો કે-"સાંભળવા નહિ આવેલાઓને પ્રભુ પોતે તેવા રૂપે રાખતા નથી, કે-તેઓ ન આવે, ન સાંભળે." આવતાને રોકે તો લાગણી વિરુદ્ધ ગણાય. તે માટે જણાવ્યું કે-વીતરાગપણું છતાં દેશના દે છે, તેમાં લાગણી નથી. તેવાઓ દેશના સાંભળવા આવ્યા પછી પ્રભુ તેઓ માટે ના કહે તો તમે તેમ કહી શકો. પ્રભુની દેશનાના પહેલે-ચોથે પહોરે સર્વને સાંભળવાનું. યોજન સુધી તમામ સાંભળી શકે.

પ્રશ્ન:-"બીજા કેવળીઓ એ રીતે દેશના ન કરે ને તીર્થંકરો જ કરે તો શું બંનેનાં કેવળજ્ઞાનમાં ફરક છે? બીજા કેવળીઓએ

પણ ચારે કર્મો સરખી રીતે ક્ષય કર્યા છે, તો તીર્થંકરો જ શાસન સ્થાપે અને તેઓ ન સ્થાપે, તેમાં કંઈ કારણ?"

દેવત્વ એક ભવે સિદ્ધ ન થાય.

કેવળીપણું-સિદ્ધત્વ-આચાર્યાદિપણું એ વગેરે એક જિંદગીનું કાર્ય છે પણ દેવાદિ દેવત્વ એ અનેક જિંદગીએ જ થાય. કોઈ **તીર્થંકર, તે જ ભવમાં ૨૦ સ્થાનકની આરાધના કરી, તીર્થંકર થઈ મોક્ષે ગયા, તેવું બન્યું જ નથી, બનતું નથી અને બનવાનું નથી.** મિથ્યાત્વી સમ્યક્ત્વ પામે, દ્વાદશાંગી ગૂંથે, તે કેવળ પામી મોક્ષે જાય, તે બની શકે; પરંતુ એ રીતે તીર્થંકરપણું એક જ જન્મનું કાર્ય નથી.

આવશ્યક સૂત્રની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે-૨૦ સ્થાનકની આરાધના **એવી** છે કે તે સંસાર કાપી નાંખે, પણ બધો સંસાર ન કાપે; ત્રણ ભવ છોડીને સંસાર કાપે. વીસ સ્થાનકની વિચિત્ર આરાધના છે. તીર્થંકર મહારાજના જીવની ૨૦ સ્થાનકની આરાધના આખા સંસારચક્રને ન કાપે. ત્રણ ભવ તો બાકી રહે જ. એ ત્રણ ભવ બાકી રહે, તે વસ્તુ વિચારીએ તો દેવાધિદેવપણું એક એક ભવથી સાધ્ય નથી. દેવાધિદેવ=તીર્થંકર પૂર્વના ત્રીજા ભવે એ ૨૦ સ્થાનક આરાધે. તીર્થંકરનામકર્મ નિકાચિત કરે, અને તે પછી પણ બીજે ભવે તો તીર્થંકર ન જ થાય. **ત્રીજે ભવે જ તીર્થંકર થાય.**

તીર્થંકર મહારાજા વીતરાગ અવસ્થામાં આવ્યા-સર્વજ્ઞ થયા ત્યારે બાંધેલું તીર્થંકરનામગોત્ર, છે તેથી પૂજ્યતા ઊભી કરવી, અગ્લાનિએ ધર્મદેશના પ્રવર્તાવવી વગેરે કાર્ય કરે. ૨૦ સ્થાનકની આરાધનામાં પૂજ્યતા આનુષંગિક રહે. પૂજ્યતાના નામે તીર્થંકરનામકર્મ બાંધવા જાય તો તીર્થંકરનામકર્મ બંધાય જ નહીં. ૨૦ સ્થાનકની આરાધનામાં તે આરાધનાના યોગે આમ અતિશય પ્રાતિહાર્યવાળો થઉં તેમ ધારણા રાખે તો તીર્થંકરપણું પ્રાપ્ત કરે જ નહીં. જગતના ઉદ્ધારની બુદ્ધિએ ૨૦ સ્થાનક આરાધે તો જ તીર્થંકરનામકર્મ બાંધે.

વરબોધિ અને સામાન્ય સમ્યક્ત્વ વચ્ચેના ઉદ્દેશનો આંતરો.

મોહ અંધકારમાં રખડતા જીવોને કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય

કરી માગે લાવું. જેની પહેલાં ભવોમાં આ દશા હોય કે-જગતને તારું. સામાન્ય સમ્યક્‌ત્વવાળો હોય, તેને ત્રણ ભાવના હોય-

(૧) જગતનો કોઈપણ જીવ દુઃખી ન થાવ,

(૨) પાપ ન કરો,

(૩) સર્વ જીવો મુક્ત થાવ.

તો તીર્થંકરની ભાવના આ હોય:

(૧) જગતના જીવોને પાપ-દુઃખથી બચાવું.

(૨) જગતના જીવોને સુખ અપાવું,

(૩) જગતના જીવોને પાપમુક્ત કરાવું.

ભાવના બન્નેની છે અને તે બધાને અંગે છે. ફરક એટલો કે-સામાન્ય સમ્યક્‌ત્વવાળો આશીર્વાદમાં છે, જ્યારે વરબોધિવાળો ફરજ સમજે છે.

જીવોને પાપ કરતાં બંધ કરવા, પાપથી બચાવવા તે મારી ફરજ. જીવોનાં દુઃખનો નાશ મારે કરવો. જગતના જીવો, રાગ-દ્વેષ કર્મોથી ઘેરાઈ અસારપણે રખડે છે, તેને રખડવામાંથી હું મુક્ત કરું. આમ પોતે જવાબદારી લે છે. આવી રીતે તમામ જીવોને પાપ રહિત કરાવવાની, દુઃખ રહિત કરાવવાની ફરજ ગણીને એમાં જ લીન થવાવાળા હોય તેઓ જ ત્રીજે ભવે-અંતિમ ભવે તીર્થંકર થઈ શકે. તીર્થંકર-નામગોત્ર બાંધવામાં જીવ સ્વતંત્ર છે. બીજાં કર્મો સ્વતંત્રતાએ બાંધવાના ન થાય, પણ તીર્થંકરનામકર્મ, સ્વતંત્રતાએ બાંધે-ભોગવે ને તોડે.

આવું વિશિષ્ટનામકર્મ બાંધી કોણ શકે?

'वरबोधितः आरभ्य' જેઓ વરબોધિ પામ્યા પછી સતતપણે પરાર્થ વ્યસની આદિ હોય તે વિશિષ્ટ નામકર્મ બાંધી શકે.

સમ્યક્‌ત્વ બે પ્રકારનાં છે: વિશિષ્ટ અને સામાન્ય. સામાન્યમાં-'બધા જીવો પાપ ન કરો, દુઃખી ન થાવ. મુક્ત થાવ.' એ ભાવના, અને વિશિષ્ટમાં 'હું જગતના બધા જીવોને પાપમુક્ત કરું, દુઃખથી બચાવું.' એ ભાવના. આમ વિશિષ્ટ સમ્યક્‌ત્વ ન થાય ત્યાંસુધી તીર્થંકરનામકર્મ ન બંધાય. 'જગતના જીવોનું દુઃખ રોકું, તેઓને કર્મ રહિત કરું 'એવી ભાવનામય પ્રવૃત્તિ' એનું જ નામ વરબોધિ.

વરબોધિ જ્યારે થાય ત્યારથી તીર્થંકરનામકર્મની શરૂઆત થાય. વરબોધિથી શરૂ કરીને તીર્થંકરનામકર્મ બંધાય ત્યાંસુધી એ ભાવનામય સતત પ્રવૃત્તિ રહે. વરબોધિ ન થાય તે પહેલાં તીર્થંકર-નામગોત્ર ન બંધાય. વરબોધિથી શરૂ કરીને જ બંધાય. એને જ કેમ વરબોધિ? **परार्थोचित पवहि**-વરબોધિવાળો પરોપકાર કરવામાં જ ઉદ્યમવાળો છે-બીજાના કલ્યાણમાં જ પ્રવૃત્તિ કરનારો હોય છે તેથી વરબોધિ થાય ત્યારથી પરમાર્થના જ ઉદ્યમવાળો હોય.

સરકારી કેટલકેમ્પ અને પાંજરાપોળના ઉદ્દેશોની ભિન્નતા

સરકાર ગાયોનો કેમ્પ ઉછેરે છે; એ રીતે ગાયોને બચાવવામાં તેમની દૃષ્ટિ એ છે કે "આવતે વરસે જાનવરો ન હોય તો ખેડૂતો ખેતી કયાંથી કરશે? અને ખેતી નહીં કરે તો રાજ્યને આવક કયાંથી આવશે?" જ્યારે પાંજરાપોળમાં ઢોર રાખો તેમાં દૃષ્ટિ એ છે કે તેનો બચાવ કરવો અને તેની ઉપર દયા રાખવી. આજે પરજીવોની દયા, એ **परार्थ=परमार्थ**. તેમાં સ્વાર્થને લેશમાત્ર આગળ કરતા નથી.

ગૌશાળામાં ફરક આટલો કે-ગૌશાળા ગાયને માતા માની પૂજ્ય માને છે અને તે અપેક્ષાએ તેને બચાવે છે. દેશની અપેક્ષાએ બચાવો તો બધા દૂધાળાને બચાવો. એમાં પણ થયું તો બચાવવાનું ને? તો તે પણ **परार्थोचित** જ થયોને? તો કે ના, કારણ કે-તે બચાવવાની **અંદર** સ્વાર્થ સમાયેલા છે.

પરાર્થ કરવામાં સ્વાર્થ ન જોઈએ. માટે **स्फीताशय:**- કેવળ ઉદ્ધારનો જ અભિપ્રાય. જગતના ઉદ્ધાર માટેની એ પ્રવૃત્તિમાં પોતાને કંઈપણ સ્વાર્થ-ફાયદાનો આશય નથી. 'દેવદત્તને પ્રતિબોધ કરીશ તો તે મારી પરંપરામાં આવશે. એમ થશે તો તે માર્ગ રાખશે.' આમ દુનિયાદારીની ઇચ્છા રાખે તો ઉદાર આશય ન ગણાય. એ ઉપકાર કરીને તેનો પાછો બદલો જોઈતો નથી. જે ઉપકાર બદલો મેળવવાની ઇચ્છાએ હોય તે **સ્વાર્થ** ગણાય. જેનો આશય પાછો બદલો લેવાની લાગણી વગરનો છે, તે **स्फीताशय**=વિશુદ્ધ આશય.

બીજાના ફાયદા માટે પ્રવૃત્તિ કરે તે તીર્થંકરનામકર્મ બાંધે છે.

એ રીતે બદલાની લાગણી વગર બાંધેલું તીર્થંકરનામકર્મ જ્યાંસુધી રહે છે ત્યાં સુધી તે આત્મા જગતને સહજ ઉપકાર કર્યા કરે છે.

તીર્થંકરપણું અપરાવર્તનીય.

કેટલાક કર્મોનો છેડો આવી જાય. ચક્રવર્તિપણાનું કર્મ નિર્ગ્રંથપણું લે એટલે તેનો છેડો આવી જાય. એક ભવમાં ચક્રવર્તિપણાં બદલવાવાળાં છે. લાભની પાછળ અલાભ એક જન્મમાં હોય છે. પરાવર્તનવાળી વસ્તુઓ છે. આ તીર્થંકરનામકર્મ એવી વસ્તુ છે કે–જેનો એક ભવમાં છેડો નથી અને નિર્ગ્રંથપણું લે, તોપણ તેનો છેડો નથી! સંસારના છેડામાં જ તેનો છેડો! એવો તીર્થંકરનો આત્મા, ત્રીજા ભવથી બદલાની ઇચ્છા વગર, બીજાને પાપથી બચાવવાની લાગણીથી ઉદ્યમ કરે. જગતના જીવોને પાપ રહિત, દુઃખ રહિત કરવાની કોશિષ કરે. ભવની વચમાં એ પલટી જાય જ નહીં. તીર્થંકરનામકર્મ એવી ચીજ કે ભવની વચ્ચે પલટે જ નહીં. એક ભવમાં તીર્થંકર અને અતીર્થંકર એ બે થાય જ નહીં. વાસુદેવ કે ચક્રવર્તિપણું પલટી જાય.

તીર્થંકરો જ જગદ્‌ગુરુ છે.

પૂજ્યતા પહેલાં થઈ ગઈ છે, તેથી કર્મનો ઉદય, કેવળી બને પછી જ થાય. તીર્થંકર ભગવાનના પાંચ કલ્યાણક માનીએ છીએ, પછી ઉદય ચોથા કલ્યાણકથી કેમ? તો જે ધ્યેય સિદ્ધ કરવાનો ઉદય છે, તે ૧૩મા ગુણઠાણાથી છે, પણ પૂજ્યતાને લાયક તો પ્રથમથી જ છે. ધ્યેયની સિદ્ધિરૂપે જે ઉદય તીર્થંકરનામકર્મનો તે કેવળી બને પછી થાય. તે દેવપણું મોક્ષે જાય ત્યાં સુધી રહે. આવ્યું તે આવ્યું જ, પછી તે જાય જ નહીં.

ગુરુપણું પતિત થવાવાળી ચીજ છે. દેવપણું એ નિકાચિત વસ્તુ છે, તેથી અપ્રતિપાતિપણું છે. આખો જન્મ દેવપણાનો છે. ગુરુપણું આવ્યું ને ગયું થાય. જ્યાં સુધીનું જિનનામકર્મ બાંધેલું છે ત્યાંસુધી તીર્થંકર મહારાજ દેશનામાં પ્રવર્તે છે.

દરેક મનુષ્ય પોતાના દેવગુરુને જગતગુરુ–જગતના દેવ તરીકે શબ્દ વાપરે છે, પણ તે શાના અંગે? દેવને પહેલાં તો જગતની

ભાષા નથી, વિદ્વાનો સમજી શકે તેવી ભાષા છે. તે છે ગર્વાણુગીરા. તીર્થંકરોએ બોલવામાં જગતની ભાષા નથી રાખી, વિદ્વાનોની ભાષા રાખી છે. તો પછી તે જગદ્‌ગુરુ શી રીતે? અહીં ૧૮ દેશે મિશ્રિત એવી અર્ધમાગધીથી ઉપદેશ આપે છે. 'गृणाति तत्त्वमिति गुरुः' તત્ત્વને નિરૂપણ કરે તે ગુરુ. જગતની ભાષા પોતાને બોલવી નથી તે જગત્‌ગુરુ શી રીતે? ગુજરાતીમાં અમે ઉપદેશ આપીએ છીએ. મારવાડ, મેવાડમાં ભાષા પલટવી પડે છે. ગ્રંથની ભાષા અનિયમિત રહેવી જોઈએ, પરંતુ અર્ધમાગધી કોઈ દેશની ભાષા નથી. તો શાસ્ત્રો તે ભાષામાં કેમ રાખવાં?

કેટલીક વસ્તુઓ વક્તાની સૂચનાથી ગ્રહણ કરવાની હોય છે, કેટલીક ઉત્પાદકના સામર્થ્યથી ગ્રહણ કરવાની હોય છે, ખાડામાં નહીં પડીશ. ખાડો કોને કહેવો? સૂચના માત્રથી સાવચેતી લેવાની હોય, તેમાં મૂળ ઉત્પાદકને ન જોવો પડે, પણ વિશ્વાસદ્વારા પ્રવૃત્તિ કરવાની હોય ત્યાં પ્રામાણિકતા તેના ઉત્પાદક પર. વક્તાની પ્રામાણિકતાના આધારે પ્રવૃત્તિ નિવૃત્તિ કરવાવાળા છે. પ્રત્યક્ષ પદાર્થની પ્રવૃત્તિ-નિવૃત્તિ કરાવવાવાળા ધર્મ-અધર્મ-અરૂપી વસ્તુ, વક્તાના વાકયના આધારે પ્રવૃત્તિ-નિવૃત્તિ કરાવે છે.

હિંસાથી અધર્મ થાય તેમ માનીએ તો હિંસાથી નિવૃત્તિ કરીએ. અહિંસામાં અધર્મ થાય તેમ માનીએ તો અહિંસામાં પ્રવૃત્તિ કરીએ. વક્તાનાં વચનને રાખી મૂકવું જોઈએ. અર્ધમાગધીમાં શાસ્ત્રો છે ત્યાં સુધી તીર્થંકરકથિક કહેવાય. બીજી ભાષામાં લઈ જાઓ તો તીર્થંકરભાષિત નહિ કહેવાય. સૂત્રની ઉત્પત્તિ અર્ધમાગધીમાં છે. તેમના વર્તનકાળમાં તેઓ જગતની વ્યાપક ભાષામાં ઉપદેશ આપતા હતા. તે દ્વારાએ જ તેઓ જગદ્‌ગુરુ છે. પોતાના ઉપદેશના શ્રવણ માટે અયોગ્ય કોને ગણ્યા છે?

'ક્ષુદ્રના કાનમાં શબ્દ પડે તો તપેલું સીસું રેડી મારી નાંખો!' શ્રુતિના શબ્દો, ક્ષુદ્રો સાંભળેતો 'મારી નાંખો!' તેવાને જગદ્‌ગુરુ શી રીતે બનાવી શકાય? સર્વજાતિને ધર્મ સાંભળવાની-આદરવાની અને અધર્મને છોડવાની-તજવાની છૂટ છે. આખા જગતનું હિત કરવાવાળો સ્વભાવ છે. આથી જગતની વ્યાપક ભાષાથી ઉપદેશ આપી દેશનામાં જગદ્‌ગુરુ પ્રવર્તે છે. કેવળીમાં કઈ લાગણીનો ફરક? કેવળજ્ઞાની તીર્થંકર જેટલું જાણે છતાં તેટલું હિત કેવળી કેમ ન કરે? એવી વિશિષ્ટતા તીર્થંકરનામકર્મમાં છે, હવે તે કેવી રીતે તે આગે—

નિર્ભયતા

દેશના ૪૪

[૧૯૯૮ વૈશાખ વ. ૫, મોતીસુખીયાની ધર્મશાળા, પાલીતાણા.]

ધર્મના હેતુઓ

साधुसेवा सदा भक्त्या, मैत्री सत्त्वेषु भावतः ।
आत्मीयग्रहमोक्षश्च, धर्महेतुप्रसाधकः ॥

નિર્ભય બે જ: સર્વશક્તિસંપન્ન કે દરિદ્રનારાયણ.

શાસ્ત્રકાર મહારાજા હરિભદ્રસૂરિજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે-આ જીવ કેટલે ચડયો છે, તે તો તપાસો. સામાન્યથી પોતાની શક્તિનો ખ્યાલ પ્રથમ કરવો જોઇએ. દરેક ક્ષણે પોતાની શક્તિને અને કાર્યને જે તપાસતો નથી, તે કોઈ દિવસ બૃહત્કાર્યની સિદ્ધિ કરી શકતો નથી. શક્તિ અને કાર્ય તરફ હંમેશાં લક્ષ્ય રાખી કાર્યારંભ કરવો જોઇએ. આપણી શક્તિ કેટલી ? ઇતરની અપેક્ષાએ શક્તિ તપાસવામાં સહેજે વિચાર થાય, પણ જન્મસિદ્ધ શક્તિનો વિચાર કરવા આપણે ટેવાયેલા નથી.

સંયોગી વસ્તુને, બળને અંગે હંમેશાં દૃષ્ટિ રાખીએ છીએ, પરંતુ સાંસિદ્ધિક બળ કેટલું છે ? કેમ મળ્યું છે ? કેટલી દુર્લભતાએ મળ્યું છે? તે ઉપર વિચાર કરતા નથી. પાછલી દશા ઉપર ધ્યાન દેવામાં ન આવે, ત્યારે આપણી અત્યારે પ્રગતિ કેટલી વધી છે ? તે ધ્યાનમાં ન આવે. આપણા સાંસિદ્ધિક બળ પહેલાં આપણી દશા કઇ હતી ? જૈન શાસન ફરમાવે છે કે-જીવ પ્રથમ શક્તિને પ્રથમ પગથિયે હોય છે. ઊંચી કે અધમ બે સ્થિતિ હંમેશાં ટકી શકે. નીચી વસ્તુને ભય ન હોય. ઊંચામાં ઊંચીને ભય ન હોય. ચક્રવર્તીને કોઈનો ભય નથી. એવી રીતે જેની પાસે કોડી નથી તેને ભય નથી.

બે સ્થાનો નિર્ભય હોય છે. તે સ્થાન જ હંમેશનાં હોઈ શકે છે. એ બે સ્થાન, જાણુકના હોઈ શકે છે. એ જ અપેક્ષાએ **सव्वाणि ठाणाणि असासयाणि**=સર્વ સ્થાનો અશાશ્વત્ છે, કેમ કે–બે સિવાય બીજાં બધાં સ્થાનો મધ્યમ છે. નિત્ય બે જ : ઊંચામાં ઊંચું સંપૂર્ણ બળ હોય, કર્મશત્રુનો જ્યાં ભય નથી; એવી સ્થિતિ તે સિદ્ધદશા. એ દશા આત્માના સંપૂર્ણ ઉદયવાળી છે. જ્યાં કર્મનો પ્રચાર નહીં ! અથવા તો હલકામાં હલકી સ્થિતિ. જીવનું ચૈતન્ય ઓછામાં ઓછું ખૂલ્લું હોય, તેટલું જ જ્ઞાન ઉઘાડું હોય, તે હલકામાં હલકી સ્થિતિ છે. જન્મસિદ્ધ શકિત ઓછાનાં ઓછી નિગોદમાં રહેલી છે.

એ ઉચ્ચતર અને નીચતર બંને શકિતમાં આખા જગતનાં કર્મો એકઠાં થાય, ને એક જ જીવને–એ જ નિર્મળ ચેતનાને આવરવા તૈયાર થાય, તો પણ તે આવરી શકે નહીં. ગમે તેટલાં ગાઢ વાદળાં થાય, પરંતુ દિવસ અને રાત્રિનો વિભાગ મટે જ નહીં.

બે સ્થાન એવાં છે કે–જેમાં કર્મનું જોર ચાલતું નથી. એક તો સંપૂર્ણ આત્મબળ, રિદ્ધિ. ત્યાં કર્મનું જોર ન ચાલે અને બીજું –સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તાનો પ્રથમ સમય. ત્યાં પણ બધાં કર્મો એકઠાં થઈ રોકવા જાય તો પણ તે આત્માનો જઘન્ય જ્ઞાનગુણ રોકી શકે નહીં ! સર્વદાની ચીજો હોય તો તે બે જ છે, નિર્ભય ચીજો બે જ છે: સર્વશકિતવાળો કે દરિદ્રનારાયણ. જીવની સ્વાભાવિક શકિતની અપેક્ષાએ બે જ સ્થાન નિર્ભય છે. સૂક્ષ્મ નિગોદને ભય નથી. તેમજ સિદ્ધને ભય નથી. આ જીવ, એ બેમાંથી એકમાં કોઈ સ્થાને અનાદિથી રહેલો હોવો જોઈએ. સિદ્ધમાં ગયો નથી તે નિગોદમાં ગયા સિવાય રહ્યો નથી. કર્મનો ઉપદ્રવ સિદ્ધમાં કદાપિ ન થાય. આપણે તેવા નહીં હોવાથી તે સ્થાન પામેલા નથી. એ સ્થાન પામ્યા પછી કોઈ કર્મનો ઉપદ્રવને અધીન ન હોય.

સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ, કેવલજ્ઞાની જીવ જેટલી જ ચેતનાવાળા હોય છે. અનાદિકાળથી સ્થિર રહ્યા હોય તો તે નિગોદમાં છે. એક વાત મગજમાં લેવી પડે કે–જગતનો કોઈપણ જીવ પ્રથમ દરિદ્ર-

નારાયણની દશાવાળો હોય. તેમાંથી આજે કઈ દશામાં આવ્યો ? ન હતી નિગોદમાં વિચાર કરવાની, કે ઉચ્ચાર કરવાની તાકાત, સ્પર્શન સિવાય ચાર ઈન્દ્રિય તો સ્વપ્ને પણ નહીં, ત્યાં મનવચનયોગનું સ્વપ્નું નહીં. માત્ર કાયયોગે હતો. એ સ્પર્શન ઈન્દ્રિય પણ એટલી અલ્પ કે-આંગળાના અસંખ્યાતમા ભાગ જેટલું જ માત્ર શરીર.

જાનવરમાં ભક્ષ્યાભક્ષ્યનું જ્ઞાન છે,

નિગોદમાં અનંતાનંત જીવ હોય પણ કોઈપણ નિગોદીયાનું શરીર આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું જ હોય. અનંતા ભાગીદાર થાય ત્યારે આંગળની અસંખ્યાતા ભાગ જેટલી કાયા બનાવે. અનંતાનો પ્રયત્ન એક સાથે ચાલે. આહાર પણ એક સાથે પરિણમાવે. અનંતાએ તેવા અતિ બારીક એક જ શરીર દ્વારા એકી સાથે આહાર લેવાનો અને પરિણમાવવાનો પ્રયત્ન છતાં તે બધાય મળીને તે બધાયને રહેવા શરીર બનાવે ત્યારે તે આંગળના અસંખ્યાતા ભાગ પ્રમાણ છે.

દુનિયામાં પૈસાની સુખ-દુઃખની, આબરૂની ભાગીદારી હોય, પણ આહારની ભાગીદારી કયાંય હોતી નથી. ખોરાક ખાવામાં ભાગીદારી હોતી નથી. ત્યાં સૂક્ષ્મ એકેન્દ્રિયપણામાં ખોરાકમાં પણ ભાગીદારી ! અનંતાના પ્રયત્ને ખોરાક લેવાય-ને પરિણમાવાય. શ્વાસ લેવા કાઢવા તે પણ અનંતાની મદદે થાય. અનંતા જીવો મહેનત કરે ત્યારે શરીર આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું થાય. સ્વપ્નના સંતાનથી વંશવેલો ન રહે.

અનંતા જીવો મળી શરીર બનાવે તે પણ સૂક્ષ્મ. તે નથી દુનિયાને ઉપયોગી કે નથી પોતાને વ્યક્તિગત ઉપયોગી ! આવું સૂક્ષ્મ શરીર એ અનંતા જીવો મથે ત્યારે તે બની શકે. શરીર બનાવવામાં જે એકલો હોય તે જ સ્થૂલ શરીર બનાવે. એકલો હોય તે હજાર જોજનનું પણ શરીર બનાવે. એ અનંતામાંથી એકલો છૂટ્યો અને તેવી તાકાતમાં આવ્યો. પછી સ્પર્શન-રસ-ઘ્રાણ ત્રણે ઈન્દ્રિયવાળો થયો. ત્યારબાદ રૂપ-શબ્દ, જાણવાવાળી શક્તિ-વિચારની શક્તિ મેળવી. તેમાં પણ ભાગ્યયોગે સદ્-અસદ્ વિચારની તાકાત મળી.

સામાન્યતયા જાનવરો પણ સદ્ અસદ્ વિવેકવાળા છે. એરંડીયા પર કીડી ચડતી નથી, સાકર–પતાસા પર કીડીઓ ચડે છે. પથરા પર કીડીઓ કેમ એકઠી નથી થતી ? એને એ વિચાર તો છે જ, કે આ મારું ભક્ષ્ય છે, પથરામાં મારું ભક્ષ્ય નથી. જાનવરની આગળ ખરાબ પદાર્થ હોય તો તેમાં કે મુતરડીની ડોલમાં તે મોં નહીં નાંખે ઇન્દ્રિયના હિસાબે શુભ–અશુભ વિચાર જાનવરોને પણ હોય છે–પરંતુ ઇન્દ્રિયોના વિષયોને અંગે ખરેખર સારાસાર જાણવાની તાકાત ફક્ત મનુષ્યોને છે.

ભવિષ્યનો ઉદય સંકલ્પાધીન છે.

મનુષ્યની વિચારશક્તિ શામાં ચરિતાર્થ થાય ? આત્માને અંગે સારાસાર પદાર્થનો વિચાર કરે તો તેમાં વિચારશક્તિ ચરિતાર્થ થાય. વિચાર કરવાની તેવી તાકાત આપણને આવી. પ્રથમ આપણે કયાં હતા ? હવે કયી સ્થિતિએ પહોંચ્યા ? મોક્ષ મેળવવો એ તો બે ઘડીનું કામ છે. આર્યક્ષેત્રમાં ઉત્તમાદિ કુળમાં આવ્યા પછી જો પ્રાણી, પોતાના આત્માને ધર્મને રસ્તે ખીલવી લે, તો અંતર્મુહૂર્તમાં મોક્ષ થાય.

મરુદેવા માતા અનાદિકાળથી ધર્મને પામેલા નથી. અનાદિથી રખડતા કદિ મનુષ્યપણું કે જાનવરપણું પામ્યા નથી. કેવળ વનસ્પતિમાં જ રખડ્યા હતા. વનસ્પતિ સિવાય બીજો ભવ તેમને નથી. અનાદિ વનસ્પતિમાંથી આવેલો જીવ, એકાએક યુગલિક થયો. ત્યાં જુગલીયાપણામાંય ધર્મ સંબંધી પવન નથી. એ સ્થિતિના મનુષ્યપણામાં પણ જેણે લાખો પર્વો પસાર કર્યા છે એને સંસ્કારનું સ્થાન નથી. આમ છતાં એક મનુષ્યપણાના પ્રભાવે ચમત્કારિક રીતે અંતર્મુહૂર્તમાં મોક્ષે જાય છે.

સાધનો કેટલાં અને કેવાં મળ્યાં છે ? મળેલાં સાધનોનો ઉપયોગ કરી શકીએ તો એક અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ સાધી શકીએ, આટલું બળ–સાધન આપણને આજે મળેલ છે. ચક્રવર્તિની સેવામાં હજારોદેવો છતાં સંકલ્પમાં હારી જાય તો ? **આ જીવ બીજું ભલે ન કરી શકે તોપણ કાર્ય સિદ્ધ કરી શકે.** આ જીવને ભવિષ્યનો ઉદય સંકલ્પને

આધીન છે. આ જીવ જરૂર કાર્યસિદ્ધિ કરી શકે. આ બધી જગતની સ્વાભાવિક સ્થિતિ જણાવી છે. જગતની સ્વાભાવિક સ્થિતિમાં પુરુષાર્થ રહેલો હોતો નથી. સૂર્યનું અમુક ટાઈમે ઊગવું-આથમવું સ્વાભાવિક હોવાથી તેને અંગે પુરુષાર્થ હોય નહીં. **સ્વાભાવસિદ્ધનું નિરૂપણ પુરુષાર્થ માટે ઉપયોગી નથી.**

સાધકની શક્તિ સાધન ઉપર આધાર રાખે છે.

જીવનાં બળો જણાવ્યાં પણ પુરુષાર્થને સ્થાન ક્યું? આ જીવ પુરુષાર્થ કરે તો ભવચક્રમાં એક અંતર્મુહૂર્તમાં પોતાના સાધ્યને સિદ્ધ કરી શકે. પણ એ પુરુષાર્થ કયારે થાય? સાધ્યને સિદ્ધ કરી શકે તેવાં સાધન મળે ત્યારે તે પુરુષાર્થ થાય. **સાધનને અધીન જ સાધ્યસિદ્ધિ છે,** દીર્ઘ દૃષ્ટિથી વિચારીશું તો સમજ પડશે કે-સહસ્ત્રયોધી મલ્લ હોય-હજારની સામે એકલો યુદ્ધ કરી શકે તેવો હોય, તેવાના હાથમાં યુદ્ધ વખતે બુઠ્ઠી સોય આવે તો તે શું કામ કરી શકે? તલવાર ન હોય પણ બુઠ્ઠી સોય હોય તો તેથી તે શું કામ કરી શકે? પુરુષમાં તાકાત ગમે તેટલી હોય પણ નરણીથી માત્ર નખ ઉતરે, બીજું કામ તેથી ન થઈ શકે.

સાધક, શક્તિસંપન્ન હોય છતાં સાધકની શક્તિનું ફળ તેનાં સાધન ઉપર આધાર રાખે છે. જીવ એકનો એક જ છે. બાળક હોય ત્યારે શરીર નાનું, જુવાન થયા પછી પાટલો ઉપાડી શકે. તો આ શક્તિ શરીરની કે આત્માની? આત્માની શક્તિ હોય તો બાળક હોય, જુવાન હોય કે ઘરડો હોય, તોપણ સરખી શકિત હોય. બચપણમાં તદ્દન ઓછી શકિત હોય.

સાધક શકિતસંપન્ન છતાં, સાધકની શકિત સાધનાના આધારે જ ફળદ્રુપ નીવડે છે. ચશ્મા લાલ આવે તો બધું લાલ દેખાય. ચક્ષુ, સાધન દ્વારાએ જ દેખે છે. સાધનને આધારે જ સાધકની શક્તિનો ઉપયોગ થાય છે. શકિતની ઓછાશવાળું સાધન હોય તો ત્યાં કાર્ય ઓછું થાય. આત્માને શકિત એટલી બધી મળી છે કે-ધારે તો તે

અંતર્મુહૂર્તમાં મોક્ષ મેળવી લે–ઝડપી લે. પરંતુ "કયા કરે નર બંકડા થેલીમ્ર મેં સંકડા!"

સાધન વગરનો મનુષ્ય શક્તિવાળો છતાં કંઈ કરી શકતો નથી, તેમ દરેક ભવ્ય, મોક્ષની લાયકાત ધરાવે છે. તે જો સાધનોને મેળવી શકે તો અંતર્મુહૂર્તમાં મોક્ષ મેળવી શકે છે. મોક્ષ મેળવવા માટે જોઈતાં સાધનોનાં બે પ્રકાર છે.

આંધળો વણે ને વાછરડો ચાવે તેવી આત્માની દશા.

સાધનો મેળવનારે સાધનો તરફ જેવું લક્ષ્ય રાખવું જરૂરી છે, તેવું બાધકો દૂર કરવા માટે પણ લક્ષ્ય રાખવું જરૂરી છે. આખો દેશ જીતી લે ને આક્રમણ ન હઠાવી શકે તો તેનું શું થાય? જીત મેળવે પણ 'આંધળો વણે ને વાછરડો ચાવે.' આંધળો ચોવીસ કલાક દોરી વણે પણ વણતો જાય તેમ તેમ વાછરડો ચાવતો જાય, પછી તેણે કેટલા હાથની દોરી વણી? એકાદ બે વાર પણ નહીં! કેમ? કહો કે–સાધનસામગ્રીનો ઉપયોગ કરતાં બાધક દૂર કરવાની તાકાત મેળવી નથી.

શત્રુના આક્રમણને હઠાવનાર જીતનું ફળ ભોગવી શકે. એવી રીતે અહીં ભગવાન હરિભદ્રસૂરિ કહે છે કે–'સાધનનો ઉપયોગ કરતાં પહેલાં તેના બાધક હલ્લાને દૂર કરો.'

'–સંવર એટલે શું? કર્મશત્રુનાં આવરણને–હલ્લાને રોકવા તે. કર્મશત્રુના આક્રમણને રોકવા, બંધ કરવાં એ જ સંવર. કર્મ તમારી ઉપર કયા દ્વારથી હલ્લો કરે છે? કર્મ તમારી ઉપર અઠાર દ્વારથી હલ્લો કરે છે. કર્મને તમારા પર હલ્લો કરવાને ૧૮ દ્વાર ખૂલ્લાં છે. બચાવની દિવાલ ઊભી ન કરી શકો ત્યાંસુધી તેનાં આક્રમણથી બચી ન શકો.

સંવરનો અર્થ એ જ છે કે–કર્મના તે અઢારે મોરચાઓ એવા બંધ કરી દો કે–તમારા આત્મઘરમાં તે ઘુસી ન શકે. આથી પહેલાં હરિભદ્રસૂરિજી મહારાજે સંવરનો ઉપદેશ આપ્યો. 'હિંસાऽનૃતાદયઃ પંચ૦' કર્મશત્રુ કયા કયા મોરચેથી હલ્લો લાવી હેરાન કરે છે, તે જણાવી ગયા.

હવે વર્તમાન ઇતિહાસ જાણનાર સારી રીતે જાણે છે કે–મોરચો થયા પછી, જીત્યા પછી સાફસૂફી ન કરે તો બળવો થયા વગર ન રહે; તેવી રીતે અહીં અઢાર પાપસ્થાનકના મોરચાને રોકો, તેને બેસાડી દો, પણ તમારામાં ઘુસેલા ગેરીલારૂપી ૧૮ પાપસ્થાનકોની સાફસૂફી નહીં કરો ત્યાંસુધી તમને પજવનારા તે ગેરીલા, અંદરના રાજા છે. પૂર્વકાલનાં કર્મો–પાપો–ગેરીલા અંદર ઘુસેલા પડયા છે. તેની સાફસૂફી ન કરો તો બળવો થયા વગર નહીં રહે. ૧૧મા ગુણઠાણા સુધી બળવાનો ભય છે.

કયા ત્રણ ગુણવાળા આગળ વધી શકે?

૧૧ની અંદર હો ત્યાં સુધી નિર્ભય નહિ. બારમા ગુણઠાણામાં પેસો પછી તો તમે નિર્ભય છો. ક્ષીણમોહનીય ૧૨મું ગુણસ્થાનક છે. ત્યાં ગયેલાને કર્મશત્રુનો ભય નથી. ૧૧ ગુણઠાણા સુધી આ જીવને–હુમલા તથા બળવાનો ભય છે. ૧૧ ઓળંગવા શી રીતે? ૧૨ મે પહોંચવું શી રીતે? જગત આખું સારાની ઇચ્છાવાળું છે. પણ શ્રેય–ઉદય મેળવી કોણ શકે? જેઓ સાધનો મેળવી ન શકે, તે શ્રેયઃ મેળવી શકતા નથી. અંદરની સાફસૂફી કરવા માટે, સાધનના સદુપયોગ માટે ઉપયોગ દેવો જરૂરી છે.

શાસ્ત્રકાર બતાવે છે કે તે સાધનો મેળવી લો તો પછી સાફસૂફી થવામાં અડચણ નહીં પડે. એ સાધનની તાકાત ન સંભાળીએ, ન સમજીએ ત્યાં સુધી તે સાધનોને હસ્તગત કરવા મહેનત કરી શકીએ નહીં. દેશને ઊંચો લાવવો હોય તો તેવાઓએ શું કરવું પડે? આબાદીના બધા રસ્તા ઊભા કરી દેવા જોઈએ. અને તે જ દેશ ઉદયમાં આવી શકે કે–જે આબાદીના રસ્તા પૂરેપૂરા તૈયાર કરે. જેઓ અંદર અંદરના સંપને ન જાળવી શકે, સંપને મજબૂત ન કરી શકે તેવા સંપૂર્ણ આઝાદીવાળા હોય તો પણ ચીનની શહેનશાહત જેવા છે. ચીન દેશ, આઝાદ હોવા છતાં માંહોમાંહેની સ્થિતિ વિષમ હોવાથી ગુલામીમાં આવી ગયો છે.

અંદરની એકયતા ભેલી ન થઈ હોય, પોતાના જીવનનિભાવને

જેઓ નિયમિત કરી શકતા ન હોય, તો સમજવું કે–તેઓ મુગલાઈની પેઠે એશઆરામી થઈ ગયા કે જેથી પોતાને આગળ વધવું કે ટકવું મુશ્કેલ થવા માંડયું.

આજ્ઞાદીમાં ટકી કોણ શકે? (૧) જે આજ્ઞાદીના રસ્તા પૂરેપૂરા તૈયાર કરે, (૨) જે આજ્ઞાદીમાં વધતા જાય અને (૩) જે ઐક્યને સંગઠ્ઠિત કરતાજાય–આવા ત્રણ ગુણવાળા હોય તેઓ જ આગળ વધી શકે.

સાધુ-સમાગમ વગરનું પરિણામ.

આજ્ઞાદ્ધ બનવાનું સ્થાન કયું? ઐક્યનાં સાધનો કયાં? નિર્વાહનાં સાધનો કયાં? **'उपदेश शुभो नित्यं०'** હંમેશાં સારો ઉપદેશ, **साधुसेवासदा भक्त्या०'** હંમેશાં અંતઃકરણથી–અંતઃકરણની ભક્તિથી સાધુ મહાત્માની સેવા, વિનય, વૈયાવચ્ચ વગેરે. ગુણ મેળવી આપવાનું સ્થાન હોય તો સાધુમહાત્માની સેવા છે. વસ્તુની છતમાં વસ્તુના ગુણો ખબર ન પડે, કાન વગર શી અડચણ પડે તે કાનવાળાને ખબર ન પડે. જન્મથી જ બરાબર સાંભળીએ છીએ. જન્મથી દેખતાને આંધળાની અડચણનો ખ્યાલ ન આવે.


એવી રીતે આપણને સાધુનો સમાગમ હંમેશાં મળેલો હોવાથી સાધુના અભાવે કઈ આપત્તિઓ છે, તેનો ખ્યાલ ન આવે. પોતાની નજરે જોવા સાથે, બીજાની અવસ્થાને ચશ્મા તરીકે લે તો બીજાની અવસ્થા ખ્યાલમાં આવે. અહીં સાધુ મહાત્માનો જન્મથી સમાગમ છે, તેથી તેઓના સમાગમ સિવાય કઈ અડચણ છે, તે ખ્યાલમાં ન આવે.

નંદ મણિયાર સરખો રાજગૃહીનો રહેનાર, ધનાઢય, આટલો જબરજસ્ત છતાં ધર્મના માર્ગે એટલો આગળ વધેલો કે–ઉનાળામાં ચૌવિહાર અટ્ઠમ કરી પૌષધ કરે છે! તેનામાં કેટલી બધી ધર્મની પરિણતિ હોવી જોઇએ? આવો જીવ પણ ભગવાનનાં વચનને વેરી નાંખનાર થયો! સમ્યક્ત્વાદિ મોક્ષમાર્ગ છે, તે મોક્ષમાર્ગને ચૂકી ના'વું ધોવું–ખાનપાન વગેરેમાં મોક્ષમાર્ગ છે, તેવી માન્યતામાં તે દોરાઇ બાર વ્રતધારી મોક્ષ ચૂકી, ખાવા–પીવા–હરવા ફરવામાં દોરાઈ ગયો

ગયેા ! તે શાથી ? સાધુના સંસર્ગ, સુશ્રુષા, સમાગમના અભાવે તે બધું હારી ગયેા. વ્રતનું રક્ષણ કરવું મુશ્કેલ છે. સાધુના ઉપદેશમાં–સમાગમમાં રહે તે જ વ્રત ટકાવી શકે. આ વાત ધ્યાનમાં લઈશું ત્યારે **'साधुसेवा सदा भक्त्या'** ની કિંમત સમજાશે. બીજી બાજુ પ્રાપ્ત થએલા ધર્મનું સંરક્ષણ અને નવા ધર્મની પ્રાપ્તિ, એ પણ એટલું જ જરૂરી છે. સંપ્રતિ મહારાજને અનાર્યોમાં પણ ધર્મ પ્રવર્તાવવેા હતેા, તેથી ત્યાં વેષધારી સાધુને પણ મેાકલ્યા–આચાર્યધારીને નહીં.

આનંદ મણિયારની વાત, અને સંપ્રતિ મહારાજાની વાત, સાંભળતાં નક્કી કરવું પડશે કે–સાધુની હંમેશાં સેવા કરવી. સાધુની સેવા મળવા છતાં ઐકય સાધવાની જરુર છે. ધર્મને રસ્તે વધેલેા પ્રાણી, ઘરનું ઐકય–કુટુંબનું–નાતનું–દેશનું ઐકય ન સમજે, રાજ્યનું ઐકય ન સમજે, અને જગતના જીવ માત્રનું ઐકય સમજે, આટલું છતાં પણ–ઐકય સંગઠિત થયા છતાં પણ જેઓ વર્તનમાં મીંડાવાળા હેાય તેા તેનું શું થાય?

માટે શ્રી હરિભદ્રસૂરિજીએ બીજો ઉપાય બતાવ્યેા કે **आत्मीयग्रहमोक्षश्च** =મારા તરીકેની બુદ્ધિને છેાડી દેા. આ ત્રણ વસ્તુ કરી શકેા તેા ધર્મનાં સાધનેા, કારણેા અને ઉપાયેા જે છે, તે બધાં આનાથી સિદ્ધ થવાનાં છે.



આરાધના

દેશના
૪૫

(૧૯૯૮ પ્ર. જે. વદ. ૧૪ મોતી મુખીયાની ધર્મશાળા પાલતાણા)

धर्मावश्यकयोगेषु भावितात्मा प्रमादपग्विर्जी ।
सम्यक्त्वज्ञानचारित्राणामाराधको भवति ॥

શાસ્ત્રકાર મહારાજા ઉમાસ્વાતિજી મહારાજ, ભવ્યોના ઉપકાર માટે આરાધનાની ઉપયોગિતા હોવાથી આરાધના કરનાર કોણ ગણાય તેની સમજણ માટે આ શ્લોક જણાવે છે. આરાધનાની ઉપયોગિતા હોય, તો આરાધના કેમ બને તેનો વિચાર કરાય. જ્યાંસુધી આરાધના અનુપયોગી જણાતી હોય, ત્યાં સુધી તે કેવી ? વગેરે વિચારવાની જરુર રહેતી નથી. જૈન શાસ્ત્રકારોએ મુખ્ય વસ્તું એ જ રાખી કે–મોક્ષમાર્ગે ન ચડયા તે અનારાધક. અને માર્ગે ચડેલા તે આરાધક છે. આ જ કારણથી ઉવવાઈ સૂત્રમાં પ્રથમ દેવલોકે યાવત્ વ્યંતરમાં જવાવાળો જીવ જણાવ્યો.

છેવટે ગૌતમસ્વામીજીએ જ પ્રશ્ન કર્યો કે–મહારાજ ! તેઓ આરાધક ખરા કે નહીં ? ૨૨ અધિકારમાં છેલ્લો પ્રશ્ન એ રહ્યો કે–હે ભગવાન ! તેઓ આરાધક ખરા કે નહીં ?

જવાબમાં–અજ્ઞાન તપસ્વી આદિ માટે આરાધક નહીં, બીજાઓ માર્ગે હતા તે માટે આરાધક છે; એમ જણાવ્યું. જૈન શાસ્ત્રમાં આરાધક અને અનારાધક, શબ્દો પ્રચલિત થયા છે. તેથી વીતરાગ સ્તોત્રમાં **'वीतरागसपर्याया: तवाज्ञापालनं परं'** તમારી સેવા કરતાં તમારી આજ્ઞાનું આરાધન જબરજસ્ત છે. મોક્ષમાર્ગમાં આગળ વધવાની જે સ્થિતિ થાય તે આરાધનામાં ગણાય. દેવલોકને ઓળંગીને નવ ગ્રૈવેયક પામવા જેવી સ્થિતિ થાય તેટલા માત્રથી આરાધના આવી જતી નથી.

વિચારો...નવમા ગ્રૈવેયક બારમા દેવલોક જેવી સ્થિતિ થાય તો

પણ આરાધના ખેંચાઈ આવતી નથી, તો મનુષ્યમાં–રાજામહારાજાપણામાં આરાધના કેમ ખેંચાઈ આવે ? પુણ્ય પ્રકૃતિ સાથે આરાધનાનો નિયત સંબંધ નથી. આરાધના ઔપશમિક ગુણ નથી, ક્ષાયોપશમિક ગુણ છે. બાહ્ય સંયોગ કારણ બને, પણ તે આધીન નથી.

આરાધના એટલે મોક્ષમાર્ગની પ્રાપ્તિ અગર તે માર્ગે વધવું. શ્રીમંતે ઘેર પોપટ પાળી તેને 'રામ' બોલતાં શીખવ્યું. પણ તેથી શું વળે ? એ તો 'રામ–રામ' બોલતો જાય અને રામની મૂર્તિ ઉપર બેસી, તેની ઉપર જ ચરકે ! કારણ ! મૂર્તિની ઓળખાણ–ખબર તેને નથી. તેમ અહીં આરાધના પોકારે, પણ સ્વરૂપ ન જાણે ત્યાં આરાધના પોકારતાં છતાં વિરાધનાને રસ્તે જાય છે; માટે આરાધનાની આવશ્યકતા સમજવાની જરૂર છે.

મરણની ભીંતમાં કાણું પાડયું નથી.

દુનિયાદારીના વિચારમાં મગ્ન હોય તે ચાર વસ્તુમાં લીન રહેવાનાઃ કંચન, કામિની, કુટુંબ અને કાયા. આ ચાર સિવાય પાંચમું તેને નથી. 'આ ચારે કે જેની ઉપર આ ભવનો આધાર રાખું છું. મારા મનુષ્યભવને કુરબાન કરું છું: તે ચાર વસ્તુ કઈ સ્થિતિની છે? આ ચારે ભૂખરુ માટીના સ્તંભો છે. ભૂખરુ માટીના થાંભલા હોય તે શરદીમાં ખરી પડે. તેમ તમારે સંસારના–ભવના–જીવનના ચાર થાંભલા છે, તે કેવળ ભૂખરુ માટીના છે. એકે પર સુખ–દુઃખનો આધાર નથી. તે વિચાર ન આવે અને ભવમાં ભમવાના સાધનોમાં વિચાર આવે. 'મારું શું ?' એ વિચાર ન આવે. આવતા ભવે હાજર રહે તેવી કઈ બાબત ? હજુતો મરણની ભીંતમાં કાણું પાડયું નથી કે–આગળ જોઈ શકાય. જેણે મરણની ભીંતમાં કાણું પાડયું નથી તે આગળ કયાંથી જોઈ શકે ? મરણ પછીની વિચારણા કરી નથી, તેવા મનુષ્યને આવતા ભવનો વિચાર ન આવે. અને એ વિચાર ન આવે તો 'આવતા ભવમાં શું રહેશે ? મારું શું થશે ?' એ વિચાર કયાંથી આવે ?

પૂણ્ય–પાપ બે જ સાથે આવવાના છે, છતાં તે બંને પણ આત્માના નથી ! એ તો 'ખેતરમાં ખેતી થઈ ઊગ્યું, છતાં ઊનાળો

આવ્યો કે–સૂકાઈને સાફ,' જેવું થયું ! તેમ પૂણ્ય કે પાપ આત્મામાં ફળ દઈ દે કે વિદાય લે, પુણ્ય અને પાપ એ બંને વસ્તુ શુભાશુભ ફળ દીધા પછી ટકવાવાળી ચીજ નથી. તો હંમેશાં ટકવાવાળી ચીજ કઈ ? કંચનાદિ આગલા ભવે ન આવનારી ચીજો છે, પુણ્ય–પાપ આગળ ચાલી જનાર ચીજ છે, તો ટકનારી ચીજ કઈ ? સર્વકાળ માટે આત્મામાં રહેવાવાળી ચીજ કઈ ? આત્માના ઘરની ચીજ કઈ ? આત્માને અંગે વિચાર કરવાની હજુ આત્માને ફુરસદ નથી.

આંખ ચકોર છતાં અપલક્ષણવાળી.

આંખ, રતન કહેવાય, ઉપયોગી–જરુરી કહેવાય. આંખ વગરનાને આંધળો કહેવાય, તેટલો તિરસ્કારબહેરા, મૂંગાપણામાં નથી, પણ તેમાં જબરજસ્ત અપલક્ષણ છે. આંખ આખા જગતને દેખે પણ પોતાને ન દેખે. પોતાનાં રક્ષણ માટે આંખે પડદો રાખ્યો. બીજી ઇન્દ્રિયોએ પોતાનાં રક્ષણ માટે પડદો રાખ્યો નથી. બાપનો કે પોતાનો ભરોસો આંખ ન કરે. આંખ, સગા બાપનો પણ ભરોસો ન કરે. આટલી બધી ચકોર છતાં રક્ષણ માટે સાધન રાખનારી ! રતન તરીકે પંકાયેલી છતાં તે જ આંખ પોતાને જૂએ પોતે નહીં. જગતને આંખ ઉપયોગી છતાં મોટી ખોટ તો એ કે–પોતાને જ પોતે જૂએ નહીં. પૈસા, સ્ત્રી કુટુંબ, કાયાની ચિંતા રાતદિવસ, આવતા ભવને માટે પુણ્યપાપની ચિંતા રાતદિવસ, પણ પોતાની ચિંતા ક્ષણભર નથી. પોતાની ચિંતા કરી હોત તો 'મારું શું ?' એ વિચારવાનો અવકાશ મળત. એ અવકાશ નથી મળ્યો, તેનું કારણ એ જ કે પોતે પોતાને સમજવા તૈયાર નથી.

જ્યાં સુધી પોતાનું સ્વરૂપ ન જાણે–ન સમજે ત્યાં સુધી શાણો આત્મા, શાંતિથી બેસે નહીં. પણ આપણે શાંતિથી બેઠા છીએ–નિરાંત છે. ઉચાટ નથી. શાથી ? આત્માની વસ્તુ સમજાઈ નથી. આરાધના પદાર્થનો ખ્યાલ ન આવે ત્યાં સુધી ઉચાટ નહીં આવે, માટે આરાધના ચીજ શી છે ? આત્માનો આરાધક બને કોણ ? આરાધકની ગણત્રીમાં ન આવે ત્યાં સુધી મોક્ષમાર્ગની ગણત્રીમાં આવ્યો નથી, તે મુમુક્ષુ ગણાય નહીં. આરાધકપણાના માર્ગમાં આવ્યા સિવાય મુસાફર

ગણાય નહીં તેમાં આવવાનું સાંભળ્યા પછી આરાધક હોય, તે દરિદ્ર હોય તો પણ તેને તેનો દરિદ્રપણાનો હિસાબ નથી, પણ આરાધક કોટિનો હિસાબ છે.

માસતુસ મુનિની આરાધકતા,

અનારાધક ચક્રવર્તી હોય તો પણ તેને આરાધ્ય કોટીમાં સ્થાન નથી. પરમેષ્ઠીમાં 'नमो रायाण' આદિ નથી કહેતા. પરંતુ સાધુને સ્થાન આપ્યું. જે આરાધનાને માર્ગે ચડ્યા તે પોતે આરાધના કરનારા અને બીજાને કરાવનારા છે. બી. એ. માં ભણતા હોય તે પણ નિશાળીયા. પરિપકવ થવા આવેલા તે પણ અભ્યાસી. 'માસતુસ' મુનિ, પાઠ કરતાં ભૂલ્યા તે પણ અભ્યાસી. તેમ આત્મા સાધુ થાય અને વધીને કેવળજ્ઞાની થાય તો પણ પરમેષ્ઠી. માસતુસ સરખા પણ પરમેષ્ઠી.

ગુરુએ તેમને 'मा रुस, मा तुसरोष' ન કર તોષ ન કર.' એટલું જ શીખવ્યું. 'તારા આત્માને સમજાવી રાખ, કશા ઉપર રોષાયમાન, તુષ્ટમાન ન થઈશ' એ બે વસ્તુ સમજાવવા માટે એટલું શીખવ્યું, પણ જેને તેટલું પણ નથી આવડતું, તેવા શબ્દો પણ ભૂલી જાય છે. ! ગોખે....ભૂલી જાય ! એટલે કોઇક યાદ કરી આપે, ત્યારે પાછું યાદ આવે અને ગોખે. આથી શેરીવાળા છોકરાઓએ તેમનું 'માસતુસ' નામ પાડ્યું. વિચારો, જ્ઞાનનું કેટલું પર્યવસાન ? જ્ઞાનાવરણીયનો એ કેટલો અપ્રકર્ષ ? એવાં છતાં તે આરાધ્ય, કારણકે તેઓ આત્માનાં સ્વરૂપમાં આવી ગયા છે. ભલે 'એમ. એ. થયેલ હોય, છતાં પણ વિદ્યાર્થી. આમ શીખનાર મા, બા, ભૂ પા પણ વિદ્યાર્થી, અથથી ઈતિ સુધીની કોટી તપાસીએ, તેમ આરાધ્ય અને આરાધ્યતાની કોટી અથથી ઈતિ સુધી છે.

પોતે આરાધનામાં ઊતર્યા હોય તો આરાધ્ય બનાય. આરાધનામાં ઉતર્યા સિવાય આરાધ્ય બનતા નથી. પાંચ પરમેષ્ઠી, આરાધનાની કોટીમાં ન ઉતર્યા હોય તો આરાધ્યમાં આવી શકતા નથી. આરાધનામાં તત્પર ન હોય, તેવાઓને જૈનશાસન આરાધ્ય કોટીમાં દાખલ કરતું

નથી. આરાધના કહેવી કોને? નવકારવાળી ગણવાથી આરાધના આવી જતી નથી. વારંવાર જાહેરાત કરવાથી આરાધના આવી જતી નથી.

આરાધના કોની?

આરાધના, પિતાની? માતાની? મહાદેવની? કોની આરાધના કરવી? આરાધના કેવળ ત્રણની **સમ્યગ્ 'જ્ઞાનદર્શન ચારિત્રાણામારાધના'** –સમ્યગ્દર્શન–જ્ઞાનને ચારિત્રની. જ આરાધના કરવા લાયક જણાવી છે. આ આરાધના કરનાર આરાધક ગણાય. જૈન શાસનમાં આરાધક થયો કોણ ગણાય? આરાધના શબ્દ વહાલો છે, તેવીજ રીતે જૈન જગત્માં સમ્યગ્દર્શનાદિ ત્રણ વહાલાં છે. પણ શબ્દપ્રીતિ ગમે તેટલી હોય; પરંતુ **પદાર્થપ્રીતિ ન થાય ત્યાંસુધી કાર્યસિદ્ધિ ન થાય.**

લાખ મનુષ્યને પ્રશ્ન કર્યો કે–સંપ વહાલો કે કુસંપ? 'કુસંપ સારો' એમ એક પણ નહીં કહે. સહુ એ જ કહે, 'સંપ' સારો. પરંતુ માત્ર તે શબ્દની જ પ્રીતિ. 'સંપ' પદાર્થની પ્રીતિ નહીં. પદાર્થ પ્રીતિને અંગે પ્રયત્ન કરો.

સંપનાં કારણ કેટલાં છે ને તેનો અમલ કેટલો કર્યો? કારણો બતાવનાર પણ નહીં નીકળે. પોતે ગુનેગાર ન બનવું. બીજાના ગુનાની માફી આપવી. બીજાને ફાયદો થતો હોય તો ગુનો ન કરવો. કુટુંબ, નાત કે દેશને અંગે આ ત્રણ વસ્તુ આવશે તે સંપ જાળવી શકશે. પોતે ગુનેગાર ન થવું. ગુનો થવાથી હંમેશાં પાછા હઠવું. બીજા ગુનેગાર બન્યા હોય તેની ગુનાની માફી આપવી. તેવી રીતે બીજાને ફાયદાનો વખત જવા ન દેવો, પરંતુ લાખ માણસોમાં તેવા કેટલા નીકળે?

'સંપ' શબ્દની પ્રીતિ હોય–'સંપ' શબ્દની પ્રીતિ હતી, પરંતુ 'સંપ' પદાર્થ નથી તો વિચાર્યો કે નથી તો વર્તનમાં મૂક્યો. આરાધના શબ્દને અંગે કેટલાક પ્રીતિવાળા હોય છે, અને તેમ બોલે છે પણ આરાધનાનો પદાર્થ કર્યો? વેશ્યા વધારે ઘુંમટો કાઢે. કુલીન સ્ત્રી આંખ કે મોઢું ઢાંકે, વેશ્યા પેટ સુધી લાજ કાઢે. અનારાધકો આરાધકપણાનો દેખાવ વધારે કરે, તેથી આરાધકપણું આવી ન જાય. લાંબો ઘુંમટો કાઢે તેથી કાંઈ વેશ્યા ખાનદાન ન કહેવાય એ તો

દેખાવની લાજ છે કારણ કે તેના વર્તનમાં, કુટુમ્બમાં લાજનો છાંટોયે નથી. 'આરાધના' શબ્દ પોકારાય જાય, પરંતુ પદાર્થ ન હોય ત્યાં આરાધનાના માર્ગમાં કિંમત થઈ શકતી નથી. ત્રણેને આરાધનારા મુમુક્ષુ હોય. કથંચિત્ આરાધકો જુદા પણ હોય. 'હું આરાધના કરનારો છું' એ શબ્દ બધાને ગમે છે.

દરેક જણ ઉત્તમ શબ્દો, પોતાને લાગુ પાડવા માગે પણ વાસ્તવિક લાગુ કોને પડે? તે માટે જણાવ્યું કે–આરાધના શાની છે કે–જેથી આરાધનાર આરાધના–આરાધના પોકારે છે? પહેલાં મુમુક્ષુ–ઓએ સમજવું જોઈએ કે–આરાધના ત્રણ ચીજની. એક વાત ધ્યાનમાં રાખવી: જિનેશ્વર ભગવાન સરખા શાસનનું નિરૂપણ કરનારા, પણ તેઓએ વીરની કે ગૌતમની આરાધના ન જણાવી. 'વીરની, ગૌતમની આરાધના એ જ આરાધના' એમ કેમ ન જણાવ્યું? આરાધનામાં સમ્યક્ત્વાદિ કેમ જણાવ્યાં?

આજકાલ પોતાને પોતાની કિંમત અંકાવવાનું ચાલ્યું છે! છગનીરામનું સમકિત, ચોથમલનું સમકિત એ જ આરાધના! એમની અપેક્ષાએ મહાવીર ભગવાન ભૂલ્યા કે જેથી વીરસમ્યક્ત્વ ન ચલાવ્યું! 'વીર અને ગૌતમની આરાધના કરનાર એજ આરાધક' એ વસ્તુ ઊભી ન કરી! કોની આરાધનાએ આરાધક કહેવાય? સમ્યક્ત્વની. પછી સમ્યક્ત્વવાળા જે હોય તે, ભલે વીર ભગવાન હો, કે પછી પાર્શ્વનાથજી હો, કે પછી કેશીકુમાર હો. શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવી દીધું કે–**વ્યક્તિપૂજાને શ્રી જિનશાસનમાં સ્થાન નથી, ગુણવાનને અંગે સ્થાન છે. સમ્યગ્દર્શનાદિના અંગે આરાધના છે.**

પ્રશ્ન થશે કે–'તો પછી ગુણ માનવા, ને વ્યક્તિઓને ન માનવા?' પણ તો પછી મહાનુભાવ! ઝવેરીએ હીરાનું તેજ લેવું" હીરો ન લેવો ને? હીરા, મોતી, સોનું વગેરે પાણી–કસ–તેજને અંગે લેખાય છે. મહાવીર ભગવાન, ઋષભદેવજી આદિ યાવત્ આજના સાધુઓ પણ ગુણવાળી વ્યક્તિ હોવાથી આરાધ્ય છે. ત્રણેની આરાધના કરનારો આરાધક છે. આરાધનાનું સ્વરૂપ શું? આરાધ્ય તે જણાવ્યા, કે–**જેનો આત્મા આવશ્યક યોગોમાં ભાવિત હોય, તે આત્મા આરાધક છે.** પ્રમાદોને ડગલે ને પગલે ટાળવા તૈયાર હોય, તેઓ આરાધક બને છે. તેઓ મોક્ષમાર્ગના મુસાફર બની શકે છે.

દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ આરાધના

દેશના ૪૬

(૧૯૯૮ ફિ જે. સુ. ૧ મોતીસુખીયાની ધર્મશાળા, પાલીતાણા.)

ભાવનમસ્કાર.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ ઉમાસ્વાતિજી મહારાજ, શ્રી પ્રશમરતિ-પ્રકરણમાં મોક્ષના ઉપાય તરીકે એક જ વસ્તુ જણાવે છે કે-આરાધના વગર કોઇ મોક્ષ પામી શકતો નથી, કોઈ પામશે પણ નહીં. મોક્ષ પામ્યા, પામે છે અને પામશે એ સર્વ જીવો આરાધનાના પ્રતાપે જ. આરાધનાથી નિરપેક્ષ રહીને મોક્ષ પામી શકાતો નથી. આથી આરાધના સિવાય મોક્ષ નથી, પણ 'આરાધના' વસ્તુ ન સમજાય તો ? આરાધના શબ્દ લખીને તેના સામું જોયા કરીએ, તો શું વળે ? આજે લોકો-આરાધના, આરાધના શબ્દ પોકારે છે. પંચપરમેષ્ઠીની નવકારવાળી ગણે છે, તે છોડીને **आराधनाय नमो** એમ ગણે તો આરાધના થઈ જાય ખરી કે ? આરાધનાનું ધ્યેય અંદરથી ખસવું ન જોઈએ.

આરાધના વગર **'नमो कम्मखयस्स'** કર્યા કરે તો આરાધના ન થાય, તેમ આરાધનાને 'નમો' કહેવાથી આરાધના થઇ જતી નથી. આગળનાં વ્યાખ્યાનમાં કહી ગયા હતા કે આરાધના ત્રણ પ્રકારની : સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણની જ આરાધના. તે ત્રણ વસ્તુની આરાધના ન હોય તો આરાધના નથી. નવકાર જેવી સામાન્ય ક્રિયાથી, પાપનો નાશ થાય અને મંગળની પ્રાપ્તિ થાય : એ બે ફળ નવકારમાં લેવા પડ્યાં. પાપના નાશનું ધ્યેય રાખી, તેમજ મંગળની પ્રાપ્તિનું ધ્યેય રાખી નમસ્કાર કરવાનો છે. તે ભાવનમસ્કાર છે. નમસ્કારના પાંચ પદ અને નવપદમાં કયો ફરક પડે છે ?

પાંચ પદ ધ્યેયશૂન્ય, એટલે કે-ધ્યેય વગરનો નમસ્કાર, અને

નવપદ, એ ધ્યેયવાળો નમસ્કાર. ધ્યેયવાળો નમસ્કાર તેઓને છે કે-જેઓ 'સર્વ પાપનો નાશ અને પ્રથમ મંગળ' તરીકે નવકારફળ સહિત માને. સર્વ પાપનાશના કારણ તરીકે નમસ્કાર છે. જેમ પંચ પરમેષ્ઠીને નમસ્કાર એ પણ પાપના નાશદ્વારાએ છે. સર્વપાપના નાશનું ધ્યેય ન હોય તો એ નમસ્કાર ભાવનમસ્કાર સુધી આવી શકતો નથી.

કહેશો કે-'તો ભગવતીજી વગેરેમાં પાંચ પદ જ કેમ કહ્યા? નવ પદ કેમ ન મૂકયા?

પણ મહાનુભાવ! આરાધનાને અંગેનો નમસ્કાર અને મંગળ તરીકે ગણાતો નમસ્કાર તેમાં ભેદ કેમ સમજી શકો, નહીં? સૂત્રની આદિમાં બીજું ન બોલતાં 'નમો અરિહંતાણં' પાંચ પદ કહ્યાં તે નમસ્કારમાં પણ 'આરાધના બુદ્ધિ' લાવવા માટે. એ નમસ્કારથી 'પાપનો નાશ અને મંગળ બુદ્ધિ,' એ ધ્યેય રાખે છે. મંગળની પ્રાપ્તિનું ધ્યેય હોય તો નમસ્કાર વાસ્તવિક ફળ દે, પણ તે ધ્યેય ન હોય તો ખૂદ અરિહંતને કરેલ નમસ્કાર પણ વાસ્તવિક ફળ દેતો નથી.

કૃષ્ણજી અને વીરાનું વંદન.

કૃષ્ણ અને વીરો સાલવી સરખા નમસ્કાર કરનાર હતા. ૧૮ હજાર સાધુને બંનેએ વાંદ્યા છે. આથી વીરાને ક્ષાયિક સમ્યકૃત્વ ગણવું? વીરા સાલવીનું ધ્યેય એ વંદનમાં 'કૃષ્ણજી મારા પર ખુશ રહે' હતું. જ્યારે શ્રી કૃષ્ણનું ધ્યેય, કર્મનો ક્ષય હતું. તે મુદ્દો આગળ કરીને પણ જેઓની પ્રવૃત્તિ થઈ,તેને ભાવવંદન ગણવામાં આવ્યું. વીરાનાં વંદનને ભાવવંદન કર્મ ન ગણ્યું? તેનું ધ્યેય, પાપના નાશનું ન હતું, મંગળપ્રાપ્તિનું ધ્યેય ન હતું.

કૃષ્ણજી, દુનિયામાં દેવ તરીકે ભલે મનાય, પણ જૈન શાસનમાં માત્ર સમ્યકૃત્વના ધણી દ્રવ્ય તીર્થંકર હતા. વીરાજીએ વંદનમાં કૃષ્ણજીને રાજી રાખવાની વાત રાખી હતી. કૃષ્ણ પણ દ્રવ્યતીર્થંકર હતા, તો તેમને ખુશી કરવાની ભાવના હોય તો પણ વીરાને ફળ મળવું જોઇએ. પણ તે ભાવનાથી શાસ્ત્રમાં વ્યકિતને અંગે ખુશીનું સ્થાન

નથી. દ્રવ્ય તીર્થંકર જેવા હોય તો પણ તેના ખુશીપાની કિંમત નથી. વીરો સાલવી, કૃષ્ણમહારાજને તેમની અનુજ્ઞાએ વંદન કરે તો તેથી વંદનના ફળમાં તે અનુજ્ઞા કામ ન લાગી, એટલે કે જૈનશાસનમાં બીજી કોઈ વ્યક્તિનું અણુજાઈપણું કામ લાગતું નથી.

ભરતમહારાજા મરીચિને કઇ દૃષ્ટિએ વંદન કરે છે?

જૈનશાસનમાં કેવળ ગુણની દૃષ્ટિને સ્થાન છે. વીરાને કૃષ્ણની અણુજાઈની સ્થિતિ કામ ન લાગી, તો ભરત મહારાજાએ મરીચિને કરેલ વંદન તે કેમ કામ લાગ્યું? તેને તો તીર્થંકર થવાને હજી ૨૩-૨૪ ભવ બાકી હતા! તે પણ મોટા ભવ! તેમાં પણ સૂક્ષ્મ તો ઘણા ભવો બાકી હતા ૨૭ ભવમાં ક્રોડાક્રોડ કાળ ખૂટે નહિ.! ૩૩ સાગરોપમ ભોગવનાર. ૩૩માં ફરક ન હોય. ૩૩ ભોગવનાર નારકી કે દેવતા હોય, ઉત્કૃષ્ટ સ્થિતિવાળા હોય. એથી આગળ કોઇ ન વધે. મહાવીર ભગવાનને (ક્રોડાક્રોડ સાગરોપમ સંસારમાં બાકી હતા તેવા ને=) અવળે માર્ગે ગયેલા મરીચિને વંદન કરનાર ભરતમહારાજાને વંદન કેમ કામ લાગ્યું?

તો સમજો કે-ભરતમહારાજા, એ મરીચિના ખુદ પિતા હતા, છતાં તેને વંદન કરતી વખતે તેઓ ડાંડી પીટીને કહે છે કે-"તું અવળે માર્ગે છે છતાં આ વંદન કરું છું, તે મારે કૂળે જન્મ્યો તેથી તેની કિંમત નથી." જૈનશાસન ગુણ ઉપર કેટલું બધું ઘસે છે? વ્યક્તિથી કેટલું ખસે છે? મરીચિ સાધુપણામાં રહેવા તૈયાર ન હતો પણ ઘેર જવા તૈયાર હતો છતાં **भरतलज्जया गृहे गंतुं न शक्नोति**=ઘેર જવું છે પણ ભરત મહારાજાની લજ્જાથી ઘેર જઇ શકતો નથી; પોતાનો દીકરો ઘેર આવે તો ચક્રવર્તી ન ખમે. ચક્રવર્તી પણ પતિત અપનાવવા કેમ તૈયાર ન હતા? સંયમમાંથી પડ્યો તે ન ઘરનો ન કે બહારનો.

ભરત મહારાજાના દીકરા પતિત થઈ ભરતને ઘેર આવે તે ભરતને પાલવતું નથી, નહીંતર મરીચિને ઘેર જવામાં શરમ શાની? બાપ તેવા ન હોત તો પડીને આવ્યો છતાં 'આવ....ભાઈ! સારું થયું' એમ આદરની જ આશા રહેત. પણ મરીચિને પાછું ઘેર

જવામાં તે આશા નથી તેથી વિચારે છે કે–'લાજથી ઘેર ન જવાય.' ભરત ધિક્કારે તો શું થાય ? ભરત મહારાજા તે વસ્તુને અધર્મ ન ગણે તો મરીચિને ઘેર જવામાં વાંધો જ શું ? પોતાનો દીકરો પતિત થાય તેને ભરત ધિક્કારનાર હતા. મરીચિ ત્યાં પગ કેમ ન દઈ શકયો ? ભરત મહારાજા, પતિત તરફ ધિક્કારની દ્રષ્ટિ રાખે છે. ભરત મહારાજાના હૈયામાં ગુણની પૂજા કેટલી બધી હશે ? ગુણના હ્રાસમાં, ગુણથી દૂર થયેલ પોતાના પુત્ર ઉપર પણ પ્યાર તો નહીં, પણ ધિક્કાર છે.

ભરત મહારાજાનાં હૈયામાં એક અંશ પણ ગુણની કિંમતમાં ખામી હોત તો મરીચિને પોતાનાં તે કુટુમ્બની કિંમત આગળથી થયા વગર રહેત નહીં. દીકરા તરફ પ્રીતિ રહે છે, છતાં ધર્મશાસ્ત્રની રીતિએ અવગુણ તરફ ધસેલા તરફ ધિક્કાર જ હોય. આથી એ મરીચિને 'પરિવ્રાજકપણું સ્વીકારું પણ ઘેર ન જવું.' એ નિર્ણય ઉપર આવવું પડયું.

ભરત મહારાજાએ પણ 'આ બિચારો રખડી જશે' એમ પણ પ્રભુને ન કહ્યું ! પરિવ્રાજકપણું સ્વીકાર્યું તો પણ ન કહ્યું કે–'પતિત થયો છતાં ઉત્તમ પ્રરૂપણાવાળો તો છે.' અધમ પ્રરૂપણાની વાત જુદી છે. મરીચિના પરિવ્રાજકપણામાં પણ 'સાધુ ઉત્તમ છે. હું પાપી હલકો છું.' આ સ્થિતિ છે. ત્યાં સુધી સમકિત ખસ્યું નથી ગણતા. પતિત થયો છતાં પ્રરૂપણા–માન્યતા સાચી જ છે. સાધુઓ ઉત્તમ છે, એમ જ માન્યતા છે. એક બાજુ પતિત થાય અને બીજી બાજુ સાધુ કરતાં પણ પોતાને મહા સ્થિતિમાં મૂકવા જાય તેવાને કહેવું જ શું ? પોતાના મનમાં સાધુની મહત્તા રાખીને મરીચિ, પરિવ્રાજકપણામાં રહેલ છે.

પ્રભુને ભરત મહારાજાએ પ્રશ્ન કર્યો કે–'કોઇ તીર્થંકરનો જીવ અત્રે છે ?' પ્રભુએ મરીચિ જણાવ્યો. ભરત મહારાજે જોયું તો એ ખૂણામાં બેઠેલો છે. એ જોઇ તે વિચારે છે કે–"પતિત પરિણામને ધિક્કારતો હોવો જોઇએ, કારણ કે–તે પર્ષદામાં નથી બેસતો, ખૂણામાં બેસે છે. "જે પતિતપણામાં સમજતો હોય તેને જાહેરમાં બેસવાનું સ્થાન ન હોય." ત્યારે ભરત મહારાજા મરીચિને વંદન કરવા જાય છે અને ત્યાં પણ સ્પષ્ટ કહે છે–'હે....મરીચિ ! હું તારા જન્મને,

ઇક્ષ્વાકુ કુળમાં જન્મ્યો, તે વગેરેને વંદન નથી કરતો–તારા પરિવ્રાજકપણાને નથી માનતો.' મરીચિમાં તેવાં અપમાનજનક વાકયો સાંભળવાની કેટલી તાકાત હશે? તે વાકયોથી તેને કલેશ ન થયો! નીચે પગથીએ ઉતરી ગયેલા આત્માઓ, પોતાની નીચાપણાની જાહેરાતને અંગે આવેશમાં ન આવે ત્યારે સમજવું કે–આત્મામાં કંઈક છે. મરીચિ ભરતને કહી શકત કે કોણે તમને વાંદવા આવવાનું નોતરું દીધું છે? તેમ કહી શકત, પણ તેમ તે કેમ કહેતો નથી. તે સમજે છે કે–હવે તેઓ મને ન વાંદે–મારા જન્મને, મારા કૂળને ન વાંદે–પરિવ્રાજકપણાને ન વાંદે તેમાં નવાઇ નથી.

પોતાને હીનગુણવાળા–ગુણહીન તે જ દેખી શકે જેને ઉત્તમ ગુણ તરફ માન હોય. પોતાના હીનગુણ સાંભળવા સાથે જેનું ધ્યેય ટકતું નથી, તે માર્ગમાં નથી. ભરત મહારાજા કહે છે, તે મરીચિ સાંભળી લે છે. આથી ભરત મહારાજે તેને તેમ કહીને ય વાંદ્યા કહેશો કે–'વાંદ્યા–વાંદ્યાને, આ બોલીને શું કરવા વાંદ્યા?' એટલું જ કહેવું હતું કે–'તીર્થંકર થવાના છે માટે હું વાંદું છું.' શાસનને માનનારા મનુષ્યને–અવગુણીજનને તેના અવગુણ જણાવ્યા સિવાય વંદના અયુક્ત લાગે. અવગુણ ન જણાવી શકે તો ગુણ પણ જણાવી શકે નહીં.

પોતાનો દીકરો તીર્થંકર થનારો, છતાં તેમાં અવંદનીય પદાર્થો હતા તે ખૂલ્લાં કરવા પડયા. અત્યારે શું વિચારવાનું છે? ભરતમહારાજાએ મરીચિને વંદન કર્યું, તે વંદન આથી લેખામાં ગણાયું. ધર્મઘોષ આચાર્ય મહારાજાએ તે દ્રવ્ય તીર્થંકરના વંદનના અંગે દાખલો દીધો. વીરા સાલવીના વંદનમાં મીંડું ગણે છે, આથી લાંબે કાળે થવાવાળા તે મહાવીર તીર્થંકરના વંદનને આરાધનામાં ગણ્યું, વીરા સાલવીએ વંદન કર્યું તે તો કૃષ્ણનું અનુકરણ કર્યું. 'કૃષ્ણ ત્રણ ખંડના માલિક છે, માટે તેમને હું ખુશી કરું.' એ ધ્યેયથી વંદન કર્યું છે. વંદનમાં એ રીતે બંનેનાં ધ્યેય જુદાં થઇ ગયાં છે.

અણુજાઇમાં વાસુદેવ ખુશ થાય, એ પ્રકારે વીરાને ધ્યેય પલટાવવાથી આરાધનાના માર્ગમાં ન ગણ્યો, પરંતુ ભરત મહારાજાને આરાધનાના માર્ગમાં ગણ્યા. **કર્મક્ષયનો મુદ્દો હોય. ધ્યેય હોય તેનું**

વંદન તે આરાધના, આમ તો જૈનશાસન, વ્યક્તિની પૂજાને પણ માને છે. નહીંતર " **उसभमजिअं च वंदे**" એમ ચોવીશને વંદન ન કરત, ચોવીશ તીર્થંકર વ્યક્તિ છે કે જાતિ ? ઉસભાદિવ્યક્તિ તીર્થંકર છે.

ગુણના ધ્યેય વગર આરાધના નથી.

વ્યક્તિનું આરાધન જૈનશાસનમાં છે, પણ વ્યક્તિ તરીકે આરાધના નથી. ગુણવાન તરીકે આરાધના છે **अरिहन्ते कित्तिइस्सं चउवीसंपि केवलि** રીખવદેવજીપણાને અંગે વંદન નથી. ત્યારે તીર્થંકરપણાને અંગે=જિનેશ્વરનેપણાને અંગે, કેવળીપણાને અંગે વંદન છે. આમાં વ્યક્તિની પૂજા છે, પણ ગુણવાન વ્યક્તિ છે, માટે તેની પૂજા છે. સોનું અને કસ સાથે જ હોય. સોનાને છોડી કસ જુદો નથી.

હીરા મોતીનાં પાણી જુદાં નથી. વ્યક્તિનું આરાધન ન માનીએ તો ચાર પદ છોડી દેવાં પડે. શાસ્ત્રકાર કહે છે કે– મુખ્ય નમસ્કાર, વંદન, પર્યુપાસના, વ્યક્તિની હોય; પણ વ્યક્તિની વ્યક્તિ તરીકે નહીં પણ ગુણવાન તરીકે આરાધના છે. તેથી નવકારમાં પાંચ પદ રાખી શકીએ. ગુણનું ધ્યેય ન હોય તો આરાધના નથી. ગુણને વધારવાનું ધ્યાન રાખો. સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર એ ત્રણે ગુણોની આરાધના કરો. ત્રણ ગુણો જ આરાધ્ય છે. મુખ્યતાએ ત્રણ ગુણો આરાધ્ય છે.

આરાધનાના દ્રવ્યાદિક ચાર નિક્ષેપાઓ.

આવી રીતે આરાધના વિષયને જોઈ ગયા, પણ આરાધનાના સ્વરૂપને–હેતુને આપણે જોયા નથી; માટે હવે '**जत्थ न जाणिज्जा** વધારે ભેદ ન પાડી શકો, ત્યાં ચાર ભેદ તો જરુર પાડજો જ

દ્રવ્યથકી આરાધના. એટલે સમ્યક્ત્વનાં સાધનો, જિનેશ્વરની પ્રતિમા વગેરે જે જે દ્રવ્યો તે આરાધનાના વિષયો. સિદ્ધ, આચાર્ય-ઉપાધ્યાય, જે જે આલંબનભૂત દ્રવ્યો, તે દ્રવ્ય આરાધન છે.

ક્ષેત્ર આરાધના એટલે ક્ષેત્રથી આરાધના, તે પાંચસે....પાંચસે ....પાંચસે જોજનના મોટા મોટા દેવતાઈ પ્રાસાદો હોય, ત્યાં એકાદ ખીલી કેટલા હિસાબની ? તિચ્છાંલોકમાં આરાધનાનું ક્ષેત્ર અઢી દ્વીપ સિવાય નહીં. અઢીદ્વીપમાં માત્ર કર્મભૂમિ સિવાય આરાધનાનું ક્ષેત્ર નથી. કર્મભૂમિમાં

પણ આરાધનાનું ક્ષેત્ર, હજારમાં ભાગેય નથી. ૩૨ હજાર દેશમાં પણ આર્યદેશો માત્ર સાડી પચ્ચીશ છે. 'તે હજારમો ભાગ પણ નહીં. વિચારો, તે કેટલામો ભાગ છે? સાડીપચ્ચીશ આર્યદેશ છે, તેમાં પણ હંમેશાં ધર્મની પ્રવૃત્તિ હોય તેમ નહીં. સવિકાળે જિનેશ્વરની, ચક્રવર્ત્તિની, વાસુદેવ, બળદેવની ઉત્પત્તિ થવાને લાયક ક્ષેત્ર તે આર્યક્ષેત્ર. ક્ષેત્ર તરીકે—જ્ઞાન આર્ય, દર્શન આર્ય, ચારિત્ર આર્ય એવી કોઈ ક્ષેત્રમર્યાદા નથી, પણ સર્વકાળ ચક્રવર્તિ–આદિ જે ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ શકે, તેવી યોગ્યતાવાળા ક્ષેત્રો તે આર્યક્ષેત્રો આરાધનાનું સ્થાન છે.

થોરિયાનું દૂધ આંખ ફોડનાર, છતાં તે આંજવાથી આંખ સારી કેમ થઇ?

એક ગામડિયાને આંખમાં દુઃખવા આવ્યું. તે વૈદ્યને ત્યાં આવ્યો. તે ગમાર છે. વૈદ્યને જેમ તેમ બોલવા લાગ્યો, જેથી વૈદ્ય અકળાયો. વૈદ્ય પૈસાનો પૂજારી હતો. તેથી તે ગામડિયો તેને પૈસા આપી એ રીતે હેરાન કરવા લાગ્યો. કંટાળીને વૈદ્યે કહ્યું–'જાને...થોરિયાનું દૂધ આંજી લે.' વૈદ્યે ઉપાય બતાવ્યો એટલે ગામડિયો ચાલી નીકળ્યો. વૈદ્યે ફરી બૂમ મારી, પણ એ તો પાછો ન આવ્યો. તેણે તો થોરિયાનું દૂધ લાવી આંખમાં નાંખ્યું. સવારે ઉઠયો તો વેદના શમી ગઈ!

ગામડિયાને થયું કે–'મારો બ્હાલો...વૈદ્ય જબરો! અઠવાડિયા સુધી ન મટે તે એક રાતમાં મટાડી દીધું!' ખુશ થઈ કેરીનો ટોપલો ભરી વૈદ્યને ભેટ આપવા ગયો. વૈદ્યને કહ્યું કે–'આંખ સારી થઈ ગઈ, માટે લે આ કેરીનો ટોપલો.' વદ્યને આશ્ચર્ય થયું. ગમારને લઈને વદ્ય થોરિયા જોવા ગયો. થોરિયાને ખોદ્યો. થોરિયાનું દૂધ આંખ ફોડનાર હોવા છતાં પણ તેનાથી આંખ સારી કેમ થઇ? એ જાણવા સારુ તે ખોદ્યો. જોયું તો નીચે ઘીનો ગાડવો હતો. તેથી વૈદ્યે જાણ્યું કે–થોરની ગરમી બધી ઘીથી મરી ગઈ.

ગમારને એ રીતે થોરના દૂધથી આંખ મટી, માટે શું થોરિયાનું દૂધ દવા ગણવી? ભાગ્યનો યોગ હોય અને ઘીના ગાડવાવાળો થોરિયો મળી ગયો, તેથી કાંઈ થોરિયો દવા ન ગણાય. તેમ કવચિત્ ભાગ્યયોગે

અનાર્યક્ષેત્રમાં ધર્મ મળી જાય તેથી અનાર્યક્ષેત્ર ધર્મનું સ્થાન ન ગણાય. ધર્મનું સ્થાન તો આર્યક્ષેત્ર જ છે. એવાં આર્યક્ષેત્ર સાડી પચ્ચીસ છે.

કાળ આરાધના

તે સામાન્યથી ત્રીજા આરાનો છેડો, ચોથો આરો અને પાંચમા આરામાં ૨૧ હજાર ઓઘે કાળ છે. જિનેશ્વર ભગવાને તેટલો કાળ સાધુ શ્રાવકોને આરાધનાને અંગે નિયમિત ઉપયોગી તરીકે વિશેષથી જણાવ્યો. જિનેશ્વર ભગવાને કાળનું નિયમન કરી આરાધના કહી છે, સાધુને અંગે આવશ્યકમાં–વ્યવહારમાં આઠમ, ચઉદશ ઉપવાસ ન કરે તો આલોયણ, ચોમાસીએ છટ્ઠ સંવચ્છરીએ અટ્ઠમ ન કરે તો આલોયણ આવે. આરાધન કાળ થકી નિયમિત કર્યું. ઉપવાસ કરે ત્યારે આઠમ માનવી એમ નહીં; પણ આરાધનાને અંગે તિથિ લેવા માંગે છે, તેઓને ઉપવાસ કરે તે જ દિવસે આઠમ. જેઓ ઉપવાસને અંગે આઠમ, ચઉદશ માનનારા હોય તેઓને આઠમનો ક્ષય કર્યો કેમ પાલવશે ?

પર્વતિથિલોપકોને શાસ્ત્રકારની ચીમકી.

દીકરાની વહુને તેડવા જાય પણ દીકરો રાંડ્યો છે તો પછી કોને તેડવા જવું ? આઠમને અંગે ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત્ત, પણ આઠમ છે જ નહીં તો પ્રાયશ્ચિત્ત શાનું ? ક્ષય પામેલી આઠમ ગણી તો ઉપવાસ કયાંથી આવ્યો ? કહો કે–**તિથિને અંગે આરાધના છે. આરાધનાને અંગે તિથિ નથી** આરાધનામાં પર્વતિથિ ક્ષય પામેલી માનીને તેનું આરાધન કરનારાઓ વિચારે તો આ વસ્તુ તેમને બરાબર સમજાશે.

ટીપ્પણામાં ભાદરવા સુદ ૪નો ક્ષય આવ્યો, તો આરાધનામાં સંવચ્છરી કયારે ગણવી ? કયારે કરે ? ત્રીજે સંવચ્છરી કરશે ? શાસનને અનુસરનારા ત્રીજનું નામ નહીં કહે. તત્ત્વતરંગિણીમાં ચોખ્ખા શબ્દમાં કહ્યું છે કે–**'૧૪નો ક્ષય હોય તે વખતે 'તેરસ' એમ બોલાય નહીં.'** કેટલાકો કહે છે કે–એ તો પાંચ પચાસ વરસથી ચાલ્યું છે, તો તેમણે ૧૬૧૫નો **તત્ત્વતરંગિણી** ગ્રંથ જોઇ લેવો કે–'ચૌદશના ક્ષયે તેરસ એવું નામ પણ કહેવાનો સંભવ નથી. ધર્મના કામમાં ચૌદશ જ છે. મુહૂર્તાદિ વિશેષકાર્ય સિવાય ૧૩ કહેવાય નહીં.

હીરા સાથે તાંબાનું ઘર હોય, તેમાં હીરો જડ્યો હોય તો તાંબું લાવ, તેમ કહે નહીં. હીરો લાવ. ટીપ્પણાની ચૌદશના ક્ષયે તેરસ તાંબા જેવી, ચૌદશ હીરા જેવી. તે વખતે ચૌદશનો જ વ્યપદેશ થાય. જરૂરી મુહૂર્તાદિક સિવાય ૧૩ના નામની શંકા પણ ન કરવી. આ દરેક પાઠો શું કહે છે ? ૧૪ના ક્ષયે ૧૩ કરી લો, પણ ચોમાસી ૧૪ના ક્ષયે જો તમો તેરસ કરવા જાવ તો આચાર્ય કહેશે કે–તમે તો ૧૪ કે પુનમ બંનેમાં ન રહ્યા. બેમાંથી એકેમાં ન રહ્યા.એ જ વાત **તત્ત્વતરંગિણી**માં જણાવે છે.

આગમની વાત કાઢો. જૈન ગણિત પ્રમાણે દરેક યુગમાં અંતમાં બે અષાડ. બીજી અષાડ સુધી પુનમનો ક્ષય જ હોય. ટીપ્પણામાં બીજા અષાડની પુનમ હોય જ નહીં, છતાં જ્યાં યુગમાં ચોમાસી મર્યાદાનું વર્ણન કરે છે ત્યાં તે ક્ષીણ પુનમને અષાડી પુનમ ગણે છે=પુનમના નામથી જ શાસ્ત્રકાર સંબોધે છે. તે ક્ષીણ પુનમને પંચાંગીકાર પોતે અષાડી પુનમ કેમ કહે છે ?

પુનમનો ક્ષય છતાં, ૧૪ ઉદયવાળી છતાં, પુનમ ઉદયવગરની છતાં શાસ્ત્રકારે તેને પુનમ તરીકે લીધી તેથી ૨૦ દહાડા સ્થિરતાના આવ્યા. ભાદરવા સુદ ૪ને દિવસે તે ચોથનો ક્ષય હોય તો શું કરશો ? ઉદયવાળી ત્રીજ માનીને તે ત્રીજને દિવસે સંવત્સરીની આરાધના કરશો ?

યુગપ્રધાન કાલકાચાર્ય મહારાજા કહે છે કે–'એક પણ દિવસ ન વધારવો.' તો તમારે તો બીજે વરસે, તમે ચોથે સંવત્સરી કરો તો રાત્રી ઉલ્લંઘન થાય કે નહીં ? આ વર્ષે માની ત્રીજ, અને બીજે વરસે માની ચોથ ! તો ૩૬૦ રાત્રિની મર્યાદા કયાં રહી ? આથી ૩૬૧મી રાત્રિ ઉલ્લંઘન થાય તેનું કેમ ? ચોમાસી ચૌદશનો ક્ષય હોય તો એ વખતે તેરસે ચોમાસી કરશો પણ પછી બીજી વખતે શું કરશો ? ૧૨૦ દિવસે કરશો કે ૧૨૧ દિવસે ? સંજ્વલનની અપેક્ષાએ આગળ આગળના કષાયમાં જશો. એ રીતે કાલકાચાર્ય મહારાજાએ ના કહી.

કાળથી અષ્ટમી આદિ તિથિઓ નિયમિત આરાધવાની જણાવી, તે આઠમ–ચઉદશ–પુનમ–અમાવાસ્યા તરીકે જણાવી. તેમાં પૌષધનિયમિત

તિથિ ઉડાડી. પૌષધ કરે તો આરાધનાના માર્ગમાં ન રહે કારણ કે–તે તિથિઓ નિયમિત પૌષધવાળી છે. આઠમ ચઉદશ સિવાય સાધુઓ ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત્ત નથી એટલા જ માટે શાસ્ત્રકારોએ **'चतुष्पर्व्या''** કહ્યું. તે ચાર પર્વમાં ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત્ત કહ્યું. યોગશાસ્ત્રની ટીકામાં ખુદ હેમચંદ્રાચાર્ય મહારાજે તે ચારપર્વની વ્યાખ્યા કરેલી છે કે–આઠમ–ચૌદશ–પૂર્ણિમા અને અમાસ એ ચતુષ્પર્વી ગણાય છે.

પર્વતિથિનું આરાધન કાળથકી હોવાથી આરાધનામાં પર્વતિથિનો ક્ષય ગણવાનું આરાધકને પરવડે તેમ જ નથી. પર્વતિથિ કાળ થકી આરાધનાનું સ્થાન ગણાય, તેથી પર્વતિથિનો આરાધનામાં ક્ષય ગણાય નહીં. જ્યોતિષચક્રે પર્વતિથિઓનો લોપ બતાવ્યો–અષાઢી પુનમ જેવી પર્વિણીનોય ક્ષય બતાવ્યો, પણ પર્વનું આરાધન કાળથકી હોવાથી શાસ્ત્રકારોને તે પાલવ્યો નથી ! એ પ્રમાણે દ્રવ્યથી, ક્ષેત્રથી અને કાળથી આરાધના જણાવી. ભાવથી આરાધના અગ્રે:–



ભવિષ્યના દુઃખને ભેદનાર–નાશ કરનાર હોવાથી ધર્મ શરણ–રક્ષણ કરનાર કહેવાય છે, કારણ કે પહેલેથી જ તે ધર્મ આ જીવને શિક્ષા–શિખામણ આપે છે કે જેથી પાપ આવે જ નહિ. પાપ આવે તો દુઃખ થાય.



હે ભગવાન્, કોઇપણ ઠેકાણે હિંસાદિને પ્રવર્તાવનાર તમારું શાસ્ત્ર આગમ જોવામાં આવતું નથી પરંતુ વચન સમતારસથી ભરેલું જોવાય છે.



હે ભગવાન્ ! સંસારની શાંતિ માટે તમારા શાસ્ત્ર–આગમમાં બે બાબત ભરેલી છે : હંમેશાં આશ્રવોની હાનિ અને સંવરની શ્રેણીનું ગ્રહણ.



ધર્મની મુખ્યતા

દેશના ૪૭

वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तः तद्धर्म इति कीर्त्यते ॥

સુખ સંબન્ધિ એક સરખી માન્યતા

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા આગળ સૂચવી ગયા કે આ જગતમાં **મુણ્ડે મુણ્ડે મતિર્ભિન્ના** અર્થાત્ દરેક દરેક ખોપરીએ ખોપરીએ વિચારભેદ, બુદ્ધિભેદ હોઈ શકે છે, પરંતુ સકળ ગતિના જીવોમાં સકળ જીવોના ભેદોમાં એક ચીજમાં એ મત નથી. કોઈપણ જીવના ભેદમાં, કોઈપણ અવસ્થામાં અર્થાત્ બાલ્યકાળમાં, યુવાવસ્થામાં, વૃદ્ધાવસ્થામાં, કોઈપણ વ્યક્તિમાં એવો ભેદ નથી, કે 'સુખ ન જોઈએ' એ ઇચ્છા વગરનો જીવ જ નથી.

સુખની માન્યતાના સમાન ભાવને જણાવતાં જેઓ કહેતા હતા, તે શ્લોકમાં આ રીતે કલિકાલ ભગવાન્ હેમચન્દ્રસૂરીશ્વરજીને સુધારો કરવાની જરૂર પડી, તે બીના આપણે આગળ વિચારીશું. જુઓ, એક પંડિતે શિષ્યને કહ્યું કે 'બેટા, પઢિયે' ' માતૃવત્ પરદારેષુ.' આ સૂત્ર સ્વાર્થ શિષ્યને ભણાવી દીધું કે બીજી સ્ત્રીઓ પ્રત્યે માતાની જેમ વર્તાવ રાખવો. તે શિષ્ય તે સૂત્ર શીખીને માતાની સાથે લાડ-ગેલ કરનારો પુત્ર બીજી સ્ત્રીઓ સાથે તેવો વર્તાવ કરવા ગયો અને માર ખાધો. પંડિતજીએ કહ્યું કે આ સૂત્રથી ખાસ સમજનેકા ભૂલ ગયા. જૈસી માતા પ્રત્યે વિકારી દૃષ્ટિ થતી નથી, વૈસા વર્તાવ પરસ્ત્રીઓ પ્રત્યે રાખવો.

બીજે દિન, બીજા સૂત્ર શીખવાયા. 'બેટા, પઢિયે, 'પરદ્રવ્યેષુ લોષ્ઠવત્.' 'પરધનમાં ઢેફા જૈસી બુદ્ધિ રખના.' આ સૂત્ર શીખીને શિષ્ય શરાફની દુકાને ચઢયો અને રૂપિયા-પૈસાની ઢગલીઓ રસ્તા ઉપર ફેંકવા

લાગ્યો. દુકાનના માણસોએ મળીને તેને ખૂબ માર માર્યો. ગુરુજીએ કહ્યું, 'સૂત્રભાવ યહ નહીં હૈ, કિન્તુ માટી ઢેફા ઉપર લોભદૃષ્ટિ હોતી નહિ હ, વૈસા વર્તાવ દૂસરા ધન દેખકર રખના.'

તીસરે દિન **આત્મવત્ સર્વ ભૂતેષુ** યહ સૂત્ર શીખવાયા. પોતાના આત્માની જેમ બીજાને ગણવો. પોતે જમ્યો હોય તો બીજાને જમેલો જાણવો. પોતે ધનવાન્ હોય તો દરેકને ધનવાન્ ગણવા, પોતે વિદ્વાન્ હોય તો બીજાને વિદ્વાન્ ગણવા. આ સૂત્રથી અનર્થ થતો દેખીને કલિકાલ સર્વજ્ઞે શ્લોકરચના કરી ભાવાર્થને બંધબેસતો કર્યો. શું સુધારો કર્યો? દરેક વાતમાં આ સૂત્રનો શબ્દાર્થ લેવો નહિ, પણ સુખદુઃખ પ્રિયાપ્રિયે એ વાકયને જોડીને 'આત્મવત્ સર્વ ભૂતેષુ'ને વિચારવાથી સૂત્રનો ભાવાર્થ સાર્થક થશે. 'સુખ મને વહાલું છે તેવું દરેકને વહાલું છે, દુઃખ ગમતું નથી તેમ જગતને દુઃખ અળખામણું છે.' આ ઉપરથી **જગતના જીવ માત્રને સુખ પ્રિયકારી છે, અને દુઃખ અપ્રિયકારી છે.**

દરેક સ્થળે સરવાળા બાદબાકી એક સરખા ગણો.

મારા આત્માને જેવું સુખ વહાલું છે તેવું જ બીજા આત્માને વહાલું છે. જીવ માત્રને સુખ વહાલું છે અને દુઃખ અળખામણું છે. ચોપડામાં જમા બાજુમાં અને ઉધાર બાજુમાં સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર કરવા પડે તો એક સરખી રીતે કરે. શાહુકારને એવું કોઈપણ સ્થળ નથી કે જમાની અને ઉધારની રકમના સરવાળા જુદી રીતે કરવા, કારણ કે જુદી રીતે કરે તો તે બેઈમાન. તેવી રીતે તમારા જીવને સુખી માનો છો તે જ રીતિએ બીજાના જીવને જીવ જ માનતા નથી.

કાળીઆ જોડે ધોળીએ બાંધ્યો તો 'સાન નહિ પણ વાન' આવે. તેવી રીતે તમને કોઈ પૂછે કે 'તમે કોણ?'

તો તમે કહેશો કે 'અમે જૈન?'

ઠીક પૂછશે કે 'જીવ કહેવાય કોને?'

તમે કહેશો કે 'હાલે ચાલે તે જીવ.'

શું થયું? તમે ત્રસ જીવોને જીવ માન્યા અને સ્થાવર જીવોની

અર્થાત્ પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ જીવની કિંમત જીવપણાની, ભૂલી ગયા, કારણ કે મિથ્યાદર્શનીના સમાગમમાં તેનો રંગ તમને લાગી ગયેા. અર્થાત્ મિથ્યાત્વીઓ સાથે બેસવું, ઊઠવું, બોલવું–, ચાલવું થયું, તેથી આ પાશ લાગી ગયેા.

આ ઉપરથી મને દુઃખ થાય તે તેા છકાયના જીવોને પણ દુઃખ થાય. આ સરવાળેા મગજમાંથી ખસી ગયેા. આ તેા અમારા સેાનાના ભાવ ૨૪ રૂપિયા તેાલાનેા અને તમારા સેાનાનેા ભાવ તેાલા એકનેા ભાવ એક રૂપિયે તેાલેા ગણ્યેા. સેાનાનેા ભાવ મારા તારા ઉપર ચેાકસીને ત્યાં ન હેાય.

તેવી રીતે મારા જીવને સુખ જોઈએ, દુઃખ થવું ન જોઈ એ અને બીજા જીવેા છેદાય, ભેદાય, રંધાય, દબાય તેા આપણને અરેકાર નહિ! તેા સમજવું જોઈએ કે આપણા આત્મા જેવી કિંમત જગતના જીવ માત્રની ગણી નથી. વ્યાપારની દરેક લેવડદેવડમાં સરવાળા બાદબાકી, ગુણાકારાદિ સરખા હેાય તેા ઈમાનદારી. કશ–તાપ છેદથી ઉત્તીર્ણ થયેલા સેાનાની કિંમત એક સરખી. તેવી રીતે ચેતનાવંતજીવ માન્યેા એટલે સુખદુઃખનેા વ્યવહાર પણ એક સરખેા જ હેાવેા જોઈએ.

નિકાશના પ્રતિબંધવાળી ચીજોનેા સંગ્રહ

ચેતનાવન્ત જીવ માનીને સુખદુઃખનેા વ્યવહાર પેાતાના આત્માની જેમ કરવેા. પરન્તુ સુખ કહેવું કેાને ? અર્થાત્ જગત્ કેવા સુખને ઇચ્છે છે ?, સમાધાનમાં (૧) સુખ દુઃખ વગરનું જોઈએ (૨) એકવાર મળ્યા પછી તે ચાલ્યું જાય નહિ તેવું સુખ અને (૩) સંપૂર્ણ સુખ (મળ્યા પછી ઇચ્છા થાય જ નહિ.) જુઓ, જીવ માત્રને સુખની પ્રીતિ છે અને દુઃખની અપ્રીતિ છે. છતાં આટલેા દીર્ઘકાળ સુખ ભેાગવ્યું, હવે થેાડા મહિના દુઃખ આવે તેા સારું, એવી ઇચ્છા કેાઈ કરતું નથી. આટલા વર્ષ પછી દુઃખ આવે એવી ઇચ્છા માત્ર થતી જ નથી. હવે વિચારેા કંચન, કામિની, કાયા અને કુટુમ્બ આ ચાર સાધનેાથી હું સુખી છું એમ માનવા–મનાવવા તૈયાર થાઓ છેા, અને ત્રણ વિશેષણવાળું સુખ મેળવવા મથેા છેા પરંતુ સુખના અર્થીને

ખબર નથી કે આ સાધન દ્વારા સુખ મળશે કે દુઃખ ડોકિયાં કરશે? જે સાધનો દ્વારા સુખી થવા મથો છો, તે દુઃખથી ભરપૂર છે, મળ્યાં પછી મૂકવાં પડશે.

પાકિસ્તાનમાં સ્થાવરજંગમ મિલકતો ધરાવનારા હિંદુઓને ખબર નહોતી કે બધું મૂકીને જવું પડશે. પાકિસ્તાન છોડીને જતી વખતે બધું મૂકવું પડશે એવું હિંદુઓ જાણતા હોત તો સ્થાવર-જંગમ મિલકત વધારત નહિ. અજાણ હિંદુઓ ફસાઈ ગયા પરંતુ તમે જાણી જોઈને કેમ ફસાઓ છો? કારણ કે નિકાશના સજ્જડ પ્રતિબંધવાળા પ્રદેશમાં જન્મ્યા છો છતાં જાણી જોઈને નિકાશના પ્રતિ-બંધવાળી ચીજોને ભેગી કરવા પાગલ કેમ બન્યા છો?

પ્રતિબંધ વગરની ચીજ : પુણ્ય-નસીબ-ધર્મ

આસ્તિક અને નાસ્તિકો વચ્ચે પુણ્ય-પાપ, સ્વર્ગ-મોક્ષ વગેરે પદાર્થમાં મતભેદ છે, પણ 'મેળવ્યું એ મૂકવા માટે છે' એ સિદ્ધાન્તમાં મતભેદ નથી. આપણી દશાનો વિચાર કરો કે આ જન્મમાં આ સ્થિતિએ રહ્યા છીએ કે જવાના અવસરે બધું મૂકીને જવાનું છે, મૂકવાના અવસરે બીનશરતીએ મૂકવું પડશે. જે પદાર્થોનો આકરામાં આકરો પ્રતિબંધ હોય તેના પરદેશી ચલણની કિંમત વધે છે. જે દેશના રાજા મહારાજાઓને સમજાય છે કે આ રાજગાદી ઉપરથી અણધાર્યા ઊઠવું પડશે, આવી ધારણાવાળા રાજા રાજવીઓ પરદેશમાં સ્થાવરાદિ મિલકતો વસાવે છે. રાજા મહારાજાને તો ગાદી છોડવાના સમાચારની નોટીસ પણ આવે છે, પણ આપણે તો વગર નોટીસે બધું છોડવું પડશે, માટે પરદેશમાં નિકાશના પ્રતિબંધ વગરની ચીજનો સંગ્રહ કરો.

પ્રતિબંધ વગરની ચીજ કઈ? પુણ્ય.

સભામાંથી એક ભાઈ પૂછે છે કે પુણ્ય એકલું કેમ? પાપ કેમ નહિ?

સમાધાનમાં સમજવું કે પાપનો પ્રતિબંધ નથી. છતાં લઈ જવા લાયકની ચીજ નથી. બધી ચીજ સાથે તેનો પ્રતિબંધ થઈ ગયો હોત તો જીવને ભવાંતરમાં મૂંઝવણ ન થાત. આ ઉપરથી પરદેશ-ભવાન્તર માટે નિકાશના પ્રતિબંધ વગરની ચીજ પુણ્ય નસીબ-ધર્મ છે.

જૂઠ્ઠા શબ્દોના શ્રવણમાં ફરક

નસીબ–પુણ્યની ઉત્પત્તિ ધર્મની આરાધનાથી છે. આર્ય–અનાર્યના વિભાગોનું પૂર્વકાળમાં જુદી જુદી રીતે વર્ણન કરેલ છે. ભગવાન્ ઋષભદેવના સમયમાં હકાર–મકાર અને ધિક્કારની નીતિ પ્રવર્તી હતી. તેથી તે નીતિને અનુસરીને આર્ય–અનાર્યનો વિભાગ હતો. પ્રભુ મહાવીર મહારાજાના સમયમાં જે ક્ષેત્રમાં તીર્થંકરો, ગણધરો, ચક્રવર્તીઓ થાય તે દેશમાં રહેનારને આર્ય કહેવાતા હતા. પરંતુ ભદ્રબાહુસ્વામીના સમયમાં ધર્મના વિચાર, વર્તન અને 'ધર્મ' શબ્દ શ્રવણ થાય તે આર્ય દેશ, તે સિવાયનો અનાર્ય પ્રદેશ નક્કી થયું.

ધર્મ એક એવી ચીજ છે કે ધર્મ નહિ કરનારને ધર્મના દ્વેષીને અને ધર્મ રહિત મનુષ્યને ધર્મી શબ્દ સાંભળવો સારો લાગે છે. આ ઉપરથી એ પણ નક્કી છે કે સારી લાગતી ચીજના જૂઠ્ઠા શબ્દો પણ સારા લાગે છે અને ખરાબ લાગતી ચીજના જૂઠ્ઠા શબ્દો પણ ખરાબ લાગે છે. જુઓ, લોટ માંગવા નીકળેલ બ્રાહ્મણ આશીર્વાદ આપે છે કે 'સાત છોકરાની મા થજે, ધનના અખૂટ ભંડાર ભરો, પુત્ર પરિવાર વાડી–ગાડી વધો !' આ શબ્દોને બોલનારો સત્યવાદી નથી, વચનસિદ્ધ નથી, છતાં ધન, પુત્ર પરિવારની વૃદ્ધિ પસંદ છે તો જૂઠા શબ્દો પણ કાનને મધુર લાગે છે. વાતવાતમાં કોઈ કહે કે 'તારું નખોદ જાય' તે બોલવાથી નખોદ જતું નથી પણ સાંભળતાં દુઃખ થાય છે, કારણ કે ખરાબ ગણેલી ચીજનો ખોટો શબ્દ પણ શ્રવણને અમધુકર લાગે છે.

પુણ્ય નહિ માનનારા હરામખોર

ધર્મ નહિ કરનારાઓ કેટલાક એમ કહે છે કે પુણ્ય, નસિબ કે ધર્મ જેવી ચીજ નથી. આવું બોલનારો હરામખોરનો આગેવાન છે. વગર મહેનતે મેળવેલી ચીજના માલિક થવું એ ભયંકર હરામખોરી છે. કોઈ કહેઃ 'તારા બાપે રાત–દિવસ મહેનત કરી, પેટે પાટા બાંધી લાખ ભેગા કર્યા. હવે તે લાખનો તું માલિક થયો તે તું હરામખોર ખરો કે નહિ ?'

તું કહી શકે છે કે ભવાન્તરમાં પુણ્ય કરી મહેનત કરી છે, તો

પુણ્ય માનવું પડયું. અને ન માને તો તારી હરામખોરી સાબિત થાય છે. પિતાની પ્રાર્થનાથી, માતાના મનોરથથી કે તારી ઇચ્છાથી તું આ કુળમાં આવ્યો નથી, માતાની કુક્ષિમાં રહ્યો નથી. નસીબ કે પુણ્ય વગર આવી શકાતું નથી અને તેથી જ પિતા–માતા અને પુત્ર તરીકે તું એ ત્રણે જણ પોતપોતાના પુણ્યની વિચારણા તારા જન્મ વખતે કરે છે.

પુણ્ય અને પાપ નહિ માને તો લાકડે માંકડું વળગી ગયું માનવું પડશે. એક પુત્રને જન્મતાંની સાથે કરોડોનો વારસો, સેંકડો કુટુંબીઓ અને લોકની ખમા ખમા અને વાહવાહ વારસામાં મળે છે, જ્યારે ગામમાં બીજા જન્મ પામનારા પુત્રને વારસામાં દેવું, કલેશ કંકાશ અને વેરઝેર મળે છે. આ બન્ને બાજુ વિચારતાં એ નક્કી થાય છે કે પુણ્ય–પાપ વગર જગતની વ્યવસ્થાનું સ્પષ્ટીકરણ થતું જ નથી.

સાધર્મિક થતાં શીખો

પુણ્ય–પાપ માનવું નથી, નસીબ માનવું નથી, ધર્મ માનવો નથી, ધર્મ કરનારાને તોડવા છે–એવાઓ પણ ધર્મ ન કરે છતાં ધર્મી કહેવડાવે છે. જુઓ, એક સટોડીઆએ બજારમાં રૂપિયા ખોયા. હવે રૂપિયા વલણમાં જોઇશે તો શું કહેશે? 'હું તમારો સાધર્મિક છું, માટે મને બચાવો.' આ વાત સાંભળી તમે રૂપિયા દો. પાછો સટ્ટામાં જઈ તે ગૂમાવે. પણ દેનારે તપાસ કરવી જોઇએ કે તે સામાયિક, પ્રતિક્રમણ, પૂજા કરે છે કે નહિ? દેવ–ગુરુ–ધર્મની આરાધના ઓછી-વત્તી કરે, પણ માન્યતા ચોખ્ખી છે કે નહિ? તેવી માન્યતા ન હોય તો પછી સાધર્મિક નહિ પણ હરામખોર.

'વર્તમાનકાલીન સાધુઓ સાધર્મિક માટે કંઈ ઉપદેશ દેતા નથી' આવું બોલનારને કહેજો કે પુણીઆ શ્રાવકના દૃષ્ટાન્ત સાધુઓ આપે છે. સાડાબાર દોકડાની કમાણીમાં સ્વામિવાત્સલ્ય રોજનો ચાલુ હતો. આ તો સામાયિક, પ્રતિક્રમણમાં કાંકરીઓ ફેંકવી છે! દેવ, ગુરુ, ધર્મને નિંદવા છેઃ પરન્તુ પેટપોષણ કરવું હોય અને સંસારમાં આગળ વધવું હોય તો 'સાધર્મિક' કહીને આગળ આવવું છે! આવા લોકો હરામખોરના

હરામખોર છે. **ધર્મને હૃદયમાં માન્યતારૂપે વસાવ્યા વગર સાધર્મિક બનવું એ લૂંટવાનો ધંધો છે.** પૈસા મેળવવા, ગૌરી મેળવવી, સંસારની કળા કૌશલ્ય અને વિજ્ઞાન શીખવા પૂરતાં સાધર્મિક થવું છે. પરંતુ આભારનો છાંટો ન હોય તો તે ક્ષમ્ય છે પરન્તુ ધર્મ પ્રત્યે વફાદારી અને માન્યતા બહુમાનપૂર્વકની ન હોય તો તે સાધર્મિક બનવા યોગ્ય નથી.

વફાદારીની અનિવાર્ય જરૂર

જિનેશ્વર ભગવાનના શાસનમાં બતાવેલ અનુષ્ઠાનો અને ક્રિયા એ શક્તિને આધીન છે, પણ માન્યતા રૂપ વફાદારી તો હોવી જ જોઈએ. વફાદારી એ બિનશરતી છે. પ્રાંતિક વહીવટ કરનારા પ્રધાનોને પણ તાજને વફાદાર રહેવાના સોગંદ લેવાની જરૂર પડે છે, તો જૈનશાસનને વફાદાર રહેવાની પૂર્ણ પ્રતિજ્ઞા હોવી જ જોઈ એ. શાસનને વફાદારી વગર સાધર્મિકપણું શોભતું નથી.

સભામાંથી એક ભાઈએ પૂછયું કે બીજા દર્શનમાં પણ ધર્મના આચરણો દેખાય છે. ઓછાવત્તા રૂપે દેખાય છે તો પછી તે મહાપુરુષો ખરા કે નહિ ?

સમાધાનમાં સમજવું કે ધર્મની કિંમત ગણીને કે આત્મકલ્યાણને માટે આજના કહેવાતા મહાપુરુષો કંઈ સહન કરતા નથી. કોઈ નાત-જાત માટે, કોઈ દેશ માટે, કોઈ માનેલ રિદ્ધિસિદ્ધિ માટે સહન કરે છે તે ધર્મ કહેવાય જ નહિ, કારણ કે દુનિયાના દેખાવ પૂરતો ધર્મ બોલવો છે. કેટલાક દુનિયાના દબાણથી દેવ-ગુરુ-ધર્મને માને છે પણ તેના વચનોમાં, વિચાર અને વર્તનમાં ડગલે ને પગલે વિષય-કષાયાદિ નજરે ચઢે છે. કોઈપણ હોદ્દા ઉપર આવનારને પ્રથમ રાષ્ટ્રની વફાદારીની સોગંદવિધિ કરવી પડે છે. તેવી રીતે જૈનશાસનના સાધર્મિક-પદે સ્થિત થનારને શાસન-દેવ-ગુરુ-ધર્મને વફાદાર રહેવું જ પડશે. વફાદારીમાં આવનારને ધર્મ આચારમાં છે કે વિચારમાં ? વિચારયુક્ત ધર્મ કેવો હોય ? અને આચારયુક્ત ધર્મ કેવો હોય ? તે અગ્રે વર્તમાન.

જ્ઞાનની મુખ્યતા

દેશના
૪૮

"स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्वादि निश्चयम् ।
तत्त्वसंवेदनं सम्यक्, यथाशक्ति फलप्रदम् ॥ "

અપૂર્વ સાધન

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા નવમા જ્ઞાનાષ્ટકની રચના કરતાં જણાવે છે કે જૈનશાસને જ્ઞાનને જ્ઞાન તરીકે અગ્રપદ આપ્યું જ નથી, પરન્તુ અમોઘ ફળ રૂપ મોક્ષના સાધન તરીકે જ્ઞાનને અગ્રપદ આપ્યું છે. કર્મ તોડવા માટે જ્ઞાનને અગ્રપદ આપ્યું છે. કાંટાવાળી જમીન જોવામાં આંખ એ સાધન છે, તેવી રીતે પાપની પ્રવૃત્તિને સમજવામાં જ્ઞાન એ સાધન છે એટલું જ નહિ પણ સમજીને તે પાપથી કેમ બચવું એ માટે જ્ઞાનની અતિ આવશ્યકતા છે.

મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાન સાથે જન્મેલ ભગવંતો જ્ઞાનના પ્રબળ પ્રભાવે સ્વયંબુદ્ધ તીર્થંકરો ગૃહસ્થાશ્રમ છોડી દીક્ષા લે છે. દીક્ષા અવસરે ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય છે. ચાર જ્ઞાનના માલિક ભગવંતો દીક્ષા દિનથી ઘોર તપસ્યા તપીને, પરિસહ ઉપસર્ગોને સહીને, ઘન ઘાતી તોડીને કેવળજ્ઞાન પામે છે, એટલું જ નહિ પણ સાધ્ય સિદ્ધિના વધામણા રૂપ કેવળજ્ઞાન પામે છે, એટલું જ નહિ પણ સાધ્ય સિદ્ધિના વધામણા રૂપ કેવળજ્ઞાન પામી જગતને સંયમ માર્ગે વાળવા શાસનની સ્થાપના કરે છે. શાસન એટલે સંયમ, ત્યાગ. સંયમરંગમાં રંગાયેલા **આચાર્યો અને ઉપાધ્યાયો સ્વ-પર તારક છે.** અર્થાત્ પોતે તરે છે અને સમાગમમાં આવનારાઓને તારે છે. **તીર્થંકરો પર તારક છે,** કારણ કે સાધ્ય સિદ્ધિ રૂપ મોક્ષના વધામણારૂપ કેવળજ્ઞાન થયેલું છે અને તેઓ નિયમા મોક્ષે જવાના છે. પરન્તુ કેવળ પરોપકારપરાયણ તીર્થંકરો સકળ જગતને શાસનદ્વારા તારવા કટીબદ્ધ થયેલા છે.

પરાર્થ-સર્વોત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થયા વગર સ્વાર્થ-સિદ્ધિ થતી નથી, તેથી જ તીર્થંકરો તીર્થની પ્રવૃત્તિ કેવળજ્ઞાન પછી કરે છે. તીર્થંકર નામકર્મનાં બે ફળ: ૧. પૂજ્યતા અને ૨. તીર્થપ્રવૃત્તિ.

દશમા દેવલોકથી ચ્યવીને માતાની કુક્ષિમાં આવનારા મહાવીર ભગવાનની પૂજ્યતા શરૂ થઈ. ગર્ભમાં આવ્યા તેને ચ્યવન કલ્યાણક માન્યું અને ઈન્દ્રાદિ દેવોએ પૂજાના મહોત્સવ કર્યા તેથી ગર્ભની શરૂઆતથી પૂજ્યતાની પ્રસિદ્ધિ થઈ.

પૂજ્યતા રૂપ પ્રથમ ફળની શરૂઆત ગર્ભથી હોવા છતાં તીર્થંકર નામકર્મના વાસ્તવિક ફળ રૂપે તીર્થપ્રવૃત્તિ તો કેવળજ્ઞાન પછી થઈ. આ જ વાતને સ્પષ્ટ કરતાં ચૌદ પૂર્વધર ભગવન્ત ભદ્રબાહુસ્વામી આવશ્યકનિર્યુક્તિમાં જણાવે છે કે—**अगिलाए धम्मदेसणाए।**

છદ્મસ્થપણામાં તીર્થંકરો ઉપદેશ કેમ દે નહિ?

આ પ્રશ્નના સમાધાનમાં સમજવું જોઈએ કે બીજાના કહેલાનું કહેવું થાય, તેથી જ કેવળજ્ઞાન પછી દેશનાદિ દે. આ સ્થળે સમજવાની ખાસ જરૂરિયાત છે કે પ્રયોગ કરીને કોઈએ ફળ મેળવ્યાં હોય અને ફળપ્રાપ્તિ કરનારના કથનના હિસાબે ફળનું સ્વરૂપ કહેવું તથા દેખાડવું હોય તે જુદી વાત છે, પરંતુ સ્વયમેવ પ્રયોગ કરી, કષ્ટ વેઠીને ફળ મેળવ્યું હોય તેવાઓ ફળનું સ્વરૂપ કહે અને દેખાડે તે અદ્વિતીય અપૂર્વ વાત છે. અપૂર્વ જ્ઞાનસાધન પ્રાપ્ત થયા છતાં સંયમ વગર સાધ્ય સિદ્ધિ નથી અને સાધ્ય સિદ્ધિના વધામણાં સેંકડો માઈલ દૂર છે. આ પ્રસંગમાં પ્રત્યક્ષ દૃષ્ટાન્ત રૂપે તીર્થંકરો છે. તેથી અપૂર્વ સાધન જ્ઞાનના પ્રબળ પ્રભાવે કેવળજ્ઞાન અપૂર્વ રૂપ સિદ્ધિ પ્રાપ્ત થઈ.

શબ્દપ્રીતિ અને પદાર્થપ્રીતિ

જગત્માં શબ્દપ્રીતિ તરફ દોડનારા સેંકડો છે. પરન્તુ પદાર્થ-પ્રીતિ તરફ ધસનારા તદ્દન અલ્પ સંખ્યામાં છે. શબ્દપ્રીતિ અને પદાર્થ-પ્રીતિનો ફરક સમજવાની જરૂર છે. સંપ શબ્દ સૌને ગમે છે. 'તમારા ઘરમાં સંપ છે?' એ 'સંપ' શબ્દ સાંભળવો સારો લાગે છે. પરંતુ તે સંપ ટકે કેમ? તેનું સ્વરૂપ સમજ્યા નથી. અર્થાત્ સંપ

રૂપ પદાર્થ સમજ્યા નથી. સંપ શબ્દની પ્રીતિવાળો સંપ આવે કેમ અને સંપ કુસંપમાં ન પલટાય તેની ફિકર કરતો નથી.

પરન્તુ સંપને સુરક્ષિત સાચવવા માટે સંપના ત્રણ પાયા સમજવાની જરૂર છે. ૧. ગુનો કરવો નહિ, ૨. ગુનાની ગાંઠ બાંધવી નહિ. ૩. ગુનેગાર ઉપર ઉપકાર કરવાનો અવસર આવે તો ચૂકવો નહિ, અર્થાત્ બીજી રીતિએ સમજીએ તો બીજાના ગુનામાં આવવું નહિ, એટલે ગુનો કરવો નહિ, એટલે ગુનાની ગાંઠ બાંધવી નહિ અને ગુના રૂપ અપકારને ઉપકારમાં ફેરવી લેવો. શબ્દપ્રીતિ અને પદાર્થપ્રીતિ ઉપર બાદશાહ બીરબલનું વૃત્તાંત સમજવા જેવું છે.

બાદશાહ બીરબલને પૂછે છે કે 'હે! બીરબલ! બનીયા માતા (શરીરે જાડા અને ચિન્તા વગરના) કેમ દેખાય છે?'

બીરબલ કહેઃ 'ખુદાવિંદ! બનીયા 'ગમ' ખાય છે.'

બાદશાહ કહેઃ 'મેં ખા શકું કે નહિ?'

બીરબલ કહેઃ 'ખુદાવિંદ, બનીયા 'ગમ' ખાનેકા પદાર્થકુ સમજ શકતા હૈ. આપ 'ગમ' શબ્દ શ્રવણ કરી શકતા હો મગર અવસર પર 'ગમ' ખા સકોગે નહિ.' બીરબલે 'ગમ' ખાવા સંબંધમાં વાત માંડીને વિસ્તારથી કહી એટલે બાદશાહ સમજી ગયો કે બનીયા અવસર પર 'ગમ' ખાઈ ગુસ્સો દબાવી શકે છે, કારણ કે તેના પરમાર્થને તે સમજી શકે છે. તેવી રીતે જ્ઞાન શબ્દની પ્રીતિ જગતને છે પણ જ્ઞાન પદાર્થની પ્રાપ્તિમાં ભલભલાને પણ મૂંઝવણ થાય છે. જ્ઞાનીનો વિનય સેવવો, જ્ઞાન મેળવવું, મેળવીને જ્ઞાન ટકાવવું, ધારવું, વધારવું અને અવસરે તેનો સદુપયોગ કરવો એ બધું જ્ઞાન પદાર્થની પ્રીતિવાળો જ કરી શકે છે.

સમ્યગ્ પદની વ્યવસ્થા

જગતના વ્યાવહારિક જ્ઞાનમાં જ્ઞાન-અજ્ઞાનના ભેદ પાડયા નથી, છતાં દુનિયાદારીના નુકશાનને અનુભવનારાઓ જ્ઞાન અને અજ્ઞાનનો ભેદ તે અવસરે માને છે. સૂત્રોમાં **ज्ञानक्रियाभ्याम् मोक्षः** એ ભાવની

પંકિત આવે છે. તે સ્થળે સમ્યગ્જ્ઞાન કે મિથ્યાજ્ઞાન જણાવ્યું નથી, તો શું દરેક જ્ઞાન અને દરેક ક્રિયાથી મોક્ષ થઇ જવાનો !

સમાધાનમાં સમજવું જોઇએ કે તે સૂત્ર જૈનદર્શનની શ્રદ્ધાવાળા માટે છે. આ ઉપરથી 'જ્ઞાનક્રિયાથી મોક્ષ' એ વચન આવીને ઊભું રહે ત્યાં સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા સમજી જ લેવી. પરન્તુ જે સ્થળે સમ્યક્ પ્રયોગ કર્યો હોય ત્યાં સમજવું જરૂરી છે કે તે સ્થળે જૈન–જૈનેતર સર્વપર્ષદ્માન્ય તે સૂત્રરચના છે.

દૃષ્ટાન્ત તરીકે **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** એ પ્રથમ સૂત્રની રચના તત્ત્વાર્થ ગ્રંથની આદિમાં કરી, કારણ કે તે ગ્રન્થનો અભ્યાસ જૈનદર્શનની શ્રદ્ધાવાળો કે શ્રદ્ધા વગરનો ભણે તો તે સ્થળે તે જણાવવાની જરૂર પડે તેથી તે સ્થળે 'સમ્યગ્' પ્રયોગ કરેલ છે. સૂત્રનું પઠન–પાઠન શ્રદ્ધારંગથી રંગાયેલા શ્રમણ ભગવન્તો માટે છે. તેથી તે સ્થળે નિર્દેશ ન કર્યો હોય તો તે સમજી લેવાની જરૂર છે.

બોલવા–સમજવામાં ફરક

અનુયોગદ્વારના અંતમાં પણ **ज्ञानक्रियाभ्याम् मोक्षः** આ સૂત્રનો ભાવ આવે છે. કોઇપણ સ્થળે જ્ઞાનાષ્ટકમાં જણાવેલ ત્રણ વિભાગ આવતા નથી. પરંતુ આ ત્રણ વિભાગ માર્ગપ્રતિપન્નવાળા માટે છે. વિષય પ્રતિભાસ જ્ઞાન પ્રથમ, તે પણ જૈન કુળવાળા માટે જ છે, પણ તે પામીને આગળ વધવાની જરૂર છે. જુઓ, આશ્રવના ૪૨ ભેદો ઇન્દ્રિય, કષાયાદિ ગણી ગયા પછી બોલ્યા કરીએ ત્યાંસુધી શબ્દ 'પ્રીતિ' છે. અર્થાત્ વિષય પ્રતિભાસ જ્ઞાન થયું, પરંતુ આશ્રવ પદાર્થની પ્રીતિ નથી અર્થાત્ ઇન્દ્રિયકષાયથી થતા આશ્રવની ગભરામણ નથી. 'અચરે અચરે રામ' બોલનાર પોપટને રામની મૂર્તિ ઉપર વિષ્ટા કરતાં અહંકાર નથી, તેવી રીતે આશ્રવના ભેદ બોલનાર અને ગણાવનારને આશ્રવની ભયંકરતા અને જવાબદારી; જોખમદારી સમજવાની જરૂર છે. અને તેથી સમજણના અભાવમાં અરેકાર આવતા નથી.

નિશાળે ભણનાર નિશાળીઆને હિસાબ ગણતાં આવડે છે, પરંતુ હિસાબની લેવડદેવડમાં જોખમદારી જવાબદારી તે સમજ્યો જ નથી. તેવી

રીતે આશ્રવ-સંવરના ભેદો બોલનાર, સમજનારને નિશાળીઆ જેવી હાલત ન શોભે. પ્રકરણ કર્મગ્રન્થાદિ ભણનારને પદાર્થની પ્રીતિ થાય ત્યારે આત્માની જવાબદારી અને જોખમદારી તે સમજે છે અને એ સમજ આવે ત્યારે આત્મપરિણતિ જ્ઞાન થાય.

જૈનકુળમાં જન્મેલો આત્મા ઉપાશ્રયમાં જ અને દેરાસરમાં જ આયુષ્ય (બીજા ભવનું) બાંધતો નથી, માટે આશ્રવની હેયતાનો અને સંવરની ઉપાદેયતાનો વિચાર ચોવીસે કલાક કર્યા કરો. બજારમાં કાઈસિસ (નાણાંની ભીડ) આવે ત્યારે ઇજ્જતદાર વેપારી ગભરાય છે તેવી રીતે આત્માની હાલત હાલ ચોવીસે કલાક કાઇસિસ જેવી છે માટે દુર્ગતિથી ડરનારા જીવે જરૂર ગભરાવા જેવું છે.

વિષય પ્રતિભાસાદિ ત્રણ ભેદ

આ ઉપરથી ફળરૂપે પરિણામ પામતા ત્રણ ભેદો જણાવાય છેઃ ચાલુ વિષયમાં જ્ઞાનના ત્રણ ભેદોમાં ૧. વિષય પ્રતિભાસ ૨. આત્મપરિણતિ અને ૩. તત્ત્વ સંવેદન જ્ઞાન જણાવે છે. આ સ્થળે સાંભળનારને શંકા થાય કે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાન છે અને તેના ૫૧ ભેદો છે તે પૌકી કોઈપણ ભેદ ઉપરમાં આવતો નથી તો તે ભેદ ક્યાંથી લાવ્યા ?

આ શંકાના સમાધાનમાં સમજવું કે પાંચે આવરણ ખસવાથી પ્રગટ થતા—ઉત્પન્ન થતા એ પાંચ ભેદો છે. અને તે પાંચના વિસ્તારથી સ્વરૂપ ૫૧ ભેદ છે. જ્યારે આ ત્રણ ભેદો પરિણતિના છે અને વ્યાખ્યાનાદિ શ્રવણ કર્યા પછી ફળરૂપે પરિણામ પામતાં આ ત્રણ ભેદ છે.

શ્રવણ કરતાં પદાર્થની ઓળખાણ થાય પણ હેય ઉપાદેયના નિર્ણયરૂપ સુધારો ન થાય તે **વિષયપ્રતિભાસ જ્ઞાન.**

પદાર્થની ઓળખ સાથે તે પદાર્થ આત્માને કેટલો હિતકર અને કેટલો હાનીકર છે એ વિચારણા સાથે આત્મ સાથે વહેંચણી કરે તે **આત્મપરિણતિ જ્ઞાન.**

ત્રીજા તત્ત્વસંવેદનમાં હેય ઉપાદેયના નિશ્ચયપૂર્વક યથાશક્તિ પ્રવર્તન હોય છે.

પ્રથમ વિષય પ્રતિભાસમાં હેય ઉપાદેયની વિચારણા વગર માત્ર પદાર્થની ઓળખ, બીજા આત્મપરિણતિ જ્ઞાનમાં વર્તન વગર હેય ઉપાદેયની વિચારણા રૂપ પરિણતિ અને ત્રીજા તત્ત્વસંવેદનમાં હેય ઉપાદેયના નિશ્ચયપૂર્વક પ્રવર્તન હોય તો તત્ત્વસંવેદન સમજવું. આ ત્રણે ભેદમાં પ્રથમ ભેદ અને બીજા ભેદને અંશે યુક્તિયુકત શંકા સમાધાન દાખલા—દષ્ટાંતપૂર્વક સમજી ગયા. હવે ત્રીજા ભેદમાં પ્રવર્તનશીલ થયેલા આત્માઓ કાર્યસિદ્ધિમાં કઈ રીતે આગળ વધે છે તે અત્રે વર્તમાન.



ચિત્તનું પાપના બંધમાં ઘણું બળ હોય છે. જ્યારે શુદ્ધ શ્રદ્ધા એટલે શ્રદ્ધાવાળું ચિત્ત હંમેશાં શુદ્ધ માર્ગમાં પ્રવર્તે છે.

મોટાઓનો સંગ ઘણાં પુણ્યકાર્ય વગર પ્રાપ્ત થતો નથી. આ વાત સર્વસમ્મત છે. પણ આશ્ચર્ય એ છે કે સંગમ-મિલન ક્રમ-શ્રેણીનો નાશ કરવાથી પ્રાપ્ત થયો છે.

હે ભગવન્! આશ્ચર્ય છે કે જ્યાં તમારું સામર્થ્ય નથી ત્યાં તમારા વચનનું બલ-સામર્થ્ય છે કે જે તે વચન બીજાઓના અને પોતાના પાપોનો સર્વથા ક્ષય કરનારું છે.

શ્રવણ અને ધર્મજ્ઞાન

દેશના
૪૯

શ્રોત્ર ઇન્દ્રિયની વિશિષ્ટતા

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે 'ધર્મરત્ન પ્રકરણ'ની રચના કરતાં શ્રાવકને લાયક ૨૧ ગુણ, તેનું સ્વરૂપ અને તે તે સ્વરૂપને યથાર્થ પ્રતિભાર્જન કરનારા દૃષ્ટાંતદ્વારા સમગ્ર અધિકાર આગળ જણાવી ગયા છે. તેથી શ્રવણ અને જ્ઞાનભૂમિકા એ બે ભૂમિકા સહેજે પ્રાપ્ત થઈ શકે છે એ આપણે સમજી ગયા. સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય શ્રોત્રલબ્ધિવાળો હોય અને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરેન્દ્રિય શ્રોત્રલબ્ધિ વગરના હોય છે, તેમ સંજ્ઞી હોય અને શ્રોત્રલબ્ધિ વગરનો હોય તેવું બની શકતું નથી. મનની શક્તિ શ્રોત્ર મળ્યા પછી જ મળવાવાળી ચીજ છે. તેથી સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદો પંચેન્દ્રિયમાં જ પાડવામાં આવે છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચઉરેન્દ્રિયમાં સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદ પાડવામાં આવતા નથી, કારણ જેને સંજ્ઞીપણું પ્રાપ્ત થાય તેને પાંચ ઇન્દ્રિયની શક્તિ હોય છે,

એ જ વાત આપણે પર્યાપ્તિને અંગે વિચારીએ અને પ્રાણોને અંગે વિચારીએ તો સમજાય તેવી છે. મનની પર્યાપ્તિ સમગ્ર ઇંદ્રિયની પ્રર્યાપ્તિ પછી જ છે. આથી જે જે સંજ્ઞી અને પંચેંદ્રિય થયા તે સર્વને શ્રોત્ર ઇન્દ્રિયની લબ્ધિ જરૂર હોય. જો શ્રોત્રની લબ્ધિ છે, તો શ્રોત્રની શક્તિ જબરજસ્ત હોય છે. ચારે ઇન્દ્રિયો માત્ર અષ્ટસ્પર્શી પુદ્ગલોને ગ્રહણ કરે છે. અષ્ટસ્પર્શી પુદ્ગલ સિવાયના સ્પર્શ, રસ, ગંધ કે રૂપને સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ ઇંદ્રિયો લઈ શકતા નથી. ચઉસ્પર્શીમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહેલા છે, પણ ઇન્દ્રિયો અષ્ટસ્પર્શીપણે પરિણમાવે અને ગ્રહણ કરે છે. અષ્ટસ્પર્શીપણે પુદ્ગલો

ન પરિણમ્યા હોય તેવાના રસ, ગંધ, રૂપ, સ્પર્શને લેવાની તાકાત નથી. ચારે ઇન્દ્રિયો અષ્ટસ્પર્શી વિષયોને લે છે, ત્યારે શ્રોત્ર ચઉસ્પર્શી પુદ્ગલોને લે છે. ચઉસ્પર્શી પુદ્ગલો જે છે તે ગ્રહણ કરવાની તાકાત માત્ર શ્રોત્ર ઇંદ્રિયની છે.

તૈજસથી આગળના બધા પુદ્ગલો ચઉસ્પર્શી છે, તો શ્રોત્ર ઇંદ્રિયની એટલી નિપુણતા છે. તેનો ક્ષયોપશમ એટલો જબરજસ્ત છે કે જેથી ચઉફરસી પુદ્ગલોને વિષયતામાં લઈ શકે છે; પરન્તુ તેટલી નિપુણતા ચક્ષુ આદિ ચાર ઇન્દ્રિયોની નથી. તત્ત્વાર્થમાં ઉભય અવધારણ લઈએ છીએ. रूपिणः पुद्गलाः એ સૂત્રમાં ઉભયાવધારણ લેવાય છે. રૂપી જ પુદ્ગલો છે ને પુદ્ગલો રૂપી જ છે. માટે રૂપી પુદ્ગલો જ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયમાં રૂપ નથી. રૂપ પુદ્ગલાસ્તિકાયમાં જ છે. એક પણ પુદ્ગલ રૂપાદિ વગરનું નથી. રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગરનું કોઈ પુદ્ગલ જગતભરમાં નથી. ઉભય અવધારણ થયું.

આથી જે શબ્દના પુદ્ગલો રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગરના નથી પણ ફરસ આઠ નહિ પણ ચાર હોય તો ચઉફરસીમાં રહેલા રસ, ગંધ, રૂપ, શબ્દને રસના ઘ્રાણાદિ ઇન્દ્રિયો ફરસી શકતી નથી. તેથી રૂપી પુદ્ગલો એક પ્રદેશે અનંતા લાગેલા છે, છતાં તે પુદ્ગલો ચઉફરસી હોવાથી તેનું રૂપ, રસ, ગંધ કે સ્પર્શ તે કોઈ ઇન્દ્રિયના વિષયમાં આવતા નથી. કર્મ પુદ્ગલોમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે છતાં ચક્ષુ, ઘ્રાણ, જીવ્હા સ્પર્શ પારખી શકતી નથી કારણ કે ચઉફરસીને ગ્રહણ કરવા માટે ચાર ઇન્દ્રિયો જડ છે.

ભાષાની અપેક્ષાએ આર્યવિભાગ

શ્રોત્ર ઇન્દ્રિય ભાષાવર્ગણાના ચઉફરસી પુદ્ગલોને ગ્રહણ કરે છે. એ શ્રોત્ર ઇન્દ્રિયનું નિપુણપણું છે, તેથી આર્યો અને મ્લેચ્છો–શબ્દોનો વિભાગ ભાષાને અંગે રાખ્યા છે. વ્યાકરણકારોએ મ્લેચ્છ શબ્દ નગ્નપણામાં ચોરી–જારીમાં નથી રાખ્યો પરન્તુ 'અવ્યક્ત ભાષણે' અર્થાત્ 'અવ્યક્ત બોલવું' તેમાં રાખ્યો છે. મ્લેચ્છો અવ્યક્ત બોલનારા, તેથી, વ્યક્ત

બોલવામાં આવેાનેા વિભાગ થયેા. વ્યક્ત ભાષાવાળા તે જ આર્યો. આ વાત લક્ષ્યમાં લેશેા ત્યારે ભાષા સંબંધી આર્યની વ્યાખ્યા આપતાં તેમનેા સાડી પચીસક્ષેત્રનેા વિભાગ કર્યો છે.

જૈનદર્શનમાં આર્યનેા વિભાગ સમ્યક્ત્વની અપેક્ષાએ હતેા, એટલું જ નહિ પણ જ્ઞાનની અપેક્ષાએ, ચારિત્રની અપેક્ષાએ વિભાગેા હતા તેમ ભાષાને અંગે પણ વિભાગેા હતા.

માગધી, બ્રાહ્મી લિપિ વગેરે ભાષા આર્યો માટેની છે અને તેથી જ આર્યોનેા અને મ્લેચ્છોનેા એવા વિભાગ પાડયા છે. ભાષાની અપેક્ષાએ જ્યાં જ્યાં અર્ધમાગધી ભાષા પ્રવર્તે, ત્યાં ત્યાં ભાષા રૂપે આર્યપણું. આપણા લેાકેા માગધીને અંગે ચક્કર ખાય છે. કહે છે કે મગધ દેશની ભાષા તે માગધી, પણ માગધી ભાષા બેાલનારા માગધેા એટલે રાજાના મંગળ પાઠકેા–બિરૂદાવલી બેાલનારા, રાજાના ઇતિહાસ રાખનારા, તેમની જે ભાષા તે માગધી. માગધેાની ભાષા તે માગધી–અર્ધ માગધી. જે સમગ્ર સાડા પચીસ દેશની ભાષા તે માગધી.

જગદ્‌ગુરુ કેાણ થઇ શકે ?

તે ભાષા આર્યની હેાવાથી તીર્થંકરની દેશના અર્ધમાગધીમાં પ્રવર્તતી હતી, તેથી તેમને જગદ્‌ગુરુ થવાનેા હક્ક છે. જગતની સામાન્ય ભાષા જે ન સમજી શકે તે જગતગુરુ કેવી રીતે બની શકે ? સંસ્કૃત ભાષામાં બેાલનારા, ઉપદેશ આપનારા, શાસ્ત્રકથન કરનારા, તે વિદ્વાનના ગુરુ, પણ તે જગતના ગુરુ નહિ. કેટલાક વિદ્વાન સિવાય બીજાઓની ભાષા જે સમજે નહિ તેા તે જગતગુરુ કેમ બનવાના ? અહીં જગતગુરુપણું એવી ચીજ છે કે તિર્યંચેા પણ પેાતાની ભાષામાં તેમનાં વચનેા સમજે છે, **मेनिरे भगवद्‌गिरं**

જિનેશ્વરની વાણી દેવતા દેવતાઈ ભાષા તરીકે, મનુષ્યેા મનુષ્યની ભાષા તરીકે, અનાર્યો અનાર્યોની ભાષા તરીકે, તિર્યંચેા તિર્યંચેાની ભાષા તરીકે, આમ તમામ તીર્થંકરનું વચન સમજે છે. બધાને સમજવામાં આવી શકે તેવી ભાષા જેન બેાલે તેા તે બધાનેા ગુરુ કેવી રીતે બની શકે ?

કૂતરીને પણ જગત્‌ગુરુ નામ પાડીએ ને તે કહીને બોલાવીએ તો તે આવે છે. જગતને તત્ત્વનો ઉપદેશ દીધા વગર જગતનું ગુરુપણું આવી શકતું નથી અત્યારે તો વાતવાતમાં જેને તેને માટે જગત્‌ગુરુ પદની વ્યવસ્થા કરીએ છીએ.

જગત્‌ગુરુ કોણ બની શકે ?

જગતને તત્ત્વનો ઉપદેશ આપી શકે તે, જગતની ભાષામાં તત્ત્વ સમજાવે તે.

હવે જગતની ભાષા તપાસીએ. તીર્થંકરને અતિશયથી ગમે તે હોય પણ ગણધર વગેરે અતિશયવાળા નથી. ગણધરો અતિશયવાળા નથી તો તેમને જગતની ભાષામાં સૂત્રોની રચના કરવી પડે તેથી તીર્થંકરોને જગતની ભાષામાં સમજણ પડે તેમ બોલવું પડે છે. ૧૮ દેશી ભાષામાં મિશ્રિત હોય તે અર્ધમાગધી, અઢાર દેશની ભાષા સમજવાવાળા તે બધાને અર્ધમાગધી ભાષા સમજાય. ૧૮ દેશ બરાબર સમજી શકે તે અર્ધમાગધી ભાષા.

દેવતાની ભાષા પણ અર્ધમાગધી

'દેવતાની ભાષા સંસ્કૃત ભાષા છે અને તે ગીર્વાણ ભાષા કહેવાય છે,' પણ તે કદાગ્રહ સહિત જૂઠ્ઠું છે. દેવતાની આરાધના કરવાનો બાળ, યુવાન, વૃદ્ધને હક્ક છે. દેવતાઓ તુષ્ટ થાય તો બાળ, યુવાન, વૃદ્ધ બધા ઉપર તુષ્ટમાન થાય છે. દેવતાને તુષ્ટમાન થવાનું બધા પર હોય તેમ જ દેવતાને મનુષ્ય સાથે વ્યવહાર હોય તો મનુષ્યની સામાન્ય ભાષા તે જ દેવતાની ભાષા જોઈશે, નહીંતર દેવતા આવ્યો અને બોલ્યો કે **वृणुष्व वरम्** છોકરાઓએ શી માગણી કરવી ? છોકરો સમજવાનો શું ?

પંડિત ને વિદ્યાર્થી બંને સાથે મુસાફરીએ ગયા છે. પંડિત કૂવામાં લપસી પડ્યા. ત્યારે વિદ્યાર્થીએ બૂમ પાડી કે—**धावत धावत लोकाः । मम गुरुः कूपे पतितः ।** આમાં શું થવાનું ? જેમ વિદ્યાર્થીએ કહેલું **धावत** વાક્ય કેવળ તેના મોંમાં રહ્યું પણ ગુરુને બચાવનાર ન થયું, તેમ બાળ, વૃદ્ધ, ગ્લાન, સ્ત્રી, પુરુષને બધાને દેવતાનો સ્નેહ દૃષ્ટ હોય તો તે બધાની ભાષા, તે દેવતાની ભાષા માનવી પડે. માટે આર્યો અને દેવો સ્પષ્ટ ભાષા બોલનાર હોય છે.

સ્વાભાવિક પ્રાપ્ત થતી બે ભૂમિકાઓ

શ્રોત્ર ઇન્દ્રિયની નિપુણતા હોવાથી તે ચઉસ્પર્શી પુદ્ગલોને ગ્રહણ કરી શકે છે. આર્યો પોતપોતાની ભાષામાં બોલે છે તેથી આ બે ભૂમિકા–શ્રવણ અને જ્ઞાનભૂમિ પ્રાપ્ત થવી મુશ્કેલ નથી. ભાષાવર્ગણાના પુદ્ગલો એવી શક્તિવાળા છે કે જેટલા સ્વરૂપે હોય તે સ્વરૂપે બીજાને પણ ભાવિત કરી શકે છે. સમશ્રેણિએ રહેલો શુદ્ધ સ્વરૂપે સાંભળે. બીજી શ્રેણિએ રહેલા શુદ્ધ સ્વરૂપે સાંભળે નહિ. જેટલું મોં પહોળું થાય તેટલી સમશ્રેણિ મિશ્ર લે છે. કેટલાક કાઢેલા અને કેટલાક પરિણમેલા. એ બે ભેગા મળી લેવામાં આવે છે. ધર્મના અધિકારીઓ અગર ધર્મનો પ્રતિબોધ દેનારા તે સ્થાનની પ્રચલિત ભાષા બોલે અને ભાષાના પુદ્ગલો ભાવુક હોવાથી ને શ્રોત્રની નિપુણતા હોવાથી શ્રવણ અને જ્ઞાન એ બે ભૂમિકા સહેજે પ્રાપ્ત થાય તેમાં નવાઈ નથી. મુશ્કેલી શ્રવણ ને જ્ઞાનમાં નથી.

વિજ્ઞાનભૂમિનો નિર્ણય

મુશ્કેલી વિજ્ઞાન ભૂમિકાની પ્રાપ્તિમાં છે. **મોક્ષવિષયક બુદ્ધિ તે જ સમ્યગ્જ્ઞાન.** જૈન દર્શનકાર સમ્યક્ત્વ સહિતની સમજ કહે છે. મોક્ષે ધીઃ જ્ઞાનં મોક્ષવિષયક જે બુદ્ધિ તેનું જ નામ જ્ઞાન. અન્યત્ર વિજ્ઞાન કહેવાય. શિલ્પશાસ્ત્ર વિષયક જે બુદ્ધિ તે વિજ્ઞાન. આમ કોષકારોએ શિલ્પશાસ્ત્રના જ્ઞાનને વિજ્ઞાન કહ્યું છે. જે કોષકારોએ શિલ્પ એટલે કારીગરી–તેને વિજ્ઞાન કહેલું છે, તેવું રુઢ વિજ્ઞાન અહીં લેવાનું નથી. અહીં શ્રવણ પછી જ્ઞાનભૂમિકા કહી ગયા છીએ.

અહીં વિજ્ઞાન કયું લેવું ?

હેય–ઉપાદેયના નિશ્ચયવાળું જે જ્ઞાન તે વિજ્ઞાન. તેથી જ કહે છે કે ૨૧ ગુણનું સ્વરૂપ–દૃષ્ટાંત સાંભળી શ્રવણ ને જ્ઞાન એ બે સહેજે પ્રાપ્ત કરવાની જરૂર છે. તે કયા રૂપે જણાવે છે ? અહીં અધિકાર ધર્મનો છે. ૨૧ ગુણ ધર્મની લાયકાત માટે કહ્યા છે. આ શ્રવણ ને જ્ઞાન ધર્મને અંગે ગણાવ્યાં. જ્ઞાન ધર્મને અંગે થયું તો ત્રીજું વિજ્ઞાન ધર્મને અંગે કરવાની જરૂર છે. તેથી આ ગ્રંથનું નામ ધર્મરત્ન છે, આથી ધર્મરત્નના અર્થી તે થવો જોઈએ.

મુખ્યાર્થ અને લક્ષ્યાર્થનો ફરક સમજો

એમાં કાલે બે વાત લક્ષ્યાર્થની કહી ગયા છીએ રત્ન શબ્દ મુખ્યાર્થને તેમ જ લક્ષ્યાર્થને પકડે છે. આ બે અર્થ સમજો. તાપી નદીને કાંઠે એક ઝૂંપડી હોય. તેમાં બાવો રહેતો હોય. તે ફરતો ફરતો તમારે ત્યાં આવ્યો.

બાવાજી, ક્યાં રહો છો ?

તે કહે કે તાપીમાં. 'તાપી' શબ્દનો મુખ્ય અર્થ તાપીનો પ્રવાહ થાય પણ તે પ્રવાહમાં તો રહેતા નથી, અહીં મુખ્યાર્થનો બાધ આવ્યો. જ્યાં મુખ્યાર્થનો બાધ હોય ત્યાં લક્ષણા કરવી પડે. 'તાપી' શબ્દથી તાપી નદી ન લેતાં 'તાપીનો કાંઠો' લેવો પડ્યો એ કયા મુદ્દાએ ? મુખ્ય અર્થ પ્રવાહ રૂપે હતો. તેનો સંબંધ કાંઠો હતો, અહીં તાપી નદી લઈએ તો તે મુખ્યાર્થ અને કાંઠો અર્થ લેવાય તો લક્ષ્યાર્થ થાય. આ બેને અંગે વિચાર કરવો પડે.

એમ અહીં 'ધર્મરત્ન'માં 'રત્ન' શબ્દ મુખ્યાર્થમાં લેવો કે લક્ષ્યાર્થમાં' લેવો ? જ્યારે મુખ્યાર્થનો બાધ આવે ત્યારે લક્ષ્યાર્થ લેવાય. 'રત્ન' શબ્દનો મુખ્ય અર્થ લેવામાં બાધ આવતો હોય તો જ લક્ષ્યાર્થ લેવો પડે. બાધ ન આવે તો લક્ષ્યાર્થ અર્થ ન લેવાય.

તાપીમાં પાણી રૂપ મુખ્યાર્થને બાધ ન આવે તેમ. **धर्म एव रत्नं** "ધર્મ એ જ રત્ન" આવો અર્થ કરતાં મુખ્ય રત્ન પદાર્થનો બાધ કયો આવ્યો ? દુનિયાએ રત્નને રત્ન ગણ્યું. શાસ્ત્રકારે ધર્મને રત્ન ગણ્યું. આમાં બાધ કયો આવ્યો કે લક્ષણા કરવી ? વાત ખરી. પ્રથમ જ્ઞાનીને પૂછીએ કે રત્ન, અન્ન કે કંચન. તે હેય કે ઉપાદેય ? હીરા, મણી, મુગીયા, પન્ના એ બધાં છોડવાલાયક કે આદરણીય ? જ્ઞાની શું કહેશે ? જ્યારે છોડવાલાયક ચીજ હોય તો **धर्म एव रत्न, धर्मो रत्नमेव** કહેવાથી ધર્મની છોડવાલાયક સ્થિતિ ધર્મરત્ન હોય, તો એ પણ છોડવાલાયક થાય.

'ધર્મ' શબ્દ મુખ્યાર્થમાં લઈએ તો તે છોડવાલાયક થાય. તો

કહેવું પડશે કે ઉપમાન ઉપમેયમાં સર્વ અંશે સાદૃશ્ય હોતું નથી. "ચંદ્ર સરખું મુખ" કહીએ તો ચંદ્ર દહાડે દહાડે ક્ષય-વૃદ્ધિ પામે છે, તેમ મુખ ક્ષય-વૃદ્ધિ પામતું નથી. કેવળ ચંદ્રમામાં રહેલી સૌમ્યતા માત્ર લેવાય છે. સકલંકપણું, ક્ષયવૃદ્ધિપણું, આકાશમાં ભમવાપણું વગરે સાથે મુખને સરખાવતા નથી. તો બધા ગુણ ધર્મ ઉપમામાંથી લેવાતા નથી, તેમ રત્નનું હેયપણું અમે નહીં લઈએ તથા અહીં રત્નને અંગે જડપણાનો, ડૂબવાપણાનો ગુણ પણ નહીં લઈએ. તો કયો ગુણ લેવો છે? મુખનો અને ચંદ્રનો સમધર્મ સૌમ્યતા છે, તેમ ધર્મનો અને રત્નનો સમધર્મ કિંમતીપણું છે.

ધર્મરત્નની લક્ષ્યાર્થ વ્યાખ્યામાં મૂંઝવણ

ધર્મનું કિંમતીપણું સમજવામાં મુશ્કેલી ઊભી થઈ. રત્ન જે ઉપમાન તે અધિક કિંમતી, ધર્મ ઉપમેય તે ઓછું કિંમતી. ચંદ્ર વધારે સૌમ્યતાવાળો, મુખ ઓછી સૌમ્યતાવાળું છે. કિંમતીપણાને અંગે ઘરમની ધૂળ ઊડી ગઈ અર્થાત્ ધર્મની ઓછી કિંમત ગણી. આથી રત્ન અજ્ઞાની માટે કિંમતી ગણાવ્યું, પરન્તુ જ્ઞાની. વૈરાગી માટે રત્નની કિંમત નથી તો 'ધર્મરત્ન' કેમ બોલ્યા? અહીં લક્ષણા કરવાની જરૂર રહી. 'રત્ન' શબ્દનો અર્થ કરતી વખતે દુનિયામાં ઢેફાના ભાઈ રત્નને છોડી દીધા. લક્ષણા ઉત્તમોત્તમમાં કરી તેથી ધર્મ ઉત્તમોત્તમ જ છે.

મુખ્યાર્થ-લક્ષ્યાર્થની વાસ્તવિક વ્યવસ્થા

હવે કહેશો કે લક્ષણા કરવી હતી તો પહેલેથી ઉત્તમોત્તમ કહેવું હતું ને? બાવાજીએ કાંઠે કેમ ન કહ્યું? તાપીમાં ઝૂંપડી કેમ કહી? નર્મદાને કાંઠે ભરૂચ છે, સૂરત તાપીને કાંઠે છે. સૂરત જેટલામાં રહ્યું છે તે બધાને કાંઠો ગણ્યો. માટે અહીં રત્ન-શબ્દ મુખ્યાર્થમાં ટકી શકતો નથી. તેને ઉત્તમોત્તમમાં લઈ જવો છે. કેટલાક જીવો રત્નના મુખ્યાર્થથી અધિકારી છે. ને કેટલાક રત્નના લક્ષ્યાર્થથી અધિકારી છે. ધર્મરત્નાર્થી જેટલા જીવો પરિગ્રહમાં આસકત છે, પરિગ્રહને છોડી શકયા નથી. તેમનાથી પરિગ્રહ છૂટતો નથી. આમ જે પરિગ્રહમાં આસકત છે, લીન છે. પરિગ્રહને અગીઆરમો પ્રાણ

ગણનારા, તેમાં લીન રહેલા, આસક્ત થએલા માટે 'રત્ન' શબ્દ મુખ્ય અર્થવાળો છે. જેવું મન રત્નમાં ચોંટે છે તેવું ધર્મમાં ચોંટાડવું જોઇએ.

હરિભદ્રસૂરિ 'ધર્મબિન્દુ'માં કહ્યું કે 'ગુરુએ કેવો ઉપદેશ કરવો?' તો કે **धर्मे धनबुद्धिः** ધર્મને કેવી રીતે ચહાવો? જેવી રીતે ધનની ચાહના છે તેવી ચાહના ધર્મની કરવી. જૂઠ્ઠો ભય પણ ટળતો નથી. સ્વપ્નમાં ધન ચોરાય તો સવારે તિજોરી ખોલીને તપાસ કરવી પડે છે, તેવું કાળજું ધર્મ ઉપર ચોંટાડો, ધર્મમાં ધનની બુદ્ધિ કરો. જે ગૃહસ્થો પરિગ્રહમાં આસક્ત છે તેવા માટે આ ઉપદેશ કર્યો. જે ધનને કચરો સમજે તેને માટે તે ઉપદેશ નહીં.

તે માટે પ્રથમ શય્યંભવસૂરિએ **धम्मो मंगलमुक्किट्ठं** કહી દીધું. ત્યાં ધર્મને રત્ન ન કહ્યું. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પદાર્થ ધર્મ લીધો. એને તો રત્નમાં હેયબુદ્ધિ છે. જ્યારે રત્નમાં ઉત્તમતાની બુદ્ધિ નથી, ત્યાં કર્મની નિર્જરા કરાવનાર ધર્મ છે. આથી ત્યાગી પુરુષોને અંગે લક્ષ્યાર્થ લેવો પડે. પરિગ્રહવાળા માટે વાચ્યાર્થને મુખ્યાર્થ લેવો પડે.

આથી 'ધર્મ' રત્નાર્થી ગૃહસ્થોને અંગે મુખ્યાર્થ લેવો અને સાધુ માટે લક્ષ્યાર્થ કરવો પડે. ધર્મરત્નને જાણો કે જુઓ તેથી કંઈ વળે નહિ, માટે દરેક ધર્મરત્નનો અર્થી હોવો જોઈએ. હવે તેનો અર્થી કોણ? તે વિષે શાસ્ત્રકાર જે બતાવશે. તે અધિકાર અગ્રે વર્તમાન.

હે ભગવાન્! જો સર્વ પાપને નિવારનારું શાસન મેં પ્રાપ્ત કર્યું ન હોત તો હા! પાપમાં પરાયણ-તત્પર એવી મારી ગતિ ભવિષ્યમાં થાત.

વૈરાગ્ય અને પુરુષાર્થ

દેશના ૫૦

મોટા ભાગે શિર ઝૂકાવનારા

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ભગવાન મહાવીરે હસ્તિપાલ રાજા પાસે અંત્ય સમયે જે દેશના જણાવી તે જણાવતાં ફરમાવે છે કે આ જગતમાં દરેક જીવ ઇચ્છાની પાછળ રમી રહ્યો છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય કોઈપણ જીવ ઇચ્છાની પાછળ ઘસડાઈ રહ્યા છે. એટલા જ કારણથી શાસ્ત્રકારોએ મોહગર્ભિત દુઃખને જ્ઞાનગર્ભિત દુઃખ જણાવીને ત્રણ પ્રકારના વૈરાગ્ય જણાવતાં જ્ઞાનગર્ભિતનું એ લક્ષણ રાખ્યું કે ઇચ્છાથી વિરમવું તે જ્ઞાનગર્ભિતઃ કારણ કે સામાન્ય રીતિએ ભલે પછી નાનું છોકરું હોય, યુવાન કે વૃદ્ધ હોય, સ્ત્રી કે પુરુષ હોય, મનુષ્ય હોય કે જાનવર હોય, દરેક પોતાને જેની ઇચ્છા થાય તેની તરફ તે દોડે છે.

કિંમતીપણું કે મામુલીપણું એ પણ ઇચ્છાનો વિષય ન થાય ત્યાં સુધી વિચારાય છે. જંગલમાં કોઈ તરસ્યો થયો હોય અને પાણીની જગતમાં કિંમત નથી એ જાણવા છતાં જ્યારે તરસ્યો થાય–પાણીની ઇચ્છાવાળો થાય, તે વખતે કોઈ તેને હીરા, મણિ, મોતી દે તો તેથી તેને સંતોષ થતો નથી કે જે સંતોષ તે વખતે એક લોટા પાણીથી થાય. કિંમતને અંગે ઇચ્છા રહેતી હોય તો લોટા પાણીમાં એટલો સંતોષ થાય કે જે હીરા, મોતી, રત્નથી પણ નથી થતો, તેનું કારણ એ કે તે વખતે તે પદાર્થની પોતાને જરૂર પડી છે તેમ એકનો એક પદાર્થ આજે લઈએ ને કાલે વેચીએ છીએ. પદાર્થની ઇચ્છા હોય તો તે લેવાવો ને વેચાવો ન જોઈએ.

વાસ્તવિક રીતે પૈસાની એટલી કિંમત નથી પરંતુ આપણી જે વસ્તુવિષયક પદાર્થની કિંમત છે, અર્થાત્ જીવોની બળવાનમાં બળવાન

ચીજ હોય તો તે ઇચ્છા છે, એટલા જ માટે જ્ઞાનગર્ભિતના લક્ષણમાં શાસ્ત્રકારોએ કહ્યું કે **ब्राह्मनेच्छा भूयांसो नामिनो बद्धा:** જગતમાં અમુક જ ભાગ છોડીને એટલે ફક્ત અનંતમો ભાગ છોડી બાકીના બધા જીવો **नामिन:** એટલે 'નામવાળા' એમ નહીં, પણ નમવાવાળા–કર્મના પરિણામોની સામું માથું ઝુકાવનારા છે. સિદ્ધભગવાનનો અનંતમો ભાગ છોડી દઇએ, સિદ્ધ ભગવાન સર્વ જીવોની અપેક્ષાએ અનંતમે ભાગે છે. તે ભાગ બાદ કરીએ તો ચાહે ચક્રવર્તી, વાસુદેવ કે રાજા કે રંક કે શ્રીમંત હોય પણ તે સર્વ માથું ઝૂકાવી રહ્યા છે. કર્મના પરિણામ આગળ–કર્મના હુકમ આગળ દરેક જીવ માથું ઝૂકાવી રહ્યા છે, શાથી ? એક જ કારણ ઇચ્છાથી. એક ઇચ્છા કારણ ન હોય તો કર્મરાજાની તાકાત નહોતી કે પોતે જે ચુકાદો દે તે દરેક જીવોને કબૂલ કરવો પડે! પણ જીવો ઇચ્છાને આધીન થયા છે.

'જીવ' શબ્દને બદલે 'નામી' શબ્દનો વપરાશ

ઇચ્છાને આધીન થઈ એવા સ્થિતિમાં આવી ગયા કે કર્મરાજા જે ચુકાદો આપે તે કબૂલ કરવો પડે. તેથી સંસારના જીવોને શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ 'નામી' કહે છે. નમવાવાળા તે 'નામી' એટલે કે **नाम** શબ્દ **नम्** ધાતુ ઉપરથી બને છે. नम् ધાતુ નમવા ઉપર છે. આ જીવ કર્મના હુકમ આગળ હાજી હાજી કરનારો છે. એમ આ જીવે કર્મના ગુલામીખત ઉપર સહી કરી દીધી. પછી રૂવે કે હસે, નાચે કે કૂદે પણ કર્મનો દસ્તાવેજ પૂરો ન થાય ત્યાં સુધી જીવ છટકી શકે નહિ. માટે આ જીવો મૂળમાં વાંદરા સમાન છે. સ્વભાવે વાંદરો ચંચળ હોય છે, તે વાંદરાને વીંછી કરડે તો નળિયાં ભાંગવામાં કેટલું બાકી રાખે ?

અનાદિ કાળથી મૂળમાં જીવનો સ્વભાવ એવો છે કે કર્મની આગળ ઝુકાવી દેવું. જે રસ્તે કર્મ લઈ જાય તે રસ્તે જ જવું. એટલા માટે જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળાના મુખમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ 'જીવ' શબ્દ ન મૂકતાં **नामिन:** શબ્દ મૂક્યો. ચેતનાની મુખ્યતા કરતાં સંસારી જીવોની મુખ્યતા કર્મરાજાના હુકમ તરફ ઝૂકવામાં રહેલી છે. ચેતનાની

મુખ્યતા હોય તો પોતાનું હિતાહિત શામાં છે તે પોતે વિચારી શકે છે પણ સંસારી જીવો ચેતનાવાળા છતાં પણ પોતાની ચેતનાને ગૌણ કરનારા, કેવળ કર્મના હુકમને મુખ્ય કરનારા છે. તેથી જીવ કર્મરાજાના હુકમ તરફ નમી રહેલા કર્મના કબજે આવ્યા છે. એટલે કે સંસારી જીવો કર્મે બંધાઈ ગયા છે.

ઇચ્છાની ગુલામીમાં ગૂંગળાયેલું જગત

કર્મના કબજામાં આવ્યા છે એમ થયા પછી કદાચ ચેતના ગુણને લીધે કદાચ જીવ સાવચેત થાય તો તેનો અવાજ થતો નથી. કર્મે બંધાએલા કર્મના હુકમ તરફ ઝૂકેલા હોવા છતાં પણ જો પોતે એની જડ સમજે તો બચી શકે તેમ છે. કર્મ બંધાવવામાં હુકમ આગળ શિર ઝૂકાવવામાં જડ કઈ! હરિભદ્રસૂરીજી ચોખ્ખા શબ્દોમાં કહે છે કે પૌદ્ગલિક પદાર્થોની ઈચ્છા કર્મના બંધનને લીધે પરિણામ આગળ શિર ઝુકાવવામાં જડ તરીકે છે. પુદ્ગલોની બાહ્ય ઈચ્છા પર કાબૂ મૂકી શકે તેવી ઈચ્છા થાય અને તે બંધ કરી દે તો તે કર્મના બંધનથી છૂટી શકે ને તેને કર્મના હુકમ આગળ શિર ઝૂકાવવું ન પડે. આ શાસ્ત્રકારની મર્યાદા છે. આપણી મર્યાદા તો ઈચ્છાની ગુલામી છે. આજ તો અમુક ખાવાની, અમુક પીવાની, જોવાની ઈચ્છા થઇ છે તે વિચારો. ઈચ્છાની આધીનતા ધર્મમાં અને સંસારમાં ફરક સમજવો હોય તો અહીં છે.

સંસાર એટલે ઇચ્છાનો અમલ કરવો. ધર્મ એટલે ઇચ્છા પર કાપ મૂકવો.

આપણામાં ભાગ્યશાળી એવા છે કે તેઓ કહે છે 'ભાઈસાબ! ઉપવાસ કરું પણ ખાવાની ઈચ્છા થાય છે, મન નથી રોકાતું, કહો, ધર્મ કરનારનાં આ લક્ષણ કહેવાય? ઈચ્છા રોકયા વગર ધર્મ કહેવાતો નથી અને ધર્મ આવતો પણ નથી. ધર્મશાસ્ત્રની જડ એ છે કે જે ઈચ્છા થાય તે રોકો, ઈચ્છાને દમવા માંગો તો સહેલાઈથી દમી શકો છો. જેની ઇચ્છા થાય તે અઠવાડિયું ન જ કરવી, દહીં ખાવું છે એમ ઇચ્છા થઈ તો તે પખવાડિયું ન ખાવું. આપણે તો ઈચ્છાના

એવા ગુલામ થઇ ગયા છીએ કે એની વિરુદ્ધ કહેનારો ગાંડો ગણાય. ઇચ્છા પૂરી કરનારા ડાહ્યા-હિતૈષી કહેવાય.

જ્યારે ફક્ત કર્મક્ષય માટે આરાધના કરવા કટિબદ્ધ થયેલા છે, જેઓએ ઘરની મમતા આરાધના ખાતર છોડી છે. તેવાને ઇચ્છાની પાછળ ખેંચાવાનું થાય તો પછી જે છૂટા છે, જેને માથે ધૂંસરો નથી તેની તો વાત જ શી ? આ તો વ્રત-પૌષધની ધૂંસરીવાળા છે તેવા ઇચ્છાની પાછળ પ્રવર્તનારા થાય તો બહાર છૂટાવાળા છે, તેમને ઇચ્છા પાછળ કેટલું પ્રવર્તવાનું થાય ? માટે ઇચ્છા ઉપર કાબૂ અંગે પૂજા ભણાવવામાં બોલો છો કે 'ઇચ્છા રોધે સંવરી, પરિણતિ સમતાયોગે.' ઇચ્છા રોકો તે જ સંવર. ઇચ્છાના રોધ ઉપર સંવરની સ્થિતિ. તેથી કર્મરાજાના હુકમ આગળ ઝુકવાનું કારણ હોય તો બીજું કંઇ કારણ નથી. બાહ્ય પદાર્થની ઇચ્છાઓ એક જ કારણ છે માટે શાસ્ત્રકારોએ કહ્યું કે બાહ્ય પદાર્થવિષયક જે ઇચ્છાઓ જે પ્રયત્નો થાય છે, 'ફક્ત પદાર્થ મેળવવો જ', અને તે મેળવવાથી થતો આનંદ, તેનો ઉપભોગ વગેરે કર્મ બંધાવનારા ને શિર ઝુકાવનારા છે.

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય અને દુઃખગર્ભિત વૈરાગ્ય-તફાવત અને રહસ્ય

તેથી જ્ઞાનગર્ભિતનું લક્ષણ એક જ રાખ્યું. **બાહ્ય પદાર્થની ઇચ્છા તેના ત્યાગ માટે જે તૈયારી તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય.** પૌદ્ગલિક ઇચ્છાથી જગત બંધાઈ ગયું છે, કર્મરાજાની આગળ તે શિર નમાવી રહ્યું છે તેવી બાહ્ય ઇચ્છા છોડવી તે જ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય. દુઃખગર્ભિત, મોહગર્ભિત, જ્ઞાનગર્ભિત વૈરાગ્યઃ આ ત્રણ શબ્દો બધાને ખબર છે, પણ એના ઉપયોગો વિચિત્ર રીતિએ થાય છે અગર બોલતાં બોલતાં મિથ્યાત્વમાં જાય છે. દુઃખગર્ભિત વૈરાગ્ય તેને કહે છે કે જેને સંસારી અવસ્થામાં દુઃખ હોય-માબાપ, ભાઈ કોઈનું પણ દુઃખ હોય તેવો વૈરાગ્ય પામી દીક્ષા લે તો તેને દુઃખગર્ભિત વૈરાગ્ય કહીએ છીએ.

વિચારજો, દુઃખગર્ભિત હોય તો સગરચક્રવર્તીએ ૬૦ હજાર પુત્ર મરણ પામ્યા પછી દીક્ષા લીધી છે તો તે મોટામાં મોટો દુઃખ-

ગર્ભિત વૈરાગ્ય સગરચક્રવર્તીને થયો કહેવાય. સનત્કુમારને રૂંવાડે રૂંવાડે રોગ, સાતસેં રોગ એકી સાથે. એવાએ વૈરાગ્ય લીધો તે મોટા દુઃખગર્ભિતમાં સપડાયેલા ગણવા પડશે ને સંસારમાં દુઃખની અવસ્થા દેખી વૈરાગ્ય આવે તે દુઃખગર્ભિત નથી. પૌદ્ગલિક ઇચ્છાથી આ જીવ ચારે ગતિમાં રખડે છે તે વિચારનારો દુઃખગર્ભિત જ થવાનો. દુઃખગર્ભિત કોને કહેવાય તે સમજે તો જ મિથ્યાત્વથી બચશો. શાસ્ત્રોના શબ્દ બોલો છો અને છતાં તમે મિથ્યાત્વમાં જાઓ છો.

દુઃખગર્ભિત કોને ગણાય ? નાના બચ્ચાને તમે બધું ખાવાનું આપ્યું. બધું ખાવાની ઇચ્છા કોને ગણાય ? બધું ખાધા પછી પણ ખાવાની ઇચ્છા છે, તેથી બોર માગ્યું. તેને ઉધરસ હોવાથી તમે બોર ન આપ્યું એટલે તેણે થાળને લાત મારી. કયા કારણથી થાળને લાત મારી છે? થાળ પર અરુચિ નથી, માત્ર બોર ન મળ્યું તેનું રીસામણું છે. જેમ બચ્ચાને આ બને છે તેમ દુનિયાદારીમાં વિધવા થએલીએ શણગાર છોડ્યા, તે ઉપરથી મન હઠાવ્યું. શણગાર નકામા સમજીને તે વિધવાએ મન હઠાવ્યું નથી. ધણીની ઉપર રાગ, એ રાગ ન ચાલ્યો, ન ટક્યો માટે આ નહિ. એમાં પણ દુઃખગર્ભિતપણું નથી. ઇષ્ટના વિયોગ ને અનિષ્ટના સંયોગથી જે પદાર્થ છોડવો પડે તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે. ઇષ્ટ પુત્રના વિયોગે થતો વૈરાગ્ય દુઃખ ગર્ભિત છે. ત્યાગમાં, ધર્મમાં જે પ્રવૃત્તિ થાય તે દુઃખગર્ભિત નથી. ઉદ્વેગ તેની નિશાની છે. વિધવાને ૧૫ વરસે ધણીની વાત નીકળે તો ઉદ્વેગ વિખવાદ થાય છે. પોતે આપઘાત કરવા તૈયાર થાય એવી સ્થિતિ હોય ત્યારે તેનું નામ દુઃખગર્ભિત વૈરાગ્ય.

પદાર્થના લક્ષણને સમજ્યા વગર શબ્દ વાપરનારાઓ

આથી સામાન્ય સ્થિતિવાળા વૈરાગ્ય થાય તેના ઉપર જે આરોપ મૂકાય છે તે વિચારો. દુઃખગર્ભિતના લક્ષણને સમજીને બોલો. ભગવાન મહાવીરનો જીવ વિશ્વભૂતિના ભવમાં જ્યાં બહાર બગીચામાં ક્રીડા કરી રહ્યો છે. યુવરાજપદવી છે, અને બીજા કુંવરને અંદર જવું છે. એક

કુંવર હોય ત્યાં બીજો ન જઈ શકે. એની મા રીસામણાં લઈ બેઠી છે. 'મારો કુંવર ત્યાં જવો જોઈએ.' પ્રધાને રસ્તો બતાવ્યો. કુંવર જઈ શકે ને મર્યાદા ન લોપાય તેવો રસ્તો કરીએ. ગુપ્ત મનુષ્યો સીમાડા ઉપર બોલાવ્યા. ફલાણો સીમાડાનો રાજા તૈયારી કરી સરહદ ઉપર આવે છે. તેથી રાજાએ તૈયારી કરવા માંડી.

યુવરાજે કહ્યું કે 'હું બેઠો છું, તમે કેમ ઊઠો છો ?' યુવરાજ સીમાડે ગયો. કુંવર ગયો એટલે બંગલો ખાલી. પેલો ચારે બાજુ ફરી આવ્યો કે સીમાડે કોઈ નથી. હવે બંગલામાં નહીં જવાય કારણ કે બંગલાની અંદર કુંવર ગએલ છે. તે વિચારે છે કે 'અહો ! મને પ્રપંચમાં નાંખ્યો. મારી આગળ પ્રપંચ બેલ્યો. બંગલો ખાલી કરવાનો આવો રસ્તો કરવો પડયો! આ બધાનું કારણ ભોગ છે,' વોસિરે, વોસિરે કહી તરત દીક્ષા લીધી. પછી રાજા તેને મનાવવા માટે આવે છે. 'હાથીના દંતૂશળ નીકળે તે પેસે નહીં મેં છોડયું તે છોડયું.' તો મહાવીરનો તે વૈરાગ્ય અમે તો દુઃખગર્ભિત કહીશું, કેમકે તેમને બંગલામાં પેસવાનું ન મળ્યું. મહાનુભાવ ! લક્ષણ જાણ્યા વગર શબ્દ વાપરતાં સાવચેતી વાપરવાની જરૂર છે.

મોહગર્ભિતનું રહસ્ય

તેમ મોહગર્ભિત કોને કહીએ છીએ? ભાઈની પાછળ નાનો ભાઈ, બાપની પાછળ પુત્રે દીક્ષા લીધી હોય તો મોહગર્ભિત કહેવાય. તેનાથી મોહગર્ભિત મિથ્યાત્વી હોય. મિથ્યાત્વી સિવાય મોહગર્ભિત વૈરાગ્ય હોય નહિ. મોહગર્ભિતનું સ્વરૂપ જાણ્યા વગર ગુણી મનુષ્યને મિથ્યાત્વી ઠરાવનાર થઈએ છીએ કે નહિ? કલ્યાણની ઈચ્છા નહિ ને પાપનો ડર નહિ. માત્ર દુનિયાદારીના ડરથી, વિખવાદથી, ઉદ્વેગથી જે વસ્તુને ઈષ્ટ માને ને તેને છોડે તે દુઃખગર્ભિત વૈરાગ્ય અનિષ્ટ માન્યા પછી દુઃખગર્ભિતને રહેવાનું સ્થાન નથી, તેમ મોહગર્ભિતને રહેવાનું સ્થાન મિથ્યાત્વ.

મિથ્યાત્વ નથી ત્યાં મોહગર્ભિત નથી. આપણે મનસ્વીપણે મોહ-ગર્ભિત કહી દઈએ છીએ તેમ ત્રીજો શ્રેષ્ઠ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત. એટલે કર્મગ્રંથ સંગ્રહણી ભણ્યા હોય તો જ્ઞાનગર્ભિત કહેવાય તેમ નથી. શાસ્ત્રકાર જુદું કહે છે કે આ જંજાળથી છૂટું તો કલ્યાણ છે, આ

જંજાળને લીધે કર્મ આગળ જીવને શિર નમાવવું પડે છે તેથી તે જંજાળ છોડવી જોઈએ. જેનાથી બાહ્ય જંજાળ છૂટે તે કર્મથી છૂટી શકે, માટે બાહ્ય જંજાળ છોડવાની જરૂર છે, એવું જેને જ્ઞાન આવ્યું તે જ્ઞાનગર્ભિત છે,

દાવાનળમાં ધકેલનારી અને તેમાંથી બહાર કાઢનારી ઇચ્છારૂપી ધૂંસરીઓ

ઇચ્છા સંસારમાં રખડાવનારી છે. તે રોકાય તો જ્ઞાનવૈરાગ્ય આવે જગતના સર્વ જીવો ઇચ્છાને આધીન બનેલા છે. આ **જગતમાં ચક્રવર્તી રાજ્ય હોય તો ઇચ્છાનું જ સામ્રાજ્ય છે.** આ વાત મગજમાં લો ત્યારે ભગવાન મહાવીર હસ્તિપાળ રાજાને ઉપદેશ આપે છે તેનું તત્ત્વ સમજાશે. જીવ માત્ર અર્થની પાછળ લાગેલો છે. દરેક ગતિવાળા દરેક જીવો ઇચ્છાની પાછળ લાગેલા છે. જ્યારે આ સિદ્ધ વાત કહી તો મોક્ષ સિવાયના–કર્મરહિત સિવાયના દરેક જીવો ઇચ્છાના ગાડામાં બળદ તરીકે જોડાએલા છે. પછી તમે ઉપદેશ દો કે તમે ઇચ્છાના જે ગાડામાં જોતરાયા છો, તેની ધૂંસરી ફેરવી નાખો. ઇચ્છાની ધૂંસરી સર્વથા નીકળે તેવી નથી. ફક્ત તમે ફેર કરી શકો તેમ છો.

ઇચ્છાની ધૂંસરી બે પ્રકારની છેઃ એક દાવાનળ તરફ ધકેલનારી ને બીજી તેમાંથી બહાર કાઢનારી છે. તે માટે જીવોએ **ઇચ્છા ચાર પ્રકારની રાખેલી છે. તેને પુરુષાર્થ કહેવાય છે.** ચાર પ્રકારની ધૂંસરીઓ છે. અર્થ અને કામ એ બે ઇચ્છાઓ દાવાનળમાંથી લઈ જાય છે ને ધર્મ તથા મોક્ષની ઇચ્છાઓ રૂપી બે ધૂંસરી દાવાનળમાં બહાર કાઢે છે. માટે જ પુરુષોએ ઇચ્છેલા પદાર્થો ચાર છે. **अर्थ्यते इति अर्थाः** અર્થ ધાતુ 'માગવા'માં છે. ચાર ચીજો જગત માગી રહ્યું છે. આ ચારની માગણીમાંથી કાંઈ જગતમાં બાકી રહેતું નથી. અર્થ, કામ, ધર્મ ને મોક્ષ ચાર છે. કામની ધૂંસરી કર્મ તરફ વધારે વધારે લઈ જનારી છે. ચારે ધૂંસરી છે ઇચ્છાઓ–પુરુષાર્થો.

ઇચ્છાઓનું વર્ગીકરણ અને તેની સમજ

આથી ચાર પુરુષાર્થ કહ્યા છે. તો અર્થ તથા કામ પણ સાધવા

જોઈએ અને ગતિ પણ ચાર કહી છે તો પાપ ન કરીએ તો નરક-ગતિ સધાય નહિ માટે તે પણ સાધજો ! **ચાર પુરુષાર્થ તે ઇચ્છાનું વર્ગીકરણ છે.** ઉપાદેય તરીકે આ ઉપદેશ નથી. નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવતાઃ તે વર્ગીકરણ છે. ચાર ગતિ છે માટે નરક ગતિ પણ સાધવી જોઈએ ? તે સાધવા માટે કહી નથી. પણ વર્ગીકરણના હિસાબે કહી છે, તેમ અર્થાદિક ચાર પુરુષાર્થ તે વર્ગીકરણના હિસાબે, નહીં કે સાધવાના હિસાબે.

અહીં જગતમાં દેખીએ તો ચાર પુરુષાર્થ છે. જીવ માત્ર પહેલા પુરુષાર્થ કયા માન્યા છે ? અર્થ ને કામ. પૈસો તે અર્થ ગણે છે. સ્ત્રી આદિકના વિષયોને કામ ગણે છે તેમ નથી, ઊંડા જાઓ. બાહ્યસુખનો અનુભવ તે કામ, અને તેનાં જે સાધન તે અર્થ. પૌદ્ગલિક સુખનો અનુભવ તે કામ અને તેનાં જે સાધનો તે અર્થ. બાહ્યસુખ અને તેનાં સાધનો તે અર્થ.

હવે ધર્મ તથા મોક્ષ તે બે શી ચીજ છે ? આત્મીય સુખનો અનુભવ તે મોક્ષ ને આત્મીય સુખનું કારણ તે ધર્મ.

વાસ્તવિક અર્થરૂપ મોક્ષ પુરુષાર્થ

તે અપેક્ષાએ અહીં કહે છે કે કાળ અને અર્થને જગતના જીવો પુરુષાર્થ માને છે પણ તે માત્ર નામથી. ફોલ્લા થાય, રસી નીકળે, બળતરા થાય તો તેનુનામ ત્યારે શીતળા છે. તો જેમ નામ માત્રથી શીતળા પણ છે અર્થથી વિચારીએ તો તે શરીરને બાળી નાખનાર છે, તેમ અર્થભૂતા નામથી પુરુષાર્થ, પણ તત્ત્વથી અનર્થભૂત છે. કામને અર્થે તે અનર્થ એટલે અર્થ નહીં. એટલું જ નહિ પણ વેપાર કરીએ તે કમાવાની આશાએ કરીએ, ન કમાઈએ તે વાત જુદી, પણ ખોઈએ તો વાસ્તવિક દૃષ્ટિએ તેના બે અનર્થ છે. **અર્થતઃ મોક્ષ એકલો ધર્મ અને મોક્ષ એ બે તો અર્થ ખરાને ?** શાસ્ત્રકાર તેની ના કહે છે, ધર્મ અને મોક્ષ એ બે અર્થ તરીકે નથી. **ખરેખર અર્થરૂપ હોય તો તે મોક્ષ જ છે,**

બાહ્યસુખ તે કામ; તેના કારણ તે અર્થ. આત્મીય સુખનો અનુભવ તે મોક્ષ. તેનાં કારણ તે ધર્મ. ધર્મને પુરુષાર્થ ગણીએ તે મોક્ષનું

કારણ હોય ધર્મ મોક્ષ સિદ્ધ ન કરી આપે તો પરમાર્થથી ધર્મ પુરૂષાર્થ ગણવા તૈયાર નથી. અભવ્યના વ્રત કે સર્વવિરતિ પચ્ચખાણ હિસાબમાં ગણતાં નથી, કારણ મોક્ષના સાધક તરીકે દેશવિરતિ, કે સર્વવિરતિ તપ બનતા નથી. એટલા માટે અર્થ છે. કેવળ મોક્ષ અને ધર્મ પુરૂષાર્થ જે માનીએ તે. મોક્ષરૂપી કાર્યના કારણ તરીકે ધર્મ નામનો પુરુષાર્થ ગણાયેા છે.

જૈનધર્મ મોક્ષની કેટલી અધિકતા માને છે? તીર્થંકરના નિર્વાણને કલ્યાણક દ્વારાએ આરાધે છે. નહીંતર તીર્થંકર સરખા નાથ જાય ત્યારે કલ્યાણકનેા દિવસ માનીએ છીએ. એવા નાથનેા વિયેાગ થાય. ધર્મપ્રાપ્તિનાં સાધનેા દુર્લભ થાય તે બધું ક્ષંતવ્ય. ત્રણ ભુવનના નાથને મળેલા મોક્ષકલ્યાણુક આગળ આપણું વિચારીએ તેા દિલગીરી થાય, પણ તેમનું વિચારીએ તેા આનંદ થાય છે. તે ખાતર આઠ દિવસ સુધી દેવતા નંદીશ્વરદ્વીપે મહેાત્સવ કરે છે તે શા માટે કરે છે! ભગવાને કાળ કર્યો તેનેા તે મહેાત્સવ નથી, પણ જે અપૂર્વ પદાર્થ મેળવ્યેા, મોક્ષ નામની ચીજ જે મેળવવી દુર્લભ છે, તે તેમણે મેળવી તેના આનંદનેા ઓચ્છવ છે.

વિચારેા, મોક્ષ ઉપર કેટલું ધ્યાન હેાવું જાઈએ? તીર્થંકરના સંયેાગથી થતી ધર્મની દ્રઢતા, નિર્મોહતા, તે કરતાં **મહાપુરુષને મળેલે મોક્ષ કિંમતી ગણીએ તેા કલ્યાણુકનેા દિવસ માની શકીએ.**

મોક્ષ કલ્યાણુકની મહત્ત્વતા અને કર્તવ્યતા

આપણે ત્યાં આનંદના તહેવારેા ઉજવાય છે, પણ અફસેાસના તહેવારેા ઉજવાતા નથી. દીવાળીના કલ્યાણુકને અંગે આપણે શું કરવાનું છે? આપણે સેાળ પ્રહર સુધી મહાવીરના ભવ્ય ધર્મનું શ્રવણ કરવું. ૪૫ આગમમાં 'દીવાળી આમ કરવી' તે નહિ મળે. મોક્ષ જતી વખતે ભગવાને છટ્ઠ કર્યો. સેાળ પહેારના પૌષધ કરી આરાધન કર્યું. આપણે પારંગતમાં નમસ્કાર્યપણું છે તે શાથી? ઉત્તમ પદાર્થ ખાતર તેમની આરાધના છે. બે લાખનું પચ્ચક્ખાણ છતાં 'શાલિભદ્રની ઋદ્ધિ હેાજો' એમ ચેાપડામાં લખી દઇએ છીએ.

વસ્તુતાએ જિનેશ્વરે જે મોક્ષ સાધ્યો, તેવા કેવળજ્ઞાનીએ છટ્ઠ કર્યો, તેથી છટ્ઠની તપસ્યાનું અનુકરણ કર્યું. કલ્યાણના તપ બે પ્રકારે એક સંખ્યાએ, અને એક રીતિએ. કલાણા ભગવાને અટ્ઠમ કર્યો તો મારે અટ્ઠમ કરવો તે અનુકરણ. એક કલ્યાણક હોય તો એકાસણું ને બે કલ્યાણક હોય તો આયંબિલ, ત્રણ કલ્યાણક હોય તો ઉપવાસ એમ તે સંખ્યાએ કરવું. હજારો વખત લોઢા ઉપર ઘણ પડશે, ત્યારે લોઢું કપાશે, પણ એક કલ્યાણક આરાધીએ ને 'મોક્ષ થયો નહિ' એમ વિચારીએ તો છીણીનું દૃષ્ટાંત મગજમાં લીધું નથી. આ અનાદિની વજ્રની સાંકળ છે.

દરેક પ્રભુનાં દરેક ઉત્તમ કાર્યો કરવામાં આવશે તો સાધ્યને પહોંચી વળીશું. તે માટે કલિકાલસર્વજ્ઞ ભગવાને ફરમાવ્યું કે પુરુષાર્થ એક જ–મોક્ષ જ. ધર્મ તે પુરુષાર્થ પણ તે મોક્ષનું કારણ બને છે માટે અમે તે જ ધર્મને પુરુષાર્થ ગણવા તૈયાર છીએ કે જે મોક્ષનું કારણ હોય. દશ પ્રકારનો ધર્મ તે જ મોક્ષનું કારણ છે. સંસારમાં સામાન્ય નદીથી પાર ઉતારનાર નાવડી છે, ને મોટા દરિયાથી પાર ઉતારનાર સ્ટીમર છે પણ સંસારસમુદ્રથી પાર ઉતારનાર એક જ ચીજ–ધર્મ છે અને તે સંયમ વગેરે દશ પ્રકારનો ધર્મ તે જીવને પાર ઉતારનારી ચીજ છે. તે સાંભળી તેમાં જે ઉદ્યમવાળા થશે તે મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે. તે ધર્મનું વિશેષ સ્વરૂપ ગ્રંથકર્તા કેવી રીતે બતાવે છે તે અધિકાર અગ્રે વર્તમાન.

જો તમે સૂર્ય સમાન પ્રભાવાળા દેવ અહીં જગતમાં ન હોત તો અહીં અન્ય તીર્થિક રૂપી ઘુવડોનું ચકીપણું હોત અર્થાત્ સૂર્યની પ્રભા ન હોય ત્યાં જ ઘુવડોનો પ્રચાર હોય છે.

સાધન અને સાધ્ય

દેશના ૫૧

શ્રોતાના બે પ્રકાર : તત્ત્વગવેષક અને રસગવેષક :

શાસ્ત્રકાર મહારાજા વિજયરત્નશેખરસૂરીશ્વરજી ભવ્ય પ્રાણીઓના ઉપકાર માટે શ્રીપાલ ચરિત્રને રચતાં કહે છે કે તત્ત્વસુશ્રુષાવાળા કોને ગણવા અને રસસુશ્રુષાવાળા કોને ગણવા ? આખી કથામાં ઉપાદેય તત્ત્વ કયું ? તેની ઉપર જ ધ્યાન આપે. કલકત્તા જવા નીકળ્યા છીએ. રસ્તામાં ઘણાં સ્ટેશન આવે અને દરેક સ્ટેશન વટાવવું પડે પણ કલકત્તાનું લક્ષ્ય તમે ચૂકો નહિ, તેમ કથામાં અર્થની, કામની તથા રાજ્યની કથા થાય. દેશકથા, ભકતકથા, સ્ત્રીકથા પણ થાય. બધું કથામાં હોય, પણ બધું તેને વચલા સ્ટેશન જેવું ગણે. ટટ્ટાર થવાનું કલકત્તાના સ્ટેશને છે તેમ બીજી બધી કથા ચાલે તેમાં ઉદાસીન ભાવ, રાખીને જ્યાં તત્ત્વ આવે ત્યાં જ લક્ષ્ય રાખવું જ્યાં તત્ત્વની ધારણા કરીને સાંભળનારા તે તત્ત્વજિજ્ઞાસાવાળા અને બાકીના પ્રાયઃ રસ-જિજ્ઞાસાવાળા હોય છે.

તમારી પાસે ગાડીમાં નાનો ભાઈ બેઠો હોય તેને કલકત્તા જેટલું તત્ત્વ ન હોય પણ તેને વચલા સ્ટેશન પર થતી ધમાલ વગેરે જોવામાં તત્ત્વ હોય. વચમાં આવતી અર્થાદિકની કથામાં લીન થઈ જવા લાગે ત્યારે સમજવું કે આ રસકથાવાળો છે. તે માટે હરિભદ્રસૂરિ કહે છે કે તે ધર્મકથા હોય તો પણ દુનિયાદારીનું જ દૃષ્ટાંત આપીને સ્થિર કરાય છે. રાજા મહારાજાને બાહ્ય સુખ હોય છતાં તેનું મગજ અદ્ધર રહે છે. રાતે સૂતાં પણ વિચારોના વમળમાં વહ્યા કરે તેથી તે રાજાઓ પોતાની પાસે કથકો રાખે છે. કથકો કથા જ કહેનારા હોય છે. નાના બાળકને ઊંઘાડવા માટે માતા અને બહેનો હાલરિયાં ગાય અગર વાતો કરે તેમાં તત્ત્વ ઊંઘાડવાનું છે. રાજા ઊંઘ લાવવા માટે જ બારોટ વગેરે કથકો રાખે છે. એટલે બીજા વિચારો ન આવતાં તે વાતમાં મગજ જાય

અને ઊંઘી જાય તેથી જ આપણે કહીએ છીએ કે ‘ શયત સુણે જેમ ભૂપ’ તેમાં રાજાને તત્ત્વ કેટલું ? માત્ર ઊંઘવું તે છે. તેમ જે તત્ત્વ ઉપર ધ્યાન ન આપે, આગળ પાછળ રસની કથા, અર્થની, કામની, દેશની, સ્ત્રીની કથા પર ધ્યાન રહી જાય તો તેવાને ધર્મકથા રહેતી નથી પણ તે રસકથા થઈ જાય છે. શ્રીપાલના ચરિત્રમાં નવપદ ઉપર ધ્યાન આપે તો તત્ત્વકથાના સાંભળનાર ગણાય. અને ઉપાદેય તત્ત્વ સહેજે મળી જાય માટે નવપદનું વિવેચન શરૂ કર્યું.

તીર્થંકરોની દેશનાના પ્રકાશ વગર ઘોર અંધારું

રાતે અંધારું હોય તે વખતે કાંઈ કાર્ય કરવું હોય ત્યાં પહેલાં દીવાની જરૂર પડે. રાત્રે ચોર આવ્યો સાંભળે અગર મહેમાન આવ્યા સાંભળે તો પ્રથમ કાર્ય કયું કરે ? દીવો કરે. જેમ પ્રથમ ઉદ્યોતની જરૂર છે, તેમ તેના (દીવા) વગર ચોરને કાઢવો તે અંધારું ઉલેચવા જેવું છે. આ તો ચોરને તમે મહેમાન જાણ્યો પછી પણ એ મહેમાન છે કે ચોર છે તે જાણવાનું સાધન કયું ? અજવાળું. અંધારું ઘોર હોવાથી ચોર કે મહેમાનની ખબર નથી, તેમ આ જીવને પણ જ્યાંસુધી તીર્થંકર મહારાજ ન થયા, તેમણે દેશના ન દીધી, શાસન પ્રવર્તાવ્યું નહિ. ત્યાંસુધી પાસે રહેલા પુણ્ય પાપ–એ આત્મા પાસે રહેલા હતા, અને તેવી રીતે પુણ્ય, પાપના અને નિર્જરા તથા સંવરના કારણો પાસે જ પડેલાં હતાં, ભવ ને મોક્ષનાં કારણો પાસે જ પડેલાં હતાં, છતાં અજ્ઞાનના અંધારામાં કંઈ સૂઝે નહિ. આ વાતમાં એક રહસ્ય ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ધર્મ–અધર્મ તીર્થંકરોએ કર્યો નથી. આશ્રવ, સંવર, નિર્જરા, ભવનાં કારણો કે મોક્ષનાં કારણો તીર્થંકરોએ કર્યાં નથી. ત્યારે તે કોણે કર્યાં ? તો કે તે અનાદિનાં છે.

તીર્થંકરે કેવળજ્ઞાન થયા પછી કાયદો કર્યો હોય કે હવેથી હિંસા જે કરે તો તેને પાપ લાગશે, તેમ તીર્થંકરે કર્યું નથી. તીર્થંકર પહેલાં પાપ લાગતું ન હતું તેમ છે જ નહિ. હવે હિંસા ન કરે તેને હિંસાના પાપ ન લાગે તેમ તેમણે કાયદો કર્યો નથી. તીર્થંકરના કહેવાથી,

કેવળજ્ઞાનથી અને તેમના હુકમથી હિંસાદિકમાં કર્મ લાગ્યાં હોય અને ત્યાગથી કર્મ છૂટી જતાં હોય તેમ બન્યું નથી. દીવાએ ચોર કે મહેમાનને આણ્યા નથી, દીવાએ માત્ર તેમને ઓળખાવ્યા છે. અર્થાત્ ચોર અને મહેમાનને દીવાએ ઓળખાવ્યા છે. એમ તીર્થંકરોએ જગતમાં થતાં પાપ, પુણ્ય, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા સંસારનાં કારણો અને મોક્ષનાં કારણો માત્ર ઓળખાવ્યાં છે. આ વાત આપણામાં પ્રસિદ્ધ છે. લક્ષ્ય દઈએ તો એ વાત પ્રસિદ્ધ છે. **जिणपण्णत्तं तत्तं 'केवलिकहिओ सुहावओ धम्मो'** જિનેશ્વરોએ પ્રરૂપ્યો એ ધર્મ છે. જિનેશ્વરે કાંઈ બનાવ્યું નથી, એમણે અધર્મને ધર્મ ને ધર્મને અધર્મ બનાવ્યો હોય તેમ કરેલું નથી. એમણે જગતમાં જે જીવોનું બની રહ્યું હતું તે બતાવ્યું છે. આથી જિનેશ્વરને ચંદ્ર સમાન, દીવા સમાન, સૂર્ય સમાન માનીએ છીએ. કડિયા, સુથાર, કુંભાર તરીકે માનતા જ નથી. કડિયા આદિ પદાર્થ ખડો કરે છે.

બીજા લોકો જગતના કર્તા તરીકે પરમેશ્વરને માને, તે ભલે કડિયા, સુથાર, મોચી, કુંભાર તરીકે માને. આપણે તે તરીકે માનવાની જરૂર પડતી નથી. જે રૂપે જે વસ્તુ હોય તેને તે રૂપે માત્ર દીવો જણાવી દે, તેમ જિનેશ્વર મહારાજા આશ્રવને આશ્રવરૂપે ને નિર્જરાને નિર્જરારૂપે જણાવે છે. પણ કહેવું પડે કે દીવાએ ચોરને જણાવ્યો, ત્યારે જ ચોરને ભગાડી શકયા ને તિજોરીનું રક્ષણ કરી શકયા. અજવાળું ન હોય ને ચોર ન ઓળખાય તો શું થાય ? તેમ આપણા આત્માએ ઉદ્યમ કરી પાપ ખસેડવાનું છે, પુણ્ય લાવવાનું છે, કર્મ રોકવાનું છે, તોડવાનું છે. એટલું જ નહિ પણ કર્મ ખપાવીને મોક્ષ મેળવવાનું છે. જેમ દીવાનું આલંબન દરેકમાં જોઈએ તેમ આપણા પાપને તીર્થંકરો હઠાવવવા નથી, તીર્થંકરો આવતાં કર્મ રોકવા વચમાં આવવાના નથી, હાથ પકડી મોક્ષે લઈ જવાના નથી પણ તીર્થંકરોના ઉપદેશરૂપ આલંબન છે. દીવો ચોરને અંગે જેમ કંઈ કરતો નથી પણ માલનો બચાવ, ચોરનું ભગાડવું તે દીવાને આભારી છે, તેમ જે પાપથી બચીએ અને સંવરમાં પ્રવર્તીએ, મોક્ષ તરફ આગળ વધતા જઈએ તો તે બધું તીર્થંકર રૂપ દીવાનો જ પ્રતાપ છે.

સિદ્ધપદની ઉપેક્ષા અસ્થાને છે

આટલા માટે નવપદમાં પ્રથમ અરિહંત પદ નક્કી કર્યું. તિજોરી ન હોય, તેમાં માલ ન હોય, પછી દીવો કર્યો, ચોરને ભગાડયો તેમાં શું વળ્યું ? દીવાની મહેનત અને ઉજાગરો બધા નકામાં છે. તેમ સિદ્ધપણું ન હોય અને આત્માને સર્વથા કર્મનો ક્ષય થતો જ નથી, વીતરાગપણું ટકતું નથી. આવી સ્થિતિ હોય તો તીર્થંકરનો કયો ઉપકાર છે? તીર્થંકરનો ઉપકાર તો કર્મરૂપી ચોર ખસેડયાની બહાદુરી ઉપર છે. અર્થાત્ તિજોરીમાં સિદ્ધરૂપી માલ હોય, તે ઉપર તીર્થંકર મળ્યા, તેમની દેશના સાંભળી, તેમનું શાસન મળ્યું, દાનાદિકમાં તેમના કહ્યા મુજબ પ્રવર્ત્યા.

આ ઉપરથી એક વાત માની કે મોક્ષ નથી એમ માન્યું તો આપણે ઠગાયા. સિદ્ધને ન માન્યા ને અરિહંતને માન્યા તો ઠગાયા. મોક્ષના માર્ગ માટે અરિહંત માન્યા છે છતાં મોક્ષ ચીજ ન હોય તો ઠગાયા. આથી અભવ્યને હંમેશાં ઠગાયા માન્યા છે. ભલે અરિહંતની ઋદ્ધિ, જશ, દેવતાની સેવાને દેખી એક વખત અરિહંત માનનારો થાય પણ સિદ્ધને ન માને તો અરિહંતને માનનાર હોવા છતાં તે ઠગાય છે. અરિહંતને માનતાં મોક્ષ સિવાય બીજું સાધ્ય રહે તો તે મિથ્યાત્વ છે.

તમને જંગલમાં તરસ-ભૂખ લાગી છે. ભીલ મળ્યો અને તેને તમે કહો કે પાણી આપ; એક પ્યલા પાણી પેટે આ તને મોતીની પોટલી આપું. એક રોટલાના ટૂકડા અને પાણી પેટે લાખનું મોતી દઈ દો છો. સમજો છો છતાં કેમ દો છો ? કે બીજો કોઈ રસ્તો નથી. આ માણસને ઝવેરીપણામાંથી બાતલ નહીં કરીએ. અર્ધા પૈસાની ચીજ લઈ લાખ રૂપિયાનું મોતી દઈ દે તેને મૂર્ખ કેમ ન કહેવો ? આ લાખના મોતીને લાખના મોતી તરીકે સમજે છે તેથી લાખની ચીજને થોડા પૈસા પેટે દઈ દે છે! આપત્તિ વખતે લૌકિક પદાર્થ માટે તેમની લૌકિક દેવાદિની સેવા કરે, છતાં દેવાધિદેવની વાસ્તવિક કિંમત મગજમાં રહે તો સમ્યક્ત્વ ન જાય. ઝવેરી ઝવેરીપણાથી ગયો નથી પણ લાખનું મોતી ગયું, પણ મોક્ષની ક્રિયા પુદ્ગલ

ખાતામાં દઈ દીધી તેટલું નુકશાન થયું. પણ જેમને મોતીની કિંમત નથી, એમણે પાણી પેટે મોતી આપ્યું તો તેને મૂર્ખ કહીએ, કારણ કે હૃદયમાં બળતરા નથી કે લાખનું આપી દેવું પડે છે; તેમ જિનેશ્વરને મોક્ષ માટે જ માનવાના છે, તે વાત ભૂલે તો તે સમ્યક્ત્વથી ગયો.

સંવર-નિર્જરાની, મોક્ષની પ્રાપ્તિ કરાવનાર એ જ છે. પૌદ્ગલિક પદાર્થ માટે તીર્થંકરની સેવા કરે અને સર્વજ્ઞના સ્વરૂપને ભૂલે તો તે મિથ્યાત્વમાં જ જાય. અભવ્યને અને મિથ્યાત્વીઓને પણ ભાવક્રિયાથી ઠગાએલા શાથી માન્યા? સિદ્ધપદની ધારણામાં ખામી રહી તેથી માન્યા. આથી જિનેશ્વરની આરાધના કરનારાઓએ સિદ્ધપદ તરફ લક્ષ્ય રાખવાની જરૂર છે. આથી બીજું સિદ્ધપદ મૂકયું.

વાહનની જોગવાઈ કરનારા આચાર્યો

અહીંથી ચંદ્ર, મંગળનો ગ્રહ નજીક છે. જવાને ત્યાં ઉત્કંઠાવાળા છીએ, પણ કેમ અટકયા છીએ? ત્યાં પહોંચવાનું સાધન નથી. અરિહંતે મોક્ષનો માર્ગ અને સિદ્ધપણું દેખાડયું. આપણે તેના ધ્યેયવાળા થયા પણ બે પગે લૂલા છીએ ને પાસે વાહન નથી. સામું દેખાતું શહેર સારું છે. ત્યાં જવા માટે સડક ચોખ્ખી છે, પણ લૂલાને શી રીતે સડકે થઈ ગામ પહોંચવું? શહેરની શોભા અને સડકના સાધનરૂપ વાહન હોય તો જ લૂલિયાને સડક અને શહેર કામનું છે. આપણે પણ લૂલા છીએ. ચારિત્રરૂપી બે પગ ખવાઈ ગએલા છે. જ્ઞાનરૂપી ચક્ષુનું તેજ પણ ખવાઈ ગએલું છે. તેવા જ્ઞાનવાળા અને આવા પાંગળાને જિનેશ્વરે શાસનરૂપી સડક બતાવી, અને મોક્ષરૂપ નગર બતાવ્યું. આ બધું જોઈને શું પાંગળાએ બળવું? જેમ જેમ શહેરની શોભાનું વર્ણન કરે તેમ તેમ પાંગળાને બળતરા વધારે થાય. ઘણીના ગુણ જેમ જેમ સાંભળે તેમ તેમ વિધવા બાઈ વધારે રૂવે.

અહીં વિચારીએ તો ચારિત્ર અને જ્ઞાનરૂપી પગ આંખ વગરના જીવો જિનેશ્વરના શાસન વિષે તથા સિદ્ધનાં સુખ સાંભળે તેમાં રોવાનું મેળવે, એનું રોવું મટાડે કોણ? ગાડીવાળો અર્થાત્ વાહનવાળો, તેમ જિનેશ્વર મહારાજે મોક્ષની સડક કરી. શાસન એટલે મોક્ષની સડક, માર્ગ

એટલે મોક્ષનાં સાધનો અને તે સડકે સિદ્ધશિલા શહેર જણાય છે એ બતાવ્યું. આ જીવ એવો પ્રમાદી છે કે ઘડી થાય એટલે એની હૃદયરૂપી ઘળા બીજે ફરકે. પવનમાં જેમ ધજા ફરકે તેમ આ ફરકવાવાળો તો તેને જ્ઞાન અને ક્રિયામાં આંધળો તથા પાંગળો ન કહેવો તો કેવો કહેવો? સંસાર ખારો છે એમ સાંભળો છતાં, જ્યાં સ્ત્રી છોકરાંને દેખ્યા, ત્યાં જ્ઞાનમાં પાંગળે અને બે પગે લુલિયો! જ્ઞાનમાં તત્કાળ પરિણતિ બગડી જાય અને ક્રિયામાં ધજાની પેઠે ક્ષણે ક્ષણે ચળવિચળ થાય. અને પગ ગળેલા દોરડા જેવા હોય તેવાને સડક અને શહેર સાંભળીને બળતરા થાય કે બીજું કંઈ થાય?

આપણે જ્ઞાનમાં તદ્દન બસી ગએલા અને ક્રિયામાં પૂરા પ્રમાદમાં ભરાએલા **છીએ**, માટે મોક્ષનો માર્ગ લાંબો લાગે. મોક્ષના સુખ સાંભળીએ અને માર્ગ લાંબો છે એમ સાંભળીએ તો બળતરા થાય. એ બધું ટાળનારા હોય તો એક જ છે કે જેઓ આચાર્યપદે સ્થિત છે. આટલા માટે **અરિહંત મોક્ષપ્રકાશક પ્રથમ પદે, સાધ્ય તરીકે સિદ્ધ ભગવાન બીજા પદે**, તેમ **ત્રીજા પદે આચાર્ય** બિરાજમાન કર્યા છે. મોક્ષ એ શહેર તરીકે અને અરિહંતનું શાસન સડક તરીકે છે. પરન્તુ નીકળનારને કઈ બાબત ઉપર પ્રથમ લક્ષ્ય આપવું પડે? તો સડક ઉપર પ્રથમ લક્ષ્ય દેવું પડે છે. સડક કરતાં શહેર કિંમતી છે, તેમ અરિહંત કરતાં સિદ્ધ કિંમતી છે, પણ અહીં સિદ્ધ કરતાં અરિહંત ઉપર પહેલું લક્ષ્ય આપવું પડે છે. વાહનની તજવીજ સડકને કિનારે મળે, તેમ આ વાહન ક્યાં છે? જિનેશ્વરના શાસન આગળ વાહન છે. ઘરના ઓરડામાં મોટર ન મળે, તેમ સ્ત્રી, ધન કુટુંબમાં મોક્ષમાર્ગ કે વાહન નહિ મળે; માટે સડકને નાકે આવો. જિનેશ્વર શાસનના મોખરે તમે ખડા રહો તો તમને આગળ લઈ જનારા વાહનરૂપે આચાર્યો ઊભા છે.

શાસનને અંગે આચાર્યપદની કિંમત કેટલી? શહેર કે સડક સુખ ક્યારે દે?

વાહન મળે તો સુખ મળે. આ જીવને પ્રેરણા કરનાર, વારંવાર ઉપદેશ કરનાર, ઉત્સાહ વધારનાર આચાર્ય ન મળે તો શાસન અને સિદ્ધપણું એ બન્ને નકામા છે. લુલિયાને બેએ બાળનારા છે. જો આચાર્ય ન મળ્યા હોય તો અરિહંતે કહેલો માર્ગ ને સાધ્ય–સિદ્ધપણું–એ બે બળતરા કરાવનાર થાય.

અનુપમ સાધનસ્વરૂપ આચાર્ય ભગવન્તો

ગણધર મહારાજે આપણા ઉપર કેટલો ઉપકાર કર્યો છે? તેમણે અંગોની, પૂર્વોની અને શાસ્ત્રોની રચના ન કરી હોત અને સાધુને સત્પ્રવર્તનમાં ન ચલાવ્યા હોત તો, અરિહંતે મોક્ષમાર્ગ બતાવ્યો હોય કે સિદ્ધપણું સમજાવ્યું હોય તો પણ આપણા માટે તે કામ ન આવત. ગણધર મહારાજે શાસ્ત્ર ગૂંથી, આપણને પ્રમાદ ટાળી, માર્ગમાં પ્રવર્તાવ્યા. એ બે પગ આચાર્યે આપ્યા. તીર્થંકરે આંખો આપી. આંખોથી સુંદર દેખ્યા છતાં પગ ન મળ્યા હોય તો દાવાનળમાં સપડાએલો પાંગળો કઈ દશામાં હોય? તે નીકળવાનો રસ્તો દેખે છે. બહારની મોજ પોતે જાણે છે છતાં તે પાંગળાનું થાય શું? જો આચાર્ય ન હોય તો અરિહંતનો ઉપદેશ સાંભળી, સિદ્ધનું સુખ સાંભળીએ તો બળી જઈએ. નાનું રેકડા જેવું સાધન મળી જાય તો લૂલો આંખનો વધારે આભાર માને કે રેંકડાનું વધારે આભારીપણું માને? ખરેખર બચાવ્યો રેંકડાએ, તેમ જિનેશ્વર આગળ અને સિદ્ધ આગળ આચાર્ય ભગવંતો કંઈ ગણતરીમાં નથી, છતાં આપણને બચાવનાર કેવળ સૂરીશ્વરજી મહારાજ છે. આથી ત્રીજા પદમાં શાસ્ત્રકારોએ અરિહંતના સમાન આરાધવાના કહ્યા.

આચાર્યાદિક ત્રણ પરમેષ્ઠી કેમ?

આંખ લૂલાને ઉપકારી છતાં તેને નાનો બળદ અને નાનું ગાડું પણ ઉપકારી છે, તેમ આચાર્યો જો ન મળ્યા હોત તો તીર્થંકરો થયા કબૂલ, સિદ્ધ કબૂલ, પણ ગણધર રૂપી આચાર્યોની પરંપરા ચાલી ન હોત તો? તો શાસન ચાલુ ન રહ્યું હોત. અર્થાત્ અરિહંત, સિદ્ધ થયા ન

થાય સરખું જ હતું, હવે કહી શકશો કે **स्वयं दरिद्रो परमेश्वरीकर्तुं न समर्थो भवेत्** પોતે દરિદ્ર બીજાને શ્રીમંત શું કરે? પોતે દરિદ્ર બીજાને શ્રીમંત કરી શકે નહીં. તો અરિહંત તેરમે ગુણઠાણે ગએલા છે તેથી બીજાને તેરમા સુધી લાવે તે સ્વાભાવિક છે, સિદ્ધ મોક્ષ સુધી લાવે તેમાં નવાઈ નથી, પણ આચાર્ય ભાઈ તે તો અમારા જેવા લંગડા ભાઈ. એ છઠ્ઠે સાતમેથી આગળ વધ્યા નથી, કેવળજ્ઞાન કે મોક્ષ પામ્યા નથી. આચાર્યના આરાધનથી કેવળજ્ઞાન કે મોક્ષ-કંઈપણ થાય તે વાત જ ખોટી છે. આચાર્યો બધા કેવળજ્ઞાનવાળા હોય તેવો નિયમ નથી અને જે છે તે તો અમારા જેવા લુલિયા-લંગડા છદ્મસ્થ, સરાગી છે. છતાં મોક્ષનો રસ્તો તે જ બતાવે છે.

સામાન્ય દુનિયાનું દૃષ્ટાંત લો. ઝાંખે દીવે પણ કોડિયામાં રહેલ રૂની વાટ અને તેલ બળે. દીવો ઝગઝગતો સળગે કે નહિ? નવો દીવો સાધનવાળો હોય તો છદ્મસ્થ એવા આચાર્યના આલંબને જિનેશ્વરના અલંબન નહિ લેવાવાળો પોતાના આત્માને કેવળી બનાવે છે. શાસ્ત્રોમાં સાંભળીએ છીએ કે ગૌતમસ્વામીના અવલંબને છદ્મસ્થપણામાં દીક્ષા આપી તે પચાસ હજાર કેવળી થયા. ગૌતમ સ્વામી પાસે સર્વજ્ઞ કે વીતરાગપણું નથી છતાં સ્વરૂપની અપેક્ષાએ લુલિયા મહારાજ એમની પાસે દીક્ષા લેનારાઓ ૫૦ હજાર કેવળી થયા. કહો કૂવામાં ન હતું ને હવાડામાં આવ્યું કયાંથી? ત્યાં દીવાનું દૃષ્ટાંત ધ્યાનમાં રાખવું. કૂવા અને હવાડામાં કૂવાની ચીજ તે જ હવાડામાં આવે છે. ચીજનું આવવું થાય ત્યાં જે મૂળ સ્થાનમાં હોય તો જ તે ઉત્તરસ્થાનમાં આવે. વડનું બીજ નાનું ને વડ કેવડો? આટલા નાનકડા બીજમાંથી આવડું મોટું ઝાડ કેમ? ઝાડની સ્થિતિ બીજા પુદ્ગલો એકઠા થવાથી થાય છે.

ઝાંખા દીવાથી ઝગમગતો દીવો થઈ શકે છે

ઝાંખા દીવાથી તેજસ્વી દીવો થાય. તેમાં કારણો સ્વતંત્ર છે. તેમ ગુરુની ભાવનાની તીવ્રતા કરતાં જો શિષ્યમાં-દીક્ષિત થનારમાં અધ્યવસાયની પવિત્રતા થઈ જાય તો ઝાંખા દીવા સમાન આચાર્યથી ઝગમગતા કેવળજ્ઞાનવાળા પણ શિષ્યો થઈ શકે છે. સિંહગિરિ આકાશ લબ્ધિવાળા

નહીં, ભદ્રગુપ્તસૂરિ આકાશ લબ્ધિવાળા કે વૈક્રિયલબ્ધિવાળા નહીં, છતાં વજસ્વામી તેમના આલંબને વધેલા છતાં તેમના શિષ્ય આકાશ ગામિની અને વૈક્રિય લબ્ધિવાળા થયા. આચાર્ય છદ્મસ્થ સરાગી હોય તો પણ તેમને ત્રીજે પદે મોક્ષના હેતુ તરીકે આરાધવાની જરૂર છે. કોડિયું, દીવેટ, તેલથી ઝાંખા દીવાના આલંબને દીવો થયો, પણ ટોપલો રૂ હોય, ઘણું તેલ હોય તેનો પ્રકાશ કેટલો થાય? તેમ ઉત્તમ જીવો ઉત્તમ પરિણતિવાળા છતાં આચાર્યનું આલંબન ન લે તો ટોપલા રૂની માફક એમને એમ પડયા રહે, માટે આચાર્યની આરાધનાની જરૂર છે. સરાગી છદ્મસ્થ છતાં આચાર્યની આરાધનાની જરૂર માલુમ પડશે.

આથી નિહ્નવોને અવિરતિ મિથ્યાદૃષ્ટિને આરાધન કરવામાં અડચણ શું? ઓલવાઈ ગયેલો દીવો કેટલા દીવા પ્રગટ કરે? પણ ઝાંખાથી સેંકડો થશે. મિથ્યાદૃષ્ટિ, અવિરતિ આચાર્ય નામધારી હોય તો ઓલવાઈ ગયેલા દીવા સમાન છે, તેમ સરાગી, છદ્મસ્થ આચાર્યો ઝાંખા દીવા સમાન છે. સળગતી દીવેટ છે ત્યાંસુધી બીજા દીવા કરાય છે તેમ આમાં દીપક નામનું સમ્યક્ત્વ માનીએ છીએ. અભવ્યપણે માલુમ પડેલા જીવથી કોઈ સમ્યક્ત્વ પામ્યો નથી, મોક્ષ પામ્યો નથી. અભવ્ય તરીકે માલુમ પડયો હોય તેનાથી પરંપરા ચાલે નહીં. ચાલુમાં આવા અવિરતિ મિથ્યાદૃષ્ટિ જીવો આલંબન તરીકે શાસનમાં ચાલી શકે નહિ, પણ સરાગ છદ્મસ્થ જીવો ચાલે.

કોઈ કહે, કે આનું કારણ શું? આ તો તમે બચાવ કરો છો. જો સરાગ છદ્મસ્થપણું મોક્ષમાર્ગમાં બાધક છે તો અહીં પણ બાધક છે કે નહિ?

શંકા વ્યાજબી કરી છે પણ એક જ વાત ધ્યાનમાં લેવાની છે. પૂલ ઉપર રહેલો મુસાફર અને અથાગ પાણીમાં તરનારો, નીચે નદીમાં ડૂબતાને શું કરે? જેને જેનું આલંબન તે તે સ્થાને હોવું જોઈએ. મોક્ષ જવાનું આલંબન મોક્ષના માર્ગમાં જોઈએ, મોક્ષના માર્ગની બહાર રહેલો આલંબન બને નહિ. અહીં વિરતિ અને સમ્યક્ત્વ આવ્યા વગર મોક્ષનું પગથિયું નથી. અવિરિતિ સમકિતદૃષ્ટિ પૂલ ઉપર રહેલો લંગડો છે તે સાયકલ ઉપરથી પહેલાને ટેકો દઇ શકે છે જેને

સ્થાનની અંદર આવવા તરીકે ભલે વીતરાગપણું નથી તે આલંબનલાયક થઈ શકે છે. માટે આ યુક્તિથી અને ગૌતમસ્વામીના દૃષ્ટાંતથી કેટલાય ભવ્યાત્માઓએ તીર્થંકરોના સમાગમ નહીં છતાં તીર્થંકર નામકર્મ બાંધ્યાં છે. અવિરતિ મિથ્યાત્વના ખાડામા રહેલો આલંબનીય નથી.

અરિહંતે કરેલો ઉપકાર અને સિદ્ધપદની આરાધનાલુલિયાને ત્યારે જ સફળ થાય કે જ્યારે આચાર્યરૂપી ગાડી મળે. **આપણા આત્માના આ ભવને સુધારનાર પ્રબળ સાધન હોય તો તે આચાર્ય જ છે.** અહીં રત્નશેખરસૂરિ કહે છે કે જીવોની બુદ્ધિ એક જ છે કે ૨૪ કલાક સંસારચક્રની રમતમાં રસિક છતાં આ વાતમાં બધા એક જ મત છે અને આ મતમાં ભેદ જ નથી, 'સુખ જોઈએ.' આ મત બહાર કોઇ નથી. રસોડું ખરે બપોરે એક મત કરે છે. સુખ એક જ મત દરેક વખતે રાખે છે ખરે બપોરે એક મત છતાં ખાવાલાયક ન ખાય ને પથરાને બટકા ભરે તો શું થાય? દાંત ભાંગે ને પેટ ખાલી રહે, તેમ સંસારચક્રમાં એક જ મત છેઃ 'સુખ, સુખ, ને સુખ,' તેમાં સુખનાં સાધનો લો તો ઠીક, પણ તે ન લેતાં દુઃખનાં સાધનો લો તો? પેટ ભૂખ્યું રહે ને પથરા દાંત ભાંગે. તેમ આચાર્ય પણ સુખનું સાધન છે.

જો આચાર્યનું શરણ ન લે તો પરિણામ શું આવે?

તો અહીં મોક્ષ દૂર રહે ને દુર્ગતિમાં રખડવાનું થાય, પણ મનમાં ઠસી ગયું તે ન ખસે.

શાસ્ત્રકારોએ ચોખ્ખા શબ્દોમાં જણાવ્યું કે કુટુંબાદિક રખડાવનાર છે, છતાં ઇન્દ્રિયોએ સુખ જણાવ્યું તે પ્રત્યક્ષ સુખ દેખું છું. કેવળજ્ઞાનીનું કહેલું સુખ કબૂલાતું નથી. ચામડાને વળગી રહીએ છીએ. જીવતાંને મરેલો માનવો તે મૂર્ખાની દશા છે, 'તેમ, કેવળજ્ઞાનીનું માનીએ તો ચામડાનું માનવું ખોટું પડે.' આ તો કેવળજ્ઞાનીઓએ આત્માને માટે કહ્યું તે ભલે ખોટું થાય, પણ ચામડાનું ખોટું ન પડવું જોઈએ, આપણે ઇન્દ્રિયોના ભરોસે કેવળીનાં વચન માનવા તૈયાર થતા નથી. તને સુખ પૂરા પાડનાર સુખની જડ કઈ? માબાપ, શરીર, માલમિલકત, સ્ત્રી, આબરૂ આ બધાં સુખનાં સાધનો માબાપ આપે છે. જે તને તારા

પિતા માતા સુખ દે છે તે તું સુખ માન, પણ તેથી તો તે ખરું સુખ દેતા નથી. પિતાને જંજાળ હોય તેથી કદાચ સુખ ન દે, પણ માતા તો ખડી જ છે. પણ તે સુખ માતા કે પિતા દઈ શકતા નથી. માતા–પિતા તને સામગ્રી દેશે, પણ સામગ્રી સંબંધિ રક્ષણનાં સાધનો દેવાની માતા–પિતાની તાકાત નથી.

અંતરંગ શત્રુને તાબે ન થવું, વ્યસનમાં ન પડવું. તેનાથી રક્ષણ કરનાર કોણ? આચાર્યો. માતાપિતાથી એ બાંહેધરી નથી લેવાતી. દુર્વ્યસનની જડ માતાપિતાએ ઘાલી હોય છે. તેમણે તને શરીર, વચન, વિચારની કેળવણીની સાથે સાથે સંસારના સંબંધને પણ અવિહડ પોષણ આપ્યું. પોષણ કરવાની જડ કુટુંબીઓએ ઘાલી છે આ સડો કાઢે કોણ? વ્યસનનો સડો કાઢે કોણ? દુનિયાદારીની દૃષ્ટિએ વ્યસનનો અને દુરાચારનો સડો કાઢનાર માતા–પિતા કહેવાય છે, પણ સંસારની લાગેલી આગને બૂઝવે કોણ? આચાર્યો. આચાર્યો બુઝવનારા છે માટે આચાર્ય સ્વાર્થબુદ્ધિ ટાળીને મોક્ષમાર્ગ તરફ દોરે છે. માટે આચાર્ય તરફથી જે સુખ–શાન્તિ–આનંદ મળે છે, તે સુખાદિ માતાપિતા દઈ શકતા નથી. આચાર્ય મહારાજના ચરણકમળો જે સુખ દે છે, તે માતા–પિતા દઈ શકતા નથી. માતાપિતા દુર્ગતિ રોકી શકતા નથી અને સદ્ગતિ આપી શકતા નથી. આચાર્ય મહારાજ દુર્ગતિ રોકી શકે છે અને સદ્ગતિ આપી શકે છે. આચાર્યનું તો પૂજન હમેશાં કરવું જ જોઈએ. જે આચાર્યની પૂજામાં લીન થયો, આરાધનાર થયો, માનનાર થયો તે જલદી મોક્ષસુખ પામી શકે છે. ત્રણ પદ કહ્યા. હવે ઉપાધ્યાય ચોથું પદ અગ્રે કહેવામાં આવશે.

બીજા દેવો મોહમાયાથી રહિત નથી, અન્ય સાધુઓ સ્ત્રીઓમાં રક્ત છે અને બીજો ધર્મ જે જીવહિંસાદિથી યુક્ત છે જ્યારે અહીં જૈન ધર્મમાં શુદ્ધ તત્ત્વની શ્રેણી પ્રાપ્ત થાય છે.

ધર્મ અને ઇન્દ્રિયો

દેશના ૫૨

ઇષ્ટનું બહુમાન શાથી ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય સોમપ્રભસૂરિ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતાં સૂચવી ગયા કે **આ સંસારમાં દરેક વિવેકી જનને ધર્મ ઇષ્ટ છે,** કારણ જગતમાં સામાન્ય નિયમ છે કે જે વસ્તુ ઇષ્ટ હોય તેના જૂઠ્ઠા શબ્દો પણ સારા લાગે. અનિષ્ટના જૂઠ્ઠા શબ્દો પણ ખરાબ લાગે. ધનાદિ ઇષ્ટ છે તેથી કોઈ આશીર્વાદ દે કે 'તું ચિરંજીવી, કુટુંબ, ધનવાળો' થા તો તેથી સંતોષ માને છે. કહેનારના કહેવાથી થવાનું નથી. 'ધનાઢય થા' તેથી ધનાઢય થઈ જતો નથી. પણ તે વખત આંખ લાલ થતી નથી. આ શબ્દોમાં કોઈ તત્ત્વ નથી. 'અમર થા' એમ કોઈ કહે, તોયે એ શબ્દોમાં સત્યતા નથી. એના કહેવાથી ચિરંજીવી કે અમર થવાના નથી. તેમ કોટિધ્વજ થવાનું કહ્યું, તે કહેવાથી કોટિધ્વજ થઈજવાતું નથી, છતાં આંખમાં મીઠાશ ક્યાંથી આણી ? ઇષ્ટ વસ્તુના જૂઠ્ઠા શબ્દો સાંભળવાથી પણ ઇષ્ટ લાગે છે. કોઈ ગાળ દે કે 'નખોદ જાય', તે વખત આંખ લાલ કેમ થાય છે ? અનિષ્ટ વસ્તુના જૂઠ્ઠા શબ્દો ઇતરાજી કરે છે. આ વાત સમજીએ તો ધર્મમાં આવીએ.

ધર્મ ઇષ્ટ જ છે એમ કેમ ગણવો ?

ધર્મ આખા જગતને ઇષ્ટ છે. ધર્મી હોય કે ન હોય પણ ધર્મી કહે તો કલેજે ઠંડક વળે છે. 'अप्पसक्खाओ हु धम्मो' ધર્મ આત્માની સાક્ષીએ છે. બીજો માણસ ધર્મ થયેલો જાણે કે ન જાણે તેની જરૂર હોતી નથી. ધર્મ એ આત્માની સાક્ષીવાળી ચીજ છે.

ચક્રવર્તી નરકે જ જાય એ વાતનો પરમાર્થ

ચક્રવર્તી એટલે નરકનો દૂત, કેમકે બીજાને અંગે નરકનો નિયમ નહિ પણ ચક્રવર્તી અને વાસુદેવ નિયમા નરકે જાય.

શંકાઃ—ભરત, સનત્કુમાર વગેરે સદ્ગતિએ ગયા છે. નરકે તો ફક્ત બે જ ચક્રીઓ ગયા છેઃ સુભૂમ અને બ્રહ્મદત્ત. ૧૦ ચક્રવર્તીમાં કેટલાક દેવલોકે અને કેટલાક મોક્ષે ગયા છે તો આ નિયમ કેમ બાંધો છો કે ચક્રવર્તી નરકે જાય?

સમાધાન :—અક્કલથી વિચારીએ તો માલુમ પડે કે બે વચનમાંથી એક ખોટું હોવું જોઈએ. અક્કલનો ઉપયોગ કરીએ તો તે માલુમ પડે. ચક્રવર્તી કોને ગણીએ? ચક્રથી જે વર્તે તે ચક્રવર્તી. જેણે ચક્રવર્તીપણું છોડી દીધું પછી તે ચક્રવર્તી કયાં રહ્યો? કોઈ કે ૨૫-૫૦ વરસ લગી વિષયાદિકમાં પ્રવૃત્તિ કરી, પછી ત્યાગી થઈ દેવલોક ગયો, તો તે ફળ શાનું? વિષયાદિકનું કે ત્યાગપણાનું?

તેનું કારણ?

મુખ્યતાએ બાળપણમાં ત્યાગી થાય તે નિર્લેપ. આથમ્યા પછી અસુરું શું? લૂંટાયા પછી ભેા શેા? તેમ નહીં, પાછળ પણ છેલ્લી અવસ્થામાં પણ જેને એ વિવેક હોય-જિંદગીમાં છેલ્લા ભાગે જો ધર્મની આરાધના કરી શક્યો તો તેણે સદ્ગતિ મેળવી. આખા દસ્તાવેજમાં સહી નથી તો તે દસ્તાવેજ નહિ. તેમ છેવટ સુધી આરંભાદિકમાં રહ્યા તો નરકના દસ્તાવેજમાં સહી થઈ ગઈ. છેવટનો ભાગ સુધારી લીધો તો સદ્ગતિ મેળવી શકે છે.

ધર્મનો મહિમા

બારવ રસ સુધી ઘોર યુદ્ધ કરનારા, રોજ સાત સાત આદમી મારનારા અર્જુનમાળી અને રોજ ચાર હત્યા કરનારા એવા પણ તર્યા તે શાથી? જેને પોતાની જિંદગીમાં વિષયાદિકમાં વધારે પ્રવૃત્તિ કરી હોય તેને પવિત્ર થવાને ધર્મની વધારે જરૂર. ધર્મ એ એક અપૂર્વ ચીજ છે. ધર્મને અંગે નાલાયકી ગણી લઈએ તો ધર્મની શક્તિ કઈ? ધર્મની શક્તિ એટલી મનાય છે કે લાખો ભવોના કર્મોને તે મથી નાંખે છે. તે કર્મો ગયા ભવમાં સહી સિક્કા થઈને સીલ થયેલાં. આ ભવને અંગે રસ્તો લઈ શકીએ. જેને અંગે ક્રોધ કર્યો હોય તેની માફી માંગીએ તો આ

ભવને અંગે સહી સિક્કા થયા નથી, પણ પહેલાંનાં ભવનાં વેર વિરોધો, ચોરી, ક્રોધો તે સીલ થઈ ગયાં છે. આ ભવનું પાપકૃત્ય સીલ વગરનું છૂટું છે. ગયા ભવનાં પાપો સીલ થઈ ગયાં છે. પણ ધર્મના પ્રભાવથી આ ભવનાં પાપ તોડે એમાં નવાઈ નથી, પણ **લાખ્ખો ભવના સીલ સિક્કાવાળાં પાપો તોડવાની તાકાત ધર્મમાં છે.**

ધર્મની તાકાત

"એગદિવસંપિ જીવો પવજ્જઇ જઈ ન પાવઇ મુક્ખો અવસ્સ વેમાણિઓ હોઈ." એક દિવસ (એટલે વધારે ન કરવું એમ નહીં) પણ આટલો કરેલો ધર્મ પણ તાકાતવાળો છે એમ જણાવે છે 'अपि' શબ્દનો અર્થ એ જ કે એક દિવસનો પણ ધર્મ તારનાર છે. ગૃહસ્થનો ધર્મ કયો ? **' ખાળે ડૂચા અને દરવાજા ખૂલ્લા'** જે ગૃહસ્થ બારવ્રતધારી કહેવાતા હોય તે કીડીની વિરાધના ન કરે, મંકોડા સરખાની વિરાધના ટાળવા કુમારપાળ મહારાજાની માફક ચામડી કાપી નાંખે. તે જ મુખ્ય પત્ની છોકરાંનાં કેસ વખતે તેમને બચાવવા જાય કે શિક્ષા થવા દે ? પોતે માત્ર કાયાથી દયા પાળી પણ સંબંધીઓને અંગે પોતે ખોટો બચાવ કરવા તૈયાર છે. પાંચસોનું નુકશાન હોય તો પોતે જૂઠું ન બોલે પણ છોકરો ખોટી રકમમાં પકડાયો તો તેને બચાવવા ઊભેલો જ છે. ખોટી સાક્ષીમાં ભાઈભાંડુ સપડાયા હોય તો બચાવવા ઊભો રહે. માત્ર પોતાના શરીરે પોતે ન કરવું. સંસારમાં જ્યાંસુધી રહેવાનો ત્યાંસુધી એ ફરજ આવી પડવાની. અઢાર પાપસ્થાનકનું રાજીનામું આપવાનું તેનાથી બનતું નથી. પોતાની કયાંથી પોતે ન કરે તો માત્ર તેને બાળવે. પોતાને બ્રહ્મચર્ય હોય તો છોકરાએ સાક્ષાત્ કાર્ય કર્યું, દીકરાને પોલીસે પકડયો તો તેને કેવી રીતે બચાવું ? અધિકારીને ફોડું, સાક્ષીઓ કરું.

સંસારની જાળમાં રહેલો પાપસ્થાનક છોડે તે ખાળે ડૂચા તરીકે છે. તે નકામા નથી, કારણ કે તેને થાય છે કેઃ—" આ ખોટું થાય છે. મોહને લીધે કરું છું. છોકરાએ અપકૃત્ય કર્યું છે પણ કુટુંબની આબરૂને અંગે આ કરવું પડે છે." અંદરની કપાએલી જડ ધર્મ

સમજે તેને રહે છે. એ માટે જ્યાં **સુધી સંસારની કમીટીમાંથી રાજીનામું આપ્યું નથી ત્યાં સુધી તેને અંગે તે જવાબદાર છે.** પેઢી ખોલી એટલે તેમાં ફાયદા–નુકશાનના જવાબદાર–જોખમદાર તમે છો, તેમ અઢાર પાપસ્થાનક કંપનીના તમે ભાગીદાર છો. તેમાંથી રાજીનામું ન આપો ત્યાં સુધી ભાગીદાર છો. '**अगाराओ अणगारियं पव्वइयं**' ઘરેથી નીકળવું, અને નીકળીને સાધુપણું લેવું; એ વાત કહેવી પડે છે.

શંકા :—અણગારીપણું લીધું એટલે 'ઘર છોડયું' આવી ગયું. છતાં અહીં એ વાત શા માટે કહેવી પડી ?

પહેલાં રાજીનામું દે અને પછી નવી કંપનીમાં દાખલ થાય. જ્ઞાન, દર્શન,ચારિત્ર અંગીકાર કરવાના અને સાવદ્યયોગ ત્યાગ કરવાનાં એ પચ્ચક્ખાણ રાખીએ છીએ. ઘરેથી નીકળીને દીક્ષા અંગીકાર કરે. તીર્થંકરમાં આ એ વાત જણાવવી પડી.

ચારિત્રમાં કઇ બુદ્ધિ રહેવી જોઇએ ?

અભવ્ય જીવો, મિથ્યાદૃષ્ટિ જીવો દ્રવ્ય ચારિત્રના ફળ તરીકે નવ ગ્રૈવેયક સુધી મેળવી શકે છે, ત્યાં કર્મક્ષયની બુદ્ધિ નથી. દેવલોકાદિકની ઇચ્છાએ જ સાધુપણું લે તેવા સાધુપણાથી તે જીવો નવ ગ્રૈવેયક સુધી પહોંચી શકે છે. લાંબો પ્રવ્રજ્યાપર્યાય હોય છતાં અજ્ઞાને કરેલું પાપ, અન્ય ઇચ્છાએ કરેલું પાપ પણ જીવને ભોગવવું પડે છે. વગર ઇચ્છાએ બળાત્કારે કરેલું, અજાણપણે કરેલું અબ્રહ્મ વ્રતનો નાશ તે દુર્ગતિ દે છે, તેથી સત્પુરુષો જીવનના ભોગે બ્રહ્મચર્ય પાળે છે. બીજો ફોસલાવી પતિત કરી નાખે તો પતિતપણું ન થયું તેમ નહીં. અગર પાપ બળાત્કારે, અજ્ઞાનતાથી કે લાલચથી થાય તો પાપ લાગે છે ને તેનું ફળ ભોગવવું પડે છે. તો પાપનો પરિહાર એ અન્ય ઇચ્છા હોય તો પણ તે આત્માને ફાયદો કરે છે. અભવ્ય મિથ્યાદૃષ્ટિ ચારિત્ર પાલન કરે પણ રિદ્ધિ સમૃદ્ધિની ઇચ્છાથી કરે. મહાવ્રતની અપેક્ષાએ વિરુદ્ધ ઇચ્છાએ કરેલો એ પાપનો ત્યાગ નવ ગ્રૈવેયકની સ્થિતિ આપે છે. અબ્રહ્મનો વખત આવે તો જીભ ચાવીને પણ મરવું અને તેમ મરીને અનંતા મોક્ષે ગયા. કારણ શું ? બળાત્કારે થતા અબ્રહ્મમાં

આટલો દોષ માન્યો હોય ત્યારે આવું વિધાન કર્યું ને? અભવ્ય ચારિત્ર પાલન કરે, પણ તેની ઇચ્છા અન્ય છે. તેની ઇચ્છા મોક્ષની, કર્મક્ષયની કે ચઢતા ગુણસ્થાનની નથી, એક જ ઇચ્છા છે. બાળકને 'દવા પી જાય તો લાડવો આપું.' એ વખતે તેનું મન ઓસડમાં નથી. ઓસડમાં ક્રિયા છે તેમ અભવ્ય જાણે કે ક્રિયામાં ગડબડ થઈ તો દેવલોક નહીં મળે. વિરુદ્ધ ઇચ્છાએકરે તોપણ નવ ગ્રેવેયક મળે. અનિચ્છામાં અકામ નિર્જરા, એ દેવપણાનું કારણ સરાગ સંયમ છે,

દેવાયુબંધનો હેતુ

દેવતાના આયુષ્ય બાંધવાના કારણોમાં 'મારા કર્મ ક્ષય થાય' એ બુદ્ધિ ન હોય, એટલું જ નહીં પણ તેનાથી વિરુદ્ધ ઇચ્છા હોય કે મને ખાવાનું મળે. શૂલપાણી યક્ષનું દૃષ્ટાંત લો. ત્યાં બળદ શું ધારી રહ્યો છે? આ ખાવાનું આપશે, આ પાણી આપશે. અહીં તો ભૂખ તરસ સહન કરે છે પણ તેનું મન ક્યાં છે? 'આ મને ઘાસ નાખશે ને આ પાણી પાશે;' આવી રીતની સહનશક્તિથી અકામ નિર્જરા થાય ને દેવલોક થાય, આપણે નિગોદથી નીકળ્યા તે શાથી? અકામ નિર્જરાનાપ્રતાપે નિગોદમાંથી નીકળ્યા, બાદરમાંથી ત્રાસમાં આવ્યા, મનુષ્યમાં આવ્યા તે મુખ્યતાએ અકામ નિર્જરાના પ્રતાપથી થયું. અકામ નિર્જરા શુભ ન કરતી હોત તો કોઇ મનુષ્યમાં આવી શક્તા નહીં. જીવો કેવળ અકામ નિર્જરાથી ઊંચા આવે છે. જો પરિણામ ખરાબ ગણીએ તો તે જીવ ઊંચો આવત નહીં. અકામ નિર્જરાએ જે મેળવીએ તે કોડી, એટલું જ જો સકામ નિર્જરાએ કરીએ તો ક્રોડ; આમ વાત જમેની છે, ઉધારની નહીં. હો! આથી ફલિતાર્થ એ થયો કે ઇચ્છા વિરુદ્ધ કે વગર ઇચ્છાએ–બંનેથી પણ કરેલો પાપનો પરિહાર તે પણ ફાયદો કરે છે.

અજ્ઞાને કરેલ પાપ પણ દુર્ગતિમાં શાથી નાખે છે?

હવે અજ્ઞાનમાં આવીએ. અજ્ઞાને પણ પાપ ન થાય તો કર્મ ન થાય, અને કર્મ ન થાય તો કર્મરાજાની તાકાત નથી કે તમને દુર્ગતિમાં મોકલી દે. એકેંદ્રિય કે વિકલેંદ્રિય નરકમાં જાય નહીં. ન જવાનું કારણ શું? શું તેમને જ્ઞાન થયું છે? મહારંભ પરિગ્રહ

છોડયા છે? તેની શક્તિ નથી, જ્ઞાન નથી પણ ન કરે તેથી ન જાય. 'नरकहेतुनां तेषु अभावात्' એકેંદ્રિય કે વિકલેંદ્રિયમાં નરકનાં કારણો નથી. પાપ ન કર્યું તો દુર્ગતિ રોકાઇ, અજ્ઞાન અશક્તિથી પાપ નથી કર્યું તેથી દુર્ગતિ રોકાઈ અજ્ઞાન અશક્તિથી પાપ નથી કર્યું તેથી દુર્ગતિ રોકાઈ તો જ્ઞાનદશા કયાં કામ કરનારી છે.? મોહનીયની સીત્તેર ક્રોડાક્રોડીની સ્થિતિમાં જ્ઞાનદશા એક ક્રોડાક્રોડની અંદર કામ કરે. ઓગણોસીત્તેર ક્રોડાક્રોડી સ્થિતિ અજ્ઞાનદશા તોડે. યથાપ્રવૃત્તિ એટલે અજ્ઞાનપ્રવૃત્તિ. મોક્ષ છે, તે મેળવવો છે, તે વિચાર કે જ્ઞાન હોતાં નથી. કર્મ, જીવ, મોક્ષનું સ્વરૂપ એ સંબંધી જ્ઞાન ઓગણોસીત્તેરમાં હોતું નથી. તેથી યથાપ્રવૃત્તિ ને અનુયોગ એ બેને એના ભોગકરણ માનીએ છીએ ૬૯ ક્રોડાક્રોડી તૂટી તે અજ્ઞાને અને ત્યારે તે કર્મનાં કારણોથી દૂર રહ્યો. અજ્ઞાને પણ ધર્મના કારણોમાં પ્રવર્ત્યો. તે યથાપ્રવૃત્તિકરણ કરે તો તે કરણથી ૬૯ ક્રોડાક્રોડી તોડી નાખે. જીવ, તેનું સ્વરૂપ, કર્મ મોક્ષ, તેના સ્વરૂપનો ઉપયોગ નથી. તે ઉપયોગ થયો તો આગળ થયો. જ્ઞાન એ તો સડક ઉપરનો દીવો છે. અજવાળું કરે અમૂંઝણ ઓછી કરે. જંગલમાં વગર દીવે ભટકીને આવેલો સડક ઉપરના દીવાની કિંમત કેટલી બધી કરે?

શંકા :–અનુપયોગે ૬૯ તૂટી ગયાં તો એક રહ્યું છે તો તે પણ તૂટી જશે. આ ગડભાંગડ **શી**? અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સમ્યગ્દર્શન, દેશવિરતિ સર્વવિરતિ, તપસ્યા, વિનય, વૈયાવચ્ચ વગરે લાકરાં શું કામ લાવો છો?

સમાધાન :—એક કોડી સ્થિતિ બાકી રહી છે એ વાત ખરી, પણ મહાનુભાવ! રાત્રિના આઠ વાગ્યાથી અંધારું ખસવા માંડયું, સાડા પાંચ સુધી ખસ્યું, હવે સૂર્યોદયને ૦ કલાક છે. તેમ અનુક્રમે અજ્ઞાન પ્રવૃત્તિથી ૬૯ તૂટી પણ તે વખત આપોઆપ સમ્યક્ત્વનો વખત છે, સમ્યક્ત્વ થયું એટલે જ્ઞાન થયું. એ બે થયા તો ચારિત્ર તરત મળે. રાતનું અંધારું જવાથી અરુણોદય થાય. તે થયો એટલે સૂર્યોદય થાય. સૂર્યોદય પહેલાં અરુણોદય જરૂર હોય. તેમ કેવળ અગર ક્ષાયિક ગુણ થવા પહેલાં બીજાં જ્ઞાન અને ગુણો જરૂર થાય. તેની જરૂર

એમ માની છે કે પાછળનાં કર્મ ખસેડવાં બહુ મુશ્કેલ છે, દ્રઢ ખસેડવાં સહેલાં છે. તે અનંતી વખતે ખસ્યાં અને આવ્યાં પણ એક ક્રોડક્રોડમાંથી કંઈ ખસે તો, પછી આવવાનો વખત નથી. એ ખસેડવા માટે ગ્રંથિભેદ શબ્દ છે. તે ચીજ શી? ગ્રંથિભેદ ત્યારે જ સમ્યક્ત્વ તે બધા જાણે છે.

દુનિયાદારીની આખી બાજી પલટાવો તે જ ગ્રંથિભેદ. અનાદિથી આ જીવ વિષયોમાં પૌદ્ગલિક સુખોમાં લીન છે. તેમાં સુખબુદ્ધિ, તેના વિયોગમાં દુઃખબુદ્ધિ થાય. આ બધું પલટી જાય. સમ્યક્ત્વ થવાની વખતે અને થયા પછી વિશ્રામનું સ્થાન, ઇચ્છવાલાયક, આરાધવાલાયક ફક્ત દેવ, ગુરુ અને ધર્મ છે. અંતઃકરણથી સુખનું કારણ દેવાદિકનું આરાધન છે. હવે દુનિયા તેને વેઠ તરીકે ગણે. આ સ્થિતિએ ગ્રંથિભેદ દેવાદિકને તત્ત્વ ગણે. આ પરમપદ સિવાય એકે ધ્યેય નહીં તેથી તેને જ સાધ્ય ગણે એવું સમ્યક્ત્વ. દ્રઢ તૂટી તે અજ્ઞાનમાં તૂટી, પણ તેથી સમજે શું? તેનો સવાલ કયાં છે? ગામડિયા કાયદામાં શું સમજે? તેથી કાયદા વિરુદ્ધ ન વર્તે તો શિક્ષા કરો ખરા? ગુનારહિત કાર્યોથી દૂર રહે તે સજાથી બચી જાય. વકીલો, બેરીસ્ટર વગેરે સમાજના ગુનાથી બચે, તો કાયદાને નહીં સમજનારા ગુનાથી બચે તેને શિક્ષા થતી નથી. તો ઝવેરી સિવાય બીજા પાસે ઝવેરાત હોય તે ફેંકાવી દેવું? એ ઝવેરાતમાં શું સમજે? સમજવાથી ફાયદો છે તેમાં ના નહીં, પણ અણસમજનો અર્થ એ નથી કે પાપનો પરિહાર નકામો છે. પાપના પરિહારથી ફાયદો જ છે. શાલિભદ્રનો જીવ, કયવન્નાજીનો જીવ બાળક છે. ઢોર ચારનાર એણે શાલિભદ્રપણું શાથી મેળવ્યું? દેવતાને ચાકરી કરવી પડે. શ્રેણિકને રિદ્ધિથી આશ્ચર્ય થવું પડયું તે શાથી?

આપણે પુણ્ય મેળવીએ તેમાં કર્મની વર્ગણા કેટલી જાણી? અજ્ઞાનતાનો અર્થ એ નથી કે ખોટું છોડાતું હોય તે ન છોડવા દેવું. જ્ઞાન મેળવવાની જરૂર ખરી, પણ જ્ઞાન જોઈએ એનો અર્થ એ નથી કે જ્ઞાન વગર પુણ્યનું કાર્ય ન કરવું તેમ નહીં. અજ્ઞાન પણે ધર્મના કાર્યોમાં પ્રવૃત્તિ થઈ હોય તો લાભ જરૂર છે.

હવે વિરુદ્ધ ઇચ્છા ઉપર આવીએ. વિરુદ્ધ ઇચ્છાએ કરેલું ધર્મકાર્ય સદ્ગતિ આપે છે. સ્થુલભદ્રના નાના ભાઈ શ્રીયકનો દાખલો લઈ એ. સંવત્સરીનો દહાડો છે. યક્ષા મોટી બેને કહ્યું: ભાઈ, આજ નવકારશી કર. પરાણે તે પૂરી કરી. ત્યાં તે બોલીઃ હમણાં દહેરે જઈ આવીએ, ત્યાં તો પોરસી થઈ જશે. હવે સાંજનો વખત થયો. આમ કરી ખેંચ્યો ઉપવાસ. ને તેના પ્રાણ ગયા. શ્રીયક તે જ રાત્રિએ મરી ગયો. એક જ ઉપવાસની વાત છે. એને ઉપવાસ કરવાનો વિચાર નથી, યક્ષાએ કરાવ્યો છે.

અજ્ઞાનપણે, અનિચ્છાએ, વિરુદ્ધ ઇચ્છાએ કરેલો પાપનો ત્યાગ દુર્ગતિથી બચાવે છે. બળાત્કારે પણ કરેલું ધર્મનું કાર્ય સદ્ગતિ મેળવી આપે છે. તેથી વગર મને કરેલી દીક્ષા વૈમાનિક આપે છે. દીર્ઘકાળ પાપનો પરિહાર, ધર્મનો સંચય તે વગર ઇચ્છાદિકનો હોય તો તે સદ્ગતિ મેળવી આપે પણ એક દિવસમાં જ પાપનો પરિહાર અનન્ય મનવાળો હોય તો જ સદ્ગતિ મેળવી આપે. દીક્ષા સિવાય બીજી બાજુ મન નહીં. અહીં ગાથામાં મુખ્યપક્ષે મોક્ષ, ગૌણપક્ષે વૈમાનિકપણું લેવું છે. મોક્ષ એવી ચીજ જરૂર છે કે અન્ય મનમાં મળે જ નહીં. ઉત્સર્ગ પક્ષમાં વિધાન કરવા માટે અનન્ય મન મૂકવું પડયું. બે ઘડી પણ પ્રવ્રજ્યાને પામ્યો હોય તો મોક્ષ પામે અગર વૈમાનિક જરૂર થાય. ભાવસ્તવથી અંતર્મુહૂર્તમાં મોક્ષ છે પણ અપવાદ પદમાં સામાન્ય દેવતાપણું નથી લેવું પણ વૈમાનિકપણું લેવું છે.

અનન્ય પદ મોક્ષ માટે અને એક દિવસ વૈમાનિક માટે છે. સંભાવના કરીએ કે મોક્ષ ન પામે તો વૈમાનિક જરૂર થાય. આથી એક દિવસની દીક્ષા જિંદગીના પાપના પોટલાને પલાયન કરાવી દે તો ચક્રવર્તીપણું છોડી દીક્ષા લે તો પાપના પોટલાને પલાયન કરાવે તેમાં નવાઈ શું ? ચક્રવર્તી કહેવાય નરકનો કૂત, પણ તે પણ જ્યાં નિખાલસ થયો, પુદ્ગલને દુઃખમય, અનિત્ય માનવા લાગ્યો, તે વખતે ધર્મવૃક્ષ આત્મામાં ઊભું થયું. ધર્મ એ જ આત્મસાક્ષી. બીજો ધર્મી કહે તેથી આપણે ધર્મી બની જતા નથી. પણ બીજો ધર્મિષ્ઠ કહે તો

આંખો તો નીચી જાય અને પૂરેપૂરો ધર્મ કરતા હોઈએ ને બીજો અધર્મી કહે તો પણ આંખો લાલ થઈ જાય છે.

ઈષ્ટ લાગેલી વસ્તુના જૂઠ્ઠા શબ્દો ઇષ્ટ લાગે છે. આ સિદ્ધાંતથી તપાસીએ તો બધાને ધર્મ ઈષ્ટ છે તો ધર્મના રસ્તે બધા જતા કેમ નથી ? મન મંદરાચલ દોડ્યું છે પણ પગ થાકેલ છે. તેમ અહીં દરેક જીવને ધર્મની ઈચ્છા છે, પાપથી ડરનારો તે ધર્મ કરવા માગે છે પણ તેમાં ટાંટિયા ભરાઈ જાય છે. આ પાંચ ઇન્દ્રયો વચમાં નડે છે, પાંચ ઇન્દ્રિયોથી નિરપેક્ષ હોય તો જરા પણ મોક્ષ મેળવવામાં અડચણ આવે નહીં. નીતિમાં એક પણ ઇન્દ્રિયને આધીન પડ્યો તો નીતિ ઘેર ગઈ. અપકૃત્ય તેને ખરાબ લાગે નહીં પણ તેને કરવાલાયક માને. જ્યાં પાંચ ઇન્દ્રિયની ગુલામીમાંથી મુક્ત થયો પછી તેને વિવેક બધો સારો લાગે, વિવેકથા ઇચ્છા રહે. જ્યાં સુધી ઇન્દ્રિયોના વિષયોમાં રાચ્યો નહીં હોય ત્યાં સુધી તપની નિષ્ઠા, પ્રતિષ્ઠા, અપકૃત્ય કરવા લાગ્યો. આ બધું છતાં તે વિપદાને આપે.

આ સંસારમાં દુઃખો ભોગવ્યાં, ભોગવે છે. અગર ભોગવશે તો તેનું કારણ પાંચ ઇન્દ્રિયો છે. આથી સોમપ્રભ આચાર્ય કહે છે કે જગતમાં દોષોનું સ્થાન હોય તો ઇન્દ્રિયોનો સમુદાય છે. અગ્નિને દૂર રાખ્યો ન પાલવે, ખોળામાં રાખ્યો ન પાલવે, તેને સગડીમાં રાખે પાલવે. તેમ ઇન્દ્રિયો વગર તમે રહેવાના નથી. તે તમારા વગર રહેતી નથી, પણ ઇન્દ્રિયો જરૂર રહેવાની. તમારે તેના વગર નહીં ચાલે પણ તારે આધીન તેને કર. તારી ઇચ્છા પ્રમાણે ઇન્દ્રિયો પ્રવર્તે. તું ઇન્દ્રિયોને આધીન ન થા. 'મારું મન આમ થયું છે' એમ કહેવું એ બધું ગુલામીપણું છે. એને તું આધીન કર. આ સમજી પાંચ ઇન્દ્રિયો ને આધીન કરશે તે આ ભવ-પરભવ કલ્યાણ મંગલિક-માળા પહેરી મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

મમત્વ અને વિરતિ

દેશના ૫૩

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય સોમપ્રભસૂરિ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતાં આગળ જણાવી ગયા કે આ સંસારમાં દરેક જીવ સુખની ઇચ્છા કરે છે. કોઇપણ જીવ તપાસીએ તો એક જ વસ્તુની ઇચ્છા કરે છે. બીજી ઇચ્છાઓ બનાવટી કે દુનિયાની શીખાયતની છે.દુનિયાની શીખાયત થાય ત્યારે બીજી ઇચ્છાઓ થાય છે. દુન્યવી પદાર્થો તરફ તેવી પ્રવૃત્તિ કરતા નથી. નાના બચ્ચાને મોતીના ઢગલા પર બેસાડયો હોય ત્યાં તે મુતર પેશાબાદિક કરે છે. દુનિયાએ જે પદાર્થ માન્યો તે કિંમતીપણાની કિંમતની કૂંક હજુ તેને મળી નથી. જગતની કૂંકોથી બીજા પદાર્થ તરફ રાગદૃષ્ટિ થાય છે. સુખનું સાધન જે ભાસે તે લેવા તૈયાર, દુઃખનું સાધન છોડવા તૈયાર. ગર્ભમાં, બચપણમાં જુવાન કે વૃદ્ધમાં આ એક જ સુખની ઇચ્છા ને દુઃખથી દૂર રહેવું. તો દરેક જીવ સુખ પામી કેમ શકતા નથી ? દુઃખથી દૂર કેમ રહી શકતા નથી ? ઇચ્છા માત્ર કાર્ય સિદ્ધ કરનાર હોય તો દરેક સુખ પામી જાત પણ ઇચ્છા માત્રથી કાર્યસિદ્ધિ થતી નથી. કારણો મળે તો ઇચ્છા સિદ્ધ થાય. આ વાત ધ્યાનમાં રાખીએ તો એ નિશ્ચય થશે કે કાર્ય કરનાર માત્ર કારણ છે. આથી નીતિકારે નિયમ રાખ્યો કે કાર્ય કારણ વગર બને નહિ.

ન્યાયાધિક વૈષયિકો એ ઇચ્છા માત્ર છે. હજુ શુભ કાર્યમાં ઇચ્છા માની શકીએ પણ કારણ માત્રમાં ઇચ્છા જોઇ એ, એ બને નહિ. કોઇને રોગી થવાની ઇચ્છા હોતી નથી, છતાં તે રોગી તો બને છે. તો નિયમ શો થયો ? શુભ કાર્ય ઇચ્છા વગર બનતું નથી. અશુભ કાર્ય ઇચ્છા વગર પણ બને છે. હવે શાસ્ત્રમાં આવીએ. જે મેં સમૃદ્ધિ મેળવી એ સમૃદ્ધિ જો પાપના ઉપયોગમાં આવી અને તે પાપનું

કારણ હોય તો પાપનો વિચાર ન કરું, તો પણ પાપ લાગે. અશુભ કાર્ય ઇચ્છા વગર પણ થાય. પાપની ઇચ્છા ન કરીએ પણ તે વોસરાવ્યું નહીં એટલે પાપ લાગવાનું. ધર્મ કયારે લાગે ?

જ્યારે હું સમૃદ્ધિને ધર્મને રસ્તે જોડું. માત્ર ઇચ્છા પણ એ હોય કે સમૃદ્ધિ ધર્મના રસ્તે જોડાય તો મને ધર્મ લાગે. સમૃદ્ધિ પાપ વગર ઇચ્છાએ લાગ્યું અને ધર્મ તે વગર ઇચ્છાએ ન થયો. શુભ કાર્યમાં ઇચ્છાની જરૂર. અશુભમાં ઇચ્છાની જરૂર નહીં. શાસ્ત્રકારોએ એક વાત કરી તે મગજમાં ઉતારવી મુશ્કેલ પડે છે. 'વિરતિ ન કરીએ તો પણ અવિરતિનાં કર્મો લાગ્યાં કરે. સમ્યક્ત્વ ન પામીએ ત્યાં સુધી મિથ્યાત્વનાં કર્મો લાગ્યા કરે, એકેંદ્રિય વગેરે જીવો સમ્યક્ત્વ, મિથ્યાત્વ સમજતા નથી.

એવા કેટલાક પંચેંદ્રિય પણ તે સમજતા નથી. કષાય, અકષાય, વિરતિ, અવિરતિ તે વિચાર પણ નથી. તેવાં તે કર્મ કયાંથી લગાડો છો ? સમ્યક્ત્વ ન પામો ત્યાંસુધી મિથ્યાત્વની કરણી કરો અગર ન કરો તો કર્મ લખાયેલાં છે. અવિરતિ ટાળો નહિ, વિરતિ કરો નહિ ત્યાંસુધી અવિરતિનાં કર્મ લલાટે લખાયેલાં છે. પંચેંદ્રિય જીવો પણ સમ્યક્ત્વ મિથ્યાત્વનો વિચાર કર્યા કરે છે. હજુ આર્યક્ષેત્રમાં વિચાર હોય પણ આર્યક્ષેત્ર માત્ર બત્રીસ હજારમાં સાડી પચ્ચીસ. આર્યક્ષેત્ર હજારમા ભાગ કરતાં ઓછા. એટલા ક્ષેત્રમાં વિરતિ, અવિરતિ, સમ્યક્ત્વ, મિથ્યાત્વનો વિચાર આવે, બાકીના ક્ષેત્રમાં વિચારનો અવકાશ નથી. પછી કયાંથી પાપ લાગી જાય ?

જે બાબતનો વિચાર, ઉચ્ચાર, પ્રવૃત્તિ નથી છતાં તમે એ નિયમ રાખ્યો. બીજાએ 'નહાય તેટલું પુણ્ય' નિયમ રાખ્યો છે. તમારા હિસાબે અવળું છે. દેવાદાર હોઈ એ, 'દીધું એટલું નહાયા' નહિ, પણ 'બાકી રહ્યું તેટલું વેઠવાનું' જેમ લાખનું દેવું કર્યું હોય, પંચોતેર હજાર આપી દઇએ તો પચ્ચીસ હજારનો ખટકો રહ્યો. તેમ અવિરતિ જેટલી તેનો ખટકો. વિરતિ કરી તેનો ઉત્કર્ષ નહિ. વિરતિ એ તો આત્માનો સ્વભાવ હતો ને થઈ ગયો. શરીરે સો ગૂમડાં થયાં તેમાં પચ્ચીસ

ગૂમડામાં આરામ થયો તો પંચોતેરની વેદના રહી. વેદનાની ચેન કયારે પડે, એક પણ ગૂમડું ન રહે ત્યારે.

વિરતિ કરો એમાં તો આત્માનો ધર્મ પણ વિરતિ ન કરો તે ગૂમડાં છે, આ લક્ષ્યમાં લો તો 'નહાયા એટલું પુણ્ય' એમ નહિ બોલાય પચ્ચીસ ગૂમડાં મટી ગયાં તો લીલાલહેર એમ નથી ગણતાં તેમ અવિરતિનો અંશ રહે ત્યાંસુધી લીલાલહેર ન માને, આત્મા પર ગૂમડાં રહેલાં માને. શાસ્ત્રકાર કહે છે કે શ્રાવક આ ભવમાં તો શું પણ મરીને દેવલોક જાય ત્યાં બળતરા કરે. શ્રાવકના જીવને દેવતાપણામાં પણ બળતરા ! અરર ! સાધુપણું લીધું નહિ, તપસ્યાદિક કરીને કર્મક્ષય કર્યો નહિ. આ બળતરા દેવલોકમાં જાય ત્યાં પણ કરે. દેવલોકમાં વિચાર કામ લાગતા નથી. સાગરોપમ સુધી એવી બળતરા રહે, પણ રજભાર પ્રવર્ત્તવાનું કાર્ય થતું નથી. તો જે વખતે કાર્ય નથી થવાનું એ ચોક્કસ, છતાં પણ બળતરા મટતી નથી. જેમાં કર્ત્તા નહિ થવાનું નિશ્ચય છે. દેવતાપણામાં કંઈપણ કોઇથી થવાનું નથી, તો બળતરા શી ?

'ગતં ન શોચ્યં બધી મનુષ્ય જિંદગી ગઈ, કાંઈ ન લેવાયું', તો શું હવે દેવતાપણામાં લેવાવાનું છે ? નવકારશીનું પણ જે ત્યાં થતું હતું તે પણ અહીં થતું નથી.

હવે ગયા ભવની બળતરા શા કામની ? દુનિયાદારીની દૃષ્ટિથી નકામી બળતરા લાગે. સાગરોપમ સુધીની બળતરા નકામી લાગે છે. મનુષ્યભવ ગયો, હવે દેવતાના ભવમાં કશું બનતું નથી તો બળતરા શા કામની ?

દુનિયાદારીમાં છોકરો કદી મરી ગયો, બાળ વિધવા સ્ત્રી રહી તમે અફસોસ કરો અગર ન કરો, રૂવો અગર ન રૂવો તો પણ પેલો પાછો આવવાનો છે ? દુનિયા તો રોવા સરજાયેલી છે. એને તો બન્ને વખત રોવું છે. ઊભા કે આડે પગે જાય તો પણ રોવું છે. એ તો રોવા માટે જ જોડાયા છે. એમાં ફરક કેટલો ? ઊભે પગે જવામાં જવાવાળો સાંભળે છે. રોવું કકળવું દેખાવમાં છે. પણ આડે પગે ગયો તેનું શું ?

ગમે તેટલું રોવો તેમાં તે શું સાંભળે ! દુનિયાને તો એમાંથી કોઈપણ પ્રકારમાં રોવું છે. ચાહે રાજીનામું દઈને કે રજા લઈને જાઓ. તેમને તો રોવું એ રજીસ્ટર્ડ છે, ત્યારે સરવાળામાં શૂન્ય દેખ્યાં છતાં પ્રવૃત્તિ કેમ થાય છે ? કહો, કાળજું રહેતું નથી. સગર ચક્રવર્તી બ્રાહ્મણને શિખામણ દે છે, 'સંસાર અનિત્ય છે' બધું કહે છે. જે વખતે બ્રાહ્મણ કહે છે કે 'તારા સાઠ હજાર મર્યા' તે વખતે સગરચક્રવર્તીની શી દશા થાય છે ?

પોતાને ત્યાં આવે તે વખતે સહન થઈ શકતું નથી. સ્નેહને લીધે સમજણમાં શૂન્ય મૂકાઈ ગયું. જે સગર ચક્રવર્તી બ્રાહ્મણને શિખામણ દે છે તે શિખામણમાં શૂન્ય છે. સ્નેહથી મૂકાયું એ વાત બાઇઓ સારી પેઠે સમજે છે. આ ઘેર આજે કોઈ મરણ થયું, તે વખતે આ પોક મેલે. જોડેવાળી ચાર જણ પોક મૂકવા આવે. દશ મિનિટમાં જોડેવાળી રડતી બંધ થઈ પેલીને સમજાવે: 'સંસાર અનિત્ય છે' વગેરે સમજાવે. એમ કરતાં કરતાં પા અર્ધા પોણા કલાકે શાંત રહે. હવે કોઈ વખત આને ઘેર મરણ થયું ત્યારે તે તેને સમજાવે. પણ એ બાઈ તુચ્છ જાતની ગણાય, હલકી બુદ્ધિની ગણાય પણ એવી એકે નથી કે રાંડ, બેસને, તારે ઘેર હતું ત્યારે કેમ બોલતી હતી ? તેમ બોલતી નથી. આશ્વાસન દેવા આવેલા મનુષ્યને કોઈ એમ ન કહે 'કે તું કેમ તે વખતે હતાશ થયો હતો?'

તે કહે છે કે એ ખરું છે પણ મારાથી રહેવાતું નથી. આ વાત મગજમાં છે એટલે એ કહેવાનો વખત નથી. તેથી એ કહેનારા એજ સાંભળનારા. મોહનો ઉધામો સમજુને પણ થાય. પણ સમજુ સમજણના ઘરમાં હોય તો એમ ન બોલે કે 'તારે ત્યાં આવે તો તું કેમ કરે છે ?'

કદાચ એમ બોલે તો રાંડ કરતાં અકકલ ગઈ ! વસ્તુ સમજવી જોઈએ. રહેવાય નહીં પણ પોક મૂકવી વ્યાજબી નથી, તેથી કશું વળવાનું નથી. પણ મારું હૃદય ભરાયું છે તેથી રહેવાતું નથી એટલી સમજણને લીધે કલેશ કરે છે પણ તે બાઈ લડાઈ કરતી નથી. તેમ સગરે બ્રાહ્મણને ખૂબ સમજાવ્યો. પણ બ્રાહ્મણે સાઠ હજાર પુત્રો મરી જવાનું કહ્યું તે વખતે સમજણમાં સાગરને શૂન્ય મૂકાઈ ગયું. વસ્તુ સ્થિતિથી હૃદયનો

પ્રેમ શોકમાં પરિણમ્યા વગર રહેતો નથી. જેટલો પ્રેમ તેટલો જ શોક. શોકનો પ્રેમ ગુણ સાથે કે પુન્ય સાથે નથી. શોકનું પ્રમાણ તમારા સ્નેહની સાથે છે. સ્નેહ કેમ શોક કરાવે છે? હજુ તમે ખોટા રૂપે કહી શકો કે અમારાં બાળબચ્ચાં પાળશે પોષશે પણ હું મરી ગયો તો અમારા સામું જોશે કોણ?

આ તો શોક કરો તેમાં એક બહાનું છે. ખરું જોતાં એની પર રાગ છે તે રોવડાવે છે. કૂતરીનાં કુરકુરિયાં કૂતરીને કેટલાં પાળવા પોષવાનાં? ગાયનાં વાછરડાં ગાયને પાળવા પોષવાનાં છે! ભેંસના પાડા તેને પાળતા પોષતા નથી. તો જ્યારે તે મરતાં હશે ત્યારે તે કૂતરી, ગાય, ભેંસને કશું થતું નથી ને? તમે નજરે જોઇ શકો છો. ત્રણ દહાડા સુધી તેમનાં આંસુ સુકાતાં નથી, તેઓ ખોરાક લેતાં નથી. જાનવર બચ્ચાના વિયોગને લીધે આંસુ પાડે. છે, શોક કરે છે તો એને કયું પાલન પોષણ છે? તો કેવળ તેમનો મમત્વભાવ શોક કરાવે છે. શોકનું મૂળ મમત્વ છે. મારાપણાની હયાતી હોય ત્યાં શોક છે. ખરી રીતે શોક કરાવનારી ચીજ મારાપણું છે. એ મારાપણાના અંગે અફસોસ કરીએ છીએ.

અફસોસ વસ્તુનો નથી, અફસોસ મમત્વનો છે. રાજાને કુંવર પ્રત્યે ભાવ હોય તો અફસોસ. ખરી વાત કઈ થઈ? અફસોસ કરાવના શોકની જડ હોય તો મમત્વભાવ છે. તો દુનિયાદારીના મમત્વભાવથી સરવાળે શૂન્યતાવાળો અફસોસ થયા વગર રહેતો નથી. દુનિયાની સામાન્ય વસ્તુ તરફ રાગ અફસોસ કરાવ્યા વગર રહેતો નથી તો જેને વિરતિ ઉપર રાગ હોય તે રાગવાળો દેવલોકમાં ગયો તો સરવાળે શૂન્ય દેખે તો અફસોસ થયા વગર રહે કેમ?

લાંબો કાળ સાધુપણું ન મળ્યું તેનો અફસોસ. સમ્યગ્દૃષ્ટિનો વિરતિ ઉપર કેવો અનહદ પ્રેમ હોય? આ દાખલો પ્રેમ જમાવવા માટે કહ્યો છે. સાગરોપમ સુધી અફસોસ ટળતો નથી, તે પ્રેમ કઈ હદનો હોય? આપણે રાંડ્યા પછી એવું ડહાપણ આવશે. દેવલોકની બળતરા તે રાંડ્યા પછીનું ડહાપણ છે. એ કામ ન લાગે, પણ રાંડવા પહેલાં વિચાર કરવો જોઈએ.

માટે આપણે સર્વવિરતિના રસ્તે ન ગયા, પાપથી દૂર ન રહ્યા, પછી દેવલોકમાં જઈ સાગરોપમ સુધી ઝૂર્યા કરવાના! પણ તે ઝૂર્યામાં કશું વળે નહીં. રાંડ્યા પછી, 'ફલાણા હકીમને ન બોલાવ્યો.' તેમ કહેવાથી વળવાનું શું? તેમાં એ પતિ જીવતા હતા ત્યારે તે દવાનું દુર્લક્ષ્ય કરે અને રાંડ્યા પછી દવાની વાતો કરે તે બાઈને કેવી ગણીએ? મરી જાય પછી; 'ડૉકટર ન આવ્યો' વગેરે કહીને રડે તો તેને કેવી ગણવી? તેમ આપણે વિરતિ પરિણામને જીવાડવાને તાકાતવાળા છીએ તે વખતે આપણે ચામડી ચૂંથનારા લોહીની લાગણીવાળા એટલે સર્વ વિરતિમાં હાડકાં હરામ થાય છે. ચામડાંને લોહી નડે છે. નહીંતર સર્વવિરતિમાં બીજી કઈ ચીજ છે? 'વિરતિ પરિણામને સજીવન કર' આમ કોઈ ઉપદેશે ત્યાં તો ત્યાં હાડકાની હરામી આગળ આવે છે. પછી દેવલોકમાં જઈ એ 'ત્યારે સાગરોપમ સુધી મેં ન કર્યું" એમ બોલીએ.

મનુષ્યભવ હારી ગયો. આ રાંડ્યા પછીનું ડહાપણ ને તે મહોકાણુમાં શું વળે? 'જૈનશાસનમાં વિરતિ કરી એટલી ફાયદાકારક' એ વિશ્વાસને, વચનને સ્થાન નથી. સ્થાન કોને છે? આટલી અવિરતિ ટળી કેમ નહીં? તેને સ્થાન છે. આપણામાં કહેનારા છે કે બાર વ્રત પ્રતિમા વહી પછી સાધુપણું લેવું જોઈએ. દરેક અફીણ છોડનારને લહરકા મારવા જ જોઈએ. આ કહેનારની અક્કલ કેટલી? લહરકા મારીને છોડવું એ નિયમ, પણ કોને માટે એ નિયમ છે? જેને દારૂ તથા અફીણ ગળે વળગ્યા હોય તેને પણ એ કે જે રીતે પોતે છોડ્યા તે રીતે બીજાને પણ તેમ જ છોડાવું. લહરકા વગર છોડે તે નકામું છે એમ ગણો છો? જ્યારે અફીણ-દારૂ છોડવાનો રસ્તો છે, તો વગર રસ્તે છોડનારા નકામા છે? રસ્તો કોને માટે છે? ગળે વળગ્યા હોય તેને માટે છે, બધા માટે એ રસ્તો નહીં તેમ જે વિષયકષાયમાં ફસ્યા હોય, તેને નીકળવા માટે અગિયાર પ્રતિમારૂપી લહરકા દેવાના છે. અગિયાર પ્રતિમામાં કયો વિષય લીધો છે? દંસણ સમ્યકૂત્વ, વ્રત, પૌષધ અનુક્રમે દુનિયાદારીની વૃત્તિ ઘટાવી છે. સંસારનો પ્રતિબંધ ઓછો કરવો છે, પણ સંસારનો પ્રતિબંધ છે નહિ તેને ઘસીને ઓછો કયાં કરવાનો?

ભગવાન્ હરિભદ્રસૂરિએ જણાવ્યું છે કે બીજા કાળની વાત દૂર રહી. આ દુઃષમકાળમાં દીક્ષા લેનારે પ્રતિમા વહન કરવી જ જોઈએ. આમ પંચાશકમાં નિયમ કર્યો છે. ચોથા ત્રીજા આરાની વાત દૂર પણ આ દુઃષમકાળમાં જરૂર પ્રતિમા વહી સાધુપણું લેવું જ જોઈએ. જો હરિભદ્રસૂરિને માનો છો તો તમારે તે પ્રમાણે કરવાનું ફરજિયાત ખરું કે નહીં? તે નાકબૂલ નથી. પ્રતિમાનો અભ્યાસ કરી સાધુપણું લેવું તે વાતમાં ના પડાય તેમ નથી. આ ત્રણે વસ્તુ હરિભદ્રસૂરિના વચનથી કબૂલ કરો છો તો નવા ને જૂનામાં ફરક ક્યાં રહ્યો?

અગિયાર પ્રતિમા વહન કરો એટલે સાડા પાંચ વરસની વાત છે. હરિભદ્ર દીક્ષાના ઉમેદવારને સાડા પાંચ વરસ પહેલાં ઘંટ વગાડવાનું કહે છે. અમે તો યુવકો મહિનો, બે મહિના કહીએ છીએ. માટે તમે ડાહ્યા કે અમે ડાહ્યા કે હરિભદ્રસૂરિ ડાહ્યા?

શાસ્ત્રનાં વાક્યો યથાસ્થિત ન સમજે તે કઈ સ્થિતિમાં આવે? જીવ બે પ્રકારના: ભવ્ય અને અભવ્ય–આમ ભેદ ચાલતા હતા, તેમાં 'ભવ્ય' શબ્દ સાંભળ્યો. અભવ્ય વાત સાંભળવી રહી ગઈ. વ્યાખ્યા કરતાં. ભવ્ય મોક્ષે જવા લાયક, તે શબ્દ ઊંઘમાં ગયો ને અભવ્ય એટલે 'મોક્ષે જવાલાયક' નહીં તે સાંભળ્યો એટલે એકે શબ્દ બોલ્યા નથી તેમ નહીં. પણ ભવ્યની વ્યાખ્યા ઊંઘમાં ગઈ. અભવ્યની વ્યાખ્યા ભવ્યના અર્થમાં સાંભળી, વચલો અર્થ ઊડી ગયો. વચલા શબ્દો કાઢી નાખ્યા તેનું શું? આ બેઈમાની કૂટ નીતિક હોય તેમ અહીં પહેલાં તો હરિભદ્રસૂરિએ કોને માટે કહ્યું છે?

તેઓને માટે જેણે પહેલાં દેશવિરતિ ધર્મરૂપ અંગીકાર કર્યો હોય. શ્રાવકધર્મ અંગીકાર કરવાનું કોને છે? જે સર્વવિરતિ લેવાનું મન કરે પણ સર્વવિરતિમાં પોતાની શક્તિ નથી. દુનિયાની આસક્તિથી તે કરી શકું તેમ નથી. 'રક્ત આરંભ પરિગ્રહે.' આરંભ પરિગ્રહમાં રક્ત હોવાથી મારાથી બની શકે તેમ નથી.

આસક્તિને લીધે સર્વવિરતિમાં અશક્ત બને તેવાને પ્રતિમાનો નિયમ રાખ્યો છે. સાડાપાંચ વરસનો ઘંટ કોને માટે? દીક્ષિત માત્ર

માટે કે આસક્તિથી રહેલો હોય તેને માટે ? કેમ શક્તિમાન થવું તેવો વિચાર હોય તેને માટે છે. આથી આસક્તિ ઘટતી ન હોય તેવાને ક્રમસર આસક્તિ ઘટાડવાનો અગિયાર પ્રતિમા એ રસ્તો છે. બીજી બાજુ એ જ શ્રાવકની પ્રતિમાનો કાળ કયો કહ્યો છે ? કાણી હાથણી જેવા આપણે એક જ વસ્તુ દેખી શકયા. જોડે હરિભદ્રે લખ્યું છે કે જઘન્ય કાળ કાચી બે ઘડીનો છે. એક એક પ્રતિમાનો જઘન્ય કાળ કેટલો ? કાચી બે ઘડી ૧૧×૨=૨૨ ઘડી–એ કેમ ન દેખ્યું ? અને બિચારાને ૬૬ મહિના દેખાયા, પણ ૨૨ ઘડી ન દેખાઈ ! એ જ હરિભદ્રસૂરિએ દીક્ષાની જઘન્ય વય કેટલી કહી ?

જઘન્ય વયમાં અગિયાર પ્રતિમાનો વખત કયાં રહેવાનો ? જઘન્ય વયમાં સમજે શું ? જઘન્ય વય જણાવી તેમાં હરિભદ્રસૂરિ લે છે પરિણામનો સદ્ભાવ અને પરિભવનો અભાવ–દીક્ષાના પરિણામનો સદ્ભાવ અને પરિભવનો અભાવ. પરાભવ એટલે જ્યાં પોતાની મેળે શરીરનું શૌચ કરી શકતો નથી, જેને અહીં બેસજે એટલા માત્રથી બેસી રહે નહીં, રોકયો રહે નહિ વા એને પરિભવનું સ્થાનક માન્યું છે. હવે આઠ વરસનો છોકરો શરીર ચોખ્ખું ન કરી શકે તેવું અક્કલમાં આવે છે ?

હાથે પાણી રેડવું, હાથે સાફ કરવું તે કઈ ઉંમર સુધી ? માતા પિતાની માફક એની સુશ્રુષા કરવી પડે માટે નાનપણમાં દીક્ષા નહીં. તે પાંચ છ વરસનો થાય પછી બેસાડો તો બેસી શકે, ન જઈશ તો તે નથી જતો. કહ્યા પ્રમાણે રહી ન શકે, વાર્યો ન રહે, શિખામણ ન સમજી શકે તો તે બાળક પરિભવનું સ્થાનક ગણાય. અત્યારે અમે વર્જીએ પણ જ્યાં રોગી થાય તે વખતે શરીર ધોવું પડે કે નહિ ? વૃદ્ધ થાય તે વખતે કરવું પડે કે નહીં ?

એટલે પરિભવનું સ્થાનક છે માટે દીક્ષા નહીં દેવી તે સામાન્ય હેતુ છે, મુખ્ય હેતુ નથી. તો માંદો કે ઘરડો થાય તો પાંજરાપોળે મૂકવો પડે, આવો સિદ્ધાંત માનવો પડે. તે તો અમે કરતા નથી, તો એ હેતુ મજબૂત નથી. ચારિત્ર લેવું છે એવા પરિણામવાળો થતો નથી,

આ મુખ્ય હેતુ છે. પેલા સામાન્ય હેતુ છે, વાત ખરી, પહેલાં પરાભવના કારણમાં મુદ્દો કયો જણાવ્યો ?

સાધુને ભણવા ગણવામાં અંતરાય પડે. તદ્દન નાની ઉંમરમાં દીક્ષા દેવામાં આવે તો ? માતાને હાથમાં પકડી રાખવો પડે છે. રાંધવું હોય તો મુશ્કેલી પડે છે. એવા નાનાંને સાધુ દીક્ષિત કરે તો પુસ્તક પાનાંને પરદેશ મોકલવા પડે. બાળ બચ્ચાંવાળાની માતાની દશા સાધુની થાય. સ્વાધ્યાયનો વ્યાઘાત નુકશાન થાય. ધ્યાન તપસ્યાનું નુકસાન તરીકે છે.

છતાં એ ક્ષંતવ્ય છે. નહિ તો માંદો થાય તો પાંજરાપોળે મોકલવાનો સિદ્ધાંત કાઢવો પડે. સ્વાધ્યાય, તપ, ધ્યાનના વ્યાઘાતને મુખ્ય ગણવામાં આવે તો બિમાર વૃદ્ધ સાધુની વૈયાવચ્ચનો વખત રહે નહીં, માટે આ ક્ષંતવ્ય છે. એક મનુષ્યના ચારિત્રરક્ષણ કરતાં આપણું અમુક ટાઈમનું ધ્યાન, સ્વાધ્યાય, તપ વધી ગયું ગણાય નહિ. પેલા ચારિત્ર કરતાં વધારે ચઢતી કોટીનું હોય. પરાભવનું સ્થાન તે સામાન્ય હેતુ, ખરો હેતુ એવી નાની ઉંમરવાળાને ચારિત્ર લેવાનો વિચાર થાય નહિ. મજબૂત હેતુ કયો ? એક પછી બીજો હેતુ કયારે મૂકવો પડે ?

બીજામાં મજબૂતી વધારે લાગે ત્યારે ઘણા ભાગે ચારિત્રના પરિણામ નાની ઉંમરમાં થતા નથી. ભાગ્યશાળીને થાય તેમાં અમે રોકવા બેસતા નથી. માટે પ્રાયઃ શબ્દ કહ્યો છે. હરિભદ્રસૂરિએ ઘણા ભાગે આ શબ્દ કહ્યો છે. વધારે ભાગે નાની ઉંમરમાં વિરતિના પરિણામ ન થાય ! શ્રાવકપણાની વિરતિ પણ ઝોડે લીધી છે, તે સ્વતંત્ર થતા નથી. એ જ હરિભદ્રસૂરિ એક બાજુ પ્રાયઃ શબ્દની સામે નાની ઉંમર યોગ્ય માને, બીજી બાજુ પ્રતિમાનો નિયમ કરે તે બે વચન સંગત કરવા પડશે.

જેઓ વિષયકષાયમાં દોરાયા હોય, તેવાએ છૂટવું હોય, તેવાએ આ રસ્તે ચાલવું પડે. લહરકા એ છૂટવાનો રસ્તો-રીતિ નહીં. એ રીતિએ ગયો એ જ છૂટયો એમ નહીં. એમ અગિયાર પ્રતિમા હરિભદ્રે કહી તેનો જઘન્ય કાળ કહ્યો. બીજી બાજુ એ રીતિ નહીં, પણ રસ્તો કહ્યો. રાજ્ય વિરુદ્ધ ચોર હોય એવાની દીક્ષાની મનાઈ છે. બીજી બાજુ એવાની

દીક્ષા માન્ય કરી તેને વંદન કરે છે. ભગવાન મહાવીરના પિતા ઋષભે અત્યંત વૃદ્ધપણામાં દીક્ષા લીધી તે વંદનીય કેમ ગણાય?

આર્યરક્ષિતને અંગે શિષ્યચોરી કહેવાય. અગિયાર વર્ષમાં પિતાની રજા સિવાય દીક્ષા અપાઈ તે ચોરી કબૂલ કરે તેને વંદન કેમ કરે છે?

શિષ્યચોરીથી દીક્ષિત થએલાને મુનિ ગણ્યા. આચાર્ય યુગપ્રધાન ગણી વંદન કર્યા તે કેમ બને? એક બાજુ દૂષણ છે, એને જ ઉપકારી માની વંદન કરો, આ બે બને કેમ? કારણ એક જ. ત્યાં વસ્તુ અયોગ્ય ન હતી, રસ્તો–રીતિ અયોગ્ય હતાં. **રીતિ–રસ્તાથી વસ્તુ અયોગ્ય થતી નથી.** દીક્ષાની અયોગ્યતા કહેનારો જૈન શાસન સમજતો નથી. સતી કુટુંબના સંતોષથી શીલ પાળે, કાં તો ખંજર ભોંકી શીલ પાળે. શાણી સમજથી જે શીલ પાળે તે ઉત્તમ, પણ કદી પ્રસંગે ખંજર ભોંકી શીલ પાળ્યું તેથી શીલ અયોગ્ય થતું નથી. વસ્તુ અયોગ્ય નથી. છેતરપીંડી કરીને પાળેલું શીલ–બન્નેમાં અમુક યોગ્ય શીલ, અમુક અયોગ્ય શીલ એમ શીલની કિંમત બોલી શકાય નહીં. આથી વસ્તુ અને રસ્તો રીતિ માટે અગિયાર પ્રતિમા વહેવી જોઈએ.

સંસારમાં લુબ્ધપણું ન છૂટતું હોય તેને છોડવાનો આ રસ્તો બતાવ્યો છે, તેથી વસ્તુની અયોગ્યતા કહેવાય નહીં. આથી સાડા પાંચ વરસની મહેતલ રાખી છે. આ વાત સમજ્યા નથી. સંસાર છૂટે તેને રોકવાના છે નહિ, સર્વથા ત્યાગ એ મૂળ ધ્યેય, તો 'નાહ્યા એટલું પુણ્ય' એ કહેવાનો વખત નથી. જેટલી અવિરતિ રહી એટલું નુકશાન છે. દેવતાના ભવમાં પણ તેની હાય બોલવાતી નથી. ધ્યેય ત્યાં પણ છે કે એટલી પણ અવિરતિ કેમ રહી?

'નહાયા એટલું પુણ્ય' એ સંસ્કાર ન રાખ્યો. રહ્યાં એટલાં ગૂમડાં, રુઝયું એટલું કલ્યાણ, એમ નહીં; પણ રહ્યાં એટલાં ગૂમડાં, અહીં જેટલી વિરતિ થઇ, પણ બાકી અવિરતિ રહી તે ગૂમડાં છે. એ બુદ્ધિ ઉપર આવશે એટલે, મિથ્યાત્વ, અવિરતિ, કષાયનો વિચાર–ઉચ્ચાર–પ્રવૃત્તિ નથી તો પણ તે નહીં જાય ત્યાં સુધી કર્મ લાગવાનાં છે એ માનવું પડે; પણ મગજમાં હજુ તે ઊતરતું નથી.

જે બાબતમાં સંકલ્પ કર્યો નથી, વચન કહ્યું નથી, પ્રવૃત્તિ કરી નથી, જેનો સ્વપ્ને વિચાર નથી તેનાં કર્મ મને લાગી જાય તે શી રીતે માનવું ? અહીં ગૂમડું થયું. તેમાં રસી ભરાવાનો સંભવ. વચન-પ્રવૃત્તિ કરી ન હતી તો રસી કેમ ભરાઈ? એક જ કારણ કે વિકાર ઊભો થએલો છે. એ વિકાર મટે નહીં, ત્યાંસુધી મન, વચન, કાયા ન હોય તો પણ એ રસ્તે કામ થવાનું. તેમ આત્મામાં મિથ્યાત્વાદિક વિકાર રૂપે હોવાથી મનાદિક ન હોય તો પણ કર્મને ખેંચવાના. જ્યાંસુધી વિકાર મટાડો નહિ, ત્યાંસુધી મિથ્યાત્વ, અવિરતિ. વિકાર મટાડો નહીં ત્યાંસુધી, સંબંધી સંકલ્પ ન હોય તો પણ વિકાર થવાનો. ગૂમડું રૂઝાઈ જાય તો જ રસી મટે. તેમ મિથ્યાત્વ, અવિરતિ ચાલ્યાં જાય, તો જ તમે કર્મથી બચો.

હવે મૂળ વાતમાં આવો. દરેક સુખની ઇચ્છા કરે છે પણ આ વિકાર કેમ બાધક છે ? કારણ કે તે રસ્તો લેવાતો નથી. ઇચ્છા માત્રથી કાર્યસિદ્ધિ થતી નથી. માત્ર તેને લાયક પ્રયત્ન થવો જોઈએ. આટલી વાત ધ્યાનમાં લેવી. જિનેશ્વરના ચરણનું પૂજન, વિરતિવાળાનું વંદન, પણ અધર્મમાં બુદ્ધિ થયેલી હોય તેવાની સંગતમાં જવું નહિ, પાત્રમાં ધન વાપરવું, ઉત્તમને અનુસરવું, અંતરશત્રુને જીતવા, તે માટે પંચપરમેષ્ઠી સ્તવન કરવું. એ કરનારો મોક્ષ સુખને હાથમાં કરી લે છે. આથી આ શ્રેણીએ ચઢશે તે મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

હે જિનેશ્વર ! તમારા પ્રભાવથી રાગ, દ્વેષ અને મોહથી રહિત દેવ, હિંસાદિ પાપોનો ત્યાગ કરનારા ગુરુ, તેમ જ નિર્દોષ પાપ રૂપી કચરાથી રહિત ધર્મનો મેં આશ્રય કર્યો છે.

જ્ઞાન, દયા ને ક્રિયા

દેશના ૫૪

'नाणं पंचविहं पन्नत्तं आभिणिबोहियं नाणं' इत्यादि ।

નંદીનું નિયમિત કથન

શાસ્ત્રકાર મહારાજા શ્રુત–કેવળી–ભગવાન ભદ્રબાહુ સ્વામી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે દશ શાસ્ત્ર ઉપર નિર્યુક્તિ કરતાં પ્રથમ આવશ્યક સૂત્ર ઉપર નિર્યુક્તિ કરે છે. શાસ્ત્ર માત્રની આદિમાં શાસ્ત્રકારોએ પાંચ જ્ઞાનોનું વ્યાખ્યાન નિયમિત કર્યું છે. દરેક શાસ્ત્રની વ્યાખ્યા કરતાં ' નંદી ' કરવો જ જોઈએ.

નંદી એટલે શું ?

નંદી એટલે પાંચ જ્ઞાનનું વર્ણન. પાંચ જ્ઞાનોનું વર્ણન એનું નામ નંદી હોવાથી, દરેક શાસ્ત્રની આદિમાં તેનું ઉચ્ચારણ કરીને પછી ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા કરવી પડે છે. કોઈપણ શાસ્ત્ર સંબંધમાં કોઈપણ વિધિ કરવો હોય તો પ્રથમ નંદીને સ્થાન મળે છે. આખા નંદી સૂત્રનું અમુક વખતે વર્ણન કરવામાં આવે છે, પરંતુ સર્વ અનુયોગની અનુજ્ઞા હોય તે વખતે નંદીની વ્યાખ્યા અનુયોગ લેનારને કરવી પડે છે. દરેક સૂત્રના અનુયોગ અવસરે પણ પાંચ જ્ઞાનરૂપ નંદી જરૂર કરવો પડે છે. નંદીના વ્યાખ્યાનનું અનિયમિત છતાં નંદીના કથનનું અનિયમિતપણું નથી. અનુયોગ સૂત્રના ટીકાકાર મલ્લધારી શ્રીહેમચન્દ્ર-સૂરિ દરેક શાસ્ત્રની આદિમાં નંદીનું અનિયમિતપણું જણાવે છે. તે વ્યાખ્યાનની અપેક્ષાએ જણાવે છે. પાંચ જ્ઞાન કથન કરવા રૂપ નંદીનું અનિયમિતપણું કોઈપણ સ્થળે છે જ નહિ. કથનરૂપી નંદી દરેક શાસ્ત્રની આદિમાં નિયમિત છે. વ્યાખ્યાનની અનિયમિતતા છે. વ્યાખ્યા પ્રાયિક છે. છતાં નંદીનું કથન પ્રાયિક નથી. નંદીનું કથન નિયમિત છે.

કોઇપણ શાસ્ત્રની વ્યાખ્યા પહેલાં, ઉદ્દેશાદિક પહેલાં નંદીનું

કથન નિયમિત થવું જ જોઈએ. આ શાસ્ત્રવિધિ સમજવાવાળાને અને માનવાવાળાઓ માટે નંદીનું કથન નિયમિત કર્યું. તેમ છતાં શાસ્ત્રવિધિથી અનિયમિત વર્તવાવાળા હોય તેવા માટે શાસ્ત્રકાર કંઈપણ કહી શકતા નથી. લજ્જા નામનો ગુણ પણ દેખવાવાળાને છે. આંખો નથી તેને લાજ કઈ? આંધળાને આંખની શરમ ન હોય, તેમ શાસ્ત્રની વિધિથી બેદરકાર હોય તેવા માટે આ શાસ્ત્રીય કથન નથી. જેઓ શાસ્ત્રની વિધિ તરફ આદરવાળા હોય તેવાને શાસ્ત્રકારોએ એ જ વિધિ રાખ્યો છે કે દરેક સૂત્રની શરૂઆતમાં નંદીનું કથન કરવું. કદાચ નંદીનું વ્યાખ્યાન ન કરો પણ નંદીનું કથન તો જરૂર કરવું જોઈએ.

નંદીસૂત્રમાં જ્ઞાનનું વર્ણન હતું છતાં ભદ્રબાહુસ્વામીને આવશ્યકની નિર્યુક્તિની શરૂઆતમાં નંદીનું નિરૂપણ શા માટે કરવું પડ્યું?

સમગ્ર જ્ઞાનનું વ્યાખ્યાન નંદીસૂત્રમાં હતું તો આવશ્યકની નિર્યુક્તિ કરતાં ભદ્રબાહુસ્વામીને સ્વતંત્ર જ્ઞાનનું વર્ણન કરવું પડ્યું, કારણ એ છે કે નંદીની વ્યાખ્યા નિયમિત ન હતી. જ્ઞાનનું કથન પ્રાયે નિયમિત હતું. તેથી જ નંદી સૂત્રમાં સંપૂર્ણ વિવેચન છતાં આવશ્યક નિર્યુક્તિ કરતાં પાંચ જ્ઞાનનું કથન કરવું પડ્યું. નંદીનું કથન નિયમિત છે. જ્ઞાનનું કથન નિયમિત અને વ્યાખ્યા અનિયમિત હોવાથી અહીં જ્ઞાનની વ્યાખ્યા પણ કરવી પડી અને કથન પણ કરવું પડ્યું.

જ્ઞાનની સાધન દશા

એટલું બધું જ્ઞાનનું મહત્ત્વ શું?

જૈન શાસ્ત્રમાં જ્ઞાન એ સાધ્ય નથી, પરંતુ જ્ઞાન એ સાધન છે. જ્ઞાન સાધનરૂપે રાખ્યું છે પણ સાધ્યરૂપે રાખ્યું નથી. **જ્ઞાનસ્ય ફલં વિરતિઃ** બોલીએ છીએ. અર્થાત્ વિરતિ ન આવે તો જ્ઞાન નિષ્ફળ. જ્ઞાન સ્વતંત્ર ફળ રૂપ હોત તો તેના ફળ સુધી દોડવું પડત નહિ. કોઈ દિવસ ફળનું ફળ પૂછવું પડતું નથી. જ્ઞાન એ જ ફળ હોત તો જ્ઞાનનું ફળ કયું? આ પ્રશ્નનો અવકાશ રહેત નહિ. પણ અહીં પ્રશ્નનો અવકાશ છે તેથી જ જ્ઞાનનું ફળ કયું? એમ

પૂછાય છે અને તેનો ઉત્તર પણ **ज्ञानस्य फलं विरतिः** જ્ઞાનનું ફળ વિરતિ છે એમ દેવાય છે. જ્યારે ફળ વિરતિ છે તો પછી એ ચોક્કસ સમજાય છે કે જ્ઞાન એ વિરતિરૂપી ફળનું સાધન હોવાથી જ્ઞાન સાધન કિંમતી છે. આ વાત મગજમાં લેશો એટલે **पढमं नाणं तओ दया** એ પદ સમજાશે.

'પઢમં નાણું તઓ દયા' આ શબ્દો હરકોઈ બોલે છે, પણ એ વાકયમાં તત્ત્વ કયું છે? તે સમજતા નથી. એ જ તત્ત્વ બતાવ્યું કે જ્ઞાન એ સ્વતંત્ર ફળ દેનાર ચીજ નથી, સ્વતંત્ર સાધ્ય પણ નથી અને ફળ નથી. જ્ઞાન પછી દયા એટલે સંયમ, વિરતિ, વ્રત, પચ્ચ-ક્ખાણ આવે ત્યારે જ જ્ઞાનનાં ફળ આવ્યાં કહેવાય. જ્ઞાન આવ્યું છતાં પણ જ્ઞાન એ સાધ્ય કે ફળ નથી. ફળ તરીકે સાધ્ય કઈ ચીજ? તો જવાબમાં દયા કહેવી પડશે. તે માટે **पढमं नाणं तओ दया** પહેલું જ્ઞાન અને પછી દયા કેમ કહી? તો સમાધાનમાં સમજવું જોઈએ કે જગતમાં પહેલાં કારણ હોય પછી જ કાર્ય હોય. જ્ઞાન પહેલું એટલે જ્ઞાનની કારણદશા. પછી દયા=સંયમ અર્થાત્ સંયમ કાર્ય-દશા. જગતમાં પણ પહેલો ચૂલો સળગાવવો પડે અને પછી રસોઈ થાય. પહેલાં લગ્ન ને પછી પુત્ર, પહેલાં વૃક્ષ ને પછી ફળ. પહેલાં ચૂલો અને પછી રસોઈ કહેવાથી એકલા ચૂલાને વળગવાવાળો ભૂખે મરે. ફળની ઇચ્છાવાળો ઝાડની ડાળોને મરડીને ફળ તોડનારો તે પણ બીજને ભૂલતો નથી. એકલા ઝાડને ઊભું રાખનારો સુજ્ઞ ગણાતો હોય તો પણ પહેલાં કહ્યું તેનો અર્થ કયો એ સમજવું જોઈએ.

જ્ઞાન એ સાધનદશા છે. વિરતિ સાધ્ય દશાની ચીજ છે. ચૂલો સળગાવવામાં ૧૦૦ ચૂલા સળગાવે, એકે ચૂલે રસોઈ ન કરે તે સળગાવનારની કિંમત કેટલી? ફળ તરફ દરકાર ન રાખનારો જ્યારે ચૈત્ર વૈશાખમાં આંબો વેડાઈ જાય છે તેની તો દરકાર કરે નહિ અને મારો આંબો સ્થિર રહેવો જોઈએ-આવું કહ્યા કરે એની અક્કલની કિમ્મત કેવી ગણવી? રસોઈ વગર ચૂલાનું સળગાવવું, કેરીને ભૂલીને એકલા આંબાનું રક્ષણ એ ફોગટ મજૂરી છે. સાધ્ય શૂન્ય

હોવાથી કેવળ તે કષ્ટ રૂપ છે, તેવી રીતે અહીં "પઢમં નાણું" કહી શાસ્ત્રકારો ખૂલ્લા શબ્દોમાં કહે છે કે વિરતિ, વ્રત, પચ્ચક્ખાણ વગરનું જ્ઞાન કેવળ કષ્ટ રૂપ છે.

વ્રત વગરના જ્ઞાની અને ગધેડામાં ફરક નથી

આ વાત લક્ષ્યમાં લેશો ત્યારે શાસ્ત્રકારોએ વ્રત વગરના જ્ઞાનીને ગધેડાની ઉપમા આપી છે. તે કઇ અપેક્ષાએ આપી? તો સમાધાનમાં એકલા ચૂલા સળગાવનાર પણ જો રસોઇ ન કરનાર હોય તો તે મૂર્ખશિરોમણિ ગણાય અર્થાત્ અક્કલ વગરના ગણાય. તેથી જ શાસ્ત્રકારો ચારિત્ર વગરના જ્ઞાનવાળાને ગધેડા જેવા જ ગણે છે. કોઈ કહેશે કે આ તો તમે ચારિત્રને ચઢાવી દેવા માટે કહો છો. તો કહેવું પડશે કે ના. શાસ્ત્રમાં આ પ્રમાણે કહેવાય છે—

जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ॥
एवं खु नाणी चरणेन हीणो नाणस्स भागी न हु मोक्खसुहस्स ॥१॥

જેમ ગધેડો ચંદનનો ભારો વહે છે. ગધેડાને ચંદન અને બાવળમાં ફરક કયો લાગે? અર્થાત્ બન્ને સરખાં લાગે. ચાહે શરીર ઉપર ચંદન કે બાવળનો બોજ નાખો તો તેને બન્ને જ બોજા જ છે. જેમ ગધેડો ભલે ચંદનનો ભાર વહે તો પણ તે તો બિચારો માત્ર ભારનો ભોગવટો કરનાર છે, ચંદનનો ભોગવટો કરનાર નથી. આવી રીતે દુનિયાનું દૃષ્ટાંત જણાવીને શાસ્ત્રકાર નિશ્ચયપૂર્વક કહે છે કે એવો કોણ? તો કહે છે કે નાણી–જ્ઞાની. જ્ઞાની જ્ઞાનનો ભાર વહે છે એટલે એ પણ ધોળો ગધેડો છે. આથી જ્ઞાનનું અપમાન કે નિંદા કરતા નથી, સાધન તરીકે રહેલા જ્ઞાનની પૂજના કરીએ છીએ, પણ તેની નિંદા કરતા નથી. જેને જ્ઞાન સાધ્ય ગણ્યું છે અને ચારિત્ર સાધ્ય ગણ્યું નથી. એના માટે આ કહેવાય છે. તેથી **चरणे न हीणो** ચારિત્રે શૂન્ય એવો જ્ઞાની કયો? ચારિત્રે શૂન્ય એવો જ્ઞાની એ ચંદન વહેનાર ગધેડા જેવો જ છે. અહીં ભાર કઈ ચીજ ને ફળ કઈ ચીજ? તે સમજવતાં **नाणस्स भागी** તે જીવ જ્ઞાનરૂપી ભાગી છે.

નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામીજી કહે છે કે ચારિત્ર વગરનું જ્ઞાન તે જ ભાર, ચારિત્રવાળું જ્ઞાન તે ચંદનનો ઉપભોગ, કારણ કે ચારિત્ર વગરના જ્ઞાનવાળો તે માત્ર જ્ઞાનનો ભાર વહન કરે છે, પણ એ સદ્ગતિનો ભાગી નથી. અર્થાત્ આ કથન સાફ સાફ જણાવી દે છે કે **पढमं नाणं तओ दया** તે પ્રથમ શબ્દ માત્ર જ્ઞાનની સાધનતા જણાવવા માટે છે. અને તઓ શબ્દ તે જ્ઞાનથી વિરતિ જ જણાવેછે. ततः શબ્દથી વિરતિનું ફળ જણાવે છે. બન્ને વસ્તુનું તત્ત્વ શું ? **ज्ञानस्य फलं विरतिः** શાસ્ત્રકારો તે જ્ઞાનને જ્ઞાન કહેવા તૈયાર નથી, કારણ કે તઓ એટલે **प्रश्चात्कालभावि** ज्ञानं=કારણું વિરતિઃ=કાર્ય ન થાય તો કારણ નકામું છે.

સાધ્ય સિદ્ધિ ન થાય તો તે જ્ઞાન અજ્ઞાન છે

દશવૈકાલિક, આવશ્યક અને પ્રશમરતિના વાકયથી જ્ઞાનને કારણ ગણી કંઈક ધારણા રાખી હતી પણ વિશેષાવશ્યકકાર શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણજી આગળ વધ્યા છે. જ્ઞાનનું કાર્ય ન હોય તે જ્ઞાનને જ્ઞાન ન કહેતાં અજ્ઞાન જ કહેવું. દશવૈકાલિક, આવશ્યક તથા પ્રશમરતિકારે જ્ઞાનને કારણ ગણ્યું. ત્રણ જગ્યાએ કારણની વાત લક્ષ્યમાં રાખી કાર્યનો ઉદ્ભવ કથંચિત્ થાય તે અપેક્ષાએ જ્ઞાન કહ્યું. **नाणी चरणेन हीणो** ત્યાં જ્ઞાની કહ્યો પણ ભાષ્યકાર જિનભદ્રગણી ક્ષમાશ્રમણ પૂર્વની ગાથા લઈને ફળસિદ્ધિ વગરના જ્ઞાનીને અજ્ઞાની કહે છે. પૂર્વમાં રહેલી ગાથા લઈને કહે છે કે જ્યાંસુધી જ્ઞાનનું ફળ આવે નહિ, ત્યાંસુધીનું જ્ઞાન તે અજ્ઞાન ગણવું. કારક સમ્યક્ત્વવાળાની અપેક્ષાએ રોચક સમ્યક્ત્વવાળા શ્રેણિક પ્રમુખ મિથ્યાત્વી છે. સો હાથ કાપડ ભરે છે પણ તસુ કાપડ ફાડતા નથી. કારક સમ્યક્ત્વની અપેક્ષાએ રોચક સમ્યક્ત્વવાળા મિથ્યાત્વી છે.

નિશ્ચયવાળો ચોખ્ખું બોલે છે કે ચારિત્રનો વધ થયો તો જ્ઞાન-દર્શનનો વધ છે જ. કાચમાં બધી સુંદરતા દેખાય તેથી તેને રત્ન ન કહેવાય. ભીંત કરતાં કાચ સુંદર છે. પાંજરાપોળ કરતાં અશક્તાશ્રમ એ જૂદો છે. સર્વવિરતિરૂપ સશક્ત આશ્રમમાં ન જાય ત્યાં સુધી

દેશવિરતિવાળા અશકતાશ્રમવાળા છે. ત્રણ ગ્રન્થકારોએ કારણ ધ્યાનમાં રાખી 'જ્ઞાન' શબ્દ પણ વાપર્યો. પૂર્વધર મહારાજે કારણની કિંમત તેટલી ન ગણતાં અજ્ઞાન કહ્યું. જ્ઞાનનું ફળ નથી તેથી મિથ્યાદૃષ્ટિ છે અને તેથી અજ્ઞાની છે. કોઠારનું અનાજ તેને અંકુરાનું કારણ નૈગમ સંગ્રહ માને. ઋજુસૂત્રવાળો અંકુરો થવાની નજીકમાં દાણો તૈયાર છે ત્યારે અંકુરાનું કારણ દાણો ગણે છે અર્થાત્ જે વખતે અંકુરો થવાની તૈયારી છે તે વખતનું બીજ તે અંકુરાનું કારણ. તેમ દશવૈકાલિકકાર વગેરે ત્રણ આચાર્યો કારણપણું માની, દૂરનું કારણ માની તેને જ્ઞાન કહે છે. જ્યારે પૂર્વધર મહારાજા દૂર કારણને કારણ ન માનતા 'કુર્વંત રૂપત્વ' બીજમાં કુર્વદ્ રૂપત્વ હોય તો (એટલે તદ્દન નજીક હોય તો) બીજને અંકુરાનું કારણ ગણે, બીજા બધાને અંકુરાનું કારણ ન ગણે.

બીજ વાવ્યું, વરસાદ થયો. હવા આવી પછી અંકુરો થવાની તૈયારીમાં જ કારણ ગણે. પૂર્વધરો જ્યાં ફળ નથી ત્યાં જ્ઞાન માનવા તૈયાર નથી. આ જ્ઞાનનું વિવેચન સાંભળી કેટલાકને એમ થશે કે અહીં ચારિત્રને શિખરે ચડાવ્યું, જ્ઞાનની દશા ચારિત્રના ચાકર તરીકે છે. વિરતિના અણવર તરીકે જ્ઞાન માત્ર ગણાવ્યું છે. સૂત્રથી સિદ્ધ થએલી વાસ્તવિક અવસ્થાની વાત માનતાં ખટકો લાગે છે. વિરતિ લોઢાના ચણા ચાવવા જેવી કઠણ ને નીરસ લાગે છે. સંયમ સામા પૂરે તરવા જેવું દુષ્કર લાગે છે, તેથી જો જ્ઞાન માત્રમાં જેઓને કિંમત કરાવવી છે તો જ્ઞાન કેમ ઉડાડી દો છો? જવાબમાં સાંભળો–

સર્વારાધક જ્ઞાન

શાસ્ત્રકાર જ્ઞાનને સર્વ આરાધક કહે છે. આજે જ્ઞાનનું સર્વ–આરાધકપણું વાસ્તવિક નહિ, પણ ઉપચરિત છે. વાસ્તવિક શું છે? દેશ વિરાધકપણું વાસ્તવિક છે ૧. જ્ઞાનવાળો દેશવિરાધક છે અને ૨. ક્રિયાવાળો દેશ–આરાધક છે ૩. જ્ઞાન અને ક્રિયા બન્ને બરાબર હોય તો સર્વ–આરાધક છે. ૪. એકે ન હોયતો સર્વ–વિરાધક છે. આ ચાર ભાંગા લક્ષ્યમાં લેવા. એકલી ક્રિયાવાળાને જ્યારે દેશ આરાધક ગણ્યા છે ને એકલા જ્ઞાનવાળાને દેશ–વિરાધક ગણવામાં આવ્યા છે. 'દેશ–આરાધક'ને 'દેશ–

વિરાધક' શબ્દ વિચારો. જ્ઞાનવાળાને દેશ–આરાધક ન કહ્યો. દેશઆરાધક કહેવું હતું ને? તે કેમ ન કહ્યું? જ્ઞાનવાળો ત્યારે કહેવાય કે એની દૃષ્ટિએ જે નથી બનતું તેટલી વિરાધના કરી રહ્યો છું. ચાર આની વિરાધના બને છે તે ઉપર લક્ષ્ય હોય તેથી એકલા જ્ઞાનવાળાને વિરાધક કહ્યો. વિરતિના લક્ષ્ય વગરનાને વિરાધક ગણ્યો એકલી ક્રિયા કરવાવાળાને સર્વનું જ્ઞાન નથી. શું મારું કર્તવ્ય? આત્માસ્વરૂપ સંપૂર્ણ સ્થાન આરાધન કયું? તે લક્ષ્ય નથી. 'આટલું હું કરું છું,' ક્રિયાવાળાને 'આટલું કરું છું' ને જ્ઞાનવાળાને 'આટલું ઓછું કરું છું,' તે લક્ષ્ય છે, જ્ઞાનવાળાને લક્ષ્ય સંપૂર્ણ પર છે. આટલી મારામાં ઓછાશ છે, તે જ્ઞાની માને, ક્રિયાવાળો સંપૂર્ણ દૃષ્ટિએ પહોંચ્યો નથી. આટલું કરું છું તે કલ્યાણ.

કૂવાના દેડકા માફક સર્વ આરાધકને ઉપચરિત કેમ કહ્યું? દેશ–વિરાધક જ્ઞાન કહેવું હતું ને? છતાં ત્યાં દેશવિરાધક જ્ઞાન કેમ ન બોલાયું? તો અહીં જ્ઞાન કયું લીધું?

તે જ જ્ઞાન લીધું છે, કે જેમાં ચારિત્રની નિસરણી માંડી છે. ઉપર ચઢવા માંડયું છે, ચઢવા પૂરતી વાર છે એવો જ્ઞાની લેવાનો છે. ચારિત્રની ભાવનાએ વધેલો અને ચારિત્ર તરફ ધસેલો પણ ચારિત્ર મેળવી શકયો નથી. ભરત મહારાજા આરિસા ભુવનમાં હતા, વીંટી, મુગટ અને હારવાળા હતા તે વખતે અનિત્ય ભાવના ભાવતાં વિરતિ તરફ ધસ્યા છે ને તે સર્વ–આરાધક બને તેમાં નવાઈ નથી. ચારિત્રના ચક્કરે ચડે છે, હજુ ચડી ગયો નથી. ચડવા માંડેલો છતાં પણ ચડયો નથી તેવો જ્ઞાનવાળો સર્વ–આરાધક ગણી શકાય તેમાં આશ્ચર્ય નથી. આથી શંકાકારે એ જણાવ્યું કે જ્ઞાન સર્વ–આરાધક ચીજ છે છતાં તેની કિંમત કેમ ઘટાડાય છે? સર્વ–આરાધકપણું ચારિત્રરૂપી ફળની અપેક્ષાએ ગણ્યું છે. અહીં ચારિત્રથી વિમુખ થએલાને આરાધકપણું હોય નહિ. અજ્ઞાની તે મિથ્યાદૃષ્ટિ છે. તે ચારિત્રના ચક્રથી અન્ય દિશામાં ગએલા હોય છે તેથી તેને અજ્ઞાની ગણ્યો છે, ચારિત્રમાં રહેલાને અજ્ઞાની ગણવામાં આવ્યો નથી. હવે ચારિત્ર ફળરૂપ, સાધ્યરૂપ અને કાર્યરૂપ

ત્રણે વાકયથી જ્ઞાન સાધન તરીકે કબૂલ્યું, પણ કેટલાક જ્ઞાનને સાધ્ય ગણુવાવાળા હતા તે માટે આ બધું જણાવ્યું.

જ્ઞાન કરતાં ક્રિયાની અધિકતા

જ્ઞાનને સાધ્ય ગણુવાવાળા નથી એવાએ તો જ્ઞાનને કરવું શું ? જ્ઞાન ભાડેથી મળે છે અને ક્રિયા ભાડેથી મળતી નથી. દુનિયામાં મિલકત ઘરની કામ લાગે. વકીલ બારીસ્ટર ફીથી મળે છે. દસ્તાવેજ કારકુન કે વકીલ પાસે લખાવી શકાય છે પણ ઘર, મિલકત વકીલ પાસેથી ન લેવાય. મિલકત પોતાની જ કામ લાગે. માત્ર ફી ખરચીને વકીલ પાસેથી અક્કલ જ લેવાય. તેમ જ્ઞાન એ ભાડે મળવાવાળી ચીજ હોવાથી જ્ઞાનીની નિશ્રાએ રહેલા અજ્ઞાનીને પણ ચારિત્ર માન્યું. શાસ્ત્રકારોએ વિરતિવાળાની નિશ્રાએ રહેલા અવિરતિવાળાને વિરતિ ન માની. અવિરતિવાળો હોય ને વિરતિવાળાની નિશ્રાએ રહે તો વિરતિવાળો થઇ જાય એમ નથી પરંતુ અજ્ઞાની જ્ઞાનીની નિશ્રાએ રહે તો જ્ઞાની ખરો. આથી બીજાના આત્મામાં રહેલું જ્ઞાન કામ લાગે છે પણ પોતાના વિરતિ સંયમ ક્રિયા બીજાને કામ લાગતાં નથી. સમકિત પામીએ તે આપણા આત્માના જ્ઞાને કે પારકા આત્માના જ્ઞાને ?

જિનેશ્વરે જ્ઞાનથી જાણ્યું ને કહ્યું તેને તહત્તિ માનીએ તો સમકિત. તેમાં જેટલા પદાર્થો જાણીએ તેટલું માનીએ એમ નહિ. જીવ સાક્ષાત્ જોઈ એ તો પછી જીવ માને તો સમકિત એવું કથન શાસ્ત્રનું છે જ નહિ, સમ્યક્ત્વના સ્વરૂપમાં કહ્યું કે અસંખ્યાત પ્રદેશી આત્મા છે, કર્મનો કર્તા, આત્મા નિત્ય છે અને ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનાં સાધન છે તે માન્યું તો સમકિત. કોના જ્ઞાને આ માન્યું ? કહેવું પડશે કે જિનેશ્વરોના જ્ઞાને. જીવને કર્મ કરતો આપણે દેખી શકતા નથી. મોક્ષને અને તેના ઉપાયોને આપણે દેખી શકતા નથી. કેવળી મહારાજે જાણ્યા ને કહ્યા તે આધારે અમે માનીએ તો સમકિતી કહેા ભાડૂતી જ્ઞાન. એમ ચારિત્ર માની લઈ એ તો ચારિત્રી બસ ? ચારિત્ર આચરણનો વિષય છે. આચરણ સ્વતઃ થવું જોઈએ.

જીવાદિક તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા અને જ્ઞાનનો વિષય તે બીજાથી સાંભળીને સદ્દહી શકાય પણ ચારિત્ર પોતે જ આચરવું પડે. જ્ઞાન બીજામાં રહેલું બીજા આત્મામાં કામ કરે નહિ. ચારિત્ર ભાડાની ચીજ નહિ. મિલકત પોતાની જોઈએ. દસ્તાવેજ વકીલ કરી દે પણ મિલકત વકીલ ન આપી દે. એમનાં વચનો વારંવાર યાદ કરો તો જ્ઞાન થાય પણ ચારિત્ર પોતે જ આદરો તો થાય. પોતાનાં આદર્યા વગર ચારિત્ર થઈ શકતું નથી.

સાધનનો સદુપયોગ

દરદીને ઠંડા પદાર્થો વાપરવામાં વાયુ થાય અને ગરમ ખાવામાં લોહી પડે. તેમ કેટલાકે જ્ઞાનની કિંમત ઓછી કરી, તેથી એમાં શું? એમ કહેનારે લક્ષ્યમાં લેવું કે આંખ સાધન ચીજ છે કે સાધ્ય ચીજ? કહેવું પડશે કે આંખ સાધન છે. શત્રુ, મિત્ર, લાલ, લીલું, સોનું, પિત્તળ ઓળખવામાં આંખ સાધન છે. સાધન હોવાથી તેને કદી નકામી ગણી? આંખ પદાર્થ માત્રને લાવનારી ચીજ નથી. લાવવાનું કામ હાથ કરશે. તેટલા માત્રથી આંખ નકામી ચીજ ન ગણી. આખા જીવનને અંગે આંખ સાધન હોવા છતાં તે જરૂરી છે, તેમ જ્ઞાન સાધન છે. આંખથી મોતી જણાય ને કાંકરો જણાય, છતાં મોતી ફેંકી દે ને કાંકરો કોથળીમાં નાંખે તો આંધળો ન હોય તો પણ તેને આંધળો ગણીએ; તેમ અહીં જે આત્મા જ્ઞાનરૂપી સાધન પામ્યો ને પછી અવિરતિ આત્મામાં ભરે ને વિરતિથી છેટો રહે તો દેખતી આંખે દેખીને બેવકૂફી કરનારા આંધળા ગણાય. તેથી જગતના જીવોની અપેક્ષાએ આંખની કિંમત ઓછી થતી નથી.

અવિરતિથી ડરતા નથી તેવાનું જ્ઞાન ભલે નકામું ગણાય તેટલા માત્રથી જ્ઞાન બીનજરૂરી છે તેમ કહી શકાય નહિ. આંખ સાધન હોવાથી નકામી ન ગણાય તેમ જ્ઞાન સાધન હોવાથી નકામું ન ગણાય. પરન્તુ અહીં જે અવિરતિથી નહીં ડરનારા, વિરતિની ઉત્તમતા નહિ જાણનારા ને એવાને જ્ઞાનચક્ષુ ભલે નકામી હોય પણ જૈનશાસનમાં તેવું જ્ઞાનચક્ષુ સમાન ઉપયોગી ગણ્યું છે. તેટલા માટે દરેક અનુયોગની શરૂઆતમાં જ્ઞાનની વ્યાખ્યા કરવાની પ્રાયિક નિયમિતતા રાખી છે.

અને કથનનો નિયમિત નિયમ રાખ્યો છે. તેથી ભદ્રબાહુસ્વામીને પાંચ જ્ઞાનનું નિરૂપણ કરવું પડયું છે. બળદ ગાડામાં જોડાય, ઘોંસરૂં ઊંચું કરે તેથી ખાંધ નાંખી દે. સાંઢ ગાડું દેખી ભાગે તેથી સારો ન ગણાય. જે સૂત્રની વિધિને અનુસરનારા હોય તે વ્યાખ્યા કરવાની રીતિ પ્રમાણે વર્તે અને કરે તે પરાધીનતા છે એવું અક્કલવાળો ગણે નહિ. આથી જ્ઞાનનું કથન ને વ્યાખ્યા આવશ્યક નિર્યુક્તિની ગાથામાં કરવા પડયાં.

મોક્ષના પારિણામિક કારણ અને અપેક્ષા કારણનું વ્યવસ્થિત વર્ણન

જૈનોએ આત્માના ત્રણ સ્વભાવ માન્યા છેઃ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર. એ ત્રણેને આત્માના સ્વભાવ માન્યા છે. તેથી નક્કી થયું કે મોક્ષનું પરિણામી કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ છે. તે ચારેને મોક્ષનાં કારણો પણ કહેવાય ખરાં, પણ તે કયાં કારણો? પારિણામિક કારણ નહિ, પરંતુ અપેક્ષા કારણો. દાન મોક્ષનું કારણ છે અને શીલ તપ ભાવ એ મોક્ષનાં કારણ ખરાં પણ પારિણામિક કારણ નહિ, પણ અપેક્ષા કારણો છે, પરંતુ પારિણામિક કારણ નથી.

પારિણામિક કારણ કયું? **भावो भावानां जनयति** એક અવસ્થા બીજી અવસ્થા ઉત્પન્ન કરે છે. મોક્ષ અવસ્થા ઉત્પન્ન કરનારી આત્માની કઈ અવસ્થા? સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર અવસ્થા, તે ત્રણે મોક્ષપણે પરિણમાવવાવાળી ચીજ છે. દાન, શીલ, તપ, ભાવ તે મોક્ષપણે પરિણમનારી ચીજ નથી, પરન્તુ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે.

આથી દાન, શીલ, તપ, ભાવ તે મોક્ષમાં ન માન્યાં. દાનની લબ્ધિ ભલે ક્ષાયિકના ઘરની થઈ, તોપણ શાસ્ત્રકારે તેને સાદિ સાંત કહી. દાનાદિક ક્ષાયિક લબ્ધિ સાદિ સાંત થાય છે. અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ક્ષાયિક લબ્ધિ સાદિ અનંત માની. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સાદિ અનંતના ભાંગામાં માન્યાં છે. શીલરૂપ ચારિત્ર ભવના અંતવાળું હોય, પણ વીતરાગરૂપ ચારિત્ર ભવના અંતવાળું નથી. ચારિત્ર એટલે વીતરાગત્વ.

વીતરાગત્વને ચારિત્ર ન માનો તો સંજ્વલન કષાય માનવાની જરૂર નથી. સંજ્વલન કષાય વીતરાગત્વનો ઘાત કરે છે. મોક્ષે જનારાઓને સંજ્વલનના ઉદયવાળા માન્યાં છે. સંજ્વલનના ઉદયવાળાને સંજ્વલન જવાથી વીતરાગપણું આવે છે. અપ્રત્યાખ્યાની કષાયનાઅને પ્રત્યાખ્યાની કષાયના જવાથી દેશવિરતિ સર્વવિરતિ માનીએ છીએ.

દેશવિરતિ એ બાળવર્ગ

દેશવિરતિ સર્વવિરતિનું સાધન છે. દેશવિરતિ એટલે બાળવર્ગ. બાળધોરણ સ્કૂલોમાં હોય છે તે શા માટે? મોટી સ્કૂલોમાં નિશાળમાં ભરતી કરવા માટે. તેમાં પાસ થાય તે મોટી નિશાળમાં જાય. સર્વવિરતિ તે પણ વીતરાગતા પામવાને બાળવર્ગ છે જે મુખ્ય વીતરાગપણાનાં સાધન હતાં અને છે. વીતરાગપણું સાધ્ય હતું તે ટકે છે. તેથી સિદ્ધોને વીતરાગ કહીશું. સર્વ સિદ્ધોમાં વીતરાગપણું હંમેશ માટેનું છે.

પારિણામિક કારણો પારિણામિક કાયરૂપે પરિણમે છે

વીતરાગપણું સર્વકાળ સિદ્ધોમાં રહેવાનું. કેવળજ્ઞાન અને કેવળદર્શન ક્ષાયિકભાવે સર્વદા રહેવાનાં છે, કારણ કે તે કાયરૂપે પરિણમે છે તેથી જ તે પારિણામિક કારણ છે. સમ્યગ્દર્શનાદિ મોક્ષનાં પારિણામિક કારણ છે. દાન, શીલ, તપ, ભાવ ચાર કારણ છે તે અપેક્ષાકારણ છે. પારિણામિક કારણો પૈકી સમ્યગ્દર્શનાદિ ત્રણ કારણ છે, તેમાં પ્રથમ કારણ કયું ખૂલે? સમ્યક્ચારિત્ર પ્રથમ ખૂલતું નથી પણ સમ્યગ્દર્શન ખૂલે છે. સમ્યગ્દર્શનની જેમ સમ્યગ્જ્ઞાન પણ ખૂલતું નથી. પહેલાં દર્શન ખૂલે. આરાધનામાં જ્ઞાન શબ્દ વાપરીએ છીએ.

જગતમાં કોઇપણ ધર્મ તહેવાર વગરનો નથી. દરેક ધર્મ તહેવારવાળા છે. તે તે દર્શનના તહેવારનું તત્ત્વ ને જૈનધર્મના તહેવારનું તત્ત્વ જૂદું છે. તે તે દર્શનના તહેવારનું તત્ત્વ જુઓ તો જુગાર, રાસ, રામલીલા, રંગ–ક્રીડા, ભોગ–મંગળાનાં દર્શનાદિ. એ લોકોના તહેવારમાંથી એકપણ તહેવાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પોષનાર નહિ નીકળે. ચાહે બ્રાહ્મણ, વૈષ્ણવ, મુસલમાન કોઈ પણ ધર્મના તહેવારો સમ્યગ્દર્શનાદિના

રસ્તે જોડનાર નથી. રંગ અને રાસ-લીલામાં લહેર માનનારાઓ ચારિત્રને ચકડોળે ચડાવે. જિનેશ્વરને દેવ માનનારા ચારિત્રને ચકડોળે ચડાવે તે ન પાલવે.

લૂચ્ચો ચોર જેમ ચોરી કરી નીકળે પછી પોતેજ 'ચોર, ચોર' કહીદોડે તેમ આ પીળા ચાંલ્લા-રૂપમાં મેશનાં ચાલ્લાં કરનાર ચારિત્રનો ચૂરો કરી નાંખે છે. પોતે શાસનની હેલના કરે ને પાછળથી એમ કહે કે શાસનની હેલના થાય છે તે બધા ચોર જેવા છે. પોતે હેન્ડબીલથી, છાપાંથી, કાર્યોથી શાસનની વગોવણી કરે છે અને ચકોર ચોર માફક શાસનની હેલનાની બૂમ મારીને વાતો કરવી છે. અહીં શાસનની હેલનાની બૂમો મારનારા શાસનની હેલના કરનારા છે. હેલના કહેનારો જ હેલના કરનારા છે.

એક નાનું દૃષ્ટાન્ત તપાસો. એક છોકરાના લગ્ન થવાની તૈયારી હતી. છોકરાને વાઈ નથી આવતી એવું એક ડોશીએ કહ્યું. 'મેં વાઈ આવે છે એમ કયારે કહ્યું હતું ?' લુચ્ચી ઘરડી પાડોશણ આમ કહી વિવાહ રોકાવે છે. તેવી રીતે ધર્મની વાતમાં સુધારકોનાં કથન ધર્મીઓ સમજતા નથી. જેઓ વિષયાનંદમાં બ્રહ્માનંદ માની રહ્યા હોય તેવાઓને જૈનદર્શનના સમ્યગ્દર્શનાદિ પોષનારા પર્વોનાં કાર્યો ન રુચે તે સ્વાભાવિક છે પણ જૈન કૂળમાં જન્મેલાને સમ્યગ્દર્શનાદિ ન રુચે તેવાને શું કહેવું ? જૈનનાં પર્વો ત્રણ રત્નનું પોષણ કરનારા છે.

રત્નત્રયીના સેવનના ધ્યેયપૂર્વકનો જૈન તહેવાર

એકે પર્વ તહેવાર સમ્યગ્દર્શનાદિના ધ્યેય સિવાયનું નથી. મોક્ષનું પારિણામિક કારણ એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. એમાં ત્રણેનાં કારણ તરીકે જ્ઞાન જરૂરી છે. પક્ખી, ચોમાસી, સંવત્સરીનું તપ ન કરનારને ગુનેગાર ગણ્યો. તેમ જ્ઞાન પંચમીનું તપ ન કરનારને મહા નિશિથમાં ગુનેગાર ગણ્યો. નાણપંચમી–જ્ઞાનપંચમી વગેરેમાં તપ ન કરે તે ગુનેગાર છે, તે શિક્ષાપાત્રને દંડ દેવો જોઈએ. જ્ઞાનના પર્વમાં તપસ્યા ન કરનારને શિક્ષાપાત્ર ઠરાવ્યો. કયારે શિક્ષાપાત્ર ઠરાવ્યો હશે ? જૈનશાસનના પર્વને ઉત્તમ માન્યા વગર શાસ્ત્રકારથી શિક્ષાપાત્ર ઠરાવાય ખરે ? આ વાત લક્ષ્યમાં લેશો તો જૈનશાસ્ત્રકારે

જ્ઞાનને કેટલી ઊંચી હદે રાખેલું છે ? જ્ઞાનની ઉત્તમતા કેટલી માનેલી છે કે તે માટે નિયત કરેલો દિવસ આટલો બધો ઉત્તમ ગણાયો. તો તે દિવસે તપસ્યા ન કરે તો શિક્ષાપાત્ર ગણાય.

પર્વતિથિ અને અપર્વતિથીમાં ફરક શો ?

કેટલાક કહે છે કે " આજે ઉપવાસ કરો તો લાભ અને આવતી કાલે કરે તો શી અડચણ ? " ત્રીસે દહાડા સૂર્ય સરખો ઊગે છે. એમાં આઠમ ને પાંચમ વળી શી ? તો તેને પૂછો કે ચોવીસે કલાક ઘડિયાળ સરખી ચાલે છે. તો ઉધરસનું ખુંખું રાત્રે કેમ કરો છો ? ત્રીસે દહાડા સરખા, તો માંદા માટે ચૌદશ અને અમાસ ભારે કેમ ગણો છો ? ચાર દહાડા સરખા તો ચોથિયાએ તે દહાડે ચમકારો કેમ બતાવ્યો ?,

શરીરની પ્રકૃતિમાં વિકાર કરવામાં કાળ એક વિચિત્ર સાધન છે. શરીરની પ્રકૃતિના વિકારમાં વખત, તિથિ, ટાઈમ ને સાધન માનો છો તો પછી જગતના બનાવમાં શું એ સાધન નથી ? આજે મૃગશિર નક્ષત્ર છે માટે વરસાદ આવે તો જીવોની ઉત્પત્તિનો પાર નહિ રહે. મઘાનું પાણી કેમ સંઘરાય છે? ટાંકાં મઘામાં કેમ ખૂલ્લાં મૂકાય છે? નક્ષત્ર ઉપર તમે આધાર રાખ્યો. ૨૭ નક્ષત્ર સરખાં ગણવાં હતાં ને ?

પાણી ઉપર, નક્ષત્ર ઉપર તથા જીવોત્પત્તિ માટે જૂદા નક્ષત્રનું જૂદું ફળ કેમ ગણ્યું? તેમ અહીં આત્મામાં આયુષ્યને લાયકની સામગ્રી તિથિને દહાડે ઘણે ભાગે થાય છે. માટે તિથિ પાળવાની જરૂર છે. જેમ આંખે લાલાશ થઈ હોય તે વખતે તેની છાયામાં નુકશાની છે. વિરાધના વર્જનીય છે. વિરાધના તિથિ સિવાયની મોટી હોય અને તે વિરાધના જેટલી નુકશાન કરશે તે કરતાં તિથિના દિવસે અલ્પ આરંભ મોટું નુકશાન કરશે. તિથિને દહાડે એક લીલોતરીની વિરાધના તે પણ આત્માની ગતિ બગાડનાર થાય છે, તિથિ પાલન કરવી જ જોઈએ. તેને અંગે જ્ઞાનપંચમી માટે આ જ ટાઈમ પસંદ કર્યો છે. ખૂબ વિચારીને તપાસો તો પુસ્તકને ભંડારમાંથી બહાર કાઢવાનો

ટાઈમ આ છે. હવાની ભીનાશ કાઢવા માટે આ ટાઇમ છે. શ્રુતજ્ઞાન આરાધન કરવા માટે પુસ્તક કાઢો. પૂજન–આરાધન કરી બરાબર પુસ્તક બાંધો. બરૂ, કાગળ લાવી, જ્ઞાન–આરાધન કરો.

સમ્યગ્જ્ઞાનનો વેગ વધારવા માટે જવાબદારીનું ભાન નથી

જ્ઞાન આરાધનને અંગે વસ્તુપાળ તેજપાળ સરખાએ કરોડો સોનૈયા ખર્ચી જ્ઞાનનો ઉદ્ધાર કર્યો. જ્ઞાન સાચવવાનું કેટલું સૂઝયું ? માસ્તરના અભાવે તમને છોકરાની કેટલી લાગણી થઈ? તમારી જવાબદારી કંઈ વધી છે ? તે સમજો. જ્યાં ત્યાં બોલો છો કે દીક્ષાનો ડંકો વાગ્યો. બાળદીક્ષા હોય તો શાસન ટકે. તમારા શબ્દો તમારી જવાબદારી વધારે છે. બોલેલા શબ્દો નકામા નથી. પણ એ શબ્દોને અંગે જવાબદારી આવી પડી છે. લોકોનાં બાળકોને દીક્ષિત કરો ને ભવિષ્યમાં હીરા ન બનાવો તો તે જવાબદારી તમારા માથે છે. બાળદીક્ષિતો કર્યા એટલે સાધુ અને શ્રાવક બન્ને શાસનમાં હીરા પાકશે એ હિસાબે દીક્ષિત થયા. સાધનો પૂરા પાડવાની જવાબદારીમાંથી તમે નીકળી શકો તેમ નથી.

એક ગામમાં ૧૫૦ ભણનાર હોય તો ફરજિયાત સ્કૂલ બોલવી પડે. ૬૦૦ સાધુને અંગે સગવડ કંઈ કરી છે ? તમે ઉજમણાં ઓચ્છવ કરો છો, હજારો તમે ખર્ચો છો પણ દીક્ષા કેમ ભૂલી જવાઈ છે ? તમારા છોકરાને ધાર્મિક ભણાવવા માટે–જિલ્લે જિલ્લે જૈન શાળાઓ છે, પણ સાધુ–સાધ્વીને અંગે શું છે ? મુંબઈ, સૂરત, અમદાવાદ ગમે તે ગામમાં જુઓ અને તે ગામવાળાને કહો. દશ વરસની જવાબદારીમાં શું જવાબ આપશો ? તમે હીરા કરવાની જવાબદારી લીધી છે તેનો ખ્યાલ તો કરો. શાસનના રાગીને અંગે તે જવાબદારી લેવાની જરૂર છે. આજકાલ રાંડીરાંડના રૂપિયાની સ્થિતિ કઈ કરો છો ? જ્ઞાનની વિરાધના કરતા મટો. જ્ઞાનનો પૈસો જ્ઞાનને રસ્તે ન ખર્ચો તે જ જ્ઞાનની વિરાધના છે. તમારી જોખમદારી યાદ કરો. સ્વતંત્ર મોટર ડ્રાઇવર રાખો તો રૂા. ૫૦૦નો પગાર આપવો પડે. સાધુ માટે પંડિત કોણે રાખ્યા ? કોઈ પણ સાધુ આવે તે માટે કઈ સગવડ કરી ? એ માટે શાસ્ત્રકારે પંચમીને જ્ઞાનપંચમી કહી તેવી શ્રુતપંચમી કહી છે. તે શ્રુતને

આધારે જ શાસન છે. તે તરફ લક્ષ્ય ન જાય તો આરાધન શું ગણવું ?

દીવાળીથી ગૌતમનું કેવળજ્ઞાન, પછી સુધર્માસ્વામી પાટે બેઠા, પછી પ્રથમ પર્વ જ્ઞાનપંચમી.

તે માટે જ્ઞાનનું લક્ષ્યબિન્દુ બરાબર રહે તે માટે જ્ઞાનપંચમી આખો તહેવાર નક્કી કર્યો. હવે જ્ઞાન કયું ? તો કે મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ ને કેવળ-જ્ઞાન. આ પાંચ જ્ઞાન કલ્પિત નથી. અ ब क ड જેવાં કલ્પિત નથી. આ પાંચે ચીજો આત્માના ધર્મરૂપે છે. તેથી તેને રોકનારાં કર્મો માની શકીએ છીએ. માટે પાંચ પ્રકારનું જ્ઞાન વાસ્તવિક ચીજ છે. જ્ઞાનનું વર્ગીકરણ લો. તમારાં સાધનોથી તમને એક જ્ઞાન થાય તે પ્રથમ હંમેશાં દરેક જીવને જન્મની સાથે સ્વાભાવિક જ્ઞાન કરવાની સત્તા છે. તે મતિજ્ઞાન ઇંદ્રિયને મનથી થતું જ્ઞાન તે સાહજિક જ્ઞાન-સ્વાભાવિક જ્ઞાન; બીજાં જ્ઞાનાદિ બીજાના સંકેતથી થનારું જ્ઞાન. સંકેતથી થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. ઇંદ્રિયમનથી થતું જ્ઞાન તે સાહજિકજ્ઞાન-સ્વાભાવિક જ્ઞાન. બીજું બીજાના સંકેતથી થનારું જ્ઞાન અગર સંકેતથી થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. ઇન્દ્રિયને મનથી થતું જ્ઞાન તે સ્વાભાવિક મતિજ્ઞાન. બહારનાં સાધનો વગર દૂરની વસ્તુ જાણે તે અવધિજ્ઞાન. તેમ દૂર કે નજીક રહેલા મનુષ્યો કે જાનવરના વિચારનું જ્ઞાન તે મનઃપર્યવ જ્ઞાન. રૂપી કે અરૂપી સર્વ જે જ્ઞાનદ્વારાએ જણાય તે કેવળજ્ઞાન. આમ વસ્તુસ્વરૂપે જ્ઞાનના પાંચ વિભાગ પાડયા છે. આત્મામાં સ્વભાવરૂપે એવાં આ જ્ઞાન છે. પાંચે જ્ઞાન દરેક સૂત્રની આદિમાં કહેવાં જ પડે છે. તેજ રીતિએ શ્રી ભદ્રબાહુસ્વામીજીએ પાંચ જ્ઞાન કહ્યાં છે. હવે તેનું આરાધન કરવા માટે દરેકે ઉદ્યમવંત થવું, એ જ જ્ઞાનપંચમી—શ્રુતપંચમીનું આરાધન છે. હવે આગળ શાસ્ત્રકાર શું જણાવે છે તે અગ્રે વર્તમાન.



શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિનું નિવેદન

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. શ્રીએ જીવનભર સતત પરિશ્રમ કરી આગમ ગ્રન્થોને બહાર પાડીને અને આગમોની ચાવીઓ સમાન-તર્ક અને દલીલોથી ભરપુર સાત્વિક પ્રવચનો આપી સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અને તત્ત્વ જિજ્ઞાસુઓને સંતોષ્યા છે. એવા તેમના પ્રવચનોનાં અનેક પુસ્તકો હોવા છતાં ઘણાંખરાં અપ્રાપ્ય છે તેથી તત્ત્વ જિજ્ઞાસુઓની નિરાશા દૂર કરવા પ. પૂ. શાસન પ્રભાવક આ. શ્રી. **દર્શનસાગર સૂરીશ્વરજી** મ. તથા તેઓશ્રીના અંતેવાસી શિષ્ય સંગઠનપ્રેમી **ગણિ શ્રી નિત્યોદય સાગરજી** મ.ની પ્રેરણાથી પૂજ્યશ્રીનું પ્રગટ-અપ્રગટ સર્વ સાહિત્ય ક્રમસર પ્રકાશમાં લાવવા **શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ**ની સ્થાપના કરવામાં આવી છે અને સર્વશ્રેયસ્કરી આગમિક સેવાનો લાભ લેવા નીચે મુજબ યોજના રજૂ કરવામાં આવી છે.

૩. ૫૦૦૧) આપનાર **શ્રુતસમુદ્ધારક** કહેવાશે ને ફોટો છાપવામાં આવશે ને સંસ્થાના સર્વ પ્રકાશન ભેટ મળશે.

૩. ૨૫૦૧) આપનાર **શ્રુત ભક્ત** કહેવાશે ને તેમને સર્વ પ્રકાશન મળશે.

૩. ૧૦૦૧) આપનાર **આજીવન સભ્ય** કહેવાશે ને સંસ્થા તરફથી બહાર પડેલ સર્વ પ્રકાશન ભેટ મળશે.

૩. ૫૦૧) આપનાર **શ્રુત સહાયક** કહેવાશે ને સંસ્થા તરફથી બહાર પડેલ પુસ્તક ભેટ મળશે.

આ મહાન કાર્ય શ્રી સંઘો અને દાનવીરોની સહાયથી જ થઈ શકે તેથી આપના તથા શ્રી સંઘના જ્ઞાનખાતામાંથી અધિક રકમ મોકલી લાભ લેવા દરેકને વિનંતી છે.

"શ્રી આગમોદ્ધારક પ્રકાશન સમિતિ" આ નામનો ડ્રાફ્ટ અથવા ચેક નીચેના નામે મોકલી શકાશે. (શીરનામાં અંદર "વિનંતી"માં છે)

ટ્રસ્ટીગણ

શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી, મુંબઇ શ્રી અનુભાઇ ચીમનલાલ, અમદાવાદ.
શ્રી શાન્તિલાલ છગનલાલ ઝવેરી, સુરત શ્રી મફતલાલ ઝવેરચંદ પંડિત
શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી, મુંબઇ શ્રી નિરંજન ગુલાબચંદ ચોકસો, મુંબઇ
શ્રી ફૂલચંદ જે. વખારીયા, સુરત.

આવરણ · નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ અમદાવાદ-૧ · ફોન : ૩૬૧૪૩૪